ચોથી શ્રેણી

પુસ્તક–૬૪

તા. ૧૬મી જુલાઇ, ૨૦૧૯
આષાઢ ૨૫, ૧૯૪૧ શાકે
(બે બેઠક)
થી
તા. ૧૭મી જુલાઇ, ૨૦૧૯
આષાઢ ૨૬, ૧૯૪૧ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## ચૌદમી ગુજરાત વિધાનસભા
## ચોથું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

| પુસ્તક-64 | અ નુ ક્ર મ ણિ કા | ચોથી શ્રેણી | |
|---|---|---|---|
| | વિષય | પાના નંબર | |
| | | | |
| **તા. ૧૬મી જુલાઇ, ૨૦૧૯ આષાઢ ૨૫, ૧૯૪૧ શાકે (પ્રથમ બેઠક)** | | | |
| | માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧ | ૩૭ |
| | | | |
| **તા.૧૬મી જુલાઇ, ૨૦૧૯ આષાઢ ૨૫, ૧૯૪૧ શાકે(બીજી બેઠક)** | | | |
| | ટૂંકી મુદતનો પ્રશ્ન | ૩૮ | ૩૮ |
| | તારાંકિત પ્રશ્નો | ૩૯ | ૫૦ |
| | અતારાંકિત પ્રશ્નો | ૫૧ | ૧૮૩ |
| | તાકીદની જાહેર અગત્યની બાબત (નિયમ-૧૧૬) | ૧૮૪ | ૧૮૫ |
| | પોઇન્ટ ઓફ ઓર્ડર | ૧૮૫ | ૧૮૬ |
| | માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન(ચોથો દિવસ) | ૧૮૬ | ૨૧૯ |
| | | | |
| **તા. ૧૭મી જુલાઇ, ૨૦૧૯ આષાઢ ૨૬, ૧૯૪૧ શાકે** | | | |
| | તારાંકિત પ્રશ્નોત્તરી | ૨૨૦ | ૨૩૧ |
| | અતારાંકિત પ્રશ્નો | ૨૩૧ | ૩૭૨ |
| | સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૩૭૨ | ૩૭૩ |
| | નાણાકીય સમિતિઓ ઉપર સભ્યોની નિમણૂક | ૩૭૩ | ૩૭૪ |
| | માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૩૭૪ | ૪૧૩ |

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા.૧૬મી જુલાઈ, ૨૦૧૯**
**આષાઢ ૨૫, ૧૯૪૧ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૯:૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)**
**નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**માગણી ક્રમાંક – ૬૬**

શ્રી સૌરભ પટેલ (જળ સંપત્તિ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સિંચાઇ અને ભૂમિ સંરક્ષણને લગતી સેવા અંગેની નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૮,૮૫,૦૬,૮૦,૦૦૦/– તથા મૂડી ખર્ચ માટેની રૂ.૨૮,૯૨,૯૯,૭૪,૦૦૦/– ની માગણી ક્રમાંક – ૬૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૬૬ રજૂ કરવામાં આવી.**
**માગણી ક્રમાંક– ૬૬ ઉપરની કાપ દરખાસ્તો**

શ્રી નથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૮ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક – ૮ રજૂ કરવામાં આવી.
શ્રી પ્રતાપ દૂધાત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૦ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૦ રજૂ કરવામાં આવી.
શ્રી લલીતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૧ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૧ રજૂ કરવામાં આવી.

**ઉદ્યોગ અને ખાણ વિભાગ (પ્રવાસન પ્રભાગ)**
**માગણી ક્રમાંક – ૫૧**

શ્રી જવાહરભાઇ ચાવડા( પ્રવાસન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રવાસનને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૮૪,૮૬,૯૩,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ.૩,૨૯,૮૬,૬૭,૦૦૦/– ની માગણી ક્રમાંક – ૫૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૫૧ રજૂ કરવામાં આવી.**
**માગણી ક્રમાંક– ૫૧ ઉપરની કાપ દરખાસ્તો**

શ્રી સોમાભાઇ ગાં. કોળી પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૩ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૩ રજૂ કરવામાં આવી.
શ્રી કાન્તિભાઇ શા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૪ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૪ રજૂ કરવામાં આવી.
શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૧ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૧ રજૂ કરવામાં આવી.

**આદિજાતિ વિકાસ વિભાગ**
**માગણી ક્રમાંક – ૯૩**

શ્રી ગણપતસિંહ વે. વસાવા(આદિજાતિ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત આદિજાતિનું કલ્યાણને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૩,૭૭,૪૧,૪૧,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ.૨૮,૭૬,૧૯,૦૦૦/–ની માગણી ક્રમાંક – ૯૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૯૩ રજૂ કરવામાં આવી.**
**માગણી ક્રમાંક– ૯૩ ઉપરની કાપ દરખાસ્તો**

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૨ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૨ રજૂ કરવામાં આવી.
શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૩ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૩ રજૂ કરવામાં આવી.
શ્રી અજીતસિંહ પ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૪ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૪ રજૂ કરવામાં આવી.
શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૫ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૭ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૮ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી અક્ષયકુમાર ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરવામાં આવી.

**આદિજાતિ વિકાસ વિભાગ**

**માગણી ક્રમાંક–૯૬**

શ્રી ગણપતસિંહ વે. વસાવા(આદિજાતિ વિકાસ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૫૯,૦૫,૮૪,૪૦,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ.૩૯,૮૪,૪૬,૪૧,૦૦૦/–ની માગણી ક્રમાંક–૯૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૯૬ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક– ૯૬ ઉપરની કાપ દરખાસ્તો**

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી સુનિલભાઇ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૮ રજૂ કરવામાં આવી.

**વન અને પર્યાવરણ વિભાગ**

**માગણી ક્રમાંક–૨૬**

શ્રી ગણપતસિંહ વે. વસાવા (વન અને પર્યાવરણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું વન અને સેવાને લગતી વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૪,૨૦,૩૦,૭૫,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ.૩,૦૧,૭૬,૬૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક– ૨૬ ઉપરની કાપ દરખાસ્તો**

શ્રી સંજયભાઇ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૦ રજૂ કરવામાં આવી.

શ્રી જશપાલસિંહ મ.પઢિયાર : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૪૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૩ રજૂ કરવામાં આવી.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૫ રજૂ કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૮ રજૂ કરવામાં આવી.

**મહિલા અને બાળ વિકાસ વિભાગ**

**માગણી ક્રમાંક –૧૦૫**

શ્રી ગણપતસિંહ વે. વસાવા(મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ કલ્યાણ વિકાસ વિભાગની સેવા અંગેની મહિલા અને બાળ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૭,૨૪,૪૩,૦૦૦/–ની માગણી ક્રમાંક–૧૦૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૧૦૫ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક– ૧૦૫ ઉપરની કાપ દરખાસ્તો**

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૫૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫૧ રજૂ કરવામાં આવી.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫૩ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫૪ રજૂ કરવામાં આવી.

સન ૨૦૧૯-૨૦૨૦ના વર્ષના ફેરફાર કરેલ અંદાજપત્ર માટે અનુદાનો અંગેની માગણીઓ પૈકી મંગળવાર, તા.૧૬–૦૭–૨૦૧૯(પહેલી બેઠક)(ત્રીજો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાયેલ માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | નર્મદા,જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ<br>માગણી નં.૬૬ | | |
| *૧ | ૨૭૦૧– મધ્યમ સિંચાઇ<br>૮૦– સામાન્ય<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧,૦૫,૩૦,૬૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮(ભાગ–૧),<br>પાના નં.૬૯ થી ૮૪ | ૧૦૦ | જે વિસ્તારોમાં સિંચાઇની સગવડો નથી ત્યાં વહેલી તકે સિંચાઇની સગવડ પુરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેશકુમાર પટેલ |
| *૨ | _ _ " _ _ | ૧૦૦ | જે વિસ્તારોમાં સિંચાઇની સવલતો છે ત્યાં કેનાલ અને નહેરોની મરામતની કામગીરી સત્વરે હાથ ધરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| *૩ | _ _ " _ _ | ૧૦૦ | સૌરાષ્ટ્રમાં સિંચાઇની સુવિધાઓમાં વધારો કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી બ્રિજેશ મેરજા |
| *૪ | _ _ " _ _ | ૧૦૦ | મોટી અને મધ્યમ સિંચાઇ યોજનાના નકશાના અંદાજો સત્વરે તૈયાર કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી વિક્રમભાઇ માડમ |
| *૫ | _ _ " _ _ | ૧૦૦ | સિંચાઇના વિવિધ કામોમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાળાભાઇ ડાભી |
| *૬ | ૨૭૦૧– મધ્યમ સિંચાઇ<br>૮૦– સામાન્ય<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–નિર્દેશ<br>૦૩–સચિવશ્રી....સચિવાલય<br>રૂ. ૩,૬૭,૬૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮(ભાગ–૧),<br>પાના નં.૬૯ થી ૭૨ | ૧૦૦ | કેનાલોમાં વ્યાપક ગંદકી અને કાંપ સમયસર દુર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અંબરીષ ડેર ( નૌશાદ સોલંકી) |
| *૭ | _ _ " _ _ | ૧૦૦ | કેનાલોની જાળવણી અને મરામતની કામગીરી નિયમિત રીતે કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી સંતોકબેન આરેઠીયા |
| ૮ | ૨૭૦૧– મધ્યમ સિંચાઇ<br>૮૦– સામાન્ય<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–નિર્દેશ | ૧૦૦ | કેનાલોમાં સમયસર પાણી છોડી ખેડૂતોનાઉભા પાકને સૂકાતા બચાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નથાભાઇ પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૩–સચિવશ્રી....સચિવાલય<br>રૂ. ૩,૬૭,૬૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮(ભાગ–૧),<br>પાના નં.૬૯ થી ૭૨ | | | |
| *૯ | _ _ " _ _ | ૧૦૦ | જળસંચય યોજના માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવા છતાં પાણીનો સંગ્રહ થતો નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા |
| ૧૦ | ૨૭૦૨– નાની સિંચાઈ<br>૮૦– સામાન્ય<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૭૧,૦૫,૪૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮(ભાગ–૧),<br>પાના નં.૯૮ થી ૧૦૪ | ૧૦૦ | તળાવોઉંડા કરી પાણીનો વધુ સંગ્રહ થાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રતાપ દુધાત |
| ૧૧ | ૨૭૧૧– પૂર...નિકાલ<br>૦૧– પૂર નિયંત્રણ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૫૭,૪૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮(ભાગ–૧),<br>પાના નં. ૧૧૪ અને ૧૧૫ | ૧૦૦ | ભારે પૂરના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં ભરાયેલા પાણીનો સત્વરે નિકાલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીતભાઈ કગથરા |
| | | ઉદ્યોગ અને ખાણ વિભાગ<br>માગણી નં.૫૧ | | |
| *૧૨ | ૩૪૫૨–પ્રવાસન<br>૧૯૦–જાહેરક્ષેત્ર....સહાય<br>૦૨–TRS-34 પવિત્ર...અનુદાન<br>રૂ.૨,૭૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩,<br>પાના નં.૮૩ | ૧૦૦ | રાજ્યના ખંડેર હાલતના પવિત્ર સ્થળોનો જીર્ણોધાર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાંતિભાઈ સોઢા પરમાર |
| ૧૩ | _ _ " _ _ | ૧૦૦ | પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડમાં ચાલતી વ્યાપક ગેરરીતિઓ સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સોમાભાઈ કોળીપટેલ |
| ૧૪ | _ _ " _ _ | ૧૦૦ | પવિત્ર યાત્રાધામોમાં મહાનુભાવોની આગતા–સ્વાગતા પાછળના બિન જરૂરી ખર્ચાઓને તાકીદે બંધ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાન્તિભાઈ પરમાર |
| *૧૫ | _ _ " _ _ | ૧૦૦ | સરકાર દ્વારા યાત્રાધામોના વિકાસ માટે જે સુવિધાઓ અપાય છે તે સુવિધાઓની યોગ્ય ચકાસણી કરી, થતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| *૧૬ | ૩૪૫૨–પ્રવાસન<br>૮૦–સામાન્ય<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–પ્રવાસન...કચેરી<br>રૂ.૮૫,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩,<br>પાના નં. ૮૫ અને ૮૬ | ૧૦૦ | જાહેરાતો પાછળ વ્યાપક ખર્ચ કરવા છતાં પ્રવાસન સ્થળોનો વિકાસ અને પ્રવાસીઓને આકર્ષવાની યોજનાઓ સદંતર નિષ્ફળ જઈ રહી છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| *૧૭ | _ _ " _ _ | ૧૦૦ | ગાંધીનગર ખાતે ટુરીઝમ થીમ પાર્ક બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચંદનજી ઠાકોર |
| *૧૮ | _ _ " _ _ | ૧૦૦ | પ્રવાસન નિગમની હોટલોમાં પ્રવાસીઓમાં વ્યાજબી ભાવના તેમજ ગુણવત્તાયુકત ભોજનની વ્યવસ્થા કરાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. સી.જે.ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| *૧૯ | _ _ " _ _ | ૧૦૦ | પ્રવાસન સ્થળોએ સુવિધાઓના અભાવે પ્રવાસીઓને પડતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી વિમલભાઈ ચુડાસમા |
| *૨૦ | _ _ " _ _ | ૧૦૦ | રણોત્સવ માટેના કોન્ટ્રાકટમાં રાજ્ય બહારના કોન્ટ્રાકટરને ઘણા વર્ષોથી કોન્ટ્રાકટ આપવાથી રાજયની કંપનીઓને થતો અન્યાય નિવરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિત ચાવડા |
| ૨૧ | _ _ " _ _ | ૧૦૦ | કચ્છના રણોત્સવમાં ટેન્ટ આપવાના કોન્ટ્રાકટમાં ચાલતી વ્યાપક ગેરરીતિઓની તપાસ કરી જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ગેનીબેન ઠાકોર |
| આદિજાતિ વિકાસ વિભાગ<br>માગણી નં ૯૩ | | | | |
| ૨૨ | ૨૨૦૨-સામન્ય શિક્ષણ<br>૦૧-પ્રારંભિક શિક્ષણ<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૦૧-EDN-47<br>આદિજાતી...જોગવાઈ<br>રૂ.૧,૯૩,૨૪,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪(ભાગ-૩),<br>પાના નં.૬ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં અંગ્રેજી માદયમની સરકારી પ્રાથમિક શાળાઓ શરૂ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી આનંદભાઈ ચૌધરી |
| ૨૩ | _ _ " _ _ | ૧૦૦ | આદિવાસી વિસ્તારોમાં વધુ પ્રાથમિક શાળાઓ ખોલવામાં અને હયાત શાળાઓમાં પુરતા શિક્ષકો ફાળવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૨૪ | ૨૨૧૦-તબીબી...આરોગ્ય<br>૦૧-શહેરી...એલોપેથી<br>૮૦૦-અન્ય ખર્ચ<br>રૂ.૪૯,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪(ભાગ-૩),<br>પાના નં.૮ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારની સરકારી હોસ્પિટલો પીપીપીના ધોરણે ખાનગી કંપનીઓને સોંપવાને કારણે ગરીબ આદિવાસીઓને આરોગ્યલક્ષી સુવિધાઓ મોંઘી પડશે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અજીતસિંહ ચૌહાણ |
| ૨૫ | ૨૨૨૫-અનુસૂચિત...કલ્યાણ<br>૦૨-અનુચૂચિત...કલ્યાણ<br>૨૭૭-શિક્ષણ<br>૦૯-સ્વૈચ્છિક...આશ્રમશાળાઓ<br>રૂ. ૪૧,૩૯,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪(ભાગ-૩),<br>પાના નં.૧૯ થી ૨૨ | ૧૦૦ | ઉત્તર બુનિયાદી-આશ્રમ શાળાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી વજેસિંગભાઈ પણદા |
| ૨૬ | _ _ " _ _ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં વધુ નવી આશ્રમશાળાઓ ખોલવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સુખરામભાઈ રાઠવા |
| ૨૭ | ૨૨૨૫-અનુસૂચિત... કલ્યાણ<br>૦૨- અનુસૂચિત... કલ્યાણ<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૧-વીકેવાય-૫૩-<br>વહીવટી...બનાવવું<br>રૂ.૧,૯૯,૬૮,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૪(ભાગ-૩)<br>પાના નં. ૧૩ | ૧૦૦ | આદિજાતિઓને વન અધિનિયમ અન્વયે મળતા અધિકારોની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૨૮ | _ _ " _ _ | ૧૦૦ | ડી-સેગની ગ્રાન્ટનો ઉપયોગ આદિજાતિ વિસ્તારોમાં સમયસર થાય તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| ૨૯ | _ _ " _ _ | ૧૦૦ | આદિજાતિ વિભાગને ફાળવેલ ગ્રાન્ટની રકમ પૂરતી વપરાતી નથી તેમજ ગ્રાન્ટ અન્ય વિભાગોમાં | ડૉ. અનિલ જોષિયારા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | તબદીલ થાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૦ | ૨૨૩૦–શ્રમ...વિકાસ<br>૦૧–શ્રમ<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૦૧–EMP-41 આદિજાતી...<br>જોગવાઈ<br>રૂ.૨૧,૨૧,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૪(ભાગ–૩),<br>પાના નં . ૩૮ | ૧૦૦ | આદિવાસીઓને સ્થાનિક કક્ષાએ રોજગારી માટેની જુદી જુદી યોજનાઓનો લાભ સરળતાથી મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર |
| ૩૧ | _ _ " _ _ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં સ્થાનિક યુવાનોને નજીકમાં જ રોજગારી મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અક્ષયકુમાર પટેલ |
| ૩૨ | _ _ " _ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાંથી બીજા જિલ્લાઓમાં જતા શ્રમિકો માટે રહેવાની સુવિધાઓ પુરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મંગળભાઈ ગાવિત |
| *૩૩ | _ _ " _ _ | ૧૦૦ | આદિજાતિના યુવકોને સ્વરોજગારી મળે તે માટે જરૂરી પ્રોત્સાહન આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભાવેશભાઈ કટારા |
| | | માગણી નં ૯૬ | | |
| ૩૪ | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૩–યુનિવર્સિટી....શિક્ષણ<br>૭૯૬– અદિજાતી....યોજના<br>૦૪–END-28 સરકારી....વિકાસ<br>રૂ.૪૮,૯૯,૩૫,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૪, (ભાગ–૪)<br>પાના નં . ૩૨ અને ૩૩ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં સરકારી કોલેજોનો વ્યાપ વધારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઈ ખરાડી |
| ૩૫ | _ _ " _ _ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં સરકારી કોલેજોમાં પુરતો સ્ટાફ ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અંનતકુમાર પટેલ |
| ૩૬ | ૨૨૧૦– તબીબી....આરોગ્ય<br>૦૩– ગ્રામીણ....એલોપથી<br>૭૯૬– અદિજાતી....યોજના<br>૦૧–આદિજાતી...પૂરા પાડવા<br>રૂ.૮૯,૨૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (ભાગ–૪),<br>પાના નં.૬૮ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં અદ્યતન આરોગ્ય સેવાઓ પુરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સુનિલભાઈ ગામીત |
| *૩૭ | ૨૨૧૦– તબીબી....આરોગ્ય<br>૦૬– જાહેર આરોગ્ય<br>૭૯૬– અદિજાતી....યોજના<br>૦૫–HLT-૮૬સીકલ...પરિયોજના<br>રૂ. ૩,૦૦,૦૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૪ (ભાગ–૪)<br>પાના નં . ૮૬થી ૮૯ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં શ્રમિકોને થતો સીકલ સીલ એનીમીયા રોગ સામે પૂરતી સવલતો આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૩૮ | ૨૨૨૫–અનુસૂચિત...કલ્યાણ<br>૦૨–અનુસૂચિત...કલ્યાણ<br>૭૯૬–આદિજાતિ...યોજના<br>૮૦–વીકેવાય–૧૮<br>ગુજરાત...અમલીકરણ<br>રૂ.૧૮,૨૫,૮૩,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૪ (ભાગ–૪)<br>પાના નં . ૧૪૬ | ૧૦૦ | આદિવાસીઓને જંગલની જમીનો ફાળવવાના કાયદા હેઠળના કેસોનો સત્વરે નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિનભાઈ કોટવાલ |
| | | વન અને પર્યાવરણ વિભાગ<br>માગણી નં ૨૬ | | |

| | | | | |
|---|---|---|---|---|
| *૩૯ | ૨૪૦૬– વન.... જીવન<br>૦૧– વનનિર્માણ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>રૂ.૨,૬૬,૫૦,૦૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૮<br>પાના નં . ૧૨ અને ૧૩ | ૧૦૦ | સિંહોની ખોરાક મેળવવા માટેની સીમમાં થતો ઉત્તરોત્તર ઘટાડો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચિરાગભાઈ કાલરીયા |
| ૪૦ | _ _ " _ _ | ૧૦૦ | વિકાસના નામે હજારો વૃક્ષો કપાતાં અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સંજયભાઇ સોલંકી |
| *૪૧ | ૨૪૦૬– વન.... જીવન<br>૦૧– વનનિર્માણ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>રૂ.૨,૬૬,૫૦,૦૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૮<br>પાના નં . ૧૨ અને ૧૩ | ૧૦૦ | સૌરાષ્ટ્રમાં વિખ્યાત ખડમોર પક્ષીની વસ્તીમાં ચિંતાજનક ઝડપી ઘટાડો થઈ રહ્યો છે તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ભીખાભાઈ જોષી |
| *૪૨ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યમાં ગાંડા બાવળોનો થતો વ્યાપક ફેલાવો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હિંમતસિંહ પટેલ |
| ૪૩ | _ _ " _ _ | ૧૦૦ | વનમહોત્સવ પછી વૃક્ષોની જાળવણી કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જશપાલસિંહ પઢિયાર |
| *૪૪ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યમાં વન મહોત્સવો દ્વારા વૃક્ષોની સંખ્યા વધારવાની નીતિ હોવા છતાં વૃક્ષોની સંખ્યા વધારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મહમદજાવીદ પીરઝાદા |
| ૪૫ | _ _ " _ _ | ૧૦૦ | જંગલોમાં ઘણા–ખરા કુવાઓ ખુલ્લા હોવાથી વન્ય પ્રાણીઓના અપમૃત્યુ થાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લાખાભાઈ ભરવાડ |
| *૪૬ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યમાં દિપડાઓનો વધતો જતો આંતક રોકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જે.વી. કાકડીયા |
| *૪૭ | _ _ " _ _ | ૧૦૦ | ગીરના જંગલોમાં થતી ગેરકાદેસર રેતી ખનનની પ્રવૃતિ સામે ગંભીરતાથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇમરાન ખેડાવાલા |
| ૪૮ | _ _ " _ _ | ૧૦૦ | ગીરના જંગલોમાંથી બહાર નીકળતા સિંહોનું રક્ષણ કરવા તેમજ અપમૃત્યુને રોકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુંજાભાઈ વંશ |
| | | મહિલા અને બાળ વિકાસ વિભાગ<br>માગણી નં ૧૦૫ | | |
| *૪૯ | ૨૨૫૧–સચિવાલય....સેવાઓ<br>૦૯૦– સચિવાલય<br>૦૧– મહિલા....વિભાગ<br>રૂ.૮,૭૧,૨૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૭,<br>પાના નં . ૩૯ અને ૪૦ | ૧૦૦ | ઘરેલુ હિંસા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનમભાઈ પરમાર |
| *૫૦ | _ _ " _ _ | ૧૦૦ | અનૈતીક દેહવ્યાપાર અને મસાજના નામે થતા નારીઓના દેહ વ્યાપાર સામે સખ્તાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| ૫૧ | _ _ " _ _ | ૧૦૦ | મહિલા સંબંધી તમામ પાસાઓને આવરી લેતાં સ્પેસીફીક એનાલીસીસ કરી શકતા આંકડાઓના ડેટાનો અભાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રવિણભાઈ મુસડીયા |
| *૫૨ | ૨૨૫૧–સચિવાલય....સેવાઓ<br>૦૯૦– સચિવાલય<br>૦૧– મહિલા....વિભાગ<br>રૂ.૮,૭૧,૨૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૭, | ૧૦૦ | આંગણવાડીની બહેનોના પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઋત્વિકભાઈ મકવાણા |

| | | | | |
|---|---|---|---|---|
| | પાના નં . ૩૯ અને ૪૦ | | | |
| ૫૩ | _ _ " _ _ | ૧૦૦ | કુપોષિત બાળકોની સંખ્યા વધતી અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી લલીત વસોયા |
| ૫૪ | _ _ " _ _ | ૧૦૦ | મહિલાઓ ઉપર થતા અત્યાચારોમાટે મહિલા આયોગ દ્વારા નક્કર પગલાલેવાતા નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઈ વાજા |
| *૫૫ | _ _ " _ _ | ૧૦૦ | મહિલા આયોગના ચેરમેન પદે રાજકીય નિમણૂકો ન આપતાં સામાજિક સંસ્થાની પ્રતિષ્ઠિત મહિલાઓને નિમણૂંકો આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શીવાભાઈ ભુરીયા |
| *૫૬ | _ _ " _ _ | ૧૦૦ | ૦ થી ૬ વર્ષના બાળકોનું પોષણ અને આરોગ્ય સ્તર સુધારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર |
| *૫૭ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યમાં નારી સંરક્ષણ કેન્દ્રોમાં નારીની સુરક્ષા માટે યોગ્ય સુવિધાઓ પુરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેશકુમાર ગોહિલ |

*આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય અધ્યક્ષશ્રી, વિવિધ વિભાગના મંત્રીશ્રીઓ જે માગણીઓ લઇને આવ્યા છે, તેમાં ખાસ કરીને આદિજાતિ વિકાસ વિભાગની માગણીઓ પર હું આપ સાહેબનું ધ્યાન દોરવાની રજા લઉં છું. ગુજરાત રાજ્યનું ૨૦૧૯-૨૦નું રૂ.૨,૦૪,૮૧૫/- કરોડનું બજેટ છે, તેમાં આદિજાતિઓના વિકાસ માટે રૂ.૧૪૫૬૭/- કરોડની માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે કેટલાક મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

ગુજરાતમાં ૧૫ જેટલા જિલ્લા છે, ૪૯ તાલુકા છે અને ૧૬ પોકેટ, અને ૪ કલેકટર પોકેટ અને ૫૮૮૪ જેટલાં ગામો છે. ૨૦૦૦ની વસ્તી ગણત્રી પ્રમાણે ૬,૦૪,૪૦,૦૦૦ની વસ્તી સામે આ આદિજાતિઓની વસ્તી ૮૯.૧૭ છે અને રાજ્યમાં ૧૪.૭૫ ટકા જેટલી આદિવાસીઓની વસ્તી છે. આમ તો બજેટ એટલું મોટું ફાળવવામાં આવે છે જે રૂ.૧૪,૫૬૭/- કરોડનું બજેટ છે. ૨૦૧૫-૧૬માં ટ્રાઇબલ માટે જે રૂ.૯૬૯૦/- કરોડનું બજેટ ફાળવેલું તેમાંથી રૂ.૫૫૭૬/- રૂપિયા વપરાયા વગરના રહ્યા હતા. એટલે મારી વિનંતી એટલી જ છે કે બજેટમાં રકમ ઘણી મોટી ફાળવાઇ છે પણ આદિવાસી વિસ્તારમાં જે કામો થવાં જોઇએ અને જે રકમ વપરાવી જોઇએ તે સપ્રમાણમાં ૧૫ જિલ્લા અને ૪૯ તાલુકાઓમાં આ રકમ વપરાય એટલી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

એક મહત્વની બાબત કહેવી છે કે, રાઠવા જાતિ પરિશિષ્ટ-૨૫ પ્રમાણે રાઠવા જાતિને જે સર્ટિફિકેટો અપાતા નથી. મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી અને સમાજ કલ્યાણ અધિકારીશ્રીએ આ તમામ વિદ્યાર્થીઓને રાઠવાના દાખલા આપેલા છે. એ પ્રમાણે ધોરણ- ૧થી ૮ અને ધોરણ-૮થી ૧૨ અને ધો.૧૨થી બી.એ. સુધીનો અભ્યાસ કરેલો હોય તેમના લિવીંગ સર્ટિફિકેટમાં રાઠવા લખેલું છે અને આ રાઠવા પ્રમાણે સમાજ કલ્યાણ અધિકારીશ્રીએ દાખલા પણ એમને આપેલા છે. હવે આ દાખલા લેવા માટે જ્યારે જાય છે ત્યારે એમને રાઠવાના દાખલા મળતા નથી. આ પ્રમાણે વિધાનસભામાં પણ પ્રમુખશ્રીએ બોલાવેલ પરામર્શ સમિતિમાં અમોને વનબંધુ કલ્યાણ યોજના આદિવાસી વિકાસ યોજનાકીય રૂપરેખા ૨૦૧૬માં પરિશિષ્ટ-૧ અનુસૂચિત જન જાતિની યાદીમાં અનુક્રમ નં.૨૫ ઉપર રાઠવા જાતિને આદિવાસી તરીકે જાહેર કરેલા હોવા છતાં ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ લો, જસ્ટિસ એન્ડ કંપનીના તા.૨૦મી સપ્ટેમ્બર, ૧૯૭૬ના એકટ નં. ૧૦૮ની અંદર ૭૩-એએ ની નોંધો પાડવા માટે કોઇ કાર્યવાહી થતી નથી. આની અનેક રજૂઆતો કરવા છતાં અને જે તે વખતે મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના અગ્ર સચિવ અને કમિશનરશ્રી મહેસૂલ વિભાગના પત્ર ક્રમાંકઃ હકપ ૧,૪૨,૦૦૯ અને પાસ-૧૫/જ ક, તા.૧૦ નવેમ્બર, ૨૦૦૯ વડોદરા જિલ્લા જેતપુર પાવી તાલુકાના તા.૧.૨.૧૯૮૧ના કાયદા અન્વયે કોળી લોકોને આદિવાસી તરીકે માન્ય રાખી ગામના નમૂના નંબર-૬માં તે અંગેની નોંધો પાડી મંજૂર કરવા બાબતમાં ૭/૧૦ના પત્ર તરફ ધ્યાન દોરતાં જણાવવાનું કે આ બાબતે કલેકટશ્રી વડોદરાનો જેતપુર તાલુકામાં તા.૧-૨-૧૯૮૧ના કાયદા અન્વયે કોળી લોકોને આદિવાસી તરીકે માન્ય રાખી, ગામના નમૂના નં-૬માં તે અંગેની નોંધો પાડી મંજૂર કરવા બાબતે નામદાર કાયદા વિભાગની જોગવાઇ પ્રમાણે કાર્યવાહી કરવા સંબંધિતોને સૂચના આપી છે. એટલે તે વખતના સેક્રેટરી •(xxx) ૨૦૦૯નો કાગળ લખેલો અને તે પ્રમાણે તા.૨૬-૧૧-૨૦૦૯ના રોજ કલેકટરશ્રી...

અધ્યક્ષશ્રી : અધિકારીનું નામ લેવાતું નથી એટલે આપણે કાઢી નાખીએ છીએ.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : કલેકટરશ્રી વડોદરાએ પણ જેતપુર-પાવી તાલુકામાં આ નમૂના નંબર ૬ માં મહેસૂલ અધિનિયમની કલમ ૭૩ એએ ની નોંધો પાડવા આપના તરફથી કરવામાં આવેલ રજૂઆતમાં જરૂરી કાર્યવાહી કરવા માટે સૂચના આપું છું. તેવું કલેકટરશ્રી વડોદરાનો કાગળ, એવી જ રીતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ, હાલના માનનીય મંત્રીશ્રી

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કૌશિકભાઇ પટેલને પત્ર લખ્યો કે છોટા ઉદેપુર જિલ્લાના જેતપુર પાવી તાલુકાના આદિવાસી વિસ્તારના કોળી જાતીના લોકોને આદિવાસી તરીકે માન્ય રાખી ૭૩ એએની નોંધો પાડવા નિયમાનુસારની કાર્યવાહી કરવા છોટા ઉદેપુર કલેકટરને જણાવવું. એવી જ રીતે વિધાનસભામાં પણ મેં પ્રશ્ન પૂછેલો. ૧૩મી ગુજરાત વિધાનસભામાં ત્રીજું સત્ર, મંગળવાર તા.૨૫મી ફેબ્રુઆરી ૨૦૧૪ના રોજ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૭૭, એમાં પણ સરકારે જણાવ્યું છે કે તા.૧૦–૦૧–૧૪ના રોજ અરજી મળી છે અને આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા તા.૦૫–૦૧–૨૦૧૩ના પરિપત્રથી રાઠવા કોળી જાતિના ઇસમોને અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રો આપવા બાબતે જરૂરી સ્પષ્ટતા બહાર પાડવામાં આવેલ છે અને તે પ્રમાણે ૭૩ એએની નોંધો પાડવા માટે જિલ્લા કલેકટરને સૂચના આપવામાં આવી છે.

હવે સવાલ એટલો જ થાય છે કે, અમારા વિસ્તારના ૫૧ જેટલા વિદ્યાર્થીઓ, જેમણે મેડિકલમાં એમ.બી.બી.એસ.માં પ્રવેશ મેળવ્યો છે, હવે પ્રવેશ મેળવ્યો ત્યારે વિશ્લેષણ સમિતિ એવું કહે છે કે તમારા તમામ સર્ટીફિકેટો એ બધા રાઠવાના છે, પણ ૭/૧૨ની નકલ લાવો, તો ૭/૧૨ની નકલ લાવ્યા તેમાં કોળી લખેલું છે. તો કોળીને ૭૩ એએની એન્ટ્રી પાડો તો ઓટોમેટીક એ રાઠવા બની જાય. તો ૭૩ એએની એન્ટ્રી પડતી નથી અને એવા રાઠવા જીતેશકુમાર નટુભાઇ, જયદીપકુમાર ઇશ્વરભાઇ, પહેલા એ તંબોલીયાના છે, રાઠવા નીકીતાબેન યુવરાજભાઇ, નિકુંજભાઇ, સવિતાબેન, ચિંતનભાઇ આવા ૧૯ જેટલા લોકોને ૭/૧૨માં.....

અધ્યક્ષશ્રી : માનનીય ગણપતભાઇ, સિનિયર મોસ્ટ સભ્ય બોલી રહ્યા છે. આજુ બાજુ ચારે કોર બીજા સભ્યો સાથે ઇશારો નહીં કરો. (અંતરાય) તમે સામો ઇશારો કરો છો, કોઇ ઇશારો કરે તો મારું ધ્યાન દોરો. મને ખબર છે, શ્રી આનંદભાઇ સહિત બધા શું કરે છે એ મારું ધ્યાન છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, એટલે મારી એટલી જ વિનંતી છે કે, ૧૯ જેટલા વિદ્યાર્થીઓએ એમ. બી. બી. એસ.માં પ્રવેશ મેળવેલો છે. પણ ૭/૧૨માં કોળી લખેલ છે તેના કારણે આ વિદ્યાર્થીઓનો પ્રવેશ અટકાવેલો છે એટલે ગુજરાત સરકારે પણ પહેલા જે પરિપત્રો કર્યા છે એ પરિપત્રોમાં જેનું કોળી હોય તેનું ૭૩ એએ લગાડીને તાત્કાલિક તેને રાઠવા ગણવા એવો પરિપત્ર થયેલો હોવા છતાં આ પરિપત્રનો અમલ કલેકટરશ્રીઓ કરતા નથી. તેથી મારી માનનીય મંત્રીશ્રીને એટલી જ વિનંતી છે કે તમામ કલેકટરશ્રીઓને અને આ છોટા ઉદેપુર જિલ્લાનો જ સવાલ છે તો છોટા ઉદેપુર જિલ્લાના કલેકટરશ્રીને આ બાબતની સૂચના અપાય અને તમામ લોકોને જે કોળી લખાયેલું છે તેમના ૭/૧૨માં ૭૩ એએની એન્ટ્રી પડે તેવી મારી માગણી છે.

બીજું, માનનીય અધ્યક્ષશ્રી, યુનોએ ઠરાવ કરીને ૯મી ઓગસ્ટના દિવસને વિશ્વ આદિવાસી દિન જાહેર કરેલો છે. આદિવાસી દિન તો જાહેર કર્યો છે પણ તે દિવસની રજા રાખવી જોઇએ એવી પણ મારી માગણી છે. પછી બંધારણના પાંચમાં શિડયુલ સમતા જજમેન્ટમાં પેસા એકટનો સંપૂર્ણ અમલ કરવામાં આવતો નથી. આદિવાસીઓના બંધારણીય અધિકારો પ્રમાણે આ એક્ટનો અમલ જે પંદર જિલ્લા છે અને ૪૯ જેટલા તાલુકાઓ છે તેમાં તેનો તાત્કાલિક અમલ થાય એ કરવું જોઇએ અને બંધારણીય જોગવાઈ પ્રમાણે આદિવાસી સલાહકાર પરિષદ બોલાવવામાં આવતી નથી તે નિયમિત બોલાવવામાં આવે તેવી પણ મારી માગણી છે.

અધ્યક્ષશ્રી:માનનીય મોહનસિંહજી, આપનો સમય આમ તો પૂરો થઇ ગયો છે. બહુ અગત્યનું હોય તો એક મિનિટમાં કહી દો.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : બીજી મારી લાગણી એટલી છે કે જે ટ્રાઇબલના ડુંગરાળ વિસ્તારના ૫૪૮૪ જેટલા ગામોમાં જે ખેડૂતોએ પોતાના કૂવા કરેલા છે તે કૂવામાં પાણી ઉંડા જાય અને પાણી સૂકાઇ જાય ત્યારે એ કૂવા ઊંડા કરવા માટે જે તે વિભાગમાં બ્લાસ્ટીંગ યુનિટો શરૂ કરેલા. તો આ બ્લાસ્ટીંગ કરવાના યુનિટો તાત્કાલિક ચાલુ કરીને આદિવાસી વિસ્તારના જે કૂવામાં પાણી નથી તેવા કૂવા ઊંડા કરવા માટે આ યુનિટો ટ્રાઇબલ સબપ્લાન દ્વારા ચાલુ થવા જોઇએ. એવી પણ મારી માગણી છે. હજારો યુવાનો, આદિવાસી ભાઇ–બહેનો જે વિસ્તારમાં જીવે છે તે વિસ્તારના ગામડે ગામડે, ફળિયે ફળિયે દારૂની હાટડીઓ ચાલે છે. એ હાટડીઓ બંધ કરવા માટે પણ કાયદેસર કાર્યવાહી કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : માનનીય મોહનસિંહ સિનિયર મોસ્ટ સભ્ય છે. જેમના પરથી પ્રથમવાર ચૂંટાયેલા ધારાસભ્યશ્રીઓએ આ ચાર–પાંચ વાત ધ્યાનમાં રાખવી જોઇએ. સમયસર હાજર રહેવું, સતત હાજર રહેવું, અદબથી ગૃહમાં બેસવું, પોતાનું વક્તવ્ય અસરકારક રીતે બોલવું, અધ્યક્ષની વાતનો આદર કરવો અને અધ્યક્ષ તરફ જોઇને રજૂઆત કરવી. આ બધું મંત્રીઓને પણ લાગુ પડે અને આપણા સભ્યોને પણ લાગુ પડે. ધન્યવાદ.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, આપણી એક કહેવત છે કે જળ એ જ જીવન. એ બાબત ધ્યાનમાં રાખીને માનનીય સિંચાઇ મંત્રીશ્રી આજે પોતાની માગણીઓ લઇને આવ્યા છે તેનું મૂડી ખર્ચ અને મહેસૂલી ખર્ચ થઇને કુલ જે ખર્ચ છે રૂ.૩૭૭૮ કરોડ, ૬ લાખ અને ૫૪ હજાર જેવું. પાણી હશે તો સિંચાઇ થશે અને જો સિંચાઇ થશે તો જ અનાજ અને ફળફળાદિ ઉત્પન્ન થશે. એ જ રીતે પાણી હશે તો પીવા પાણી મળશે અને પાણી હશે તો જ આપણા ઉદ્યોગોના પૈડાં છે એ ફરતા રહેશે અને લોકોને રોજગારી મળશે. દેશના જે પાણીના અછતગ્રસ્ત રાજ્યો છે તેમાં આપણું ગુજરાત પણ એક અછતગ્રસ્ત રાજ્ય છે. અહીં જે વરસાદ પડે છે તે અનિયમિત અને ઓછો પડે છે. આપણે જોઇએ તો રાજ્યમાં પાણીના ચાર ઝોન છે. એક મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાત. ગુજરાતનો જે કુલ પાણીનો જથ્થો છે તેનું ૬૯ ટકા પાણી વરસાદનું ત્યાં

આગળ પડે છે. ઉત્તર ગુજરાતમાં માત્ર ૧૧ ટકા, સૌરાષ્ટ્રમાં ૧૭ ટકા અને કચ્છમાં માત્ર ૩ ટકા જેટલું જ વરસાદનું પાણી પડે છે. આ જે પાણીનો કુલ જથ્થો છે તેમાંથી સિંચાઇ માટે લગભગ ૮૦થી ૮૫ ટકા, પીવા માટે ૧૦થી ૧૫ ટકા અને ઉદ્યોગ માટે ૩થી ૫ ટકા પાણીનો વપરાશ કરીએ છીએ. સૌરાષ્ટ્રની એવી ધરતી છે કે જે પથરાળ છે અને ઢાળવાળી છે. તેમાં એક તો પાણી ઓછા જથ્થામાં પડે છે અને પાણી દરિયા તરફ વહી જાય છે. આના માટે થઇને ૨૦૦૧ પછી જ્યારે માનનીય નરેન્દ્રભાઇ આ રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે અગાઉની સરકારોએ માત્ર ૬૦૦૦ ચેકડેમો બાંધ્યા હતા એની સામે આપણે ૫ લાખ ૬૦ હજાર કરતા પણ વધારે ચેકડેમો અને તળાવડી બાંધીને પાણીનો સંગ્રહ કરવાની કોશિશ કરી હતી. આ જે કોશિશ કરી હતી તે પણ હું માનું છું કે પૂરતી નથી, એટલા માટે ૨૦૧૨માં જ્યારે માનનીય નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી હતા. શ્રી નીતિનભાઇ ત્યારે સિંચાઇ મંત્રી હતા અને શ્રી સૌરભભાઇ નાણા મંત્રી હતા. ત્યારે તેમણે અલગ અલગ વિસ્તારમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં પાણીનો મોટો ઇ–બેઝીનનો જથ્થો છે તેને સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને કચ્છના વિસ્તારમાં કે જયાં ઓછો વરસાદ પડે છે. ઇ–બેઝીનમાંથી પાણી લઇ જવા માટેનું આયોજન કરેલું. તેના માટે ૨૦૧૨માં રાજકોટમાં ત્યારે એક પ્રેઝન્ટેશન રાખ્યું હતું. તેમાં ચાર અલગ અલગ લીંક મારફતે પાણી સૌરાષ્ટ્રમાં લઇ જવા માટેની યોજના કરેલી, જેને માનનીય નરેન્દ્રભાઇએ શ્રી સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ સિંચાઇ યોજના નામ આપેલું. રાજકોટમાં જ્યારે આ પ્રેઝન્ટેશન થયું હતું ત્યારે દરેક રાજકીય માણસો અને સમાજના અગ્રણી આગેવાનોને એમાં આમંત્રણ આપ્યું હતું. જ્યારે આ પ્રેઝન્ટેશન ત્યાં થયું ત્યારે અમને બધા સૌરાષ્ટ્રવાસીઓને ખ્યાલ આવ્યો કે હવે આવતા દિવસોમાં સૌરાષ્ટ્રમાં પાણીની સમસ્યા હળવી થશે. સૌરાષ્ટ્રમાં સૌની યોજના દ્વારા પાણી પહોંચાડવાનું હતું એની કુલ ચાર લીંક હતી. લીંક નં. એક, મચ્છુ બંધથી સૌની બંધ સુધી, જે ૨૦૮ કિલોમીટરની લંબાઇની છે. લીંક–૨, લીંબડી ભોગાવો બંધથી રાપી બંધ સુધી, જે ૨૯૯ કિલોમીટર છે. લીંક–૩, ધોળી ધજા ડેમથી વેણુ બંધ સુધી જે ૨૯૯ કિલોમીટર છે. લીંક–૪ લીંબડી ભોગાવો બંધથી હીરણ–૨ સુધી જે ૬૬૫ કિલોમીટર જેટલી એની લંબાઇ છે. આ જે કુલ લંબાઇ છે એ ૧,૩૭૧ કિલોમીટરની લંબાઇ અને ૬થી ૧૦ ફૂટ વ્યાસની પાઇપ, એમ.એસ.ના પાઇપ દ્વારા આ ચાર લીંકો દ્વારા પાણી પહોંચાડવાનો નિર્ણય કરેલો છે. આ પાણીને ખુલ્લી કેનાલો દ્વારા સરકારે આયોજન કર્યું હોત તો અનેક એમાં પ્રશ્નો ઊભા થાત કારણ કે તમારે જમીન સંપાદનના પ્રશ્ન ઊભા થાત જેથી કરીને આ યોજના મોડી પડત. પાઇપ લાઇન દ્વારા યોજનાનું આયોજન કર્યું અને એના લીધે કામ ઝડપી થયું છે અને એમાં જે પહેલી લીંક છે એનું કામ છે એ એપ્રિલ–૨૦૧૪માં શરૂ કરવામાં આવ્યું છે. જેની અંદર કુલ ૧૨ પેકેજો હતા એની કામગીરી મહદ્અંશે પૂર્ણ થઇ ગઇ છે. ૧૬ જળાશય દ્વારા ૧,૬૬,૦૦૪ એકર વિસ્તારમાં આજે સિંચાઇની સુવિધા ઉપલબ્ધ છે. ૪ શહેરી વિસ્તાર અને ૪૯૦ ગામોને પીવાનું પાણી એના દ્વારા મળે છે. તબકકા–૨ની અંદર રૂ.૬૪૭૭/– કરોડના ૧૫ પેકેજો એના માટેના ટેન્ડર પણ થઇ ગયેલા. એની કામગીરી આજે ચાલુ છે. મહદ્અંશે આ કામગીરી પણ પૂર્ણ થવા તરફ છે. આના બીજા તબક્કામાં એક જળાશય સુધીની પાઇપ લાઇન પૂર્ણ કરી અને ૨૦૧૭થી રાજકોટ શહેરની પીવાના પાણીની સમસ્યાનું નિવારણ કરવામાં આવેલ છે. આના સિવાય પણ રાજકોટ જિલ્લાના ન્યારી–૧, આજી–૩...

અધ્યક્ષશ્રી : માનનીય બાબુભાઇ, આપનું વક્તવ્ય પૂરું થાય છે. માનનીય ડો. જોષિયારાજી.....

ડો. અનિલ જોષિયારા(ભીલોડા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સિંચાઇ વિભાગની, આદિજાતિ વિભાગની, પ્રવાસન વિભાગની, મહિલા અને બાળકલ્યાણ વિભાગ અને વન અને પર્યાવરણ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું. આદિજાતિ વિકાસ વિભાગ, આદિજાતિની જે વસ્તી છે એ ૨૦૧૧ પ્રમાણે લગભગ ૯૦ લાખની હતી. આજે ૧ કરોડ જેટલી વસ્તી થઇ છે. આ એક કરોડની વસ્તી માટેનું આયોજન કરવાની અને વિકાસ કરવાની જવાબદારી આદિજાતિ વિકાસ વિભાગ હસ્તક છે. આખા રાજ્યનો જે ભૌગોલિક વિસ્તાર છે અને આદિવાસીઓનો વિસ્તાર છે એમાં ૧૮ ટકા આદિવાસી વિસ્તાર કવર થાય છે એટલે કેન્દ્રીય આયોજન પંચે જે ભલામણ કરી હતી એ મુજબ આદિજાતિ વિકાસ વિભાગનું બજેટ ટોટલ રાજ્યના બજેટના ૧૭.૫૭ ટકા હોવું જોઇએ. એમાં આજની તારીખ સુધી કંઇ ધ્યાન આપવામાં આવતું નથી અને આ વખતે જે બજેટ ફાળવ્યું છે એ ૭.૧ ટકા બજેટ ફાળવવામાં આવ્યું છે. તમે જો ૧૭.૫૭ ટકા લેખે બજેટ ફાળવ્યું હોત તો અમને રૂપિયા ૩૫,૯૩૩ કરોડ મળ્યા હોત અને અમારા વિસ્તારનો વિકાસ થઇ શક્યો હોત પરંતુ આ શકય બન્યું નથી. હવે જે કંઇ બજેટ છે એ બજેટનું આયોજન અને એનું અમલીકરણ જુદા જુદા વિભાગો કરે છે. જેથી આદિવાસી વિસ્તારને શું જરૂરિયાત છે, ત્યાંના લોકોની શું જરૂરિયાત છે એ પ્રમાણે બજેટ બનતું નથી. આના લીધે એનું કયાં તો મોટાભાગનું બજેટ લેપ્સ જાય છે અથવા તો વપરાતું નથી. મારી તો માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આના ઉપર થોડું ધ્યાન આપો. કમસેકમ આદિવાસીઓને શું જરૂરિયાત છે એ પ્રમાણેનું બજેટ વિભાગ, તમારો આદિજાતિ વિકાસ વિભાગ આયોજન કરે તથા અમલીકરણ પૂરતું જે તે વિભાગમાં જાય તો ચોકકસ એનો વિકાસ થઇ શકશે. હું છેલ્લા ૧૧ વર્ષના તમને આંકડા આપું, છેલ્લા ૧૧ વર્ષમાં ૮૯ હજાર ૧૦૦ કરોડ રૂપિયા વાપરી નાંખ્યાં પણ ત્યાંના લોકોને એનો ડેવલપમેન્ટનો લાભ મળ્યો નહીં, કારણ કે એનું આયોજન પણ બીજાએ કર્યું અને એનું અમલીકરણ પણ બીજાએ કર્યું. બીજા જુદા જુદા તમે એમાં હેડ પણ દાખલ કર્યા. હું ઘણી વખત કહું છું, શહેરી વિકાસનું હેડ, ૨૦૦૭માં તમે રૂ.૫૨/– કરોડથી ચાલુ કર્યું આજે એ બજેટ રૂ.૭૮૬/– કરોડ સુધી પહોંચી ગયું. એનો વેગ બહુ આગળ વધી ગયો. જ્યારે જે જરૂરિયાત છે સિંચાઇ છે, બાગકામ છે, માર્ગ અને રસ્તાઓનું કામ છે એ રસ્તાનું કામ થઇ શકતું નથી. મોટા ભાગની ગ્રાન્ટનું ડાયવર્ઝન થાય છે એનું કારણ છે. ૨૦૦૭માં જે જાહેરાત કરવામાં આવી હતી, પેકેજની વાત કરી હતી અને એના અમલીકરણની જવાબદારી જે તે વિભાગોને સોંપવામાં આવી.

એનું આયોજન અને અમલીકરણ જે તે વિભાગ કરે એટલે અમારી જરૂરિયાત પ્રમાણે આયોજન થતું નથી અને અમલીકરણ થતું નથી. માર્ગ અને મકાન વિભાગની વાત કરું તો દરેક ફળિયા અને ગામને બારમાસી પાકો રસ્તો મળશે એવી વાત થઇ હતી અને અમે ખુશ થયા હતા. સિંચાઇ અને આરોગ્યની સુવિધા મળશે એવી બધી વાતો કરી હતી. પણ એમાંથી કશું થયું નથી. આજે પણ મોટાભાગના ગામો રસ્તા વગરના છે. ભલે શહેરમાં ફ્લાય ઓવર, ઓવર બ્રિજ અને અન્ડર બ્રિજ કરો પણ અમને કમસે કમ એક રસ્તો તો આપો. તમારે પણ રસ્તો જોઇતો હોય તો શ્રી નીતિનભાઇને કહેવું પડે છે. કારણ કે તમારા હસ્તક એની જવાબદારી નથી. આના માટે અત્યારે મુખ્યમંત્રી નથી પણ મારી વાત પહોંચાડજો, મારી વિનંતી છે કે કમસે કમ આદિજાતિ વિકાસ વિભાગના બજેટનું આયોજન કરવાની જવાબદારી આદિજાતિ વિકાસ વિભાગ હસ્તક હોવી જોઇએ અને તો જ ડેવલપમેન્ટ થઇ શકશે. સિંચાઇ વિભાગમાં અમારી છેલ્લા ૧૧ વર્ષમાં જે રકમ વાપરી છે એ રૂ.૯૦૨૨/- કરોડ એ નાની રકમ નથી. પણ યોગ્ય આયોજન ન થયું. અમારો વિસ્તાર સૂકો વિસ્તાર છે. તમારો વિસ્તાર દક્ષિણ ગુજરાતમાં આયોજન કરતા હશો. તમે કોઇ એક વિસ્તારના મંત્રી નથી ત્યારે તમે આગળ વધો, અમારા ભિલોડા અને મેઘરજ વિસ્તારમાં તમે આવો, વિજયનગરમાં આવો, અમારા વિસ્તાર કોરા છે. એ વિસ્તારમાં સિંચાઇની કોઇ સગવડ નથી. કમસે કમ કંઇક આયોજન હોવું જોઇએ. તમે પાઇપ લાઇનની વાત કરો. નર્મદામાંથી પાઇપ લાઇનની વાત કરો છો પણ એ શક્ય બનવાનું નથી. એના કરતાં અમારા વિસ્તારમાં જે ડેમો છે, અમારો હરણાવ ડેમ, હાથમતિ ડેમ, મેશ્વો ડેમ છે એ ડેમોમાંથી લિફ્ટ કરીને અપસ્ટ્રીમમાં પાણી આપો. હરણાવ ડેમમાંથી જો પાણી આપવામાં આવે તો ડાઉન સ્ટ્રીમમાં ગ્રેવિટીથી પાણી જાય તેમ છે. આનું પ્લાનિંગ કરશો તો વિજયનગર અને ભિલોડાને પાણી મળશે. એ જ રીતે તમે માર્ગ અને મકાનમાં પણ ૭૯૪૯ કરોડ રૂપિયા વાપરી નાંખ્યાં પણ હજી પણ અમારા ગામો રસ્તા વિહોણા છે. અમુક બાબતો એવી હોય છે કે જેમાં અમારી જરૂરિયાત બહુ ઓછી હોય છે. નર્મદા નિગમનો શેરમૂડી ફાળો છેલ્લા (અંતરાય) અમારા વિભાગમાંથી દર વર્ષે રૂ.૨૦૦/- કરોડ તમે લઇ જાઓ છો. છેલ્લા ૧૧ વર્ષમાં રૂપિયા ૩૦૯૭/- કરોડ તમે લઇ ગયા છો. એનો અમારા વિસ્તારને શું ફાયદો છે? મારી ત્યાં મુશ્કેલી છે સાહેબ. આપ તો ખૂબ અભ્યાસુ છો અને આપને ખબર હશે આદિજાતિ વિસ્તાર માટે પૈસા હોય છે. બીજા વિસ્તાર માટે હોતા નથી. મોટાભાગે તાલુકામાં આયોજન થાય છે અને અધિકારીઓ પાસે વાત આવે છે ત્યારે એ લોકો નોન ટ્રાઇબલ વિસ્તારના કામોમાં પણ એ લોકો ટ્રાઇબલ લખી દે છે અને એના લીધે અમને કામો મળી શકતા નથી. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આમાં થોડું ધ્યાન આપો અને આપના વિભાગ હસ્તકનું જે બજેટ છે એ ગયા વખતે રૂ.૨૨૦૦/- કરોડ હતું એ આ વખતે રૂ.૨૪૦૦/- કરોડ જેટલું છે. એ બે વર્ષના આયોજનમાં પણ તમે લગભગ રૂ.૯૨/- કરોડ તમે વાપરી શક્યા નથી. એનું આયોજન કર્યું નથી એના લીધે મુશ્કેલી થઇ છે. બંધારણની કલમ ૨૭૫/૧ હેઠળ જે ગ્રાન્ટ મળતી હતી છેલ્લા ઘણા સમયથી સ્પેશિયલ સેન્ટ્રલ આસિસ્ટન્સ અને બંધારણની કલમ ૨૭૫/૧ હેઠળની જે ગ્રાન્ટ છે એ એટલીને એટલી જ છે. એમાં કોઇ વધારો થતો નથી. મારી વિનંતી છે કે જ્યારે આપણા ગુજરાતના જ વડાપ્રધાન હોય ત્યારે આની રકમ તો કમસે કમ વધારો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વન વિભાગની વાત કરવી છે. જે વ્યક્તિગત દાવાઓ અને સામૂહિક દાવાઓ છે એની આપે ઘણી વખત વાત પણ કરી છે. કુલ ૧ લાખ ૮૨ હજાર વ્યક્તિગત દાવાઓ હતા એમાંથી ૮૪,૧૨૨ને તમે જમીન આપી છે એ ૧ લાખ ૨૮ હજાર ૧૨૬ એકર જમીન આપી છે. પણ જે સામૂહિક દાવાઓ છે એમાં તમે કોને જમીન આપો છો? તમે જે ૪૫૫૯ માણસોને સામૂહિક દાવાઓની જમીન આપી છે એ ૧૧ લાખ ૬૦ હજાર ૮૫૭ એકર જમીન આપી છે. એનો મતલબ એવો થાય કે એક દાવા પાછળ એવરેજ ૨૫૦ એકર જમીન મળી છે. આપણે વધુમાં વધુ ૧૦ એકરથી વધુ જમીન આપી શકતા નથી. આ જમીનો જળાશયો અને ગૌચર માટે હોય છે. આદિવાસી વિસ્તારમાં સ્મશાન હોય છે એના માટે જમીન મળી શકતી નથી તો આ કોના માટે જમીન આપી છે એનો ખુલાસો કરશો તો મને ગમશે. આપણા જે ૫૮૮૪ ગામો છે એ ગામો કરતાં ખૂબ વધુ જમીન તમે આપી છે. કોને આપી છે અને આ કયા હેતુ માટે છે એનો પણ ખુલાસો કરશો. મારે બીજી એક વાત કરવી છે કે, અમારા આદિવાસી બાળકો છે એમના મા-બાપની આવક રૂ.૨.૫૦ લાખથી વધી જાય તો એમને ફી ભરવી પડે છે. બીજો સમાજ મતલબ કે જે સામાજિક રીતે પછાત અથવા તો ઓ.બી.સી. સમાજ અને ઇકોનોમિકલ બેકવર્ડ સમાજ માટે રૂ.૮/- લાખ છે, એસ.સી. માટે રૂ. ૬/- લાખ અને અમારા સમાજ માટે રૂ.૨.૫૦ લાખ છે તેમાં સુધારો કરીને વધારો કરવો જોઇએ અથવા તો આ આવકનું ધોરણ કાઢી નાખો તો વધારે સારું. શ્રી મોહનભાઇએ વિશ્વ આદિવાસી દિવસની વાત કરી એમાં ગયા વખતે અમે રજૂઆત કરી હતી. આ વખતે વિશ્વ આદિવાસી દિવસની તમે રજા જાહેર કરો એ સમાજના હિતમાં છે એવી મારી વિનંતી છે. સાથે પેશા એક્ટના નિયમોમાં થોડી ગરબડ જરૂર છે પણ તેનો તાલુકા લેવલે અમલ થાય એ ખૂબ જરૂરી છે. પાંચમી અનુસૂચિ માટે આપ ગંભીર થાવ અને એનું અમલીકરણ થાય એવી મારી વિનંતી છે. મારે ખાસ બે મુદ્દા પર આપનું ધ્યાન ખેંચવું છે કે, આજની તકલીફ ખોટા સર્ટિફિકેટોની છે. સાહેબ, પરિસ્થિતિ એ થઇ છે કે આપની પાસે સ્ક્રૂટીની કમિટીમાં ૬૦૯ કેસો આવ્યા એમાંથી ૨૭ માણસો ભાગી ગયા અને ૬૭ કેસોમાં તમારા વિભાગને એમ લાગ્યું કે આ ખોટા કેસો છે એમની સામે એક્શન લો અને તમે જ્યારે તા.૧૮-૧-૨૦૧૭નો પરિપત્ર-ઠરાવ રદ કર્યો છે. તમે ૨૦૦૭નો ઠરાવ રદ કર્યો છે. તમે સ્વીકાર્યું છે કે, આ ગીર-આલેખ અને બરડા સિવાયના માણસોને ખોટા સર્ટિફિકેટો અપાય છે તેમની સામે એકશન લો અને તેની પાછળ જે કાર્યવાહી કરવી જોઇએ એ કાર્યવાહી કરતા નથી. હમણાં જ જી.પી.એસ.સી.ની પરીક્ષા થઇ એમાં ૯ જેટલા છોકરા લેવાયા છે એ પણ ખોટા છે. એમાં સ્ક્રૂટીની કમિટીએ ધ્યાન આપીને જેની સામે એકશન લેવા પડતા હોય તેની સામે એકશન લો એવી મારી વિનંતી છે. સાહેબ, આપનું ગયા વખતનું ભાષણ મેં વાંચ્યું છે. તમે કહ્યું હતું કે, હું કોઇને નહીં છોડું અને મારી વિનંતી છે

કે, નિયમ પ્રમાણે વર્તો, નિયમ પ્રમાણે ખોટું હોય તો ખોટું અને ખરું હોય તો ખરું, કોઇને ઇશારો કરવાની જરૂર નથી સાહેબ, અને બીજું (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે.

ડો. અનિલ જોષિયારા : સાહેબ, એક જ મિનિટ. ૭૩–એએ છે. ૧૯૬૧માં ૭૩–એ આવ્યું અને ૧૯૮૧માં ૭૩–એએ આવ્યું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય કીર્તિસિંહ વાઘેલા.

શ્રી કીર્તિસિંહ પ્ર. વાઘેલા(કાંકરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુરુ પૂર્ણિમાનો દિવસ છે ત્યારે (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, શ્રી જોષિયારાજી. તમને પછી ફરી ક્યારેક ચાન્સ મળશે. શ્રી મોહનસિંહભાઇએ એવું ના કીધું.

શ્રી કીર્તિસિંહ પ્ર. વાઘેલા : ગુરુદેવના ચરણમાં નતમસ્તક વંદન કરું છું. સન્માનનીય સભાગૃહના સભ્યશ્રીઓ ગુજરાત પ્રદેશની પ્રજાને અને દેશની પ્રજાને ગુરુ પૂર્ણિમાના દિવસે શુભેચ્છા પાઠવું છું.

અધ્યક્ષશ્રી : કોના કેવા ગુરુ છે એ આજ સાંજ સુધીમાં ખબર પડશે.

શ્રી કીર્તિસિંહ પ્ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીના લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની સરકારના જળ સંપત્તિ મંત્રીશ્રી સને ૨૦૧૯–૨૦ના વર્ષની માગણી ક્રમાંક–૬૬ સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ ઉપર મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણું ગુજરાત ભૂતકાળમાં પાણીની અનેક સમસ્યાઓથી ઘેરાયેલું હતું. પીવાના પાણીના પેચિદા પ્રશ્નો હતા. ભૂગર્ભ જળ સપાટીની ઊંડાઇઓ અનેક ગણી વધી રહી હતી. એવા વિપરીત સમયમાં ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર બની. એ વખતના તત્કાલીન મુખ્યમંત્રી અને આજના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગુજરાતમાં નર્મદા યોજના, સૂજલામ્ સૂફલામ્ યોજના અને સૌની યોજના થકી ગુજરાતમાં પીવાનું પાણી અને સિંચાઇના પાણી આપવા બદલ માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબને અભિનંદન આપું છે અને આભાર પણ વ્યક્ત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, અમારા ઉત્તર ગુજરાતમાં સૂજલામ્ સૂફલામ યોજના થકી ઉત્તર ગુજરાતને ઉત્તમ ગુજરાત બનાવવાના રાજ્ય સરકારના ભગીરથ પ્રયત્નોને બિરદાવું છું અને અભિનંદન આપું છું. ઉત્તર ગુજરાતના ૯ જળાશયોમાં નર્મદાનું વધારાનું પાણી માટે નર્મદા મુખ્ય નહેર આધારિત કુલ ૧૪ પાઇપ લાઇન યોજનાનું આયોજન કરવામાં આવ્યું છે. જે પૈકી રૂ.૩૫૫૭/– કરોડના ખર્ચે ૧૧ પાઇપ લાઇનોની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. બે પાઇપ લાઇન ઉણદ તથા થરાદ સીપૂની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. ઉપરોકત ૧૧ પાઇપલાઇન થકી ૯ જિલ્લાના ૨૮ તાલુકાના ૫૧૨ ગામ તળાવોને પાઇપ લાઇન સાથે જોડી નર્મદાના પાણીથી ભરવામાં આવી રહેલ છે. જેનાથી આશરે ૭૭૦૦૦ હેકટર વિસ્તારની સિંચાઇને સીધો અને આડકતરો લાભ મળે છે. અમારા બનાસકાંઠા જિલ્લામાં નર્મદા મુખ્ય નહેરને ૬૬૩૭૫.૧૦ કિલોમીટર પાસે ચાંગા ગામથી દાંતીવાડા જળાશય સુધીની ૭૯.૨૨૦ કિલોમીટર સુધીની લંબાઇની પાઇપ લાઇન તથા તળાવની જોડે એની કામગીરી વર્ષ ૨૦૧૫માં પૂર્ણ કરવામાં આવેલ છે. આ પાઇપ લાઇન યોજના અંતર્ગત ચાંગા, રામપુરા અને ભડદ ખાતે ૩ પમ્પીંગ સ્ટેશન બનાવવામાં આવેલ છે અને ૨૩૫૦ મિ.મી.થી શરૂ થઇ ૨૧૫૦ મિ.મી. વ્યાસની એમ.એસ. પાઇપલાઇન અલગ અલગ લંબાઇએ નાખવામાં આવેલ છે. આ પાઇપ લાઇનથી અમારા કાંકરેજ, ડીસા અને દાંતીવાડા તાલુકાના કુલ ૨૪ ગામોના ૪૫ તળાવોના જોડાણ થકી ૨૩૨૬ હેકટર વિસ્તારને સિંચાઇના સીધા કે આડકતરા લાભ આપવામાં આવેલ છે. આ પાઇપ લાઇન મારફત અત્યાર સુધીમાં ૧૦૯૯૮.૨૨ મિલિયન ઘન ફૂટ પાણી ઉપાડીને તળાવો તથા સુઝલામ સુફલામ થ્રેડીંગ લાઇનમાં પાણી નાખવામાં આવે છે. આ પાઇપ લાઇનથી ઘણો બધો લાભ અમારા વિસ્તારને થયો છે પણ અમે ગામડાંઓની અંદર ભૂગર્ભ સપાટી કાંકરેજ તાલુકાના ગામડાંમાં ખૂબ ઉંડી ગઇ છે. જેના કારણે અમારા વિસ્તારના લોકોની પણ માગણી છે કે એક પેટા યોજના કરવામાં આવે જે ખીમાડા, રામપુરા પમ્પીંગ સ્ટેશન છે ત્યાંથી રીવર્સ પાઇપ લાઇન કરી ખીમાડા રામપુરાથી થરાદ સુધીની મંજૂર કરવામાં આવે તો અમારા વીસેક ગામડાંઓને પાણી મળે.

શ્રી લલીત વસોયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઇ વિશે ગૃહમાં ઘણા બધા સભ્યો બોલ્યા. મોટાભાગના સભ્યોએ ૨૦૦૧થી વાતની શરૂઆત કરી. ૧૯૯૦ની અંદર ગુજરાતના સિંચાઇ મંત્રી અમારા સૌના મુરબ્બી એવા શ્રી કેશુભાઇ પટેલે સૌરાષ્ટ્રની જે સિંચાઇ માટેની પાણી સમસ્યા હતી એના માટે ઘણું બધું કામ કર્યું છે. ૧૯૯૫માં પણ મુખ્યમંત્રી થયા પછી સમગ્ર સૌરાષ્ટ્ર માટે જળ સિંચાઇ માટે પણ સમગ્ર સૌરાષ્ટ્રની અંદર નોંધપાત્ર કામગીરી કરી છે એ સામેની પાટલીવાળા ભૂલી ગયા એનું દુઃખ છે. સિંચાઇ માટેની ઘણી બધી યોજનાઓ, ઘણી બધી વાતો, આંકડાકીય માહિતી ગૃહની અંદર મંત્રીશ્રીઓ દ્વારા અને સભ્યશ્રીઓ દ્વારા આપવામાં આવે છે. જે ડેમો બનાવવામાં આવ્યા છે એ ડેમોમાં એનો જે કમાન્ડ એરિયા છે એ કમાન્ડ એરિયાને સિંચાઇ માટે પાણી મળે છે એવી વાત કરીને આંકડા ગણાવી દેવામાં આવે છે પરંતુ સૌરાષ્ટ્રમાં ઘણા બધા ડેમો એવા છે કે જેની આંકડાકીય માહિતી મારી પાસે છે. એના કમાન્ડ એરિયા કરતા અડધા એરિયાની અંદર પણ અડધા ખેતરોની અંદર પણ આપણે પાણી આપી શકતા નથી અને આ સરકારના રેકર્ડ ઉપરની વાત છે. સૌરાષ્ટ્રના મોટામાં મોટા ડેમોમાં ભાદર–૧ ડેમ છે. આ ડેમમાં ૨૨૦૦૦ હેકટર જમીન કમાન્ડ એરિયાની અંદર આવે છે. પરંતુ એમાં સિંચાઇ માટે પાણી ફકત ૧૦૫૦૦ હેકટરથી ૧૪૦૦૦ હેકટર સુધીના વિસ્તારોને પાણી આપી શકીએ છીએ. મેં બજેટ વખતે વાત કરી હતી. ફરીથી

વાતને દોહરાવું છું. આ લોકોએ સૌરાષ્ટ્રની અંદર એક માત્ર ડેમ બનાવ્યો તે ભાદર-૨ ડેમ છે. એ ભાદર-૨ ડેમની અંદર ૯,૯૬૫ હેક્ટર જગ્યાને સિંચાઇ માટેનું પાણી આપવા માટે અનેક વખત રજૂઆત કરવા છતાંય ૫ વર્ષથી એ ડેમ ભરાય છે. અનેક વખત રજૂઆત કરવા છતા ૯૯૦ હેક્ટર જગ્યામાં જ પાણી આપી શકાય છે. અનેક વખત રજૂઆતો કરી કે કોન્ટ્રાક્ટર દ્વારા જે કામો કરવામાં આવે છે તે નબળાં કરવામાં આવે છે એનાં માટે પગલાં લો, પરંતુ કોઇ પણ જાતની કાર્યવાહી કરવામાં આવતી નથી. ધોરાજી, ઉપલેટા, માણાવદર વિસ્તારમાં ખેડૂતો પાણી વગર ટળવળે છે. સૌરાષ્ટ્રમાં જળ સંચય માટે ચેકડેમ અનેક બન્યા છે. છેલ્લાં ૩ વર્ષથી ચેકડેમ રિપેર કરવામાં આવતા નથી. ભારતીય જનતા પાર્ટીની ભગીની સંસ્થા ભારતીય કિસાન સંઘે આ વખતે સિંચાઇ મંત્રી, મુખ્યમંત્રી, કલેક્ટરને આવેદન પત્ર આપ્યા. તૂટેલા ચેકડેમોની યાદી બનાવીને આપી. ચેકડેમ રિપેર કરવા માટેની યાદી આપી, પરંતુ સૌરાષ્ટ્રની અંદર જે નદીઓની અંદર ચેકડેમ છે તે એકપણ ચાલુ વર્ષે રિપેર થયા નથી. હું મારા વિસ્તારની વાત કરું તો ભાદર નદીમાં વિપુલ પ્રમાણમાં રેતીની ચોરી થાય છે. વિરોધપક્ષના આગેવાન તરીકે, વિરોધપક્ષના ધારાસભ્ય તરીકે અમે રજૂઆત કરીએ એ બરાબર, પણ ભારતીય જનતા પાર્ટીના કાર્યકરને ગાંધીનગર સુધી રજૂઆત કરવા આવવું પડે કે આ રેતી ચોરીના કારણે અમારા ચેકડેમ તૂટી ગયા છે, છતાં આજની તારીખમાં બેરોકટોક રેતીની ચોરી થાય છે. આ ગૃહની અંદર ફોટા ન બતાવી શકાય, નહિતર ફોટા, વિડિયો બતાવવાની અમારી તૈયારી છે. ધોરાજી પાસે આવેલ ભાદર-૨ ડેમના પાયામાંથી રેતીની ચોરી થાય છે. હું ગૃહમાં ચેલેન્જ સાથે કહું છું મારી સાથે આવો અને રેતી ચોરી થયાના પૂરાવા બતાવું. એમાં હું નિષ્ફળ જાઉં તો ધારાસભ્યપદેથી રાજીનામું આપવાની મારી તૈયારી છે.

અધ્યક્ષશ્રી : માનનીય લલીતભાઇની હજુ જરૂર છે. ૫ વર્ષ પૂરાં કરવાનાં છે.

શ્રી લલીત વસોયા : એમ હું નહિ જાઉં, પણ ગુજરાતની અંદર ચૂંટણીઓ આવે ત્યારે હર ખેત કો પાણીની વાત કરવામાં આવે છે, પરંતુ આ દેશની અંદર કેનાલ દ્વારા જે સિંચાઇ આપવામાં આવે છે એમાં ગુજરાતનો ૧૦મો નંબર છે. જળ સંચય દ્વારા..

અધ્યક્ષશ્રી : શ્રીમતી મનીષાબેન હવે બંધ કરો વાતો.

શ્રી લલીત વસોયા : શ્રી બાબુભાઇએ પાઇપ લાઇન નાખવાની વાત કરી. એના દ્વારા ડેમ ભરવાની વાત કરી. મારું કહેવું છે કે પાઇપ લાઇનો નાખી, કયાંક ડેમમાં પાણી નાખ્યું. નર્મદાના પાઇપ લાઇનની વાતો કરીએ છીએ, પરંતુ આજની તારીખમાં સૌરાષ્ટ્રમાં મોટા ભાગના ડેમોમાં ખેડૂતોને સિંચાઇ માટેનું પાણી પીવા માટે અનામત રાખવામાં આવે છે. રાજકોટની અંદર નર્મદાની પાઇપ લાઇન નાખવામાં આવી. રૂ.૫૫૦/- કરોડ ખર્ચ કર્યો. જેતપુરને પીવાનું પાણી પૂરું પાડવા માટે રૂ.૬૫૦/- કરોડના ખર્ચે બલ્ક યોજના બનાવી. પાઇપ લાઇન ચાલુ થઇ ગઇ, છતાં આજની તારીખમાં નર્મદાનું પાણી જેતપુરને આપવાના બદલે ભાદર-૧ ડેમમાંથી પાણી ઉપાડીને ખેડૂતોના હક્કનું પાણી સિંચાઇ માટે..

અધ્યક્ષશ્રી : આપનું વક્તવ્ય પૂરું થાય છે.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય અધ્યક્ષશ્રી, આજનો દિવસ એટલે ખૂબ જ પવિત્ર દિવસ ગુરુ પૂર્ણિમા. ગુરુ આપ કે ઉપકાર કા કૈસે ચૂકાવું મેં મોલ, લાખ ગિનતી ધન ભલા, ગુરુ હે મેરે અનમોલ. આજે ગુરુ પૂર્ણિમાના દિવસે જીવનની પાઠશાળામાં જેમની પાસેથી જીવન જીવવાની રાહ, પ્રેરણા અને માર્ગદર્શન મળ્યું છે એ તમામ ગુરુજનોના ચરણોમાં મારા સત્ સત્ વંદન છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાતમાં આપણે સૌ જાણીએ છીએ કે પ્રવાસન નિગમે ખૂબ સારી એવી પ્રગતિ કરી છે વર્ષ ૨૦૦૫-૦૬માં પ્રવાસન બજેટ રૂપિયા ૩૫/- કરોડ હતું તે હાલ વધીને વર્ષ ૨૦૧૮-૧૯માં રૂપિયા ૪૫૨/- કરોડ થવા પામેલ છે. વર્ષ ૨૦૧૯-૨૦માં પ્રવાસન ક્ષેત્રે રૂ.૬૦૧/- કરોડની જોગવાઈ કરવામાં આવેલી છે. આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતી પ્રજા વિશ્વમાં પ્રવાસી તરીકે ખૂબ પ્રખ્યાત છે. આનંદ પ્રમોદ અને અવનવું જાણવાની કૂતુહલતાના કારણે આપણે દુનિયાના કોઇ પણ ખૂણે નવું નવું જાણવા અને માણવા પહોંચી જઇએ છીએ. રાજ્ય સરકારની કેટલાક વર્ષોની અથાગ મહેનતના કારણે ગુજરાત આજે સમગ્ર વિશ્વના લોકો માટે અગ્રિમ હરોળનું કેન્દ્ર બન્યું છે. આજે સમગ્ર દુનિયાના પર્યટનના નકશા ઉપર ગુજરાત મહત્વનું પર્યટન કેન્દ્ર પ્રસ્થાપિત થયું છે જેનો શ્રેય જાય છે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીને. આપણા ગુજરાતનું ગૌરવ, આપણું માન, આપણું સ્વાભિમાન એવા આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી છે. એમના ગુજરાત પ્રત્યેના પ્રેમને કારણે આપણે આ બધુ માન-સન્માન મળી રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે, ગુજરાતનો ઈતિહાસ, ગુજરાતમાં આવેલા પ્રાચિન સ્થળો, પ્રાચિન વિરાસતના મંદિરો, અર્વાચીન બૌદ્ધ મઠોમાં સચવાયેલા અવશેષો, મહાત્મા ગાંધીજીની સ્મૃતિ સાથે સંકળાયેલા અનેક સ્થળો, દાંડી યાત્રાના પડાવો, રાજકોટની આલ્ફ્રેડ સ્કૂલ, પોરબંદરનું કીર્તિ મંદિર તેમજ આપણું અત્યારે જ નિર્માણ પામેલું સ્ટેચ્યુ ઓફ યુનિટી, છેવાડાનો વિસ્તાર કે જે ખારોપટ હતો કે જ્યાં કોઇ આવતું જતું પણ નહીં એવું મારા કચ્છનો રણોત્સવ. આપણે સૌ કોઇ જાણીએ છીએ કે રણોત્સવના કારણે આપણું કચ્છ અને ગુજરાત એ વિશ્વના ફલક ઉપર અગ્રિમ હરોળમાં આવ્યું છે. રણ ઉત્સવ એક છેવાડાના વિસ્તારમાં આવેલું અને ત્યાંનો વિસ્તાર જેને એકદમ બંજર વિસ્તાર આપણે કહી શકીએ પરંતુ આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીની દીર્ઘ દૃષ્ટિ અને એમની ઇચ્છા શક્તિના કારણે એ બંજર વિસ્તારમાં પણ ઉત્સવ મનાવી શકાય એ પ્રકારનું એમની ઇચ્છા શક્તિને કારણે પ્રસ્થાપિત થયું છે અને ત્યાંના હજારો સ્થાનિક લોકોને સારા એવા પ્રમાણમાં સ્થાનિક રોજગારી પણ ઉપલબ્ધ થઇ છે. દર વર્ષે લાખો પર્યટકો ત્યાં રણ ઉત્સવમાં આવે છે. ચાર મહિના ચાલનારા આ રણોત્સવમાં આનંદ લઇ શકાય એવો આ ઉત્સવ હોય છે અને મને કહેતા આનંદ થાય છે કે, આ વર્ષે આપણા દેશના મહામહિમ રાષ્ટ્રપતિજી રામનાથ કોવિંદ પણ એમના

પરિવાર સાથે આ રણ ઉત્સવમાં પધાર્યા હતા અને ત્યાં એમની નજીકમાં જ આવેલું એક ગામ છે મને કહેતા આનંદ થાય છે કે, એ ગામમાં મીઠાઇમાં વપરાતો ખૂબ સરસ માવો ખાવા ત્યાં મળે છે અને આ રણ ઉત્સવ દરમ્યાન એ માવો ખાનારા લોકો લાખોની સંખ્યામાં હોય છે. એમનો આ વર્ષે ૨ કરોડથી પણ વધારે રૂપિયાનો માવો ખવાયો છે. માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે સ્ટેચ્યુ ઓફ યુનિટી, આપણા આદરણીય અને ગુજરાતના પનોતા પુત્ર અને એમની પ્રતિભાને શોભે એવી સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમા જે આજે વિશ્વના ફલક ઉપર સૌથી ઊંચી પ્રતિમા ત્યાં આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીજીના કારણે હકીકત બની છે અને ત્યાં પણ લાખો પ્રવાસીઓ આવે છે અને બે ત્રણ દિવસ ત્યાં રોકાઇ શકે એના માટે સાધુ બેટ ખાતે ટેન્ટસીટી પણ ત્યાં બનાવવામાં આવેલ છે અને ૬૦ જેટલા સ્થાનિક લોકોને ત્યાં ગાઇડ તરીકે રાખવામાં આવ્યા છે અને ત્યાં સ્થાનિક રોજગારી પણ ઊભી થઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે આટલા બધા પ્રવાસ ક્ષેત્રે પણ ગુજરાત અગ્રેસર બન્યું છે.

અધ્યક્ષશ્રી : માનનીય માલતીબહેન, વિપક્ષના અને શાસક પક્ષના બધા ધારાસભ્યશ્રીઓને સાથે લઇને ગયા હતા અને યોગીજીને આપણે ગરમીમાં ઠંડી લાગે અને ઠંડીમાં ગરમ લાગે એવી કચ્છની શાલ આપેલી, ધન્યવાદ આપનો સમય પૂરો થયો છે,

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : સર, એક મિનિટ આપોને પ્લીઝ,

અધ્યક્ષશ્રી : સમય પૂરો થયો છે. માનનીય સુખરામભાઇ રાઠવા, આ તમારી શાલની આટલી સારી વાત કહી દીધી. માનનીય સુખરામભાઇ, એક મિનિટ, પ્લીઝ, બે લીટીની કવિતા છે.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, યે બાતે હૈ ગુજરાત કી, યે રિશ્તે હૈ ગુજરાત કે, યે ખુશ્બુ હૈ ગુજરાત કી, આઇએ કુછ દિન તો ગુજારીયે હમારે ગુજરાત મેં.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(જેતપુર–પાવી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના આદિજાતિ મંત્રી, જળ સંપત્તિ મંત્રી, પ્રવાસન મંત્રી અને બાળ કલ્યાણ વિભાગના મંત્રીશ્રીઓ જે માગણીઓ લઇને આવ્યા છે તે માગણીઓ ઉપર મારા કેટલાક વિચારો રજૂ કરવા ઊભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, હું ઘણા સમયથી આ સરકારને કહું છું. ગયે વખતે પણ કહ્યું હતું કે રાજ્યના અમારા જે આદિજાતિ મંત્રી છે એ મંત્રીશ્રીના હાથ બાંધેલા છે. આદિવાસી વિસ્તારનો વિકાસ કરવો હોય તો અમારા મંત્રીશ્રીને પૈસા વાપરવાની છૂટ આપો. શા માટે રસ્તા મંત્રી, પાણી મંત્રી, વીજળી મંત્રી એમનું બજેટ એમની પાસેથી લઇ જાય છે? એમના સજેશનો સ્વીકારાય છે કે કેમ એ મારા ધ્યાનમાં આવતું નથી. ખાસ કરીને આદિજાતિ મંત્રીશ્રીને મેં પહેલાં કહ્યું તેમ આદિજાતિ વિભાગનું અને એસ.સી. વિભાગનું અને બક્ષી વિભાગનું આ બજેટ જેમ દિલ્હીમાં રેલ મંત્રી અલગ રીતે રજૂ કરે છે તેમ અમારું આ બજેટ રજૂ થવું જોઇએ. એનું કારણ એ છે કે, અમારા આદિવાસી વિસ્તારની જે ગ્રાન્ટો છે એ અન્ય વિભાગમાં ફળવાય છે. શ્રી મોહનસિંહભાઇએ દાખલો આપ્યો છે, અમારા શ્રી જોષિયારા સાહેબે પણ દાખલો આપ્યો છે કે આદિજાતિમાં, ખાસ કરીને સિંચાઇની જે રકમ છે એ સિંચાઇની રકમ છેલ્લે છેલ્લે ટ્રાન્સફર થઇને નર્મદા નિગમમાં પણ લઇ જાય અને કલ્પસરમાં પણ લઇ જવામાં આવે છે. સરકારના રેકર્ડ ઉપર આ હકીકત છે એટલા માટે હું આ ધ્યાન દોરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જળ સંપત્તિ વિભાગની વાત કરીએ, અમારા આદિવાસી વિસ્તારમાં સિંચાઇની સગવડતા ઓછી છે. ખેડૂતોને સુખી કરવા હશે તો ખેડૂતોના ખેતરો સુધી પાણી લઇ જવું પડશે. હું નર્મદાની વાત કરતો નથી. મારે ત્યાં અગાઉના વરસોમાં મંજૂર થયેલી લાલપુર પાસે હિરણ જળાશય યોજના, ઉપરવાસમાં ડૂબમાં જતા ગામડાના વિરોધના કારણે એ યોજના બંધ કરવામાં આવેલી. તેના વિકલ્પે હિરણ, કડા, દૂધવાળ સાપર આ નદીઓ ઉપર છ જેટલા નાના મોટા આડબંધ બનાવવાની વાત થયેલી અને સંમતિ પણ થયેલી. એનો સરવે કરવાનું કામ પણ સોંપવામાં આવેલું. આ સિંચાઇ વિભાગનું સરવે સંશોધન ખાતું શું કરે છે એની મને ખબર પડતી નથી. આ યોજનાઓ તમે ક્યા ભોંયરામાં ભંડારી દીધી છે. અમારા આદિવાસી વિસ્તારમાં સિંચાઇ નથી અમે સામેથી માંગીએ છીએ અમને આપો અને તમે આપતા નથી અને અમારા પૈસા અન્ય જગ્યાએ તમે વાપરો છો. સિંચાઇ મંત્રી અત્યારે નથી, શ્રી સૌરભભાઇ બેઠાં છે કદાચ લખતા હશે, આ હિરણ જળાશય યોજનાના વિકલ્પે અમારા છ જેટલા જે ડેમ આડ બંધ બનાવવાની વાત હતી, જરૂર પડે તો મારી પાસે એનું સાહિત્ય છે, અમે તે વખતે ધારાસભ્ય હતા મારી પાસેથી પણ સાહિત્ય મેળવીને સરકાર સરવે કરાવીને પાણી વહી જતું અટકાવવામાં પ્રયત્ન કરે, આદિવાસી વિસ્તારમાં પાણીની સગવડતા આપો. નાની સિંચાઇની વાત લઇને આવ્યા છે. નાની સિંચાઇમાં રિપેરીંગ કામ કરવા માટે, કેનાલોના સમારકામ કરવા માટે એના ગેટ બનાવવા માટે પૈસાનું જે આયોજન થયું છે, છોટાઉદેપુર જિલ્લામાં નાની સિંચાઇ યોજના રામી ડેમ, સુખી ડેમ જેવા ડેમ આવેલા છે એની કેનાલોનું અસ્તરીકરણનું કામ થયું નથી. રામી ડેમનો જે કમાન્ડ વિસ્તાર હતો એ કમાન્ડ વિસ્તાર સુધીની લાઇન ગઇ નથી. અમારા અમલવાટ સિંચાઇ તળાવ જેની બાજુમાં હું રહુ છું એનું કામ પૂરું થયું નથી.

અધ્યક્ષશ્રી : માનનીય કાંતિભાઇ આવું પેપર લેવું હોય ને તો પાછળ પટાવાળા બેઠાં હોય છે એમને ઈશારાથી કહેશો તો એ આપી દેશે, આવી રીતે ના કરશો.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, છોટાઉદેપુર જિલ્લાની સિંચાઇ યોજના, જામલી સિંચાઇ યોજના, સિમલા તળાવને ઉંડું કરીને એને કેનાલો બનાવવાની યોજના, આ જિલ્લા પંચાયત હસ્તકની યોજનાઓ આજે નવરી ધાક્કોર પડી છે એનો કોઇ ઉપયોગ થતો નથી શા માટે ધ્યાન આપવામાં આવતું નથી. આદિવાસી વિસ્તારમાં યોજનાઓ બનાવો છો

ખરાં પણ તેનો અમલ થાય, તેને પાણી મળી રહે તેના માટેની વ્યવસ્થા થતી નથી. અમારે ઝેર સિંચાઇ યોજના અને આ જામલી સિંચાઇ તળાવ આ જામલીમાં તો ફોરેસ્ટ ખાતુ નડતું હતું. ફોરેસ્ટ ખાતાને બીજી જમીન આપી દીધી પણ હજુ સુધી તેની જે લાઇન થવી જોઇએ એ લાઇન થઇ નથી તેના કારણે અત્યારે પાણી નવરૂં ધાકડ પડયું છે પાણી છે, વાપરતા નથી. આ જે યોજનાઓ આદિવાસી વિસ્તારમાં સિંચાઇની સગવડતાઓ વધારવા માટેની જે યોજનાઓ છે તે યોજનાઓનો સરવે કરાવીને અમારા આદિવાસી વિસ્તારમાં પાણી પૂરતું આપો. મારે સરકારશ્રીનું ધ્યાન દોરવું છે કે, આદિવાસી વિસ્તારના જે રસ્તાઓ છે તે રસ્તાઓમાં થોડોક પ્રકાશ અમારા શ્રી જોષિયારાજીએ પાડયો છે. અમારી જે સ્થાનિક જરૂરિયાત છે એક ગામથી બીજા ગામને જોડતાં રસ્તા એ જોડતાં રસ્તાઓ બનાવવા માટેની દરખાસ્ત રાજ્ય સરકારમાં પડતર છે અને એના કારણે અમને સારા સુવિધાવાળા રસ્તાઓથી અમે વંચિત રહીએ છીએ અને એ જે અમારી માગણીઓ છે, અમારી દરખાસ્ત છે તે દરખાસ્તને રાજ્ય સરકાર અગ્રિમતાના ધોરણે રસ્તાઓ મંજૂર કરી અને અમને રસ્તાની સગવડતા આપો. માનનીય અધ્યક્ષશ્રી, એક વાત ભૂલતો હતો પણ કહી દઉં. શ્રી ગણપતભાઇ, આદિજાતિ પેટા યોજના હેઠળ ન્યૂ ગુજરાત પેટર્ન દરેક પ્રોજેક્ટ વિસ્તારમાં ચાલે છે એની જે રકમ ફળવાય છે તે રકમ કયા કયા હેડે કેટલી વાપરવી તે અહીંથી નક્કી થઇને આવે છે. રાજ્ય સરકાર નક્કી કરીને મોકલે છે કે રસ્તામાં આટલા વાપરો, સિંચાઇમાં આટલા વાપરો, શિક્ષણમાં આટલા વાપરો. પૈસા ફાળવો છો પણ તમે હેડ અમને શા માટે નક્કી કરી આપો છો. સ્થાનિક જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ધારો કે છોટાઉદેપુર હોય, દેવગઢ બારીયા હોય, પંચમહાલ હોય, રાજપીપળા હોય એ જે રકમ ફાળવો છો એ રકમ તે ટ્રાઇબલના અધિકારી, જે તે કલેક્ટર અને ત્યાંના અધિકારીઓ મારફતે અરે, તમારા નિમેલા સભ્યો તે બધાની સલાહ લઇને આનું આયોજન થાય અને આયોજન થાય તો કંઇક દીપશે. બાકી ત્યાં તો ઘણી વખત એવું થાય છે આપણે બધા જાણીએ છીએ મારું રહી ગયું, મારું રહી ગયું તેમાં નાના કામો લેવાય છે અને નાના કામો લેવાના કારણે સરકારની જે ઉપલબ્ધિ છે તે ઉપલબ્ધિ કોઇ બહાર આવતી નથી આ મારી તમને ટકોર છે. આનું જે આયોજન થાય તે આયોજન અમને કરવા દો, સ્થાનિક કક્ષાએ કરવા દો એવી મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી મોહનસિંહભાઇએ થોડી જાતિના પ્રમાણપત્રની વાત કરી છે, જાતિના પ્રમાણપત્ર જે રીતના આપવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થયો છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : સાહેબ એક મિનિટ, પ્રવાસન વિભાગમાં આપણે પ્રવાસનના સ્થળો નક્કી કરીએ છીએ. અમારે ત્યાં હાંફેશ્વરનું કામ પૂરું થવા આવ્યું છે, તાંદલજાનું કામ પૂરું થયુ છે પણ બીજા જે સ્થળો નક્કી થયા છે જેવા કે તેલાવ માતા ડુંગર, તેલાવ માતા મહી વાસણાની રાજમાતા હરસિદ્ધિ મંદિર તા. સંખેડાની જગ્યા, અમારૂં નસવાડી તાલુકાનું નાનું અંબાજી આ જે આદિવાસીઓનું આસ્થાનું કેન્દ્ર છે અને તે આસ્થાના કેન્દ્રના વિકાસ માટે સરકાર આયોજન કરે એવી મારી માગણી છે.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા(દાહોદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જળ સંપત્તિ, આદિજાતિ વિકાસ વિભાગ અને વન અને પર્યાવરણ અને બાળ વિકાસ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં ૨૨ વર્ષથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું એકહથ્થુ શાસન ચાલી રહ્યું છે ત્યારે મારે સરકારને કહેવું છે કે, આદિવાસી વિસ્તાર વધુમાં વધુ ગરીબ દેખાઇ રહ્યો છે.

અધ્યક્ષશ્રી : કોઇ પણ પાર્ટીનું શાસન હોય પણ સરકાર તો આપણી જ કહેવાય, બધાની સરકાર કહેવાય એવું કહેતા શીખો તો લાભ થશે.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં ૧૨ વર્ષથી હું આ સાંભળી રહ્યો છું કે, આદિવાસીઓ મારૂતિ લઇને પગભર થઇ ગયા. કાજુ-બદામની ખેતી કરતા થઇ ગયા, ગુલાબની ખેતી કરતાં થઇ ગયા. આવી વાતો અહીં થઇ રહી છે પરંતુ વાસ્તવિકતા જુદી છે. દાહોદ જિલ્લામાં પ્રાથમિક શિક્ષણની વાત કરું તો ઓરડાઓ નથી, શિક્ષકો નથી, પ્રાથમિક શાળામાં પીવાના પાણીની પણ સગવડ નથી અને વધારેમાં વધારે પરિસ્થિતિ ખરાબ હોય તો એ છે કે દાહોદ જિલ્લામાં ડ્રોપ આઉટ રેશિયો સૌથી વધારે છે. આરોગ્યની વાત કરું તો સુંદર મજાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સબ સેન્ટર બને, કલર થાય, આયુષ્યમાન આરોગ્ય ભવનો છે પણ એમાં પરિસ્થિતિ શું છે? ડૉક્ટરો નથી, નર્સ નથી, દવાઓ નથી. કોઇને હડકાયું કૂતરું કરડે અને દવા કરાવવા જાય તો બી.પી.એલ. લાભાર્થીનું કાર્ડ માગે. કૂતરું ક્યાં બી.પી.એલ. લાભાર્થીને ઓળખે છે. ગમે તેને કરડે. તો આ એ.પી.એલ., બી.પી.એલ. કાર્ડ ન હોય તો પણ કૂતરું કરડે એને રસી મૂકે એવી મારી માગણી છે. સિંચાઇની વાત કરું તો કૉંગ્રેસના શાસનમાં દાહોદ જિલ્લામાં ઘણા બધાં ડેમ બન્યા. કબૂતરી ડેમ બન્યો, હડફ ડેમ બન્યો, ઠક્કરબા જળાશય જેવા અનેક ડેમ બનાવ્યા અને એમાંથી સિંચાઇના પાણીની સગવડ અમે લીધી પણ છેલ્લા ૨૨ વર્ષમાં દાહોદ જિલ્લામાં એક પણ ચેકડેમ બનાવ્યો હોય તો મને બતાવો. બોરીબંધ, સુજલામ-સુફલામ જેવા ચેકડેમો બન્યા છે પણ એમાં એક પણ લોટી પાણી ભેગું થયું છે ખરું? સિંચાઇ માટે કરોડો રૂપિયા વેડફાઇ રહ્યા છે ત્યારે મારે કહેવું છે કે અમારા વિસ્તારમાં ઉદવહન સિંચાઇ મળે અને એ ઉદવહન સિંચાઇથી લોકોના ખેતર સુધી પાણી પહોંચે એવી મારી માગણી છે. હાલના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ લીમખેડા આવ્યા હતા ત્યારે ઘણી બધી વાતો કરી કે આદિવાસીના ઘરે ચકલી ખોલશે અને પાણી આવશે. આજે ત્રણ વર્ષ થઇ ગયા, પાઇપ-લાઇન નંખાઇ ગઇ છે પણ કોઇના ખેતર સુધી પીવાનું પાણી મળ્યું નથી.

એવી રીતે દાહોદ શહેરની વાત કરું તો કડાણા ડેમમાંથી દાહોદ શહેરને પીવાનું પાણી આપવાની વાત કરી, યોજના બની ગઇ, ઉદઘાટન થઇ ગયું, ખાત–મુહૂર્ત થયા ત્રણ–ત્રણ વર્ષ થઇ ગયા છતાં આજે પણ ચાર–ચાર દિવસે પાણી મળે છે. કરોડો રૂપિયાની યોજના ફાજલ પડી છે ત્યારે મારે એમ કહેવું છે કે પીવાનું શુદ્ધ પાણી આપો. આદિવાસીઓને સિંચાઇનું પાણી આપો. ભારત દેશમાં સૌથી વધુ હેન્ડપંપ અને બોર થયા હોય તો એ દાહોદ જિલ્લામાં થયા છે. આંકડા કહી રહ્યા છે પણ એમાં પાણી ક્યાં છે? ૩૦૦ ફૂટ સારકામ થયું. ગાડી આવે છે અને ત્રણ કલાકમાં ૩૦૦ ફૂટ સારકામ કરીને ધૂળ ઉડાડીને જતી રહે છે. લાભાર્થી કહે કે હજી હેન્ડ પંપ નથી બેસ્યો. અધિકારીને ફોન કરીએ તો કહે છે કે તમારો હેન્ડ પંપ અસફળ છે. પાણી નથી આવ્યું. ચોક્કસ પાણી મળે એવું કરો એવી મારી માગણી છે. બીજી મારે એ વાત કરવી છે કે, અમારા આદિજાતિ વિભાગની ગ્રાન્ટ છે એ અન્ય વિભાગમાં વપરાઇ જાય છે. સમયસર બિયારણ મળતું નથી. વરસાદ પડી ગયાને આજે ૨૦ દિવસ થઇ ગયા, હજુ ફોર્મનું વેચાણ ચાલી રહ્યું છે. ગરીબ આદિવાસી વરસાદ પડી જાય એટલે ગમે ત્યાંથી મોંઘુ બિયારણ લાવીને વાવેતર કરી રહ્યો છે. ત્યારે આ બિયારણ વહેલી તકે મળે એવું કાંઇક કરો. વારંવાર રજૂઆત કરવા છતાં પણ આ સરકાર સાંભળતી નથી. ખાસ કરીને મારા વિસ્તારમાં દિલ્હીથી બોમ્બે ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર કાઢવામાં આવ્યો છે ત્યારે અગાઉ આ રોડ જયપુર, અજમેર, અલવર, સવાઇ માધોપર, મહેસાણાથી આ રોડ પસાર થવાનો હતો. આ રોડ પર કિલોમીટરે પાંચથી છ કરોડ રૂપિયાનો ખર્ચ  થવાનો હતો. એટલે આ રોડ ટ્રાઇબલ વિસ્તારમાંથી પસાર થાય છે જેમાં એક કિલોમીટર પાછળ ૬૦ લાખ રૂપિયાનો ખર્ચ આવે અને એમાં *(xxx)ને બચાવવાની વાત અને અમારા આદિવાસીઓને મારવાની વાત છે. ઉદ્યોગો આવી રહ્યા છે.

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ રેકર્ડમાંથી દૂર કરવામાં આવે છે. માનનીય હિતુભાઇ કનોડિયા.

શ્રી હિતુ કનોડિયા(ઇડર) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ભારતીય જનતા પાર્ટીના પ્રવાસન મંત્રીશ્રી જવાહરભાઇ ચાવડા સાહેબ માગણી ક્રમાંક–૫૧ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું  અને મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

જયારે પણ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું  નામ લેવાય છે ત્યારે કોંગ્રેસના મિત્રો કહેતા હોય છે  હંમેશા કહેતા હોય છે કે આ નામ શું  કામ લો છો ત્યાંથી ઇશારા કરતાં હોય છે એમના નામની માળા જપો.  પણ સાહેબ દરેક ક્ષેત્રની અંદર  વિકાસનો દોર  revolution લાવ્યા હોય જે  વ્યકિતનું  નામ આખા વિશ્વની અંદર ગુંજતું હોય તો પછી એ વ્યકિત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનું નામ અમે લઇશું, લઇશું અને લઇશું જ. થોડા વર્ષો પહેલા આપણા ગુજરાતની અંદર  માત્ર તીર્થસ્થાનોના નામે જ ગુજરાત પ્રખ્યાત હતું અને બીજું, આપણા આદરણીય ફ્રિડમ ફાઇટરના નામે છે. ભગવાન ભોળાનાથ પ્રથમ જયોતિર્લીંગ સ્વરૂપે જયાં પ્રગટયા એ સોમનાથ ગુજરાતમાં છે. ભગવાનશ્રી કૃષ્ણ જે દ્વારકામાં સ્થાઇ થયા એ દ્વારકા ગુજરાતમાં છે. આ રીતે સોમનાથ હોય, દ્વારકા હોય, અંબાજી હોય, આવા બધા તીર્થસ્થાનોથી ગુજરાત વખણાતું હતું. ત્યારે તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી સાહેબે ૨૦૦૬–૭માં એક વાત કહી હતી. It is in English, I would like to read it Sir - "Gujarat is blessed with variety of scenic and historical, archaeological destinations, fascinating landscapes, exciting beaches, the only abode of Asiatic Lion in the world, magnificent monuments, the most ancient remains of human civilization like Lotahl, Champaner, Rani Talav, Modhera Sun Temple and many more places like Smruti Mandir, Gandhi Ashram are testimony to Indian Freedom Fighters. Gujarat possesses too much to interest tourists but we were not aggressive in exhibiting what we have. We have now decided to showcase to the world our treasures and wonders. This is to further our endeavour to project Gujarat as global tourism destination and show the world our treasure."  સાહેબ ૨૦૦૬–૦૭માં  મોદી સાહેબે  એમના વિચારો પ્રગટ કર્યા હતા અને એના પછી જે રૂ.૩૫/– કરોડનું બજેટ પ્રવાસન વિભાગને  ફાળવવામાં આવતા હતું એ વધારીને આજે  રૂપિયા ૬૦૧/– કરોડ પ્રવાસન વિભાગને ફાળવવામાં આવ્યા છે આ એમની દિર્ઘ દ્રષ્ટિ હતી. એક ઝવેરી જ એક હીરે કો પહેચાન શકતા હૈ. ખરેખર ગુજરાતની વિશ્વ ફલક ઉપર જો કોઇ છબી ઉજાગર પ્રવાસન વિભાગમાં  કરી હોય તો એ મોદી સાહેબે કરી છે અને મોદી સાહેબના નકશા કદમ પર ચાલી રહ્યા છે આપણા આજના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને શ્રી નીતિનભાઇ પટેલ સાહેબ અને એમની સરકાર. આ રીતે જે આપણે પ્રચંડ પ્રતિભાવાળાની પ્રચંડ પ્રતિમા એવા સરદાર વલ્લભભાઇ પટેલ સાહેબની આજે ૧૮૨ મીટરની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા માટે આપણે ટિકિટો લઇને જઇએ છીએ. પહેલા આપણે ટિકિટો લઇને સ્ટેચ્યુ ઓફ લીબર્ટી જોવા જતા હતા. હવે અમેરિકાના લોકો કેવડીયામાં ટિકિટો લઇને સ્ટેચ્યુ ઓફ યુનિટિ જોવા આવે છે. આપણે સફેદ રણની વાત કરીએ. આ જે શબ્દો બોલાય છે ‘‘ કુછ દિન તો ગુજારો ગુજરાતમાં’’ આ દિર્ઘ દ્રષ્ટિ મોદી સાહેબની હતી. બચ્ચન સાહેબના શબ્દો હતા. આ રીતે ટુરીઝમમાં ખૂબ આગળ વધી રહ્યા છીએ. બહુ સરસ રીતે આગળ વધી રહ્યા છીએ. મને ખૂબ હરખ અને ખુશી થાય છે. એક વાત કહું છું–ઇલ્બ દુર્ગ મહાભારતની અંદર બોલાય છે. એ બીજું કંઇ નહિ પણ આપણી અરવલ્લીની ગિરિમાળા છે. જયાં મારું

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

વિધાનસભા મત ક્ષેત્ર ઇડર વસેલું છે. હું ખૂબ ખુશનસીબ છું કે હું એ જગ્યાનો ધારાસભ્ય છું. જેવો હું ધારાસભ્ય બન્યો ત્યારે પ્રથમ કામ પ્રથમ લેટર કોઇ મેં લખ્યો હોય તો એ ત્યારના આપણા પ્રવાસન મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા સાહેબને કે મારા વિસ્તારની અંદર મારા ઇડરીયા ગઢને આપણે કેવી રીતે વિકસાવી શકીએ**?** ત્યારે પ્રવાસન મંત્રીશ્રીએ ખૂબ સારું કામ કર્યું અને મારા વિસ્તારને વિકસાવવા માટે ત્યાંની તળેટીના વિકાસ માટે રૂપિયા ૪ કરોડ આ સરકારે ફાળવ્યા. તેના કારણે આ વિસ્તારને અમે વિકસાવી રહ્યા છીએ. આ ઉપરાંત સપ્તેશ્વર મંદિર મારા વિસ્તારમાં આવેલું છે. તેને વિકસાવવા માટે રૂપિયા ૩.૮૩ કરોડ પ્રવાસન વિભાગે આપ્યા. તેને આપણે બહુ સરસ રીતે વિકસાવી રહ્યા છીએ. મારી બીજી એક માગણી છે અને જેટલું આપો તેટલું ઓછું છે, હિંમતનગરથી અંબાજી જવા માટે જેમ એરપોર્ટની ઉપર જો રનવે સારો હોય તો ઉડાન સારી રીતે ભરી શકે છે. તેવી જ રીતે હિંમતનગરથી અંબાજી જવા માટેના રોડ પર ઇડર બાયપાસ પર ટ્રાફિકની બહુ સમસ્યા છે, જો આ બાયપાસ થઇ જાય તો પ્રવાસન વિભાગ તેને પણ વેગ આપી શકે છે. મારા વિસ્તારની અંદર રાણી તળાવ આવેલ છે. આ રાણી તળાવ સરસ અને સુંદર છે. કાંકરીયાની જેમ એને પણ વિકાસાવવામાં આવે. માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તેને હું સમર્થન કરું છું અને મારી માગણીઓ વિશે પણ તેઓ વિચારે તેના માટે વિનંતી કરું છું. ખૂબ આભાર.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આદિજાતિ વિકાસ વિભાગ અને મહિલા અને બાળ કલ્યાણ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભી થઇ છું.

જ્યારે જ્યારે આદિજાતિ વિભાગની માગણીઓ આવે છે ત્યારે આ આદિવાસી વિભાગ દ્વારા ટ્રાઇબલ સબ પ્લાન હેઠળ ફાળવેલ ગ્રાન્ટ છે તે ગ્રાન્ટ પૂરેપૂરી વપરાતી નથી. આદિવાસી વિસ્તારોના જે હેડ હોય પાણીના હેડ હોય, રોડના હેડ હોય કે અન્ય વિભાગના હેડ હોય તો આ ગ્રાન્ટો વપરાતી કેમ નથી તેવો મારો માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન છે. આજે બપોર પછીની પ્રશ્નાત્તરીમાં મારો પ્રશ્ન ક્રમાંક-૩ ઉપર છે તો બરાબર જવાબ આપજો.

અધ્યક્ષશ્રી : એડવાન્સ બુકીંગ.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા: આદિવાસી વિસ્તારોમાં જે લાંબો વિસ્તાર આવેલો છે ત્યારે અમારા સમાજના લોકો બહાર મજૂરી કરવા માટે બીજા અન્ય જિલ્લાઓમાં જતા હોય છે ત્યારે તે નાના છોકરાઓને મૂકી જતા હોય તે ધો.૮થી ૧૦માં કે ધો.૧૦થી ૧૨માં ભણતા હોય એમને ભણવા માટે અમારી કોંગ્રેસની સરકાર વખતે આશ્રમશાળાઓ અનેક જિલ્લાઓમાં મળી. આજે ૨૨થી ૨૫ વર્ષમાં એક પણ આશ્રમશાળા હજુ મેં જોઇ નથી. એટલે વધારેમાં વધારે આશ્રમશાળાઓ અને છાત્રાલયો મંજૂર કરે તેવી મારી માગણી છે.

બીજી વાત એ છે કે અમારા આદિવાસી લોકો બહાર ગામ જાય છે અને રસ્તાની ફૂટપાથ પર બહાર ખુલ્લી જગ્યામાં એ લોકો રહે છે. છોરાઓ અને બહેનો બહાર ઠંડી હોય કે ગરમી હોય કે ચોમાસું હોય ત્યાં રહેતા હોય છે. તો મારે મંત્રીશ્રીને કહેવું છે કે આપણા સમાજનું ગૌરવ વધે અને આપણો સમાજ સારી રીતે જીવી શકે તેના માટે રેનબસેરા એમને રહેવા માટે બનાવવા જોઇએ, એવી મારી લાગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારોમાં જે સરકારી હોસ્પિટલો આવેલી છે એને પ્રાઇવેટ પબ્લિક પાર્ટનરશીપના ધોરણે ખાનગી કંપનીઓને સોંપવામાં આવે છે. અમારા લોકોને આ મોંઘી દવા પોષાય તેમ નથી. આદિવાસી વિસ્તારમાં અને તેમાં પણ અંતરિયાળ વિસ્તારમાં સરકારી શાળાઓ માધ્યમિક હોય કે પ્રાથમિક તેમાં શિક્ષકોની જગ્યાઓ ઘણી બધી ખાલી છે. તો માનનીય શિક્ષણ મંત્રીશ્રીને કહેવા માગું છું કે, અમારા ટ્રાઇબલ વિસ્તારમાં આવેલી શાળાઓમાં અને આશ્રમશાળાઓમાં પણ શિક્ષકો નથી. તેની વહેલી તકે ભરતી કરે તેવી મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વજેસિંહજીએ જે વાત કરી એમ જે પાણીની પાઇપ નાંખવામાં આવી છે જ્યારે અમે પૂછીએ છીએ અને અમારા મત વિસ્તારના મતદારો પૂછે છે ત્યારે એવો જવાબ આપવામાં આવે છે કે આટલી મોટી પાઇપ નાંખી છે કે તેમાંથી શ્રીમતી ચંદ્રિકાબેન અને શ્રી વજેસિંહની ગાડી અંદરથી નિકળી જાય તો એમાં પાણી કેમ ન હોય એવી વાતો અમને જાણવા મળે છે. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે આજે હું બાર-તેર વર્ષથી પાણીની મુશ્કેલી માટે આદિવાસી વિસ્તારની ચિંતા કરીને આજે ફરીવાર હું કહેવા માગું છું કે અમને સારું સ્વચ્છ પીવાનું પાણી મળે તેવી આશા રાખું છું. ગુજરાતના આદિવાસીઓ માટે સરકારની યોજનાના લાભ લેવા માટે અમારા શ્રી જોષિયારા સાહેબે કહ્યું તેમ અઢી લાખ સુધીની આવક મર્યાદા છે, આ દેશના મુળ માલિક એવા આદિવાસીઓ માટે કોઇ પણ યોજના માટે આવક મર્યાદા તદન નાબૂદ કરવી જોઇએ. અમારો વિસ્તાર જે આવેલો છે તે મધ્યપ્રદેશને અડીને આવેલો છે ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે છે, પાણી ન હોય તો ખેતી પણ ન થાય, એટલા માટે અમારા આદિવાસીઓમાં કહેવત છે કે ''વેવે ગઇ ભૂખી ને તલાવ ગઇ તરસી, ઘરે ગઇ તો બોટલ'', એટલે અમારા વિસ્તારમાં લગ્નમાં જાય તો ખાવા મળતું નથી અને વહેવારમાં જાય તો પાણી મળતું નથી પણ ઘરે જાય ને તો દારૂની બોટલ મળે. આદિવાસી વિસ્તારમાં જે આ દારૂની લત થઇ ગઇ છે એ રોકવાની જરૂર છે. આજે ગૃહમંત્રીશ્રી હાજર નથી, મારો વિસ્તાર મધ્યપ્રદેશની બોર્ડરનો વિસ્તાર છે અને મારું ગરબાડા એ દારૂનું હબ થઇ ગયું છે. એટલે આદિવાસી વિસ્તારમાં હું મહિલા તરીકે આજે દુઃખ વ્યકત કરું છું. આજે સવારમાં મને સમાચાર મળ્યા કે મારા ઘરે જતા વચ્ચે જે ચોકડી છે એ ગરબાડા ચોકડી પર એક દારૂ ભરેલી ગાડીએ એક માણસને હડફેટમાં લીધો એનો જીવ જોખમમાં છે, ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે છે. માનનીય ગૃહ મંત્રીશ્રી નથી, આદિવાસી વિસ્તાર માટે મારે ઘણી બધી વાતો કહેવી છે, આજે બાળ અને મહિલા વિભાગની વાત કરું તો ગૃહમાં બેઠેલી તમામ મહિલા ધારાસભ્યશ્રીઓને હું અભિનંદન એટલા માટે આપવા માગું છું કે તેઓ અનામત સીટ પર નહીં

પરંતુ સામાન્ય સીટ પરથી અહીં જીતીને આવ્યા છે. એટલે ખાસ અભિનંદનને હક્કદાર છે. કારણ કે આ ભાજપની સરકારમાં ૩૩ ટકા અનામત આપણા હાલના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી હતી કે ૩૩ ટકા મારી બહેનોને અનામત મળશે, એટલા માટે મને કહેતા ગૌરવ થાય છે કે હું એ પાર્ટીની ધારાસભ્ય છું, જયારે જર્મની, ઇંગ્લેન્ડ અને અમેરિકાએ મહિલા વડાપ્રધાન નહોતા આપ્યા ત્યારે આ દેશના પહેલા મહિલા વડાપ્રધાન ઇન્દિરા ગાંધી આપ્યા હતા. લોખંડી મહિલાને વડાપ્રધાન બનાવ્યા હતા. આદરણીય બાજપાઇજીએ સ્વર્ગસ્થ ઇન્દિરાજીને દુર્ગા કહીને નવાજયા હતા. હું એ પાર્ટીની ધારાસભ્ય છું કે જેના મહિલા અધ્યક્ષ માનનીય સોનીયાજી હતા. હું એ પાર્ટીની ધારાસભ્ય છું જેણે પ્રથમ મહિલા રાષ્ટ્રપ્રતિ પ્રતિભા પાટીલ આપ્યા. હું એ પાર્ટીની ધારાસભ્ય છું, જેમણે લોકસભામાં પ્રથમ દલિત મહિલા એવા સ્પીકર મીરા કુમાર આપ્યા. હું એ પાર્ટીની ધારાસભ્ય છું કે જેણે ગુજરાતને મહિલા રાજયપાલ એવા ડો. કમલાજી બેનીવાલ આપ્યા. એટલા માટે મને ગૌરવ થાય છે કે આ ગૃહમાં ૨૦૦૭, ૨૦૧૨, ૨૦૧૭ એમ ત્રણ ત્રણ વખત એક આદિવાસી ધારાસભ્ય તરીકે મને ચૂંટીને મોકલી છે. એટલે હું પ્રજાનો આભાર માનું છું અને મારી કોંગ્રેસ કમિટીનો પણ આભાર માનું છું.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિના કલ્યાણ માટે અમારા આદિજાતિ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા સાહેબ રૂ. ૩૭૭ કરોડ, ૪૧ લાખ, ૪૧ હજારની માગણી લઇને આવ્યા છે તેમાં મારા વિચારો દર્શાવવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજનો ગુરુ પૂર્ણિમાનો ખૂબ પવિત્ર દિવસ હોઇ સૌને મારા વંદન છે. ખાસ કરીને આદિજાતિ સમાજના શૈક્ષણિક વિકાસ માટે અને આદિજાતિના અન્ય વિકાસ માટે જેવા કે આરોગ્ય, સિંચાઇ, વન અધિકાર, આવાસન અને શિક્ષણમાં બિરસા મુંડા ટ્રાઇબલ યુનિવર્સિટી જેવી સુવિધા ઉભી કરવા માટે અહીં જે માગણી લઇને આવ્યા છે તેને મારું અનુમોદન આપું છું. મને કહેતાં આનંદ થાય છે કે આ રાજયના મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ અમારા આદિવાસી વિસ્તારમાં સિંચાઇ વિભાગમાં જે વિસ્તારના આદિવાસી સમુદાયે કયારેય કલ્પના નહીં કરી હોય કે ઉંચાઇવાળા વિસ્તારમાં સિંચાઇની સુવિધા મળશે. પરંતુ અહીં બજેટમાં જે જોગવાઇ કરી કે આદિવાસી વિસ્તારમાં ઉંચાઇવાળા વિસ્તારમાં ઉદવહન સિંચાઇ યોજના આપીને તેને સિંચાઇ આપવા માટેનો પ્રયાસ થયો છે. તેના માટે હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ સન્માનનીય ગૃહમાં મને કહેતા આનંદ થાય છે કે હું આદિજાતિ કલ્યાણ વિભાગની સમિતિનો ચેરમેન પણ છું. આદિવાસી વિસ્તારમાં જયારે ૭ જેટલા જિલ્લાના વિસ્તારમાં અમારી સમિતિએ પ્રવાસ કર્યો. અહીં આદિવાસી સમુદાય માટે ખૂબ સારી યોજનાઓ બનાવી છે. આદિવાસીઓ માટે આદિજાતિ વિભાગ દ્વારા વિવિધ ક્ષેત્રે ખૂબ સારી યોજના છેવાડાના માનવી સુધી પહોંચે છે. ચાહે તે શિક્ષણ હોય, સિંચાઇ હોય, આવાસ હોય, દૂધ સંજીવની યોજના હોય. દરેક યોજનાનો લાભ જે તે વિસ્તારને મળી જાય તે રીતે વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. પરંતુ મારા કેટલાક સૂચનો છે. અમને સાત જિલ્લાના પ્રવાસ દરમ્યાન જે સૂચનો મળ્યા છે એ સૂચનો પણ આપની સમક્ષ રજૂ કરું છું. હું આમ તો આદિવાસી વિસ્તારમાં મહુવા વિધાનસભા કાર્યવિસ્તારમાંથી, ૯ નદીના કાંઠાના વિસ્તારમાંથી ચૂંટાઇને આવું છું. ૯ જેટલી નદીઓ. પરંતુ આ ઉમરગામથી અંબાજી સુધી જેટલી નદીઓ આવી છે એ નદીઓ પર એક-એક કિલોમીટરે ચેકડેમો બનાવવામાં આવે અને ડેમો જો બનાવવામાં આવે તો આદિવાસી સમુદાયને માટે અત્યારે સરકારે સિંચાઇની સુવિધા કરી છે તેમાં વધારો થશે. તેની સાથે સાથે દરેક આદિવાસી વિસ્તારમાં જે લોકોએ માગણી કરી હતી કે સાયન્સ કોલેજની સ્થાપના કરવામાં આવે, ત્યાંના આદિવાસી સમુદાયને સાયન્સ કોલેજનો લાભ મળે એ પણ આ તબક્કે હું માગણી કરું છું. સાથે સાથે ઉમરગામથી અંબાજી સુધીના ડૂબાણ વિસ્તારમાં આવતા આદિવાસી વિસ્તારમાં હજુ પણ પુલો બનાવવામાં આવે. રસ્તા અને પુલોની સુવિધા શાળામાં જતાં બાળકોને મળે એવી સુવિધા ઉભી કરવામાં આવે. આ દેશના વડાપ્રધાને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનામાં આદિવાસી સમુદાયને બહોળો લાભ મળ્યો છે ત્યારે ૭/૧૨ની નકલમાં જેટલા ખેડૂતોના નામ હતા તે બધા જ ખેડૂતોને બેંકમાં પૈસા જમા કરવામાં આવ્યા હતા. અહીં ઉર્જા મંત્રી આપણી સમક્ષ બેઠાં છે. આદિવાસી સમુદાયનો એક અવાજ હતો. જેટલા ૭/૧૨ની નકલમાં નામ હોય એ બધા ખેડૂતોને કૃષિના કનેકશન મળી જાય એવી લોકોની માગણી હતી એ માગણી આ તબક્કે હું રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આજે જયારે ગુરૂપૂર્ણિમાનો પવિત્ર દિવસ છે ત્યારે નદી કાંઠા ઉપર જે ધાર્મિક સ્થળો આદિવાસી વિસ્તારમાં આવેલા છે એ ધાર્મિક સ્થળોમાં જવા માટે કેટલાક પુલો, રસ્તાઓની જરૂર છે. એ પણ સુવિધા મળે એવી આ તબક્કે હું રજૂઆત કરું છું. આદરણીય શ્રી ગણપતસિંહ વસાવા સાહેબે શિક્ષણમાં હરણફાળે જે ૫૪૪ આશ્રમશાળાઓ, આદર્શ નિવાસી શાળાઓ અને મોડલ સ્કૂલ, સૈનિક શાળાઓ જેમાં ૧ લાખથી ૧ લાખ ૩૦ હજાર જેટલા બાળકો ખૂબ સરસ લાભ લે છે. ગુણવત્તાવાળું શિક્ષણ મળે છે. સો ટકા રીઝલ્ટ આવે છે. ત્યાં રહેવા માટે ઉત્તમ સગવડ, સમરસ સ્કૂલો બનાવવામાં આવી છે. જયારે આ કોંગ્રેસના લોકો જયારે જયારે ચૂંટણી આવે ત્યારે એક સંગઠન ઉભું કરી દેવામાં આવે, આદિવાસી સમૂદાયની *(xxx) કરી દેવામાં આવે કે આ ભા.જ.પ.ની સરકાર મેડીકલમાં અને એન્જિનિયરીંગમાં પ્રવેશ માટે *(xxx) કરે છે.

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દો કાઢી નાખીએ છીએ. *(xxx) શબ્દ કાઢી નાખીએ છીએ.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : પણ મને કહેતા આનંદ થાય છે કે આ દેશના હાલના વડાપ્રધાન અને તે સમયના મુખ્યમંત્રીએ આદિજાતિ સમાજને જે ગુજકેટ અને નીટની પરીક્ષા માટે જે કોચિંગ કલાસ આપીને મેડિકલ અને એન્જિનિયરીંગ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

વિભાગમાં બેકલોગની જે ખાલી જગ્યાઓ હતી તે સંપૂર્ણપણે ભરીને અને એમને સ્કોલરશીપ અને બીજી સુવિધા આપવાનું કામ વડાપ્રધાનશ્રીએ કર્યું છે એટલે એમને અભિનંદન આપું છું.

શ્રી નરેશભાઇ મ. પટેલ(ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા આદિવાસી આગેવાન અને ગુજરાત સરકારના સિનિયર કેબિનેટ મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા સાહેબ આદિજાતિના કલ્યાણ માટે અને પેટા યોજના માટે જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. ઉમરગામથી અંબાજી સુધીનો પટ્ટો આદિવાસી પટ્ટો છે. જે રીતે ડો. જોષિયારા સાહેબે કહ્યું એ પ્રમાણે આજે એક કરોડની આજુબાજુ લગભગ વસ્તી થવા જઈ રહી છે. પરંતુ આ આદિવાસી વિસ્તારની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી અને ભૂતકાળની અંદર જે સરકારો ચાલી એ પ્રમાણે જો અહીંયાં બેઠેલા બધા ધારાસભ્યો સમીક્ષા કરે તો મને એવું લાગે છે કે ભૂતકાળ કરતાં, અમે એમ નથી કહેતા કે ભૂતકાળમાં કશું થયું નહીં હોય પણ ભૂતકાળની સરકાર કરતા અમારી જે ગતિ છે, અમારી જે ઝડપ છે, અમારી જે યોજનાઓ છે એ યોજનાઓ અમે છેવાડાના વ્યકિત સુધી, છેવાડાના વિસ્તાર સુધી આપવાનો પૂરો પ્રયત્ન કરી રહ્યા છીએ. મારા સિનિયર આગેવાન, તમે પણ જેમને આદરથી જુઓ છો તે શ્રી મોહનસિંહભાઇ રાઠવા, જે રાઠવા સમાજનો પ્રશ્ન લઇને આવ્યા પણ આઝાદીના આટલા વર્ષ પછી ટ્રાઇબલ લોકોના પ્રમાણપત્ર ઉપર જે શંકા-કુશંકા ઉભી કરવામાં આવી એ પણ આપણે નજર નાખીને જોઇ લેવી પડે. આજે રાઠવાજી, સાચા આદિવાસી સમાજને અન્યાય થયો નથી અને થવા પણ નહીં દઇએ પણ જે મોટી વિસંગતતા છે, જે રીતે શ્રી મોહનસિંહભાઇ કહેતા હતા ૧૯૭૬ની અંદર, ૬ નંબરના નમૂના ઉપર એને એસ.ટી. તરીકે જયારે એને કદાચ ગણવામાં આવ્યા છે તો તે સમયે ૭૩ એએ અને ૭૩-એ શા માટે ચૂકી ગયા હશે? શ્રી ગણપતભાઇ પાસે એક ટોળું આવેલ હતું, હું પણ એ ટોળા સાથે બેઠો, એ આગેવાનો સાથે પણ બેઠો. અમે ચૂંટણી પહેલાં પણ સહન કર્યું છે. શ્રી ગણપતભાઇ વસાવા સાહેબે પણ સહન કર્યું છે. આ લોકસભા પહેલાં તમે જોયું, આદિવાસી આ લોકો છે તો અમે આદિવાસી નથી સાહેબ? શું તમે લોકો આગેવાન તો અમે આદિવાસી આગેવાન નથી? પણ જો સાચી વાત આપણે સમાજના ધ્યાન ઉપર નહીં લાવીએ તો આવનારા દિવસોમાં, અમને તો કોઇ વાંધો નથી પણ તમારા વિસ્તારમાં તમે વિકાસ પણ ઓછો કરી શકવાના છો. એ આદિવાસી વિસ્તાર અન્ય યોજનાઓથી વંચિત રહી જશે. એટલે સાચી દિશા તરફ દોરવાનો એક આગેવાન તરીકે પ્રયત્ન કરો એવી મારી વિનંતી છે. જ્યારે આ રાઠવા સમાજના આગેવાનો આવ્યા ત્યારે પણ શ્રી ગણપતભાઇ સાહેબે એક કલાક સુધી તેમને સાંભળ્યા હતા. અમે એમને આશ્વાસન આપ્યું છે કે તમે મૂળ મુદ્દા ઉપર આવો. તમે આદિવાસી બની ગયા છો પણ તમારી જમીન ઉપર ૭૩(એએ) નથી. આજે જ અમે એક બિલ લાવીને ખરાઇ કરવાનો નિર્ણય લીધો. એમાં એમને ૭/૧૨ પણ જોઇએ છે. જો સાચો આદિવાસી હોય તો એ ૭૩ (એએ)ની જમીન છે કે કેમ એ અમે ખરાઇ કરીએ છીએ. આ બધું આમાંથી બહાર આવ્યું. હું તો એમને વિનંતી કરું કે તમે ખાનગી વિધેયક લાવો, અમે એનો જવાબ આપીએ. આ ટ્રાઇબલના પ્રમાણપત્ર પાછળ શું શું ઘટનાઓ બની છે. જે રીતે અત્યારે સિંચાઇની પણ વાતો આવે. આજે શ્રી મંગળભાઇ અહીંયા બેઠા છે, ડાંગની અંદર અમે કેટલાય વર્ષથી મોટા ચેકડેમો બનાવવાનો પ્રયત્ન કરીએ છીએ. નાના નાના ડેમો બનાવવાના પ્રયત્નો કરીએ છીએ. શું દરિયા કિનારે ડેમ બનવાના છે? આ જ કોંગ્રેસના મિત્રો એમ કહે છે કે અમારા સમયમાં ડેમો બન્યા. ધન્યવાદ છે પણ તે સમયે વિસ્થાપિતોની ચિંતા તમે ન કરી. આજે એ વિસ્થાપિતોને પાછા તમે *(xxx) સારા રોડ બને એમાં *(xxx) કોઇ નાના ઉદ્યોગો નહીં આવે, કોઇ જી.આઇ.ડી.સી. નહીં આવે તો વિકાસ કેવી રીતે થશે? ઉદ્યોગો આવે નહીં એના માટે *(xxx). અહીંયાં ઉદ્યોગોની માંગ કરો છો તો શું સમજવું? તમે કઇ દિશા તરફ દોરવા માગો છો?

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દો કાઢી નાંખવામાં આવે છે.

શ્રી નરેશભાઇ મ. પટેલ : કાઢી નાખો સાહેબ. પરંતુ આ આદિવાસી આગેવાન તરીકે હું એમ નથી કહેતો કે એ લોકો માટે લાગણી નથી. લાગણીપૂર્વક અહીંયાં માગણી પણ કરે છે. માગણી પણ વ્યાજબી છે. પણ જો એ લાગણીને પૂરી કરવી હોય તો સાથે બેસીને તમારે સાચી દિશા તરફ માગણી પણ કરવી પડે અને કામ પણ કરવું પડે. આ રીતે નહીં ચાલે. અત્યારે શ્રીમતી ચંદ્રિકાબેન આશ્રમશાળાઓ વિશે કહેતા હતા. આશ્રમશાળાઓમાં અભ્યાસ કેવો છે? આ જ તમારા ટ્રાઇબલ ધારાસભ્યો છે એ એમના પરિવારના બાળકોને ક્યાં મૂકો છો? કઇ જગ્યાએ ભણાવવામાં માનો છો? શું સાચી દિશામાં તમારે સારી સ્કૂલોની ચિંતા નહીં કરવી પડે? મારે ગર્વ સાથે કહેવું પડે કે આદર્શ નિવાસી શાળાનું આજે જે પરિણામ આવ્યું, મારે ત્યાં ચીખલીની અંદર આદર્શ નિવાસી શાળામાં ૯૦૦ છોકરીઓએ ધોરણ-૯માં પ્રવેશ લેવા માટે અરજી કરી. આ ૧૦૦ ટકા સુધીનું પરિણામ છે. એના કારણે ૫૦ કરતા વધારે અમારી આદર્શ નિવાસી શાળાઓ ચાલે છે, સાયન્સ શાળાઓ પણ ચાલે છે, એકલવ્ય મોડલ સ્કૂલો પણ ચાલે છે. સાહેબ, મારે નહીં કહેવું જોઇએ (અંતરાય) હું એવા આદિવાસી પરિવારમાંથી આવું છું. (અંતરાય) એ લોકો જ્યારે બોલતા હતા ત્યારે અમે લોકોએ કોઇ અવાજ કર્યો નથી. ૧૯૮૨માં ડોઢિયા સમાજમાં પહેલો ડીગ્રી એન્જિનિયર મારો ભાઇ થયો હતો. સાહેબ, ઘટના કેવી છે? ગામડામાં કોઇ સાયન્સ શાળા ન હોય, આઠ-દસ ગામ વચ્ચે કોઇ સાયન્સ સ્કૂલ ન હોય, તમે સારું શિક્ષણ કેવી રીતે આપી શકો? (અંતરાય) સાહેબ, મને બે મિનિટ આપો. મારે સાચી વાત અહીંયાં કરવી છે. જો આદિવાસીઓની કોઇ ભલાઇ કરવી હોય તો સાચું અને ગુણવત્તાવાળું શિક્ષણ આપવું પડે અને એ દિશામાં અમારી સરકાર આગળ વધી રહી છે. દા.ત. અમારા શ્રી અનંતભાઇ મારા મિત્ર છે અને મારા સમાજના છે. શ્રી

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ભૂપેન્દ્રસિંહ સાહેબને એક અઠવાડિયા પહેલા કહ્યું છે કે મારા વાંસદા વિસ્તારમાં એક સાયન્સ શાળા આપો કે જેથી ભૌગોલિક રીતે ખૂબ મોટો તાલુકો છે કે જેથી અમે ત્યાં ન્યાય આપી શકીએ. તમે શું માગણી કરો? અમે કરીએ છીએ. પરંતુ ખોટી વાતો કરીને સરકારને બદનામ કરશો તો નુકસાન તમને જ જશે અને તમારા વિસ્તારને જશે. જો આપણે વિસ્તારનો વિકાસ કરવો હશે તો સાચી દિશા તરફ આગળ વધવું પડશે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને સમર્થન આપી વાત પૂરી કરું છું.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને સમર્થન આપવા અને મારા વિચારો વ્યક્ત કરવા ઊભી થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો દેશ કૃષિ પ્રધાન દેશ છે. હજી પણ મોટા પ્રમાણમાં લોકો ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે ત્યારે હું પણ એક ખેડૂત પુત્રી છું. મારે પણ મહારાષ્ટ્રમાં ધુલિયા અને શીરપુર ખાતે ખેતી આવેલી છે અને ત્યાં અમે ખેતી ખેડીએ છીએ. આજે મારે વાત કરવી છે જળ સંચય અભિયાન અંતર્ગત જે અભિયાન ચાલે છે તેની. ગુજરાત એક એવું રાજ્ય છે કે જ્યાં પાણીની બહુ અછત દેખાતી નથી. પણ આવનારા દિવસોમાં ગુજરાતને સુખી અને સમૃદ્ધ રાખવું હશે તો આપણે જળ સંગ્રહ કરવો જરૂરી બન્યું છે ત્યારે હું કહેવા માગું છું કે, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જળ સંગ્રહ અભિયાન ઉપાડ્યું છે અને એને આગળ ધપાવવા માટે અમારા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ અભિયાન ઉપાડ્યું છે, એમના માર્ગદર્શનથી અમારા ૨૫ નવસારી લોકસભાના સાંસદ અને દેશમાં સૌથી વધુ લીડથી જીતનાર એવા શ્રી સી.આર. પાટિલ સાહેબે એમના નવસારી ક્ષેત્રમાં જળ સંગ્રહ અભિયાન છેડ્યું છે. એમના વિસ્તારમાં આવતા સાતે સાત વિધાનસભા વિસ્તારમાં આ જળ સંગ્રહ અભિયાનને રેઇન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ દ્વારા પાણીનો સંગ્રહ કેવી રીતે કરી શકાય? તેની સમજ આપી રહ્યા છે. પાણી આવનારા દિવસોમાં કેટલું ઉપયોગી છે અને તેનો કેવી રીતે દુરુપયોગ બંધ કરી શકીએ? એના માટે રેઇન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ દ્વારા આ અભિયાન એમણે ઉપાડ્યું છે. તેના અંતર્ગત મારા લિંબાયત વિસ્તારની વાત કરું તો ૪૦૦ જેટલી રેઇન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ માટે એમની નોંધણી થઇ ગઇ છે. મને કહેતા આનંદ થાય છે કે, અત્યાર સુધી ૨૬૦ જેટલી જગ્યાઓ ઉપર જે પાણી ધાબા પરથી આવે છે અને એ પાણી આમ જ વહી જતું હતું એને બોરીંગમાં નાખવાનું કામ મારા વિસ્તારમાં થયું છે. સાસંદશ્રીએ અભિયાન ઉપાડ્યું છે એમના પૂરા વિસ્તારમાં ૭૦૦૦ જેટલી જગ્યાઓ ઉપર રેઇન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ દ્વારા આ કામ કરવામાં આવનાર છે. આ સંસદીય વિસ્તાર છે એમને પાણીની સમસ્યા નહીં થાય. આપણે સૌ જાણીએ છીએ કે, ''**જળ એ જ જીવન છે**'' જળને બચાવવા માટે આપણે સૌએ પ્રયત્ન કરવા જોઇએ જેથી કરીને આવનારા દિવસોમાં પણ પાણીની સમસ્યા ઊભી ના થાય એના માટે કામ કરવું પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત કરવી છે ભાડભૂત બૅરેજ યોજનાની અહીં ભરૂચ અને અંકલેશ્વરમાં જે ૭૦ કિલોમીટરની અંદર સુધી સમુદ્રના પ્રવાહનું પાણી જતું હતું એ પાણીને અટકાવવાનું અને એ પાણી આવવાથી લોકોને પીવાના પાણીની સમસ્યા ઉદભવતી હતી એના માટે ભાડભૂત બૅરેજ યોજના આ સરકાર લાવી છે એનું ખાતમુહૂર્ત પણ આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે એ વખતે કરેલું હતું. એના માટે આ ભાડભૂત બૅરેજ યોજના પૂરી થઇ જવાથી આ પાણીનો પ્રશ્ન પણ હલ થઇ જશે. માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત કરવી છે મારા સુરત શહેરની કે હમણાં જ સુરત શહેરમાં થોડા દિવસ પહેલા જે રૂઢથી ભાટા દ્વારા વિયર–કમ– કોઝવેનું કામ રૂ.૫૦૦/– કરોડના ખર્ચે મંજૂર થયું છે. જેથી એ પાણી દરિયામાં વહી જતું હતું, હવે એ પાણી નહીં જવાથી સુરત શહેરને પણ પાણીની સમસ્યા થશે નહીં. હમણાં જ આપણે બધાએ જોયું છે કે તાપી ઉપર કેટલાય ચેક ડેમ અને ડેમ હોવાથી આપણા સુરત શહેરને પાણીની સમસ્યા દેખાય રહી હતી એ આવનાર દિવસોમાં પાણીની સમસ્યા નહીં દેખાય એના માટે આ યોજના આશીર્વાદરૂપ બનશે.

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદી પછી ભારતની વસ્તી ૩૬ કરોડમાંથી ૧૨૫ કરોડ થઇ છે ત્યારે વસતિ વધારાને લીધે આપણા દેશમાં અનેક ગંભીર સમસ્યાઓ સર્જાય છે. વધતી વસતિને વસાવવા માટે વધુ જમીનની જરૂર પડે છે. આ જમીન ઉપરથી વૃક્ષોને કાપવામાં આવે છે. ઉપરાંત હવા, પાણી અને અવાજનું પણ પ્રદૂષણ છે એને નાથવા માટે આપણા દેશમાં અનેક ઉપાયો થઇ રહ્યા છે જેમાંથી એક મહત્વનો ઉપાય છે વૃક્ષારોપણ. આ વૃક્ષારોપણ અભિયાન આપણા વડાપ્રધાનશ્રીએ ઉપાડ્યું છે જેને સી.એમ. અને ડેપ્યુટી સી.એમ. દ્વારા આ અભિયાનને સાર્થક બનાવવા જનતાને આહવાન કર્યું છે કે દરેક ઘરમાં વૃક્ષો લગાવો. વૃક્ષો લગાવવાનું અભિયાન જ્યારે ઉપાડ્યું છે ત્યારે ''**વૃક્ષો વાવો જીવન બચાવો**'' ''**વૃક્ષોનું જતન આબાદ વતન**'' ''**એક બાળ એક ઝાડ**'' એટલે વૃક્ષો ઠેરઠેર લગાવીશું તો જ આવનાર દિવસોમાં ગ્લોબલ વોર્મિંગની અસર દેખાશે નહીં. એટલા માટે આપણા વડાપ્રધાનશ્રીએ જે વૃક્ષો લગાવવાનું અભિયાન આપ્યું છે એને આપણે સાર્થક બનાવીએ અને જે સૂચનો કર્યા છે ધ્યાને માનનીય મંત્રીશ્રી લેશે તેવી આશા છે. સિંચાઇ પદ્ધતિથી દક્ષિણ ગુજરાત પણ પાણી બચાવે છે ત્યારે આ જે માગણી લઇને આવ્યા છે એને સમર્થન આપું છું. શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક–૬૬, ૫૧, ૯૩, ૯૬, ૨૬ અને ૧૦૫ આદિજાતિ મંત્રી, સિંચાઇ, વન અને પર્યાવરણ, ઉદ્યોગ અને ખાણ વિભાગની માગણી લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરુ છું. હાલની પરિસ્થિતિ ૨૧મી સદીની અંદર મુખ્યત્વે જરૂરી હોય તો જળ. જળ એ જ જીવન એ પરિસ્થિતિ ૨૧મી સદીની અંદર ઊભી થઇ રહી છે ત્યારે સમગ્ર ગુજરાત નહીં, સમગ્ર દેશની પરિસ્થિતિથી વાકેફ છીએ. આજે પાણી માટે કોઇપણ નાની મોટી યોજના હોય તો સૌથી પહેલી પ્રાયોરીટી પાણી છે. એના પછી આવશે હેલ્થ ઇઝ વેલ્થ. એટલે સારું જીવન અને સારું હેલ્થ એ ખૂબ જરૂરી છે. ત્યારે સમગ્ર ગુજરાતની પરિસ્થિતિ દક્ષિણ ગુજરાત હોય,

મધ્ય ગુજરાત હોય, સૌરાષ્ટ્ર હોય, ઉત્તર ગુજરાત હોય બધાની પરિસ્થિતિ આખી અલગ અલગ છે. એમાં મુખ્યત્વે દક્ષિણ ગુજરાતની વાત કરું તો દક્ષિણ ગુજરાતની અંદર વર્ષો પહેલા એક લેખમાં મેં વાંચ્યુ હતુ ૧૯૪૨ની અંદર ૮મી ઓગસ્ટે સમગ્ર વર્લ્ડમાં સૌથી વધારે વરસાદ જૂના ધરમપુર તાલુકામાં પડેલો હતો. મને ખ્યાલ છે ૧૯૭૦-૭૫ના દાયકાની અંદર દક્ષિણ ગુજરાત એટલે વલસાડ જિલ્લાની અંદર ૨૦૦ ઇંચ જેટલો વરસાદ પડતો હતો અત્યારે ધીરે ધીરે ઘટીને સવાસો ઇંચ વરસાદ થઇ ગયો છે ત્યારે એ ખૂબ ગંભીર બાબત છે. માણસની પાણીની જરૂરિયાત વધી ગઇ. પહેલા પાણીની જરૂરિયાત ઓછી હતી અત્યારે પાણીની જરૂરિયાત વધી ગઇ પણ પાણી કોઇ રોકવા માગતું નથી એને સ્ટૉરેજ કરવા માગતું નથી. એ વોટર હાર્વેસ્ટીંગ હોય, આડબંધ હોય, ચેકડેમ હોય, બોરીબંધ હોય કે જે પણ બંધ આજે ૧૯૯૦ પહેલા ગુજરાત રાજયની ૧૯૬૦માં સ્થાપના થઇ એ ૩૫ વર્ષના દાયકાની અંદર નાના મોટા ડેમો બન્યા. સરદાર સરોવરનું ખાતમૂહુર્ત થયું ધીમે ધીમે સરકારો બદલાતા બદલાતા આજે નર્મદા ડેમ પૂર્ણતાના આરે આવીને ઉભો છે ત્યારે એ નર્મદા ડેમના કારણે ૫૦થી ૬૦ ટકા જેટલા ગુજરાતને એનો બેનીફીટ થવાનો છે. એ પાણી સમગ્ર ગુજરાતના ૬૦ ટકા વિસ્તારને મળવાનું છે. પરંતુ દક્ષિણ ગુજરાતનો જે પટ્ટો છે એમાં ખાસ કરીને નવસારી વિસ્તાર છે એને ઉકાઇના કમાન્ડ વિસ્તારનું પાણી મળે છે અને ત્યાંથી આગળ જઇએ તો વાંસદાની અંદર કેલિયા ડેમ છે. વલસાડની અંદર મધુબન ડેમ છે એના કમાન્ડ વિસ્તારને પાણી મળે છે પણ જે મુળભૂત વિસ્થાપિતો થઇને પહાડી વિસ્તારમાં રહે છે એમની ચિંતા કરવાની જરૂર છે. કારણ કે પહાડી વિસ્તારના લોકોને પાણીની સમસ્યા માટે મહારાષ્ટ્ર પેટર્ન પ્રમાણે સહાય કરવી જોઇએ. હું તો વર્ષોથી કહું છું, માનનીય મંત્રી સાહેબ મહારાષ્ટ્રની એક વિઝિટ કરે અને મહારાષ્ટ્રની અંદર ૧૯૭૫થી ધરમપુરથી નાસિક જતા નાસિક સુધી કોઇપણ ખેતર હતું નહીં. આજે નાસિકથી લઇને પેટ સુધી ખેતર થઇ ગયા. જે વિસ્તારમાં એક ગામ અને પાંચ ગામ મળી આડબંધ બનાવીને જેને ફાજલ તળાવ તરીકે ઓળખાય છે એવી યોજના પહાડી વિસ્તાર માટે બનાવવામાં આવે. કેમ કે પીવાનું પાણી અને પિયત માટે ખેતી માટે પાણી જરૂરી છે. કારણ કે શિક્ષિત બેરોજગારો આજની ૨૧મી સદીમાં ધીરે ધીરે વધી રહ્યા છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય લલીતભાઇ, આપ આપની જગ્યાએ બેસો અને શ્રી પ્રતાપભાઇ, આપ આપની જગ્યાએ બેસો. સતત વાતો કરો તો બધાને ડિસ્ટર્બ થાય છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : ૨૧મી સદીની અંદર ધીરે ધીરે શિક્ષિત બેરોજગારો વધી રહ્યા છે ત્યારે બધાને સરકારમાં નોકરી મળવાની નથી. ખાનગી કંપનીમાં પણ મર્યાદિત મળવાની છે ત્યારે પિયતની સુવિધા થાય તો પિયતની સુવિધાને કારણે એને એની રોજગારી મળી રહે અને સારી ખેતી કરી શકે અને સારી ખેતી કરે તો તો એ રાષ્ટ્રના હિતમાં હોય છે. ત્યારે મારી ખાસ માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે ધરમપુર, કપરાડા, ડાંગ, વાંસદા જે પહાડી વિસ્તાર છે એવા વિસ્તારની અંદર સૌથી વધારે વરસાદ ત્યાં થાય છે ત્યારે આ વર્ષે કમનસીબે પાણીની અછત પડી. કારણ કે નીચે હાર્વેસ્ટીંગ એટલે કે પથ્થરવાળો વિસ્તાર હોવાને કારણે પાણી રિચાર્જ થતું નથી. જમીનની અંદર પાણી જતું રહે છે. વરસાદ ખૂબ પડે છે. આજે દક્ષિણ ગુજરાતમાં કપરાડાની વાત કરું તો ૪૦ ઇંચ વરસાદ થઇ ગયો. ગુજરાતમાં ૫ ઇંચ નથી થયો. ૪૦ ઇંચ વરસાદ એ અમારા માટે કાંઇ નથી. મિનિમમ વરસાદ ૧૨૫ ઇંચ જેટલો પડે છે. વરસાદનું પાણી દરિયામાં વહી જાય છે. આજે મધુવન ડેમમાં પાણીની સ્ટૉરેજ ૨૭૦ એમસીએમ પાણી એ ખાલી ૨૫ ટકા પાણી રહે અને બાકીનું ૭૫ ટકા પાણી નીકળી જાય છે. પાણીનો સંગ્રહ કરીશું તો જ આ દેશને, રાજ્યને ફાયદો થશે અને પહોંચી વળાશે. પાણી વગર સમસ્યા ઊભી થવાની છે. આજે ગુરુ પૂર્ણિમાનો દિવસ છે. આજે એક મહાત્માએ લેખ લખેલ છે કે પાણી બોટલમાં મળશે અને અનાજ પડીકે વેચાશે. આજે બિસ્લરી બોટલમાં પાણી વેચાય છે. વર્ષો પહેલાં કૂવાનું પાણી પીતા હતા. આજે આપણે ટીડીએસની વાતો કરીએ છીએ. આજે બોરનું પાણી મળે છે. જે ટાંકીમાં નાખીને ખેંચી લઇએ છીએ. એની અંદર ટીડીએસ આવવાનો છે. કૂવામાં પાણી ભરેલ હોય ત્યારે એનો જે ક્ષાર હોય એ નીચે બેસી જવાના કારણે ટીડીએસ વગરનું હોય. એના કારણે બીમારી ઓછી આવતી. એ પરિસ્થિતિ પાણીની છે. ત્યારે મારે ખાસ માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી છે કે પહાડી વિસ્તારની અંદર મોટા આડબંધ મિનિમમમ ૧૦-૧૫ મીટરના બનાવો. નાનકડા ડેમ બને છે, એમાં વલસાડનો દાખલો આપું તો એક કરોડ, બે કરોડ રૂપિયાના ચેકડેમ બને છે એમાં મિનિમમ ૩૦થી ૩૫ ટકા બિલો આવે છે. એમાં ૨ ટકા ટીડીએસ, એક ટકા લેબર સેસ કપાય અને અન્ય કપાતા એ મિનિમમ ૪૦થી ૪૫ ટકા બિલો થઇ જાય તો ૫૦ ટકામાં શું ક્વોલિટીમાં કામ કરે? આજે કપરાડા અને વલસાડ જેવા પહાડી વિસ્તારમાં કેટલા ય ડેમો બનેલ છે. ઓછામાં ઓછા ૧૦થી ૨૦ ટકામાં પાણી રહે અને બાકીના ચેકડેમ ધોવાઇ જાય છે અને ચેકડેમોમાં પાણી રહેતું નથી. જ્યારે મિનિમમ ૧૦-૧૫ મીટર હાઇટવાળા ચેકડેમ બનાવવામાં આવે તો સારામાં સારું પાણી રહી શકે. અત્યારે મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું કે મધુવન ડેમ આધારિત મુખ્ય કેનાલમાંથી લિફ્ટ ઇરિગેશન જી.ડબલ્યુ.આર.એસ. દ્વારા એલાઇન કરવામાં આવે છે. એલાઇનનાં કામ ક્વોલિટીમાં થતાં નથી. જેના કારણે જે યોજના બનાવવામાં આવે છે…

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય પૂનાભાઇ ગામિત. આપે જે વાત કરી ને તે પીરાણાએ કહી હતી. ગરોળી જમીન ઉપર ખોરાક શોધશે. જ્યારે કળિયુગ ક્યારે કહેવાશે એવું કહ્યું ને તો ભેંસના એક શીંગડે પાણી પડશે, વરસાદ પડશે, બીજા શીંગડે નહિ પડે.

શ્રી પુનાભાઇ ઢે. ગામિત(વ્યારા) : માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ વિભાગની માગણી લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરું છું. આજે શ્રી નીતિનભાઇ સાહેબ સામે બેઠા છે. નર્મદાના પાણી છેક છેવાડા સુધી પહોંચી ગયા છે. ઉકાઇ ડેમનું પાણી શ્રી નરેશભાઇ કહે છે કે અમારે ત્યાં મળી રહ્યું છે. ઉકાઇનું પાણી અમારા

વ્યારામાં થઇને જાય છે. મારું એમ કહેવું છે કે જ્યારે સમગ્ર રાજ્યનો વિચાર કરીને સરકાર ચાલતી હોય, વિકાસ કરવા ઇચ્છતી હોય તો અમે બિરદાવીએ, પરંતુ જ્યારે ઉકાઇ જેવા ડેમમાંથી પાણી મળતું હોય એ લોકો ટીકા કરતા હોય કે અમારે લીલાલહેર છે. મારા મત વિસ્તારમાંથી પાણી જતું હોય તો અમને કઇક સારું લાગતું હોય. જયારે અમારા મત વિસ્તારમાં ૧૫૦ ગામો આવેલા છે. એમાંથી જ્યારે ફક્ત ને ફક્ત ૬૦થી ૭૦ ટકા જ ખેડૂતોને પાણી મળે છે. બાકીના ખેડૂતોને સિંચાઇ માટે પાણી મળતું નથી. મારે ખાસ સિંચાઇ મંત્રી અને આદિજાતિ વિકાસ વિભાગના મંત્રીશ્રી ગણપતભાઇને ખાસ નમ્ર વિનંતી કરવી છે કે ઉકાઇનું પાણી નહિ આપો વાંધો નહિ, પણ તાપી નદીના પાણી માટે કાંકરાપાળથી અત્યારે પીવાના પાણી માટેની પાઇપ લાઇન આપવામાં આવી છે. એનું જે લીંકેજ પાણી ઢીચકિયા ડેમમાં નાખવામાં આવે તો લગભગ ૩૦થી ૩૫ ગામડાને ખેતી માટે ઉપલબ્ધ થઇને ફાયદો થાય તેમ છે. ખેડૂતો માટે તમે જો વિચાર કરતા હોય તો ખેડૂત સારી રીતે સિંચાઇ કરે, ખેડૂત ઉપર આવે, ખેડૂત ખેતી કરતો થાય એ દિશામાં બધી વાતો થાય છે અમે વિરોધ નથી કરતા અમે પણ બિરદાવીએ છીએ પરંતુ જ્યારે અમારી માગણી અને લાગણી છે મેં માનનીય ગણપતસિંહ સાહેબ જોડે વાત પણ કરી છે કે, આ જો અહીંયા વાલ્વ જો મૂકી દેવામાં આવે તો મે અને જૂન ફક્ત બે માસ જ અમને પાણી આપવામાં આવે છે, અત્યારે તો સૂકો ડેમ છે, બિલકુલ સૂકો અંદર ક્રિકેટ રમી શકાય એવો થઇ જાય છે ત્યારે ત્યાંથી ક્રોસ થઇને જે પાઇપ લાઇન જાય છે એમ.પી.થ્રીની તો ફક્ત અઠવાડિયામાં જ એક વખત પાણી આપવામાં આવે છે તો આ પાણી છોડી દેવામાં આવે એ ડેમમાં તો એ ડેમ પણ ભરાઇ જાય અને ખેડૂતોને સિંચાઇ કરવા માટે ત્યાંથી પમ્પીંગ સ્ટેશન ઉભું કરીને ખેડૂતોને પાણી આપવામાં આવે તો હું માનુ છું કે, ખેડૂતોનો ઉદ્ધાર થાય. બીજું, એમને જો તાપી નદીનું પાણી આપવા ઇચ્છતા હોવ તો મુખ્ય કેનાલમાંથી ત્યાં પણ ઢીચકિયા ડેમમાં પાણી પડી શકે તેમ છે અને એ વિસ્તારના ૩૦થી ૩૫ ગામો આવેલા છે એના ખેડૂતોને જો પાણી આપવું હોય તો આંબાપાણી જે ચેકડેમ છે ત્યાંથી પણ ત્યાં પાણી નાંખીને આપણે આપી શકીએ તેમ છીએ. એટલે રાજ્યના ખેડૂતો વિશે વાતો કરતા હોઇએ ત્યારે બીજી પણ એક વાત કરી લઉં કે, જ્યારે જંગલ વિસ્તારમાં રહેતા ખેડૂતો છે કે જેની પાસે જમીન નથી એને જંગલ જમીન આપવામાં આવી છે એવી કેટલીક અરજીઓ પડતર પડી છે તો માનનીય મંત્રીશ્રી ગણપતભાઇને ખાસ વિનંતી કે જે જંગલ દિવસેને દિવસે ઘટતું જાય છે ત્યારે જેને આપવાની છે એને આપીને પછી કોર્ડન કરી દેવામાં નહીં આવે તો હજુ પણ કેટલાક અંદર ઘૂસતા જશે અને વૃક્ષો કપાતા જશે એને કારણે આવતા દિવસોમાં એ ચિંતાનો વિષય થવાનો છે ત્યારે જેટલા ખેડૂતો છે અને જેને આપવાની અરજીઓ પડતર છે એને જો નહીં આપવાની હોય તો નહીં, પણ જો આપવા પાત્ર છે એમને એ જમીન આપીને પછી જંગલ વિસ્તારને કોર્ડન કરી દેવો જોઇએ અને બીજાને અંદર ઘૂસતા અટકાવી દેવા જોઇએ કેમ કે અત્યારે જે વનનો નાશ થઇ રહ્યો છે અને વૃક્ષો કપાઇ રહ્યા છે ત્યારે એનું રક્ષણ કરવાની આપણા બધાની, અમારી પાર્ટીની પણ જવાબદારી છે, સામેની પાર્ટીની પણ જવાબદારી છે અને જવાબદાર અધિકારી તરીકે જેઓ અત્યારે કામ કરી રહ્યા છે એમની પણ જવાબદારી છે ત્યારે જેઓ અંદર ઘૂસતા જાય છે અને વૃક્ષો કપાતા જાય છે ત્યારે એ પણ નિયંત્રિત કરવામાં આવે એવી મારી ખાસ માનનીય મંત્રીશ્રીને નમ્ર વિનંતી છે. આ વિસ્તારના એવા જે રસ્તાઓ છે કે જે થકી ખેડૂતોની આબાદી થાય, ખેડૂતોની આબાદી થશે તો ગામ આબાદ થશે અને ગામ આબાદ થશે તો રાજ્ય અને દેશ આબાદ થશે ત્યારે મારી ખાસ વિનંતી છે કે આવા જે પડતર પ્રશ્નો છે એને ખાસ ધ્યાનમાં રાખીને આની મંજૂરી પણ આપવામાં આવે. માનનીય માર્ગ અને મકાન મંત્રી પણ અહીંયાં બેઠાં છે ત્યારે આદિજાતિ હેડની જે ગ્રાન્ટ વન વિસ્તારના રસ્તાઓ છે એના માટે વાપરવામાં આવે અને સબરીધામની હું અત્યારે પણ વાત કરી લઉં કે, ઢોલેરા ઘાઘરી થઇને જંગલ વિસ્તારનો જે રસ્તો છે એને સબરીધામ જવા માટે સાત મીટર પહોળો રસ્તો કરીને વ્યારાથી સીધો આપવામાં આવે તો સુરત–અમદાવાદ–ગાંધીનગરથી જેઓ સબરીધામના પ્રવાસે જાય છે એ લોકો સીધે સીધા જઇ શકે અને એ આદિજાતિના હવાલે જો ગ્રાન્ટ આપવામાં આવે એ માટે માનનીય મંત્રીશ્રી ગણપતભાઇ સાહેબને હું વિનંતી કરું છું કે, અમે સાથે બેસીને જે કાંઇ નિરાકરણ કરવું હોય એ કરવા સાથે બેસવા પણ તૈયાર છીએ પણ અમારા જે પ્રાણ પ્રશ્નો છે આવા એમાં પાણીના પ્રશ્નો છે, રસ્તાના પ્રશ્નો છે એ પ્રશ્નો સાથે મળીને કરવામાં આવે તો નિરાકરણ આવી શકે એમ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ખુલ્લા દિલની વાત છે.

શ્રી પુનાભાઇ ઢે. ગામિત : માનનીય અધ્યક્ષશ્રી, ખુલ્લા દિલની વાત છે મારી, હું કાંઇ ટીકા ટીપ્પણી કરતો નથી માનનીય નીતિનભાઇ સાહેબ. જે અમારા પર વિતે છે, અમારા લોકો પર જે વિતે છે એની હું વાત કરું છું.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે, સભાગૃહ અડધા કલાક પછી ૧૨–૦૦ વાગ્યે ફરી મળશે.

**( વિરામ બપોરના ૧૧–૩૦થી ૧૨–૦૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા): માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે માનનીય મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા સાહેબ જે અનુદાનની માગણીઓ લઇને આવ્યા છે ત્યારે માગણી નંબર–૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના વિશે મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. આજે ગુરૂપૂર્ણિમાનો તહેવાર છે. ગુરૂપૂર્ણિમા આખા દેશની અંદર મનાવવામાં આવે છે ત્યારે હું પણ આપની અનુમતિથી આપણા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ, મંત્રીશ્રીઓ અને આ સન્માનનીય ગૃહના મારા કરતા સિનિયર સભ્યશ્રીઓ, એમને હું ગુરૂ તરીકે ગણીને બધાને કોટિ કોટિ વંદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે પાળા-સિમાડા યોજના અમારા ફતેપુરા તાલુકામાં પાણી પુરવઠાની ચાલે છે ત્યારે એક ઘર કનેકશન નળ આપવાની યોજના છે એમાં ૪૫ જેટલા ગામડાઓને જે પાણી પીવાનું આપવામાં આવે છે ત્યારે અમુક ગામડાઓ જે રહી ગયેલા એમાં સમાવેશ કરવા મારું સૂચન છે. જ્યારે પાઇપ લાઇન પાળા/સિમાડની પ્રાથમિક શાળાની નજીક થઇને જતી હોય ત્યારે ખરેખર મેં ઘણીવાર રજૂઆતો કરી કે પ્રાથમિક શાળાની અંદર જે પાળા/સિમાડ યોજનાનું કનેકશન આપવામાં આવે છે ત્યારે બાળકોને ત્યાં જ પીવાનું પાણી મળે રહે તે જરૂરી છે. જે કડાણા જળાશય આધારિત યોજનાની કામગીરી હમણાં ચાલુ છે. ત્યારે આખા દાહોદ જિલ્લાની અંદર તળાવોમાં નાંખવાનું અને ખેતીલાયક પાણી આપવાની આ યોજનાની કામગીરી ૮૦ ટકા જેટલી થઇ ગઇ છે આ સરકારમાં મને પૂરેપૂરો વિશ્વાસ છે આ યોજના પરિપૂર્ણ થઇને છેવાડાના વિસ્તાર સુધી પાણી મળવાનું છે. ઘણી વખત કહેવતમાં કહેવામાં આવે છે એમ કે નેવાના પાણી મોભડે કેવી રીતે ચડે, પણ આજે આ સરકારે નેવાના પાણી મોભડા સુધી ચડાવ્યા છે અને એ કરી બતાવશે, હમણાં આ ગૃહની અંદર જે વાતો સાંભળવા મળી કે *(xxx) પ્રમાણપત્ર આદિજાતિના જે આપવામાં આવ્યા, પણ અગાઉની સરકાર, કોંગ્રેસની સરકારોમાં ખૂબ ખોટા પ્રમાણપત્ર આપવામાં આવેલા હતા. આ સરકારની અંદર જ્યારે નોંધ લેવામાં આવી જ્યારે એ પ્રમાણપત્ર *(xxx) ....

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ કાઢી નાંખીએ છીએ આપણે, સાચા પ્રમાણપત્રો આપવામાં આવ્યા નથી એમ કહીશું. સાચા પ્રમાણપત્રો આપવામાં આવ્યા નથી.

શ્રી રમેશભાઇ ભુ. કટારાઃ એટલે એ પ્રમાણપત્રો રદ કરી ધારાસભ્યશ્રી જેવા હોદ્દેદારનું એ પ્રમાણપત્ર રદ કરેલ છે ત્યારે હું એક ટ્રાઇબલ યોજના વિશે થોડીક વાત કરવા માગું છું. ટ્રાઇબલમાં જે આવાસ યોજના મળે છે ત્યારે વ્યક્તિદીઠ જ્યારે આવાસ ફાળવવાનું થાય ત્યારે ૭૦૦૦૦ રૂપિયાનો લક્ષ્યાંક હતો પણ આ વખતે એક લાખ વીસ હજાર રૂપિયા આવાસના મંજૂર કરવામાં આવેલ છે પણ ટ્રાઇબલ તાલુકામાં તે લક્ષ્યાંક થોડોક વધારવામાં આવે એવું મારું સૂચન છે અને દાહોદ જિલ્લાની હમણાં વાત કરી તો પહેલાં પ્રાથમિક શાળાઓ નળિયાવાળી હતી પણ હવે બહુમાળવાળી નિશાળ દરેક ગામની અંદર બની ગઇ છે ત્યારે સારી સુવિધા મળી રહી છે. નિશાળની અંદર શિક્ષકોનો સ્ટાફ પણ પૂરતો છે. જે કમ્પ્યુટર સુવિધા, બેન્ચીસ પર બેસવાની સુવિધા અને ગણવેશ આપવાની સુવિધા પૂરી પાડવામાં આવેલ છે. અમારા દાહોદ જિલ્લાની અંદર ૪૦૦ જેટલા ઓરડાઓની ઘટ છે ત્યારે એ પરિપૂર્ણ કરવા માટે મારું સૂચન છે.

જ્યારે આરોગ્યની વાત કરું તો દાહોદ જિલ્લાની વાત કરું તો ડૉક્ટરો નહોતા પણ ડોકટરોની ભરતી થઇ ગઇ છે અને હવે દરેક જગ્યાએ ડોકટરોનો સ્ટાફ પૂરેપૂરો છે. જે સરકારી દવાખાના સી.એચ.સી. પી.એચ.સી. એમાં પણ પૂરેપૂરી સગવડો આપવામાં આવે છે ત્યારે જે અમારા આદિજાતિ લોકોને જ્યારે ચેપી રોગ હોય કે બીજા કોઇપણ રોગ હોય તો દવા પણ મફત પૂરી પાડવામાં આવે છે.

મારા ફતેપુરામાં વડાઇ નદી છે. રાજસ્થાન વ્હીકલ લઇને જવું પડતું હોય છે ત્યાં નવો પુલ બને તેવું મારું સૂચન છે અને નદીઓ ઉપર જે ચેકડેમો હયાત છે એના ઉપર ઈરીગેશન કરવાની વ્યવસ્થા કરવામાં આવે એવું પણ મારું સૂચન છે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. માનનીય અનંતભાઇ પટેલ.

શ્રી અનંતકુમાર હ. પટેલ(વાંસદા) : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિભાગના મંત્રી જે અલગ અલગ વિભાગની માગણી લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર આદિવાસી સમાજની અને સમગ્ર વિસ્તારની અમારા વિસ્તારમાં જોઇએ અથવા તો તમે ઉમરગામથી લઇને અંબાજી સુધીના વિસ્તારમાં જોઇએ તો એક ભયનો માહોલ અમારા વિસ્તારમાં છે કે અમારા વિસ્તારની જમીન સરકાર લઇ લેવા માગે છે અથવા અમે જે ખેડૂત છીએ તેની જમીન લઇ લેવા માગે છે અથવા તો ભારત માલા જેવા પ્રોજેક્ટ હોય કે ડેમના તાપી પાર રીવોલ્વીંગના પ્રોજેક્ટ હોય કે મુંબઇ ડી.એમ.આઇ.સી.ના પ્રોજેક્ટ હોય તેવા પ્રોજેકટમાં અમારી જમીન લઇ લેવા માગે છે કે નહીં તેના વિશે જો અમને થોડું માર્ગદર્શન આપણા આદિજાતિ વિભાગના મંત્રી આપશે તો ખરેખર અમને ઘણું ગમશે અને અમારા વિભાગમાં, અમારા વિસ્તારમાં જે અસમંજસતાનો માહોલ છે તે માહોલમાં પણ અમને આના વિશેની પૂરેપૂરી માહિતી, ગાઇડન્સ મળી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત એવી છે કે અત્યારે જે સાચા નથી તેવા પ્રમાણપત્રો બિન આદિવાસી સમાજને આપવામાં આવ્યા છે તેવા આર.બી.સી. સમાજના જે ડૉક્યુમેન્ટ પ્રમાણપત્રની તપાસ થાય છે તેની અંદર એટલા બધા ડૉક્યુમેન્ટ આદિવાસી વિભાગના લોકો પાસે માગવામાં આવે છે. ખાસ કરીને અમારો વિસ્તાર જે ૯૦ ટકા આદિવાસી વિસ્તાર છે ત્યાં લગભગ ૧૨ જેટલાં ડૉક્યુમેન્ટ માગવામાં આવે છે અને તે ડોકયુમેન્ટમાં પણ ખાસ કરીને તેમને કહે છે કે તમારા દાદાના પપ્પાના પ્રમાણપત્રો લઇ આવો, એલ.સી. લઇ આવો ત્યારે અમારે ત્યાં શિક્ષણનું પ્રમાણ ઓછું હોય ત્યારે એવા ડૉક્યુમેન્ટ હોતા નથી. ખાસ કરીને આદિમજૂથ જે પ્રજાતિ છે, વાંસખોડિયા જે પ્રજાતિ છે તે જે જાતિ છે અમારા વિસ્તારમાં આદિવાસી સમાજની તેમના છોકરા છોકરીઓ ભણતાં નથી. ત્યારે તેમને જ્યારે છોકરીઓને ભણાવવા માટે સર્ટિફિકેટ લેવા આવવાનું હોય છે ત્યારે તેમની પાસે પોતાના બાપના શિક્ષણના પુરાવા હોતા નથી એટલે જાત-જાતના પુરાવા જે છે તે પુરાવા થોડાં ઓછાં

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કરો અને અમારા વિસ્તારમાં તો ટોટલી આદિવાસી સમાજ છે જ. એટલે જે જગ્યાએ તમારે પ્રમાણપત્ર ચેક કરવાના છે ત્યાં ખાસ કરીને આર.બી.સી.ભાઇઓ બહેનો છે તેમની પાસે માત્ર અને માત્ર બે ડોકયુમેન્ટ માગે છે અને બે ડોકયુમેન્ટની ચકાસણી થાય છે. બીજી બાજુ જોવા જઇએ તો ઘણાં બધા આદિવાસી વિસ્તારના જે હળપતિ સમાજના હોય, આદિમજુથના હોય તેમની પાસે જમીન હોતી નથી અને તેમને ૭૩A A અથવા ૭૩A નો પુરાવો માગે છે. ત્યારે એવો પુરાવો રજૂ કરી શકતા નથી અને પોતાના છોકરા છોકરીઓને ભણાવી શકતા નથી. બીજી તરફ આદિવાસી સંશોધન કેન્દ્ર ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદે પણ ૧૯૮૮માં એવો અહેવાલ આપેલો હતો કે આર.બી.સી. સમુદાયના સાંસ્કૃતિક લક્ષણો આદિવાસી સમાજ જેવા નથી. તો મારી માનનીય મંત્રીને વિનંતી છે કે એવા કોઇ પણ પુરાવા હોય તો તેમને હવે પછી રાષ્ટ્રપતિશ્રીને પણ તમે જાણ કરો કે તેમને આદિજાતિમાં સમાવવા જોઇએ કે નહીં? બીજી વસ્તુ પાંચમી અનુસૂચિ અને પેશા એકટ માટે અત્યારે એક સરસ મજાનો પોગ્રામ ચલાવવામાં આવે છે. તે ગામડે ગામડે થવું જોઇએ પરંતુ અમારે ત્યાં એ થયું નથી. અમારા ત્રણ ચાર તાલુકાની અંદર જે અધિકારીઓ આવીને જે સમજાવે છે તે અમારા વિસ્તારમાં સમજાવવા આવ્યા નથી. તો અમારા આદિવાસી વિસ્તારમાં બધી જ જગ્યાએ આ રીતના તેમને સમજ પડે એવી રીતે અનુસૂચિ પાંચ અને પેશા એકટ વિશે સમજ પૂરી પાડવામાં આવે. બીજું, અમારે ત્યાં અત્યારની હાલતમાં ત્યાંના ખેડૂતો એટલા બધા ચિંતિત છે કે સેટેલાઇટથી જે માપણી થઇ છે તે માપણીની અંદર ભાઇઓ-ભાઇઓ હવે લડવા લાગ્યા છે. કારણ કે આપણાં માનનીય સદસ્યશ્રી પુનાજીભાઇએ પણ એક ચિંતા વ્યક્ત કરેલ હતી કે તેની જમીન ઓછી થઇ ગઇ છે. આ તો હવે આપણા ધારાસભ્ય છે. પરંતુ જે અણસમજુ લોકો છે તે લોકો અંદરો અંદર લડે છે અને પોલીસ કેસ વધારે થાય છે અને બધાની વચ્ચે વૈમનસ્ય વધે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી તરફ એસ.ટી. નિગમમાં હમણાં થોડાં સમય પહેલાં ડ્રાઇવર કંડકટરોની ભરતી થઇ હતી ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે ટોટલ ડ્રાઇવર ૮૨૧ જેટલા હતા અને તેમાંથી ૧૨૩ આદિજાતિના ભરવાના હતા. પરંતુ હાલમાં ૬૯ જેટલા આદિજાતિના ડ્રાઇવરની ભરતી કરવામાં આવી નથી. કદાચ મને એવી ચિંતા છે કે કોઇ બિન આદિવાસી સમાજના ડ્રાઇવરની ભરતી કરી દીધી હોય તો એ પણ તપાસનો વિષય છે અને માનનીય મંત્રીશ્રી તે તપાસ કરે તો ખરેખર અમને આનંદ થશે.

અધ્યક્ષશ્રી : આ ભય, ભય શબ્દ ઘડી ઘડી વાપરો છો તો તેની જગ્યાએ ચિંતા છે એમ કહો.

શ્રી અનંતકુમાર હ. પટેલ : બીજી વાત કરીએ આપણે તો તા.૨૩-૩-૨૦૧૮ના રોજ આપણે આદિજાતિ વિભાગ તરફથી એક સુંદર મજાનું એક વિધેયક લઇ આવ્યા. પરંતુ એ વિધેયકની અંદર હજુ કેટલાક નિયમો પૂરાં કરવાના બાકી છે. એક વર્ષ થઇ ગયું છે. જો એ નિયમો જલદી પૂરા કરે તો કદાચ કોઇ બિન આદિવાસી સમાજના લોકોને આદિવાસીના દાખલા હેઠળ એમને ઘણી બધી જગ્યાએ એડમિશન અને નોકરી મળે તો એમાં અમારા આદિવાસી સમાજના લોકોને વધારે નોકરી મળે એવું મને લાગે છે. આદિવાસી વિસ્તારમાં જે આશ્રમ શાળાઓ છે એમાં ઘણા બધા આદિવાસી સમાજના ચોકીદાર, રસોઇયા અને ગૃહપતિઓ છે પરંતુ વર્ષોથી એમનો પગાર વધારો થયો નથી. ૨૪ કલાકની ડ્યુટી છે. એમાં ઘણાં તો હવે રીટાયર્ડ થવાના છે ત્યારે એમનો પગાર વધારવામાં આવે એવી મારી વિનંતી છે. જંગલની જમીનના પ્રશ્નો છે ત્યારે મેં અગાઉ પણ રજૂઆત કરી હતી કે અમારા વિસ્તારમાં અમારા આદિવાસી ખેડૂતોને જંગલની જમીનો ઘણી ઓછી આપી છે. જે ખેડૂત બે એકરમાં ખેતી કરતો હતો તેને બે-ત્રણ ગુંઠા જમીન આપી છે. નેશનલ પાર્કની બાજુમાં જે અમારા ગામો આવેલા છે કાળા આંબા, સાદડ દેવી, નાની વઘઇ, તાડપાડા જેવા ગામો છે એ ગામોના ખેડૂતોને જમીન મળી નથી તો એમને જમીન આપવા માગો છો કે કેમ? અથવા એમને જમીન આપો એવી મારી વિનંતી છે. સાથે-સાથે અત્યારે મેડિકલનું મેરીટ લિસ્ટ બહાર પડ્યું છે ત્યારે અમને બધાંને એવી ચિંતા છે કે ૧૧૪ જેટલા બિન આદિવાસી સમાજના ખોટા પ્રમાણપત્રો લઇને આવ્યા હતા એમને એડમિશન મળી ગયું છે તો એમના વિશે પણ તમે તપાસ કરો અને ખરેખર જે મેડિકલમાં આદિવાસી છોકરાઓ છે એમને નોકરી આપો એવી મારી નમ્ર વિનંતી છે. આદિવાસી સમાજનો એક મોટો પ્રશ્ન રોસ્ટર છે. E WS માં જે ૧૦ ટકા ફાળવણી કરવામાં આવી છે એની સામે અમને વાંધો નથી પણ કેન્દ્ર સરકારનું સ્પષ્ટ સૂચન છે કે ૧૦ ટકા E WS થી અમારા એસ.ટી. ક્વૉટાના કુલ ૧૧ પોઇન્ટમાં ગુજરાત સરકારે ફેરફાર કર્યો છે એના કારણે ૨૦ લોકોની ભરતી કરવાની હોય એની સામે બે જ આદિવાસીની ભરતી થાય છે. એમાં એક પોઇન્ટ ઘટી ગયો છે એનો વધારો કરવામાં આવે અને એનાથી એસ.સી., એસ.ટી., ઓ.બી.સી.ને પણ કંઇ વાંધો નહિ આવે. આવી રીતે વધારો કરવામાં આવે એવી મારી નમ્ર વિનંતી છે. સાથે-સાથે મારા સાથી મિત્રો એવી વાત કરી છે ત્યારે મારે આ વાત ટાંકીને કહેવું છે કે અમારા વિસ્તારમાં ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી શિક્ષકોની મોટી ઘટ છે. એના કારણે અમારા બાળકો ૧૨મા ધોરણમાં સાયન્સ લઇ શકતા નથી. એન્જિનિયર અને ડૉક્ટર બની શકતા નથી. સાથે સાથે અમારા વિસ્તારમાં ચીખલી, ખેરગામ અને વાંસદામાં ૭૫ સ્કૂલોમાં ૨૦૯ ઓરડાઓની ઘટ છે ત્યારે આ તબક્કે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે અમારી શિક્ષણની ભૂખમાં પણ તમે મદદરૂપ થાવ એવી મારી નમ્ર વિનંતી છે.

શ્રીમતી સુમનબેન પ્ર. ચૌહાણ(કાલોલ): માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુરૂપૂર્ણિમાનો દિવસ છે ત્યારે મને આ સન્માનનીય ગૃહમાં પ્રથમ વખત સંબોધન કરવાની તક મળી એ બદલ હું ધન્યતા અનુભવું છું. સંવેદનશીલ સરકારના નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ દ્વારા સમગ્ર ગુજરાતની જનતાને લાગણી અને સંવેદના પ્રગટ થાય એવું પ્રજાલક્ષી બજેટ રજૂ કરવા બદલ અભિનંદન પાઠવું છું. કાલોલ અને ઘોઘંબાના મારા વિધાનસભા મત વિસ્તારમાં બક્ષી પંચ અને આદિજાતિની વસતીની બહુમતી છે. તે વિસ્તારની ખમીરવંતી પ્રજાએ લોકસભાની ચૂંટણીમાં એક લાખ મતોથી લીડ અપાવી

દેશના પનોતા પુત્ર, હૃદય સમ્રાટ શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો હાથ મજબૂત કરી ફરી એક વાર દિલ્હીની ગાદીએ બિરાજેલ છે ત્યારે જનતાનો પણ આ સન્માનનીય ગૃહ મારફત આભાર વ્યક્ત કરું છું. માનનીય મંત્રીશ્રીએ જે બજેટ રજૂ કર્યું છે તેને હું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા જે મંત્રને સાકાર કરવાનો સંકલ્પ લીધો છે તે 'સહી પોષણ, દેશ રોશન' ના મંત્રને ચરિતાર્થ કરવાનો છે ત્યારે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા જે માગણીઓ મૂકવામાં આવેલ છે તેને મારું પૂરેપૂરું સમર્થન આપું છું. મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રાજ્યમાં આંગણવાડીના બાળકો, કિશોરીઓ અને ધાત્રી માતાઓને પૂરક પોષણ મળે છે. પૂરક પોષણ મળે એ અંતર્ગત દૂધ સંજીવની યોજનાની શરૂઆત વર્ષ ૨૦૦૯માં કરવામાં આવેલ હતી. હાલમાં આ યોજના નીચે ૧૫ લાખ લાભાર્થીઓને લાભ મળી રહેલ છે. બાળકોની પોષણની વાત આવે ત્યારે જેમ દરેક યોજનામાં ગુજરાત અગ્રેસર રહે છે તેમ પોષણની વાતમાં પણ ગુજરાત પ્રથમ નંબરે છે તે બદલ રાજ્ય સરકારશ્રી અને વિભાગને અભિનંદન પાઠવું છું. કૂપોષણ મુક્ત ગુજરાતના નિર્માણ માટે ગતિશીલ ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી  તથા સમગ્ર સરકાર મક્કમ નિર્ધાર સાથે કટિબદ્ધ રીતે સુચારુ આયોજન કરેલ છે. પોષણ અભિયાનનો રાજ્ય વ્યાપી શુભારંભથી લાખો કૂપોષિત નાગરિકોને પોષણક્ષમ આહાર મળેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, ઓછા વજન સાથે જન્મેલા બાળકો માટેની સરળ બાલસખા-૩ યોજનાનો વ્યાપ વધારી સમગ્ર રાજ્યમાં તેનો અમલ કરવાના નિર્ણયથી બાળ મૃત્યુ દરમાં નોંધપાત્ર ઘટાડો થયેલ છે.

અમારી સંવેદનશીલ રાજ્ય સરકાર દ્વારા મહિલા દિનની ઉજવણી કરવાના નિર્ણયથી "ભૃણ હત્યા નાબૂદી, બાળ અને માતા મૃત્યુ દર ઘટાડવા, બેટી બચાવો, બેટી પઢાઓ" જેવા વિવિધ કાર્યક્રમો યોજવાથી સતત એક પખવાડીયા સુધી મહિલા સુરક્ષા દિવસ, સ્વાવલંબન નેતૃત્વ દિવસ, કાનૂની જાગૃતિ દિવસ જેવા થીમ આધારિત કાર્યક્રમો ઉપરાંત મહિલા બાઇક રેલી યોજવાના નિર્ણયથી મહિલા સશકિતકરણની દિશાને નવું  ચાલક બળ મળેલ છે. એટલે જ શાસ્ત્રોમાં કહ્યું  છે કે જયાં નારીનું  પૂજન થાય છે ત્યાં  દેવતાઓ પણ વાસ કરે છે. જયાં નારીના સન્માનની વાત આવે ત્યારે પણ ગુજરાતનો ગૌરવવંતો ઇતિહાસ આપણી નજર સમક્ષ દેખાય છે.

આ સન્માનનીય સભાગૃહમાં માનનીય મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રીએ મહિલા અને બાળ વિકાસ વિભાગની માગણીઓ રજૂ કરી છે તેને સમર્થન  કરું  છું  અને એમાં મારો સૂર પુરાવું છું.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી**(**માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા આદિજાતિ વિભાગના મંત્રીશ્રી  માગણીઓ લઇને આવ્યા છે એમાં  હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

"છે ગરીબોના કૂબામાં તેલનું ટીંપુ દોહ્યલું અને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે"મારી સમાજ પ્રત્યેની લાગણીઓ છે અને કોઇને હર્ટ કરવાનો કે બદનામ કરવાનો ઇરાદો નથી. પરંતુ જે પરાકાષ્ટા આપણા સમાજની છે એ વાત હતી. કાલે પણ એ જ વાત રજૂ કરી હતી. જે રીતે શ્રી નીતિનભાઇ સાહેબ  પાસેથી અપેક્ષા નહોતી એમણે મુદ્દો ડાયવર્ટ કર્યો હતો. પહેલી મેએ ૧૯૬૦ ગુજરાત છૂટું પડ્યું એની સ્થાપના થઇ ત્યારથી આપણું ગુજરાત સમૃદ્ધ ગણાય છે. પરંતુ આપણે જોઇએ તો મહેસાણાથી ઉમરગામ, દરિયા કાંઠો અને અંબાજીથી ઉમરગામ સુધી પૂર્વ પટ્ટી, આમ ત્રણ વિભાગમાં ગુજરાત આવેલ છે. જેને ગોલ્ડન કોરીડોર કહીએ છીએ એવો વિસ્તાર અને દરિયા કાંઠાના વિસ્તારો અને પૂર્વ પટ્ટીમાં હજુ જે સામાજિક અસમાનતા, ગરીબી કૂપોષણ છે. હમણાં બહેનબા કહેતા હતા કે કૂપોષણ નહિ કહેવાનું પણ દિવ્યાંગોની જેમ દિવ્ય પોષણ કહીએ. જે વાસ્તવિકતા છે જેને ખાવાનું મળતું નથી, જેને આરોગ્યની સુવિધા મળતી નથી, શિક્ષણ મળતું નથી, એ કેવી રીતે  જીવી શકે! ભલે આપણા દિલમા સંતોષવા માટે કહી શકીએ પરંતુ એની વાસ્તવિક પરિસ્થિતિ છે એ તો સમજવી જ જોઇએ. ટ્રાઇબલ વિસ્તારમાં ખાસ કરીને જે જળ જંગલ જમીન પરના અધિકારો જે રીતે એનું હનન થઇ રહ્યું છે એ ગંભીર ઘટનાઓ છે. ભલે અભ્યારણ્યો થાય, આરક્ષિત વિસ્તારો થાય એને પ્રાણી જેટલી એને સાંત્વના મળે એને મહત્વ મળે એટલું ઇચ્છીએ છીએ. ભલે પ્રાણીને આરક્ષિત કરો પણ એ જંગલમાં જે માનવી રહે છે એને પણ માનવ તરીકેનું સન્માન મળે એવી માનનીય મંત્રીશ્રી પાસે અપેક્ષા રાખીએ. એને જંગલમાંથી બહાર કાઢવામાં આવે. ૧.૮૪ લાખ દાવાઓ જંગલમાં કર્યા, જંગલની જમીનના એમાંથી માત્ર ૮૨થી ૮૩ હજારના દાવાઓ કરીએ છીએ. એમાં પણ એમની ૧૦ એકરની માગણી હતી તેની સામે માત્ર એક ગુંઠા એમને જમીન આપી છે. એક બાજુ આપણે લક્ષ્યાંક વધારી દીધો પણ ત્યાં રહીને જે જમીન ખેડે છે તેને અધિકાર મળ્યો નથી. એટલા માટે અત્યાર સુધી આદિવાસીઓ અને જંગલો એક બીજાને પરસ્પર અનુકૂળ છે અને જયાં જયાં આદિવાસીઓ છે ત્યાં ત્યાં જંગલો બચેલા છે એ વાસ્તવિકતા તમારે બધાએ સ્વીકારવી પડશે. આદિવાસી જંગલ કે પ્રાણીઓને નુકસાન નથી કરતા પણ આપણે અભ્યારણ્યના નામે અને પ્રવાસનના નામે જે ભેલાણ થઇ રહ્યું છે તે એ આખા દેશ અને ગુજરાત માટે પણ ખૂબ ગંભીર છે. દેશમાં ૯ ટકા આદિવાસી અને તેની સામે ૧ ટકા જમીન છે. જ્યારે ગુજરાતમાં ૧૫ ટકા આદિવાસીઓ અને માત્ર બેથી અઢી ટકા જમીન છે. કોને આપણે પાણી આપવા માગીએ છીએ? એમને પીવાનું પાણી મળતું નથી, એના માટે સિંચાઇની આપણે વ્યવસ્થા કરીએ છીએ પણ એમને અનાજ ખાવા મળતું નથી. બીજા લોકોના પેટ ચીરીને એને નાનો કરવો પડે છે અને એમને અનાજ પૂરતું મળતું નથી. એટલે આ જે વાસ્તવિકતાઓ છે એ ખૂબ ગંભીર છે, એટલે ઉપલો સમાજ અને નીચલો સમાજ જે સ્ટેપ થયા છે આપણા માટે ખૂબ ઘાતક છે. એને  કેવી રીતે આપણે સરખું કરીએ શકીએ અને  સમરસતાની વાત કરીને  કેવી રીતે ઘટાડી શકીએ એના માટે  બધા ધારાસભ્યોએ  આ સામાજિક ચિંતા કરવાનો વિષય છે. શિક્ષણની બાબતમાં હમણાં સભ્યશ્રી નરેશભાઇ કહેતા હતા કે તેમના ભાઇ ૧૯૮૨માં એન્જિનિયર થયા. ૧૯૬૦માં ગુજરાતની સ્થાપના થઇ અને જે

બાળક જન્મે તે દોડતું થતું નથી, તે વાસ્તવિકતા સ્વીકારો. તમે એમ કહો છો કે અમે ઝડપી ગતિ કરી રહ્યા છીએ તો દોડો છો, દોડો એમાં અમને વાંધો નથી, અમને આનંદ થશે. પરંતુ જે પાયામાં છે પાયાનું શિક્ષણ, પાયાની સુવિધાઓ, પાયાની કાયદાની જોગવાઇઓ એ ખૂબ અસમાનતા હતી એમાંથી આપણે બધા બહાર આવીને આ ગતિ કરી છે. એમાં બધાનો પોત–પોતનો ભાગ, બધા એમાં કેવી રીતે પ્રદાન કરી શકે. ખાસ કરીને ટ્રાઇબલની જે યોજનાઓ છે તો એમાં ટ્રાઇબલમાં અધિકારીઓ નથી અને અહીંથી એમ કહેવામાં આવે કે આટલી આટલી યોજનાઓ તમે કરો પણ જે તે વિસ્તાર, જિલ્લા અને તાલુકાના આદિવાસીની શી જરૂર છે, એને જે પાયામાંથી ઉત્થાન કરવું છે તો એને પાયાની કઇ જરૂરિયાત છે એ કક્ષાએ એના અધિકારો એને આપવામાં આવે તો આપણે આદિવાસીઓ પાછળ ખર્ચો કરીએ છીએ તે લેખે લાગશે અને ઉગશે.

સભ્યશ્રી અનંતભાઇએ આદિમ જૂથની વાત કરી. અમારા વિસ્તારમાં ખાસ કરીને કોટવાડીયા અને હળપતિ એ વાંસની જે કારીગરી કરે છે એ વંશ પરંપરાગત છે. સવારથી એ નીકળી કુહાડી લઇને જંગલમાં ૧૦ કિલોમીટર ચાલીને જાય, બીજા દિવસે ખભા કે માથા પર વાંસ લઇને આવે અને ફોરેસ્ટમાં જે અધિકારો આપ્યા છે, વાંસની છૂટ આપી છે છતાં પણ આપણે રોકીએ છીએ, મારીએ છીએ અને જેલમાં પણ પૂરીએ છીએ. એ પોતાનું ગુજરાન ચલાવવા માટે જાય છે, વેપાર માટે કરતો નથી. એના માટે પણ કાળજી રાખીને એના માટે વાંસ મંડળી દ્વારા, કોંગ્રેસના સમયમાં એમને ૨ રૂપિયામાં વાંસ આપતા હતા. જે આજે ૪૦ રૂપિયામાં વાંસ એને પડે છે, એના માટે પણ ચિંતા કરો. હળપતિ જે ખેતમજૂરો છે તેમની ખૂબ દયનીય સ્થિતિ છે, આપણા ગુજરાતમાં ૩૫ લાખ જેટલા ખેતમજૂરો છે. રોજમરોજ ખેતી વગરના લોકો આવા ખેતમજૂરોની સંખ્યા વધતી જાય છે. એટલે એમાં આપણે બધા ચિંતા કરીએ.

ખાસ કરીને ટ્રાઇબલ યુનિવર્સિટી સાહેબ, મેં માનનીય મુખ્યમંત્રીશ્રીને જે આદિવાસીઓની વિભાવના કે ભાવના કરવા માટે ટ્રાઇબલ યુનિવર્સિટી બિરસા મુંડા ટ્રાઇબલ યુનિવર્સિટી નામ તો આપી દીધું. આમાં જાહેરાત આપી તો એક પણ આદિવાસી કર્મચારીની જાહેરાત નથી. અમે તો એવી અપેક્ષા રાખીએ સાહેબ કે આટલા ૬૦ વર્ષો પછી પણ એક માણસ આપણે કુલપતિ તરીકે મુલવી શકયા નથી કે એટલી ટ્રેનિંગ આપી શકયા નથી તો એ ખૂબ ગંભીર ઘટના છે, આદિવાસી યુનિવર્સિટી તો કુલપતિ પણ અને કર્મચારીઓ પણ આદિવાસી હોય તો એમની ભાવના સમજી શકે એવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.અસ્તુ.

શ્રી અભેસિંહ મો. તડવી(**સંખેડા**) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા આદિજાતિ વિભાગના મંત્રીશ્રી માનનીય ગણપતસિંહ વસાવા સાહેબ માગણી નંબર ૯૩ અને માગણી નંબર ૯૬ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. ગુજરાત રાજ્યમાં ટ્રાઇબલ બેલ્ટની વસતિ, ૧૫ જિલ્લા આવે, ૪૯ તાલુકા આવે, ૫૮૮૪ ગામોમાં આદિવાસી ભાઇઓ રહે છે. અને ૯૦ લાખની અંદાજિત વસતિ છે. મારે કહેવું છે કે આ વખતે આ બજેટમાં ગુજરાતના સંવેદનશીલ મુખ્યમંત્રી અને અમારા શ્રી નીતિનભાઇ સાહેબે આદિવાસી સમાજનું બજેટ રૂ.૧૪૫૬૭/– કરોડનું આપ્યું છે એટલે હું એમને અભિનંદન આપું છું. અભિનંદન એટલા માટે આપવાના હોય માનનીય અધ્યક્ષશ્રી, કે ૨૦૦૬માં હાલના વડાપ્રધાન અને તે વખતના મુખ્યમંત્રીશ્રીએ આ ગૃહમાં નિયમ ૪૪ હેઠળ વન બંધુ કલ્યાણ યોજના લાવ્યા હતા અને એ વખતે ૩૫ વર્ષના બજેટમાં કોંગ્રેસે ફકત ૬૫૦૦ કરોડનું બજેટ આપેલું અને અમારી ભાજપની સરકાર આવ્યા પછી પહેલા પાંચ વર્ષમાં ૧૭૫૦૦ કરોડ રૂપિયા વપરાયા. વન બંધુ કલ્યાણ યોજના દસ મુદ્દાનો કાર્યક્રમ સરકારે આપ્યો. તેને પાણી મળે, તેને રસ્તો મળે, તેને વીજળી મળે, એને આરોગ્યની સેવા મળે, કૃષિની, ખેડૂતોની ચિંતા કરે. સિંચાઇનું પાણી આપવાનું. પીવાનું પાણી, પહેલા સાહેબ ગામમાં નળ નહોતા, અત્યારે આ બજેટમાં આપ બધા જોતા હશો, બધા સાક્ષી છો, ટ્રાઇબલ પ્લાનમાં અંબાજીથી ઉમરગામ સુધી જે વિસ્તારમાં જઇએ છીએ ત્યારે બજેટમાં દર વર્ષે પાણીની યોજનાઓ બનતી જાય છે. પંદર પંદર મોટી યોજનાઓ બની છે. કેટલીક જગ્યાએ તકલીફ પડી છે, કામ કરવા નથી દેતા. પરંતુ આપણે ભૂલવું ન જોઇએ કે પહેલા પાણીની વ્યવસ્થા નહોતી. કવાંટમાં મોટી યોજના પડી અને એમાં આપણે લોકો કામ થવા જ દેતા નથી. અમે ગયા હતા, એમાં તમે અવરોધ નાખ્યો, આટલે બધે દાહોદ પાણી લઇ જઇએ છીએ એ છોટાઉદેપુરમાં મળવાનું છે. એમાં અવરોધો નાખવાનું કામ બંધ કરી અને સામૂહિક રીતે આ કામ કરીએ તો પ્રજાનું કામ થશે. પ્રજાએ જે મેન્ડેટ આપ્યો છે તે યથાર્થ ગણાય. (અંતરાય) હું એટલે જ બોલું છું અને પછીથી સળીઓ થાય છે. આદિવાસીઓના બાવન તાલુકાઓમાં પ્રાથમિક શાળા, આંગણવાડીના બાળકોને દૂધ સંજીવની યોજનાનો લાભ આ સરકારે આપ્યો. અમારા શ્રી ગણપતભાઇને અભિનંદન આપવા પડે. આપણે બધી વાતો કરીએ છીએ. પણ જે કામ કરે છે, સારું કામ કરે છે આદિવાસી સમાજની વાત કરે છે એમને કોંગ્રેસના શાસનમાં કોઇ મોટું કામ કર્યું નહોતું. બિરસા મુંડા અને ગુરુ ગોવિંદસિંહ જેવી યુનિવર્સિટી અમારી ભાજપની સરકારમાં અમારા મંત્રી લાવ્યા, એ તો તમે બોલતા નથી અને *(xxx) શરૂઆત કરીએ છીએ તો તકલીફ પડે.

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારમાં બે લાખથી વધારીને ચાર લાખની યોજના કરી. માનનીય સૌરભભાઇએ સો વીજ સ્ટેશનો આદિવાસી બેલ્ટમાં આપ્યા. સાહેબ, પહેલા વીજળી નહોતી એ પણ સ્વીકારવું પડે. સો સબ સ્ટેશનો આપ્યા. આ તકે મારી લાગણી પણ છે કે આદિવાસી વિસ્તારમાં ખૂબ કામ થયું છે અને થવાનું છે.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કોંગ્રેસના લોકો જોયા કરે છે. અમારે પહેલા મેડિકલ સીટો ભરાતી નહોતી. પરંતુ આ સરકારની નિયત સાચી હોવાથી છોકરાઓને ટ્યૂશન આપીને મેડિકલની સો ટકા સીટો આ વખતે ભરાઇ ગઇ છે. કોંગ્રેસના શાસનમાં સરકારી વિજ્ઞાન પ્રવાહની શાળા પણ નહોતી. આ વખતે ૫૪ તાલુકાઓમાં બધી જગ્યાએ વિજ્ઞાન પ્રવાહની શાળા અમારા શ્રી ગણપતભાઇએ આપી છે. શ્રી ગણપતભાઇનો આભાર પણ તમે માનો. કોંગ્રેસે ફક્ત વોટબેંક તરીકે જ ઉપયોગ કર્યો છે. કોંગ્રેસના શાસનમાં આદિવાસીઓને પૂરતું શિક્ષણ મળ્યું નથી. વીજળી પણ મળી નથી. આરોગ્યની સેવા પણ મળી નથી, એ અમારી સરકારે આપ્યું છે. મારી બીજી લાગણી એવી છે કે અમારા વિસ્તારમાં એકલવ્ય મૉડેલ શાળા આવેલી છે. ધારસિનોર, મોટીઆંબા, લીલના તેમાં ધોરણ-૯ અને ધોરણ-૧૧માં શિક્ષણ સારું મળે છે. અત્યારે ૬૦નો કલાસ હોય ત્યારે ૪૦૦ અરજીઓ પેન્ડીંગ આવે છે. લોકોને શિક્ષણની ભૂખ જાગી છે. આ લોકો બોલતા હતા. ધોરણ-૧૦ અને ૧૧માં અમારી એકલવ્ય મૉડેલ શાળામાં ૮૦ ટકા ઉપર બહેનો-દીકરીઓ માર્કસ લાવે છે. આને શિક્ષણમાં સુધારો કહેવાય કે ન કહેવાય? આમને દેખાતું નથી. તો આ વખતે મારી વિનંતી છે. અમારા વિસ્તારમાં સિંચાઇની પણ યોજનાઓ બાકી છે. મેન નદી ઉપર, ઓરસંગ નદી ઉપર, હિરણ નદી ઉપર, શ્રી સુખરામભાઇ સવારે બોલતા હતા. હું તમારી સાથે છું કે આ વિસ્તારમાં જો ચેકડેમ બનાવવામાં આવે તો પાણી ભરાય અને તેના લીધે ખેડૂતો પણ ખેતી કરી શકે. તો આ પણ મારી લાગણી છે અને એ વિસ્તારમાં આપ ધ્યાન આપો એવી મારી વિનંતી છે. મારી બીજી માગણી છે કે સ્કૂલના ઓરડા નથી. કોઇ જગ્યાએ બાકી છે. કોઇ જગ્યાએ ઘટ છે તો એ પણ પૂરી કરવામાં આવે. અમારા વિસ્તારમાં ખૂબ સારું શિક્ષણ મળે છે. અમારા નસવાડી તાલુકાની વાત કરું તો તિરંદાજીમાં ગોલ્ડ મેડલો મળ્યા છે. ઇન્ટરનલ કક્ષાએ, રાજ્ય કક્ષાએ ૪૫ લોકો આગળ આવ્યા છે. અમારા શ્રી ગણપતભાઇને અભિનંદન આપવા પડે. એ લોકો આવા વિસ્તારોને મદદ કરે છે. આ વિસ્તારમાં ખૂબ સારું કામ થયું છે. હજુ થવાનું છે. મારા વિસ્તારની એક લાગણી છે. મારા સંખેડા તાલુકામાં આશ્રમશાળમા નથી. એકલવ્ય મૉડેલ શાળા નથી. તો તે થાય એવી મારી વિનંતી છે.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના આદિજાતિ મંત્રી, અમારા સાથી શ્રી ગણપતભાઇ વસાવા સાહેબ જે માગણીઓ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો ઉમરગામથી આબુ સુધીનો જે આદિવાસી વિસ્તાર છે એ આદિવાસી વિસ્તારમાં ૯૦ લાખથી વધારે વસતિ ધરાવતા વિસ્તારમાંથી એક આદિવાસી ધારાસભ્ય તરીકે આ ગૃહનો સભ્ય બન્યો છું તેનું મને ગૌરવ છે. દર વર્ષે આદિજાતિ વિકાસના બજેટ ઉપર આ ગૃહમાં ચર્ચા થાય છે. તેમાં આજે હું પણ ચર્ચા કરવામાં ભાગીદાર છું. આ વર્ષે ગૃહમાં જે બજેટ આવ્યું તેમાં અમારો જિલ્લો, અમારો વિસ્તાર ૯૮ ટકા આદિવાસી વસતિ ધરાવતો જિલ્લો છે. દર વર્ષે બજેટનું વાંચન થાય, કાગડોળે જેની રાહ જોઉં કે અમારા ડાંગ માટે બજેટમાં કંઇક જોગવાઇ થાય. છ વર્ષથી નારાજ થતો હતો. આ વર્ષે ખુશ થયો કે રૂ.૧૫૦/- કરોડ જેટલી માતબર રકમ મારા આદિવાસી વિસ્તારમાં, ડાંગ જિલ્લામાં છે. તો બજેટમાં જોગવાઇ થઇ છે તેના માટે નાણાં મંત્રી અને અમારા આદિજાતિ મંત્રીનો આભાર વ્યક્ત કરવા હું ગયો કે છ વર્ષથી જેની કાગડોળે રાહ જોતો હતો તેની પૂર્તતા આ વર્ષે થઇ છે. આભાર સાથે આપને અભિનંદન પણ આપું છું પણ જે બજેટની જોગવાઇ આદિજાતિ વિકાસ માટે કરવામાં આવે છે એની પૂરેપૂરી સ્પષ્ટપણે જોગવાઇ નથી થતી અને વિકાસ થતો નથી. એકલવ્ય રેસિડેન્સીયલ સ્કૂલ એ પહેલાં કોંગ્રેસના રાજ્યમાં સરકારી આશ્રમશાળાઓના નામે ઓળખાતી હતી. એ સરકારી આશ્રમશાળાઓમાં સ્થાનિક બાળકો ભણતા હતા. આ સરકારે સમગ્ર રાજયના આદિવાસી બાળકોની પરીક્ષા લીધી અને એ પરીક્ષામાં જે ક્રમશઃ મેરીટમાં આવે એની ભરતી થાય. એમાં મારી ના નથી પણ અમારા આદિવાસી વિસ્તારના ગરીબ બાળકોને એ આશ્રમશાળાઓમાં ભણવાનો મોકો મળતો હતો એ મળતો નથી. આ વર્ષે ડાંગની ૫ એકલવ્ય રેસિડેન્સીયલ સ્કૂલમાં ૪૦૦ જેટલી જગ્યાઓ ખાલી પડી એ ભરવાના હતા એના માટે પરીક્ષા લેવાઇ, ૭૦૦ વિદ્યાર્થીઓએ પરીક્ષામાં ભાગ લીધો અને એ ૭૦૦માંથી ડાંગના માત્ર ૬૮ બાળકો પ્રવેશ મેળવી શકયા. બાકીના બાળકો હજી પણ કાગડોળે રાહ જોઇ રહ્યા છે. માનનીય મંત્રીશ્રીને ધન્યવાદ આપવા ઘટે કે આજે જ મેં આદિજાતિ વિકાસમાં તપાસ કરી પ્રાયોજના વહીવટદાર અધિકારીને તો એમણે મને જવાબ આપ્યો કે મંત્રીશ્રીએ સૂચના આપી છે કે ડાંગના ૧૨૪ બાળકો બાકી છે એમને સંપૂર્ણ એડમિશન મળી જાય એના માટે ધન્યવાદ આપું છું પણ ગયા વર્ષની હું વાત કરું તો ગયા વર્ષે મેરીટના આધારે ત્રણ તબક્કા પાડવામાં આવ્યા હતા. એનો છેલ્લો તબક્કો સપ્ટેમ્બર માસમાં બાળકોને એડમિશન આપવામાં આવ્યું હતું. જે બહારના જિલ્લાઓમાંથી બાળકો ત્યાં હાજર ન થાય અને સપ્ટેમ્બર માસમાં એડમિશન મળે તો જૂન, જુલાઇ, ઓગસ્ટ અને સપ્ટેમ્બર સુધીનું બાળકોનું શિક્ષણ છે એ ખોરંભે પડે એટલા માટે આદિવાસી બાળકોનું શિક્ષણ પાછળ જાય છે એમાં સુધારો કરવાની જરૂર છે. એ જ રીતે આટલી માતબર રકમ આદિવાસી વિકાસ માટે જોગવાઈ કરવામાં આવી છે ત્યારે મારે એ કહેવું છે કે આદિવાસી બાળકોના શિક્ષણ માટે શૈક્ષણિક-બિન શૈક્ષણિક સ્ટાફ ભરવામાં આવે છે એ સ્ટાફ કરાર પર આધારિત છે. એ લોકોને છ હજાર અને સાત હજાર પગાર આપે છે જ્યારે બીજી શાળાઓમાં પચાસ હજારથી લાખ રૂપિયા સુધીનો પગાર થતો હોય ત્યારે આદિવાસી બાળકો માટેની સ્કૂલમાં છ હજાર, સાત હજાર, આઠ હજાર પગાર મળતો હોય એ વિસંગતતા દૂર કરવી જોઇએ. એમને પણ કાયમી ધોરણે નોકરીએ રાખવા જોઇએ અને જો એમને કાયમી ધોરણે નોકરીમાં રાખીને એમને સારો પગાર મળે તો એ એટલા જ દિલથી બાળકોને સારું શિક્ષણ આપી શકે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : સાહેબ, એક મિનિટ,

અધ્યક્ષશ્રી : મારી પાસે જ નથી. જયાં સમય હતો ત્યાં આપ્યો મેં...

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુરૂ પૂર્ણિમા. ગૃહના સૌ સભ્યોને ગુરૂપૂર્ણિમાની શુભેચ્છાઓ, શુભકામનાઓ. માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે એ માગણી ઉપર હું મારા વિચારો વ્યક્ત કરું છું. વર્ષો સુધી આપણે ગુજરાતની પરિસ્થિતિ જોઇ છે, જાણી છે. ઉનાળામાં દુષ્કાળ હંમેશા ડોકાતો હતો પણ હવે એ પરિસ્થિત ઉત્પન્ન થઇ છે કે ભર ઉનાળામાં રાજકોટનો આજી ડેમ હોય કે કચ્છનો ટપ્પર ડેમ હોય એ છલોછલ ભરેલો આપણે નિહાળીએ છીએ એનું શ્રેય કોઇને જતું હોય તો તત્કાલીન મુખ્યમંત્રી અને વિશ્વના સૌથી લોકપ્રિય વડાપ્રધાન એવા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને જાય છે. આ સૌની યોજના એટલી સફળ અને લોકપ્રિય રહી એનાથી સૌનો વિશ્વાસ પણ જીત્યો છે અને ગુજરાતમાં ૨૬ સીટો પ્રજાએ આપી છે. ભૂમિનું ધોવાણ અટકાવવા માટે સરકારશ્રીએ પ્રસંશાપાત્ર કામગીરી કરી છે. પડતર જમીનમાં લાખોની સંખ્યામાં વૃક્ષોનું રોપણ થયું છે. પર્વતીય ક્ષેત્રમાં ખેતરો બનાવવા માટે યોજના કરી છે. નદીઓના ધોવાણ અટકાવવા માટે કેટલાય નાના મોટા બંધોનું આયોજન આ સરકારે કર્યું છે. રણ વિસ્તારમાં પણ પવનોના કારણે જે ધોવાણ થતું હતું એના માટે લાખોની સંખ્યામાં ચેરના વૃક્ષોનું આ સરકારે વાવેતર કર્યું છે. આ સિવાય પણ જે તે વિસ્તારમાં જ્યારે જરૂર પડી ત્યારે રક્ષણ માટે લાખોની સંખ્યામાં સરકારે વૃક્ષારોપણ કર્યું છે સાથો સાથ લાકડાના ઉદ્યોગને પણ પ્રોત્સાહન મળ્યું છે. આ સરકાર ખરા અર્થમાં સૌનો સાથ અને સૌનો વિકાસ કરતી સરકાર છે. સામાજિક વનીકરણ યોજના હેઠળ ૨૦૧૮-૧૯માં ૭૧,૭૧૧ હેકટરમાં ૯૭૯ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. નદી કાંઠાના વિસ્તારમાં ૪૨ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે. ૭૯મા વન મહોત્સવની ઉજવણી અંતર્ગત રાજ્ય સ્તરે ૧, જિલ્લા સ્તરે ૩૩, મહાનગરપાલિકા અને નગરપાલિકા સ્તરે ૮, તાલુકા સ્તરે ૨૫૦ વન મહોત્સવનું આયોજન કરેલ છે. ફોરેસ્ટ સરવે ઓફ ઇન્ડિયાના ૨૦૧૧ના અહેવાલ મુજબ રાજ્યમાં વનના વૃક્ષાદિત વિસ્તારમાં છેલ્લા બે વર્ષમાં ૯૭૦૦ હેકટરનો વધારો થયેલ છે. આ સિવાય દરિયાઇ પટ્ટીમાં પણ ચેરના વૃક્ષોનું પુષ્કળ પ્રમાણમાં વાવેતર કર્યું છે. સુજલામ સુફલામ હેઠળ આ યોજના પૂર્ણતાના આરે છે અને ઉત્તર ગુજરાતમાં મોટાભાગના વિસ્તારને આવરી લેવામાં આવ્યો છે. નર્મદા મુખ્ય નહેરથી ધરોઇ, હાથમતિ જળાશયોને જોડતી સુજલામ સુફલામ નહેરનું ૮ પાઇપ લાઇનનું કામ પૂર્ણ થયેલ છે. એના થકી ૧૭૦ તળાવોને જોડીને પાણી પહોંચાડવામાં આવ્યું છે. બનાસકાંઠાના સીપુ દાંતીવાડા જળાશય, સાબરકાંઠાના વાત્રક, માઝૂમ, મેશ્વો....

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી જવાહરભાઇ ચાવડા (પ્રવાસન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું મારી પ્રવાસન અંગેની માગણીઓ લઇને આ સન્માનનીય ગૃહ સમક્ષ આવેલો તેમાં શ્રીમતી માલતીબેન, શ્રી હિતુભાઇ અને શ્રી સુખરામભાઇએ એમના સૂચનો રજૂ કર્યા એ ધ્યાને લેવામાં આવ્યા છે. છેલ્લા પાંચ વર્ષમાં પ્રવાસન ક્ષેત્રમાં ૧૪ ટકા જેટલો વૃદ્ધિદર જોવામાં આવેલ છે. પ્રવાસન ક્ષેત્રે રોજગારીની ઘણી મોટી તકો આપેલ છે. પ્રવાસનના વિકાસની ગતિને વેગવંતી બનાવવા માટે ૨૦૧૯-૨૦ના વર્ષમાં ચાલુ બાબતોમાં રૂ.૪૦૧/- કરોડની જોગવાઇ કરેલ છે જ્યારે નવી બાબતોમાં રૂ.૭૧/- કરોડની જોગવાઇ કરેલ છે. આમ, કુલ રૂ.૪૭૨/- કરોડની જોગવાઇ કરેલ છે. આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતના પર્યટન નકશા ઉપર ગુજરાત મહત્વનું પર્યટન કેન્દ્ર બન્યું છે એના પાયામાં આપણા પનોતા પુત્ર અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના ગુજરાત પ્રેમના કારણે બન્યું છે. તે વખતના મુખ્યમંત્રી અને અત્યારના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી ફિલ્મ જગતના મહાનાયક અમિતાભ બચ્ચનને લઇ આવ્યા અને તેઓ ત્રણ શબ્દો આવીને બોલ્યા હતા, ખુશ્બુ ગુજરાત કી અને પછી ગુજરાતમાં ફર્યા અને પછી એમણે વાત કરી કે કુછ દિન તો ગુજારો ગુજરાત મેં. કચ્છ માટે એમણે વધારે વાત કીધી કે ''કુછ દિન ગુજારો કચ્છ મેં, કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા'' આ ઉપરાંત ઇવેન્ટ બેસ્ટ ટુરિઝમ. ગુજરાતમાં આપણે નવરાત્રી મહોત્સવ કરીએ છીએ. છેલ્લા પાંચ વર્ષની અંદર જોવા જઇએ તો સ્થાનિક પ્રવાસીઓ, રાજ્યના પ્રવાસીઓ, વિદેશી પ્રવાસીઓ અને એન.આર.આઇ. આ બધા મુલાકાતીઓ જોવા જઇએ તો ૩૧ લાખથી વધારે મુલાકાતીઓ ગુજરાતની મુલાકાતે આવેલા છે. આતંરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં છેલ્લા ૩ વર્ષમાં ૩૮ સ્થળે આપણે દેશ-વિદેશમાંથી ૧૭૫૦થી વધારે ભાઇઓ ભાગ લેવા આવેલા છે. ૧૨ લાખથી વધારે માણસો ગુજરાતની મુલાકાતે આવ્યા અને એમણે ભાગ લીધેલો.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી મોટી વાત તો એ છે કે, રૂ.૧૮૦૦/- કરોડથી વધારે આપણને આવક પતંગોત્સવના કારણે કરેલી છે. બીચ ફેસ્ટિવલની વાત કરવા બેસીએ તો ૩ સ્થળે આપણે ઉજવણી કરી છે. સુવાલી ખાતે, તિથલ ખાતે અને માધવપુર ખાતે જેમાં ૧ લાખ ૭૧ હજાર જેટલા મુલાકાતીઓ તે વખતે આ બીચ મહોત્સવમાં હાજર રહ્યાં હતા. આપણે ફક્ત છેલ્લા ૮ વર્ષના આંકડા જોવા બેસીએ તો ૨૦૧૦થી ૨૦૧૧ની વચ્ચે ગુજરાતમાં આવેલા પ્રવાસીઓની સંખ્યા ૧ કરોડ ૯૮ લાખ હતી અને અત્યારે ૨૦૧૮-૧૯માં ૫.૭૬ કરોડ એટલે ૨૦૦% રાઇઝ ગુજરાતને મળેલો છે. ધોરડો કચ્છ ખાતે આપણા તે વખતના મુખ્યમંત્રી અને અત્યારના વડાપ્રધાનની દ્રષ્ટિ અને એમનું વિઝન સફેદ રણ માટેનું હતું. તે વખતે ૨૦૦૫માં ફક્ત બે દિવસ માટે ચાલુ કર્યું હતું. બે દિવસ કર્યા પછી એટલું સક્સેસ ગયું કે અત્યારે ૧૧૨ દિવસ સુધી ચલાવીએ છીએ. તેનો મતલબ એ થયો કે ૫૬ ગણો રાઇઝ થયો. છેલ્લા પાંચ વર્ષની અંદર ૧૨ લાખથી વધારે મુલાકાતીઓ ત્યાં આવેલા છે. જેમાંથી ૨ લાખ ૩૦ હજારે તો રાત્રી રોકાણ કરેલું છે. ૨૦૧૮-૧૯ની વાત કરવા બેસીએ તો છેલ્લા એક વર્ષની અંદર ૧ લાખ જેટલા મુલાકાતીઓએ રાત્રી રોકાણ કરેલું હતું. ૧૫ લાખથી વધારે માનવ દિવસની રોજગારીની તકો ઊભી કરેલી છે અને જુદા જુદા સેકટરની વાત કરીએ તો આ મુલાકાતીઓના કારણે રૂ.૩૧/- કરોડથી વધારે આવક એમને થયેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્ટેચ્યુ ઓફ યુનિટી. દેશની એકતાના શિલ્પી સરદાર વલ્લભભાઇ પટેલની મૂર્તિ ૧૮૨ મિટર એ આપણા ૧૮૨ સભ્યોના કારણે છે. ટૂંકમાં આપણા દરેક અંગ અને એના વિસ્તારનો ભાગ મૂકવાની ગણતરી તે વખતના સી.એમ. અને અત્યારના પી.એમ.ની હતી. માનનીય અધ્યક્ષશ્રી, એક ચાઇનીસ કહેવત છે. to dream and to achieve and to enjoy fruits આ જન્મે શક્ય બનતું નથી. તમે કોઇ વસ્તુનું સ્વપ્ન જુઓ. એ સ્વપ્નને સાકાર કરવું અને સાકાર કર્યા પછી એના ફાયદા લેવાય. તે વખતના આપણા શ્રી નરેન્દ્રભાઇએ એક સ્વપ્ન જોયું. એમનું સ્વપ્ન સફેદ રણ કચ્છનું હતું, સ્ટેચ્યુ ઓફ યુનિટીનું હતું. એ સ્વપ્ન સાકાર કર્યુ. એ સ્વપ્ન સાકાર કર્યા પછી અત્યારે આપણે એ વિસ્તારમાં પ્રવાસનની મઝા માણી રહ્યાં છીએ. એના કારણે આપણને ફાયદો મળી રહ્યો છે. અત્યારે છેલ્લે ૮મી જૂને આપણા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ pre-install કરવાની વાત કરવા નીકળ્યા અને રણાલીમાં આપણે જે ઝૂરાસિક પાર્કમાં famous thing થયેલી હતી. આપણને ડાયનોસરના અવશેષો મળ્યા અને અવશેષોનું ત્યાં એક નવું મ્યુઝિયમ બનાવેલું છે. એ મ્યુઝિયમની અંદર ઘણાં બધા મુલાકાતીઓ આવવા માંડ્યા છે. એ મ્યુઝિયમની અંદર એક બાળક ડાયનોસોર શું છે, એ જોઇ શકે છે, માણી શકે છે એ વ્યવસ્થા ગોઠવવામાં આવેલી છે. રણોલીમાં સરસ ડાયનોસોરનું મ્યુઝિયમ છે. એવી જ રીતે આપણા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇનું બીજું પણ સ્વપ્ન સીમા દર્શનનું હતું તે આપણે ઊભું કરેલું છે. જેમાં વી.આઇ.પી. લૉંજ આપેલી છે, રંગમંચ આપેલો છે અને જે માણસો ત્યાં ગયા હોય તે નિરીક્ષણ કરી શકે. ગુજરાતની અંદરથી પાકિસ્તાનની બોર્ડર સુધી આપણે જઇ શકીએ અને એ માણી શકીએ તે જાતની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. એની પાછળ આપણે રૂ.૫૦/– કરોડ ઉપરાંતનો ખર્ચ કરેલો છે. એ જગ્યાની મુલાકાત અત્યાર સુધીમાં ત્રણ લાખ જેટલા લોકોએ લીધેલી છે. આપણા પનોતા પુત્ર મહાત્મા ગાંધીની વાત કરીએ તો મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિ વર્ષમાં મહાત્મા ગાંધીની યાદગીરી સાથે સંકળાયેલા સ્થળોનો વિકાસ કરવાની વાત આવી છે. આંતરમાળખાકીય સુવિધા વધારવાની અને મહાત્મા ગાંધીના સિદ્ધાંતના મૂલ્યોએ દેશની આઝાદી માટે કામ કરેલા છે, જે વાતો કરેલી છે એ પ્રચાર થાય અને આપણી વાત બધી જગ્યાએ પહોંચે અને તે વિસ્તારનો વિકાસ થાય તેની દાંડીથી શરૂઆત કરી પોરબંદર જન્મસ્થાન સુધીના તમામ સ્થળોને અલગ અલગ યોજના હેઠળ સમાવવામાં આવેલા છે. જેમાં રાજકોટમાં રૂ.૧૫/– કરોડના ખર્ચે નવું મ્યુઝિયમ બનાવ્યું છે અને આગળ કામ ચાલુ છે. ગુજરાત તમામ સ્થળે આગળ વધી રહ્યું છે. એ રીતે પ્રવાસનની અંદર પણ આપણી પાસે કુદરતની ઘણી બધી આપેલી વસ્તુઓ હતી જેમાં હડપ્પાની સંસ્કૃતિની વાત કરવા બેસીએ તો એના અવશેષો આપણને મળેલા છે એનો પણ પ્રચાર થઇ રહ્યો છે. એની પણ સરકીટ બનાવેલી છે. વડનગરનું કીર્તિ મંદિર, સૂર્ય મંદિર, અડાલજની વાવ, જૂનાગઢનો ગિરનાર પર્વત હોય આ તમામ બાબતમાં વધારેમાં વધારે પ્રવાસીઓ આવે એવી હંમેશા કાળજી રાખતા હોઇએ છીએ. હમણાં કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરાયેલી પ્રસાદ જેવી નવી મહત્વની યોજનામાં આપણા ગુજરાતના બે સ્થળ સમાવવામાં આવ્યા છે. એમાં એક સોમનાથ અને બીજું દ્વારકા, જેનો ઘણો બધો વિકાસ થઇ રહ્યો છે. હું મારી વાત ઉપર છેલ્લે આવું તો આપને વિનંતી કરું છું કે મારા પ્રવાસન વિભાગની બજેટની માગણી નં. ૫૧ પરની કાપ દરખાસ્ત નં. ૧૨થી ૨૧ સન્માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કરેલી છે તે બધા સભ્યશ્રીઓને પરત ખેંચવા માટે વિનંતી કરું છું. અંતમાં એટલું કહેવા માંગું છું કે ગુજરાતના સર્વાંગી વિકાસ માટે પ્રવાસન વિભાગની ચાલુ બાબત, નવી બાબત અને પ્રજાકીય જોગવાઇઓને સન્માનનીય સભાગૃહ સર્વ સંમતિથી પસાર કરે એવો અનુરોધ કરું છું.

શ્રી ગણપતસિંહ વે. વસાવા (આદિજાતિ વિકાસ, વન અને મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા હસ્તકના વિભાગ એવા આદિજાતિ વિભાગ, વન, મહિલા બાળ કલ્યાણ એવા ત્રણે વિભાગની માગણી ઉપર વિરોધપક્ષના સભ્યશ્રીઓ, શાસક પક્ષના સભ્યશ્રીઓ સર્વ શ્રી મોહનભાઇ, શ્રી જોષિયારાજી, શ્રી સુખરામભાઇ, શ્રીમતી ચંદ્રિકાબેન, શ્રી નરેશભાઇ, શ્રીમતી સંગીતાબેન, શ્રી જીતુભાઇ, શ્રી રમેશભાઇ, શ્રીમતી સુમનબેન, શ્રી આનંદભાઇ, શ્રી અભેસિંહભાઇ, શ્રી મંગળભાઇ, શ્રી અર્જુનસિંહ વગેરેએ ભાગ લીધો છે. આમ, ઘણા બધા ગૃહના સભ્યશ્રીઓએ આ ચર્ચા દરમિયાન ઘણા સારા રચનાત્મક અને સુધારાત્મક સૂચન કરેલ છે એમને હું આ વિભાગોના મંત્રી તરીકે આવકારું પણ છું. સૌ પ્રથમ આદિજાતિ વિભાગની માગણી નં. ૯૩ અને ૯૬ ઉપર જે ચર્ચા કરવામાં આવી છે એ બાબત આ ગૃહના ધ્યાને હું મૂકું છું. આ વિધાનસભાનું સત્ર શરૂ થયું ત્યારથી વિરોધપક્ષના ધારાસભ્યના પ્રવચનો, એમના ચર્ચાના મુદ્દાઓ જોતા એમ લાગે છે કે ભારતીય જનતા પાર્ટીની સરકારે આદિવાસી સમાજ માટે જે વિકાસના કાર્યો કર્યા છે, અમારા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબની આગેવાની હેઠળ એ આદિવાસી વિસ્તારના વિકાસના કામો ચાલુ રહ્યા છે. એને વિપક્ષના મિત્રોએ અંતર આત્માથી સ્વીકાર્યા છે અને આજે રાજીપો વ્યકત કરીને સરકારને ઘણા બધા મિત્રોએ અભિનંદન પણ આપ્યા છે. એટલે કદાચ વિપક્ષમાં હોય અને ટીકા કરવી પડે એટલે ટીકા કરી હશે બાકી બધાના ચહેરા ઉપર આનંદ લાગે છે. શ્રી આનંદભાઇ તો હસે છે. હું જે સમાજનું બજેટ લઇને આવ્યો છું, શ્રી આનંદભાઇ પણ છેલ્લે બેઠા બેઠા હસે છે. સાહેબ, ગઇ વખત કરતા ખૂબ અનુભવી અને ઠરેલ પણ થઇ ગયા છે એટલે અભિનંદન આપું છું. હું જે સમાજની માગણી લઇને આવ્યો છું એ સમાજે આદિ અનાદિ કાળથી જેણે સંસ્કૃતિ, પ્રકૃતિ અને પર્યાવરણનું જતન કર્યું છે, એવા સમાજની હું માગણી લઇને આવ્યો છું. પરમ પૂજ્ય સ્વ. શ્રી પ્રમુખસ્વામી મહારાજ જયારે આદિવાસી વિસ્તારનો પ્રવાસ કરતા અને ત્યાર પછી પ્રવાસ બાદ એવું કહેતા કે મને આ સમાજમાં ભગવાનના દર્શન થાય છે. ભગવાનશ્રી રામને પણ માતા શબરીના આશ્રમ પર જવું પડ્યું હતું. મા શબરીના એંઠા બોર ખાધા હતા. એવા સમાજની માગણીઓ લઇને આવ્યો છું. આદિવાસી સમાજનો ઇતિહાસ ખૂબ જ ભવ્ય અને ઉજળો છે. આઝાદીની લડાઇમાં પણ ખૂબ બલિદાનો આદિવાસી સમાજે આપ્યા છે. સમગ્ર ભારતની વાત કરીએ તો મુખ્યત્વે ગુજરાત, મહારાષ્ટ્ર,

મધ્યપ્રદેશ, રાજસ્થાન, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ અને પૂર્વોત્તર રાજ્યોમાં આદિવાસી સમાજની સંખ્યા જોવા મળે છે. આપણા ગુજરાતની જ વાત કરીએ તો અંબાજીથી લઇને ઉમરગામ સુધી આદિવાસી પટ્ટામાં ૧૪ જિલ્લામાં લગભગ ૫૩ જેટલા તાલુકાના ૪૦૦૦ કરતા વધારે ગામડાઓમાં ૯૦ લાખ કરતા વધારે આદિવાસી સમાજ એ ગુજરાતમાં વસવાટ કરે છે અને દર ૪ ગુજરાતીએ એક ગુજરાતીને આદિવાસી તરીકે આપણે જોઇએ છીએ. આઝાદીની લડાઇમાં અનેક બલિદાનો આદિવાસી સમાજે આપ્યા. આઝાદી પછી જે સરકારો આવી એ સરકારો પાસે આદિવાસી સમાજ વિકાસ માટે ખૂબ અપેક્ષાઓ લઇને રાહ જોઇને બેઠો હતો, પરંતુ આઝાદી પછીની સરકારો આવી ત્યારે રાજ્યમાં હોય, કેન્દ્રમાં હોય માત્ર એકને એક સરકાર એટલે કોંગ્રેસ સરકાર હતી. એમની સરકારમાં આદિવાસી સમાજને ન તો પૂરતું શિક્ષણ મળ્યું, ન તો પીવાનું શુદ્ધ પાણી પૂરતું મળ્યું, ન તો આરોગ્યની સેવાઓ પૂરતી મળી, ન તો વીજળી પૂરતી મળી, ન તો રસ્તા પૂરતા મળ્યા, ન તો સિંચાઇ પૂરતી મળી, આદિવાસી સમાજનો ભૂતકાળની સરકારોએ માત્ર વોટબેંક તરીકે ઉપયોગ કર્યો, એના કારણે આખે આખો આદિવાસી સમાજ અન્ય સમાજ કરતા મુખ્ય ધારાથી વિખૂટો પડી ગયો. આજે ગૃહની અંદર આંકડા સાથે કહીશ કે ભૂતકાળની ૪૦ વર્ષની સરકારોમાં આદિવાસી સમાજના વિકાસ માટે રૂ.૬૫૦૦/- કરોડની ફાળવણી કરેલ હતી. એમાં એક વર્ષનો ભાગાકાર કરીએ તો ભૂતકાળની સરકારમાં માત્ર રૂ.૧૬૨/- કરોડ એક વર્ષમાં આપવામાં આવ્યા હતા. ભારતીય જનતા પાર્ટીની સરકારના આજના આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જે હરહંમેશ આદિવાસી સમાજની ચિંતા કરતા હોય છે. ૨૦૦૭માં મને યાદ છે. આ જ વિધાનસભામાં કલમ-૪૪ હેઠળ વન બંધુ કલ્યાણ યોજનાની જાહેરાત કરી. ૫ વર્ષ માટે રૂ.૧૫,૦૦૦/- કરોડ અને જ્યારે ટોટલ માર્યું ત્યારે રૂ.૧૭,૦૦૦/- કરોડ વપરાયા. ત્યાર પછીના ૫ વર્ષમાં રૂ.૪૦,૦૦૦/- કરોડ અને વપરાયા રૂ.૪૨,૦૦૦/- કરોડ. અત્યાર સુધીના ૨૨ વર્ષના શાસનમાં આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે ભારતીય જનતા પાર્ટીની સરકારોએ રૂ.૮૦,૦૦૦ કરોડ કરતા પણ વધારે વિકાસનાં કાર્યો આદિવાસી વિસ્તારમાં કર્યાં છે. આજે બજેટની વાત કરું તો ૨૦૧૮-૧૯માં બજેટ મળ્યું ત્યારે રૂ.૧૩,૨૭૭/- કરોડ હતું. આ વર્ષનું બજેટ રૂ.૧૪,૫૬૭/- કરોડ એટલે ૯.૭૧ ટકાનો બજેટમાં વધારો મળ્યો છે. મને કહેતા આનંદ થાય કે લગભગ ૬૬ જેટલી અમારી નવી બાબતો રૂ.૩૨૬/- કરોડના ખર્ચે આ નાણામંત્રીશ્રીએ મંજૂર રાખી છે. માનનીય નાણામંત્રીશ્રીનો આભાર માનું છું. અમારી ગુજરાતની ભાજપની સરકારમાં આદિવાસી સમાજ માટે હર હંમેશ સંવેદના સાથે અમારા મુખ્યમંત્રીશ્રી આદિવાસી સમાજનું કામ કરતાં હોય છે. અહીંયાં બધા જ વિપક્ષના મિત્રોએ જંગલની જમીનની ચિંતા કરી. વાતો કરવી ખૂબ સરળ છે. ધરતી ઉપર ઉતારવું એ ઘણું કઠીન કાર્ય છે. એક વાતને કોંગ્રેસના મિત્રોએ સ્વીકારવી જોઇએ કે જ્યાં સુધી કોંગ્રેસની સરકાર ગુજરાતમાં હતી, ત્યાં સુધી આદિવાસી સમાજને જંગલ જમીનનો એક ટુકડો પણ મળ્યો ન હતો ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારમાં વ્યક્તિગત દાવા હોય, સામૂહિક દાવા હોય કે માળખાકીય સુવિધા હોય એ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે લગભગ ૧૩ લાખ એકર જગ્યા આદિવાસી સમાજને આપી છે. અમારા શ્રી પુનાભાઇ ચિંતા કરતા હતા જંગલની જમીનોની ત્યારે તેમને કહું છું કે આપના તાપી જિલ્લામાં બે ત્રણ મહિના પહેલા જ લગભગ ૩ હજાર કરતા વધારે લોકોને જંગલ જમીનના અધિકારપત્રો તાપી જિલ્લામાં અમે આપ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, અમારા માનનીય જોષિયારાજીએ કહ્યું કે, સામૂહિક દાવામાં આ જમીનો કોને આપી તમે? માનનીય જોષિયારાજીને જણાવું અને વિગતો આપુ છું કે આ જે જમીનો આપી છે એ સામૂહિક ઉપયોગ કરવા માટે આદિવાસીઓને જ આપી છે. જ્યાં જ્યાં જે ગામની અંદર આદિવાસી સમાજે એમ કહ્યું હોય કે અમારે આટલા વિસ્તારમાં પાણી છે તો અમે માછલી પકડીએ છીએ તો એ વિસ્તારમાં અમને માછલી પકડવા માટે અધિકાર આપો તો અમે એ આપ્યો, આટલા વિસ્તારમાં અમે ડોળીયો વિણવા જઇએ છીએ, આટલા વિસ્તારમાં મહૂડાના ફૂલ વિણવા જઇએ છીએ તો એ અધિકાર સરકારે આપ્યા, આટલા વિસ્તારમાં અમારા ગામના ઢોર ચરશે તો એને ઢોર ચરવા માટેના અધિકાર આપ્યા. આમ, સામૂહિક અધિકારો જે જે ગ્રામ પંચાયતે માગ્યા છે એમને આ સામૂહિક અધિકારોમાં આપણે અધિકારો આપ્યા છે અને હજુ પણ આપવાનું ચાલુ છે અને જ્યાં જ્યાં અમને પુરાવા મળતા હોય છે, અમારા વન વિભાગ, રેવન્યુ વિભાગ, આદિજાતિ વિભાગ અમે બધા જ પુરાવા ભેગા કરીને આદિવાસી સમાજના હજુ પણ જે સાચા હક્કદાર છે એને જંગલની જમીન આવનારા દિવસોમાં ચોક્કસ આપીશું. એકલા અધિકાર પત્ર જ નથી આપતા એનો કાયમી અધિકાર રહે એના માટે રેવન્યુ રેકર્ડમાં ૭/૧૨માં પણ અમે એની એન્ટ્રી પાડીએ છીએ, હક પત્રક-૬માં પણ એન્ટ્રી પાડીએ છીએ. અત્યાર સુધીમાં લગભગ ૬૯ હજાર જેટલા લાભાર્થીઓને અમે ૭/૧૨માં પણ એન્ટ્રી પાડી છે. અહીંયા અમારા માનનીય વજેસિંહભાઇ ખૂબ ચિંતા કરતા કહેતા હતા કે દાહોદ જિલ્લામાં સિંચાઇની સુવિધા મળતી નથી ત્યારે મારે કહેવું છે કે, કોંગ્રેસની સરકારોમાં કડાણા ડેમ બન્યો પણ આદિવાસી સમાજને સિંચાઇ મળી નહોતી. ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આ જ દાહોદ જિલ્લાને સિંચાઇ મળે એના માટે અમે રૂ.૧૨૦૦/- કરોડની યોજના મંજૂર કરી છે અને ૮૦ ટકા કામ પૂરું કર્યું છે અને આવનારા દિવસોમાં આદિવાસી સમાજના ખેડૂતો માટે સિંચાઇ માટેનું પાણી રાજય સરકાર આપવાની છે. એ જ પ્રમાણે ઉકાઇ ડેમ બન્યો એમની સરકારમાં પણ સ્થાનિક આદિવાસીઓને એમણે સિંચાઇ ન આપી. બાજુમાં સોનગઢ, ઉચ્છલ, નિઝર, કુકરમુંડા જુઓ એમના માટે લગભગ રૂ.૧૧૦૦/- કરોડની યોજના ભારતીય જનતા પાર્ટીની સરકારએ મંજૂર કરી. એજ પ્રમાણે નર્મદા જિલ્લા માટે, સુરત જિલ્લા માટે હું મારા અગાઉના પ્રવચનમાં વાત કરી ગયો છું અને સમયની મર્યાદા છે એટલે ફરી વાત કરતો નથી પણ અત્યારે આદિવાસી વિસ્તારમાં સિંચાઇ માટે રૂ.૨૯૦૦/- કરોડના વિકાસના કામો ચાલી રહ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં પીવાના પાણીની પણ વાત કરવામાં આવી, આજે જિલ્લાવાર જઇએ તો અમારા ડાંગના ધારાસભ્યશ્રી મંગળભાઇએ તો આભાર માન્યો, શ્રી

અશ્વિનભાઇના વિસ્તારમાં પણ અમે રૂ.૧૩૬/– કરોડ આપ્યા છે, માનનીય પ્રેમસિંહદાદાના વિસ્તાર ગરુડેશ્વરમાં એમને રૂ.૪૫/– કરોડ પીવાના પાણી માટે ફાળવ્યા છે, વલસાડમાં આપ્યા અને અમારા શ્રી જીતુભાઇ ચૌધરીના વિસ્તારમાં લગભગ રૂ.૫૫૦/– કરોડની યોજનાનું કામ માનનીય નરેન્દ્રભાઇએ ભૂમિ પૂજન કરીને શરુ કર્યું અને વાસ્તવિકતા એ છે એ કોંગ્રેસની સરકારો હતી ત્યારે કોઇ કામ થયા ન હતા. પણ અમારો તો સંકલ્પ છે, અમારા વડાપ્રધાન સાહેબનો સંકલ્પ છે કે, "નલ સે જલ" કોંગ્રેસની સરકારોમાં માત્ર ૩.૯ ટકા જ આદિવાસી સમાજને નળથી પીવાનું પાણી મળતું હતું. ભારતીય જનતા પાર્ટીએ સંકલ્પ કર્યો ત્યાર પછી આજે લગભગ ૬૪.૪૬ ટકા લોકોને અમે નળથી પીવાનું પાણી આપીએ છીએ. આવનારા દિવસોમાં અમારી સરકારનો સંકલ્પ છે કે આદિવાસી સમાજને શુદ્ધ પીવાનું પાણી મળે એના માટે સો એ સો ટકા અમે નળથી પાણી પહોંચાડવાનો પ્રયત્ન કરીશું. અમારા શ્રી વજેસિંગભાઇ હફિશ્વરની ચિંતા કરતા હતા. શ્રી વજેસિંગભાઇને જણાવું કે, ગામના પાદર સુધી અમે પાણી લાવી દીધું છે, રૂ.૮૯૦/– કરોડની યોજના થઇ છે. હવે માત્ર સંપથી ગામમાં કનેકશન જોડવાની પ્રગતિ હાલમાં ચાલી રહી છે એટલે આદિવાસી સમાજ માટે આ સરકાર ખૂબ ચિંતા કરે છે. અહીંયાં એક બે માનનીય સભ્યશ્રીઓએ કોટવાડીયા જે આદિમ જૂથમાં કહેવાય છે. એમાં કાથોડી, કોલગા, કોટવાડીયા, સીદ્દી, પઢાર જેવી જ્ઞાતિ એનો ઉલ્લેખ કર્યો. હળપતિ સમાજની ચિંતા કરી. પણ મને લાગે છે ત્યાં સુધી આ બધા લોકો જે છે એ આદિવાસી સમાજમાં હજી પણ ઘણા પાછળ છે એવી જ્ઞાતિઓ છે. એમને ભૂતકાળમાં કોંગ્રેસની સરકારો યાદ નહોતી કરી પણ અમે ભૂલ્યાં નથી, અમારી સરકારે યાદ કર્યું અને આ બજેટમાં કોટવાડીયા, કાથોડીયા, સીદ્દી, પઢાર અને હળપતિ જ્યાં રહેતા હોય એમના રસ્તા માટે, પીવાના પાણી માટે, શિક્ષણ માટે, આવાસ માટે, વીજળી માટે અમે રૂ.૫૬/– કરોડની જોગવાઇ કરી છે અને જે હળપતિ સમાજના ભાઇઓ છે એમના આવાસ બનાવવા માટે રૂ.૪૨/– કરોડની જોગવાઇ આ બજેટમાં અમે રાખી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આદિવાસી બાળકોના શિક્ષણની સાથે સાથે એમનો શારીરિક, માનસિક વિકાસ થાય, એમના આરોગ્યમાં સુધારો થાય એના માટે પણ દૂધ સંજીવની યોજના લઇ આવ્યા છે અને સમગ્ર ગુજરાતમાં ૮,૮૯૧ જેટલી પ્રાથમિક શાળામાં ૧૦ લાખ ૪૮ હજાર જેટલા જે બાળકો ભણે છે એમને અઠવાડિયામાં પાંચ દિવસ, વરસમાં રૂ.૧૪૦/– કરોડનું દૂધ અમે આદિવાસી બાળકો સુધી પહોંચાડીએ છીએ. અમારા આદિવાસી બાળકોને ગણવેશ માટે, શિષ્યવૃત્તિ માટે, ભોજન માટે આ બજેટમાં લગભગ રૂ.૧,૧૧૨/– કરોડની જોગવાઇ આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં કરવામાં આવી છે. ભૂતકાળમાં ટ્રાઇબલ વિસ્તારમાં ડોકટર બનવું હોય, એન્જિનિયર બનવું હોય તો એક સ્વપ્ન સમાન હતું. કારણ કે એક પણ આદિવાસી તાલુકાની અંદર ભૂતકાળની સરકારોએ સાયન્સની સ્કૂલો શરૂ કરી નહોતી. એના પરિણામ એ આવતા હતા કે વરસો સુધી અમારી ૫૦ ટકા મેડિકલની સીટો ખાલી રહેતી હતી. એ ભરવા માટે શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શનથી અમે એકસ્ટ્રા કોચીંગ ક્લાસ શરૂ કર્યા. આ તાલીમ આપવાના કારણે આજે સો એ સો ટકા અમારી મેડિકલની સીટો ભરાય છે.

આ ભારતીય જનતા પાર્ટીની સરકાર, જે ગરીબ વિદ્યાર્થી છે પણ એમના માતા પિતા આર્થિક રીતે નબળા છે, પણ વિદ્યાર્થી ટેલેન્ટેડ છે, હોંશિયાર છે એને ભણાવવા માટે પણ ટેલેન્ટ પુલની યોજના લાવ્યા છીએ. જે શહેરમાં સારી સારી સંસ્થાઓમાં જઇને આદિવાસી બાળક ભણી શકે એના માટે અમે વરસે પહેલાં રૂપિયા ૬૦,૦૦૦/– એક વિદ્યાર્થીદીઠ આપતા હતા હવે અમે રૂપિયા ૮૦,૦૦૦/– આપીએ છીએ અને ૧૪૬૦ બાળકોને શહેરની સારી સ્કૂલોની અંદર શિક્ષણ પણ આપીએ છીએ.

અહીંયાં એકલવ્ય સ્કૂલની વાત કરવામાં આવી, આશ્રમશાળાની વાત કરવામાં આવી, અત્યારે જમાનો ક્યાંનો ક્યાં પહોંચ્યો છે. આજે એકલવ્ય શાળાનો જમાનો છે. આપને જણાવતા મને આનંદ થશે કે અમે આદિવાસી વિસ્તારમાં વિકાસની સાથે સાથે આદિવાસી વિદ્યાર્થીને ઉત્તમ શિક્ષણ આપવાનું કાર્ય પણ કરીએ છીએ. આપના માધ્યમથી ગૃહને જણાવું કે ૨૦૧૯નું એકલવ્ય મૉડેલ સ્કૂલનું બોર્ડનું પરિણામ ૯૬ ટકા છે. ૧૨મા ધોરણનું ૮૫ ટકા પરિણામ છે અને લગભગ આ બધા એકલવ્ય સોસાયટી સંચાલિત શાળાઓને છાત્રાલયોના બાંધકામ કરવા માટે આ વરસે પંચાવન કરોડ રૂપિયાની પણ જોગવાઇ કરી છે. સાથે સાથે મને કહેતા આનંદ થાય છે કે, અમારા નાણામંત્રીશ્રી, અમારા મુખ્યમંત્રી સાહેબે એકલવ્ય સ્કૂલોના શાળાના પરિણામ જોઇને ગુજરાત સરકાર તરફથી આ વખતે નવી પાંચ એકલવ્ય સ્કૂલ શરૂ કરવાની વિધાનસભામાં જાહેરાત કરી અને અમને મંજૂરી આપી છે. અને ભારત સરકાર અને ગુજરાત સરકાર આ એક વિદ્યાર્થી પાછળ એક વર્ષમાં ૧ લાખ અને ૭ હજાર રૂપિયાનો ખર્ચ કરે છે. અને લો લીટરશીમાં જયાં કન્યાઓનું શિક્ષણ ઓછું છે તેમને પણ પહેલાં નાણાં ઓછાં મળતાં હતા. આ વખતે અમારા નાણામંત્રીશ્રીએ મંજૂરી આપી અને હવે પછી કન્યાઓને શિક્ષણમાં પણ રૂપિયા ૫૭ હજાર એક વર્ષનો ખર્ચ આપવામાં આવશે. દશમા ધોરણનું આદર્શ નિવાસી શાળાનું પણ પરિણામ ૮૬ ટકા છે, બારમા ધોરણનું ૮૭ ટકા છે. મને કહેતા આનંદ થાય છે કે આ વિધાનસભાની અંદર આજ દિન સુધી ઘણા બધા મંત્રીઓએ બજેટ રજૂ કર્યું હશે. પરંતુ અમારા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબે, અમારા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે ઇતિહાસમાં પહેલી વખત આદિવાસી તાલુકાઓમાં એકી સાથે ૨૪ જેટલી આદર્શ નિવાસી શાળાઓની મંજૂરી આપી છે. અને તેમાં અમે ભેદભાવ નથી કર્યો પોશીનામાં આપી, વિજયનગરમાં, કડાણામાં, ઘોઘંબા, જાંબુઘોડા, ધાનપુરમાં શ્રીમતી ચંદ્રિકાબેન, ફતેપુરામાં, ગરબાડામાં, સંજેલીમાં, ગરૂડેશ્વર, તિલકવાડા, વાલીયા, કપરાડા, નિઝર, ઉચ્છલ, ડોલવાણ, કુકરમુંડા, વાલોડ, ડેડીયાપાડા, મહુવા, ઉમરપાડા, અંકલેશ્વર, સાગબારા અને રાજપીપળા મળી એક સાથે ૨૪ આદર્શ નિવાસી શાળાઓની

મંજૂરી આપી છે. એટલે આ રાજ્ય સરકારે કેટલું મોટું કામ કર્યું છે તે વિચારી શકો છો. માનનીય અધ્યક્ષશ્રી, આ અમારા બધા જ પ્રયત્નોને કારણે આદિવાસી સમાજમાં શિક્ષણમાં જે સુધારો થયો છે તે જાણવા જેવો છે. આ ગૃહના બધા સભ્યશ્રીઓને જાણીને આનંદ થશે કે ૧૯૯૧માં આદિવાસી સમાજનું શિક્ષણ માત્ર ૨૯.૬૭ ટકા હતું પણ સરકારના પ્રયત્નો ગામે ગામ જઇને શાળા પ્રવેશ મહોત્સવો, માધ્યમિક શાળાઓ, કોલેજો આ બધુ શરૂ કરવાના કારણે ૨૦૧૧માં જ્યારે સરવે કરવામાં આવ્યો ત્યારે ૪૯.૯ ટકા જેટલો શિક્ષણનો દર પહોંચી ગયો છે અને આટલા ટૂંકાગાળામાં ૨૨.૪૨ ટકાનો વધારો થયો છે. સૌથી આનંદની વાત તો એ છે કે, આદિવાસી દિકરીઓમાં ૧૭ ટકાનો શિક્ષણમાં વધારો થયો છે અને ગૃહના સભ્યોને જણાવતા મને આનંદ થાય છે કે, સરકારના આ બધા પ્રયત્નોને કારણે આ વખતે જ્યારે દશમા ધોરણની બોર્ડની પરીક્ષા લેવાઇ તેમાં ડેડીયાપાડા જેવા પછાત તાલુકાનો આદિવાસી વિદ્યાર્થી સમગ્ર બોર્ડમાં દશમામાં પહેલા નંબરે આવ્યો. આદિવાસી સમાજમાં આ પરિણામો જોવા મળી રહ્યાં છે, આ પરિવર્તન થઇ રહ્યું છે અને આદિવાસી સમાજને માત્ર ભણાવવાનું જ નહીં પણ તેને વિદેશ ભણવા જવું હોય તો પણ અમે તેને મદદ કરીએ છીએ અને આ વર્ષમાં લગભગ ૨૬ વિદ્યાર્થીઓને અમે વિદેશ ભણવા મોકલ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં ટ્રાઇબલ યુનિવર્સિટીની વાત કરવામાં આવી કે આદિવાસી સમાજ જેને ભગવાન તરીકે ગણે છે એવા બિરસા મુંડા ભગવાનના નામથી બિરસા મુંડા ટ્રાઇબલ યુનિવર્સિટી કે જે ગુજરાતના ઇતિહાસમાં કયારેય પણ કોંગ્રેસ પાર્ટીએ વિચાર કર્યો નહીં હોય ૩૪૧ કરોડ રૂપિયાના ખર્ચે અમે બનાવીએ છીએ. ચાલુ વર્ષે રૂ.૧૨૫/– કરોડની જોગવાઇ કરી છે અને રહી વાત સ્ટાફની તો સ્ટાફમાં રોસ્ટર પદ્ધતિથી જે કંઇ અનામતની ટકાવારી નક્કી કરીએ છીએ તે પ્રમાણે ચોક્કસ ભરતી થવાની છે. હજુ શરૂઆત છે એટલે નાની મોટી તકલીફો પડશે પણ એક બહુ મોટું કાર્ય આદિવાસી સમાજમાં શરૂ થયું છે. અમારા લોકલાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ સ્ટેચ્યુ ઓફ યુનિટી આ નર્મદા જિલ્લામાં લઇ આવ્યા અને દેશના લાખો પ્રવાસીઓ ત્યાં આવ્યા છે. આ પ્રવાસીઓ કેવડીયા તરફ આવે છે ત્યારે દેશમાં આઝાદીની ચળવળમાં ભાગ લેનાર આદિવાસી વીરો, આદિવાસી સપુતોને આદિવાસી સંસ્કૃતિથી પણ સમગ્ર વિશ્વ માહિતગાર થાય, પરિચિત થાય એના માટે રૂ.૧૦૦/– કરોડના ખર્ચે રાષ્ટ્રીય ટ્રાઇબલ મ્યુઝિયમ બનાવવાનું કામ પણ ત્યાં શરૂ કરી દેવામાં આવ્યુ છે. અહીંયા પેશા કાયદાની વાત કરવામાં આવી. ૧૪ જિલ્લા અને ૫૩ તાલુકાઓમાં ૯૦ લાખ આદિવાસીઓને વિશેષાધિકાર મળ્યો છે. કેટલાક મિત્રોએ એમ કહ્યું કે આનો આદિવાસી સમાજને શું ફાયદો થયો? પેશા એક્ટનો કાયદો લાગુ પડવાને કારણે જે વન વિસ્તારની ગૌણ વન પેદાશો હતી એની સંપૂર્ણ માલિકી હવે આદિવાસી સમાજની થઇ છે અને માત્ર એક નર્મદા જિલ્લાનો દાખલો આપું તો ત્યાં આદિવાસી કોટવાડિયા જે આદિમ જૂથમાં આવે છે એ સિવાય અન્ય આદિવાસી જ્ઞાતિઓ મળીને કુલ ૧૧૫ ગામમાં વસતા લોકોએ ૨૦ કરોડ રૂપિયાની આવક મેળવી છે અને ખાલી બે જ ગામનો દાખલો આપુ તો નાંદોદ તાલુકાના જૂનારાજમાં બે કરોડ રૂપિયાની આવક મેળવી છે અને ફૂલસર ગામમાં એક કરોડ રૂપિયાની આવક મેળવી છે. આ પેશા એક્ટનો ફાયદો છે. એ જ પ્રમાણે ચર્ચામાં ગૌણ ખનીજની પણ વાત કરી. પેશા એક્ટના કારણે આદિવાસીઓને શું ફાયદો થયો? જે વિસ્તારમાં પેશા એક્ટનો કાયદો લાગુ પડે છે ત્યાં રેતી કે પથ્થરની જે કોઇ પણ ખાણની હરાજી કરવામાં આવે છે એમાં અત્યાર સુધી આદિવાસી વિસ્તારમાં ૮૫ બ્લોક ઇ–હરાજીમાં મૂકવામાં આવ્યા એમાંથી ૬૨ જેટલા બ્લોક એ આદિવાસી સમાજને મળ્યા છે. એ પેશા એક્ટની સફળતા છે. આદિવાસી રમતવીરો કે જેમને ભૂતકાળમાં ક્યારેય કોઇ સરકાર પ્રોત્સાહિત નહોતી કરતી. ગુજરાત સરકારે ખેલ મહાકુંભ જેવી સ્પર્ધા શરૂ કરીને આદિવાસી રમતવીરોને એમનું કૌશલ્ય બહાર લાવવાનો અવસર આપ્યો છે અને અમારા ડાંગ વિસ્તારમાં સમગ્ર આદિવાસી સમાજને ગૌરવ થાય, ગુજરાતને ગૌરવ થાય, દેશને ગૌરવ થાય એવી સરિતા ગાયકવાડે એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતીને ઇતિહાસ રચ્યો છે. હાલમાં જ પોલેન્ડમાં પણ એમણે વિમેન એથ્લેટીક્સમાં ચેમ્પિયન બનીને ગોલ્ડ મેળવ્યો છે. રાજ્ય સરકારે શક્તિદૂત યોજનામાંથી એક કરોડ રૂપિયાની સહાય પણ આપી અને અમારા શ્રી સૌરભભાઇએ, સહકાર વિભાગ અને અમે બધાં સુરતના મિત્રોએ ભેગા મળીને શ્રી નરેન્દ્રભાઇ મોદીના ૬૭મા જન્મ દિવસે રૂ.૬૭/– લાખનો ચેક પણ એમને અર્પણ કર્યો છે. અમારા શ્રી મોહનસિંહભાઇએ રાઠવા સમાજની ચિંતા કરી. આપણને બધાને સ્વાભાવિકપણે ચિંતા થતી હોય છે. આદિવાસી સમાજમાં કોઇ પણ જ્ઞાતિને સમાવવી કે બહાર કાઢવી એ રાજ્ય સરકારનો અધિકાર નથી. માત્રને માત્ર ભારત સરકારનો અધિકાર છે અને એ પણ સંસદમાં ચર્ચા થઇને પસાર થાય ત્યારબાદ જ આપણે એ જ્ઞાતિને આદિવાસીમાં ઉમેરી શકીએ અથવા તો ઘટાડી શકીએ છીએ. ૧૯૫૦માં ભારત સરકારે રાષ્ટ્રપતિશ્રીના અનુમોદનથી રાઠવા જ્ઞાતિને આદિવાસીમાં ગણવા માટેનો નિર્ણય કર્યો હતો પણ ત્યાર પછીના સમયમાં ગુજરાતમાં ૧૯૭૮માં રાઠવા કોળી સમાજને બક્ષીપંચમાં ગણવામાં આવ્યો ત્યારે પણ અમારી સરકાર નહોતી. એ વખતે કોની સરકાર હતી? શ્રી મોહનસિંહ ભાઇ તો ત્યારે પણ ધારાસભ્ય હતા એટલે અમારી સરકારે ઊભો કરેલો આ પ્રશ્ન નથી પણ સાચા રાઠવા સમાજને અન્યાય ન થાય એ માટે અમારી સરકાર ચોક્કસ પ્રયત્નો કરી રહી છે. શ્રી આનંદભાઇએ આર.બી.સી.ની વાત કરી. ટુંકમાં વાત કરી પણ આર.બી.સી. એટલે રબારી, ચારણ અને ભરવાડ. એ વખતે પણ અમારી સરકાર ન હતી. ૧૯૫૬માં દિલ્હીમાં કોંગ્રેસની સરકાર હતી. શ્રી જવાહરલાલ નહેરુ વડાપ્રધાન હતા ત્યારે આ જ્ઞાતિઓને આદિવાસીમાં ઉમેરવામાં આવી અને ત્યારબાદ નેસ વિસ્તારમાં રહે તેમને જ આ જ્ઞાતિના પ્રમાણપત્ર આપવા કે બહાર એમના વારસદારો છે એમને પ્રમાણપત્રો આપવા કે નહિ એ અંગે વિવાદ થયો. ત્યારે ૨૦૦૧માં ભારત સરકારનું માર્ગદર્શન માગવામાં આવ્યું ત્યારે પણ અને સન ૨૦૦૫માં પણ કોંગ્રેસની સરકાર હતી ત્યાંથી એમણે માર્ગદર્શન આપ્યું કે એમને પ્રમાણપત્રો આપવામાં આવ્યા છે એમના

વારસદારો જયાં પણ રહેતા હોય ત્યાં એમને જાતિનો દાખલો આપવો એવું ભારત સરકારમાંથી માર્ગદર્શન મળ્યુ છે. એટલે આમાં કયાંય ભારતીય જનતા પાર્ટીનો કોઇ રોલ નથી. તદ્‌ઉપરાંત ખોટા લોકો પ્રમાણપત્રો મેળવે છે.

શ્રી પરેશ  ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ૨૦૦૧ અને ૨૦૦૫ને એક સાથે વણ્યા છે એટલે મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૨૦૦૧માં ભારત સરકાર પાસેથી માર્ગદર્શન માગ્યું અને કઇ તારીખે આવ્યું?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : જયારે આ વિવાદ વધ્યો ત્યારે ગુજરાત સરકારે ૨૦૦૨માં ભારત સરકારને પત્ર લખ્યો કે આ અંગે અમને માર્ગદર્શન મળવું જોઇએ અને ૨૦૦૫માં કોંગ્રેસની સરકારમાંથી માર્ગદર્શન મળ્યું છે છતાંપણ કોઇપણ લોકો ખોટા પ્રમાણપત્રો લઇ જાય નહિ એના માટેનો કડકમાં કડક કાયદો આ ગૃહમાં બધા જ સભ્યશ્રીઓની સંમતિથી પાસ કરવામાં આવ્યો છે. આ ભારત સરકાર, કાયદા વિભાગ અને સમાજ કલ્યાણ વિભાગમાં ખૂબ ચર્ચા થઇ અને આ કાયદાને રાષ્ટ્રપતિશ્રીની મંજૂરી પણ મળી ગઇ છે. એના નિયમો બનાવવા માટે એક વખત અંગ્રેજીમાં જાહેરાત પણ આપવામાં આવી હતી કે આના અંગે સૂચનો આપવામાં આવે. તે વખતે સમાજના આગેવાનોએ રજૂઆત કરી છે કે અંગ્રેજીમાં નહિ પરંતુ ગુજરાતીમાં આપો. એટલે અમે ફરીથી તારીખ લંબાવીને ગુજરાતીમાં સૂચનો મંગાવ્યા હતા જેમાં ચાર હજાર કરતાં વધારે સૂચનો આવી ગયા છે જેનો અભ્યાસ કર્યા બાદ ટૂંક સમયમાં નિયમો પણ બનશે. છતાં આદિવાસી સમાજની અને ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યોની લાગણી હતી કે આ કાયદાનો અમલ થાય ત્યાં સુધી ગુજરાત સરકાર કે નિગમો દ્વારા કે બોર્ડો દ્વારા જયાં પરીક્ષાઓ લેવાય, વિશ્લેષણ સમિતિ દ્વારા સર્ટિફિકેટ આપવામાં આવે એ જાતિ પ્રમાણપત્રની ચકાસણી કરવામાં આવે પછી એને નોકરીએ રાખવામાં આવે. અમારી સરકારે તા. ૨૨-૨-૨૦૦૦ના રોજ પરિપત્ર પણ કર્યો છે. દરેક વિભાગને યાદી મોકલી છે. હું રાજય સરકારનો આભાર માનું છું. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ડીવાયએસપી, પી.એસ.આઇ મામલતદાર વગેરેનો સ્ટાફ પણ ફાળવ્યો છે. આ રીતે એક પણ નોકરી ચકાસણી વગર આપવામાં આવતી નથી. એટલા માટે કહીએ છીએ કે અમારી ભારતીય જનતા પાર્ટીનું આદિવાસી સમાજ સાથે કમિટમેન્ટ છે.

માનનીય ડો.અનિલભાઇ જોષિયારાએ આવકના દાખલાની ચિંતા વ્યક્ત કરી હતી. રૂ.૨.૫ લાખની મર્યાદા હતી એ બાબતે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને માનનીય નીતિનભાઇનો આભાર માનું છું, સમાજ કલ્યાણ મંત્રી અને અમારા બધા ધારાસભ્યો મળ્યા અને એમની સમક્ષ રજૂઆત કરી કે રૂ.૨.૫ લાખની મર્યાદા છે એમાં વધારો કરવામાં આવે. એ અમારી માગણીનો સ્વીકાર કરીને રૂ.૪.૫ લાખ કરીને ભારતીય જનતા પાર્ટીની સરકાર હર હંમેશ આદિવાસી સમાજ સાથે સંવેદનાપૂર્વક કામ કરનારી સરકાર છે.

વન વિભાગની માગણી અંગે વાત કરું. મને જણાવતા આનંદ થાય છે કે આ માગણી ક્રમાંક-૨૬ હેઠળ વન વિભાગની રૂ.૧૪૫૪/- કરોડની માગણીના કેટલા મુદ્દાઓ ચર્ચા માટે લઇને આવ્યો છું. સન ૨૦૧૮-૧૯ કરતાં ૨૦૧૯-૨૦માં બજેટમાં ખૂબ સારો વધારો કરવામાં આવ્યો છે. સન ૨૦૧૯-૨૦માં રૂ.૧૪૫૪/- કરોડની બજેટ જોગવાઇ કરવામાં આવી છે. પર્યાવરણની સુરક્ષા એ આજે સૌથી મહત્વની જરૂરિયાત છે અને ગ્લોબલ વોર્મિંગના પડકારની સમસ્યાને પહોંચી વળવા માટે વિશ્વમાં અનેક પ્રયત્નો થઇ રહ્યા છે ત્યારે ગુજરાત પણ સતત આપણા સૌના સહયોગથી પ્રગતિશીલ થઇને રાજયમાં વન અને વન બહારના વિસ્તારમાં વધારો થાય એમાં લોકભાગીદારી થાય લોકો એમાં જોડાય તેવા હરહંમેશ પ્રયત્નો રહ્યા છે અને તેના સારા પરિણામો મળ્યાં છે. આજે વૃક્ષો અને વન્ય જીવનની સમૃદ્ધિમાં ગુજરાતમાં ઉત્તરોઉત્તર વધારો થઇ રહ્યો છે. વન વિસ્તાર બહારના વૃક્ષ સંપદાની વાત કરીએ તો દિલ્હી અને ગોવા જેવા નાના રાજયોને બાદ કરતાં ગુજરાત આ જે ત્રીજા નંબરે છે. એ જ પ્રકારે વન વિસ્તારમાં પણ આપણા સતત પ્રયત્નોના કારણે ૩૭૮ ચોરસ કિલોમીટર આપણે વન વધારી શકયા છીએ. આ બાબત એ આપણા સૌના માટે ગૌરવની બાબત છે. ચેરના વૃક્ષોમાં પશ્ચિમ બંગાળ પછી આપણે બીજા નંબરે આવીએ છીએ. ગુજરાતમાં જ્યારે પ્રવાસીઓ વધ્યા છે ત્યારે સાસણના ગીરમાં આવતા પ્રવાસીઓનું ત્યાં પણ ભારણ ઘટે એના માટે નર્મદા, સુરત અને ડાંગમાં અમે નવા સફારી પાર્ક શરૂ કરવા માટે બજેટમાં રૂ.૩૭/- કરોડની માગણી લઇને આવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, દેશનું ગૌરવ અને ગુજરાતની ઓળખ જેને આપણે કહીએ છીએ તેવા ઐતિહાસિક સિંહો તેની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે તો આપણી સૌની જવાબદારી પણ વધતી જાય છે ત્યારે એના સંરક્ષણ અને સંવર્ધન માટે લાંબા ગાળાનું રૂ.૩૫૦/- કરોડનું આયોજન કરવામાં આવ્યું છે. ચાલુ વર્ષે એમાં રૂ.૧૨૩/- કરોડની જોગવાઇ કરી એમાં મુખ્યત્વે સિંહોની સારવાર માટે અત્યંત આધુનિક હોસ્પિટલ, સિંહો માટેની એમ્બ્યુલન્સ અને સી.સી.ટી.વી. નેટવર્ક, સિંહો માટે મોટા પાયે રેડિયો કોલર, ક્ષેત્રીય સ્ટાફ માટે જીપીએસ સિસ્ટમ, ડ્રોન સિસ્ટમ અને એક આખું નવું શેત્રુંજી ડિવિઝન પણ રાજય સરકારે મંજૂર કર્યું તે બદલ માનનીય મુખ્યમંત્રી સાહેબનો આભાર માનું છું. કેવડીયામાં પ્રવાસીઓ જ્યારે ખૂબ આવી રહ્યા છે ત્યારે વન વિભાગ ત્યાં ફલાવર ઓફ વેલી, ફોરેસ્ટ મ્યુઝિયમ, આરોગ્ય વન, એકતા નર્સરી, વિશ્વ વન, કેકટસ ગાર્ડન, ન્યુટ્રિશિયન ગાર્ડન આ બધાનું આવનાર દિવસોમાં ખૂબ સારું પ્લાનીંગ કર્યું છે. સ્થાનિક લોકોને કેવડીયા ડેમમાં જે રોજગારી મળી છે એના કરતાં પણ આ સ્ટેચ્યુ ઓફ યુનિટી આવ્યા પછી એમની રોજગારીમાં ખૂબ વધારો થયો એ આપણા સૌના માટે ખૂબ સારી બાબત છે.

આદિવાસી સમાજ અને જંગલ એક બીજાથી પરંપરાગત રીતે જોડાયેલા છે આપણે એને કયારેય પણ જુદાં પાડી શકીએ નહીં. મને કહેતાં આનંદ થાય છે કે, ૩૪૨૫ જેટલી સહભાગી વન વ્યવસ્થા સમિતિઓ લગભગ ૧૪ લાખ સભ્યો આ

વન વિભાગનું રક્ષણ કરે છે. એમાંથી પ લાખ તો બહેનો સભ્યો છે. એટલે અમારા વન વિભાગ જેટલી જ કામગીરી અમારા આદિવાસી સમાજના ભાઇ–બહેનો પણ આ પર્યાવરણના રક્ષણ માટે અને સંસ્કૃતિ માટે કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી જે ત્રીજી માગણી છે એ મહિલા અને બાળ કલ્યાણ વિભાગની છે. સમગ્ર રાજ્યમાં મહિલાઓની સંખ્યા જ્યારે ૫૦ ટકા જેટલી હોય ત્યારે એમના માટેનું બજેટ પણ મહત્વનું બની જતું હોય છે. મને કહેતાં આનંદ થાય છે કે આ વખતે રૂ.૩૧૩૮/– કરોડ મહિલા અને બાળ કલ્યાણના વિકાસ માટેની હું આ માગણી લઇને આવ્યો છું. સમગ્ર ભારતમાં ગુજરાત જ એક એવું રાજ્ય છે કે જેમાં આંગણવાડીનું ગુણવત્તા સભર ભોજન બજારમાંથી ખરીદવાના બદલે સહકારી સંસ્થાઓ અને ડેરીઓ એમને આપણે તૈયાર કરી. તેની કવોલીટી જળવાય અને તેમના માટે અત્યંત આધુનિક કહી શકાય તેવા જર્મન ટેકનોલોજી મશીનો એમણે લગાડયા અને છેક આંગણવાડી સુધી આ દૂધ સંઘો હવે આ આંગણવાડીનું અનાજ પહોંચાડે છે. એ જ પ્રમાણે દર વર્ષે અનેક વિભાગોમાં ભેગા કરીએ તો બહેનો માટેનું જે જેન્ડર બજેટ છે એ આ જેન્ડર બજેટ એ પણ ખૂબ મોટું થાય છે. આ વખતે પણ રૂ.૬૩,૩૪૧/– કરોડની મહિલાલક્ષી યોજનાઓ આ બજેટમાં આવી છે અને લગભગ એમાં ૮૩૪ જેટલી યોજનાઓ છે, એમાંથી ૨૧૦ યોજનાઓ માત્રને માત્ર મહિલાઓ માટે છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને શ્રી નીતિનભાઇ પટેલ સાહેબને અગાઉ પણ અભિનંદન આપ્યા. આજે જ્યારે આ વિભાગની માગણી સાથે ફરી અભિનંદન આપું છું. કે વ્હાલી દીકરી જેવી યોજના તેઓ લઇને આવ્યા અને દિકરી પહેલા ધોરણમાં દાખલ થાય ત્યારે રૂ.૪,૦૦૦/–, નવમા ધોરણમાં દાખલ થાય ત્યારે રૂ.૧૦,૦૦૦/– અને દિકરી જ્યારે ૧૮ વર્ષની થાય ત્યારે એને ભણવા માટે કે લગ્ન માટે ૧ લાખ રૂપિયા ભારતીય જનતા પાર્ટીની સરકાર આપશે. આવી તો અનેક યોજનાઓ, અમારી પૂર્ણા યોજના છે, ટેક હોમ, રાશનની યોજના છે, દૂધ સંજીવની યોજના પણ અમે આંગણવાડીઓમાં ચલાવીએ છીએ. ત્યારે વિધવા સહાયની યોજનામાં પણ અમે ખૂબ વધારો કર્યો છે અને પ્રધાનમંત્રી માતૃ વંદના યોજનામાં પણ ગુજરાતના લોકોને ખૂબ લાભ આપ્યો છે. ત્યારે આ ગૃહના તમામ સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું કે આપની કાપ દરખાસ્તો પાછી ખેંચી અને બજેટની માગણી ગુજરાતના વિકાસ માટે છે, પર્યાવરણ માટે છે, મહિલા અને બાળ કલ્યાણ માટે છે તે માગણી વિના વિરોધે મંજૂર કરો તેવી નમ્ર વિનંતી છે.

શ્રી સૌરભ પટેલ (જળ સંપત્તિ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, જળ સંપત્તિ વિભાગની માગણી લઇને આ વિધાનસભા ગૃહમાં આવ્યો છું. ઘણા બધા સભ્યશ્રીઓએ પોતાના વિચારો રજૂ કર્યા છે. રાજયના વિકાસની અંદર આ વિભાગ ખૂબ અગત્યનો ભાગ ભજવી રહ્યો છે. મેં નાણા વિભાગના પ્રવચન વખતે કહ્યું હતું કે સર્વાંગી વિકાસ કરવો હોય તો જી.એસ.ડી.પી. અને ગ્રોથ રેટની અંદર દરેકની ભાગીદારી હોવી જ જોઇએ. અને એ વખતે એગ્રીકલ્ચર સેકટરની ભાગીદારી આપણી વર્ષોથી વધતી જાય છે. આ વધવાનું મુળ કારણ હોય તો આ વિભાગનું ઈરિગેશન મેનેજમેન્ટ છે અને એનું ઓબ્જેકટ શું છે! જેટલું પાણી આપણે ત્યાં આવે છે બહારથી આવતું હોય કે ગુજરાતની અંદરથી આવતું હોય તેની સારી રીતે વ્યવસ્થા ગોઠવે, સારો વહીવટ કરે અને દરેક વિસ્તારની અંદર પાણી પહોંચે એ એમનો મુખ્ય રોલ છે. બીજું, જયાં જયાં એને એક ઓપોર્ચ્યુનીટી દેખાય, તક દેખાય તો એ પાણીનો સંગ્રહ કેવી રીતે કરી શકાય, એ પાણીનું કોન્ઝર્વેશન કેવી રીતે કરી શકાય, એ આ વિભાગ કરતું આવ્યું છે અને એ કર્યા પછી સૌથી અગત્યનું તેને મેન્ટેનન્સ કરવાનું છે. એકે એક ટીપું પાણી દરેક જગ્યાએ પહોંચી અને બગાડ ન થાય તે જવાબદારી આ વિભાગ ઉપાડે છે. દરિયા કાંઠાના વિસ્તાર હોય તો કોસ્ટલ ઈરોઝન થતું હોય છે, એની કામગીરી કરે છે અને સેલીનીટી ઇન્ક્રીઝ હોય તો બંધારા બાંધવાનું કામ પણ આ વિભાગ કરતું આવ્યું છે. હું એની વિગતો આપું કે આ વિભાગ શું કામગીરી કરે છે અને શું કરવા જઇ રહ્યું છે! જે પાણી છે તેનું ડિસ્ટ્રીબ્યુશન જોવા જઇએ તો ગુજરાતમાં જુદું જુદું ડિસ્ટ્રીબ્યુશન છે, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ૬૯ ટકા અને નોર્થ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છની અંદર ૩૧ ટકા. એટલે દક્ષિણમાં વધારે છે, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રની અંદર ઓછું પ્રમાણ છે. આ ધ્યાને રાખીને એ લોકો યોજના બનાવે છે. એ યોજનાથી દરેક વિસ્તારની અંદર લાભ થાય એ પ્રમાણેની યોજના બનાવે છે. દા. ત. સૌની યોજના, તો રૂ.૧૮૮૦/– કરોડની આ વર્ષે જોગવાઇ છે કે જેથી સૌની યોજનામાં નર્મદાનું પાણી સૌરાષ્ટ્રની અંદર લઇ જઇ શકીએ. ઘણા બધા મિત્રોએ ટ્રાઇબલની વાત કરી, લિફ્ટ ઈરિગેશન દ્વારા ટ્રાઇબલમાં કેવી રીતે પાણી આપવામાં આવે તેના માટે રૂ.૯૨૦/– કરોડની યોજના છે અને ઉત્તર ગુજરાતમાં નોર્થ ગુજરાતને લિફ્ટ ઈરિગેશનમાં રૂ.૩૩૫/– કરોડની આ વખતે જોગવાઈ છે. રીનોવેશન અને મેન્ટેનન્સ માટે રૂ.૪૦૪/– કરોડની જોગવાઈ છે. આવી રીતે જુદી જુદી યોજનાઓ લઇ કુલ રૂ.૬૪૦૭/– કરોડ આ વર્ષે બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે. સારા મેનેજમેન્ટના કારણે સ્ટોરેજ ૨૦૧૮માં ૩૦ ઓકટોબરની દ્રષ્ટિએ સૌથી ઓછું હતું. ૨૦૧૩થી ૨૦૧૭ જોઇએ તો દરેક વર્ષે ૧૪૦૦૦ થી માંડીને ૧૨૦૦૦ એમ.સી.એમ. પાણીનું સ્ટોરેજ આપણા દરેક ડેમોની અંદર હતું. ૨૦૧૮ની અંદર માત્ર ૭૭૫૮ હતું. જે સૌથી ઓછું સ્ટોરેજ ઘણા વર્ષો પછી આવ્યું અને માત્ર ૪૯ ટકા સ્ટોરેજ હતું. તે છતાં પ્રોપર મેનેજમેન્ટના કારણે સાઉથ ગુજરાતમાં ઉકાઇ, સેન્ટ્રલ ગુજરાતમાં કડાણા, કરજણ, પાનમ અને નોર્થ ગુજરાતમાં ધરોઇ, સૌરાષ્ટ્રમાં નર્મદા આ બધાના કારણે આપણે પીવાના પાણીની પણ સારી વ્યવસ્થા ગોઠવી શક્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૧૮ વર્ષની અંદર સૌથી અગત્યનું હોય તો કેટલા હેકટરની અંદર તમે સિંચાઇ કરી. ૨૦૦૧માં મેજર, મિડિયમ અને માઇનોરનો કુલ ઈરીગેટેડ એરિયા ૧૬ લાખ હતો. જે આજે વધારીને ૩૫ લાખ કર્યો છે. અંદાજે ૨૦ લાખનો વધારો થયો છે. સુજલામ સુફલામ એ વખતે હતું નહીં. ૭૦ હજાર હેકટરનો સુજલામ સુફલામ દ્વારા કર્યો છે.

આપણે આદિવાસી વિસ્તારોમાં લિફ્ટ ઈરીગેશનની વાત કરીએ છીએ. તેમાં પહેલા ૬૭૫૦ હતું. અત્યારે વધીને ૧,૦૭,૦૦૦ થયું છે. આપ જોઇ શકો છો કે છેલ્લા ૧૮ વર્ષમાં કઇ સરકારોએ આદિવાસી પટ્ટાની ચિંતા કરી. સેલીનીટી ઇન્ગ્રેસમાં ૫૨,૦૦૦નું ૯૦,૦૦૦ થયું. એટલે ૩૭,૦૦૦ હેક્ટરનો આપણે વધારો કર્યો છે. બધા વિષય નહીં લઉં પણ ૩૮ લાખ હેક્ટરમાંથી આપણે ૭૦ લાખ હેક્ટરે પહોંચ્યા. ૩૧ લાખ હેક્ટરનો આમાં વધારો થયો છે. જુદા જુદા વિષયોમાં હતું. સૌની યોજનાની વાત કરું. ત્રણ મિલિયન એકર ફીટ પાણી આપવાનું હતું. તેમાં એક મિલિયન એકર ફીટ સૌરાષ્ટ્રમાં, એક મિલિયન એકર ફીટ નોર્થ ગુજરાત અને કચ્છમાં એક મિલિયન એકર ફીટ. જ્યારે નર્મદામાં પાણી વધારે હોય એટલે સૌની યોજનાની અંદર ૧૧૫ ડેમોમાં પાણી ભરવામાં આવે છે. પુરના પાણીનો ઉપયોગ કરીને સૌની યોજનાની અંદર ડેમો ભરી અને થોડો લાભ મળે એ પ્રમાણે ચાર લીંક કેનાલો કરી અને લીંકની ચારે કેનાલની અંદર આપણે જોવા જઇએ તો તેમાં ૨૩ ડેમો રાજકોટ જિલ્લાના, ૬ મોરબીના, ૧ ગીર સોમનાથનો, ૪ બોટાદના, ૨૫ જામનગરના, ૧૩ જૂનાગઢના, ૪ પોરબંદરના, ૧૦ ભાવનગરના, ૧૨ અમરેલીના, ૧૧ દેવભૂમિ દ્વારકાના અને ૬ સુરેન્દ્રનગરના. આમ ૧૧૫ ડેમોનું આખું પ્લાનીંગ કર્યું છે. કુલ ૧૩૭૧ કિલોમીટરની લંબાઇ થાય છે. એનાથી ૮ લાખ ૨૪ હજાર હેકટર જમીનને લીંક કેનાલ દ્વારા લાભ થાય છે.

અધ્યક્ષશ્રી : શ્રી વિરજીભાઇ, વિપક્ષમાં આવ્યા પછી સરકારનું સાંભળવું પડે. આપણે બધાએ બોલી લીધું. સાંભળો, હવે સરકાર બોલે છે.

શ્રી સૌરભ પટેલ : સૌની યોજના પછી હું ઉત્તર ગુજરાત માટે વાત કરું. સુજલામ સુફલામની વાત કરું તો ૧૪ પાઇપ લાઇનો નાખવાનું આયોજન હતું. તેમાં રૂ.૩૫૫૭/– કરોડના ૧૧ પાઇપ લાઇનોના કામ પૂરા થઇ ગયા છે અને બે પાઇપ લાઇનોના કામો અન્ડર પ્રોગ્રેસ છે. ઉત્તર ગુજરાતની વાત કરીએ તો પીયજ–ઉનડ પાઇપ લાઇનનું જે કામ છે તેમાં ત્રણ પંપીંગ સ્ટેશન પીયજ, બોરુ અને ભાડજ સાથે ૭૧ તળાવ અને ૪૪ ગામડાઓ ખાસ કરીને કલોલ, માણસા, વિજાપુર અને વડનગરની ૬ હજાર હેક્ટર જમીન પિયત કરવા માટેની આ યોજના છે. સરકારે થારડ એટલે મહાજનપુરા–સીપુની ૬૮ કિલોમીટરની પાઇપ લાઇન નાંખી છે. એમાં માંજલપુર, માંડવી અને રામસંગ ત્રણ પંપીંગ સ્ટેશન રૂ.૫૫૧/– કરોડના ખર્ચે બનાવેલ છે. જેનાથી ૩૯ ગામડાંના તળાવો ભરવામાં આવી રહ્યાં છે. થારડ, લાખાણી અને ડીસા તાલુકાનું ૬ હજાર હેક્ટર માટે આ યોજનાનું કામ ચાલુ છે. એકસટેન્શન ઓફ કરણનગર–ધાસુરા પાઇપ લાઇન. ૪૭ તળાવો, ૨૪ ગામડાં વિસનગર, વિજાપુર અને વડનગર. આ જે કરી તેમાં ૩,૦૦૦ હેકટરને તેનો સીધો લાભ મળવાનો છે. આજની તારીખ સુધીમાં નોર્થ ગુજરાતમાં ૧,૮૮,૦૦૦ મિલિયન કયુબીક મીટર નર્મદાનું પાણી પાઇપ લાઇનો દ્વારા આપવામાં આવ્યું છે. ખાસ કરીને મારે શ્રી અનિલ જોષિયારાજીને વાત કરવી છે કે માધવગઢ–રાયગઢની ૩૮ કિલોમીટર પાઇપ લાઇનના લિફ્ટ ઇરિગેશન કામની પણ આ વખતે મંજૂરી આપી દીધી છે અને એ કામ ચાલુ થશે. માધવપુરાનો જાલંદ્રા એરિયા છે તેમાં સરવેનું કામ ચાલુ છે. સરવેનું કામ પતશે એટલે પછી અરવલ્લી જિલ્લાને પણ તેનો ચોક્કસ લાભ મળશે. માનનીય અધ્યક્ષશ્રી, એટલે મેં ટૂંકમાં કીધું કે પિયજથી ઉના હોય, દાસણથી રેડ લક્ષ્મીપૂરા હોય, વરસંગથી ડભોડા, દીન્દ્રલથી મુકતેશ્વર, થારડથી સીપુ કસરાથી દાંતીવાડા હોય આ બધી જગ્યાઓમાં પાંચથી છ હજાર હેકટરમાં પાણી આપીને લાભ આપવાના છીએ. કચ્છમાં એક મિલિયન એકર ફીટ માટેનું આયોજન થઇ ગયું છે. સરન વીઝર હોય, southern link canalહોય, northern link canal હોય, high contour storage હોય, Extension of K.B.C. હોય Direct filling from KBC હોય, ૦.૯૩૬ મિલિયન એકર ફીટનું રૂ.૪૮૦૬/– કરોડનું સંપૂર્ણપણે આયોજન થવા જઇ રહ્યું છે. ટ્રાઇબલ એરીયામાં ઘણા બધા મિત્રોએ ચિંતા વ્યકત કરી એટલે લિફ્ટ ઇરિગેશનની હું વાત કરું. કડાણા, દાહોદ, લિફ્ટ ઇરિગેશન સ્કીમની અંદર ખાસ કરીને માનનીય ધારાસભ્યશ્રી બલરાજસિંહે વાત કરી. એનું પાટાડુંગારી, મછાનાલા, ઉમરનાલા આમાં જે તાલુકાને લાભ થાય છે એમાં ઝાલોદ, ગરબાડા, કાનપુર, દેવગઢબારીયા, ફતેપુર, દાહોદની દસ હજાર હેકટર જમીનને પીયતની કામગીરી આ ઓકટોબર ૨૦૧૯ સુધીમાં કામ પૂર્ણ થશે એ પ્રમાણેની વ્યવસ્થા ગોઠવી છે. એવી જ રીતે કરજણ, વાડી લિફ્ટ ઈરીગેશન સ્કીમ છે. એમાં પણ નાંદોદ, માંગરોળ, ઝઘડીયા, વાલીયા અને નેત્રંગ તાલુકાની સાડા સાત હજાર હેક્ટર જમીનને પિયત કરવાની કામગીરી ડીસેમ્બર ૨૦૧૯ સુધીમાં પૂર્ણ થશે. એની અંદર નર્મદા જિલ્લો હોય કે સુરત હોય આ લોકોને લિફ્ટ ઈરીગેશનનો લાભ આપવા જઇ રહ્યા છીએ. કાકરાપાર–ગોધરાવડની લિફ્ટ ઈરીગેશનની સ્કીમ તા.માંડવી, જિ.સુરતમાં રૂ.૫૧૧ કરોડના ખર્ચે કરીશું. આ બે પંમ્પીંગ સ્ટેશન જયારે કરીશું ત્યારે ૧૫,૪૬૫ હેકટરમાં ૫૧ ગામડા અને ૮૯ ટ્રાઇબલ ગામડાને લાભ મળવાનો છે. આ ૨૦૧૯–૨૦ની અંદર રૂ.૨૬૦/– કરોડના બજેટનું પ્રોવિઝન કરવામાં આવ્યું છે અને ૨૦૨૦ સુધીમાં આ સંપૂર્ણપણે પ્રોજેકટ પૂર્ણ કરવાનું વિભાગે આયોજન કર્યું છે. આ ઉપરાંત સોનગઢ, ઉચ્છલ, નિઝર, તાપીની અંદર કોઇ ફેસિલીટી નથી. ત્યાં વરસાદ ઘણો પડે છે પણ ખૂબ મોટા હીલી એરીયા છે એટલે મેજર લિફ્ટ ઈરીગેશનનું તાપી ડીસ્ટ્રીકટની અંદર આયોજન કરીએ છીએ. આ રૂપિયા ૯૬૨/– કરોડનું આયોજન છે. ૩ લિફ્ટ ઈરીગેશન સ્કીમ તાલુકા સોનગઢ, ઉચ્છલ, નીઝર અને કુકરમુંડા જિ. તાપીને લાભ થાય એ પ્રમાણેની આ આખી યોજના બની છે. એટલે વધારે વરસાદ પડતો હોવા છતાં કોઇ પાણીનો સંગ્રહ થતો નથી એટલે લિફ્ટ ઈરીગેશન કરી અને અમે આ કામગીરી કરી છે. એટલે આદિવાસી પટ્ટાની અંદર આદિવાસી વિસ્તારની અંદર અને ખાસ કરીને મારે બધા સભ્યશ્રીઓને કહેવું છે કે માત્ર આ સ્કીમો નહીં પરંતુ આખા અંબાજીથી ઉમરગામ સુધીના પટ્ટાની અંદર આપણે આ કામ કરી રહ્યા છીએ. આ ઉપરાંત ઈરિગેશન વોટર કન્ઝર્વેશનના પણ કામ રીવર કેનાલ reservoirનું કામ કરીએ છીએ. સુજલામ સુફલામ અભિયાનની અંદર આપણે જાણીએ છીએ કે આખી સરકાર જોડાઇ છે.

એન.જી.ઓ.થી માંડીને religious trusts, શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી કંપનીઓ, વ્યક્તિઓ, ગામના આગેવાનો બધા જોડાઇ અને આખા રાજ્યની અંદર તળાવો ઊંડા કરવામાં આવ્યા છે. ચેકડેમોથી માંડીને આખી યોજના ઉપાડી છે. આ બીજા વર્ષની અંદર ખૂબ સારી સફળતા મળી છે. સ્ટેટ લેવલ ઉપર આખું આયોજન કરાયું છે. સી.એસ.થી માંડીને કલેક્ટર સુધી બધા ગોઠવણ કરે છે. આ વખતે આમાં પણ ખૂબ મોટું બજેટ ફાળવવામાં આવ્યું છે. કોસ્ટલ એરીયામાં આપણે રૂ.૩૪૨/– કરોડના ખર્ચે ટાઇડલ રીચાર્જ પ્રોજેક્ટ નવસારીની અંદર લીધેલો છે. આ salinity ingressના રીચાર્જ માટે સઘન ગુજરાતમાં આ કામ લીધેલું છે. આના કારણે સ્ટોરેજ કેપેસીટી 2.77 MCM વધશે. ૮૦૦ હેક્ટરને આનો લાભ થવાનો છે. સઘન બંધારા ઉમરગામની અંદર પણ લીધેલું છે. આ ૧.૨૫ MCM નું કામ થશે. કલ્પસરની પણ આપણે કામગીરી કરતા આવ્યા છીએ. કલ્પસરની અંદર પણ બજેટની અંદર ૨૫ સ્ટડીઝ કમ્પલીટ થઇ ગયા છે. ૮ સ્ટડીઝ under પ્રોગ્રેસ છે. રૂ.૪૦/– કરોડનું બજેટ પ્રોવિઝન ગણ્યું છે. ભાડભૂત બૅરેજની વાત કરું તો ભાડભૂત બૅરેજ tender stage ઉપર છે. રૂ.૪૪૩૭/– કરોડની પ્રોજેક્ટ કોસ્ટ છે અને ૪.૫ વર્ષની અંદર કમ્પ્લીટ કરવાનું આયોજન છે. આના માટે રૂ.૧૩૦/– કરોડનું બજેટ પ્રોવિઝન છે. આ ભાડભૂત યોજનાના કારણે એ વિસ્તારને ખૂબ મોટો લાભ થવાનો છે. ઘણા વર્ષોથી લોકોની માગણી છે એ દરિયાનું ખારું પાણી બંધ થશે. ઘણા બધા સભ્યશ્રીઓએ પોતાની રજૂઆત કરી છે. બે–ત્રણ વિષયની વાત મારે કરવી છે. શ્રી જીતુભાઇએ વાત કરી કે વલસાડમાં ચેકડેમના કામો થતા નથી. સભ્યશ્રીને કહેવું છે કે મોટા ૯૧ ચેકડેમો અને નાના ૯૧૨ ચેકડેમો મળીને કુલ ૯૬૩ ચેકડેમો ધરમપુરમાં કરવામાં આવ્યા છે અને એની અંદર કુલ ૩૭૭૫ હેક્ટરને ૪૦૭ એમ.સી.એમ.ટી. પાણીનો લાભ થવાનો છે. કપરાડામાં મોટા ૫૫ ચેકડેમો અને નાના ૬૪૭ એ પ્રમાણેના કામો કરેલા છે. એરિયા પર્વતાળ હોવા છતાં આ કામો કર્યા છે. લાર્જ ઇરિગેશનની શક્યતા ખૂબ ઓછી છે. શ્રી લલીતભાઇએ ચેકડેમોના રિપેરીંગની વાત કરી. એમણે કહ્યું કે રિપેરીંગ થતું નથી. ૨૦૧૭–૧૮માં ૨૫૪૯ ચેકડેમોનું રિપેરીંગ કરવામાં આવ્યું હતું અને એની પાછળ કુલ રૂ.૩૫ કરોડ ૯૩ લાખનો ખર્ચ કર્યો છે. માનનીય લલીતભાઇ, આપના વિસ્તારમાં અમરેલીના આંકડા આપી શકું છું. અમરેલીમાં ૨૦૧૭–૧૮માં ૧૩૩ ચેકડેમો રિપેર કરવામાં આવ્યા છે અને રૂ.૨ કરોડ ૭૨ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. કુલ ૧૦૪૦ ચેકડેમોના અત્યાર સુધીના રિપેરીંગના કામો અમરેલી જિલ્લામાં કરવામાં આવેલા છે. ઘણા બધા મિત્રો કમાન્ડ એરિયાની વાત કરે છે અને એમાં ખાસ કરીને કોંગ્રેસના મિત્રો, શ્રી લલીતભાઇએ વાત કરી કે કમાન્ડ એરિયામાં પાણી પહોંચતા નથી. પાણી ન પહોંચવાના ઘણા કારણો હોય છે. વરસાદ ઓછો પડે ત્યારે પાણી પૂરતા પ્રમાણમાં આપી શકતા નથી. પીવાના પાણી માટેની આપણે વ્યવસ્થા કરવી પડે. દા.ત. એમણે ડેમની વાત કરી કે ૨૨ હજાર હેક્ટરમાં વ્યવસ્થા છે અને ૧૪,૫૦૦ હેક્ટરમાં જ પિયત આપી શકીએ છીએ. એનું કારણ એ છે કે આપણે ચાર શહેરો માટે રાજકોટ અને ગોંડલ માટે પીવાના પાણી માટેનું રિઝર્વેશન રાખીએ છીએ. બીજું, ખેડૂતોની પેટર્ન બદલાઇ છે. જે દિવસે નક્કી કર્યું હોય ત્યારે જુદું હોય અને અત્યારે ક્રોપીંગ પેટર્ન બદલાઇ છે. એટલે પાણીની વ્યવસ્થા બદલાઇ અને એટલે આપણે સંપૂર્ણપણે કરી શકતા નથી. શ્રી અનિલભાઇએ વાત કરી, સુજલામ સુફલામ દ્વારા એમના વિસ્તારમાં પાણી આપવામાં આવે. મહેસાણા ધરોઇથી એમને પાણી આપવામાં આવે છે. મહેસાણાથી પાણી આપવામાં આવે છે. એમના ડેમોમાંથી પાણી આપવામાં આવે છે. નર્મદાનું પાણી હાથમતિ પાઇપ લાઇન દ્વારા આપવાનું ઓપરેશનલ છે. આદિવાસી સિંચાઇમાં શ્રી સુખરામભાઇએ વાત કરી. આટલી વ્યવસ્થા ગોઠવાઇ ગઇ છે અને આનાથી વધારે વ્યવસ્થા ગોઠવવા માગીએ છીએ. આજની તારીખમાં ગુજરાતનો કોઇપણ વિસ્તાર હોય, દક્ષિણ હોય, આદિવાસી પટ્ટો હોય, સૌરાષ્ટ્રની કોસ્ટલ લાઇન હોય, ઉત્તર ગુજરાત હોય, સૌરાષ્ટ્રનો મધ્ય ભાગ હોય આપણે પાણીની વ્યવસ્થા સારી રીતે ગોઠવીને પાણી પહોંચાડવાની કોશિશ કરી છે અને એના કારણે રાજ્યનો વિકાસ થઇ રહ્યો છે. સભ્યશ્રીઓને વિનંતી કરું કે તેઓએ કાપ દરખાસ્ત મૂકી છે એ પાછી ખેંચી લે અને માગણીઓ છે એ સર્વાનુમતે પસાર કરે એવી વિનંતી છે.

ડો. અનિલ જોષિયારા : મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે એમણે જાતિના દાખલા માટે ૨૦૦૧માં અભિપ્રાય મગાવ્યો એ ત્રણ વર્ષ બાદ ૨૦૦૪માં આવ્યો. જે તા. ૨૯–૧૦–૧૯૫૬નો કાયદો છે અને રાષ્ટ્રપતિએ જાહેરનામું આપ્યું છે એના વિરુદ્ધમાં જઇને જ્યારે કોઇપણ અધિકારી નિર્ણય કરતા હોય તો તમે માન્ય રાખશો કે કેમ? અને આ અભિપ્રાય માગવા માટે સરકારે નક્કી કર્યું હતું કે કોઇ અધિકારીએ આ માહિતી માગી હતી? બીજું, આના કારણે શું મુશ્કેલી થાય છે કે, તમે કીધું કે મેડિકલની સિટો ભરાઇ ગઇ છે. ૧૧૪ સીટો આવા ખોટા દાખલાના લીધે ભરાઇ ગઇ છે એને લીધે નુકસાન જાય છે. બીજું, મારો પ્રશ્ન એ છે કે, (અંતરાય)

અધ્યક્ષશ્રી : પાંચ પ્રશ્નો ના હોય. (અંતરાય)

ડો. અનિલ જોષિયારા : ૧૧ લાખ ૬૦ હજાર ૮૫૭ એકર જમીન આપી. આખા ગુજરાતની ટ્રાઇબલ પટીની જમીન છે એ સાડા એકત્રીસ લાખ હેક્ટર જેટલી જમીન છે. તમે આટલી જમીન આપી છે તો મોટાભાગની જમીનો અપાઇ ગઇ કહેવાય. ખાસ કરીને સ્મશાન માટે જમીનની સામૂહિક માગણી છે એ તમે આપતા નથી તો એના માટે જોગવાઇ કરવા માગો છો કે કેમ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી જોષિયારાજીનો પ્રશ્ન છે એમાં ભારત સરકારે માળખાગત સુવિધા આપવા માટે ગાઇડ લાઇન નક્કી કરેલી છે. એક તો શાળા, દવાખાના–હોસ્પિટલ, વ્યાજબી ભાવની દુકાન, જી.ઇ.બી., તળાવ અને નાના જળાશય, પાણી પુરવઠાની પાઇપ લાઇન માટે, સિંચાઇ માટે, બિન–પરંપરાગત ઊર્જા માટે, કૌશલ્ય વિકાસ માટે, રસ્તા માટે અને સામૂહિક કેન્દ્ર માટે જમીન આપી શકાય. આ ભારત સરકારની ગાઇડ લાઇન છે એમાં ગુજરાત સરકાર કોઇ ફેરફાર કરીને સ્મશાન માટે આપી શકે નહીં. (અંતરાય)

ડો. અનિલ જોષિયારા : મારો જાતિના દાખલા બાબતનો જવાબ બાકી રહી ગયો છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી જોષિયારાજીનો જાતિના દાખલા બાબતનો પ્રશ્ન છે. જ્યારે ૧૯૫૬માં જે આ જ્ઞાતિઓને ટ્રાઇબલમાં સમાવવામાં આવી અને દાખલા આપવાનું સતત ચાલુ રહ્યું અને પછી ધીરે ધીરે વિવાદો શરૂ થયા કે જે ભાઇ અંદર રહે છે એને જ આપવું કે બહાર એના પરિવાર નીકળી ગયા છે એને આપવું કે નહીં આપવું. એ બાબતનો વિવાદ ચાલ્યો એટલે ગુજરાત સરકારે કોને આપવું કે ના આપવું એ એનો અધિકાર નથી. એટલે ગુજરાત સરકારે પછી ભારત સરકારમાં માર્ગદર્શન માગ્યું અને ભારત સરકારે પછી કાયદા વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ આ અમને ૨૦૦૫માં માર્ગદર્શન આપ્યું કે એના પરિવારજનો બહાર ગયા હોય તો પણ એને આપવું પડે. એકવાર આદિવાસી ગણ્યા છે એટલે આપવું પડે.

અધ્યક્ષશ્રી : તમારે કઇ બાબતમાં પ્રશ્ન છે? એકદમ ટૂંકમાં મારી પાસે સમય ઓછો છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ અમરેલીના ચેકડેમ રિપેર કરવાની વાત કરી શક્ય હોય તો ટેબલ ઉપર લિસ્ટ મૂકવું અને સાથણી સિંચાઇ યોજના માટે ખેડૂતોએ સંમતિ આપી છે તો સરકારશ્રીનું કેટલા સમયમાં સાથણી સિંચાઇ યોજના બનાવવાનું આયોજન છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ચેકડેમોની જે વાત કરી એમાં કયા કયા ચેકડેમો રિપેર કરવાના છે એ યાદી સભ્યશ્રીને મોકલી આપીશ અને બીજું સૂચન છે અને બજેટમાં જોગવાઇ પ્રમાણે અને આયોજન પ્રમાણે હાથ પર લઇશું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે શ્રી વિરજીભાઇએ સૂચન નથી કર્યું. ત્રણ વખત આપણે ત્રિકમ પછાડ્યા, ખાતમુહૂર્ત કર્યા, એની વહીવટી મંજૂરીના પત્ર પણ ચૂંટણી પહેલા પ્રસિદ્ધ કર્યા. સાથણી સિંચાઇ યોજનાની વહીવટી મંજૂરી આપી દીધી છે કે કેમ? જો વહીવટી મંજૂરી આપી દીધી હોય તો ઘટતા નાણાં આ વખતે બજેટમાં ફાળવી અને એનો પાયો ખોદાય અને યોજના પૂરી થાય એવી એમની લાગણી છે એટલે મંત્રીશ્રીને વિનંતી છે કે આ વર્ષે સાથણી માટે બજેટ ફાળવીને કામ હાથ ઉપર લે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાએ જે વાત કરી એમાં એડમિનિસ્ટ્રેટીવ એપ્રુવલ અપાઇ ગઇ છે અને લેન્ડ એક્વીઝેશન પ્રોસેસ અત્યારે ચાલે છે અને આ પૂર્ણ થશે એટલે ટેન્ડર કરીને બીડો ફાળવવામાં આવશે.

કાપદરખાસ્ત ક્રમાંક – ૮, ૧૦, ૧૧, ૧૩, ૧૪, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૩૬, ૩૮, ૪૦, ૪૩, ૪૫, ૪૮, ૫૧, ૫૩ અને ૫૪ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

**માગણી ક્રમાંક– ૬૬, ૫૧, ૯૩, ૯૬, ૨૬, અને ૧૦૫ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહની પ્રથમ બેઠકનું કામકાજ બપોરના ૧–૫૫ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બપોરના ૩–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**

**મંગળવાર, તા. ૧૬મી જુલાઇ, ૨૦૧૯**
**આષાઢ ૨૫, ૧૯૪૧ શાકે**
**બીજી બેઠક**

**સભાગૃહ બપોરના ૩–૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

ટૂંકી મુદતનો પ્રશ્ન

જૂનાગઢ જિલ્લામાં મધ્યાહ્ન ભોજનના કેન્દ્રો બંધ થવા બાબત

* ૧૬ શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–

(૧)તાજેતરમાં જૂનાગઢ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં મધ્યાહ્ન ભોજન યોજનાના ૭૦ જેટલા કર્મચારીઓને છેલ્લા ચાર માસથી પગાર મળેલ નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો પગાર ન મળવાના કારણો શા છે? અને મધ્યાહ્ન ભોજન કેન્દ્રો બંધ થવાથી શાળાના હજારો બાળકોને ભૂખ્યા રહેવું પડે છે તે નિવારવા સરકારે શાં પગલાં લીધાં?

માનનીય મંત્રીશ્રીઃ–

(૧) ના.જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો એમાં ના.જી.અને બીજામાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જૂનાગઢ જિલ્લામાં ઘણા સમય સુધી મધ્યાહ્નન ભોજન યોજનાના કેન્દ્રો ઘણા સમય સુધી બંધ રહ્યા એને કારણે સમગ્ર જિલ્લામાં ઉહાપોહ થયો અને એ વિગતો મેં જાણી એક ધારાસભ્ય તરીકે, પદાધિકારી તરીકે મેં વિગતો મેળવી ત્યારે પગાર ન મળવાને કારણે આ લોકોએ મધ્યાહ્ન ભોજન યોજનાના કેન્દ્રો બંધ રાખ્યા હતા અને એટલા માટે આ પ્રશ્ન પૂછ્યો છે. તો મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે છેલ્લે મધ્યાહ્ન ભોજન યોજનાના જે કર્મચારીઓ છે એમને છેલ્લે કઇ તારીખે પગાર ચૂકવવામાં આવ્યો છે? અને આજે પણ માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે જિલ્લાના બીજા તાલુકાઓમાં પણ હજી પગાર ચૂકવવાના આજે પણ બાકી છે. એટલે આને રાજકીય કોઇ અવલોકન હું કરતો નથી પણ વાસ્તવિકતા જે છે અને કેન્દ્ર બંધ રહે તો ઓવર ઓલ તો બાળકોને નુકસાન થાય છે એટલે જે હકીકત છે એનો સ્વીકાર કરીને બાકી છે એને વહેલી તકે ચૂકવી દેવામાં આવે અને જૂનાગઢ જિલ્લાની અંદર કઇ તારીખે આપણે છેલ્લે પગાર ચૂકવ્યો છે એ માનનીય મંત્રીશ્રી વિગતો આપે.

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એ પ્રશ્નના અનુસંધાને એમણે ચાર મહિનાની વાત કરી પરંતુ નવી સિસ્ટમ દાખલ કરવાને કારણે માર્ચ મહિના જે ૨૦૧૯ નો પગાર ચૂકવવાપાત્ર એપ્રિલ–૨૦૧૯માં થાય. એપ્રિલ–૨૦૧૯નો પગાર ચૂકવવાપાત્ર મે–૨૦૧૯માં થાય અને વેકેશનના મે મહિનાના ચાર દિવસ એટલે કે બે મહિના અને ચાર દિવસ પૂરતો પગાર ચૂકવવામાં થોડુંક મોડું થયેલું અને આ બે મહિના અને ચાર દિવસના પગારનું ચૂકવણું આજે ૧૬મી તારીખ છે એને બીજી તારીખે ડેપ્યુટી કલેકટર એમ.ડી.એમ. જૂનાગઢના ખાતામાં અહીંથી પૈસા સંપૂર્ણપણે જમા થઇ ગયા છે અને તા.૯–૭–૨૦૧૯ના દિવસે તમામ સંચાલકોના ખાતામાં આ પૈસા જમા થઇ ગયા છે. એક પણ દિવસ કેન્દ્રની અંદર બાળકોને ભોજનથી વંચિત રહેવું પડયું હોય એવું બન્યું નથી એટલે કેન્દ્ર કોઇપણ બંધ રહ્યું નથી કે બાળકો પણ વંચિત રહ્યા નથી એ બાબત માનનીય સભ્યશ્રીના ધ્યાન ઉપર મૂકવા માગું છું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે એસ.ડી.એમ.ના ખાતામાં જમા કરાવી દીધા છે તો આપણે અહીંથી ગ્રાન્ટ કયારે રીલીઝ કરી?

શ્રીમતી વિભાવરી દવે : અહીંથી બે તારીખે જૂનાગઢમાં જમા કરાવી છે. બીજું, હું સભ્યશ્રીને એ પણ જણાવું, થોડી વધારે માહિતી આપું કે આપણે અત્યાર સુધી કેન્દ્ર સરકારની અંદર જયારે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ ડીઝીટલ ઇન્ડીયાની જે શરૂઆત કરી છે એના કારણે અગાઉની જે સિસ્ટમ હતી આઇ.એફ.એમ.એસ. એટલે કે ઇન્ટીગ્રેટેડ ફાઇનાન્શીયલ મેનેજમેન્ટ સિસ્ટમ એને બદલે પી.એફ.એમ.એસ. પબ્લીક ફાઇનાન્શીયલ મેનેજમેન્ટ સિસ્ટમ આ અમલમાં લીધી છે એટલે કે સંચાલકોના ખાતામાં ડાયરેકટ પૈસા જમા થાય અને આ સિસ્ટમના કારણે સૌથી મોટો લાભ પણ સંચાલકોને થવાનો છે. જૂની સિસ્ટમને કારણે ૨૦થી ૨૨ દિવસ સંચાલકોને પૈસા મેળવવા બેંકના ધકકા ખાવા પડતા, ઓફિસોના ધકકા ખાવા પડતા એને બદલે આ નવી સિસ્ટમ આવવાથી કોઇપણ બેંકના કે ઓફિસના ધકકા ખાવા નહીં પડે, સંચાલકોના એકાઉન્ટમાં ડાયરેકટ જમા થઇ જશે. આ તદ્દન નવી સિસ્ટમ હોવાને કારણે ટ્રાન્ઝેક્શન પિરિયડમાં થોડો સમય લાગતો હોય, બજેટની અંદર આ મૂકવામાં આવ્યું હોય અને પછીનો સમય એટલે બે મહિના અને ચાર દિવસનો માત્ર છે એટલે હું માનું છું કે સભ્યશ્રીને સંતોષ થશે.

અધ્યક્ષશ્રી : આવી ગયું.

## તારાંકિત પ્રશ્નો

### અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ફી રેગ્યુલેટરી કમિટીમાં ફી બાબતે ફરિયાદો

* ૧૭૪૦૯ **ડૉ.સી.જે.ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા કરવામાં આવેલ હુકમોનું ઉલ્લંઘન કરીને ઉંચી ફી ઉઘરાવવામાં આવતી હોવાની કેટલી ફરિયાદો છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મળી,

**જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા કરવામાં આવેલ હુકમોનું ઉલ્લંઘન કરીને ઊંચી ફી ઉઘરાવવાની આવતી હોવાની છેલ્લા બે વર્ષની વર્ષવાર ફરિયાદોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | વર્ષ | ફરિયાદની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૦૧૭–૧૮ | ૦૦ |
| | | ૨૦૧૮–૧૯ | ૨૮ |
| ૨ | ગાંધીનગર | ૨૦૧૭–૧૮ | ૦૦ |
| | | ૨૦૧૮–૧૯ | ૨૧ |

(૨) તે અન્વયે કેટલી શાળાના સંચાલક સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) સામેલ **પત્રક–અ** મુજબ.

(૩) ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા ઉક્ત શાળાની કેટલી ફી મંજૂર કરવામાં આવેલ અને સંચાલકો દ્વારા કેટલી ફી ઉઘરાવવામાં આવેલ ?

(૩) સામેલ **પત્રક–બ** મુજબ.

(પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, એફ.આર.સી.ની બાબતમાં સુપ્રીમ કોર્ટમાં પણ કેસ ચાલે છે એટલે કોઇ ટીકા–ટિપ્પણ કરતો નથી પણ (અંતરાય)...

અધ્યક્ષશ્રી : આભાર આપનો જો આવું જ હોય તો. સપ્રીમ કોર્ટમાં કેસ ચાલે છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : હા સાહેબ. ચાલે છે.

અધ્યક્ષશ્રી : એને નુકસાન ન પહોંચે એવી રીતે કહેજો.

ડો. સી. જે. ચાવડા : ફક્ત એટલું જ કહેવું છે કે એફ.આર.સી. કમિટીએ જે ફી નકકી કરી એના કારણે ગુજરાતની જે પ્રાઇવેટ સ્કૂલો હતી જે ઓછી ફી લેતી હતી એ પણ વધારે ફી લેતી થઇ અને જે મર્યાદા નકકી કરી એના કરતા પણ કેટલીક સ્કૂલોએ વધારે ફી લેવાનું ચાલુ કર્યું એટલે વાલીઓમાં ઉહાપોહ થયો, ફરિયાદો મળી એના અનુસંધાને સરકારે તપાસ પણ કરી છે. તો એવાં સામે પગલાં લેવાં માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, વધારે ચર્ચા એટલા માટે નથી કરતો..

અધ્યક્ષશ્રી : આપણે કરતા નથી. હું જ કરવા નહિ દઉં.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : થેંક યુ સાહેબ, ઓછી લેતા હતા. અમણે કટ ઓફ એમાઉન્ટથી વધારે લેવાની શરત કરી. એવી કોઇપણ ફરિયાદ અમને કોઇ મળવા નથી આવ્યું. કોઇ આવ્યું હશે તો સીધી સૂચના એફ.આર.સી. ને છે કે એ કેસની વિગતો જાણે છે એ તપાસ કરીને યોગ્ય પગલાં પણ ભરે છે.

અધ્યક્ષશ્રી : સુપ્રીમ કોર્ટમાં મેટર પેન્ડિંગ છે. આમાં નહીં.

### દાહોદ જિલ્લામાં ટ્રાયબલ સબ પ્લાન હેઠળ ગ્રાન્ટ

*૧૬૦૮૮ **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં ટ્રાયબલ સબ પ્લાન હેઠળ કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે,

**જવાબ**

(૧)

| અ.નં. | વર્ષ | રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૮–૧૯ | ૧૫૭૫૪.૯૯ |
| ૨ | ૨૦૧૯–૨૦ (૩૧–૦૫–૧૯ની સ્થિતિએ) | ૦૦ |

(૨) ફાળવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો અને કેટલી રકમ વણવપરાયેલ રહી, અને

(૨)

| અ.નં. | વર્ષ | ખર્ચ રૂ.(લાખમાં) | વણવપરાયેલ રૂ.(લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૮–૧૯ | ૧૧૧૯૨.૪૫ | ૪૫૬૨.૫૪ |

| | | | |
|---|---|---|---|
| ૨ | ૨૦૧૯–૨૦ (૩૧–૫–૧૯ની સ્થિતિએ) | ૦૦ | ૦૦ |

(૩) જો રકમ વણવપરાયેલ રહી હોય તો તેના કારણો શું છે ?

(૩)

| અ.નં. | વર્ષ | કારણ |
|---|---|---|
| ૧ | ૨૦૧૮–૧૯ | આદર્શ આચાર સંહિતાના કારણે |

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે તા. ૧–૪–૧૮ થી તા. ૩૧–૩–૨૦૧૯ સુધીમાં ગત ચૂંટણીના લીધે રૂપિયા ૪૫ કરોડ ૨૨ લાખ ૫૪ હજાર વાપર્યા નહિ? બીજો મારો પ્રશ્ન એ છે કે તા. ૧–૪–૨૦૧૮થી વણવપરાયેલી ગ્રાન્ટનાં કામના વર્ક ઓર્ડર આપવામાં આવ્યા છે કે નહિ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દાહોદ જિલ્લાની ગ્રાન્ટની વાત કરીએ તો ૨૦૧૮–૧૯માં રૂ.૧૫૭ કરોડ ૫૪ લાખ ૯૯ હજાર જેટલી રાજ્ય સરકાર દ્વારા અલગ અલગ સદરે ગ્રાન્ટો ફાળવવામાં આવી. એ પૈકી રૂ.૧૧૧ કરોડ ૯૨ લાખ ૪૫ હજારનાં કામો પૂર્ણ કરવામાં આવ્યાં અને આ જે ગ્રાન્ટ છે એ માર્ચ મહિનામાં જ રિલિઝ કરવામાં આવી હતી અને ત્યારબાદ લોકસભાની ચૂંટણીના કારણે આચારસંહિતા હોવાના કારણે અમે વાપરી શક્યા નહોતા.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનો પ્રશ્ન ખૂબ સ્પષ્ટ હતો. માનનીય મંત્રીશ્રીએ જણાવ્યા મુજબ દાહોદ જિલ્લામાં ટ્રાયબલ સબ પ્લાન હેઠળ રૂપિયા ૧૧૧૯૨/– લાખ ફાળવ્યા, એમાંથી ૪૦ ટકા જેટલી રકમ વણવપરાયેલ પડી હતી. આ ૨૦૧૮–૧૯નો પ્રશ્ન છે, એટલે તા.૩૧ માર્ચ ૨૦૧૯ એ વર્ષ પૂરું થઇ જાય, એટલે માનનીય મંત્રીશ્રી જણાવવા કૃપા કરે કે આખા વર્ષમાં ચૂંટણી તા.૩૧મી માર્ચ પછી આવી. આ એ પહેલા ૪૦ ટકા કરતા વધુ રકમ ટ્રાયબલ સબ પ્લાનની વણવપરાયેલી પડી છે એનાં કારણો શાં છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : મને લાગે છે કે વિપક્ષના નેતાશ્રી મારો જવાબ સમજી શક્યા નથી. મેં એમ કહ્યું સમગ્ર વર્ષમાં રૂપિયા ૧૫૭ કરોડ ૫૪ લાખ ૯૯ હજાર ફાળવવામાં આવ્યા, એમાંથી રૂપિયા૧૧૧ કરોડ ૯૨ લાખ ૪૫ હજારનાં કામો થઇ ગયા, એટલે કે ૭૧ ટકા કામગીરી થઇ ગઇ અને છેલ્લે માર્ચ મહિનામાં પૈસા આપ્યા એ પૈસા વાપરવાના બાકી હતા. માત્ર ૨૯ ટકા કામ બાકી હતાં.

શ્રી શૈલેષભાઇ સુ. ભાભોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ટ્રાયબલ સબ પ્લાન યોજનાની શરૂઆત કયાંરથી થયેલ છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી સમાજના વિકાસ માટે રાજ્ય સરકાર ખૂબ કામ કરી રહી છે. માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે કે ટ્રાયબલ સબ પ્લાનનો મુખ્ય ઉદેશ શું છે? આદિજાતિ પેટા યોજનાના મુખ્ય ઉદેશ આદિવાસી વિસ્તારમાં વિકાસ થાય. સિંચાઇ, કૃષિ, પશુપાલન, રસ્તા, શિક્ષણ, આરોગ્ય, આવાસ અને આવી યોજનાઓ થકી આદિવાસી સમાજનો વિકાસ થાય એ મુખ્ય ઉદેશ છે. આ યોજના ૧૯૭૬ થી ચાલતી આવી છે.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, તા.૩૧–૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સદરવાઇઝ કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી અને ફાળવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો જવાબ થોડો લાંબો થશે.

અધ્યક્ષશ્રી : ના કરતા.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર માહિતી આપું તો. પરંતુ મેં કહ્યું તે પ્રમાણે ટોટલ જે ગ્રાન્ટ આપવામાં આવી તેમાં માત્ર મેં અહીં વાત કરી એટલી જ ગ્રાન્ટ વાપરવાની બાકી છે અને બાકીની તમામ ગ્રાન્ટ વાપરવામાં આવી છે.

શ્રી અરવિંદ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, દાહોદ જિલ્લાને ફાળવેલી ગ્રાન્ટનો પૂરેપૂરો ઉપયોગ થાય તે માટે શું કાર્યવાહી કરવામાં આવી?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં પૂરેપૂરી ગ્રાન્ટ વપરાય તેના માટે રાજય સરકાર પૂરેપૂરા પ્રયત્નો કરે છે. પ્રાયોજના વહીવટદારના લેવલે ચાર વખત બેઠક થઇ, કલેકટરશ્રીના લેવલે બે વખત બેઠક થઇ. હું દાહોદ જિલ્લાનો પ્રભારી મંત્રી છું અને આદિજાતિ વિભાગ પણ મારી પાસે છે એટલે મારા લેવલે બે વખત બેઠક થઇ છે.

શ્રી ભાવેશભાઇ બા. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, મારા મત વિસ્તારમાં બોર્ડર વિલેજની ગ્રાન્ટ કયા કયા ગામોમાં ફાળવવામાં આવી અને કયા પ્રકારના કામો તેમાં હાથ ધરવામાં આવ્યા. બોર્ડર વિલેજની ગ્રાન્ટ અન્ય ગામમાં વાપરવામાં આવી છે કે કેમ, હા તો કયાં?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૮–૧૯માં બોર્ડર વિલેજમાં ખાસ કરીને ૧૫ જેટલા કામો લેવામાં આવેલ છે. તેમાં રસ્તાના તથા આરોગ્યના કામો લેવામાં આવેલ છે. તાલુકાવાર માહિતી જોઇતી હશે તો સભ્યશ્રીને હું પહોંચાડી દઇશ.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે હું દાહોદ જિલ્લાનો પ્રભારી મંત્રી છું. એટલે મને એમ લાગે છે કે, તમે જે વિસ્તારના પ્રભારી મંત્રી છો અને તમારું બજેટ બને છે તે માર્ચ મહિનામાં બની જતું હોય છે. આમાં તમે કામો માટે રૂ.૧૭૫/– કરોડમાંથી રૂ.૧૧૧/– કરોડનો ખર્ચ કર્યો છે. બીજા જે કામો છે જે લગભગ રૂ.૪૫ કરોડ ૬૨ લાખના બાકી છે તેના વર્ક ઓર્ડર આપ્યા છે કે નહીં કે પછી ગ્રાન્ટ લેપ્સ ગઇ છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં એકપણ રૂપિયો લેપ્સ થયો નથી. ટ્રાયબલ કામો માટે બે વર્ષ સુધી આપણે ગ્રાન્ટ વાપરી શકીએ છીએ તેવો આદિજાતિ વિભાગનો ૨૦૧૨નો ઠરાવ છે. એટલે અત્યારે ૫૪૧ જેટલા કામો પ્રગતિ હેઠળ અને પૂર્ણતાના આરે છે. ટેન્ડર પ્રક્રિયા હેઠળના કામો ૩૫ છે. રીટેન્ડર કરવાના ૬ કામો છે. એટલે એકપણ રૂપિયાની ગ્રાન્ટ લેપ્સ નહીં જાય.

અધ્યક્ષશ્રી : માનનીય અશ્વિનભાઇ નહીં કહું પણ કોટવાલજી.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, દાહોદ જિલ્લાના માનનીય મંત્રીશ્રી પ્રભારી છે છતાં પણ ટ્રાયબલના પૈસા વણવપરાયેલા રહી ગયા છે. તેનું મુખ્ય કારણ એ છે કે, આખા ગુજરાતમાં ટ્રાયબલ સબપ્લાનના જે અધિકારીઓ હોય છે તેમાં જિલ્લાની મોટાભાગની જગ્યાઓ ખાલી છે. તકેદારી અધિકારી તરીકેની જગ્યાઓ ગુજરાતમાં મોટાભાગે ખાલી છે. તેના લીધે પણ આવી ગ્રાન્ટ વણવપરાયેલી રહી જતી હોય છે. તો મારો માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન છે કે, દાહોદ જિલ્લામાં આવી ટ્રાયબલ સબ પ્લાનની રકમ વણવપરાયેલી રહી ગઇ તો દાહોદ જિલ્લાના તાલુકા સમિતિની મિટીંગો કયારે મળી હતી અને જિલ્લા ટ્રાયબલ સબ પ્લાનની મિટીંગ કયારે મળી હતી?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે કે તાલુકા સમિતિની બેઠકો કયારે મળી હતી તો દાહોદ તાલુકાની બેઠક તા.૨૯–૩–૧૯ના રોજ મળી, ગરબાડા તાલુકાની બેઠક તા.૨૪–૩–૧૯ના રોજ મળી, ઝાલોદ તાલુકામાં તા.૨૯–૩–૧૯, ફતેપુરામાં તા.૨૯–૩–૧૯, લીમખેડામાં તા.૨૪–૩–૧૯, સંજેલીમાં તા.૨૯–૩–૧૯, ધાનપુરમાં તા.૨૪–૩–૧૯ અને દેવગઢબારિયામાં તા.૨૪–૩–૧૯ના રોજ બેઠક મળી હતી.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ટ્રાયબલ સબ પ્લાનની અંદર જે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તે ગ્રાન્ટ નીતિ આયોગની ગાઇડલાઇન પ્રમાણે કેટલી ફાળવવી જોઇતી હતી અને તેના પ્રમાણમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગ્રાન્ટ કોઇ નીતિ આયોગના માર્ગદર્શન હેઠળ નથી ફળવાતી રાજય સરકારે માર્ગદર્શન જે નક્કી કર્યું છે જિલ્લાઓની વસતિના આધારે વધતી ઓછી ગ્રાન્ટો ફળવાય છે.

## મહિસાગર જિલ્લામાં દૂધ સંજીવની યોજનાનો અમલ

*૧૫૮૩૦ **શ્રી કુબેરભાઇ ડીંડોર** (સંતરામપુર) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહિસાગર જિલ્લામાં દૂધ સંજીવની યોજનાનો અમલ કયારથી થયો, અને | (૧) તા.૨૭–૧૧–૨૦૦૮ થી |
| (૨) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં દૂધ સંજીવની યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૮–૧૯માં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે અને કેટલા બાળકોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો ? | (૨) |

| **વર્ષ** | **થયેલ ખર્ચ** | **બાળકોની સંખ્યા** |
|---|---|---|
| ૨૦૧૮–૧૯ | રૂ.૬૦૦.૦૦ લાખ | ૫૯,૯૯૫ |

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યશ્રી, ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને ભારતીય જનતા પાર્ટીની સરકારે વોટ બેન્કની રાજનીતિ ફગાવીને વિકાસની રાજનીતિ અપનાવી છે અને માનવતાનું રાજકારણ કર્યું છે એના ભાગરૂપે રૂ.૧૪૦/– કરોડનું બજેટ દૂધ સંજીવની યોજના હેઠળ જે ફાળવ્યું છે તે બદલ રાજય સરકારને હું અભિનંદન પાઠવું છું.

માનનીય મંત્રીશ્રી પાસે આપના માધ્યમથી જાણવા માગુ છું કે, આ દૂધ સંજીવની યોજનાનો અમલ ક્યારથી થયો અને, મારા મહિસાગર જિલ્લામાં આ દૂધ સંજીવની યોજનામાં ૨૦૧૮–૧૯માં કેટલો ખર્ચ થયો? અને આ દૂધ સંજીવની યોજનામાં બાળકોને જે દૂધ આપવામાં આવે છે એનાથી બાળકોને શા ફાયદા થયા અને, કઇ કઇ ફ્લેવરનું દૂધ આપવામાં આવે છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન ખૂબ સારો છે અને ભારતીય જનતા પાર્ટીની સરકાર એ આદિવાસી બાળકોને શિક્ષણની સાથે સાથે તેમને સારીરિક રીતે મજબૂત અને તંદૂરસ્ત બને એની પણ ચિંતા કરે છે એટલા માટે આ યોજનાની શરૂઆત ૨૦૦૮માં કરવામાં આવી એના કારણે જે ખર્ચ એમણે કહ્યો છેલ્લો સંતરામપુરની વાત કરું તો ૨૦૧૭–૧૮માં ખર્ચ ૩ કરોડ ૩૦ લાખ ૮૮ હજાર અને લગભગ બાળકો ૩૮૬૬૫, એજ પ્રમાણે ૨૦૧૮–૧૯માં ખર્ચ

રૂ.૩ કરોડ ૫૫ લાખ, બાળકોની સંખ્યા ૩૯૫૮૧, કડાણા તાલુકામાં ૨૦૧૭–૧૮માં ખર્ચ રૂ.૨ કરોડ ૧૬ લાખ, બાળકોની સંખ્યા ૧૯૦૦૪૫ અને ૨૦૧૮–૧૯માં રૂ.૨ કરોડ ૪૫ લાખ અને બાળકોની સંખ્યા ૨૦૪૧૪ આમ, રૂ.૫૪૫.૮૮ કરોડનો ખર્ચ થયો છે અને બાળકોની સંખ્યા બંને વર્ષની જોઈએ તો ૨૦૧૭–૧૮ના એક વર્ષમાં ૫૭૭૧૦ અને ૨૦૧૮–૧૯માં ૫૯૯૯૫ છે.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, નોન ટ્રાયબલ એરિયા હોય છે દાખલા તરીકે મોરબી જિલ્લાના માળિયા તાલુકા પંચાયતમાં ટ્રાયબલની એક પંચાયતની સીટ છે ત્યાં એ વિસ્તારમાં ટ્રાયબલની વસતિ હશે એટલે સીટ થઈ હશે તો ત્યાં સંજીવની યોજનાનો લાભ મળતો નથી તો એ માટે આપ શું કરવા માગો છો?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર દ્વારા એક ચોક્કસ ગાઈડલાઈન બનાવવામાં આવી છે અને જે તાલુકામાં ટ્રાયબલની વસતિ ૫૦ ટકા હોય એ તાલુકાને આદિવાસી તાલુકો ગણવામાં આવે છે અને એના માટેની આ યોજના છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે. પણ આ સંજીવની યોજના હેઠળ બાળકોને કેટલા ફેટનું દૂધ આપવામાં આવે છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, અમારા શ્રી સી. કે. રાઉલજીભાઈએ આદિવાસી બાળકોની તંદૂરસ્તીની ચિંતા કરી, બાળકોને ૨૦૦ એમ.એલ. દૂધ આપવામાં આવે છે એમાં ઘણાં બધા ફ્લેવર હોય છે, એલાઈચી હોય છે, મેંગો હોય છે, કોફી હોય છે અને ફેટ ૩ ગ્રામ હોય છે, કાર્બોહાઈડ્રેડ ૨૪ ગ્રામ હોય છે, પ્રોટિન ૭ ગ્રામ હોય છે (અંતરાય) સાહેબ, બધાના જ્ઞાનમાં વધારો થાય એટલે કહું છું અને આદિવાસી બાળકોની સરકાર ખૂબ ચિંતા કરે છે એનો ખ્યાલ આવે એટલે કહું છું. વિટામિન ડી–૧ એમ.જી.સી. આમાં ઉમેરવામાં આવે છે.

શ્રી વિક્રમભાઈ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ટ્રાયબલની ચર્ચા થાય છે ત્યારે લગભગ આ જ જિલ્લાઓની ચર્ચા થાય છે. પણ મારા મત વિસ્તારની અંદર બરડા ડુંગરમાં વિશાળ સંખ્યામાં ટ્રાયબલ લોકો રહે છે એમના માટે આ યોજનાઓ જે જે અલગ અલગ બને છે એમની યોજનાઓનો અમલ અને એ ટ્રાયબલ લોકોને જે લાભ મળવો જોઈએ એ આ લોકોને બરડા ડુંગરમાં રહેતા ટ્રાયબલ લોકોને મળે છે કે નહીં?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : મેં પહેલાં જ વાત કરી એ પ્રમાણે રાજ્ય સરકારના ચોક્કસ ક્રાઈટ એરિયા છે કે જે તાલુકામાં પચાસ ટકા વસતિ ટ્રાયેબલની હોય એ તાલુકાને ટ્રાયેબલ તાલુકો ગણવામાં આવે છે અને એ પ્રમાણે અલગ અલગ સ્કીમો બનાવવામાં આવે છે પણ એમના તાલુકામાં પણ આ યોજના સિવાય ટ્રાયેબલની અન્ય યોજનાઓ જેવી કે શિક્ષણની હોય, શિષ્યવૃત્તિની હોય, પહેરવેશની યોજના હોય એનો લાભ મળતો હોય છે.

શ્રી રાજેન્દ્રસિંહ ઘી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ દૂધ સંજીવની યોજના જે ૨૦૦૮થી અમલમાં મૂકવામાં આવી છે. મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે કો–ઓપરેટીવ સંસ્થાઓ પાસેથી જ આપણે આ ફ્લેવર્ડ દૂધ લઈએ છીએ તો કયા સંઘ પાસેથી કેટલું ફ્લેવર્ડ મીલ્ક દૂધ સંજીવની યોજના હેઠળ લઈએ છીએ અને કયા તાલુકાને કયા સંઘ દ્વારા આપણે પહોંચાડીએ છીએ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો દૂધ બજારમાં પણ મળે છે પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર આદિવાસી સમાજના બાળકોના તંદુરસ્તીની ચિંતા કરી અને દૂધ સંઘો પાસેથી જ આ દૂધ ખરીદે છે, દક્ષિણ ગુજરાતમાં સુમૂલ ડેરી, મધ્ય ગુજરાતમાં અમૂલ ડેરી, એ ઉપરાંત બનાસ ડેરી, પંચમહાલ ડેરી આ બધી ડેરીઓ સાથે એમ.ઓ.યુ. થયા બાદ નહિ નફો નહિ નુકશાનના દરે આ ડેરીઓ આપણને દૂધ સપ્લાય કરે છે.

**પંચમહાલ જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય**

*૧૫૮૨૭ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવાની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૮–૧૯માં પંચમહાલ જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે ? | (૨) ૧૦૮ આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે. |

શ્રીમતી સુમનબેન પ્ર. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આદિજાતિ કન્યાઓને લગ્નપ્રસંગે સહાય આપવા કુંવરબાઈનું મામેરૂં યોજના શું છે અને મારો બીજો પ્રશ્ન આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવા માટેની આવક મર્યાદા કેટલી છે?

શ્રી રમણભાઈ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર આદિવાસીઓ માટે ખૂબજ સારી યોજના બનાવવામાં આવી છે અને એટલા માટે હું ગૌરવ અનુભવું છું. ૧૯૯૫માં આ હાઉસની અંદર હું ધારાસભ્ય તરીકે પણ હતો અને એ વખતે આ કુંવરબાઈનું મામેરૂં યોજના અંતર્ગત સહાય આપવા માટે પહેલી યોજના નક્કી કરેલ, બંધારણની અંદર ૧૮થી ૨૧ વરસની ઉંમર થાય એટલે લગ્ન કરી શકાય અને આર્થિક પરિસ્થિતિ ખરાબ હોય તો મુશ્કેલી થાય અને એટલા માટે ૧૯૯૫માં પાંચ હજાર

રૂપિયા અને ત્યારબાદ એના કેટલાક નિયમો નક્કી કરવામાં આવ્યા, નિયમોમાં દીકરીના લગ્નના ખર્ચને પહોંચી વળવા માટે કુંવરબાઇના મામેરૂં યોજના હેઠળ સહાય આપવામાં આવે છે. આદિજાતિ કન્યા માટે કુટુંબદીઠ બે કન્યાઓને ૨૦૧૪–૧૫થી સહાય આપવામાં આવે છે. આવકનું ધોરણ જે છે તે ૨૦૧૮થી ૪૭,૦૦૦ હતું તે ૧ લાખ ૨૦ હજાર રૂપિયા કરેલ છે અને શહેરી વિસ્તારની અંદર ૬૮,૦૦૦ રૂપિયા હતું એ વધારીને એક લાખ પચાસ હજાર રૂપિયા કરેલ છે.

શ્રી શૈલેષભાઇ સુ. ભાભોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે, પંચમહાલ જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્નપ્રસંગે અપાતી સહાય માટેની યોજનામાં તાલુકાદીઠ કેટલી અરજીઓ આવેલ છે અને કેટલી અરજીઓ મંજૂર કરેલ છે અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે અને નામંજૂર કરવા માટેના કારણો શું છે?

શ્રી રમણભાઇ ના. પાટકર : પંચમહાલ જિલ્લાની અંદર કુલ ૧૦૮ અરજીઓ આવી હતી અને ૧૦૮ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને તે અનુસંધાનમાં રૂ.૧ લાખ ૮૦ હજારની સહાય પણ ચૂકવવામાં આવી છે.

**જંબુસર અને આમોદ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ**

* ૧૭૧૮૯ **શ્રી સંજયભાઇ સોલંકી** (જંબુસર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના જંબુસર અને આમોદ તાલુકામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં કેટલા શિક્ષકોની ઘટ છે, અને

(૨) આ ઘટતા શિક્ષકો ભરવા છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શું કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | પ્રાથમિક શિક્ષકોની ઘટ |
|---|---|---|
| ૧ | જંબુસર | ૭૯ |
| ૨ | આમોદ | ૧૦ |

(૨) વર્ષ ૨૦૧૮–૧૯માં ઉચ્ચતર પ્રાથમિક વિભાગમાં ભરતી કરી ભરૂચ જિલ્લાને ૩૯ વિદ્યાસહાયકો ફાળવવામાં આવેલ હતા. જે પૈકીના ૨૬ વિદ્યાસહાયકોને જંબુસર તાલુકામાં અને ૦૪ વિદ્યાસહાયકોને આમોદ તાલુકામાં સ્થળ પસંદગી આપવામાં આવેલ છે.

શ્રી સંજયભાઇ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકા અને આમોદ તાલુકામાં જંબુસરમાં ૭૯ અને આમોદમાં ૧૦ શિક્ષકોની ઘટ છે તે પૈકી કેટલી ઘટ ૬ માસ અને કેટલી ઘટ એક વરસ કરતાં વધુ સમયથી છે?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, ભરતીની પ્રક્રિયા એ નિયમીત ચાલ્યા કરતી પ્રક્રિયા હોય છે. અગાઉ જે જગ્યા ખાલી પડી હોય એ કોઇપણ કર્મચારી–શિક્ષક હોય એની ફેરબદલી થવાથી, એ નિવૃત્ત થવાથી એનું અવસાન થવાથી, આવી રીતે સમયાંતરે ખાલી પડતી હોય છે એટલે એકઝેક્ટ પાંચ વરસ પહેલાં કેટલી ખાલી હતી એવું ના કહી શકાય પરંતુ એ ભરાતી જતી હોય અને બીજી ખાલી પડી જતી હોય એટલે એકઝેક્ટ એ પ્રમાણે નહિ કહી શકાય.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આરટીઇ એક્ટ હેઠળ પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો મંજૂર કરવા માટેની શું જોગવાઇ છે ?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, રાઇટ ટુ એજયુકેશન એક્ટની અંદર ધોરણ–૧થી ૫ના વર્ગો માટે દરેક ૬૦ વિદ્યાર્થીઓ સુધી ૨ શિક્ષક, ૬૧થી ૯૦ સુધી ૩ શિક્ષક, ૯૧થી ૧૨૦ સુધી ૪ શિક્ષક, ૧૨૦થી ૨૦૦ સુધી ૫ શિક્ષક અને ૨૦૦થી ઉપર જયારે વિદ્યાર્થીઓ હોય ત્યારે શિક્ષક અને વિદ્યાર્થીઓનો રેશિયો ૪૦ વિદ્યાર્થી દીઠ ૧ શિક્ષકનો હોય છે. એવી જ રીતે ધોરણ ૬થી ૮ના વર્ગો માટે ઓછામાં ઓછાં ૩ શિક્ષકો એટલે કે એક વિજ્ઞાન અને ગણિતનો એક શિક્ષક, ભાષાનો એક શિક્ષક અને સમાજ વિજ્ઞાનનો એક શિક્ષક અને પછી દરેક ૩૫ વિદ્યાર્થી દીઠ ઓછામાં ઓછો એક શિક્ષક એવી જોગવાઇ કરવામાં આવી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવુ છે કે, ૭૯ જંબુસરમાં અને ૧૦ આમોદમાં આપે આપના જવાબમાં કહ્યું કે પાંચ વર્ષનો રેશિયો છે એ પ્રમાણે શિક્ષકોની જગ્યાઓ ખાલી પડે છે. ધોરણ ૬ થી ૮માં કેટલા શિક્ષકોની જગ્યાઓ ખાલી છે અને તેમાં ખાસ કરીને ગણિત અને વિજ્ઞાનની કેટલી જગ્યાઓ ખાલી છે ?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, આમાં સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો છે તેના જવાબમાં જે બતાવ્યુ છે તેની સામે હું એવુ કહેવા માગુ છું કે આમોદની અંદર શાળાની સંખ્યા જે છે તે ૬૬ છે અને એમાં મંજૂર મહેકમ છે તે ૩૫૧ છે. ભરેલી જગ્યા ૩૪૧ છે અને ખાલી જગ્યા ૧૦ છે. એટલે કે માત્ર બે ટકા જગ્યા ખાલી છે જંબુસરની અંદર ૧૨૪ શાળાની સંખ્યામાં મંજૂર મહેકમ ૭૩૯ છે, ભરેલી જગ્યા ૬૬૦ છે ખાલી જગ્યા ૭૯ છે એટલે માત્ર ૧૦ ટકા જ જગ્યા ખાલી છે. આ જે જંબુસરની અંદર ૧૦ ટકા અને આમોદની અંદર ૨ ટકા જે આર.ટી.એક્ટ મુજબ પણ ૧૦ ટકા મુજબની જે જગ્યાઓ ખાલી હોય તે પણ એમાં માન્ય ગણવામાં આવે છે. એટલે આર.ટી.એક્ટ ઉપરની વધારાની કોઇ જગ્યા ખાલી છે એવુ નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો સવાલ બહુ સીમ્પલ હતો ૬થી ૮માં કેટલી છે, ગણિત વિજ્ઞાનમાં કેટલી છે ? તમારી વાત સાથે સંમત છું પણ ગણિત વિજ્ઞાનની કેટલી ?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, મેં તમને કહ્યું તેમ દરેકે દરેક શાળાની અંદર એક વિજ્ઞાનનો શિક્ષક છે, એક ભાષાનો શિક્ષક છે, એક સમાજ વિજ્ઞાનનો શિક્ષક છે અને જો વિદ્યાર્થી ૩૫થી વધારે હોય તો દરેક શિક્ષકે એક શિક્ષક વધારે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ૬થી ૮માં ગણિત, વિજ્ઞાનમાં એક પણ શિક્ષકની જગ્યા ખાલી નથી.

અધ્યક્ષશ્રી : આ જ તો શીખવાનું હોય છે બધાએ.

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, વિદ્યા સહાયક યોજના અમલમાં મૂકવાથી પ્રાથમિક શિક્ષણમાં શું ફાયદો થયો ? વિદ્યા સહાયકની ભરતીની પદ્ધતિ શું છે ?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, આ વિદ્યા સહાયની ભરતી ૧૯૯૮થી શરૂ કરવામાં આવી છે. તે પહેલાંની ભરતીની પ્રક્રિયામાં આપણે બધા જાણીએ છીએ કે કોઇ પ્રક્રિયા નિયમિત નહોતી. કોઇની ઓળખાણ હોય, કોઇ કાંઇ સમજતું હોય, કાંઇ હોય તો એ ભરતી કરવામાં આવતી. પરંતુ ૧૯૯૮થી આ વિદ્યા સહાયકની ભરતીની પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શક, મેરિટ આધારિત ભરતીની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે અને આના કારણે પ્રક્રિયાની વાત તો કરું જ છું પરંતુ આ વિદ્યા સહાયોની ભરતી શરૂ કરવાના કારણે શિક્ષકોની અછત નિવારી શકાય છે, બાળકોના શિક્ષણમાં સુધારો થયો છે અને શિક્ષણના હિતમાં વિદ્યા સહાયક યોજના ખૂબ લાભદાયી બની છે.

માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ પૂછ્યું છે કે આ ભરતીની પ્રક્રિયા ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિની સ્થાપના વર્ષ ૨૦૧૦થી કરવામાં આવી છે અને દરેક જિલ્લાની અંદર આ સમિતિ છે. આ રાજયકક્ષાની જે સમિતિ છે જયારે શિક્ષકોની જરૂરિયાત પડે ત્યારે ઓન લાઇન પદ્ધતિથી અરજીઓ મંગાવવામાં આવે છે. આ અરજીઓ આવ્યા પછી તેની ચકાસણી બાદ મેરિટ ક્રમ બનાવવામાં આવે છે. આ મેરિટ ક્રમ મુજબ ગોઠવણી કરી મેરિટ જાહેર કરવામાં આવે છે. રૂબરૂ મુલાકાતના ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરી તેના મેરિટની ગણતરી કરવામાં આવે છે. અરજદારોને મેરિટ મુજબ જિલ્લાની પસંદગી માટે રૂબરૂ બોલાવવામાં આવે છે અને મેરિટ ક્રમ મુજબ તેઓને પસંદગીના જિલ્લાની ફાળવણી રાજયકક્ષાએ કરવામાં આવે છે. ત્યાર પછી એટલે કે રાજયકક્ષાની કામગીરી પૂર્ણ થયા પછી જયારે ઉમેદવારોને જિલ્લાકક્ષાએ મોકલવામાં આવે છે ત્યારે ઉમેદવારોને જિલ્લાકક્ષાએ મેરિટ યાદી મુજબ શાળાની પસંદગી કરવામાં આવે છે. શાળાની પસંદગી કર્યા બાદ દિવસ–૭માં ઉમેદવારોએ નિમણૂકવાળી શાળામાં હાજર થવાનું હોય છે. આ સંપૂર્ણ પારદર્શક અને મેરિટ આધારિત પ્રક્રિયા છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ જંબુસર અને આમોદ તાલુકાનો પ્રશ્ન છે પણ મારે સીધો સવાલ એ પૂછવો છે કે લગભગ આખા ગુજરાતમાં ક્યાંક એક–બે વિદ્યાર્થીઓની ઘટના કારણે ધો.૬, ૭ અને ૮ બંધ કરવાના પ્રસંગો બન્યા છે. કડી તાલુકાની અંદર લગભગ ૧૨ ગામોમાં ધો.૬, ૭ અને ૮ બંધ થયા છે. અંતરિયાળ ગામોમાં ધો.૬, ૭ અને ૮ બંધ થાય તો દીકરીઓ બહાર ભણવા જઇ શકતી નથી. તો આમોદ અને જંબુસરમાં એક – બે વિદ્યાર્થીઓની ઘટ થવાના કારણે ધો.૬, ૭ અને ૮ બંધ થયા હોય એવો કોઇ બનાવ બન્યો છે ખરો?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય સભ્યશ્રી અલગથી નોટીસ આપશે તો જવાબ આપી દઇશું.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આર.ટી.ઇ. નીચે જે એડમિશન આપવામાં આવે છે એમાં જે તે શાળાએ એડમિશન મંજૂર કર્યા પછી એડમિશન આપતી નથી તો આર.ટી.ઇ. અંતર્ગત જે એડમિશન મળ્યા છે એનો શાળા શા કારણસર અનાદર કરે છે?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, આ આર.ટી.ઇ.ના એડમિશનનો પ્રશ્ન નથી.

## મહેસાણા જિલ્લામાં નવીન ગ્રામ પંચાયતના ઘર બનાવવા માટે મંજૂરી

*૧૬૧૭૮ **શ્રી રમણભાઇ પટેલ** (વિજાપુર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કેટલા ગ્રામ પંચાયતના નવીન ઘર બનાવવા માટે મંજૂરી આપવામાં આવી, અને | (૧) ૧૨ (બાર) |
| (૨) તે માટે સરકાર દ્વારા કેટલું અનુદાન મંજૂર કરવામાં આવ્યું ? | (૨) રૂા.૧.૬૮/– (અંકે રૂપીયા એક કરોડ અડસઠ લાખ). |

શ્રી રમણભાઇ ધુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, મહેસાણા જિલ્લામાં સને ૨૦૧૮–૧૯માં મંજૂર કરેલ નવા ૧૨ પંચાયત ઘર મંજૂર કર્યા છે એવો જવાબ આપે આપ્યો છે તો આ મકાન બનાવવાની કામગીરી શું છે? એની વહીવટી મંજૂરી અને સૈદ્ધાંતિક મંજૂરી ક્યારે મળી? અને એની ટેન્ડર પ્રક્રિયા ક્યારે કરીશો એ જણાવશો.

અધ્યક્ષશ્રી : ચાર પ્રશ્ન પૂછ્યા. હવેથી ૨ જ પૂછવા દઇશ?

શ્રી રમણભાઇ ધુ. પટેલ : પ્રશ્ન એકબીજાને સંલગ્ન છે.

અધ્યક્ષશ્રી : બે જ પ્રશ્ન પૂછો.

શ્રી રમણભાઇ ધુ. પટેલ : છેલ્લી ટેન્ડર પ્રક્રિયા ક્યારે થશે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ કક્ષાએ ગ્રામ પંચાયત એ ગ્રામ્ય સચિવાલય ગણાય છે. ગ્રામ પંચાયતમાં ગામને લગતા કામો જેવા કે વિકાસના કામો, જમીન મહેસૂલ અને મકાનોનો વેરો, જન્મ-મરણના દાખલા, સેઝ ઉઘરાવવો, રેકર્ડના ઉતારા તથા તેના સંગ્રહ જેવી મહત્ત્વની કામગીરી ગ્રામ પંચાયતમાં કરવામાં આવે છે. આ યોજનાની શરૂઆત ૧૯૯૨-૯૩થી કરવામાં આવેલ છે. જે મુજબ પ્રથમ વખત આર્થિક રીતે નબળી ગ્રામ પંચાયતોને પંચાયત ઘર માટે રૂ.૩૦,૦૦૦/-ની મર્યાદામાં ખરેખર ખર્ચના ૫૦ ટકા અનુદાન આપવામાં આવતું હતું અને પંચાયત ઘર સાથે પંચાયત મંત્રી આવાસ બનાવવા માટે પણ રૂ.૫૦,૦૦૦/- ની મર્યાદામાં એમને ૫૦ ટકા આપવામાં આવતા હતા. એમણે જે પ્રશ્ન કર્યો કે જે મકાનો મંજૂર થયા છે એની અત્યારે શું પરિસ્થિતિ છે અને કઇ રીતે એની સૈદ્ધાંતિક મંજૂરી, તાંત્રિક મંજૂરીની શું પરિસ્થિતિ છે? તો એના જવાબમાં એમણે જે ૧૨ આવાસો મંજૂર કર્યા એની કામગીરી કાર્યપાલક ઇજનેર મા.મ.પંચાયત વિભાગ, મહેસાણા દ્વારા હાથ ધરવામાં આવે છે. એની સૈદ્ધાંતિક મંજૂરી તા.૮/૨/૨૦૧૯ના રોજ આપી છે. તાંત્રિક મંજૂરી તા.૧૭/૫/૨૦૧૯ના રોજ, વહીવટી મંજૂરી તા.૩૦/૫/૨૦૧૯ના રોજ, ટેન્ડર બહાર પાડ્યાની તા.૧૪/૫/૨૦૧૯, ટેન્ડર ભરવાની છેલ્લી તા.૧૫/૭/૨૦૧૯, ટેન્ડર ખોલવાની તા.૧૭/૭/૨૦૧૯, આમ ૬ પેકેજમાં કુલ ૧૨ કામો પૈકી ૧૧ કામોના ટેન્ડર તા.૧૪/૬/૨૦૧૯થી બહાર પાડેલ છે.

અધ્યક્ષશ્રી : બંને પ્રશ્નોના જવાબ આવી ગયા.

ડો. આશા પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આજની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતોના પોતાના મકાનો નથી અને બીજો પ્રશ્ન એ છે કે મારા ઊંઝા અને વડનગરની અંદર મોટા ભાગની ગ્રામ પંચાયતના મકાનો બની ગયા છે પણ બે મકાનો એક કોન્ટ્રાક્ટરની બેદરકારીના કારણે છેલ્લા ૯ મહિનાથી બન્યા નથી. તો કોન્ટ્રાક્ટરને સજા કરી અને એનો કંઇ નિવેડો આવે એવું કાર્ય કેટલા સમયમાં પૂર્ણ કરવા માગો છો?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવવાનું કે મહેસાણા જિલ્લામાં કુલ ૬૧૦ ગ્રામ પંચાયતો આવેલી છે. એમાં ૬૦૮ ગ્રામ પંચાયતો મકાનોમાં છે. જયારે મહેસાણા તાલુકાની બે પંચાયતો રામોસણા અને રામનગર મગુના આ બંને માટે રાજય સરકાર દ્વારા નવા મકાનો માટે ૧૪ લાખ રૂપિયા મંજૂર કરેલા છે. રામોસણા ગ્રામ પંચાયત ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. જયારે રામનગરની જમીન પસંદગી હેઠળ છે. બે પંચાયતની કામગીરી અંગે કોઇ ફરિયાદ મળી નથી પરંતુ આજે માનનીય સભ્યશ્રીએ રજૂઆત કરી છે તો એ હું જોવડાવી લઇશ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : એક વર્ષની અંદર કુલ ૧૨ મંજૂર કરેલ છે જેમાં ૧.૬૮ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. એક પંચાયત ઘર માટે કેટલી રકમ ફાળવવામાં આવી છે? મહેસાણાના બે પંચાયત ઘર માટે ૧૪ લાખ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે તો આ ૧૨ માટે કેટલી રકમ ફાળવવામાં આવી છે કારણ કે અહીંયાં ડિફરન્સ આવે છે. આ બારમાંથી કેટલાના કામો ચાલુ થયા અને કેટલાના કામો પૂર્ણ થયા છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : મેં હમણાં જ વાત કરી એ મુજબ આ મકાનો મંજૂર થયા છે એનો સ્પષ્ટ જવાબ આપ્યો છે કે ૧૨ મકાનો માટે રૂ.૧ કરોડ ૬૮ લાખની જોગવાઈ કરવામાં આવી છે. એક મકાનની કિંમત રૂ.૧૪/- લાખ એ રીતે ૧૨ મકાનની કિંમત ફાળવી છે. હજી કામગીરી ચાલુ થઇ નથી, હજી ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

**મહેસાણા જિલ્લામાં નિરાધાર વિધવા સહાય યોજનાની અરજી**

*૧૬૧૨૩ **ડૉ. આશાબેન પટેલ** (ઊંઝા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૮-૧૯માં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી છે,

**જવાબ**

(૧)

| તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| મહેસાણા | ૪૯૮ |
| બહુચરાજી | ૫૦ |
| ખેરાલુ | ૧૫૧ |
| વડનગર | ૮૦ |
| વિસનગર | ૯૩ |
| સતલાસણા | ૪૨ |
| ઉંઝા | ૭૦ |
| કડી | ૧૨૯ |
| વિજાપુર | ૨૨૭ |
| જોટાણા | ૪૬ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર થઈ, અને

(૨)

| તાલુકો | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|
| મહેસાણા | ૪૫૩ | ૨૫ |
| બહુચરાજી | ૪૯ | ૧ |
| ખેરાલુ | ૧૪૧ | ૧૦ |
| વડનગર | ૮૦ | ૦ |
| વિસનગર | ૯૩ | ૦ |
| સતલાસણા | ૪૦ | ૨ |
| ઉંઝા | ૬૩ | ૩ |
| કડી | ૧૨૩ | ૬ |
| વિજાપુર | ૨૨૫ | ૨ |
| જોટાણા | ૪૫ | ૧ |

(૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શું છે ?

(૩)
- ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર હોવાથી,
- અરજી સાથે પુરાવા/વિગતો અધુરી હોવાથી,
- વાર્ષિક આવક નિયત મર્યાદા કરતા વધુ હોવાથી.

ડો. આશા પટેલ : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ૩૧–૩–૨૦૧૯ના અંતિત નિરાધાર વિધવા સહાયના લાભાર્થીઓની સંખ્યા કેટલી હતી અને આ વર્ષે સન ૨૦૧૯માં કેટલી નાણાકીય જોગવાઇ કરવામાં આવેલ છે?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે, મહેસાણા જિલ્લાની અંદર તા.૩૧–૩–૨૦૧૦ અંતિત વિધવા નિરાધાર બહેનોની સંખ્યા જોઇએ તો મહેસાણા તાલુકામાં ૧૨૫૩ હતી. બેચરાજીમાં ૨૩૧, ખેરાળુ તાલુકામાં ૨૫૯, વડનગર તાલુકામાં ૩૮૭, વિજાપુર તાલુકામાં ૨૭૦, વિસનગર તાલુકામાં ૪૧, જોટાણા તાલુકામાં ૧૫૩, કડી તાલુકામાં ૬૭૭, ઊંઝા તાલુકામાં ૪૯૮ અને સતલાસણા તાલુકામાં ૧૮૬ એમ કુલ મળીને ૩૯૫૫ વિધવા બહેનોને સહાય આપવામાં આવે છે. બીજો પ્રશ્ન હતો કે કેટલી જોગવાઈ કરવામાં આવી છે? તો સન ૨૦૧૯–૨૦માં ૩૭૬.૪૭ કરોડ રૂપિયાની નાણાકીય જોગવાઈ કરવામાં આવી છે. ગયા વર્ષના બજેટ વખતે એમાં ૨૧ વર્ષનો પુત્ર હોય તો વિધવા બહેનોને સહાય મળતી નહોતી એ હવે આપવાનું નક્કી કરવામાં આવ્યું છે એટલે રૂ.૧૩૫.૩૪ કરોડની વધારાની જોગવાઈ પણ કરવામાં આવી છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : વિધવા સહાય યોજનામાં પાત્રતાના માપદંડ શું છે. જો અરજી નામંજૂર થાય તો અપીલ કરી શકાય કે કેમ, જો હા તો કોને કરી શકાય?

શ્રીમતી વિભાવરી દવે : વિધવા સહાય મેળવવાનો માપદંડ વિધવા સહાય મેળવવા માગતા હોય તે ગુજરાતમાં વસવાટ કરતો હોવો જોઇએ. પુનઃલગ્ન કરેલા ન હોવા જોઇએ. ગામડામાં રહેતા હોય તો એની વાર્ષિક આવક રૂ.૧.૨૦ લાખથી વધારે ન હોવી જોઇએ જ્યારે શહેરમાં રહેતા હોય તો રૂ.૧.૫૦ લાખથી વધારે ન હોવી જોઇએ. અરજી કર્યા પછી જો નામંજૂર થાય તો મામલતદારનો નામંજૂરીનો હુકમ હોય લઇને ૬૦ દિવસમાં સબંધિત પ્રાંત અધિકારીને અરજી કરવાની હોય છે. એ સમય મર્યાદા બાદ અપીલ કરવામાં આવે તો યોગ્યતા લાગે તો પ્રાંત અધિકારી અરજી દાખલ કરીને યોગ્ય નિર્ણય કરતા હોય છે.

શ્રી લલીતભાઇ કગથરા : માનનીય મંત્રીશ્રીએ જવાબમાં કહ્યું કે ૨૧ વર્ષનો પુત્ર હોય તો પણ સહાય આપવાનું ચાલુ કર્યું છે. જ્યારે અહીંયા નામંજૂર થવાના કારણોમાં ૨૧ વર્ષની ઉંમરનો પુત્ર હોવાથી તો સાચુ શું છે એ હું જાણવા માગું છું.

શ્રીમતી વિભાવરી દવે : એ જે તારીખ છે તે ૩૧.૩.૨૦૧૯ એ તારીખ સુધી આ શરત હતી. આપણે નવા બજેટમાં એ શરત ના મંજૂર કરી છે એટલે એ તારીખે એ શરત દૂર થઇ ગઇ છે.

અધ્યક્ષશ્રી : એ તારીખ પછી ના મંજૂર કરી છે.

## રાજકોટ ખાતે એરપોર્ટ બનાવવાની કામગીરી બાબત

*૧૫૮૨૦ **શ્રી ગોવિંદભાઇ પટેલ** (રાજકોટ–દક્ષિણ) : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ ખાતે કયા પ્રકારનું એરપોર્ટ બનાવવામાં આવનાર છે,

(૨) ગુજરાત સરકાર તેમજ ભારત સરકાર દ્વારા આ એરપોર્ટ બનાવવા શું કામગીરી કરવામાં આવનાર છે, અને

**જવાબ**

(૧) રાજકોટ ખાતે Code-“C” Type નું આંતરરાષ્ટ્રીય કક્ષાનું એરપોર્ટ બનાવવામાં આવનાર છે.

(૨) ગુજરાત સરકાર દ્વારા આ એરપોર્ટ બનાવવા માટે કુલ ૯૨૪ હેક્ટર જમીન વિના મૂલ્યે ફાળવવામાં આવનાર છે, અને ભારત સરકારના એરપોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા એરપોર્ટ બિલ્ડ, ઓપરેટ અને મેઇન્ટેન (BOM) ની કામગીરી કરવામાં આવશે.

(૩) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ એરપોર્ટ બનાવવા અંગે કામગીરીની પ્રગતિ શું છે ?

(૩)
- રાજકોટ ખાતે એરપોર્ટ બનાવવા અંગે ગુજરાત સરકાર દ્વારા એરપોર્ટસ ઓથોરીટી ઓફ ઇન્ડિયા સાથે તા.૦૭-૦૧-૨૦૧૯નાં રોજ MoU કરવામાં આવેલ છે.
- ફાળવવાની થતી જમીન પૈકી હાલમાં કુલ ૬૮૬ હેક્ટર જમીન એરપોર્ટસ ઓથોરીટી ઓફ ઇન્ડિયાને ફાળવવામાં આવેલ છે. બાકીની જમીનની ફાળવણીની કાર્યવાહી ચાલુ છે.
- એરપોર્ટસ ઓથોરીટી ઓફ ઇન્ડિયા દ્વારા કામના વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે અને એરપોર્ટ બાંધકામ માટે ડીટેઇલ સર્વેની કામગીરી કરવામાં આવી રહેલ છે.

શ્રી ગોવિંદભાઇ પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું રાજ્ય સરકારને આ જમીન જે પ્રકારે જેટ ગતિથી મંજૂર કરી અને કેન્દ્ર સકારના નિર્ણયને વધાવ્યો એટલા માટે રાજ્ય સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, આ નવું એરપોર્ટ બનાવવાની જરૂરિયાત કેમ ઊભી થઇ અને તેના ફાયદા શું છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આજની ૨૦ વર્ષ પહેલાં રાજકોટ અને સૌરાષ્ટ્રમાં વેપાર, ઉદ્યોગ, પ્રવાસન, રોજગારીની જે સ્થિતિ હતી એના પ્રમાણમાં આજની સ્થિતિ થોડી વધારે સારી છે. રાજકોટની મશીનરી, જામનગરનો બ્રાશ, મોરબીનો સિરામિક, જેતપુરનો ટેક્સટાઇલ આ વૈશ્વિક વેપાર સાથે સંકળાયેલા હતા. આ ઉપરાંત દ્વારકા અને સોમનાથ, કચ્છનું પર્યટન સ્થળ, પાલીતાણા જેવા ધાર્મિક સ્થળો આ બધામાં મુસાફરોની અવરજવર આજથી વીસ વર્ષ પહેલાં હતી તેના કરતાં એમાં નોંધ પાત્ર વધારો થયો છે. આ એરપોર્ટ બનવાના કારણે વેપાર ઉદ્યોગ વધશે, ટુરિઝમ વધશે, ધાર્મિક દર્શનાર્થીઓની સંખ્યા પણ વધશે, એટલે જરૂરિયાત ઊભી થઇ, કારણ કે પહેલાં કરતાં વધુ પ્રમાણમાં વેપાર અને ધાર્મિક સ્થળો અને ઉદ્યોગો આ બધું ૨૦ વર્ષ પહેલાં હતું તેના કરતાં અનેક ઘણું વધ્યું છે એટલે જરૂરિયાત ઊભી થઇ છે. આ થવાથી સૌરાષ્ટ્ર આખાને આ રાજકોટના એરપોર્ટનો લાભ મળશે. આ ઉપરાંત કંડલા, મુંદ્રા, અલંગ, પીપાવાવ, બેડી, વેરાવળ, માંડવી, ઓખા-પોરબંદર આ બધા જે આપણા બંદરો છે એના પરનો જે ટ્રાફિક છે તેનો પણ લાભ મળવાનો છે. આ ઉપરાંત રાજકોટમાં હવે એઇમ્સ આવી રહી છે માનનીય પ્રધાનમંત્રીશ્રીએ જાહેરાત કરી છે એટલે ભવિષ્યમાં આરોગ્યની દ્રષ્ટિએ આવતા જતા બધા લોકોને એનો લાભ મળશે.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાજકોટ એરપોટ માટે ૯૨૬ હેક્ટર જમીનની જરૂર છે, એની સામે માત્ર ૬૮૬ હેક્ટર જમીનની ફાળવણી કરવામાં આવી છે. હજી જમીનની ફાળવણી જ બાકી છે ત્યાં કંપનીને વર્કઓર્ડર આપી દેવામાં આવ્યો છે તો જમીનની ફાળવણી પહેલાં આ વર્કઓર્ડર આપી શકાય કે કેમ? બીજો મારો પ્રશ્ન એ છે કે, મારા મત વિસ્તારના બે ગામો એવાં છે કે જેના રસ્તાઓ એરપોર્ટની જમીનમાં જાય છે. તો એના માટે વિશેષ પ્રકારની સગવડતા કરીને એમને કોઇ વિકલ્પ આપવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, બધી જ જમીન ફળવાઇ ગઇ છે. માત્ર વન વિભાગની જે જમીન આપણે લીધી છે, ફોરેસ્ટની જમીન એની મંજૂરી માટે બાકી છે, બધી જ વિધિ પૂર્ણ કરવામાં આવી છે.

## વડોદરા જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજો

* ૧૭૪૮૮ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ વડોદરા જીલ્લામાં કેટલી આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજો આવેલી છે,

(૧)

| **પ્રવાહ** | **કોલેજની સંખ્યા** |
|---|---|
| આર્ટસ | ૦૨ |
| કોમર્સ | ૦૧ |
| આર્ટસ અને કોમર્સ | ૦૪ |
| સાયન્સ | ૦૪ |
| આર્ટસ અને સાયન્સ | ૦૧ |
| **કુલ** | **૧૨** |

(૨) ઉક્ત કોલેજો પૈકી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી છે,

(૨)

| **સરકારી કોલેજ** | **ગ્રાન્ટેડ કોલેજ** | **ખાનગી કોલેજ** | **કુલ** |
|---|---|---|---|
| ૦૦ | ૦૮ | ૦૪ | ૧૨ |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી નવી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કોલેજોને મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૩)

| **વર્ષ** | **સરકારી કોલેજ** | **ગ્રાન્ટેડ કોલેજ** | **ખાનગી કોલેજ** |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૨૦૧૭-૧૮ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૨૦૧૮-૧૯ | ૦૦ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૦૦** | **૦૦** | **૦૧** |

(૪) ઉક્ત કોલેજોમાં ખાનગીકરણ અટકે અને ઉંચી ફી ન ઉઘરાવે તે માટે શા પગલાં લેવામાં આવ્યા ?

(૪) તાલુકા અને જિલ્લા ખાતે ગ્રાન્ટેડ કોલેજોની વ્યવસ્થા છે માટે ખાનગીકરણ કરવાનો પ્રશ્ન નથી.

શ્રી જશપાલસિંહ મ. પઢિયાર : આપના માધ્યમથી હું મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે મહારાજા યુનિવર્સિટી હેઠળ પાદરાની અંદર એમ.કે. આર્ટસ અને અમીન કોલેજ આવેલી છે. એમાં છેલ્લા ઘણાં વર્ષોથી ગ્રાન્ટ એઇડ ચાલુ હતી, તે બંધ કરી દેવામાં આવી છે તે શા કારણસર બંધ કરવામાં આવી છે. બીજું, વડોદરા જિલ્લામાં સરકારી કોલેજ છેલ્લે કયારે બની અને નવી સરકારી કોલેજ બનાવવા માગો છો કે કેમ?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે વાત કરી છે ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજ, એ બંધ થવાના કારણો હું જણાવું છું, પરંતુ એમણે વાત કરી કે સરકારી કોલેજ બનાવવા માગો છો કે નહી, સરકારી કોલેજ બનાવવા માટે જે પણ એક પ્રક્રિયા હોય છે તેના અનુસંધાને પ્રક્રિયા પૂર્ણ થાય, સરકારી કોલેજ બનાવવા માટે જે તે વિદ્યા શાખાની અંદર જે તે જિલ્લાની અંદર બારમા ધોરણમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ જે તે વિદ્યા શાખામાં પાસ થયા હોય એ અને એની સામે અત્યારે ઉપલબ્ધ સીટ આ બન્ને ધ્યાનમાં રાખી અને નકકી કરવામાં આવે છે કે આ કોલેજની, આ શાખાની જરૂરિયાત છે કે નહીં, મોટું મોટું જણાવું તો ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજ છે તેમાં ૧૬૪૨૮ ઇન્ટેક છે, તેની સામે ભરાયેલી સીટોની સંખ્યા છે તે ૫૨૭૯ છે અને ખાલી સીટો ૧૧૧૪૯ છે. એટલે કે ૩૨.૧૩ ટકા જગ્યાઓ ભરાયેલી છે અને ૬૭.૮૭ ટકા જગ્યા ખાલી છે. હવે આટલી ખાલી જગ્યા હોય તેથી સરકારી નવી કોલેજ કરવી કે નહીં એ નિર્ણય જે તે વખતે જે તે પ્રક્રિયા કર્યા પછી કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી કોલેજોનો ખર્ચ પણ સરકાર આપે છે અને ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજનો ખર્ચ પણ સરકાર આપે છે. અત્યારની કોલેજોમાં પણ ઇન્કલુડીંગ ખાનગી કોલેજોમાં પણ જે ઇન્ટેક છે તે લગભગ ૬૦-૬૫ ટકા થી વધારે ખાલી હોય એવા સંજોગોમાં નવી કોલેજની કોઇ માંગ પણ નથી આવેલી.

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારી આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજને અધતન કરવા માટે સરકાર તરફથી શું સહાય આપવામાં આવે છે ?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી કોલેજો હોય તેને અધતન કરવા માટે સરકારી જગ્યામાં તમામ સુવિધા સહિત નવું અધતન મકાન બાંધકામ કરવા માટે ૨૦૧૯-૨૦ના બજેટમાં રૂ.૧૧૬.૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. કોલેજની જરૂરિયાત મુજબ ફર્નિચર, પ્રોજેક્ટર, કોમ્પ્યુટર, પ્રીન્ટર, સી.સી. ટીવી કેમેરા, લેબોરેટરીના સાધનો, પુસ્તકો વગેરે માટે આ બજેટમાં રૂ.૪૩.૯૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મકાન જૂનું થયું હોય અને એનું સમારકામ કરવાનું હોય તો તે મરામત અને રિપેરીંગ આર.એન્ડ બી. વિભાગ દ્વારા નિયમિત રીતે કરવામાં આવતું હોય છે. ૨૦૧૯-૨૦ના બજેટમાં પાંચ વર્ષ જુના સરકારી મકાનોના સમારકામ માટે રૂ.૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સરકારી કોલેજના મકાનોમાં ૧૦૦ એમ.બી.પી.એસ.ની સ્પીડ, આપણને બધાને ખ્યાલ છે કે સરકારે ટેબ્લેટ બધા વિદ્યાર્થીઓને આપ્યા છે એ યુઝ કરવા માટે વાઇ-ફાઇ સુવિધા પણ સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. વિષયાંતર કોલેજોને નવા બાંધકામ માટે રીનોવેશન અને સાધનો સહિતની માળખાકીય સુવિધા માટે સહાય કરવા માટે રૂ.બે કરોડની જોગવાઈ કરવામાં આવી છે અને આજ સુધીમાં આવી ૨૧ કોલેજોને લાભ આપવામાં આવ્યો છે.

શ્રી અક્ષયકુમાર ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજમાં શા માટે હાયર પેમેન્ટ લઇને સેલ્ફ ફાઇનાન્સની કોમર્સ અને સાયન્સ કોલેજમાં પ્રવેશ આપવામાં આવે છે? અને આ હકીકત સાચી છે કે કેમ?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધયક્ષશ્રી, ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજ એટલે સરકારી કોલેજ સમકક્ષ જ છે અને એની ફી પણ સરકારી કોલેજ જેટલી જ હોય છે એના પગાર ધોરણ અથવા તો તમામ ખર્ચ સરકાર કરતી હોય છે. એટલે વન ટાઇપ ઓફ સરકારી કોલેજ જ છે. ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજ એટલે તેને આપણે ગ્રાન્ટ આપીને સંચાલન કરવા માટે સોંપતા હોઇએ છીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે આ ૪ સાયન્સ કોલેજો આવેલી છે એ કયા કયા તાલુકામાં આવેલી છે અને બીજું, ખાસ કરીને જે ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજ આવેલી છે એ કયા કયા તાલુકામાં આવેલી છે? અને સરકારશ્રીનું કોઇ આયોજન છે ખરું? કારણ કે આ એક જ જિલ્લો એવો છે કે જયાં સરકારી કોલેજો નથી. સરકારશ્રી ત્યાં કોલેજ ખોલવા માગે છે કે કેમ?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ મેં કહ્યું હતું ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજ, વડોદરામાં કોઇ ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજ બંધ કરવામાં આવેલ નથી. ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજની માહિતી આપવા માગું છું તો એક સીનોરમાં આવેલી છે, એચ.સી.એ. પટેલ આર્ટસ કોલેજ, ઇન્ટેક ૭૬૨ છે ભરાયેલી ૨૫૪ અને ખાલી ૫૦૮ જગ્યાઓ છે. બીજી કોલેજ છે મીયાગામ કરજણ, પછીની કોલેજ છે પાદરા, તાલુકો પાદરામાં પછીની એક કોલેજ તાલુકો વાઘોડીયામાં છે. એક કોલેજ સાવલીમાં છે. બીજી કોલેજ વડોદરામાં છે અને બે કોલેજ ડભોઇમાં પણ છે. સાયન્સ કોલેજ આવેલી છે એ ગ્રાન્ટ ઇન એઇડ

સાયન્સ કોલેજ છે એ ડભોઈની અંદર સી.એન.પી.એમ. આર્ટસ, ડી.એન. શુક્લ સાયન્સ કોલેજ આવેલી છે. **રાજ્યમાં સરકાર દ્વારા શહીદ વનમાં રોપાનું વાવેતર**

*૧૬૧૪૭ **શ્રીમતી મનિષા વકીલ** (વડોદરા શહેર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં 'શહીદ વન' કયા સ્થળે બનાવવામાં આવેલ છે, | (૧) જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના મોજે ભુચરમોરી ખાતે. |
| (૨) આ વનમાં મુખ્યત્વે કયા પ્રકારના અને કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) મુખ્યત્વે રેઈન ટ્રી, પેલ્ટોફોરમ, વડ, ચંપો, બોરસલી, વાંસ, આંબા, આંબલી, રાયણ, સાદડ, લીમડા તેમજ કુલછોડ મળી કુલ ૫૬૧૫૪ રોપા. |
| (૩) આ વનમાં મુખ્યત્વે આકર્ષણો કયા છે? | (૩) વનદેવી મ્યુરલ, શહીદ જામ અજાજીનું સ્ટેચ્યુ, રંગીન કુવારો, વન કુટીર, ઉજાણી ગૃહ, કલાત્મક ગેટ વિગેરે. |

શ્રીમતી મનીષા વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી દ્વારા એ જાણવું છે કે રાજ્યમાં સાંસ્કૃતિક વનને શહીદ વન નામ કેમ આપવામાં આવ્યું અને તેનું લોકાર્પણ કયારે અને કોના હસ્તે કરવામાં આવેલ તથા તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

શ્રી રમણલાલ ના. પાટકર : રાજ્યમાં શહીદ વન આપવા માટેના જે ધોરણો નક્કી થયા. જે તે વખતે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ દ્વારા એક નીતિ બનાવવામાં આવી. તેમાં માનવ વૃક્ષો સાથે જોડાય તો સ્વાભાવિક રીતે ભૌગોલિક દૃષ્ટિએ ફાયદો મળે એ ઉદેશ સાથે શહીદ વન, નવગ્રહ વન, પંચવટી વન, ચંપાવન, ચંદનવન, કાશી વન, નક્ષત્ર વન, કૈલાસપતિ વન, કદમ વન જેવા વનોનું નિર્માણ કરવામાં આવ્યું. અત્યાર સુધી આ રીતે નિર્માણ થયેલા વન પાછળ ૬ કરોડ ૫૦ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે.

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે વન મહોત્સવની શરૂઆત કયારે થઇ? મારો બીજો પ્રશ્ન છે કે સાંસ્કૃતિક વન એટલે શું? ગુજરાતમાં સાંસ્કૃતિક વન બનાવવાનું કયારથી શરૂ કરવામાં આવ્યું અને તેનો ઉદેશ શું છે? અને મારો ત્રીજો પ્રશ્ન..

અધ્યક્ષશ્રી : શ્રી મહેશભાઇ, બે જ પ્રશ્ન.

શ્રી રમણલાલ ના. પાટકર : વન મહોત્સવની શરૂઆત મેં અગાઉ કહ્યું તે રીતે જે તે વખતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ દ્વારા કરવામાં આવી અને જે તે વખતે મહેસૂલ મંત્રી હતા તેમના નામથી ૨૦૦૪માં આ શરૂઆત કરવામાં આવી છે.

**શિહોર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાનું વાવેતર**

* ૧૬૧૫૪ **શ્રી કેશુભાઈ નાકરાણી** (ગારિયાધાર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના શિહોર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯માં કેટલા હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૧૭–૧૮ | ૧૧૦ |
| ૨૦૧૮–૧૯ | ૧૩૦ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૭–૧૮ | ૪૬.૦૫ |
| ૨૦૧૮–૧૯ | ૪૮.૦૩ |

શ્રી કેશુભાઇ હી. નાકરાણી : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧–૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ યોજના નીચે કયા કયા તાલુકામાં કેટલા કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે?

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં ૨૦૧૭–૧૮માં શિહોર, પાલીતાણા, મહુવા, તળાજા અને ભાવનગરમાં વાવેતર થયેલું છે. ૧૨૭૨.૯૨ હેકટર અને વાવેતર રોપા જે કર્યા છે એ શિહોરમાં ૭૫ હજાર, તેમાં જીવંત રોપા ૨૬ હજાર, ટકાવારીમાં ૩૪ ટકા. પાલીતાણામાં ૫૨ હેક્ટર, ૨૩ હજાર રૂપિયાનો ખર્ચ થયેલ છે. ૧૭ હજાર રોપા જીવંત છે. જીવિત સંખ્યા ટકાવારીમાં ૭૩.૯૧ ટકા. મહુવામાં ૮૦.૯૨, વાવેલ રોપા ૨૨ હજાર, જીવંત રોપા ૧૯ હજાર, જીવંત રોપાની ટકાવારી ૮૬.૧૯. તળાજામાં ૪૩૦ હેકટર વાવેતર, વાવેલા રોપ ૩૭ લાખ ૧૩હજાર, જીવંત રોપ ૩૪.૪૨, જીવંત ટકાવારી ૯૨. ભાવનગરની અંદર ૬૦૦ હેકટર, વાવેલા રોપ ૪૩ લાખ, જીવંત રોપ ૮.૮ અને જીવંત ટકાવારી ૧૮.૭૯ આમ કુલ ૧,૨૭૨.૯૨ હેકટરમાં વાવેતર થયેલ છે. વાવેલા રોપ ૮૧ લાખ ૨૫ હજાર, જીવંત રોપ ૪૩ લાખ ૧૨ હજાર. જીવંતની ટકાવારી ૫૩.૨ ટકા છે.

શ્રી બાબુભાઈ ભી. બોખીરિયા : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧–૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ રોપા વાવવામાં આવ્યા એમાં કેટલા માનવ દિન ઉત્પન્ન થયા અને એને કેટલી રોજગારી ચૂકવવામા આવી? કેટલા માનવ દિન ચૂકવવામાં આવ્યા અને તાલુકાવાર કેટલા રોપા વાવવામાં આવ્યા એની મને વિગતો આપો.

શ્રી રમણભાઈ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લાની અંદર મેં અગાઉ કહ્યું તેમ શિહોરની અંદર ૯૨૮૫ માનવ દિન ઉત્પન્ન થયેલા છે. એમાં મજૂરોને કરવામાં આવેલું ચૂકવણું ૨૭ લાખ ૬૩ હજાર રૂપિયા છે. પાલીતાણાની અંદર ૩,૦૮૦ માનવ દિન ઉત્પન્ન થયેલા છે અને રોજગારી ચૂકવાઈ છે ૯ લાખ ૧૭ હજાર રૂપિયા. મહુવાની અંદર ૪,૫૯૨ ઉત્પન્ન થયેલ માનવ દિન છે અને રૂ.૧૩ લાખ ૪૮ હજારનું મજૂરોને ચૂકવણું કરવામાં આવ્યું છે. તળાજાની અંદર ૧૮,૫૯૪ માનવ દિન ઉત્પન્ન થયેલ છે અને રૂ.૫૪ લાખ ૭૪ હજાર ચૂકવણું કરવામાં આવ્યું છે. ભાવનગરની અંદર ૨૨,૪૪૪ માનવ દિન ઉત્પન્ન થયેલ છે અને રૂ.૬૬ લાખ ૭૯ હજાર ચૂકવણું કરવામાં આવ્યું છે. કુલ પાંચ તાલુકાઓની અંદર ૫,૭૭,૦૩૫ માનવ દિન અને ચૂકવણું થયું છે રૂ.૧ કરોડ ૭૧ લાખ ૮૧ હજાર છે.

શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું. આ રોપઓનું વાવેતર કરવામાં આવ્યું છે એમાં મારા મત વિસ્તારના બે તાલુકા આવે છે. ઉમરાળા અને વલ્લભીપુર તો ત્યાં કેટલા રોપાનું વાવેતર કર્યું છે અને કેટલા જીવિત છે?

શ્રી રમણભાઈ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, વલ્લભીપુરની અંદર ૧,૩૮૬ માનવ દિન ઉત્પન્ન થયેલ છે. ૪ લાખ ૨૨ હજાર રૂપિયા ખર્ચ થયેલ છે. આ બન્ને વર્ષના કુલ ૯૩૧૩૫ માનવ દિન ઉત્પન્ન થયેલ છે. રૂપિયા ૨ કરોડ ૭૯ લાખ, ૫૧હજારનું ચૂકવણું થયેલ છે.

અધ્યક્ષશ્રી : ઉમરાળાનું બાકી રહ્યું.

શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, કેટલા જીવે છે અને કેટલા ગુજરી ગયા એમ મેં પૂછ્યું.

શ્રી રમણભાઈ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આપણે છોડ રોપીએ છીએ ત્યારે સ્વાભાવિક રીતે એ જમીનના ભૂતળ ઉપર એનો ઘણો આધાર હોય છે. સારી જમીન હોય, માટી સારી હોય તો જીવંત રોપાની સંખ્યા વધે છે. પત્થરવાળી જમીન હોય તો ટકાવારી ઘટે છે.

## આણંદ જિલ્લામાં નિરાધાર વિધવા સહાય યોજનાની અરજી

*૧૬૧૨૯ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૮–૧૯માં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી છે,

**જવાબ**

(૧)

| તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| આણંદ | ૫૨૧ |
| ઉમરેઠ | ૧૪૨ |
| આંકલાવ | ૧૪૦ |
| બોરસદ | ૩૫૮ |
| પેટલાદ | ૨૭૩ |
| સોજીત્રા | ૪૭ |
| તારાપુર | ૩૫ |
| ખંભાત | ૧૯૨ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર થઈ, અને

(૨)

| તાલુકો | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|
| આણંદ | ૩૨૯ | ૧૯૨ |
| ઉમરેઠ | ૧૩૧ | ૧૧ |
| આંકલાવ | ૧૩૯ | ૧ |
| બોરસદ | ૨૯૯ | ૫૯ |
| પેટલાદ | ૨૫૪ | ૧૯ |
| સોજીત્રા | ૪૩ | ૪ |
| તારાપુર | ૩૫ | ૦ |
| ખંભાત | ૧૭૩ | ૧૯ |

(૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શું છે ?

(૩)
- ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર હોવાથી,
- અરજી સાથે પુરાવા/વિગતો અધુરી હોવાથી,
- વાર્ષિક આવક નિયત મર્યાદા કરતા વધુ હોવાથી.

શ્રી ગોવિંદભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આણંદ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧–૩–૨૦૧૯ અંતિત નિરાધાર વિધવા સહાયના લાભાર્થીઓની સંખ્યા કેટલી હતી અને વર્ષ ૨૦૧૯–૨૦માં કેટલી નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન રીપીટ કરે.

શ્રી ગોવિંદભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આણંદ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧–૩–૨૦૧૯ અંતિત નિરાધાર વિધવા સહાયના લાભાર્થીઓની સંખ્યા કેટલી હતી અને વર્ષ ૨૦૧૯–૨૦માં...

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**માંડવી તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર**

૧૬૧૪૯ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના માંડવી તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) ૫૭ હેક્ટર |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ.૨૨.૫૪ લાખ. |

**અમરેલી જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજો**

૧૭૪૫૫ **શ્રી જે.વી.કાકડીયા** (ધારી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અમરેલી જીલ્લામાં કેટલી આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજો આવેલી છે, | (૧) **પત્રક–૧** મુજબ |
| (૨) ઉક્ત કોલેજો પૈકી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી છે, | (૨) **પત્રક–૨** મુજબ |
| (૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી નવી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કોલેજોને મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૩) **પત્રક–૩** મુજબ |
| (૪) ઉક્ત કોલેજોમાં ખાનગીકરણ અટકે અને ઉંચી ફી ન ઉઘરાવે તે માટે શા પગલાં લેવામાં આવ્યા ? | (૪) તાલુકા અને જિલ્લા ખાતે સરકારી તથા ગ્રાન્ટેડ કોલેજોની વ્યવસ્થા છે માટે ખાનગીકરણ કરવાનો પ્રશ્ન નથી. |

**પત્રક–૧**

| **જિલ્લાનું નામ** | **આર્ટસ** | **કોમર્સ** | **સાયન્સ** | **આર્ટસ અને કોમર્સ** | **આર્ટસ અને સાયન્સ** | **કુલ** |
|---|---|---|---|---|---|---|
| અમરેલી | ૧૧ | ૦૧ | ૦૮ | ૦૬ | ૦૧ | **૨૭** |

**પત્રક–૨**

| **જિલ્લાનું નામ** | **સરકારી કોલેજ** | **ગ્રાન્ટેડ કોલેજ** | **ખાનગી કોલેજ** | **કુલ** |
|---|---|---|---|---|
| **અમરેલી** | **૦૩** | **૦૭** | **૧૭** | **૨૭** |

**પત્રક–૩**

| **વર્ષ** | **સરકારી કોલેજ** | **ગ્રાન્ટેડ કોલેજ** | **ખાનગી કોલેજ** |
|---|---|---|---|
| ૨૦૧૭–૧૮ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૨૦૧૮–૧૯ | ૦૦ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૦૦** | **૦૦** | **૦૧** |

**પાટણ જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજો**

૧૭૩૯૭ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ પાટણ જીલ્લામાં કેટલી આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજો આવેલી છે,

(૧)

| પ્રવાહ | કોલેજની સંખ્યા |
|---|---|
| આર્ટસ | ૦૪ |
| કોમર્સ | ૦૨ |
| સાયન્સ | ૦૬ |
| આર્ટસ અને કોમર્સ | ૦૬ |
| આર્ટસ અને સાયન્સ | ૦૧ |
| કોમર્સ અને સાયન્સ | ૦૨ |
| આર્ટસ, કોમર્સ અને સાયન્સ | ૦૧ |
| **કુલ** | **૨૨** |

(૨) ઉક્ત કોલેજો પૈકી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી છે,

(૨)

| સરકારી કોલેજ | ગ્રાન્ટેડ કોલેજ | ખાનગી કોલેજ | કુલ |
|---|---|---|---|
| ૦૩ | ૦૭ | ૧૨ | ૨૨ |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી નવી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કોલેજોને મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૩)

| વર્ષ | સરકારી કોલેજ | ગ્રાન્ટેડ કોલેજ | ખાનગી કોલેજ |
|---|---|---|---|
| ૨૦૧૭-૧૮ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૦૧૮-૧૯ | ૦૦ | ૦૦ | ૦૧ |
| **કુલ** | **૦૦** | **૦૦** | **૦૧** |

(૪) ઉક્ત કોલેજોમાં ખાનગીકરણ અટકે અને ઉંચી ફી ન ઉઘરાવે તે માટે શા પગલાં લેવામાં આવ્યા ?

(૪) તાલુકા અને જિલ્લા ખાતે સરકારી તથા ગ્રાન્ટેડ કોલેજોની વ્યવસ્થા છે માટે ખાનગીકરણ કરવાનો પ્રશ્ન નથી.

---------

## મોરબી જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજો

૧૭૪૩૦ **શ્રી મહમદજાવીદ પીરઝાદા** (વાંકાનેર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ મોરબી જીલ્લામાં કેટલી આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજો આવેલી છે,

(૧)

| આર્ટસ | કોમર્સ | આર્ટસ અને કોમર્સ | આર્ટસ, કોમર્સ, હોમ સાયન્સ | સાયન્સ | કુલ |
|---|---|---|---|---|---|
| ૦૪ | ૦૧ | ૦૨ | ૦૧ | ૧૦ | ૧૮ |

(૨) ઉક્ત કોલેજો પૈકી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી છે,

(૨)

| સરકારી કોલેજ | ગ્રાન્ટેડ કોલેજ | ખાનગી કોલેજ | કુલ |
|---|---|---|---|
| ૦૦ | ૦૬ | ૧૨ | ૧૮ |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી નવી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કોલેજોને મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૩)

| વર્ષ | સરકારી કોલેજ | ગ્રાન્ટેડ કોલેજ | ખાનગી કોલેજ |
|---|---|---|---|
| ૨૦૧૭-૧૮ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૨૦૧૮-૧૯ | ૦૦ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૦૦** | **૦૦** | **૦૧** |

(૪) ઉક્ત કોલેજોમાં ખાનગીકરણ અટકે અને ઉંચી ફી ન ઉઘરાવે તે માટે શા પગલાં લેવામાં આવ્યા ?

(૪) તાલુકા અને જિલ્લા ખાતે સરકારી તથા ગ્રાન્ટેડ કોલેજોની વ્યવસ્થા છે માટે ખાનગીકરણ કરવાનો પ્રશ્ન નથી.

---------

## વાઘોડિયા તાલુકાની ગ્રામપંચાયતોને બેઝિક ગ્રાન્ટ

૧૬૧૭૨ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડિયા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાની તમામ ગ્રામ પંચાયતને નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬માં ૧૪માં નાણાંપંચ અંતર્ગત કુલ કેટલી બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવી, | (૧) વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાની તમામ ગ્રામ પંચાયતને નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬માં ૧૪માં નાણાંપંચ અંતર્ગત કુલ રૂ.૪૧૯.૪૩ લાખ બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |
| (૨) વાઘોડિયા તાલુકા પંચાયત દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬માં મળેલ બેઝીક ગ્રાન્ટમાંથી કુલ કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૨) વાઘોડિયા તાલુકા પંચાયત દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬માં મળેલ બેઝીક ગ્રાન્ટમાંથી કુલ ૨૧૩ કામો પૂર્ણ કરવામાં આવ્યા. |
| (૩) ઉક્ત પૂર્ણ કામો સામે કુલ કેટલો ખર્ચ થયેલ ? | (૩) ફાળવેલ રકમનો પુરેપુરો વપરાશ થયેલ છે. |

## ધોળકા અને ખેડામાં સારસ પક્ષીની પ્રજાતિને બચાવવા બાબત

૧૭૪૭૫ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ધોળકા તથા ખેડા જિલ્લાના માતરમાં વિશેષ જોવા મળતા રક્ષિત સારસ પક્ષીના રહેઠાણ વિસ્તાર નષ્ટ થઈ રહ્યા છે અને શિકાર થવાથી તેની વસ્તી ક્રમશઃ ઘટતી રહી છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો સારસ પક્ષીના રહેઠાણ વિસ્તાર નષ્ટ થવાના કારણો શું છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) સારસ પક્ષીની પ્રજાતિને બચાવવા અને તેના રહેઠાણ સુરક્ષિત કરવા શી વ્યવસ્થા કરવામાં આવી? | (૩) સારસ સંરક્ષણ અને સંવર્ધન અંગે પ્રજાલક્ષી શિબિરો યોજી પ્રજાને વાકેફ કરવામાં આવે છે. આ અંગે વન વિભાગ દ્વારા ટીમો બનાવી નિયમિત રીતે સતત પેટ્રોલીંગ કરવામાં આવે છે અને જુદી–જુદી જગ્યાએ ટેન્ટ ઉભા કરવામાં આવે છે. વોચ ટાવરનો પણ ઉપયોગ કરવામાં આવે છે. બાયનોક્યુલર તેમજ ડીજીટલ કેમેરા વગેરેનો ઉપયોગ કરી ફિલ્ડ સ્ટાફ દ્વારા નિયમિત રીતે સતત સારસ ગૃપ અને સારસ પક્ષીઓના માળાઓનું મોનીટરીંગ કરવામાં આવે છે. |

---------

## રાજ્યમાં ખેડૂતોને ગાય અને વાછરડા પુરા પાડવાની યોજના

૧૬૦૩૬ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ગરીબ ખેડૂતોને ગાય અને વાછરડા પુરા પાડવાની યોજનાના અમલ માટે માન્ય કરવામાં આવેલ એજન્સીઓ મારફતે આ યોજનામાં ગેર કાયદે આખલા મેળવી તેને કતલના હેતુસર ટ્રાન્સપોર્ટેશન કરવાની ગંભીર ફરિયાદથી સરકાર વાકેફ છે, | (૧) રાજ્યમાં ગરીબ ખેડૂતોને ગાય અને વાછરડાં પુરા પાડવાની કોઈ યોજના અમલમાં નથી. |
| (૨) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ફરિયાદો સરકારને મળી છે અને તેમાં કેટલી માન્ય એજન્સીઓ ગુનાહીત પ્રવૃત્તિમાં સંડોવાઈ હતી અને તેની સામે શા પગલા લેવાયાં, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આવી એજન્સીઓની કામગીરી પર અસરકારક નિયંત્રણ રાખવા સરકારે શી કાર્યવાહી કરી? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## અમદાવાદ જિલ્લાની શાળામાં મદદનીશ શિક્ષકોનું મંજૂર મહેકમ

૧૬૧૯૩ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મદદનીશ શિક્ષકોનું કેટલુ મહેકમ મંજૂર થયેલ છે,
(૧) ૦૮

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને
(૨) ભરાયેલ જગ્યાઓ – ૦૬
ખાલી જગ્યાઓ – ૦૨

(૩) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે?
(૩) જેમ બને તેમ જલદી.

---------

**સાવલી તાલુકાની ગ્રામ પંચાયતોને ૧૪માં નાણાપંચ અંતર્ગત બેઝીક ગ્રાન્ટ**

૧૬૪૦૯ **શ્રી કેતનભાઈ ઈનામદાર** (સાવલી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) વડોદરા જિલ્લાના સાવલી તાલુકાની તમામ ગ્રામ પંચાયતને નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં ૧૪માં નાણાપંચ અંતર્ગત કુલ કેટલી બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૧)

| વર્ષ | ફાળવેલ બેઝીક ગ્રાન્ટ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૫-૧૬ | ૩૮૨.૭૯ |

(૨) ઉક્ત પંચાયત દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં મળેલ બેઝીક ગ્રાન્ટમાંથી કુલ કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા તથા આયોજન કરેલ કામો પૈકી દરેક કામ પૂર્ણ થઈ ગયેલ છે, અને

(૨)

| વર્ષ | આયોજન થયેલ કામો | પૂર્ણ થયેલ કામો |
|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૧૮૭ | ૧૮૭ |

હા, આયોજન કરેલ દરેક કામ પૂર્ણ થઈ ગયેલ છે.

(૩) ઉક્ત પૂર્ણ કામો સામે કુલ કેટલો ખર્ચ થયેલ?

(૩)

| વર્ષ | થયેલ ખર્ચની કુલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૫-૧૬ | ૩૮૨.૭૯ |

---------

**દાહોદ જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય**

૧૬૧૬૬ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપુરા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવાની યોજના અમલમાં છે કે કેમ, અને
(૧) હા, જી

(૨) જો હા, તો તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૮-૧૯માં દાહોદ જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે?
(૨) ૩૭૫ આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે.

---------

**અમદાવાદ જિલ્લામાં આંગણવાડી તેડાગર બહેનોને રસોઈ અંગેની તાલીમ**

૧૬૧૩૫ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં આંગણવાડી તેડાગર બહેનોને રસોઈ અંગેની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને
(૧) હા, જી.

(૨) જો હા, તો વર્ષ ૨૦૧૮-૧૯માં તાલુકાવાર કેટલી બહેનોએ આ તાલીમ લીધેલ છે?

(૨)

| ઘટકનું નામ | રસોઈ તાલીમ લીધેલ તેડાગર બહેનોની સંખ્યા |
|---|---|

| | |
|---|---|
| સિટી ગ્રામ્ય | ૭ |
| દસક્રોઈ–૧ | ૯ |
| દસક્રોઈ –૨ | ૨ |
| દેત્રોજ | ૧૧ |
| ધંધુકા | ૪ |
| ધોળકા–૧ | ૪ |
| ધોળકા–૨ | ૪ |
| માંડલ | ૫ |
| સાણંદ–૧ | ૬ |
| સાણંદ–૨ | ૫ |
| વિરમગામ | ૨૬ |
| **કુલ** | **૯૮** |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં નિરાધાર વિધવા સહાય યોજનાની અરજીઓ**

૧૬૧૨૨ **શ્રી પરસોત્તમ સાબરિયા** (ધ્રાંગધ્રા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૮–૧૯માં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી છે,

(૧)

| તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| મુળી | ૩૯ |
| થાનગઢ | ૧૯ |
| લીંબડી | ૭૨ |
| ચુડા | ૩૧ |
| લખતર | ૨૬ |
| વઢવાણ | ૧૪૩ |
| પાટડી | ૮૬ |
| ચોટીલા | ૪૨ |
| સાયલા | ૧૧૧ |
| ધ્રાંગ્રધ્રા | ૫૪ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર થઈ, અને

(૨)

| તાલુકો | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|
| મુળી | ૩૧ | ૮ |
| થાનગઢ | ૧૯ | ૦ |
| લીંબડી | ૪૭ | ૧૮ |
| ચુડા | ૨૯ | ૨ |
| લખતર | ૨૪ | ૨ |
| વઢવાણ | ૧૩૬ | ૭ |
| પાટડી | ૭૦ | ૨ |
| ચોટીલા | ૩૯ | ૩ |
| સાયલા | ૭૬ | ૩ |
| ધ્રાંગ્રધ્રા | ૪૪ | ૪ |

(૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શું છે?

(૩)

- ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર હોવાથી,
- અરજી સાથે પુરાવા/વિગતો અધુરી હોવાથી,
- વાર્ષિક આવક નિયત મર્યાદા કરતાં વધુ હોવાથી.

---------

**ભરૂચ જિલ્લામાં સ્ટાફ નર્સનું મંજૂર મહેકમ**

૧૬૪૧૨ **શ્રી દુષ્યંતભાઈ પટેલ** (ભરૂચ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં સ્ટાફ નર્સનું મંજૂર મહેકમ કેટલું છે, | (૧) ૫૩ |
| (૨) તે પૈકી, ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) ૩૫ ભરાયેલ અને ૧૮ ખાલી |
| (૩) આ ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન શું છે? | (૩) વહીવટી અનુકુળતા મુજબ. |

---------

**ખેડા જિલ્લામાં પ્રાથમિક શાળાઓની સંખ્યા**

૧૭૪૭૨ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ ખેડા શહેર/જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે,

(૧)

| શહેર/જિલ્લો | કુલ પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|
| ખેડા-નડિયાદ (શહેર) | ૬૪ |
| ખેડા જિલ્લો | ૧૬૨૫ |

(૨) ઉક્ત શાળાઓ પૈકી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી છે,

(૨)

| શહેર/જિલ્લો | સરકારી પ્રાથમિક શાળા | ગ્રાન્ટેડ પ્રાથમિક શાળા | ખાનગી પ્રાથમિક શાળા |
|---|---|---|---|
| ખેડા-નડિયાદ (શહેર) | ૨૩ | ૦૩ | ૩૮ |
| ખેડા જિલ્લો | ૧૩૫૮ | ૪૬ | ૨૨૧ |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી નવી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓને મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૩)

| શહેર/જિલ્લો | વર્ષ ૨૦૧૭-૧૮ | | | વર્ષ ૨૦૧૮-૧૯ | | |
|---|---|---|---|---|---|---|
| | સરકારી | ગ્રાન્ટેડ | ખાનગી | સરકારી | ગ્રાન્ટેડ | ખાનગી |
| ખેડા-નડિયાદ (શહેર) | ૦૦ | ૦૦ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૪ |

(૪) પ્રાથમિક શાળાઓમાં ખાનગીકરણ અટકે અને ઉંચી ફી ન ઉઘરાવે તે માટે શા પગલાં લેવામાં આવ્યા?

(૪)
- પ્રાથમિક શાળાઓનું ખાનગીકરણ અટકે તે માટે ખાનગી પ્રાથમિક શાળાઓની મંજૂરી માટે મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૯ના નિયમ ૧૦૬ માં જરૂરી સુધારો કરવામાં આવ્યો છે.
- ખાનગી પ્રાથમિક શાળાઓ ઉંચી ફી ન ઉઘરાવે તે માટે ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ-૨૦૧૭ અમલમાં લાવવામાં આવેલ છે.

---------

**જામનગર અને ગીર સોમનાથ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા**

૧૭૪૪૦ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ જામનગર અને ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, અને

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ જામનગર અને ગીર સોમનાથ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા આ મુજબ છે.

| જિલ્લો | ઓછા વજન વાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજન વાળા બાળકોની સંખ્યા | કુલ ઓછા વજન વાળા બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| જામનગર | ૨૨૫૫ | ૪૪૯ | ૨૭૦૪ |

| | | | |
|---|---|---|---|
| ગીર સોમનાથ | ૮૮૯ | ૧૮૭ | ૧૦૭૬ |

(૨) આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધાં?

(૨) ઉક્ત સ્થિતિએ પોષણ સ્તરમાં સુધારો કરવા માટે છેલ્લા બે વર્ષમાં આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- જામનગર અને ગીર સોમનાથ જિલ્લાના તમામ ઘટકમાં બાળકોને બાલશક્તિ ટેક હોમ રેશન શરૂ ન થાય ત્યાં સુધી હાલમાં વચગાળાની વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આંગણવાડી કેન્દ્રોમાં આવતાં ૬ માસથી ૩ વર્ષના બાળકો, ૩ વર્ષથી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા લાભાર્થી બાળકોને ઘઉં, મગદાળ અને તેલ ઘરે લઈ જવા માટે આપવામાં આવે છે.
- ૩–૬ વર્ષના ઓછા અને અતિ ઓછા વજનવાળા બાળકોને ત્રીજું ભોજન તરીકે ઘરે લઈ જવા કેલેરી પ્રોટીન સભર ૫૦ ગ્રામનો લાડુ આપવામાં આવે છે.
- લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં ડબલ ફોર્ટિફાઈડ મીઠું તેમજ ફોર્ટિફાઈડ તેલ પુરૂ પાડવામાં આવે છે.

---------

## સુરત જિલ્લામાં દૂધ સંજીવની યોજનાનો અમલ

૧૬૧૫૯ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં દૂધ સંજીવની યોજનાનો અમલ ક્યારથી થયો, અને

(૨) સુરત જિલ્લામાં દૂધ સંજીવની યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૮–૧૯માં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે અને કેટલા બાળકોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો?

**જવાબ**

(૧) તા.૨૨–૦૭–૨૦૧૪ થી

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ | બાળકોની સંખ્યા |
|---|---|---|
| ૨૦૧૮–૧૯ | રૂ.૧૧૬૧.૨૪ લાખ | ૭૧,૭૯૭ |

---------

## રાજ્યમાં ડિગ્રી ફાર્મસી સરકારી અને અનુદાનિત કોલેજો

૧૫૮૧૨ **ડૉ. નીમાબેન આચાર્ય** (ભુજ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલી ડિગ્રી ફાર્મસી અભ્યાસક્રમની સરકારી અને અનુદાનિત કોલેજો આવેલી છે, અને

(૨) તેમાં કુલ કેટલી બેઠકો મંજૂર થયેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં ડિગ્રી ફાર્મસી અભ્યાસક્રમની સરકારી કોલેજોની સંખ્યા : ૦૧
ડિગ્રી ફાર્મસી અભ્યાસક્રમની અનુદાનિત કોલેજોની સંખ્યા : ૦૩

(૨) ડિગ્રી ફાર્મસી અભ્યાસક્રમની સરકારી કોલેજોની મંજૂર બેઠકો : ૧૦૦

ડિગ્રી ફાર્મસી અભ્યાસક્રમની અનુદાનિત કોલેજોની મંજૂર બેઠકો : ૧૩૫

---------

**સુરેન્દ્રનગર અને અમદાવાદ જિલ્લામાં ગૌચર જમીન પર દબાણ**

૧૭૮૭૯ **શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ગૌચર જમીન પર દબાણની કેટલી ફરીયાદો સરકારને મળી હતી,

(૨) ઉક્ત ફરિયાદોના નિકાલ માટે શું કાર્યવાહી કરી, અને

(૩) ઉક્ત ગૌચર જમીન ખુલ્લી કરવામાં આવી હોય તો તે જમીન કેટલી હતી અને દબાણ કર્તાઓ સામે ઉક્ત સ્થિતિએ શા પગલાં લીધાં?

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **મળેલ ફરિયાદ** |
|---|---|
| સુરેન્દ્રનગર | ૦૨ |
| અમદાવાદ | ૪૧ |
| **કુલ** | **૪૩** |

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ–૧૦૫ મુજબ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૩)

| **જિલ્લો** | **દૂર કરેલ દબાણ (હે.આરે.ચો.મી.)** |
|---|---|
| સુરેન્દ્રનગર | ૧૧.૯૩.૨૭ |
| અમદાવાદ | ૧૦.૫૨.૧૮ |
| **કુલ** | **૨૨.૪૫.૪૫** |

દબાણકારોને કાયદેસરની નોટીસ આપી દબાણ દુર કરાવવામાં આવેલ છે.

---------

**તાપી જિલ્લામાં આદિજાતી કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય**

૧૫૮૨૩ **શ્રી મોહનભાઈ ઢોડિયા** (મહુવા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવાની યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૮–૧૯માં તાપી જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી

(૨) ૬૪૫

---------

**આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની સ્કુલોમાં અપાતો ભોજનનો કોન્ટ્રાક્ટ**

૧૭૧૮૩ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છોટાઉદેપુર આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની સ્કુલોમાં અપાતા ભોજનનો કોન્ટ્રાક્ટ ખાનગી સંસ્થાને આપેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત સંસ્થા સામે વર્ષવાર કેટલી અને કેવા પ્રકારની ફરિયાદ ક્યારે મળી?

**જવાબ**

(૧) હા, જી

(૨) ઉક્ત સંસ્થા વિરૂધ્ધ કોઈ ફરિયાદ મળેલ નથી.

---------

**રાજ્યમાં જાનકી વનમાં રોપાનું વાવેતર**

૧૬૧૪૨ **શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ** (ઘાટલોડિયા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) રાજ્યમાં 'જાનકી વન' કયા સ્થળે બનાવવામાં આવેલ છે,

(૧) નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના મોજે ભિનાર (ખડકાળા) ખાતે.

(૨) આ વનમાં મુખ્યત્વે કયા પ્રકારના અને કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) મુખ્યત્વે ચંદન, સિંદુરી, કૈલાસપતિ, બીલીપત્ર, કદમ, બોટલપામ, ટેકોમા, ગુલમહોર, ઉમરો, આંબા, બોરસલ્લી, હરડે, સીતાફળ, કાજુ, વાંસ, ચંપો, બારમાસી, જાસુદ, ગુલાબ, લાલ મહેંદી, બોગનવેલ વિગેરે પ્રકારના રોપા તેમજ ફળાઉની વિવિધ જાતો મળી કુલ ૫૪૮૪૭ રોપા.

(૩) આ વનમાં મુખ્યત્વે આકર્ષણો કયા છે?

(૩) આદિવાસી લોકનૃત્યના વાજીંત્રોનું મ્યુરલ, આદિમાનવનું મ્યુરલ, નારીશક્તિ શિલ્પ, ઈન્ટરપ્રીટેશન સેન્ટર, ઉનાઈ માતાજીનું મ્યુરલ, વાલ્મિકી કુટિર વિગેરે.

---------

**ખેડા જિલ્લામાં નિરાધાર વિધવા સહાય યોજનાની અરજી**

૧૬૧૩૦ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૧૮–૧૯માં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી છે,

(૧)

| તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| નડિયાદ (શહેર) | ૧૩૦ |
| નડિયાદ (ગ્રામ્ય) | ૨૬૦ |
| વસો | ૬૬ |
| ખેડા | ૮૭ |
| માતર | ૮૫ |
| મહેમદાવાદ | ૧૬૩ |
| મહુધા | ૯૩ |
| કઠલાલ | ૧૪૯ |
| કપડવંજ | ૩૩૧ |
| ઠાસરા | ૨૭૭ |
| ગળતેશ્વર | ૮૦ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર થઈ, અને

(૨)

| તાલુકો | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|
| નડિયાદ (શહેર) | ૯૨ | ૯ |
| નડિયાદ (ગ્રામ્ય) | ૨૩૭ | ૪ |
| વસો | ૬૫ | ૧ |
| ખેડા | ૬૭ | ૨૦ |
| માતર | ૭૮ | ૭ |
| મહેમદાવાદ | ૧૦૭ | ૫૬ |
| મહુધા | ૭૮ | ૧૫ |
| કઠલાલ | ૧૪૩ | ૬ |
| કપડવંજ | ૩૨૦ | ૦ |
| ઠાસરા | ૨૬૪ | ૧૩ |
| ગળતેશ્વર | ૭૪ | ૪ |

(૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શું છે?

(૩)

- ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર હોવાથી,
- અરજી સાથે પુરાવા/વિગતો અધુરી હોવાથી,
- વાર્ષિક આવક નિયત મર્યાદા કરતા વધુ હોવાથી.

---------

**જૂનાગઢ જિલ્લામાં નિરાધાર વિધવા સહાય યોજનાની અરજી**

૧૬૧૨૬ **શ્રી દેવાભાઈ માલમ** (કેશોદ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૮–૧૯માં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી છે,

(૧)

| તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| જૂનાગઢ (શહેર) | ૧૬૪ |
| જૂનાગઢ (ગ્રામ્ય) | ૫૩ |
| વંથલી | ૫૦ |
| માણાવદર | ૫૭ |
| મેંદરડા | ૨૪ |
| માળીયા હાટીના | ૭૯ |
| વિસાવદર | ૪૦ |
| ભેસાણ | ૫૩ |
| કેશોદ | ૮૫ |
| માંગરોળ | ૭૧ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર થઈ, અને

(૨)

| તાલુકો | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|
| જૂનાગઢ (શહેર) | ૧૫૨ | ૧૨ |
| જૂનાગઢ (ગ્રામ્ય) | ૩૭ | ૨ |
| વંથલી | ૪૨ | ૪ |
| માણાવદર | ૪૧ | ૯ |
| મેંદરડા | ૧૫ | ૧ |
| માળીયા હાટીના | ૭૬ | ૧ |
| વિસવાદર | ૨૨ | ૬ |
| ભેસાણ | ૭ | ૦ |
| કેશોદ | ૬૨ | ૧૪ |
| માંગરોળ | ૬૫ | ૬ |

(૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શું છે?

(૩)
- ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર હોવાથી,
- અરજી સાથે પુરાવા/વિગતો અધુરી હોવાથી,
- વાર્ષિક આવક નિયત મર્યાદા કરતા વધુ હોવાથી,

---------

**વલસાડ જિલ્લામાં આદિજાતી કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય**

૧૫૮૨૪ **શ્રી અરવિંદભાઈ પટેલ** (ધરમપુર) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવાની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૮–૧૯માં વલસાડ જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે? | (૨) ૧૩૦૫ |

---------

**સુરત જિલ્લામાં અનુસૂચિત જનજાતિના ઈસમો માટે માનવ ગરિમા યોજનાનો અમલ**

૧૬૧૬૦ **શ્રી કાંતિભાઈ બલર** (સુરત–ઉત્તર) : **માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૧૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં અનુસૂચિત જનજાતિના ઈસમોને સ્વરોજગાર માટે સાધન સહાય આપવા માનવ ગરિમા યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો સુરત જિલ્લામાં અનુસૂચિત જનજાતિના ઈસમો માટે માનવ ગરિમા યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯માં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો? | (૨) કુલ ૫૬૪૨ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. |

---------

**આણંદ અને નવસારી જિલ્લામાં ગ્રામ પંચાયતને સ્માર્ટ વિલેજનો દરજ્જો**

૧૭૦૦૫ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ આણંદ અને નવસારી જીલ્લામાં જીલ્લાવાર કેટલી ગ્રામ પંચાયતને સ્માર્ટ વિલેજનો દરજ્જો આપવામાં આવેલ છે?

**જવાબ**

સ્માર્ટ વિલેજ યોજના અંતર્ગત ગામોની પસંદગીની બાબત પ્રક્રિયા હેઠળ છે.

---------

**ખેરગામ ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામને વહીવટી મંજૂરી**

૧૬૨૧૧ **શ્રી પિયુષભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં ખેરગામ જિ.નવસારી ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી રકમની ક્યારે વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ.૬,૨૧,૪૮,૦૦૦/– ની વહીવટી મંજૂરી તા.૨૫–૦૭–૨૦૧૮ ના રોજ આપવામાં આવેલ છે.

(૩) બાંધકામ પ્રગતિ હેઠળ છે.

---------

**તાપી જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજો**

૧૭૫૦૦ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ તાપી જીલ્લામાં કેટલી આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજો આવેલી છે,

**જવાબ**

(૧) પત્રક–૧ મુજબ

**પત્રક–૧**

| જિલ્લાનું નામ | આર્ટસ | કોમર્સ | સાયન્સ | આર્ટસ અને કોમર્સ | કુલ |
|---|---|---|---|---|---|
| તાપી | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૩ | ૦૭ |

(૨) ઉક્ત કોલેજો પૈકી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી છે,

(૨) પત્રક–૨ મુજબ

**પત્રક–૨**

| સરકારી કોલેજ | ગ્રાન્ટેડ કોલેજ | ખાનગી કોલેજ | કુલ |
|---|---|---|---|
| ૦૪ | ૦૩ | ૦૦ | ૦૭ |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી નવી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કોલેજોને મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૩) પત્રક–૩ મુજબ

**પત્રક–૩**

| જિલ્લાનું નામ | વર્ષ | સરકારી કોલેજ | ગ્રાન્ટેડ કોલેજ | ખાનગી કોલેજ |
|---|---|---|---|---|
| તાપી | ૨૦૧૭–૧૮ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | ૨૦૧૮–૧૯ | ૦૦ | ૦૦ | ૦૦ |

(૪) ઉકત કોલેજોમાં ખાનગીકરણ અટકે અને ઉંચી ફી ન ઉઘરાવે તે માટે શાં પગલાં લેવામાં આવ્યા?

(૪) તાલુકા અને જિલ્લા ખાતે સરકારી તથા ગ્રાન્ટેડ કોલેજોની વ્યવસ્થા છે માટે ખાનગીકરણ કરવાનો પ્રશ્ન નથી.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજો**

૧૭૪૨૨ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલી આર્ટસ કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજો આવેલી છે,

(૧) **પત્રક–૧** મુજબ

(૨) ઉક્ત કોલેજો પૈકી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી છે,

(૨) **પત્રક–૨** મુજબ

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી નવી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કોલેજોને મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૩) **પત્રક–૩** મુજબ

(૪) ઉક્ત કોલેજોમાં ખાનગીકરણ અટકે અને ઉંચી ફી ન ઉઘરાવે તે માટે શાં પગલાં લેવામાં આવ્યા?

(૪) તાલુકા અને જિલ્લા ખાતે સરકારી તથા ગ્રાન્ટેડ કોલેજોની વ્યવસ્થા છે માટે ખાનગીકરણ કરવાનો પ્રશ્ન નથી.

**પત્રક–૧**

| જિલ્લાનું નામ | આર્ટસ | કોમર્સ | સાયન્સ | આર્ટસ અને કોમર્સ | કોમર્સ અને સાયન્સ | આર્ટસ અને સાયન્સ | આર્ટસ, કોમર્સ અને સાયન્સ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| સુરેન્દ્રનગર | ૦૫ | ૦૬ | ૦૪ | ૦૩ | ૦૧ | ૦૩ | ૦૨ | ૨૪ |

**પત્રક–૨**

| જિલ્લાનું નામ | સરકારી કોલેજ | ગ્રાન્ટેડ કોલેજ | ખાનગી કોલેજ | કુલ |
|---|---|---|---|---|
| સુરેન્દ્રનગર | ૦૪ | ૦૫ | ૧૫ | ૨૪ |

**પત્રક–૩**

| જિલ્લાનું નામ | વર્ષ | સરકારી કોલેજ | ગ્રાન્ટેડ કોલેજ | ખાનગી કોલેજ |
|---|---|---|---|---|
| સુરેન્દ્રનગર | ૨૦૧૭–૧૮ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | ૨૦૧૮–૧૯ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૦૦** | **૦૦** | **૦૦** |

---------

## મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ ટેકનીકલ શિક્ષણ સહાય

૧૫૮૧૬ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ સને ૨૦૧૮–૧૯ના વર્ષમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ટેકનીકલ શિક્ષણ હેઠળના ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં રાજ્યના કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની ઉચ્ચ શિક્ષણ સહાય આપવામાં આવી, અને

(૧) ૨૨૮૮૭ વિદ્યાર્થીઓને રૂ.૮૬.૬૨ કરોડની ઉચ્ચ શિક્ષણ સહાય આપવામાં આવી છે.

(૨) તે અન્વયે કેટલા વિદ્યાર્થીઓ અને કેટલી વિદ્યાર્થીનીઓને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે?

(૨) ૧૯૮૦૩ વિદ્યાર્થીઓને રૂ. ૭૪.૯૭ કરોડ અને ૩૦૮૪ વિદ્યાર્થીનીઓને રૂ.૧૧.૬૫ કરોડ ચુકવવામાં આવેલ છે.

---------

## રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકાની માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ

૧૭૧૭૬ **શ્રી અંબરીષ ડેર** (રાજુલા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અમરેલી જિલ્લાના રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકામાં તાલુકાવાર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સરકારી શાળાઓમાં કેટલા શિક્ષકોની જગ્યા મંજૂર થયેલ છે.

(૧)

| તાલુકા | માધ્યમિક | ઉચ્ચતર માધ્યમિક |
|---|---|---|
| રાજુલા | ૩૭ | ૦૯ |
| જાફરાબાદ | ૪૧ | ૦૬ |

| ખાંભા | ૦૬ | ૦૪ |
|---|---|---|

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ઉક્ત તાલુકાવાર ખાલી છે,

(૨)

| તાલુકા | માધ્યમિક | ઉચ્ચતર માધ્યમિક |
|---|---|---|
| રાજુલા | ૧૫ | ૦૨ |
| જાફરાબાદ | ૧૮ | ૦૨ |
| ખાંભા | ૦૩ | ૦૧ |

(૩) ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાના શાં કારણો છે, અને

(૩) વય નિવૃતિ, નવી શાળાઓ શરૂ થવાથી, જિલ્લા ફેરબદલી થવાથી, વર્ગ વધારો થવાથી વગેરે જેવા કારણોસર.

(૪) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે?

(૪) બનતી ત્વરાએ.

---------

**અમદાવાદ ખાતે મેટ્રોપોલીટન કોર્ટને રિનોવેશન અને રિપેરીંગની વહીવટી મંજૂરી**

૧૬૨૦૬ **શ્રી જગદીશ પંચાલ** (નિકોલ) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં મેટ્રોપોલીટન કોર્ટ, ઘી કાંટા, અમદાવાદ ખાતે રિનોવેશન અને રિપેરીંગના કામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી રકમની ક્યારે વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૨) રૂ.૨,૦૧,૩૭,૦૦૦/–ની વહીવટી મંજુરી તા.૨૦–૦૪–૨૦૧૮ના રોજ આપવામાં આવેલ છે.

(૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે?

(૩) કામગીરી પ્રગતિ હેઠળ છે.

---------

**દહેગામ તાલુકાની ગ્રામપંચાયતોને બેઝિક ગ્રાન્ટ**

૧૬૧૭૧ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાની તમામ ગ્રામ પંચાયતને નાણાંકીય વર્ષ ૨૦૧૬–૧૭માં ૧૪માં નાણાંપંચ અંતર્ગત કુલ કેટલી બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૧) ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાની તમામ ગ્રામ પંચાયતને નાણાંકીય વર્ષ ૨૦૧૬–૧૭માં ૧૪માં નાણાપંચ અંતર્ગત કુલ રૂ.૬,૬૫,૧૬,૭૨૨/– ની બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવી.

(૨) દહેગામ તાલુકા પંચાયત દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૬–૧૭માં મળેલ બેઝીક ગ્રાન્ટમાંથી કુલ કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) દહેગામ તાલુકા પંચાયત દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૬–૧૭માં મળેલ બેઝીક ગ્રાન્ટમાંથી કુલ ૪૪૨ કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત પૂર્ણ કામો સામે કુલ કેટલો ખર્ચ થયેલ ?

(૩) ઉક્ત પૂર્ણ કામો સામે કુલ રૂ.૬,૩૬,૫૯,૫૪૫/–નો ખર્ચ થયેલ છે.

---------

**રાજકોટ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની મંજૂર જગ્યા**

૧૬૧૮૭ **શ્રી લાખાભાઈ સાગઠિયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ-૧૧ જગ્યા મંજૂર થયેલ છે.

(૨) જે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યા ખાલી છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કુલ-૦૯ જગ્યાઓ ભરાયેલ છે અને કુલ-૦૨ જગ્યા ખાલી છે.

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે?

(૩) વહીવટી અનુકૂળતાએ.

---------

**સીમુલ, શેરોડ, સફેદ ખાખરો, દૂધ કુડી, કુકર તથા બોધી વૃક્ષને ભયગ્રસ્ત જાહેર કરવા બાબત**

૧૭૪૯૩ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત બાયોડાયવર્સીટી બોર્ડ સીમુલ, શેરોડ, સફેદ ખાખરો, દૂધ કુડી, કુકર તથા બોધી વૃક્ષને ભયગ્રસ્ત જાહેર કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૧) ના, જી.

(૨) જો હા,તો તેના કારણો શું છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત વૃક્ષના સંરક્ષણ માટે શું વ્યવસ્થા કરવામાં આવી છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જૂનાગઢ જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજો**

૧૭૪૪૬ **શ્રી ભીખાભાઈ જોષી** (જૂનાગઢ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં કેટલી આર્ટસ કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજો આવેલી છે,

(૧)

| **પ્રવાહ** | **કોલેજની સંખ્યા** |
|---|---|
| આર્ટસ | ૦૮ |
| કોમર્સ | ૧૦ |
| સાયન્સ | ૧૪ |
| આર્ટસ અને કોમર્સ | ૧૫ |
| આર્ટસ અને હોમ સાયન્સ | ૦૧ |
| આર્ટસ, કોમર્સ અને સાયન્સ | ૦૧ |
| આર્ટસ, કોમર્સ અને હોમસાયન્સ | ૦૧ |
| **કુલ** | **૫૦** |

(૨) ઉક્ત કોલેજો પૈકી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી છે,

(૨)

| **સરકારી કોલેજ** | **ગ્રાન્ટેડ કોલેજ** | **ખાનગી કોલેજ** | **કુલ** |
|---|---|---|---|
| ૦૪ | ૧૨ | ૩૪ | **૫૦** |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી નવી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કોલેજોને મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૩)

| **વર્ષ** | **સરકારી કોલેજ** | **ગ્રાન્ટેડ કોલેજ** | **ખાનગી કોલેજ** |
|---|---|---|---|
| ૨૦૧૭-૧૮ | ૦૦ | ૦૦ | ૦૩ |
| ૨૦૧૮-૧૯ | ૦૦ | ૦૦ | ૦૦ |
| **કુલ** | ૦૦ | ૦૦ | ૦૩ |

(૪) ઉક્ત કોલેજોમાં ખાનગીકરણ અટકે અને ઉંચી ફી ન ઉઘરાવે તે માટે શા પગલાં લેવામાં આવ્યા?

(૪) તાલુકા અને જિલ્લા ખાતે સરકારી તથા ગ્રાન્ટેડ કોલેજોની વ્યવસ્થા છે માટે ખાનગીકરણ કરવાનો પ્રશ્ન નથી.

---------

**રાજકોટ ખાતે એરપોર્ટ બનાવવાની કામગીરી બાબત**

૧૫૮૧૫ **શ્રી અરવિંદ રૈયાણી** (રાજકોટ-પૂર્વ) : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજકોટ ખાતે કયા પ્રકારનું એરપોર્ટ બનાવવામાં

(૧) રાજકોટ ખાતે code-"c" Typeનું આંતરાષ્ટ્રીય

આવનાર છે,

(૨) ગુજરાત સરકાર તેમજ ભારત સરકાર દ્વારા આ એરપોર્ટ બનાવવા શું કામગીરી કરવામાં આવનાર છે, અને

(૩) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ એરપોર્ટ બનાવવા અંગે કામગીરીની પ્રગતિ શું છે?

કક્ષાનું એરપોર્ટ બનાવવામાં આવનાર છે.

(૨) ગુજરાત સરકાર દ્વારા આ એરપોર્ટ બનાવવા માટે કુલ ૯૨૪ હેકટર જમીન વિના મૂલ્યે ફાળવવામાં આવનાર છે, અને ભારત સરકારના એરપોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા એરપોર્ટ બિલ્ડ, ઓપરેટ અને મેઈન્ટેન(BOM)ની કામગીરી કરવામાં આવશે.

(૩)

- રાજકોટ ખાતે એરપોર્ટ બનાવવા અંગે ગુજરાત સરકાર દ્વારા એરપોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા સાથે તા.૦૭-૦૧-૨૦૧૯નાં રોજ Mou કરવામાં આવેલ છે.
- ફાળવવાની થતી જમીન પૈકી હાલમાં કુલ ૬૮૬ હેકટર જમીન એરપોર્ટસ ઓથોરીટી ઓફ ઇન્ડિયાને ફાળવવામાં આવેલ છે. બાકીની જમીનની ફાળવણીની કાર્યવાહી ચાલુ છે.
- એરપોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા કામના વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે અને એરપોર્ટ બાંધકામ માટે ડીટેઈલ સર્વેની કામગીરી કરવામાં આવી રહેલ છે.

---------

**રાજ્યમાં સિંહ, સિંહણ તથા નર અને માદા બચ્ચાઓની સંખ્યા**

૧૭૧૫૫ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર-ખાડીયા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં વર્ષમાં વર્ષવાર સિંહ, સિંહણ તથા નર અને માદા બચ્ચાઓની સંખ્યા કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા સિંહ, સિંહણ અને બચ્ચાઓના મૃત્યુ થયા, અને

(૩) મૃત્યુ થયેલ સિંહ, સિંહણ અને બચ્ચાઓ પૈકી કેટલા મૃત્યુ કુદરતી અને કેટલા મૃત્યુ અકુદરતી રીતે થયા ?

**જવાબ**

(૧) સિંહ વસ્તી અંદાજે દર પાંચ વર્ષે કરવામાં આવે છે. છેલ્લી વસ્તી ગણતરી મે-૨૦૧૫માં હાથ ધરાયેલ, જેમાં નીચે મુજબની વિગતે સિંહ અંદાજવામાં આવેલ છે.

| સિંહ | સિંહણ | બચ્ચા | પાઠડા | કુલ |
|---|---|---|---|---|
| ૧૦૯ | ૨૦૧ | ૧૪૦ | ૭૩ | **૫૨૩** |

(૨)

| છેલ્લા બે વર્ષમાં મૃત્યુ થયેલ સિંહોની સંખ્યા | | | |
|---|---|---|---|
| **સિંહ** | **સિંહણ** | **બચ્ચા** | **વણ ઓળખાયેલ** |
| ૫૨ | ૭૪ | ૯૦ | ૬ |

(૩)

| કુદરતી મૃત્યુ થયેલ સિંહ | | | | અકુદરતી મૃત્યુ થયેલ સિંહ | | | |
|---|---|---|---|---|---|---|---|
| **સિંહ** | **સિંહણ** | **બચ્ચા** | **વ.ઓ.** | **સિંહ** | **સિંહણ** | **બચ્ચા** | **વ.ઓ.** |
| ૪૩ | ૬૫ | ૮૫ | ૬ | ૯ | ૯ | ૫ | ૦ |

---------

**આંગણવાડી સંચાલકની ભરતી પ્રક્રિયામાં વય મર્યાદા**

૧૭૧૬૩ **શ્રી રાજેશકુમાર ગોહીલ** (ધંધુકા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ આંગણવાડી સંચાલકની ભરતી પ્રક્રિયામાં ઉચ્ચતમ વય મર્યાદા કેટલી નક્કી કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત વય મર્યાદામાં એસસી., એસટી અને ઓબીસી ઉમેદવારોને વય મર્યાદામાં છુટછાટ આપવામાં આવે છે કે કેમ, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ આંગણવાડી સંચાલકની ભરતી પ્રક્રિયામાં ઉચ્ચતમ વય મર્યાદા ૩૩ વર્ષ નક્કી કરવામાં આવેલ છે.

(૨) ના, જી.

(૩) જો ના, તો તેના કારણો શા છે?

(૩) આંગણવાડી સંચાલકએ માનદસેવા આપતા માનદવેતન કાર્યકર હોવાથી તેઓને વયમર્યાદામાં છુટછાટ આપવાનો પ્રશ્ન રહેતો નથી.

---------

**સુરત જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય**

૧૫૮૨૬ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સુરત જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવાની યોજના અમલમાં છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૮–૧૯માં સુરત જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે?

(૨) ૫૬૯ આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે.

---------

**રાજ્યમાં સરકાર દ્વારા એકતા વનમાં રોપાનું વાવેતર**

૧૬૧૪૩ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લિંબાયત) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજ્યમાં 'એકતા વન' કયા સ્થળે બનાવવામાં આવેલ છે,

(૧) સુરત જિલ્લાના બારડોલી તાલુકાના "મોતા" ગામે.

(૨) આ વનમાં મુખ્યત્વે કયા પ્રકારના અને કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) મુખ્યત્વે ગ્રીન મહેંદી, લાલ મહેંદી, એકેલીફામારબલ, આલમોડા, ડ્રવાર્ફ, પીળી મહેંદી, ફાઇક્સ ગોલ્ડન, ફાઇક્સ બ્લેક, પોંડા ફાઇક્સ, રેડ જેટ્રોફા, આંબો, આમલી, કેસર, ચીકુ, ગરમાળો, અર્જુન સાદડ, એરીકા, પામ, લોટસ, પામ, સાગ, બામ્બુ વિગેરે જાતના કુલ ૧,૦૭,૧૮૭ રોપા.

(૩) તે પાછળ તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૩) કુલ રૂ. ૬૮૯.૫૫ લાખ.

---------

**મોડાસા અને ધનસુરા તાલુકામાં શિક્ષકોની ઘટ**

૧૭૪૦૬ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના મોડાસા અને ધનસુરા તાલુકામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કેટલા શિક્ષકોની ઘટ છે, અને

(૧)

| **તાલુકો** | **શિક્ષકોની ઘટ** | |
|---|---|---|
| | **પ્રાથમિક શાળા** | **ઉચ્ચ પ્રાથમિક શાળા** |
| મોડાસા | ૦૦ | ૧૪ |

(૨) ઉક્ત ઘટ પૂરી કરવા છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી?

(૨) ઉક્ત ઘટ ભરવા માટે તા.૨૫–૦૨–૧૯ના રોજ અરવલ્લી જિલ્લામાં ૬૪ ઉચ્ચ પ્રાથમિક વિભાગના શિક્ષકોની ભરતી કરવામાં આવેલ છે.

---------

**બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા**

૧૭૩૯૪ **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા

બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, અને

અને સાબરકાંઠા જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા આ મુજબ છે.

| જિલ્લો | ઓછા વજન વાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજન વાળા બાળકોની સંખ્યા | કુલ ઓછા વજન વાળા બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| બનાસકાંઠા | ૪૯૬૮ | ૧૧૦૩ | ૬૦૭૧ |
| સાબરકાંઠા | ૬૫૦૪ | ૧૨૯૩ | ૭૭૯૭ |

(૨) આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધા?

(૨) ઉક્ત સ્થિતિએ પોષણ સ્તરમાં સુધારો કરવા માટે છેલ્લા બે વર્ષમાં આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- બનાસકાંઠા જિલ્લાના તમામ ઘટકમાં ૬ માસથી ૩ વર્ષના બાળકોને ટેક હોમ રેશન તરીકે બાલશક્તિ આપવામાં આવે છે.
- સાબરકાંઠા જિલ્લાના તમામ ઘટકમાં બાળકોને બાલ શક્તિ ટેક હોમ રેશન શરૂ ન થાય ત્યાં સુધી હાલમાં વચગાળાની વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આંગણવાડી કેન્દ્રોમાં આવતાં ૬ માસથી ૩ વર્ષના બાળકો, ૩ વર્ષથી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા લાભાર્થી બાળકોને ઘઉં, મગદાળ, અને તેલ ઘરે લઈ જવા માટે આપવામાં આવે છે.
- ૩–૬ વર્ષના ઓછા અને અતિ ઓછા વજનવાળા બાળકોને ત્રીજું ભોજન તરીકે ઘરે લઈ જવા કેલેરી પ્રોટીન સભર ૫૦ ગ્રામનો લાડું આપવામાં આવે છે.
- લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં ડબલ ફોર્ટિફાઈડ મીઠું તેમજ ફોર્ટિફાઈડ તેલ પુરુ પાડવામાં આવે છે.
- બનાસકાંઠા જિલ્લાના તમામ તાલુકા અને સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીના તાલુકાઓમાં દુધ સંજીવની યોજના અંતર્ગત ફોર્ટિફાઈડ ફ્લેવર્ડ મિલ્ક આપવામાં આવે છે.

---------

**માંગરોળ અને માળીયા (હાટીના) તાલુકામાં નાળા–પુલિયાના રીપેરીંગ બાબત**

૧૬૦૭૫ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) **: માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માંગરોળ અને માળીયા (હાટીના) તાલુકામાં જિલ્લા/તાલુકા પંચાયતના આયોજનમાંથી બનાવવામાં આવેલ બે ગામોને જોડતા કાચા રસ્તા તથા ખેડૂતોને વાડીએ જવા-આવવા માટેના રસ્તાઓ પરના નાળા-પુલિયા ભારે વરસાદને કારણે ધોવાઈ ગયા હોવાની કેટલી ફરિયાદો છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મળેલ છે,

(૧) છેલ્લા બે વર્ષમાં આ બાબતે કોઈ ફરિયાદ મળેલ નથી.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા નાળા-પુલિયા રીપેર કરવામાં આવ્યા અને કેટલા નવા બનાવવામાં આવ્યા, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) બાકી રહેલ નાળા-પુલિયા આગામી ચોમાસા પહેલાં બનાવવાનું શું આયોજન છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે હેલિકોપ્ટરની સેવા શરૂ કરવા બાબત

૧૫૮૧૯ **શ્રી રાકેશભાઈ શાહ** (એલીસબ્રિજ) : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે હેલિકોપ્ટરની સેવા શરૂ કરવા માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો તે માટે તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ શું કામગીરી કરવામાં આવેલ છે, અને

(૩) આ હેલિકોપ્ટરમાં મુસાફરોની બેઠક ક્ષમતા કેટલી હશે તેમજ તેનું ભાડુ વ્યક્તિદિઠ કેટલુ રાખવાનું આયોજન છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પાયલટ પ્રોજેક્ટ અંતર્ગત હેલિકોપ્ટર મારફત અઠવાડીયામાં ૬ દિવસ સ્ટેચ્યુ ઓફ યુનિટીનો પ્રવાસીઓને એરીયલ વ્યુ/જોય રાઇડ કરાવવામાં આવી રહેલ છે.

(૩) ભવિષ્યમાં ટેન્ડર બહાર પાડવામાં આવશે જેમાં હેલિકોપ્ટરમાં મુસાફરોની બેઠક ક્ષમતા ઓછામાં ઓછી પાંચ રાખવાનું આયોજન છે તેમજ રેવન્યુ શેરીંગ પધ્ધતિથી ભાડુ નક્કી થશે.

---------

## અમરેલી અને વલસાડ જિલ્લામાં પ્રાથમિક શાળાઓની સંખ્યા

૧૭૪૫૮ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ અમરેલી અને વલસાડ જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે,

(૨) ઉક્ત શાળાઓ પૈકી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી છે,

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી નવી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓને મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૪) પ્રાથમિક શાળાઓમાં ખાનગીકરણ અટકે અને ઉંચી ફી ન ઉઘરાવે તે માટે શા પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧)

| જિલ્લો | પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|
| અમરેલી | ૧૦૬૭ |
| વલસાડ | ૧૨૫૩ |

(૨)

| જિલ્લો | સરકારી | ગ્રાન્ટેડ | ખાનગી |
|---|---|---|---|
| અમરેલી | ૭૮૪ | ૮ | ૨૭૫ |
| વલસાડ | ૯૮૩ | ૧૦ | ૨૬૦ |

(૩)

| વર્ષ | અમરેલી | | | વલસાડ | | |
|---|---|---|---|---|---|---|
| | સરકારી | ગ્રાન્ટેડ | ખાનગી | સરકારી | ગ્રાન્ટેડ | ખાનગી |
| ૨૦૧૭-૧૮ | ૦૦ | ૦૦ | ૧૫ | ૦૦ | ૦૦ | ૦૪ |

(૪)

- પ્રાથમિક શાળાઓનું ખાનગીકરણ અટકે તે માટે

ખાનગી પ્રાથમિક શાળાઓની મંજૂરી માટે મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૯ના નિયમ–૧૦૬ માં જરૂરી સુધારો કરવામાં આવેલ છે.

- ખાનગી પ્રાથમિક શાળાઓ ઉંચી ફી ન ઉઘરાવે તે માટે ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ–૨૦૧૭ અમલમાં લાવવામાં આવેલ છે.

---------

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ઊંચી ફી ઉઘરાવવા બાબત**

૧૭૯૧૭ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ફી રેગ્યુલેટરી કમીટી દ્વારા કરવામાં આવેલ હુકમોનું ઉલ્લંઘન કરીને ઊંચી ફી ઉઘરાવવામાં આવતી હોવાની કેટલી ફરિયાદો છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મળી,

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ફી રેગ્યુલેટરી કમીટી દ્વારા કરવામાં આવેલ હુકમોનું ઉલ્લંઘન કરીને ઊંચી ફી ઉઘરાવવાની આવતી હોવાની બે વર્ષની વર્ષવાર ફરિયાદોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | વર્ષ | ફરિયાદની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૨૦૧૭–૧૮ | ૦૦ |
| | | ૨૦૧૮–૧૯ | ૨૮ |
| ૨. | ગાંધીનગર | ૨૦૧૭–૧૮ | ૦૦ |
| | | ૨૦૧૮–૧૯ | ૨૧ |

(૨) તે અન્વયે કઈ શાળાના સંચાલક સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) સામેલ પત્રક–અ મુજબ.

(૩) ફી રેગ્યુલેટરી કમીટી દ્વારા ઉક્ત શાળાની કેટલી ફી મંજૂર કરવામાં આવેલ અને સંચાલકો દ્વારા કેટલી ફી ઉઘરાવવામાં આવેલ?

(૩) સામેલ પત્રક–બ મુજબ.

( પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

**આણંદ અને છોટાઉદેપુર જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજો**

૧૭૪૬૭ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ આણંદ અને છોટાઉદેપુર જિલ્લામાં કેટલી આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજો આવેલી છે,

**જવાબ**

(૧) **પત્રક–૧** મુજબ.

(૨) ઉક્ત કોલેજો પૈકી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી છે,

(૨) **પત્રક–૨** મુજબ.

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી નવી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કોલેજોને મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૩) **પત્રક–૩** મુજબ.

(૪) ઉક્ત કોલેજોમાં ખાનગીકરણ અટકે અને ઉંચી ફી ન ઉઘરાવે તે માટે શાં પગલાં લેવામાં આવ્યા?

(૪) તાલુકા અને જિલ્લા ખાતે સરકારી તથા ગ્રાન્ટેડ કોલેજોની વ્યવસ્થા છે માટે ખાનગીકરણ કરવાનો પ્રશ્ન નથી.

**પત્રક–૧**

| જિલ્લાનું નામ | આર્ટસ | કોમર્સ | સાયન્સ | આર્ટસ અને કોમર્સ | કોમર્સ અને સાયન્સ | આર્ટસ અને સાયન્સ | આર્ટસ, કોમર્સ અને સાયન્સ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| આણંદ | ૦૯ | ૧૩ | ૦૯ | ૦૫ | ૦૧ | ૦૧ | ૦૪ | ૪૨ |
| છોટાઉદેપુર | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૭ |
| **કુલ** | **૧૧** | **૧૩** | **૧૦** | **૦૮** | **૦૧** | **૦૧** | **૦૫** | **૪૯** |

**પત્રક–૨**

| જિલ્લાનું નામ | સરકારી કોલેજ | ગ્રાન્ટેડ કોલેજ | ખાનગી કોલેજ | કુલ |
|---|---|---|---|---|
| આણંદ | ૦૧ | ૧૬ | ૨૫ | ૪૨ |
| છોટાઉદેપુર | ૦૩ | ૦૪ | ૦૦ | ૦૭ |
| **કુલ** | **૦૪** | **૨૦** | **૨૫** | **૪૯** |

**પત્રક–૩**

| જિલ્લાનું નામ | વર્ષ | સરકારી કોલેજ | ગ્રાન્ટેડ કોલેજ | ખાનગી કોલેજ |
|---|---|---|---|---|
| આણંદ | ૨૦૧૭–૧૮ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | ૨૦૧૮–૧૯ | ૦૦ | ૦૦ | ૦૦ |
| છોટાઉદેપુર | ૨૦૧૭–૧૮ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | ૨૦૧૮–૧૯ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૦૦** | **૦૦** | **૦૦** |

---------

**આણંદ અને ખેડા જિલ્લામાં ગ્રામ પંચાયતોના મકાનો**

૧૫૮૦૬ **શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતના નવા મકાનો બનાવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ગ્રામ પંચાયતના જર્જરિત મકાનો કેટલા છે,

(૩) આ જર્જરિત મકાનો ને પાડી નવિન બનાવવા કોઇ નાણાકીય રકમની ફાળવણી કરવામાં આવી છે કે કેમ, અને

(૪) જો હા તો ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ફાળવેલ છે ?

**જવાબ**

(૧)

| જિલ્લો | નવા બનાવેલ ગ્રામ પંચાયત મકાનોની સંખ્યા |
|---|---|
| આણંદ | ૧૪ |
| ખેડા | ૩૯ |
| **કુલ** | **૫૩** |

(૨)

| જિલ્લો | જર્જરીત ગ્રામ પંચાયત મકાનોની સંખ્યા |
|---|---|
| આણંદ | ૨૬ |
| ખેડા | ૩૩ |
| **કુલ** | **૫૯** |

(૩) હા,
જરૂરિયાત મુજબની ફાળવણી કરવામાં આવેલ છે.

(૪)

| જિલ્લો | ફાળવેલ અનુદાન રૂપિયા (લાખમાં) |
|---|---|
| આણંદ | ૧૬૯.૭૫ |
| ખેડા | ૪૮૬.૦૦ |
| **કુલ** | **૬૫૫.૭૫** |

---------

**મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ ટેકનિકલ શિક્ષણ સહાય**

(૧) હા, જી

(૨) ૨૦૦

---------

### બારીયા તાલુકમાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાઓનું વાવેતર

૧૬૩૮૩ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લાના બારીયા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્મ હેઠળ નાણાંકિય વર્ષ ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર(હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૧૭–૧૮ | ૨૬૯ |
| ૨૦૧૮–૧૯ | ૪૧૦ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૭–૧૮ | ૯૬.૮૧ |
| ૨૦૧૮–૧૯ | ૩૦૦.૩૭ |

---------

### તિલકવાડા તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર

૧૬૩૭૮ **શ્રી જીતેન્દ્ર સુખડીઆ** (સયાજીગંજ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ૯૩ હેક્ટર

(૨) રૂ.૨૨.૧૫ લાખ

---------

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

દરિયા કિનારે આવેલ બંદર પર સંરક્ષણ દીવાલ બનાવવા અંગે

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

''તાજેતરમાં ઉના તાલુકાના સૈયદ રાજપરા બંદર ખાતે દરિયા કિનારા નજીક બનાવેલ સંરક્ષણ દીવાલમાં વાયુ વાવાઝોડાની અસરના કારણે ગાબડા પડેલ હતા. જેના કારણે બે દિવસ અગાઉ અચાનક પ્રોટેકશનની દીવાલ પડતા તેને અડીને આવેલ મકાન પણ તૂટી પડતાં મકાનમાં રહેતા પરિવારનો ચમત્કારિક બચાવ થયેલ છે, પરંતુ પ્રોટેકશનની દીવાલને અડીને આવેલ અન્ય મકાનોને નુકસાન થવાનો અને મોટી સંખ્યામાં જાનહાનિ થવાનો ભય રહેલો છે, જેના કારણે સૈયદ રાજપરા ગામના લોકોમાં વ્યાપેલ ભયનું વાતાવરણ દૂર કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.''

શ્રી સૌરભ પટેલ(જળ સંપત્તિ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાનું સૈયદ રાજપરા ગામ અરબી સમુદ્રના કાંઠે આવેલ છે. આ ગામમાં દરિયા કાંઠા પર આવેલ મકાનોને સંરક્ષણ આપવા જિલ્લા પંચાયત, જૂનાગઢ દ્વારા આશરે ૨૫ વર્ષ પહેલા ૧૪૫ મિટર લંબાઇમાં પથ્થરના ચણતરવાળી પુર સંરક્ષણ દીવાલનું બાંધકામ કરવામાં આવેલ હતું. આ પુર સંરક્ષણ દીવાલમાં વર્ષ ૨૦૧૪માં ભારે નુકસાન થતાં જિલ્લા પંચાયત દ્વારા સરકારશ્રીમાં અહેવાલ રજૂ કરી દરખાસ્ત કરેલ કે, આ દીવાલનું અવાર નવાર મરામત કામ કરાવવા છતાં ચોમાસા દરમિયાન દરિયાના પ્રચંડ મોજાને કારણે તૂટી જવા પામતી હોઇ, આ મરામતની કામગીરી ગુજરાત મેરી ટાઇમ બોર્ડ અથવા ક્ષાર અંકુશ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવે. જે ધ્યાને લઇ સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૧૬માં ૭૦ મિટર લંબાઇમાં કોંક્રિટની દીવાલ બનાવી મરામતની કામગીરી પૂર્ણ કરેલ હતી.

હાલ તાજેતરમાં સારાષ્ટ્રમાં આવેલ વાયુ વાવાઝોડા બાદ સ્થળ તપાસ કરતાં, બાકી રહેલ જૂની ૭૫ મિટર લંબાઇની પથ્થરની ચણતરની પુર સંરક્ષણ દીવાલમાં વાવાઝોડા સમયે ભારે દરિયાઇ મોજાના કારણે આશરે ૧૦ મિટર લંબાઇ અને ૭ મિટર ઉંચાઇમાં ગાબડું પડેલ હતું. તેમજ દરિયા કિનારે આવેલ મકાનોમાં પણ નુકસાન થવા પામેલ હતું. જ્યારે અગાઉ મરામત કરેલ ૭૦ મિટરની લંબાઇની દીવાલમાં કોઇ નુકસાન થયેલ ન હતું. સદરહુ દીવાલમાં પડેલ ગાબડાના મરામત માટે નુકસાન પામેલ લંબાઇમાં દીવાલને પાયામાંથી દૂર કરી, નવેસરથી કોંક્રિટની દીવાલ બનાવવાની થાય છે. આ માટે દીવાલની ઉપર જ બનાવવામાં આવેલ રહેણાંકના મકાન કે જે ગેરકાયદેસર જણાય છે, જે તે જિલ્લા પંચાયત/મહેસૂલ વિભાગના સંકલનમાં દૂર કરવાના થાય છે અને ત્યારબાદ મરામતની કામગીરી હાથ ધરી શકાય તેમ છે. બિનઅધિકૃત મકાનો દૂર થયા બાદ સત્વરે મરામતની કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ તેમના નિવેદનમાં જણાવ્યા મુજબ મેં જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે એનો સ્વીકાર કર્યો છે અને સ્વીકાર કર્યો છે ત્યારે આ વાસ્તવિકતા અને હકીકત છે. ૧૬૦૦ કિલોમિટરના દરિયા કિનારા ઉપર જે નાના મોટા બંદરો આવેલા છે એ બંદરો પૈકી આ એક નાનું બંદર આવેલું છે. એ નાના બંદરની વસતિ લગભગ ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ ૧૦ હજારની આજુબાજુ થાય છે. આજે એ ૧૨થી ૧૪ હજાર જેટલી વસતિ આ ગામની છે. આ બંદરની જે ભૌગોલિક પરિસ્થિતિ છે એ મુજબ દરિયાના મોજાઓ એ સીધે સીધા આ બંદરના જે મકાનો અને ગામ છે એને સીધી અસર કરે છે. સાથો સાથ લગભગ ૨૫૦થી ૩૦૦ કુલ નાના મોટા ૪૧૦ વહાણો છે એને લાંગરવા માટે ત્યાં કોઇપણ પ્રકારની જેટીની વ્યવસ્થાઓ નથી અને તેના કારણે દર વર્ષે નાના મોટા પ્રમાણમાં વહાણોને નુકસાન પણ થઇ રહ્યું છે. જે પ્રોટેકશન દીવાલ હતી એ કુદરતી હતી અને એ તૂટી જવાના કારણે બે વખત આપે નિવેદનમાં જણાવ્યા પ્રમાણે રિપેર કરી છે. છતાં પણ એ તૂટી છે ત્યારે ભવિષ્યમાં આ ગામને અને બંદરને મોટું નુકસાન ન થાય, મોટી માનવ જાનહાનિ ન થાય એટલા માટે એનો સરવે કરીને જેટલી જરૂરિયાત છે એ મુજબ પૈસાની ગણતરી કર્યા સિવાય જે જરૂરિયાત છે એ મુજબની પ્રોટેકશન દીવાલ જરૂરી છે. આ બંદરને બચાવવા માટે, આ બંદરમાં માણસો રહે છે એના જાન-માલને નુકસાન ન થાય એના માટે મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આપણે ૨૦૧૬માં ૭૦ મિટરની કોંક્રિટની દીવાલ કરી, જે આમાં તૂટી નથી. બાકીની તૂટી છે. તો જે તે વખતે બાકીની હતી એ પણ જો કોંક્રિટની કરી હોત તો આ નુકસાન ન થયું હોત. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું, સરકારશ્રીને વિનંતી કરું છું કે પોલિટિકલ લીધા સિવાય, મેં પણ રાજકીય અવલોકન કર્યું નથી ત્યારે આ ગામ અને બંદરને બચાવવા માટે પૂરતી નાણાકીય વ્યવસ્થા કરી અને ટૂંક સમયમાં ભવિષ્યમાં બીજું વાવાઝોડું આવે અને વધુ નુકસાન ન થાય એ માટે તાત્કાલિક અસરથી જરૂરિયાત મુજબની નાણાકીય વ્યવસ્થા કરીને આ બંદરને સંપૂર્ણ પ્રોટેકશન દીવાલ બનાવવા માગો છો કે કેમ? બનાવે એવી હું આગ્રહભરી વિનંતી કરું છું અને જેટી બનાવવા માટે વ્યવસ્થા કરવા પણ માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની લાગણી સમજી શકાય એમ છે. ચોક્કસપણે જિલ્લા પંચાયત પાસે રિપોર્ટ મંગાવી આપણે સરવે કરાવીશું. જળ સંપત્તિ વિભાગ પણ આનો સરવે કરશે. આવતા દિવસોમાં જરૂર પ્રમાણે આ કામગીરી પણ હાથ પર લઇ લઇશું. જેટીનો વિષય છે એ મેરીટાઇમ બોર્ડનો વિષય છે. એમને કહીશું કે આવતા દિવસોમાં કંઇક કરવાનું યોગ્ય લાગે તો એ પ્રપોઝ કરે તો ચોક્કસપણે આગળ વધીશું.

અધ્યક્ષશ્રી : નેક્સ્ટ. આટલી લાંબી વાત તો કરી. (અંતરાય)

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગંભીર બાબત છે.

અધ્યક્ષશ્રી : ગંભીરતાથી દાખલ કર્યું છે (અંતરાય)

શ્રી પુંજાભાઇ ભી. વંશ : આવનારા દિવસોમાં આ વિષય અગાઉ મત્સ્યોદ્યોગ વિભાગ દ્વારા આ બંદરને જોવામાં આવે છે. લાઇટો, વીજળી, બીજી કોઇ વ્યવસ્થા છે એ મત્સ્યોદ્યોગ વિભાગ દ્વારા પણ કરવામાં આવે છે. હવે જળ સંપત્તિ વિભાગ તો કરશે પણ મત્સ્યોદ્યોગ વિભાગને સાથે રાખીને બંદર વિભાગના મેરિટાઇમ બોર્ડની આપે વાત કરી છે તો મેરિટાઇમ બોર્ડ, મત્સ્યોદ્યોગ વિભાગ અને જળ સંપત્તિ વિભાગ આ ત્રણેયનું સંકલન કરીને જે જરૂરી વ્યવસ્થા આપ ઊભી કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આવી ગયું. એ તો એમના હૃદયની વાત કરી હતી. નેકસ્ટ. શું છે?(અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે?

**પોઇન્ટ ઓફ કલેરિફિકેશન**

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન છે કે, મેં આપને પત્ર લખ્યો હતો.

અધ્યક્ષશ્રી : એની હું જાણ કરીશ. મારી વિચારણામાં છે. હા, પોઇન્ટ ઓફ ઓર્ડર બોલો, શ્રી પુંજાભાઇ .

પોઇન્ટ ઓફ ઓર્ડર

પ્રશ્નોત્તરીના પ્રશ્નોના જવાબોમાં વિસંગતતા બાબત

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે, ૧૩મી ગુજરાત વિધાનસભાના છઠા સત્ર દરમ્યાન તા.૧૨–૩–૨૦૧૫ના રોજ પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયા બાદ સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે તા.૩–૬–૨૦૧૫ અને તા.૧૧–૩–૨૦૧૫ની પ્રશ્નોત્તરી યાદીમાંથી એક સરખા પ્રશ્નોમાં બે જુદા જુદા જવાબો બાબતે તેમજ તા.૧૨–૩–૧૫ની પ્રશ્નોત્તરી યાદીમાં સરખા પ્રશ્નોની જવાબોની માહિતીમાં તફાવત જોવા મળેલ હતો. એ સંદર્ભે માનનીય અધ્યક્ષશ્રી, આજની પ્રશ્નોત્તરીમાં પણ એક જ પ્રકારના બે ધારાસભ્યોના પ્રશ્નો અને બન્ને પ્રશ્નમાં અલગ અલગ રીતે (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્ન નંબર.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન નંબર ઉપર આવું છું. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : પ્રશ્ન નંબર તો બોલો (અંતરાય)

શ્રી પુંજાભાઇ ભી. વંશ : શ્રી નીતિનભાઇ પ્રશ્ન નંબર ઉપર આવું છું. થોડી શાંતિ રાખોને (અંતરાય) શ્રી નૌષાદભાઇનો પ્રશ્ન ક્રમાંક ૪૧ એમાં પ્રશ્ન નં.૧ તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલી આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજો આવેલી છે? અને એના ખંડ–૨ માં ઉક્ત કોલેજો પૈકી સરકાર, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી છે? એના જવાબમાં સરકારી કોલેજો ૪, ગ્રાન્ટેડ કોલેજો –૫, ખાનગી કોલેજો ૧૫ કુલ ૨૪ એમ જવાબ આપવામાં આવ્યો માનનીય અધ્યક્ષશ્રી, સેઇમ પ્રશ્ન પ્રશ્ન ક્રમાંક ૯૩ શ્રી સોમાભાઇ પટેલનો સેઇમ પ્રશ્ન છે. સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કોલેજો કેટલી? એના જવાબમાં સરકારી ૪, ગ્રાન્ટેડ ૫ અને ખાનગી ૧૧ એમ કરીને ૨૦ બતાવી છે. અગાઉના પ્રશ્નમાં ૨૩ બતાવી છે આમાં ૨૦ બતાવી છે તો આ બંને પ્રશ્નોમાંથી ક્યા પ્રશ્નને આપણે સાચો ગણીએ? આ એક વાત. તેવી જ રીતે માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ક્રમાંક : ૧૧૦ માનનીય નથાભાઇ પટેલ ધાનેરાના પ્રશ્નમાં પત્રક–૨ માં જણાવ્યું છે કે તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં જે પૂછ્યું છે એમાં સરકારી ૬, ગ્રાન્ટેડ ૫ અને ખાનગી ૨૬ એમ કરીને કુલ ૩૭ બતાવવામાં આવી છે. પ્રશ્ન નં.૧૮૩ શ્રી શીવાભાઇ ભુરિયા–દિયોદર એમનો પ્રશ્ન સેઇમ છે. તેના જવાબમાં જણાવવામાં આવ્યું છે કે, બનાસકાંઠામાં સરકારી ૬, ગ્રાન્ટેડ ૫ અને ખાનગી ૨૩ કુલ ૩૪. માનનીય અધ્યક્ષશ્રી, આ બંનેની અંદર જે તફાવત આવે છે તો એમાં ક્યુ સાચું ગણવું? તેવી જ રીતે પ્રશ્ન ક્રમાંક : ૧૮૩ માં શ્રી શીવાભાઇ ભુરિયાના જવાબમાં પ્રશ્ન ક્રમાંક –૩ના પ્રત્રક ૩ની અંદર બનાસકાંઠામાં ૨ સરકારી કોલેજની મંજૂરી બતાવવામાં આવી છે. બનાસકાંઠામાં બે મંજૂરી આપવામાં આવી છે ત્યારે પ્રશ્ન ક્રમાંક–૧૧૦માં બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૮–૧૯ ની અંદર એક પણ કોલેજની મંજૂરી આપવામાં આવી નથી. ઝીરો બતાવ્યું છે. આ પ્રશ્નોત્તરીની અંદર વિસંગતતાઓ છે. જે વિભાગ છે એ શિક્ષણ વિભાગ છે. શિક્ષણ વિભાગે પાયાની કામગીરી કરવાની હોય છે, ઘડતરનું કામ કરવાનું હોય છે અને શિક્ષણ વિભાગની અંદર જ આ પ્રકારની બેદરકારી દાખવવામાં આવે એ કોઇપણ સંજોગોની અંદર ઉચિત નથી, વ્યાજબી નથી.

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ , આમાં પછી ભાષણ ન હોય.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સિનિયર મંત્રી છે. સંસદીય વિભાગોના મંત્રી પણ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, આપની વાત આવી ગઇ પછી પોઇન્ટ ઓફ ઓર્ડરમાં કંઇ લેકચર ન હોય પ્લીઝ. આપની વાત સાંભળી લીધી. તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર મંજૂર રાખું છું. વધારાની જે વિસંગતતા છે એ બાબતે તપાસ કરી અને હું વિગતવાર લેખિતમાં જાહેર કરીશ. (અંતરાય)

શ્રી પુંજાભાઇ ભી. વંશ : પહેલા પ્રશ્ન મને ઉઠાવવા દીધો નહોતો ત્યારે પણ વિધાનસભાની પ્રશ્નોત્તરીમાં આ પ્રકારની વિસંગતતા હતી એ અંગે મેં ધ્યાન દોરવા (અંતરાય)...

અધ્યક્ષશ્રી : આભાર. તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર વ્યાજબી છે અને એને હું સ્વીકારું છું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપનો આભાર માનું છું કે સિનિયર સભ્યશ્રી પુંજાભાઇ એ આપનું ધ્યાન દોર્યું અને આપે પોઇન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખ્યો છે. આ વિધાનસભા એ લોકશાહીનું મંદિર છે અને અહીંના દરેક શબ્દ આવતી પેઢીને વારસામાં આપતા હોઇએ છીએ. અહીંયાની જે વિશ્વસનિયતા છે એ વિશ્વસનિયતા આ પક્ષે કે સામા પક્ષે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર ભૂતકાળમાં રૂલિંગ મળ્યું છે.

અધ્યક્ષશ્રી : હું સ્વીકારું છું અને રૂલિંગ આપીશ. લેખિતમાં ડીટેઇલમાં આપીશ. પ્લીઝ. હવે કંઇ રહેતું નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર દ્વારા અહીંયા લેખિત જે આંકડાઓ છે એ અમે આપની સમક્ષ મૂકી શકયા. એ જ રીતે ટ્રેઝરી બેચ દ્વારા પણ એમના પ્રવચન દરમિયાન આધાર પુરાવા સિવાય ઘણી વખત (અંતરાય)

અધ્યક્ષશ્રી : હવે આમાં નવી વાત છે. આ પોઇન્ટ ઓફ ઓર્ડરની વાત છે. આમાં બીજું શું હોય?(અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : અમે અપેક્ષા રાખીએ કે આપના તરફથી ભવિષ્યમાં કોઇપણ સરકારી પ્રત્યુત્તર છે એના ઉપર સામાન્ય માણસને શંકા ન થાય એવું આપનું રૂલિંગ મળે એવી હું વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : હા જી. આવી ગયું. આપણે આગળ કામ કરવાનું છે પ્લીઝ. (અંતરાય) ના, ના એ ડીટેઇલમાં જોવાનું બાકી છે અને તમને તક પણ મળશે.

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

અંદાજ સમિતિના પહેલા અહેવાલની રજૂઆત

ડો. નીમાબેન ભા. આચાર્ય (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અંદાજ સમિતિનો પહેલો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

જાહેર હિસાબ સમિતિના પહેલા અહેવાલની રજૂઆત

શ્રી પુંજાભાઇ ભી. વંશ(સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું જાહેર હિસાબ સમિતિનો પહેલો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

**માગણી ક્રમાંક – ૧૦૧**

શ્રી નીતિનભાઇ ર. પટેલ(શહેરી વિકાસ વિભાગનો હવાલો ધરાવતા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી આવાસન સેવાને લગતી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૬૬૩,૨૯,૩૫,૦૦૦/– ની માગણી ક્રમાંક–૧૦૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૧૦૧ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક–૧૦૧ ઉપરની કાપ દરખાસ્તો**

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧ રજૂ કરવામાં આવી.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૩ રજૂ કરવામાં આવી.

શ્રી સુનિલભાઇ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૪ રજૂ કરવામાં આવી.

શ્રી નથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરવામાં આવી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય ભુપેન્દ્રસિંહજી અમારા સિનિયર મંત્રીશ્રી નહોતા એટલે શ્રી પુંજાભાઇ, શ્રી પરેશભાઇએ જે પ્રશ્ન ઉભો કર્યો એની માહિતી આપતો હતો. હું ગૃહને લગતું જ કામ કરતો હતો.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, આપ જાગતા, ઉંઘતા આપ ગૃહનું અને ગુજરાતનું કામ કરતા હોવ છો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મારી ગેરહાજરીમાં જે ક્વેરી ઊભી થઇ છે. તે હું ચેક કરી લઇશ. જો ભૂલ હશે તો સુધારી લઇશ.

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

**માગણી ક્રમાંક.૧૦૨**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (શહેરી વિકાસ વિભાગનો હવાલો ધરાવતા નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ અને સેવાને લગતી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૬૩,૭૮,૬૪,૫૨,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ.૩,૨૮,૧૭,૬૭,૦૦૦/– માગણી ક્રમાંક–૧૦૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૧૦૨ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક – ૧૦૨ પરની કાપ દરખાસ્ત**

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ શા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી જશપાલસિંહ મ. ઠાકોર :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરવામાં આવી.

**રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ**

**માગણી ક્રમાંકઃ ૯૮**

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું યુવક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સેવાને લગતી રમત–ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૨,૯૦,૭૪,૮૮,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૩૨,૩૩,૨૪,૦૦૦/– ની માગણી ક્રમાંકઃ ૯૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૯૮ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક – ૯૮ પરની કાપ દરખાસ્તો**

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી ભાવેશભાઇ બા. કટારા :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૮ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી અક્ષયકુમાર ઈ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૮ રજૂ કરવામાં આવી.

શ્રી સંજયભાઇ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૯ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરવામાં આવી.

શ્રી કાળાભાઇ ર. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૧રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૧ રજૂ કરવામાં આવી.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૪૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૩ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૪રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૪ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેશભાઇ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરવામાં આવી.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૬ રજૂ કરવામાં આવી.

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

**માગણી ક્રમાંકઃ ૫**

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સહકાર સેવાને લગતી કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૧,૧૬,૭૪,૯૦,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ.૩૮,૮૪,૬૮,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૫ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક - ૫ પરની કાપ દરખાસ્તો**

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૮ રજૂ કરવામાં આવી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૧ રજૂ કરવામાં આવી.

શ્રી લલીતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૩ રજૂ કરવામાં આવી.

શ્રી સોમાભાઇ ગાં. કોળીપટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૫૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૪ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૫ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૬ રજૂ કરવામાં આવી.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૭ રજૂ કરવામાં આવી

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૮ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫૯ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૬૨ રજૂ કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૬૩ રજૂ કરવામાં આવી.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૬૪ રજૂ કરવામાં આવી.

સન ૨૦૧૯-૨૦૨૦ના વર્ષના ફેરફાર કરેલ અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ પૈકી મંગળવાર, **તા.૧૬–૭-૨૦૧૯ (બીજી બેઠક) (ચોથો દિવસ)**ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાયેલ માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| **અ.નં.** | **મુખ્ય સદર અને સંદર્ભ** | **કાપ દરખાસ્ત રૂ.** | **વિષય** | **પ્રભારી સભ્યશ્રી** |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| | | **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**<br>**માગણી નં. ૧૦૧** | | |
| ૧ | ૨૨૧૬–આવાસન<br>૦૨–શહેરી ગૃહ નિર્માણ<br>૧૦૩–ગૃહ નિર્માણ સહાય<br>રૂ. ૬૪,૯૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬,<br>પાના નં.૧૭ થી ૧૯ | ૧૦૦ | દર વર્ષે ગૃહ નિર્માણ બોર્ડને મળતી સહાય દ્વારા બનાવેલ આવાસોની માહિતી આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પૂનમભાઇ પરમાર (ઈન્દ્રજીતસિંહ પરમાર) |
| *૨ | _ _ " _ _ | ૧૦૦ | ગૃહ નિર્માણ બોર્ડ પાસે ફાજલ પડેલ જમીનો ઉપર આવાસો બનાવવાનું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા |
| ૩ | ૨૨૧૬–આવાસન<br>૮૦–સામાન્ય<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૫૩,૯૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬,<br>પાના નં. ૩૦ થી ૩૨ | ૧૦૦ | ગરીબો માટે આવાસો બનાવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નૌશાદ સોલંકી |
| ૪ | _ _ " _ _ | ૧૦૦ | ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનોની સમયસર મરામતની કામગીરી કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સુનિલભાઈ ગામીત |
| ૫ | _ _ " _ _ | ૧૦૦ | ગુજરાત હાઉસીંગ બોર્ડમાં અનિયમીત બાંધકામને નિયમીત કરવાની પડતર અરજીઓ મંજૂર કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નથાભાઈ પટેલ |
| | | **માગણી નં.૧૦૨** | | |
| ૬ | ૨૨૧૫–પાણી.....સ્વચ્છતા<br>૦૨–ગટર....સ્વચ્છતા<br>૧૦૫–સફાઈ સેવા<br>રૂ.૨,૪૮,૧૪,૨૪,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬,પાના નં.૧૪ | ૧૦૦ | મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન અંતર્ગત મહાનગરપાલિકાઓને મોટી રકમ ફાળવવા છતાં ઠેર ઠેર ગંદકીના થર જોવા મળે છે તે અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અજીતસિંહ ચૌહાણ |
| ૭ | _ _ " _ _ | ૧૦૦ | જાહેર શૌચાલયો બનાવ્યા બાદ તેની નિયમીત દેખભાળ કે સફાઈ કામગીરી કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાન્તિભાઈ પરમાર |

| | | | | |
|---|---|---|---|---|
| ૮ | _ _ " _ _ | ૧૦૦ | મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન અન્વયે ગ્રામીણ વિસ્તારોમાં ખૂબ જ ઓછી સહાય ફાળવાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અનંતકુમાર પટેલ |
| *૯ | ૨૨૧૭–શહેરીવિકાસ<br>૦૩–નાના....વિકાસ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧,૮૧,૧૮,૦૮,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬,<br>પાના નં.૩૫ થી ૪૧ | ૧૦૦ | ટી.પી.સ્કીમોમાં ઝડપથી મંજૂરીઓ ન અપાતા વધતા જતાં ગેરકાયદેસર બાંધકામો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચંદનજી ઠાકોર |
| ૧૦ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યની નગર યોજનામાં ગરીબો માટે દસ ટકા જમીન અનામત રાખવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૧૧ | ૨૨૧૭–શહેરીવિકાસ<br>૦૩–નાના....વિકાસ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૫–UDP-83નિયામકશ્રી..સેવાઓ<br>રૂ. ૧,૩૧,૮૧,૧૧,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬,<br>પાના નં. ૩૫ થી ૪૧ | ૧૦૦ | ફાયર સ્ટેશનોમાં પુરતા સ્ટાફની સત્વરે ભરતી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિમલભાઈ ચુડાસમા |
| *૧૨ | _ _ " _ _ | ૧૦૦ | ફાયર સ્ટેશનોમાં અપુરતા સાધનોના કારણે પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રતાપ દુધાત |
| ૧૩ | _ _ " _ _ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં આગના બનાવો સમયે નજીકના સ્થળે ફાયર સ્ટેશનોની સુવિધાઓ ન હોવાથી થતું જાનમાલનું નુકસાન અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| *૧૪ | _ _ " _ _ | ૧૦૦ | શહેરોમાં ઉંચી ઈમારતોમાં આગ લાગે ત્યારે અદ્યતન સીડીઓ સાથેના સાધનો ન હોવાથી બચાવ કામગીરીમાં પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અંબરીષ ડેર |
| ૧૫ | _ _ " _ _ | ૧૦૦ | અગ્નિશામક નિયામકશ્રી નિયમીત રીતે રાજ્યના ફાયર સ્ટેશનોની મુલાકાત લે અને સમસ્યાઓનું સમાધાન કરે તેવીકાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સુખરામભાઈ રાઠવા |
| ૧૬ | ૨૨૧૭–શહેરીવિકાસ<br>૦૩–નાના....વિકાસ<br>૧૯૦– જાહેર....સહાય<br>૦૫–UDP-<br>મેટ્રો....અનુદાન<br>રૂ. ૫૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬,<br>પાના નં.૪૨ અને ૪૩ | ૧૦૦ | મેટ્રો રેલ પ્રોજેકટ હેઠળ થતા કામોને કારણે નજીકના રહેણાંક મકાનોને થતું નુકસાન નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૧૭ | ૨૨૧૭–શહેરી વિકાસ<br>૦૩–નાના....વિકાસ<br>૧૯૧–મહાનગરપાલિકાને સહાય | ૧૦૦ | અમદાવાદ શહેરના તમામ વિસ્તારોને પુરતા પ્રેસરથી ૨૪ કલાક પાણી આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈમરાન ખેડાવાલા |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂ. ૨૯,૧૨,૦૮,૬૪,૦૦૦ અં.પ્ર.નં.૨૬, પાના નં.૪૫ થી ૪૭ | | | |
| ૧૮ | _ _ " _ _ | ૧૦૦ | મહાનગરપાલિકાઓને પુરતી નાણાકીય સહાય આપવા છતાં પૂરતા પ્રેશરથી પાણી આપવાની ફરીયાદો અંગે સત્વરે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચાવડા |
| ૧૯ | _ _ " _ _ | ૧૦૦ | મહાનગરપાલિકાઓ દ્વારા થતા વિકાસના કામો પૈકીહલકી ગુણવત્તાના થતા કામો માટે જવાબદારો સામે સખ્તાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ |
| ૨૦ | _ _ " _ _ | ૧૦૦ | પુન: વસન હેઠળ ગરીબોને હલકી કક્ષાના આવાસો ફાળવનાર જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બ્રિજેશ મેરજા |
| ૨૧ | _ _ " _ _ | ૧૦૦ | દબાણ અન્વયે ગરીબોના ઝુંપડા તોડતા પહેલા તેઓને વૈકલ્પિક વ્યવસ્થા સત્વરે પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઈ ચૌધરી |
| ૨૨ | _ _ " _ _ | ૧૦૦ | મહાનગરપાલિકાઓને વ્યાપક પ્રમાણમાં સહાય આપવા છતાં નવા બનાવેલ રસ્તા થોડાજ સમયમાં બિસ્માર હાલતનાં થઈ જાય છે તેની તપાસ કરાવી જવાબદારો સામે યોગ્ય પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જશપાલસિંહ પઢિયાર |
| ૨૩ | ૨૨૧૭–શહેરી વિકાસ ૦૩–નાના.માધ્યમ ૧૯૨–નગરપાલિકા.સહાય ૧૧–જકાતના....અનુદાન રૂ. ૪,૨૬,૭૦,૬૫,૦૦૦ અં.પ્ર.નં.૨૬,પાના નં.૪૮ થી ૫૦ | ૧૦૦ | ઓક્ટ્રોય નાબૂદી પછી નગરપાલિકાઓને નિયમિત પુરતી ગ્રાન્ટ ન મળતા વિકાસના કામો ખોરંભે પડયા છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લાખાભાઈ ભરવાડ |
| ૨૪ | _ _ " _ _ | ૧૦૦ | ઓક્ટ્રોય નાબૂદી પછી અમદાવાદ મ્યુ..કોર્પો.ને દર વર્ષે ૧૫ ટકા વધારા સાથે ગ્રાન્ટ આપવામાં આવે છે પરંતુ ખરેખર રકમ ઓછી ફાળવાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| ૨૫ | ૨૨૧૭–શહેરી વિકાસ ૦૩–નાના....માધ્યમ ૧૯૨–નગરપાલિકા...સહાય ૧૧–જકાતના....અનુદાન રૂ. ૪,૨૬,૭૦,૬૫,૦૦૦ અં.પ્ર.નં.૨૬,પાના નં.૪૮ થી ૫૦ | ૧૦૦ | નગરપાલિકાઓને છેલ્લા પાંચ વર્ષમાં ખરેખર મળવાપાત્ર ગ્રાન્ટ સામે વર્ષવાર ફાળવેલ ગ્રાન્ટની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| **રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ માગણી નં. ૯૮** | | | | |
| ૨૬ | ૨૨૦૪ – ખેલકૂદ...સેવાઓ ૦૦૧ – નિર્દેશ અને વહીવટ | ૧૦૦ | બાળકો માટે રાજ્યમાં ચિત્રકલાના વ્યાપક કાર્યક્રમો યોજી બાળકોને પ્રોત્સાહિત કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી વજેસિંગભાઈ પણદા |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૧-યુવક....નિયામક<br>રૂ. ૧,૮૬,૦૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૫,<br>પાના નં.૧૨ અને ૧૩ | | | |
| ૨૭ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યના કલાકારોને રાજ્ય બહાર પ્રદર્શનો અને પ્રસિદ્ધિ અપાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિનભાઈ કોટવાલ |
| ૨૮ | _ _ " _ _ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં રમત ગમત માટે વધુ સુવિધાઓ પુરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભાવેશભાઈ કટારા |
| ૨૯ | _ _ " _ _ | ૧૦૦ | ખેલ મહાકુંભ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવા છતા રમતવીરોને પીવાના પાણી સહિતની પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (ગેનીબેન ઠાકોર) |
| *૩૦ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યની કલા અને સંસ્કૃતિની સંસ્થાઓમાં અભ્યાસ કરતા યુવા કલાકાર વિદ્યાર્થીઓ માટે વ્યાપક શિબિરોનું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાન્તીભાઈ ખરાડી |
| ૩૧ | _ _ " _ _ | ૧૦૦ | રમતગમતમાં એકસપર્ટ કોચને મોટા પગાર ચૂકવવા છતાં રમતગમત ક્ષેત્રે રાજ્ય નોંધપાત્ર પ્રગતિ કરી શકયું નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઈ મારુ |
| *૩૨ | _ _ " _ _ | ૧૦૦ | રાજયમાં સારા કોચ હોવા છતાં તેમની અવગણના કરી અન્ય રાજયોના કોચો ને ઊંચા પગારે પસંદગી કરી નિમણૂકો અપાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. સી.જે.ચાવડા |
| *૩૩ | _ _ " _ _ | ૧૦૦ | લુપ્ત થતા જતા સાહિત્યની જાળવણી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહમદજાવીદ પીરઝાદા |
| *૩૪ | _ _ " _ _ | ૧૦૦ | નવોદિત લેખકોને પુરસ્કૃત કરી પ્રોત્સાહન આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભરતજી ઠાકોર |
| ૩૫ | ૨૨૦૫-કલા અને સંસ્કૃતિ<br>૧૦૩-પુરાતત્વ<br>૦૧-ART-7 પુરાતત્વ વિકાસ<br>રૂ.૩,૨૩,૮૮,૦૦૦<br>અં.પ્ર.નં.૨૫,<br>પાના નં.૩૨ અને ૩૩ | ૧૦૦ | પુરાતત્વ સંગ્રહાલયોમાં વારસાગત સાંસ્કૃતિક વસ્તુઓની સાચવણી થતી નથી તથા તેમાં નવીન વસ્તુઓનો સંગ્રહ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મંગળભાઈ ગાવિત |
| *૩૬ | _ _ " _ _ | ૧૦૦ | જાહેર જનતાને પુરાતત્વ સંગ્રહાલયની જાણકારી મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કાંતિભાઈ સોઢાપરમાર |
| *૩૭ | _ _ " _ _ | ૧૦૦ | પુરાતત્વ સંગ્રહાલયોમાં પૂરતા સ્ટાફને અભાવે સંગ્રહાલયમાં અસમાજીક તત્વોનો વધતો જતો ત્રાસ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભીખાભાઈ જોષી |
| ૩૮ | _ _ " _ _ | ૧૦૦ | ગામે ગામ પુરાતત્વની મોજણી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અક્ષયકુમાર પટેલ |
| ૩૯ | _ _ " _ _ | ૧૦૦ | પસંદગીના સ્થળોએ ઉત્ખનન કામગીરી સમયસર પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સંજયભાઈ સોલંકી |
| ૪૦ | _ _ " _ _ | ૧૦૦ | પુરાતત્વ ખાતાની મહત્વની બાબતોનું પ્રકાશન | શ્રી પ્રવિણભાઈ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | કરી તેની માહિતી આમ જનતાને સરળતાથી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | મુસડીયા |
| ૪૧ | _ _ " _ _ | ૧૦૦ | રાજયમાં સંખ્યાબંધ ઈમારતો હેરીટેજ ઈમારતોની વ્યાખ્યામાં આવી શકે તેમ હોવા છતાં તે જાહેર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કાળાભાઈ ડાભી |
| *૪૨ | _ _ " _ _ | ૧૦૦ | પુરાતત્વ વિભાગને ચેતનવંતુ કરવા તેમજ હેરીટેજ બિલ્ડીંગના રક્ષણ માટે પુરતો સ્ટાફ અને વધુ ભંડોળ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શીવાભાઈ ભુરીયા |
| ૪૩ | _ _ " _ _ | ૧૦૦ | પુરાતત્વ ખાતા દ્વારા સમયાંતરે કોઈ નવુ સંશોધન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઋત્વિકભાઈ મકવાણા |
| ૪૪ | ૨૨૦૫–કલા અને સંસ્કૃતિ<br>૧૦૪–દફતર સંગ્રહ<br>૦૧–ART-3<br>દફતર...વિકાસ<br>રૂ.૫,૮૫,૫૯,૦૦૦<br>અં.પ્ર.નં.૨૫,<br>પાના નં. ૩૫ અને ૩૬ | ૧૦૦ | અભિલેખાગાર ખાતામાં તબદીલ થયેલ રેકર્ડની યોગ્ય જાળવણી રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રેમસિંહભાઈ વસાવા |
| ૪૫ | ૨૨૦૫–કલા અને સંસ્કૃતિ<br>૧૦૫–જાહેર ગ્રંથાલયો<br>૦૧– ART-2 ગ્રંથાલય વિકાસ<br>રૂ. ૨૧,૪૮,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૫,<br>પાના નં. ૩૭ અને ૩૮ | ૧૦૦ | જાહેર ગ્રંથાલયોમાં જરૂરી સુવિધાઓ પુરી પાડવામાં તેમજ તેની જાળવણી નિયમિત રીતે કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાજેશકુમાર ગોહિલ |
| ૪૬ | ૨૨૦૫–કલા અને સંસ્કૃતિ<br>૧૦૫–જાહેર ગ્રંથાલયો<br>૦૧– ART-2 ગ્રંથાલય વિકાસ<br>રૂ. ૨૧,૪૮,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૫,<br>પાના નં. ૩૭ અને ૩૮ | ૧૦૦ | રાજયમાં ગ્રંથાલયોમાં લાંબા સમયથી ગ્રંથપાલોની જગ્યાઓ ખાલી છે તે સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કનુભાઈ બારૈયા |
| *૪૭ | _ _ " _ _ | ૧૦૦ | "વાંચે ગુજરાત"ની જાહેરાતો થાય છે પરંતુ ગ્રંથાલયોમાં અપુરતી સવલતોના કારણે તેનો વ્યાપક ઉપયોગ થઈ શકતો નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી સંતોકબેન આરેઠીયા |
| **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**<br>**માગણી નં. ૫** | | | | |
| ૪૮ | ૨૪૨૫ – સહકાર<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>૦૧–COP-21<br>સહકારી...અધિકારી<br>રૂ. ૯,૯૪,૬૪,૦૦૦ | ૧૦૦ | સહકારી મંડળીઓનું સમયસર ઓડીટ કરીને ગેરરીતિઓ થતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચિરાગભાઈ કાલરીયા |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં.૩, પાના નં. ૧૩૧ અને ૧૩૨ | | | |
| *૪૯ | _ _ " _ _ | ૧૦૦ | સહકારી ખાતાની રીકવરી વિભાગની અત્યંત નબળી કામગીરીને કારણે થાપણદારોના હિતના ભોગે અધિકારીઓ રીકવરી કામગીરીમાં નિષ્ક્રીયતા દાખવે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જે.વી. કાકડિયા |
| *૫૦ | _ _ " _ _ | ૧૦૦ | સહકારી મંડળીઓમાં ચાલતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| ૫૧ | _ _ " _ _ | ૧૦૦ | ગેરરીતિઓ આચરતી સહકારી મંડળીઓનું રજીસ્ટ્રેશન રદ કરી જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિરજીભાઈ ઠુમ્મર |
| *૫૨ | _ _ " _ _ | ૧૦૦ | છેલ્લા દસ વર્ષમાં ફડચામાં ગયેલ સહકારી બેંકોની રીકવરીની કામગીરીમાં નોંધપાત્ર સુધારો થાય તેવા પગલા ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિક્રમભાઈ માડમ |
| ૫૩ | ૨૪૩૫– અન્ય....કાર્યક્રમો ૦૧–ખરીદ...નિયંત્રણ ૧૦૧–ખરીદ...સવલતો ૦૧– WRH-2 કૃષિ....વેચાણ રૂ. ૪,૯૪,૩૩,૦૦૦ અં.પ્ર.નં.૩,પાના નં. ૧૫૧ | ૧૦૦ | કૃષિ વિષયક પાકોનું ખરીદ–વેચાણ અને ગુણવતા નિયંત્રણમાં થતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લલીતભાઇ કગથરા |
| ૫૪ | _ _ " _ _ | ૧૦૦ | કૃષિ વિષયક પાકોના વેચાણમાં ખેડૂતોને લાંબા સમય સુધી રાહ જોવી પડે છે અને માલ પાછો લઈ જવો પડે છે તે પરિસ્થિતિનું નિર્માણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સોમાભાઈ કોળી પટેલ |
| ૫૫ | ૨૪૩૫– અન્ય....કાર્યક્રમો ૦૧–ખરીદ...નિયંત્રણ ૧૦૧–ખરીદ...સવલતો ૦૧– WRH-2 કૃષિ....વેચાણ રૂ. ૪,૯૪,૩૩,૦૦૦ અં.પ્ર.નં.૩, પાના નં. ૧૫૧ | ૧૦૦ | ખેડૂતો જયારે પોતાના પાક અનાજનું વેચાણ કરે છે ત્યારે ગુણવતા સારી હોય છે પરંતુ ગોડાઉન સુધી પહોચે ત્યારે ગુણવતા નિયંત્રણ અધિકારીઓ તેની ચકાસણી કરે છે ત્યારે ધુળ–માટી કાંકરા નિકળે છે તે અટકાવવામાં સખ્તાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર |
| ૫૬ | _ _ " _ _ | ૧૦૦ | કૃષિ વિષયક પાકોની ખરીદી પછી લાંબા સમય સુધી તેનું વેચાણ ન થતા અનાજ–કૃષિ પાકોનો બગાડ થતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષિયારા |
| ૫૭ | ૩૪૭૫– અન્ય....સેવાઓ ૨૦૦– અન્ય....વિનિયમન ૦૧- શાહુકાર....અમલ રૂ. ૩,૭૮,૭૫,૦૦૦ | ૧૦૦ | શાહુકાર ધારાની કચેરીમાં જરૂરી સ્ટાફ અને ઇન્સ્પેક્ટરોની ખાલી પડેલ જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હિંમતસિંહ પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં.૩, પાના નં. ૧૬૪ અને ૧૬૫ | | | |
| ૫૮ | _ _ " _ _ | ૧૦૦ | શાહુકાર ધારા અન્વયે કરાયેલ કેસોમાં સ્ટાફના અભાવે વારંવાર મુદતો પડે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કીરીટકુમાર પટેલ |
| ૫૯ | _ _ " _ _ | ૧૦૦ | શાહુકાર ધારા અન્વયે પડતર કેસોનો સમયસર નિકાલ ન થવાથી બેફામ બનતા વ્યાજખોરો પર નિયંત્રણ લાદવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ વાજા |
| *૬૦ | _ _ " _ _ | ૧૦૦ | શાહુકાર ધારામાં ઓનલાઈન કામગીરી કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| *૬૧ | _ _ " _ _ | ૧૦૦ | શાહુકાર ધારાની કચેરીમાં અંદાજે ૨૫૦૦ શ્રોફ પેઢીઓ રજીસ્ટર થયેલ છે જેમાંથી પાંચ વરસે રીન્યુ કરવા ખુબ જ ઓછી સંખ્યામાં વેપારીઓ અરજીઓ કરે છે તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૬૨ | _ _ " _ _ | ૧૦૦ | શાહુકાર ધારામાં સ્ટાફના અભાવે શ્રોફ પેઢીના નવા વ્યવસાય માટેની પડતર અરજીઓ અંગે યોગ્ય કાર્યવાહી કરવમાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહેશકુમાર પટેલ |
| ૬૩ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યમાં વ્યાજખોરોના વ્યાપક ત્રાસ વચ્ચે છેલ્લા પાંચ વર્ષમાં શાહુકાર ધારાના ભંગ બદલ થયેલ કેસો અને તેની સજાની વિગતો પ્રસિધ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઈ વંશ |
| ૬૪ | _ _ " _ _ | ૧૦૦ | શાહુકાર ધારાના કાયદામાં જરૂરી ફેરફારો કરી કડક સજા થાય તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીત વસોયા |

*આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે. માનનીય વિરજીભાઇ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર (લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રીશ્રી તથા માનનીય રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગની પ્રવૃત્તિઓના મંત્રી તથા સહકાર મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં શહેરી વિકાસ વિભાગમાં મારા સૂચનો રજૂ કરવા માગું છું, યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગમાં વિરોધ કરવા ઊભો થયો છું અને સહકાર વિભાગમં મારા સૂચનો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું અગાઉ પણ બોલી ચૂકયો છું કે યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ એ બહુ મહત્વનો વિભાગ છે. કોઇપણ રાજયનું યુવાધન કેવું છે તેની ઉપર તે રાજયની વિકાસની પ્રવૃત્તિ આધારિત છે. આજે યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ *(**xxx**)તેમ કહીશ તો મારો શબ્દ નીકળી જશે પણ તેના સંલગ્ન મારી પાસે કોઇ શબ્દ નથી એટલ માટે મારે કહેવું છે કે યુવક સેવા સાંસ્કૃતિક વિભાગ એની જે કામગીરી ચાલી રહી છે એમાં રાજ્યમાં વાંચે ગુજરાત...(અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે એમ કહ્યું કે આ વિભાગનું *(**xxx**) એવું બોલીશ તો કાઢી નાંખશે એમ કરીને આગળ વાત કરી. એટલે બોલ્યા તો ખરા જ સાહેબ. એટલે ઠપકો આપીને કાઢી નાંખો.

અધ્યક્ષશ્રી : ઠપકો આપીને કાઢી નાંખું છું.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, સંપૂર્ણ નિષ્ફળ ગયું છે એટલા માટે એ વિભાગનો વિરોધ પણ મેં કર્યો છે અને એ વિભાગમાં મારા સૂચનો કરવા માટે વાત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, "વાંચે ગુજરાત, ભણે ગુજરાત" ગ્રંથાલયો અત્યારે જે ગુજરાતમાં ચાલુ છે, ગ્રંથાલયની બુક ૨૦૧૭માં બહાર પાડી છે એમાં ગ્રંથાલય નિયામકની કચેરી, ભાષા નિયામકની કચેરી, એક વર્ષથી હું ધારાસભ્ય ચૂંટાયેલો છું ત્યારે મેં આ કચેરીમાં અનેક વખત ફોન કર્યા છે એક પણ વખત ફોન લાગ્યો નથી અને જો એના મોબાઇલ નંબર કરવામાં આવે તો એ નંબર પણ લાગતો નથી. આ વિભાગમાં આપણે પૂછીએ છીએ તો મોટા ભાગની જગ્યાઓ ખાલી છે. તમારી હેડ ઓફિસની જગ્યાઓ ખાલી હોય તો નીચેની કચેરીની શું પરિસ્થિત હશે? એ બાબતમાં હું કહેવા માગું છું. અમરેલી જિલ્લામાં ૧૭ કરોડના ખર્ચે પૂસ્તકાલય બનાવવામાં આવ્યું પણ ગ્રંથાલય અધિકારીની જગ્યા છેલ્લા

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા.

પાંચ વર્ષથી ખાલી છે, કોઇને ને કોઇને ચાર્જ આપીને આ જગ્યા ચલાવવામાં આવે છે. ગ્રંથાલય રૂ.૧૭/– કરોડના ખર્ચે બન્યું એની મુખ્ય ગ્રંથાલય અધિકારીની જગ્યા ખાલી છે એ ચાર્જથી ચલાવવામાં આવે છે, એના કારકુનની જગ્યા ખાલી, ત્યાં એના પટાવાળાની જગ્યા ખાલી તો ક્યાં વાચશે ગુજરાત એ તો કહો મને યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગના માનનીય મંત્રીશ્રી? "વાંચે ગુજરાત, ભણે ગુજરાત" કોને તમે વંચાવવા માગો છો, કોને તમે ભણાવવા માગો છો? તાલુકા મથકે ગ્રંથાલયની જગ્યાઓ કોઇ ભરી નથી ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે છે અને હું બાબરા મત વિસ્તારનો ધારાસભ્ય છું. હું અગાઉ પણ બોલ્યો છું કે, બાબરામાં અમારે ઘડિયાળમાં ટાઇમ જોવાતો નથી, બાબરામાં પડછાયો કેટલે પહોંચ્યો એના ઉપરથી અમારે ત્યાં સમય નક્કી કરતા હોય છે. એ બાબરા એટલે પાંચાળ વિસ્તાર છે, પાંચાળીનો ત્યાં જન્મ થયેલો એટલે બાબરા પાંચાળ વિસ્તાર કહેવાય છે. એ વિસ્તારના લોકો વાચવા કે ભણવા માટે ગ્રંથાલયમાં જાય તો ગ્રંથાલયની જગ્યા ખાલી હોવાના કારણે ખૂલતી નથી, સાવરકુંડલા ગ્રંથાલયની જગ્યા ખાલી હોવાના કારણે ખૂલતી નથી. ગોસ્વામી કરીને કોઇ અધિકારી છે અનેક વખત હું એમને ફોન કરું છું, આજે તો એમનો ફોન જ બંધ થઇ ગયો, આજે પછી મેં ડાયરેકટરને ફોન કર્યો અને એમની જગ્યા માટે પૂછવામાં આવ્યું તો ડાયરેકટરે મને કહ્યું કે હું તપાસ કરાવી લઇશ. ગ્રંથાલય અધિકારીની, કારકુનની, પટાવાળાની આ બધી જગ્યાઓ ખાલી હોવાના કારણે મારી સાવરકુંડલા અને બાબરાની ગ્રંથાલય સરકાર બંધ કરવા જઇ રહી છે તો ક્યાં વાચશે ગુજરાત? એટલા માટે આ વિભાગનો મારે વિરોધ કરવો પડે છે. રાજ્યની ગ્રંથાલયોમાં તબદીલ થયેલા રેકોર્ડની યોગ્ય જાળવણી થતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, ચાર્જ ઉપર આવેલો વ્યક્તિ એને કેટલી બૂકો આપવામાં આવી, જેનો આપણે અભ્યાસ કરવાનો હોય છે, જેનો આપણે ઇતિહાસ જોવાનો હોય છે એ કેટલી બુકો એને આપવામાં આવી હોય પણ એને તો કોઇ લેના દેના હોતા નહીં. કોને વંચાવશો, ગુજરાતને? ગાંધીજીના પૂસ્તકો આપ્યા, સરદાર વલ્લભભાઇ પટેલના પૂસ્તકો આપ્યા, અત્યાર સુધી જે રાજા રજવાડાઓ આ દેશમાં જે રાજ કર્યું અને એમાં મોગલ સમ્રાટે પણ જે કામગીરી કરી એ ઇતિહાસ લખાયેલો છે એની બુકોની કોઇ જાળવણી થતી જ નથી તો ક્યાં વાચવા જશે ગુજરાત?

**સભાપતિશ્રી ડો.નીમાબેન આચાર્ય**

માનનીય અધ્યક્ષશ્રી, લૂપ્ત થતા સાહિત્યની કોઇ જાળવણી થતી નથી ત્યારે પૂરાતત્વ વિભાગને ચેતનવંતુ કરવા માટે અનેક વખત આ વિધાનસભામાં હું ધારાસભ્ય નહોતો ત્યારે પણ સાંભળ્યું છે કે, હેરીટેજની જાળવણી કરવા માટે અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી બહુ ચિંતા કરે છે. લે આલે, આ કયું ચેતનવંતુ છે! પુરાતત્વ વિભાગને ચેતનવંતુ કરવા માટે હેરીટેજ બિલ્ડીંગમાં રક્ષણ માટે પૂરતા પ્રમાણમાં સ્ટાફ પણ નથી અને ચિંતા કરે છે, કોની ચિંતા કરે છે? હડપ્પા સંસ્કૃતિની, લોથલની ચિંતા થઇ રહી છે? પુરાતત્વ વિભાગની મુખ્ય ઓફિસમાં સ્ટાફ પણ નથી તો તમે કયારે ચિંતા કરશો? લૂપ્ત થતી સાહિત્યની જાળવણી થતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ બહુ દુઃખદ વિષય છે. ગુજરાત એટલે આપણું એક મહત્વનું રાજય છે, જે ગુજરાત રાજયે ૨૦૦ વર્ષના અંગ્રેજોના શાસનને સમાપ્ત કરવા માટે મહત્વની કામગીરી કરી છે એ ગાંધીજીનું આ રાજય છે, એ સરદાર વલ્લભભાઇ પટેલનું રાજય છે એની રૂ.૩૦૦૦/– કરોડની પ્રતિમા માટેનો યશ લેવા માટે તમે જતા હોવ તો તમારે આ પુરાતત્વ વિભાગની જાળવણી કરવા માટેનો યશ લેવા માટે, એના સ્ટાફની ભરતી કરવા માટે પણ ચિંતા કરવી જોઇએ પણ એ ચિંતા થતી નથી એટલા માટે આ ચિંતાનો વિષય બન્યો છે. નવોદિત લેખકો અને કવિઓને પ્રોત્સાહિત કરવા માટે બજેટ સત્ર વખતે લોક ડાયરા થતાં હતા. માનનીય અધ્યક્ષશ્રી, હું તો ત્રીજી વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયો છું. રાત્રે ડાયરાઓ થતાં હતા, લોક સાંસ્કૃતિક કાર્યક્રમ થતા હતા. મહેસાણા બાજુના, ઉત્તર ગુજરાત બાજુના કવિઓ આવે અને એમની કવિતાઓ અમને સંભળાવતા હતા, અમારા સૌરાષ્ટ્રના કવિઓ આવે અને ગુજરાતના તમામ ધારાસભ્યશ્રીઓને ટાઉન હોલમાં ડાયરામાં શું પરિસ્થિતિ છે એ સમજાવવામાં આવતી હતી અને ડાયરો ચાલતો હતો, આ વખતે બે વખતથી હું ધારાસભ્ય તરીકે છું, માનનીય નીતિનભાઇ વાંચે ગુજરાત, ક્યાં છે તમારું ગુજરાત? સંત માટે તમને ચિંતા થાય છે, સંતનું અનાજ વેચી નાંખવા માટે તમને ચિંતા થતી નથી? આ પ્રકારની પરિસ્થિતિ છે ત્યારે.

સભાપતિશ્રી : એ વાતને ટાંકીને તમે આ વિષય અહીંયાં ન લાવો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, રેકર્ડ ઉપર છે,

સભાપતિશ્રી : રેકર્ડ ઉપર હોય તો પણ તમને ત્યારે પણ કહ્યું હતું. સંતોની બાબત તમે અહીંયાં ન લઇ આવો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, રાજ્યમાં કુલ કેટલા ગ્રંથાલયો છે અને એમાં કેટલી જગ્યાઓ ખાલી છે એનો મંત્રીશ્રી જવાબમાં ઉલ્લેખ કરે. જગ્યાઓ ભરવા માટે સરકાર સંપૂર્ણ નિષ્ફળ ગઇ છે અને એ નિષ્ફળતામાં ક્યારે ગુજરાત વાંચશે અને કેટલી જગ્યાઓ ભરાશે એનો પણ માનનીય મંત્રીશ્રી જવાબ આપે. ગ્રંથાલયમાં સ્ટાફની ભરતી કરવામાં આવતી નથી અનેક જગ્યાઓ ખાલી છે તે ભરવામાં સરકારની નિષ્ફળતા છે માટે સરકારે કંઇક કરવું જોઇએ એવું કહેવા માટે હું આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સહકારની માગણી લઇને આવ્યા છે. હું તો એક સહકારી આગેવાન પણ છું. ગેરરીતિ આચરતી સહકારી મંડળીઓ જે છે એના ઓડિટમાં વારંવાર ભૂલ આવે છે અને વારંવાર એ ખોટું કરી રહેલ છે. હમણાં સૌરાષ્ટ્રમાંથી અમને જાણવા મળ્યું કે એક સહકારી મંડળી કોઇ ખોટી કંપનીનું ખાતર વેચે, એની ઉપર તપાસ કરવામાં આવી, વળી પાછું ક્યાંકથી દબાણ આવ્યું હશે એટલે તપાસ બંધ થઇ ગઇ, આવી ગેરરીતિ કરતી સંસ્થાઓના ચોપડા જ નથી અને કોઇ ઓડિટ થતા નથી

એટલે આવી ઓડિટ વગરની જે સહકારી સંસ્થાઓ છે એણે વારંવાર ગેરરીતિઓ કરેલ છે માટે માનનીય મંત્રીશ્રીને મારે કહેવું છે કે, સહકારી સંસ્થાઓ ઉપર એક વિશ્વાસ હતો. આ દેશમાં સહકારી પ્રવૃત્તિ માટેનું કોઇ જો મુખ્ય રાજ્ય ગણાતું હોય તો ગુજરાત છે. પોરબંદરના પનોતા પુત્રએ જમીન વિકાસ બેન્ક સ્થાપી,

સભાપતિશ્રી :એક મિનિટમાં પૂરું કરો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : પોરબંદરના પનોતા પુત્રએ ઇફકો જેવી રાષ્ટ્રીય સંસ્થા સ્થાપી એના કારણે ગુજરાત આજે ગૌરવવંતું ઊભું રહ્યું છે, ફડચામાં ગયેલી બેન્કોની રિકવરી માટે સરકાર દુ:ખ સેવી રહી છે. સહકારી સંસ્થાઓની જે જિલ્લા લેવલની અને તાલુકા લેવલની જે ચૂંટણીઓ કરવાની થતી હોય છે એ થતી નથી. ભાવનગર ડિસ્ટ્રિક્ટ બેન્કની ત્રણ વખતથી ચૂંટણી થઇ નથી, અમદાવાદ ડિસ્ટ્રિક્ટ બેન્કની ચૂંટણી થઇ નથી. જમીન વિકાસ બેન્કની ચૂંટણી થઇ નથી એની ચૂંટણી બહાર પડી અને ચૂંટણી થઇ નહિ. એની પાછળના કારણોમાં અમારો બાયલોઝ સુધર્યો, એ સુધર્યા પછી વળી પાછો સ્ટે આપવામાં આવ્યો, બે વરસ પછી સ્ટે આપવામાં આવ્યો એના કારણે ચૂંટણી થતી નથી.

સહકારી સંસ્થાઓમાં બ્લોક માટેના આપણા નિયમો નક્કી થયા છે, બ્લોક હોવા જોઇએ એની બાબતનો વિરોધ ન હોવો જોઇએ. પરંતુ બ્લોક પડ્યા પછી એનું મતદાન બ્લોક પૂરતું સિમિત રાખીશું તો એક બ્લોકમાં પાંચ મતદારો છે, એટલે એક જણ ટેકા માટે દરખાસ્ત કરી શકશે, બીજો ટેકા માટે દરખાસ્ત નહિ કરી શકે એના કારણે બિનહરીફ થાય છે, એક જ સહકારી સંસ્થાની ચૂંટણી હોય ત્યારે બીજા બ્લોકમાંથી પણ બિનહરીફ થાય છે દા.ત. અમરેલી કે અમદાવાદ જિલ્લો હોય તો અમદાવાદ જિલ્લો હોય તો ધોળકાનો બ્લોક હોઇ શકે બાવળાનો બ્લોક હોઇ શકે, ધોળકામાં પાંચ મતદારો છે તો બાવળાના જે દસ મતદારો છે એ દસ મતદારોનો ટેકો લઇને એનું મતદાન આખા જિલ્લા લેવલે થવું જોઇએ, નહિતર આમાં ભારે મોટો ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓ થાય છે અને અમુક વ્યક્તિઓ ચૂંટાઇ જાય છે અને એને કારણે જે દાદાગીરી કરે છે, જે મતદારોને ગમે તેમ કરીને પૈસા આપીને, લાલચ આપીને ભગાડી જાય છે એ લોકો ચૂંટાઇ જાય છે એટલે બ્લોકનો પ્રથાનો હું વિરોધ કરતો નથી, મલ્ટી સ્ટેટ કો–ઓપરેટીવ એક્ટ લાગુ પડ્યો છે એટલે હોવો જોઇએ. પરંતુ મતદાનની જે પ્રક્રિયા છે એ જિલ્લા પર હોવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ માટે હું કહેવા માગું છું. અમદાવાદમાં જે રીંગ રોડ બન્યો છે એ રીંગ રોડને સંલગ્ન જે રસ્તાઓ બન્યા છે એના બહારના રસ્તાઓ, એમાં મ્યુનિસિપલ કોર્પોરેશન અને ઔડા વિભાગના રસ્તાઓ હજી નક્કી થયા નથી એના કારણે,

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રી વિવેકભાઇ પટેલ,

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટમાં મારી વાત પૂરી કરું છું. ઔડાના અધિકારીઓને મળવા જઇએ તો કમિશનર પાસે જાઓ અને કમિશનર પાસે મળવા જઇએ તો એમ કહે છે કે ઔડામાં જાઓ અને ટી.પી. સ્કીમ જે લાગુ કરેલ છે એ ટી.પી. સ્કીમોમાં તાત્કાલિક કામગીરી શરૂ થાય એ માટે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું અને યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિના વિભાગ સહિતની માગણીઓ લઇને મંત્રીશ્રીઓ જે આવ્યા છે તેનો હું વિરોધ કરું છું.

વિવેક ન. પટેલ(ઉધના): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શહેરી આવાસન માટે જે માગણીઓ લઇને આવ્યા છે તેના પર મારા વિચારો વ્યક્ત કરું છું અને તેને સમર્થન આપું છું. પથદર્શક શબ્દોથી મારા પ્રવચનની શરૂઆત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ પથદર્શક શબ્દની અંદર ખૂબ તાકાત છે એની અંદર સંકલ્પ પણ છે અને એની અંદર કર્તવ્ય પણ છે.

**''માના કી અંધેરા ઘના હૈ, માના કી અંધેરા ઘના હૈ,**
**લેકિન દોસ્તો દીપ જલાના કહાં મના હૈ, દીપ જલાના કહા મના હૈ.''**

માનનીય અધ્યક્ષશ્રી, ધરતીનો છેડો એટલે ઘર. મારા સપનાના ઘર માટે આપણાં આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને લાખ લાખ અભિનંદન આપવા છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ૨૦૧૩ની અંદર મુખ્યમંત્રી ગૃહ યોજનાનો ઐતિહાસિક નિર્ણય કર્યો. માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પ્રથમ વખત જ્યારે પ્રધાનમંત્રી તરીકેની જવાબદારી સંભાળી ત્યારે ૨૦૧૫ની અંદર પ્રધાનમંત્રી આવાસ યોજના બનાવવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો. માનનીય અધ્યક્ષશ્રી, યોજનાના ઉદ્દેશની વાત કરું તો શહેરોને ઝૂંપડપટ્ટી મુકત બનાવવાનો છે. શહેરી ગરીબો અને મધ્યમવર્ગીય લાભાર્થીઓને વાજબી કિંમતના આવાસો પૂરાં પાડવાનો છે. હાઉસીંગ ફોર ઓલ ૨૦૨૨ના સૂત્રને સાકાર કરવા માટે આ વખતના બજેટની અંદર રૂ.૧૨૪૮/– કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ યોજનાની અંદર ચાર ઘટકોનો સમાવેશ થાય છે. ઘટક–૧ ઝૂંપડપટ્ટી પુનઃવસન, ઘટક નંબર–૨ CLSS ઘટક એટલે કે Credit Linked Subsidy Scheme, ઘટક–૩ AHP એટલે કે Affordable Housing in Partnership અને ચોથો ઘટક એટલે BLC, Beneficiary Led Construction, લાભાર્થીઓની આગેવાનીની અંદર વ્યક્તિગત ઘર માટે બાંધકામ કરવા માટેની સબસિડી એટલે કે બીએલસી ઘટક.

માનનીય અધ્યક્ષશ્રી, ઝૂંપડપટ્ટી પુનઃવસન વિશે કહીશ તો ઝૂપડપટ્ટીમાં રહેતાં લોકોને એ જ સ્થળ ઉપર વિના મૂલ્યે ૩૦ ચોરસ મીટરનું પાકું બાંધકામ આપવામાં આવે છે. આ માટે રાજ્ય સરકારની પણ રૂ.૧ લાખની સહાય આપવામાં આવે છે અને કેન્દ્ર સરકારની પણ રૂ.૧ લાખની સહાય આપવામાં આવે છે. ક્રેડિટ લિંક સબસિડી સ્કીમની વાત કરું તો પ્રથમ આવાસમાં લીધેલી લોન પરના વ્યાજમાં મહત્તમ સાડા છ ટકા સુધીના દરે રૂ.૨ લાખ ૬૭ હજાર સુધીની વ્યાજ સહાય આપવામાં

આવે છે. ગુજરાત રાજ્યમાં ૧ લાખ ૭૮ હજાર ૯૮૭ લાભાર્થીઓને વ્યાજ સહાયનો લાભ મળ્યો છે અને મને જણાવતા ખૂબ આનંદ થશે કે ગુજરાત રાજ્ય અન્ય રાજ્યોની સરખામણીમાં આમાં આગળ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહાનગરપાલિકાઓ હોય, નગરપાલિકાઓ હોય, અર્બન ઓથોરીટી હોય તેની અંદર જે આવાસો બનાવવામાં આવ્યા છે તે ઘટક. તેની અંદર ઇડબલ્યુએસ-૧ કેટેગરી આવે છે ઇડબલ્યુએસ-૧ કેટેગરીની અંદર ૩૦ ચોરસ મીટર સુધીના આવાસો બનાવવામાં આવે છે અને ઇડબલ્યુએસ-૨ કેટેગરીની અંદર ૪૦ ચોરસ મીટર સુધીના આવાસો બનાવવામાં આવે છે. તેમાં રૂ.ત્રણ લાખ સુધીની જેને વાર્ષિક આવક હોય તેવા લોકો માટેની સ્કીમ છે અને આ સ્કીમની અંદર પણ રાજ્ય સરકારની રૂ.દોઢ લાખની સહાય મળે છે અને કેન્દ્ર સરકારની પણ રૂ.દોઢ લાખની સહાય મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, લાભાર્થીની આગેવાનીમાં વ્યક્તિગત ઘર માટે જે સબસિડી આપવામાં આવે છે જેને બીએલસી ઘટક કહે છે તેની અંદર પોતાની માલિકીની જમીન કે કાચું પાકું મકાન ધરાવનારને ૩૦ ચોરસ મીટર સુધીના બાંધકામ માટે અને નવા આવાસ માટે સહાય આપવામાં આવે છે ધન્યવાદ.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ, રમત-ગમત અને યુવા સાંસ્કૃતિક અને કૃષિ, ખેડૂત અને કલ્યાણ વિભાગના જે મંત્રીઓ માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને એક વિનંતી કરું છું કે કલોલ અને કડી તાલુકાના ૬૭ ગામો તે ઔડા વિસ્તારમાં આવેલા છે. ૪૦ ટકા જમીન તે કપાતના નામે જવાની છે. અમદાવાદથી ૪૦-૪૦,૪૫-૪૫ કિલોમીટરના અંતરે તમે ઔડામાં સમાવેશ શાના માટે કરો છો ? ખેડૂતોને તમે શાના માટે અન્યાય કરો છો. તમારે જો વિકાસ કરવો જ હોય તો જેટલી જમીનની જરૂરિયાત પડે જેટલા ગામડાઓનો સમાવેશ કરવાની જરૂરિયાત પડે એટલા ગામોનો સમાવેશ કરો. બાકીના ગામડાઓનો સમાવેશ કરી અને ગામડાના ખેડૂતોને તમે અન્યાય કરી રહ્યા છો એ અન્યાયમાંથી અમને મુક્ત કરાવો એવી શ્રી નીતિનભાઇ, આપને વિનંતી કરું છું. આપનો તાલુકો છેક બોરીસણા સુધી, જેતપુરા સુધી, કણજરી સુધી લંબાવેલો છે અને ૪૦ ટકા જમીન ખેડૂતોની કપાવાની છે એની સામે વાંધો નથી. પણ જ્યારે ખેતી-ખેતી વચ્ચે જૂની શરતની જમીન કરવા જાય છે ત્યારે તેમને રૂ.પાંચથી છ લાખ પ્રિમિયમ ભરવાનું આવતું હોય છે. મારા કલોલ તાલુકામાં મુખ્યમંત્રી આવાસ યોજનાઓ બની છે. ત્રણ-ચાર વર્ષથી ઘણા બધા બિલ્ડીંગો બની ગયા છે. એ બિલ્ડીંગો કોઇને રહેવા જવા માટે કોઇને ફાળવવામાં પણ આવતા નથી અને રહેવા માટે ફાળવવાની વાત તો દૂર રહી પણ એ બિલ્ડીંગ અત્યારે ફાળવ્યા સિવાય તૂટવાના પણ ચાલુ થઇ ગયા છે. આવા કલોલમાં જ્યાં ૫ બિલ્ડીંગ એવા છે કે જે બન્યા પહેલાં તૂટી ગયા અને એટલા માટે આ એજન્સી દ્વારા કામ કરાવવામાં આવ્યું છે એ બેદરકારીપૂર્વક જે કામ કર્યું છે એની તપાસ કરવામાં આવે. અમારો મોટા ભાગનો વિસ્તાર ઔડાની અંદર આવેલો છે. આ ઔડા દ્વારા જુદા-જુદા ગામડાઓની અંદર વિકાસના કામોની જે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. એ ભેદભાવની નીતિથી ગ્રાન્ટ ફાળવાય છે. કોઇ ગામમાં એક લાખથી ૫ લાખ રૂપિયા આપતા હોય છે, બીજા ગામની અંદર ૧૦થી ૧૫ લાખ રૂપિયા આપતા હોય છે. જેની જેવી લાગવગ હોય એ પ્રમાણે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. સમતોલ વિકાસ કરવાની જગ્યાએ જેની લાગવગ હોય અને જેની ભલામણ હોય એને પૈસા વધારે મળે છે. બાકીના ગામડાઓને ખૂબ મોટો અન્યાય થાય છે એટલે ગામડામાં જો સૌથી વધારે અન્યાય થતો હોય તો એ ચાલે નહિ. એટલા માટે મંત્રીશ્રીને ભલામણ કરું છું કે તમામે તમામ ગામડાઓનો સરખો વિકાસ થાય. શ્રી નીતિનભાઇ, જમીનની અંદર ભ્રષ્ટાચાર કરવામાં આવે તો દેખાય, પાતાળની અંદર ભ્રષ્ટાચાર કરવામાં આવે તો દેખાય. દા.ત. કે.જી.બેઝિન દ્વારા ઓઇલ શોધવા માટે, પેટ્રોલ-ડિઝલ શોધવા માટે ઘણા બધા તેલ - કૂવા કરવામાં આવ્યા. કોઇ જગ્યાએ તેલ નીકળ્યું કે ન નીકળ્યું, પેટ્રોલ નીકળ્યું કે ન નીકળ્યું, ડિઝલ નીકળ્યું કે ન નીકળ્યું એ તો ખબર ના પડી. દા.ત. અમદાવાદની આજુ-બાજુમાં ઘણી બધી જમીનો, ઘણી બધી સંસ્થાઓને આપી દીધી. દા.ત. રાહેજાને ૨૦૦-૨૦૦ વિઘા જમીન આપી દીધી. એ ભ્રષ્ટાચાર થાય તો દેખાય પણ રૂપાણી સાહેબની સરકારમાં નવો ભ્રષ્ટાચાર થયો. આકાશી ભ્રષ્ટાચાર! આકાશી ભ્રષ્ટાચાર એવો થાય કે કોઇને કોઇ પણ જગ્યાએ મકાન બનાવવું હોય, ત્રણ-ચાર માળનું મકાન બનાવવાનું હોય એને ૧૫-૧૭ માળની મંજૂરી મળી જાય. એફ.એસ.આઇ. વેચવાની કામગીરી અમદાવાદમાં ચાલી, સુરતમાં ચાલી. જમીનનો ભ્રષ્ટાચાર, પાતાળનો ભ્રષ્ટાચાર અને નવો આકાશી ભ્રષ્ટાચાર. આપણને ખ્યાલ પણ ન હોય આકાશમાં કેટલી એફ.એસ.આઇ. વેચી એ અમને કેવી રીતે ખબર હોય. આખા અમદાવાદ અને સુરતની અંદર વધારેમાં વધારે જો એફ.એસ.આઇ. હોય તો એ પાંચથી દસ બિલ્ડરો પાસે એફ.એસ.આઇ. ફરે જાય છે અને ભ્રષ્ટાચાર થયે જાય. કેમ થઇ? શ્રી નીતિનભાઇ જો કદાચ શહેરી વિકાસ મંત્રી હોત તો આવું ઓછું થાય. એનો મને વિશ્વાસ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રી બળદેવજીને રોકવા માગતો નથી પણ એમને ખ્યાલ રહે એટલા માટે કહું છું.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : મારી મિનિટો ના બગાડો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તમે ચલાવે જાવ એટલે અમારે ખોટી - ખોટી વાર્તાઓ સાંભળવાની! એફ.એસ.આઇ. આપવાના નિયમો ચાર્જેબલ છે. એની ગણતરી છે. એ પ્રમાણે એફ.એસ.આઇ. મળે છે, એ પ્રમાણે રકમ લેવામાં આવે છે અને

કોઇ પણ વ્યક્તિને એફ.એસ.આઇ. આપવામાં આવે છે એની મિકેનીઝમ છે એટલે માનનીય બળદેવજીભાઇનો આક્ષેપ સાચો નથી. છતાંય ક્યાંય ખોટું થયું હોય તો તમે રેકર્ડ ઉપર અમને બતાવજો.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રી નીતિનભાઇને કહેવા માગું છું કે, અમદાવાદ શહેરની અંદર ટી.પી. સ્કીમ ૨૦૪માં સરખેજ, મકરબા, વેજલપુરમાં કોણ મંત્રી છે એમાં મારે પડવું નથી. આ જમીનની ઓછી કપાત થાય એમાં કોણ મંત્રીશ્રી છે એમાં હું પડવા માગતો નથી પણ આ આખું કૌભાંડ બહાર આવ્યું છે એની તપાસ થાય એ ખાસ જરૂરી છે. આમાં એના જે લાભાર્થીઓ હતા એની સામે પગલાં લેવામાં  ન આવ્યા. પરંતુ જે ટીપીઓ છે, કર્મચારી છે એને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. આ એક દાખલો છે. કઇ કઇ જગ્યાએ શું શું  થયું એ માનનીય નીતિનભાઇને લેખિતમાં આપીશ. તમામ શહેરોમાં ગટર લાઇનના કામો ચાલતા હોય છે. કોઇપણ એજન્સી કોઇપણ જાતની પરવાનગી લીધા સિવાય રોડ તોડીને ગટર લાઇનની કામગીરી, પાણીની પાઇપ લાઇન નાખવાની કામગીરી કરી દે છે. પરંતુ પછી રોડ તૂટયા હોય એ કોઇ બનાવતું નથી એ બનાવવાની જવાબદારી કોઇ લેતું નથી. એના લીધે શહેરોમાં ખૂબ જ હાલાકી પડે છે,  પાણીની પાઇપ લાઇન, ગટર લાઇન નાંખવામાં આવે એ સારી વાત છે. પરંતુ એમાં જે રોડ તૂટ્યા  હોય એ જલદી સારી રીતે બને તેવી મારી વિનંતી છે.

કલોલ શહેરમાં  ૪૦ વર્ષથી સરકારી પડતર જમીનો ઉપર  પાર્ટી પ્લોટો બનાવીને લોકો આજે પણ ભાડું ઉઘરાવી ખાય છે આ એક વાસ્તવિકતા છે એના પુરાવા જોઇતા હોય તો, સરવે નંબર જોઇતા હોય તો તે અને પડતર જમીન કયાં કયાં  છે એ જોઇતું  હોય તો હું  આપવા બંધાયેલો છું.

અમારા કલોલમાં ઓ.એન.જી.સી. ની જમીન ઉપર વ્હાઇટ હાઉસ નામના ફલેટની સ્કીમ બની ગઇ છે. એની મંજૂરી કોણે આપી?  કારણ કે એની નીચેથી ૨૨-૨૨ પાઇપ લાઇનો ગેસની જાય છે અને બે વખત તો ગેસ પાઇપ લાઇન હોવાથી સળગી હતી ત્યારે લોકો જીવ બચાવીને ભાગ્યા હતા એવા બનાવો પણ બન્યા છે. સવાલ એટલો છે કે આવી પરવાનગી આપવામાં આવી છે એમાં કયા અધિકારી કસુરવાર છે? કેમ એમની સામે પગલાં લેવામાં આવતા નથી, કયા અધિકારીએ જાણી જોઇને એન.ઓ.સી. આપી? એની સામે કેમ પગલાં લેવામાં આવતા નથી? આના પુરાવા જોઇતા હોય તો મારી સરકારને આપવાની તૈયારી છે.

કલોલ શહેરમાં બહુ જ જૂનું  પ્રાચીન કપીલેશ્વરનું મંદિર ઔડામાં આવેલ છે. એના વિકાસ માટે વારંવાર સરકારશ્રીમાં રજૂઆત કરવામાં આવી છે. ફરીથી હું વિનંતી કરું  છું કે એના વિકાસ માટે ઔડામાંથી સ્પેશિયલ ગ્રાન્ટ ફાળવવામાં આવે એવી વિનંતી છે.

હમણાં જ માનનીય સભ્યશ્રી વિરજીભાઇ રમશે ગુજરાતની વાત કરતા હતા. અમારા કલોલ તાલુકામાંથી ૪૦ ટકા જમીન કાપણીના નામે પુષ્કળ જમીનો ઔડાએ રીકવર કરી છે. અમારા કલોલમાં દીકરા દીકરીઓને રમવા માટે મેદાનની વાત કરી તો ઔડા એમ કહે છે કે મેદાન માટે જમીન ફાળવી છે પણ  રમતગમત વિભાગ આ મેદાનને વિકસાવવા માટે આગળ વાત કરતું  નથી. તો એ જલદી થાય એના માટે  આપને વિનંતી કરું  છું

માનનીય શંકરસિંહ વાઘેલા મુખ્યમંત્રી  હતા ત્યારે રાજ્યમાં  જુદા જુદા જિલ્લાઓનું વિભાજન કરવામાં આવ્યું  હતું એ તમામ જિલ્લાઓમાં બેંક હોય ડેરી હોય પરંતુ જિલ્લા અલગ થયા પછી નવા જિલ્લામાં આની ફાળવણી થઇ નથી. ત્રણ જિલ્લા હોય કે બે જિલ્લા હોય એ જુદા પડેલા જિલ્લાના મથકે  ડેરી કે સહકારી બેંકને જુદી પાડવામાં આવતી નથી. આ જિલ્લાઓ જુદા થયા એને આજે વર્ષો વિતી ગયા છે આ ગતિશીલ ગુજરાતમાં જે જિલ્લા અલગ થયા એને ડેરી કે બેંક અલગ મળતી નથી એ આપવામાં આવે તેવી વિનંતી છે. સાણંદ તાલુકામાં ગુલમહોર કલબ આવેલી છે.

શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૯-૨૦ના અનુદાન માટેની માગણી નં-૩૫ ચર્ચા માટે  આવી છે, તેમાં મારું મંતવ્ય રજૂ કરું છું.

સહકારી પ્રવૃતિ ક્ષેત્રે ગુજરાત અગ્રેસર રાજ્ય રહ્યું છે. ૭૯ હજાર સહકારી મંડળીઓ આવેલી છે, ૧.૬૫ કરોડની સભાસદો જોડાયેલા છે અને ગુજરાતના પ્રત્યેક અને અપ્રત્યક્ષ રીતે સહકારી પ્રવૃતિ સાથે  સમગ્ર લોકો છે. જેમાં કૃષિ ધિરાણ અને ખેત સંગ્રહ શકિત, દૂધ સહકારી ક્ષેત્ર, ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ, ખાંડ સહકારી પ્રવૃતિ, માર્કેટીંગ, બેંકિંગ વિભાગ સાથે મારા સમગ્ર ખેડૂત મિત્રો જોડાયેલા છે.

કૃષિ ધિરાણની જો હું વાત કરું તો રાજ્યમાં કુલ ૪૬.૬૦ લાખ  ખેડૂતો પૈકી ૫૭.૬૭ લાખ ખેડૂતોના સભાસદોને માર્કો દ્બારા આવરી લેવામાં આવેલ છે. ૨૩.૫૨ લાખ ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ જેમાં ૧૪.૭૮લાખ ખેડૂતો કિસાન ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરતા થઇ ચૂકયા છે. પાક ધિરાણ રૂ.૧૨૧૩૧૩ કરોડ ૯૮ લાખ લોકોને બેંક દ્બારા આપવામાં આવે છે. લાંબી મુદતના ધિરાણો રૂ.૧૬૯૯.૧૭ કરોડ જેટલી મોટી રકમ બેંક દ્બારા ચૂકવવા માટે સરકાર કટિબદ્ધ છે.

મને જ્યારે સહકાર પર બોલવાની વાત થઇ છે ત્યારે સભ્યશ્રી વિરજીભાઇને યાદ કરાવું કે શ્રી વિરજીભાઇ આપણે બન્ને સાથે હતા, આપણે દિલ્હીની અંદર મત આપવા પણ સાથે જતા હતા. મને બરાબર યાદ છે કે સહકારી કો-ઓપરેટીવ બેંકનો ચેરમેન હતો. હું પોતે ૨૦૦૦માં કોંગ્રેસ પ્રમુખ હતો. મારે તમને વાત કરાવવી છે કે તે વખતે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજી, રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગુજરાતના પનોતા પુત્ર આજે રાષ્ટ્રના ગૃહ મંત્રીશ્રી અમિત શાહજી, અમારા શ્રી ભૂપેન્દ્રસિંહજી અને અમારા શ્રી નીતિનભાઇ સહકારી આગેવાન ત્યારે આ સમગ્ર ગુજરાતમાં માધુપુરા બેંક જેવી બેંકો, નાગરિક બેંકો રોજબરોજ બંધ થતી હતી. ખેડૂતોના પૈસા, થાપણના પૈસા જતા હતા, સલામતી ન હતી. મને કહેતાં આનંદ થાય છે કે, ૨૨ જિલ્લાની

બેંકોમાં ૮ બેંકો વીક હતી. એમાં પણ એક ભરૂચ બેંક હતી. આ શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ એવું નથી જોયું કે આ વિપક્ષના શાસનવાળી બેંક છે. ગુજરાતના વિકાસ માટે બેંકો બંધ ન થવી જોઇએ. બેંકો ચાલવી જોઇએ અને સહકારી પ્રવૃતિ તૂટવી ન જોઇએ એ પ્રકારનું કામ શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ જોયું અને કર્યું છે અને તેના કારણે આજે સહકારી માળખું (અંતરાય)..

સભાપતિશ્રી : તમારો સમય પૂરો થાય છે.

શ્રી અરૂણસિંહ અ.રણા : બેનશ્રી, બે જ મિનિટ થઇ છે. આજે ૨૨ ધારાસભ્યો કોંગ્રેસમાં ચૂંટાઇને પાછા આવતા હોય ત્યારે શ્રી વિરજીભાઇ, આત્માના લેખા-જોખા કરો તો તમને ખબર પડશે કે તમારી પાસે કોઇ બેંક, એપીએમસી, નાગરિક બેંકો નથી રહી તેની આત્મખોજ કરવાની જરૂર છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ખેડૂતોની ચિંતા કરી ઝીરો ટકા વ્યાજે ધિરાણ મળે એ પ્રમાણે આયોજન કરવામાં આવ્યું છે. ૩ ટકા ભારત સરકારના અને ૪ ટકા ગુજરાત સરકારના. હું માનું છું ત્યાં સુધી ઝીરો ટકા વ્યાજથી આજે સાચા અર્થમાં ખેડૂતોની વારે ધાવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે, મિત્રો, ૨૦૧૯માં રૂ.૯૫૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે અને ખેડૂતોને સીધો લાભ મળે, પૈસા લીધા વગર ડાયરેકટ ખેડૂતોને શોષણ વગર વ્યાજ વટાઉ કરવાવાળા પાસે ન જવું પડે અને ખેડૂતોને ઝીરો ટકા વ્યાજથી મળે એ પ્રકારનું કામ વખતો વખત અમારા સહકાર મંત્રી હોય, અમારા શ્રી નીતિનભાઇ હોય, શ્રી વિજયભાઇ રૂપાણીની સરકાર હોય તેમણે હંમેશને માટે ખેડૂતોને ઝીરો ટકા વ્યાજે પૈસા મળે એ માટે બજેટમાં પણ જોગવાઇ કરવામાં આવી છે. ખેત સંગ્રહ શકિતની વાત કરીએ તો ખેડૂતો માટે ...(અંતરાય)

સભાપતિશ્રી : આપનો સમય પૂરો થાય છે. માનનીય સભ્યશ્રી મંગળભાઇ ગાવિત.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં સહકાર, રમત-ગમત અને શહેરી વિકાસ વિભાગની માગણીઓ લઇને મંત્રીશ્રીઓ આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજયમાં ખેલ મહાકુંભ યોજાઇ રહ્યો છે. દર વર્ષે ખેલ મહાકુંભ યોજાય છે અને એનો લાભ ગુજરાતની તમામ શાળાઓના બાળકો લઇ રહ્યા છે. ત્યારે મારા ડાંગની વાત કરું તો ડાંગ જિલ્લામાંથી સમગ્ર ડાંગનું, સમગ્ર રાજયનું અને આપણા ભારત દેશનું નામ રોશન કરનાર તારલાઓ કુ. સરિતા ગાયકવાડ, કે જેમણે એશિયન ગેઇમમાં ગોલ્ડ મેડલ મેળવ્યો અને તેની સાથે સાથે બીજી એથ્લેટીકસ રમતમાં પણ એમણે ૨૦૧૭, ૨૦૧૮ અને ૨૦૧૯માં ગોલ્ડ મેડલ, સિલ્વર મેડલ અને બ્રોન્ઝ મેડલ મેળવ્યા છે. ત્યારે અમારી આદિવાસી દીકરી જ્યારે ભારત દેશનું નામ રોશન કરતી હોય ત્યારે એના માટે સરકારે સારા વિચારો રાખવા જોઇએ. અમારી દીકરી જ્યારે ૪ બાય ૪૦૦ રીલે દોડમાં ગોલ્ડ મેડલ મેળવતી હોય ત્યારે એમને ૬૦ લાખ રૂપિયા શકિત દૂત યોજનામાંથી આપવામાં આવતા હોય અને એ જ રીલે દોડમાં જ્યારે આસામની દીકરી સામેલ થતી હોય ત્યારે એમને ૩ કરોડ રૂપિયા આપવામાં આવતા હોય તો મારી આદિવાસી દીકરીને પણ જે યોજના હેઠળ બીજા રાજયમાં જે પ્રોત્સાહન મળતું હોય છે તે આમને પણ મળવું જોઇએ. એ જ રીતે અમારા ડાંગનો એક ડાંગ એકસ્પ્રેસ તરીકે મુરલી ગાવિતે ગોલ્ડ મેડલ મેળવ્યો છે. એક હજાર મીટર, પાંચ હજાર મીટર અને દસ હજાર મીટરની દોડમાં એમણે ગોલ્ડ મેડલ મેળવ્યા છે. ત્યારે એ મુરલી ગાવિત મારા ગામથી એકદમ નજીક દસ કિલોમીટર દૂરનો છે અને એનું ગામ અંબિકા નદીની સામે કાંઠે આવેલું છે. જ્યારે એ બેંગ્લોરમાં તાલીમ લેવા જતો હતો ચોમાસાની ઋતુ હતી ત્યારે અંબિકા નદીમાં ભરપૂર પૂર આવ્યું હતું ત્યારે એ નદી ઓળંગી ન શકતા એમણે ડુંગર ચડીને બાર કિલોમીટર દૂર બીજા ગામે બસમાં બેસવા જવું પડયું હતું. તે વખતે મેં માનનીય નાણાં મંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલને આ નદી ઉપર પુલ બનાવવાની વાત કરી હતી પણ આ વખતના બજેટમાં પણ એ પુલ મળ્યો નથી. માનનીય સહકાર મંત્રીશ્રી એ નદીની મુલાકાત લઇ આવ્યા છે. અમારા આદિજાતિ મંત્રી પણ એ નદીની મુલાકાત લઇ આવ્યા છે. માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી રમણભાઇ પાટકર પણ ત્યાં મુલાકાત લઇ આવ્યા છે પણ હજુ સુધી એ પુલની સુવિધા મળી નથી. માનનીય સહકાર મંત્રીશ્રીનું મારે ધ્યાન દોરવું છે કે સમગ્ર ડાંગમાં, સમગ્ર આદિવાસી વિસ્તારમાં દૂધ મંડળીઓ ઘણી છે પણ સરકારશ્રીનો કાયદો છે કે એક ગામમાં બીજી મંડળી ન બનાવવી, પણ કાયદામાં એ પણ જોગવાઇ છે કે એક ગામમાં જયાં બે કિલોમીટરથી દૂર મંડળી હોય કે જવાનું હોય, કે જયાં નદી આડી આવતી હોય, કોતર આડે આવતા હોય કે જંગલ આવતું હોય ત્યાં બીજી મંડળી આપી શકાય છે. માનનીય સહકાર મંત્રીશ્રીને રૂબરૂ મળીને મેં રજૂઆત કરી છે પણ હજુ નિકાલ આવ્યો નથી આ ચોમાસામાં આ દૂધ મંડળીઓ મહિલા સંચાલિત છે એમને આ યોજના હેઠળ લાભ મળે તો એમની મુશ્કેલી ઓછી થાય. માનનીય અધ્યક્ષશ્રી, મારે રમત-ગમત ક્ષેત્રે એ પણ કહેવું છે કે એ જેમ બે તારલા ડાંગના છે તેના સિવાય એક જીતકુમાર કે જે અન્ડર ૧૯માં પંજાબ તરફથી રમે છે એ પણ રમતમાં ઉતિર્ણ થયા છે અને અન્ડર ૧૯માં એમને જવાનો મોકો મળ્યો છે. એવા તારલાઓને પણ આ સરકાર પ્રોત્સાહિત કરે અને રમતગમતમાં આગવું સ્થાન ધરાવે એવી મારે સરકારને વિનંતી છે અને તેના માટે સરકારશ્રી સારા પ્રયત્નો કરે એવી મારી માગણી સાથે વિરમું છું.

**(વિરામ સાંજના ૫-૦૦ થી ૫-૩૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા(સયાજીગંજ) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૯-૨૦ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પરની ચર્ચામાં હું માગણી ક્રમાંક-૧૦૨ એટલે કે શહેરી વિકાસના સંદર્ભે મારા વિચારો વ્યક્ત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સદર બજેટમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે રૂ.૧૩૧૪૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આપના માધ્યમથી ગૃહને એ જણાવવા માગું છું. દેશના માનવંતા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતમાં વાઇબ્રન્ટ સમિટની જ્યારથી શરૂઆત કરી ત્યાર પછી તેમણે જાહેર કર્યું હતું કે ગુજરાતના મહાનગરો અને

ગુજરાતની નગરપાલિકાઓ એ ક્ષેત્રના વિસ્તારો વેપાર વાણિજયના કેન્દ્ર સમાન બની રહે અને મહાનગરો એ વિશ્વ કક્ષાનું સ્ટેટસ પામે તે રીતના મારી સરકારના પ્રયત્નો રહેશે. તે સંદર્ભમાં મૂલવીએ તો બજેટની આ રૂ.૧૩ હજાર કરોડની સદર વર્ષની શહેરી વિકાસ માટેની જોગવાઈ એ મહત્વપૂર્ણ જોગવાઈ છે. જે રસ્તો બતાવીને તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી ગુજરાતને જે દિશામાં પ્રગતિની એક લાંબી મંજિલ સોંપીને ગયા છે તેમાં સુપેરે રાજ્યનો શહેરી વિકાસ વિભાગ ખૂબ જબરજસ્ત કામગીરી કરી રહ્યો છે. તેને લગતી કેટલીક વિગતો આપની સમક્ષ રજૂ કરવા માગું છું.

**અધ્યક્ષશ્રીની ટકોર**

અધ્યક્ષશ્રી : શ્રી મુકેશભાઇ અને શ્રીમતી સંગીતાબેન. બન્ને જણાં બહારથી હમણાં આવ્યા છો અને તમારી વાત ચાલુ છે. લાંબા સમયથી જોઉ છું. ફરી વખત મારે કંઇક એકશન લેવા પડશે. થેંક્યુ. વાતો ન કરો. કન્ટીન્યુઅસલી જોઉ છું. તમારી વિડિયો જોઇને ચેક કરાવું?

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા : સાહેબ, આટલી મિનિટ મને મજરે આપજો.

અધ્યક્ષશ્રી : આખે આખો હું તમને મજરે.

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા : રાજયની કુલ વસતિના ૪૨.૫૮ ટકા લોકો શહેરી વિસ્તારમાં રહે છે. સમગ્ર દેશની શહેરી વસતિનું પ્રમાણ ૨૭.૭ ટકા છે. તેની સામે ગુજરાતમાં શહેરી વસતિનું પ્રમાણ ઘણું ઊંચું છે. જેથી ગુજરાત રાજ્ય દેશમાં સૌથી વધુ શહેરીકરણ થઇ રહેલા રાજ્યોમાં એક અગ્રિમ સ્થાન ધરાવે છે. શહેરીકરણની ગતિ અને શહેરીજનોની સુવિધા, સુખાકારી અને સ્વાસ્થ્ય વગેરે બાબતને અગ્રિમતા આપી સરકારે વિવિધ યોજનાઓ અમલમાં મૂકેલ છે અને તેનું અમલીકરણ પણ જે રીતે થઇ રહેલ છે તે પરિણામલક્ષી છે. રાજ્યના નગરો અને મહાનગરોમાં પણ વ્યાપક પ્રમાણમાં પરિવર્તન આવ્યું છે, જે નિખાર આવ્યો છે એ લોકોને દેખાય છે. લોકો અનુભવે છે. એટલે તો આ સરકારની સરાહના કરે છે. રાજ્ય સ્વચ્છ અને હરિયાળું બને, આગામી વર્ષોમાં પ્રદૂષણ ઘટે અને પર્યાવરણમાં સુધારો થાય તેના માટે નિર્મળ ગુજરાત અભિયાન યોજના કાર્યરત છે. જેના દ્વારા ઘન કચરાના સંકલન અને નિકાલની વ્યવસ્થા, સાર્વજનિક શૌચાલયો બનાવવા, હરિયાળા આઇલેન્ડના પ્રશ્નો માટે સ્થાનિક સંસ્થાઓને ઉત્તેજન આપવું, પર્યાવરણ સૂચકાંકનું નિરીક્ષણ, કાર્બન શોષણ, રસ્તાની બાજુમાં વૃક્ષારોપણ અને પાણીના સ્ત્રોતને સુધારીને પ્રદૂષણ ન થવા દેવું. શહેરના નબળા વર્ગો માટે આરોગ્યનો કાર્યક્રમ. આ યોજના માટે ૨૦૧૮-૧૯માં આ સદર હેઠળ રૂ.૭૮૧૯.૨૯ લાખની જોગવાઈ કરવામાં આવેલી હતી. જ્યારે ચાલુ વર્ષે ૨૦૧૯-૨૦માં રૂ.૮૧૫૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યની બધી જ નગરપાલિકાઓને રૂ. ૧૫૨૦ કરોડની કિંમતની ૬૮ પરિયોજનાઓ પણ મંજૂર કરવામાં આવી છે. જે પૈકી ૧૫૨ યોજનાઓ પૂર્ણ કરવામાં આવી છે અને ૧૬ યોજનાઓનું કામ પ્રગતિ હેઠળ છે. નગરપાલિકાઓના આંતરમાળખાકીય વિકાસ માટે ૩૧,૯૧૧ કામો મંજૂર કરવામાં આવેલા તે પૈકી ૨૭,૫૧૮ કામો પૂર્ણ થયેલ છે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા : સાહેબ, બે લાઇન તો આગળ ચાલવા દો.

અધ્યક્ષશ્રી : અડધી મિનિટ.

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા : ૨૯૮૩ કામો પ્રગતિ હેઠળ છે. અમૃત યોજના અંતર્ગત ૮ મહાનગરપાલિકા અને ૨૩ નગરપાલિકાઓમાં પાણી પુરવઠા અને ગટર અને વરસાદી પાણીનો નિકાલ, પરિવહન વગેરે માટે રૂ.૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યના છ શહેરો માટે સ્માર્ટ સીટી મીશન અંતર્ગત એરીયા બેઝ વિકાસના કામો જેવા કે એરીયા રીડેવલપમેન્ટ, ઇન્ટર મોડેલ ટ્રાન્સપોર્ટ હબ, સીસીટીવી – ઇન્ટરનેટ કનેકટીવીટી વગેરે માટે રૂ.૫૯૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. બધી જ રીતે જોઇએ તો ટ્રાફિકની બાબતમાં પણ ચિંતા કરવામાં આવી છે. સુંદર કામગીરી થઇ રહી છે. ગરીબોના જીવનમાં વિકાસ માટે ગરીબી કાર્યક્રમોના અમલ માટે પણ રાષ્ટ્રીય શહેરી આજીવિકા મીશન દ્વારા પણ કામગીરી થઇ રહી છે. આ સર્વલક્ષી કામગીરી જે થઇ રહી છે એ પ્રશંસાને પાત્ર છે. હું મારો અનુભવ કહેવા માગું છું. અમે વડોદરા શહેરના બધા ધારાસભ્યો ભેગા મળીને વડોદરા શહેરને હરીયાળું બનાવવા માટેની કોશિશ કરી રહ્યા છીએ. જળ સંચય બાબતમાં પણ ચોકકસ દિશામાં પ્રયત્નો કરી રહ્યા છીએ. પર્યાવરણ ક્ષેત્રે અમે કામગીરી કરી રહ્યા છીએ એમાં અમે પંખીઘરના નિર્માણ માટેનો એક વિષય નકકી કરેલો. આયોજનમાં એનો સમાવેશ ન થતો હોવાથી માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબને મળ્યો અને અમે કહ્યું કે આનો આયોજનમાં સમાવેશ નથી, તો તેઓ કહે કે શ્રી જીતુભાઇ, ખાસ કિસ્સામાં હું સહી નહીં કરી આપું. મેં એમને કીધું કે સાહેબ, આ વિચારવા જેવું છે. પંખીઓ માટે થઇ રહ્યું છે. આપ તો જૈન છો. એમણે આયોજનમાં પંખી ઘરનો સમાવેશ કર્યો તો અમે છ જગ્યાએ અત્યારે પંખી ઘર બનાવી રહ્યા છીએ.

અધ્યક્ષશ્રી : ટૂંકમાં, આપ એવું કહેવા માગો છો કે બધા માનનીય ધારાસભ્યશ્રીઓએ જવું જોઇએ.

શ્રી લલીતભાઇ કગથરા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ મંત્રી જે માગણી લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા ઊભો થયો છું.

''મને એ સમજાતું નથી કે શાને આવું થાય છે, પથ્થરો તરી જાય છે અને પુષ્પો ડૂબી જાય છે.''

માનનીય અધ્યક્ષશ્રી, હું આપને એ કહેવા માંગુ છું..

અધ્યક્ષશ્રી : પણ તમે તો પુષ્પ છો.

શ્રી લલીતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, હું એટલે જ કહું છું અમે ડૂબી જઇએ છીએ અને પથ્થરા તરી જાય છે. હું આપનું ધ્યાન એ તરફ દોરવા માગું છું કે ગઇ કાલે એક સદસ્યશ્રીએ ..

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પુષ્પ તો અમે છીએ. કમળરૂપી પુષ્પ અમે છીએ.

અધ્યક્ષશ્રી : આપણને એ હાથમાં રાખે છે.

શ્રી લલીતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, ગઇ કાલે એક સદસ્યશ્રીએ એવું કીધું હતું કે હું આ ટોળામાંથી આ ટોળામાં આવી. એ અંગે હું આપનું ધ્યાન દોરવા માગું છું.

અધ્યક્ષશ્રી : મને ખબર છે.

શ્રી લલીતભાઇ કગથરા : તો હું ટોળામાં ખપવા માગતો નથી. આપણે ટોળાના રૂપમાં અહીં આવ્યા નથી. આપણી ઇન્ડીવીજયુઅલ આઇડેન્ટી છે અને માનનીય ગૃહમંત્રી બહુ સારી રીતે જાણે છે કે where there is a mob, there is no sense. આપણે મોબના રૂપમાં અહીં આવ્યા નથી. આપણે ઇન્ડીવીજયુઅલ આઇડેન્ટીટીના રૂપમાં આવ્યા છીએ ત્યારે હું આપની પાસે અપેક્ષા રાખતો હતો કે માનનીય સદસ્યશ્રીએ જ્યારે અમને ટોળાના રૂપમાં ગણ્યા ત્યારે કેવા ટોળા કીધા એના કરતા ટોળા શબ્દને રદ કરવાની જરૂર હતી એવું હું સ્પષ્ટ માનું છું.

અધ્યક્ષશ્રી : એ બધું કાઢી નાખ્યું તમને ખ્યાલ તો છે.

શ્રી લલીતભાઇ કગથરા:એ તમે ઘેટા કાઢયા હતા, ટોળું નહોતું કાઢયું. આ તમારી જાણ ખાતર કહું છું.

અધ્યક્ષશ્રી : તમારી જગ્યાએ હું હોત તો બીજું કશું કીધું હોત. હવે એ તમને ના આવડે તો હું શું કરું?

શ્રી લલીતભાઇ કગથરા : હવે એ મને જેટલું આડયું એટલું કીધું સાહેબ, પહેલી વખત આવ્યો છું ને.

અધ્યક્ષશ્રી : ડૂબતું જહાજ હોય ને તો શું થાય?

શ્રી લલીતભાઇ કગથરા : તો તો ઉંદરડા પણ ભાગી જાય. માનનીય અધ્યક્ષશ્રી, હું અહીંયાં શહેરી વિકાસ મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે જ્યારે શહેરની અંદર ટી.પી. સ્કીમ જ્યારે મૂકાતી હોય છે. ત્યારે આ ટી.પી. સ્કીમ એ ભ્રષ્ટાચારની મોટી ગંગોત્રી છે. ટી.પી. સ્કીમ આવે છે ત્યારે મોટા મોટા બિલ્ડરો પોતાની અનુકૂળતા પ્રમાણે, પોતાના રોડ પ્રમાણે, ફાઇનલ એફ.પી. લેવા માટે એમાં ઘણું બધુ થતું હોય છે. એટલે એમાં ઘણી બધી પારદર્શિતાનો અભાવ છે. એટલા માટે કે ક્યાં એગ્રીકલ્ચર ઝોન છે, ક્યાં ગ્રીન ઝોન છે એ ઝોનને ઉઠાવવામાં, મૂકાવવામાં, આગળ પાછળ કરવામાં ઘણા બધા ગોટાળા થાય છે. એટલા માટે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે ટી.પી. સ્કીમમાં એવી પારદર્શિતા લઇ આવે કે જેનાથી લોકોને પોતાની માલિકીના પ્લોટમાં ખોટા રસ્તા ન આવી જાય, નાના માણસને ખોટી રીતે સહન ન કરવું પડે. આપના મારફત માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે મારા રાજકોટ જિલ્લામાં શાપર વેરાવળ ઇન્ડસ્ટ્રીયલ એરિયા છે. જે ટાઉન પ્લાનિંગ ઓથોરિટી નીચે આવી ગયો છે. એમાં કરોડો રૂપિયાની અમારે ડેવલપમેન્ટ ફી ભરવી પડે છે. આજની તારીખ સુધી એક પણ રૂપિયાનો ખર્ચ રૂડાએ કર્યો નથી. એક પણ ઇંટ મૂકી નથી કે રેતીનું બકડિયું ઠાલવ્યું નથી. હું કહેવા માગું છું કે ગુજરાત રાજ્યમાં જેવી રીતે હમણાં જ માનનીય સભ્યશ્રીએ સાચી વાતનો સ્વીકાર કર્યો છે કે આખા દેશમાં વધારેમાં વધારે શહેરીકરણ ક્યાંય થતું હોય તો એ ગુજરાતમાં થાય છે. એનું માનનીય સભ્યશ્રી ગૌરવ અનુભવે છે. હું એને બીજા સ્વરૂપમાં જોઉ છું. આખા દેશમાં ગામડું ભાંગતું હોય તો એ ગુજરાતમાં ભાંગી રહ્યું છે એ સ્વરૂપમાં જોતા નથી. ગામડામાંથી લોકો શહેરીકરણ તરફ શા માટે જાય છે? ગામડામાં રોજીરોટી મળતી નથી અને શહેરીકરણ આખા દેશમાં ગુજરાતમાં અવ્વલ નંબર ઉપર હોય ત્યારે શહેરોમાં પણ કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઊભા થાય. શહેરોમાં પણ સેનિટેશનના પ્રશ્નો ઊભા થાય. શહેરોમાં ટ્રાફિકના પ્રશ્નો ઊભા થાય. આવા સંજોગોમાં માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે, આખા ગુજરાત રાજ્યમાં ક્યાંય પણ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીના ચેરમેનની નિમણૂક કરી નથી એ કરવામાં આવે. ભલે તમારા પાર્ટીના મૂકવાના છો પણ એ હશે તો લોકોના પ્રશ્નોનું સોલ્યુશન આવશે. જો ચેરમેન ન મૂકો એટલે એક અધિકારી બે–ત્રણ ચાર્જમાં બેઠા હોય. અમે જિલ્લા પંચાયતના કે ધારાસભ્ય તરીકે મિટિંગમાં જઇએ છીએ ત્યારે ત્રણ–ત્રણ વખત મિટિંગો બંધ રહે. રૂડાના કામો થતા ન હોય પણ અમારા શાપર વેરાવળ ઇન્ડસ્ટ્રીયલ એરિયા અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી નીચે આવી ગયા પછી એક પણ વિકાસના કામો થતા ન હોઇ, માત્ર ૪૦ ટકા જમીન લેવાઇ જતી હોય, ફી ભરાઇ જતી હોય ત્યારે ધ્યાન દોરવું છે કે એ વિસ્તારમાં ફી લીધા પછી એના વિકાસના કામ કરે. અર્બન ઓથોરિટી એના કામ કરે, રૂડાના ચેરમેનની તાત્કાલિક નિમણૂંક થાય અને લોકોના કામ થાય એવી મારી વિનંતી છે. મારા વડીલ મુરબ્બી શ્રી નીતિનભાઇનું ધ્યાન દોરવા માગું છું કે, છેલ્લા ત્રણ–ચાર દિવસથી હું સાંભળી રહ્યો છું કે, શ્રી નીતિનભાઇ વિશાળકાય બજેટ લાવ્યા. રૂ.૨ લાખ કરોડ અને માથે ૨ હજાર કરોડનું આ બજેટ છે. હું સમજું છું ત્યાં સુધી બજેટનું મૂલ્યાંકન એના કદથી થતું નથી. બજેટનું મૂલ્યાંકન એ રીતે થઇ શકે કે આ બજેટ ખેડૂતલક્ષી છે, આ બજેટ ઉદ્યોગલક્ષી છે, આ બજેટ ગામડાંલક્ષી બજેટ છે. આ બજેટમાંથી યુવાનોને રોજીરોટી મળી શકે એવું છે. એના બદલે રૂ.૨ લાખ કરોડ અને ૨ હજારનું બજેટ લાવ્યા એમાં મને લાગે છે કે માનનીય નાણામંત્રીશ્રીને એમના જ પાર્ટીના લોકો ઓછા આંકી રહ્યા છે. હમણાં એક મારા સાથી મિત્રે એવું કહ્યું કે શ્રી નીતિનભાઇને આજે ગુરુ પૂર્ણિમાના દિવસે હું ગુરુ બનાવું છું. શ્રી વિજયભાઇ અને શ્રી નીતિનભાઇને ગુરુ બનાવું છું. વડીલ આપને ધ્યાન રાખવા કહું છું કે ક્યાંક ગુરુને ગૃહના બદલે આશ્રમમાં ન મોકલી દે એનું મહેરબાની કરીને ધ્યાન રાખજો. (અંતરાય) કારણ કે આની અંદર વિશ્વાસ, શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે બહુ પાતળી રેખા છે. હમણાં મિત્રે કહ્યું કે માળાઓ જપો. શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે પાતળી રેખા છે. એમ ' વિશ્વાસ' શબ્દ હું વાપરી નહીં શકું એની

વચ્ચે બહુ પાતળી રેખા છે. એટલે માનનીય નાણામંત્રીશ્રી અને શહેરી વિકાસ મંત્રીશ્રીને કહેવા માગું છું કે, તાત્કાલિક સાપર-વેરાવડી ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં ડેવલપમેન્ટ થાય એનું ધ્યાન રાખે એટલી અભ્યર્થના સાથે જયહિંદ.

અધ્યક્ષશ્રી : શ્રી હર્ષભાઇ સંઘવી.

શ્રી હર્ષ ર. સંઘવી(મજૂરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે શહેરી વિકાસ વિભાગની માગણી નંબર ૧૦૨ લાવેલા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, મારા વડીલશ્રી લલીતભાઇ *(**xxx**) જ્યારે વાત મૂકી કે ગામડાઓ ખલાસ થતા થાય છે.

અધ્યક્ષશ્રી : *(**xxx**) શબ્દ કાઢી નાખીએ છીએ. શ્રી લલીતભાઇ કહો.

શ્રી હર્ષ ર. સંઘવી : સાહેબ, વાંધો નથી. કાકા મારા દિલમાં છે.

અધ્યક્ષશ્રી : હા, દિલમાં રાખો.

શ્રી હર્ષ ર. સંઘવી : સાહેબ, એમણે કહ્યું કે, ગામડા ખલાસ થતા જાય છે અને શહેરોનો વિકાસ થતો જાય છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આપની સમક્ષ એક વાત રજૂ કરવા માગું છું કે, એક મા-ના બે દીકરા. એકનો સ્વભાવ સરળ તો બીજાનો સ્વભાવ ચંચળ. એકને ખેતી, પશુપાલન સાથે ખૂબજ પ્રેમ તો બીજાને મોટી મોટી બિલ્ડિંગો અને તકનીકીઓ જોડે પ્રેમ. એકને સાત્વિક ભોજન પસંદ તો બીજાને ચટાકેદાર સ્વાદ પસંદ. એક ભાઇને કુદરત સાથે વધારે પ્રેમ તો બીજાને આધુનિકી સાથે વધારે પ્રેમ. બંને ભાઇઓ પોતાની જગ્યાએ શ્રેષ્ઠ અને સર્વોત્તમ છે. મા-એ એ બંનેના ગુણ જરૂરિયાત અનુસાર સંસ્કાર અને સગવડો પીરસી છે. બંને એક બીજા સાથે અકબંધ રીતે જોડાયેલા છે. જો બંનેમાંથી એક ના હોય તો બીજાનું અસ્તિત્વ કદાચ જોખમાય જાય. તો આ મા એટલે આપણી ગરવી ગુજરાત. તેના બે દીકરા એટલે એક ભાઇ ગામ તો બીજો ભાઇ શહેર. આપણે સૌ જાણીએ છીએ કે, આ બંનેના અસ્તિત્વ એક બીજા પર નિર્ભર છે. આપણા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને શ્રી નીતિનભાઇની સરકાર માટે ગુજરાતના બંને ભાઇઓ અગત્યના છે. પહેલું એવા ગામડાઓ અને શહેરોનો અદભૂત વિકાસ કરવામાં આવ્યો છે. બેયને એક સાથે બેલેન્સિગ એ બજેટની અંદર હોય કે વિકાસના કાર્યની અંદર હોય. બેય એક સાથે ઉત્તરોત્તર પ્રગતિ કરતા આવ્યા છે. આ પ્રકારનો વિકાસ ભાગ્યે જ કદાચ કોઇ રાજ્યમાં જોવા મળ્યો હોય. માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી સભ્યએ અનેક વાતો મૂકી. હું સુરત શહેરથી આવું છું. ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૪ આ સુરત શહેર પ્લેગના સુરત શહેર તરીકે ઓળખાતું શહેર અમને લોકોને સોંપવામાં આવેલું. સુરતની દશા અને જે પ્રકારની પરિસ્થિતિઓ કરેલી કે ત્યાં દેશમાંથી નહીં બહારના શહેરમાંથી કોઇ આવીને વસે એવી પરિસ્થિતિ નહોતી. માનનીય અધ્યક્ષશ્રી, સુરત આખું બદલાઇ ચૂક્યું છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી. આ સુરત શહેર આજે સ્વચ્છ અને સુંદર શહેર તરીકે ઓળખાય છે. આ સુરત માત્ર સ્વચ્છ, સુંદર શહેર જ નહીં. પરંતુ આ સુરત શહેરને શ્રી વિજયભાઇ રૂપાણી અને શ્રી નીતિનભાઇની સરકારે મેટ્રો ટ્રેનની ભેટ-સોગાદ આપી છે. અમારું સુરત શહેરના અને દક્ષિણ ગુજરાતના લોકો માટે તાપી નદી આસ્થા સ્વરૂપ નદી છે. સુખનો તહેવાર હોય કે દુ:ખનો તહેવાર હોય ત્યારે અમારા દિલમાં મા-તાપીની આસ્થા વસેલી છે. આ તાપી નદીને એન્વાયર્મેન્ટની પરવાનગી કોંગ્રેસની કેન્દ્ર સરકારે ૧૦-૧૦ વર્ષ સુધી અમને આપેલી નહીં. જે શહેરી વિકાસ માટે ૯૨૩ કરોડ રૂપિયા દ્વારા આ પરવાનગી આપતા આવનારા દિવસોમાં કાંકરિયાની જેમ અમારું સુરત શહેર બનશે. મારા સાથી મિત્ર શ્રી બળદેવજીએ જ્યારે ઘરોની વાત કરી, ભ્રષ્ટાચારની વાત કરી, આકાશની વાત કરી, જમીનની વાત કરી. એમનું બોફોર્સ કૌભાંડ ભૂલી ગયા, ટુજી, થ્રીજી કૌભાંડ, આકાશનું કૌભાંડ હતું એ ભૂલી ગયા? માનનીય અધ્યક્ષશ્રી, ઘરની વાત કરી.

અધ્યક્ષશ્રી : આપનું વક્તવ્ય પૂરું થાય છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, અડધી મિનિટ, આજે ગુરુ પૂર્ણિમા છે.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી નૌષાદભાઇ સોલંકી (અંતરાય) નૌષાદભાઇ પ્લીઝ, બહુ આગ્રહ છે તો અડધી મિનિટ આપીએ.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ઘરોની વાત કરી. એમના જમાનાના ઘરોને યાદ કરતા હશે જેમાં છત જ નહોતી. હમણાંના ઘર કેવા પ્રકારના છે એ જોવા માટે એમણે આવવું જોઇએ. કદાચ એ જૂની બિલ્ડિંગો તૂટતી હશે એનો એમને ખ્યાલ નહિ હોય. માનનીય અધ્યક્ષશ્રી, એ કયા કૌભાંડની વાત કરે છે? ફ્લેટના આદર્શ કૌભાંડની વાત કરવી જોઇએ. આ કારગીલ શહીદોના વિધવાના ઘર છીનવી લીધા એ કૌભાંડ ભૂલી ગયા. એ લોકો આજે કયા કૌભાંડની વાત કરે છે? શહેરી વિકાસ વિભાગે એક આગવું કામ કર્યું છે એ કામને અમે બિરદાવીએ છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય હર્ષભાઇ તમે તમારા સુરતમાં ૧૦૦% ઓક્સિજનનો બગીચો બનાવ્યો છે એની વાત ના કરી?

શ્રી નૌશાદ ભ. સોલંકી(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, આજથી લગભગ ૨૫૦૦ વર્ષ પૂર્વે આજનું જે વારાણસી છે એ સારનાથના ભગવાન બુદ્ધે પોતાના પંચવર્ગીય ભીખુને પ્રથમ વખત જે ધમ્મદેશના કરી હતી ત્યારથી સમગ્ર વિશ્વ આજના દિવસને ગુરુ પૂર્ણિમા તરીકે ઉજવે છે. એ નિમિત્તે તમામ સદસ્યશ્રીઓને આપના માધ્યમથી સૌને હું ગુરુ પૂર્ણિમાની શુભેચ્છા પાઠવું છું. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના માનનીય મંત્રીશ્રી માગણી નં. ૯૮થી યુવક, સેવા અને સાંસ્કૃતિક

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા.

પ્રવૃત્તિની મહેસૂલી ખર્ચ રૂ.૨૯૦.૭૫ કરોડ અને મૂડી ખર્ચ રૂ.૩૨.૩૩ કરોડની માગણી લઇને આ સન્માનનીય ગૃહ સમક્ષ આવ્યા છે એ બાબતે મારા વિચારો પ્રસ્તુત કરવા માટે હું ઉપસ્થિત થયો છું. આ મંત્રાલય ખૂબ અગત્યનું મંત્રાલય છે પરંતુ મને લાગે છે કે અન્ય મંત્રાલય ઉપર જેટલું ધ્યાન આપવામાં આવે છે એટલું રાજ્ય સરકાર આ મંત્રાલય ઉપર પૂરતું ધ્યાન આપતી નથી. કોઇપણ રાજ્યનો સર્વાંગી વિકાસ કરવો હોય તો આ રમતગમત અને સાંસ્કૃતિક બાબતો જે છે તેના દ્વારા કોઇપણ દેશના નાગરિકોમાં સંસ્કારોનું સિંચન થતું હોય છે. સમાજના વિવિધ વર્ગોમાં ખેલકૂદ પ્રત્યે જાગૃતિ લાવવી અને પરિણામે ચારિત્ર્ય ઘડતર અને સામૂહિક વિકાસના કામો હાથ ધરવા આ મિશન સાથે ગુજરાત સરકાર આગળ વધવાનો પ્રયત્ન કરી રહી છે. આ સિવાય પ્રતિભાશાળી રમતવીરોની ઓળખ કરવી તથા રમતગમત સંલગ્ન તમામ હિતકારો માટે ખેલકૂદલક્ષી પ્રોત્સાહક ઇકો સિસ્ટમ તૈયાર કરી વૈશ્વિક કક્ષાએ રમતોમાં ઝળકવાની તકો પૂરી પાડવી આ ધ્યેય ગુજરાત સરકારે નકકી કરેલું છે. પરંતુ આ ધ્યેયને ચરિતાર્થ કરવા માટે દૂર દૂર સુધી કોઇ નક્કર કાર્યવાહી દ્રશ્યમાન થતી નથી. ૨૦૧૨ની અંદર લંડન ઓલિમ્પિકસની અંદર ભારત તરફથી ૮૭ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. તેમાં ૧૩ રમતોમાં ભાગ લઇ અને ભારતે ૬ પદકો પ્રાપ્ત કર્યા હતા. જેમાં બે સિલ્વર અને ચાર બ્રોન્ઝ મેડલ હતા. આમ તો આ પ્રદર્શન સારું પણ કહી શકાય અને નિરાશાજનક પણ કહી શકાય. ભારતનો વૈશ્વિક કક્ષાએ પ૬મો ક્રમાંક હતો. આ બાબતને લક્ષમાં લઇને તે વખતના તત્કાલીન માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી સાહેબે હરિયાણાની રૈવારી ખાતે ૨૦૧૩માં એકસ સર્વિસમેનની એક સભાને સંબોધતા એમણે વાત કરેલી કે આર્મીના જવાનો કેન્ટોન્મેન્ટમાં રહે છે અને જો આર્મીના જવાનોને યોગ્ય તાલીમ આપવામાં આવે તો રમતગમત ક્ષેત્રે વિશેષ પ્રશિક્ષણ આપવામાં આવે તો શું આપણે ઓલિમ્પિકની અંદર ઉત્કૃષ્ટ દેખાવ ન કરી શકીએ? પરંતુ આવું કોઇ વિચારતું નથી આવી વાત માનનીય વડાપ્રધાનશ્રીએ જે તે વખતે કરેલી. ૨૦૧૬ની અંદર માનનીય મોદી સાહેબના નેતૃત્વની અંદર બ્રાઝિલના રીયોડીઝારોની અંદર ભારતનું સૌથી મોટું રમતવીરોનું ડેલીગેશન ગયેલું. જેમાં ૧૧૭ લોકો હતા. જેમાં ૬૩ પુરુષો અને પ૪ મહિલાઓને મોકલવામાં આવ્યા હતા. એમાં આપણે ૧૫ રમતોની અંદર ભાગ લીધો હતો. પરંતુ ખૂબ દુઃખ સાથે કહેવું પડે કે આપણે માત્ર બે જ પદકો પ્રાપ્ત કરી શક્યા. એક સિલ્વર અને એક બ્રોન્ઝ. મારો કહેવાનો મતલબ એ છે કે માત્ર ભાષણો કરવાથી નક્કર પરિણામો પ્રાપ્ત નહીં થાય. માત્ર આપણે કોંગ્રેસની બિનજરૂરી ટીકા કરીએ કે કોંગ્રેસને બિનજરૂરી રીતે અપમાનિત કરવા માત્રથી રમતગમત ક્ષેત્રે કે સાંસ્કૃતિક ક્ષેત્રે વિકાસ થઇ શકતો નથી. કોંગ્રેસના સમયમાં બિલકુલ ટાંચા સાધનો હતા અને તેમ છતાં તે વખતે રમતગમતનું વિશેષ મહત્વ હતું. આપને યાદ હશે કે પ૪૦૦૦ પ્રેક્ષકોની ક્ષમતાવાળું સરદાર વલ્લભભાઇ પટેલ સ્ટેડિયમ મોટેરા ખાતે બનાવવામાં આવ્યું. પ૦૦૦૦ પ્રેક્ષકોની ક્ષમતાવાળું સરદાર વલ્લભભાઇ પટેલ સ્ટેડિયમ નવરંગપુરાની અંદર બનાવવામાં આવ્યું. જિલ્લે જિલ્લે સ્પોર્ટસ કલબોના વિશાળ નેટવર્કથી રમતગમતને ખૂબ પ્રોત્સાહન આપવામાં આવતું. શાળા સરકારી હોય કે ગ્રાન્ટ ઇન એઇડ શાળા હોય પરંતુ એની અંદર વ્યાયામ વિષય ફરજિયાત હોય. વ્યાયામ શિક્ષકો એની અંદર ફરજિયાત હોય. આ રીતે રમત ગમત ક્ષેત્રે કોંગ્રેસના સમયમાં ખૂબ મહત્વ આપવામાં આવ્યું, પરંતુ અત્યારે હમણા વાત કરી રૂ.૨ લાખ કરોડ કરતા વધારે બજેટ હોય, ત્યારે કોંગ્રેસ સાથે દૂર દૂર સુધી સ્પર્ધા નહોતી. ભાજપ સરકારની અંદર રમત ગમતના વિકાસ માટે જે કંઇ થવું જોઇતું હતું તે થયું નથી. માત્ર શબ્દોની સજાવટ થઇ. આપણા માનનીય વડાપ્રધાનશ્રી ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે એમના પ્રયાસોથી સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીની ૨૦૧૨માં સ્થાપના કરવામાં આવી. મેં અગાઉ કહ્યું તેમ શબ્દો ખૂબ સારા, પરંતુ ૭ વર્ષ પછી પરિણામ શૂન્ય છે. ઓલિમ્પિક ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી. પરિણામ શું? શૂન્ય. એક ભારત શ્રેષ્ઠ ભારત એના અંતર્ગત ગિલ્લી દંડા સ્કીલ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું. આ રીતે આપણે ટોકિયો ઓલિમ્પિક ટવેન્ટી-ટવેન્ટીની તૈયારી કરીશું? ભાષાની પણ શુદ્ધીકરણ જાળવતા નથી. કહેવું હતું તો..

અધ્યક્ષશ્રી : ગિલ્લી દંડા આપણી પ્રાચીન રમત છે એનું સન્માન કરીએ.

શ્રી નૌશાદ ભ. સોલંકી : ગિલ્લી દંડા સ્કીલ કોમ્પીટીશનની જગ્યાએ ગિલ્લી દંડા કૌશલ્ય સ્પર્ધા એવું કર્યું હોત તો ગુજરાતીનું માન જળવાઇ રહેત. આપણે આપણા તેજસ્વી તારલાઓની કયારેય સંભાળ લેતા નથી. પોતાની મેળે કારમી ગરીબીની અંદર સરકારી હાડમારીનો સામનો કરીને કોઇ ઇનામો પ્રાપ્ત કરે છે, ત્યારે આપણે એની પાસે માત્ર ફોટા પડાવવા સુધી અને એની સ્થિતિ જાણે આપણા કારણે થઇ હોય તે પ્રકારનો ભાવ વ્યક્ત કરતા હોઇએ છીએ. એના નામે પછી ભાષણો થતા હોય છે. ડાંગ જિલ્લાની આપણી રમતવીર સરિતા ગાયકવાડની ખૂબ સારી વાત થઇ.(અંતરાય) બધાને ૩-૩ મિનિટ આપી તો મને આપજો. એણે ૪૦૦ મીટરમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો. સમજવાનું એ છે કે આપણી રમતવીર ઉઘાડા પગે દોડતી હતી એ આપણે નોંધ્યું નહીં. સાનિયા મિર્ઝા ટેનીસ સ્ટાર છે. એણે ટેનીસ રમવાનું છોડી દીધું છે, ત્યારે અમદાવાદની અનિતા રૈનાએ વુમન્સ સીંગલ્સની અંદર બ્રોંઝ મેડલ અપાવ્યો છે. આ અનિતા મોટી અમદાવાદમાં થઇ. પરંતુ અત્યારે ટ્રેનિંગ લેવા માટે પૂણે જાય છે. શા માટે ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની એમને ટ્રેનિંગ ન આપી શકીએ? ગીર-સોમનાથ જિલ્લામાં કોડિનાર તાલુકો આવેલ છે અને એનું સારકડી ગામ અને આ ગામ વોલીબોલના ખેલાડીઓ તરીકે જાણીતું છે. જેમાં ચેતના વાળા ચીનની અંદર...

અધ્યક્ષશ્રી : આપના વક્તવ્યનો સમય પૂરો થાય છે. શ્રી બાબુભાઇ..(અંતરાય) માનનીય નૌશાદભાઇ, આપના વકતવ્યનો સમય પૂરો થાય છે. પ્લીઝ.

શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમને હું મારું અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : મારી પાસે એકેય મિનિટ નથી. એ વધારે આપી એ કોઇકનામાંથી કાપીને આપી. તમારામાંથી કાપીને આપું. તમારા નેતાશ્રી બેઠા છે. પ્લીઝ. આપ સમજી શકો છો. એમનામાંથી કાપીને આપી.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિના સહકાર નહિ ઉદ્ધાર. સહકાર એ આપણી વર્ષો જૂની સંસ્કૃતિ છે. સહકારની વાત કરીએ ત્યારે ભગવાન રામે પણ..(અંતરાય).

અધ્યક્ષશ્રી : પહેલા સાંભળી લો. આ બાજુના દંડકે મને કહ્યું કે એમને એમાંથી કાપીને આપો. તો બીજામાંથી કાપીને આપી. મારી પાસે વધારાની કોઇ મિનિટ હોતી જ નથી.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સહકાર એ ૫૦૦૦ વર્ષ જૂની સંસ્કૃતિ છે. ભગવાન રામને જ્યારે જરૂર પડી ત્યારે હનુમાનજીએ એમની મદદ કરી અને રાવણની સામે વિજય થયો. મારે સહકાર માટે કહેવું જોઇએ. આ ગુજરાતની ગુણિયલ પ્રજાને લાખ લાખ વંદન અને અભિનંદન આપું છું. અભિનંદન એટલા માટે આપું છું કે આપણા શ્રી નરેન્દ્ર મોદી સાહેબને બીજી વાર ૨૬–૨૬ સીટો આપીને એમને દિલ્હી મોકલ્યા. માનનીય અધ્યક્ષશ્રી, છઠ્ઠીવાર ભારતીય જનતા પાર્ટીની સરકાર બની એટલા માટે ગુજરાતની આ ગુણિયલ પ્રજાને અભિનંદન આપું છું. મારે સહકારની વાત કરવી હોય ત્યારે રાજ્ય કક્ષાના માર્કેટિંગ ફેડરેશન આપણા ગુજરાતમાં ૧૧ છે. જિલ્લા સહકારી સંઘો ૨૨ છે, તાલુકા ખરીદ વેચાણ સંઘ ૧૯૫ છે. ગુજકોમાસોલનું વાર્ષિક ટર્ન ઓવર રૂ.૧૭૦૦ કરોડનું છે. માર્કેટિંગ યાર્ડની વાત કરું તો જિલ્લાની અંદર ગામડે ગામડે ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓ સારી મળી રહે તેના માટે સહકારની યોજનાથી સહકારી મંડળીઓ કામ કરે છે. ખેડૂતોને માલ સંગ્રહ કરવા માટે ગોડાઉનો પણ સહકાર વિભાગ પૂરા પાડે છે. આ સરકાર સહકારી પ્રવૃત્તિઓ થકી કોઇને મદદરૂપ થતી હોય તો તે ખેડૂતોને થાય છે. સાહેબ, મારે આ સામેવાળાને કહેવું જોઇએ કે સહકારની વાત અને વિકાસની વાતમાં કુપોષણવાળા માણસો છે. સાહેબ, તેમના વિચારો કુપોષણવાળા હતા. આધી રોટી ખાયેંગે ઇન્દિરા કો લાયેંગે. ભાઇ, આખો રોટલો ખાઇને ભાજપને લાવને. આધી રોટી ખાયેંગે ઇન્દિરા કો લાયેંગે. એમના વિચારો કુપોષણવાળા હતા. મારે વાત કરવી જોઇએ કે, રાજ્યના ખેડૂતલક્ષી અભિગમને કારણે....

શ્રી અમિત ચાવડા : સાહેબ... (બેઠા બેઠા)

અધ્યક્ષશ્રી : જોઇ લઇશ, હું જોઇ લઇશ. તમારી વાત સાચી છે. હું તેમનું નિવેદન જોઇ લઇશ. સચિવશ્રી નોંધી લો.

શ્રી બાબુભાઇ જ. પટેલ : સાહેબ સબ યાર્ડ ૧૭૦ અમારી પાસે છે. ૪૭ યાર્ડ આદિજાતિ વિસ્તારના છે. ૪૦૦ યાર્ડ આ ગુજરાતની અંદર ધમધમતા છે તેનું મને ગૌરવ છે. વિકાસની વાત કરીએ ત્યારે હમણાં પેલા ભાઇ વિકાસની વાત કરતા હતા. તેમને વિકાસ શું છે તે ખબર નથી. આજે ગામડાઓ જોઇએ તો અમારે ત્યાં વિકાસ, વિકાસ અને વિકાસ એક જ મુદ્દો છે. વિકાસ સિવાય કોઇ વાત નહીં. વાદ નહીં વિવાદ નહીં.

અધ્યક્ષશ્રી : આપનું વક્તવ્ય પૂરું થાય છે. માનનીય મહેશભાઇ પટેલ. આધી રોટી ખાયેંગે..

શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી શહેરી આવાસ અને શહેરી વિકાસ માટેની માગણી નં.૧૦૧ અને ૧૦૨ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. છેલ્લા ૨૨ વર્ષથી ચાલતી આ ભારતીય જનતા પાર્ટીની સરકાર શહેરોના વિકાસની વાત કરે છે ત્યારે શહેરોનો વિકાસ મોટા શહેરો એટલે ફક્ત કોર્પોરેશનમાં થયો છે. નાના નાના શહેરોની અંદર આજે પરિસ્થિતિ એની એ જ છે. નાના શહેરોમાં કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે છતાં પણ તેમાં પૂરતું આયોજન ન હોવાના કારણે તેનું પ્લાનિંગ નથી થતું. આજે આ ગ્રાન્ટની અંદર મોટાભાગે ભાગબટાઇ, ભ્રષ્ટાચાર થઇ રહ્યો છે તો મારી સરકારશ્રીને વિનંતી છે કે આ બાબતે ઊંડી તપાસ કરીને લોકોના સ્વાસ્થ્ય અને નાગરિકોને પૂરતા પ્રમાણમાં તેનો લાભ મળે તેવું આયોજન થાય. બજેટમાં મોટી મોટી રકમો ફાળવવામાં આવે પણ સ્થળ ઉપર જોવામાં આવે તો પરિસ્થિતિ અલગ જ હોય છે. આજે ગૃહમાં કોર્પોરેશન વિસ્તારમાંથી આવતા સભ્યશ્રીઓ જ્યારે વાત કરે તેમાં મોટાભાગના કોર્પોરેશનના સભ્યશ્રીઓએ જે વાત કરી છે તેમને હું આમંત્રણ આપું છું કે નાના શહેરોની અંદર આપ જઇને પરિસ્થિતિ જુઓ તો ખ્યાલ આવશે કે આ ગુજરાતમાં નાના શહેરોની પરિસ્થિતિ શું છે? ગુજરાત રાજ્યમાં ખેતી અને તેની સાથે સંકળાયેલ પ્રવૃતિ દિનપ્રતિદિન ભાંગતી જાય છે. આવા સંજોગોમાં રોજીરોટી માટે લોકો શહેરો તરફ દોટ મૂકે છે. આજની પરિસ્થિતિની વાત કરું તો અંદાજે ૪૫ ટકા લોકો શહેરી વિસ્તારમાં વસવાટ કરે છે. અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાતનું સામાજિક માળખું વર્ષોથી સારુ હોય અન્ય રાજ્યોના લોકો વેપાર ધંધા માટે ગુજરાતને પસંદ કરે છે. આમ પર પ્રાન્તમાંથી ગુજરાતમાં લોકો વધુ પ્રમાણમાં આવે છે. ગુજરાતના મોટા, મધ્યમ અને નાના શહેરોમાં નાગરિકોને પીવાનું સ્વચ્છ પાણી, ગટર વ્યવસ્થા, સ્ટ્રોમ વોટરનો નિકાલ, ટ્રાફિકની સમસ્યાઓનું નિરાકરણ વગેરે સેવાઓ રાજ્ય સરકારની પ્રાથમિક જવાબદારી છે. આ બાબતમાં સરકારશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, મારા પાલનપુર શહેરમાં સરકારશ્રીની ગ્રાન્ટનો મોટા પાયે દુરુપયોગ થયેલ છે. પાલનપુર નગરપાલિકાની વાત કરું તો સાલેહ મહમદ ખાન છેલ્લા નવાબ હતા, તેઓશ્રીના શાસન દરમ્યાન આ નગર ફૂલો અને અત્તરની નગરી તરીકેની ઐતિહાસિક ઓળખ હતી. પાલનપુરના નવાબ સાહેબ તરફથી જૂના મહેલમાં નાગણેચી માતાની સ્થાપના કરી નવરાત્રિના નવ દિવસ દરમ્યાન હવન કરવામાં આવતો હતો અને તે પ્રથા આજની તારીખ સુધી તેમના વારસદારોએ ચાલુ રાખી છે. માનનીય અધ્યક્ષશ્રી, પાલનપુરના લોકપ્રિય નવાબે શહેરને સુંદર બનાવવા માલ સરોવર અને

ધોધરી તળાવ બનાવેલ હતા. શહેરમાં ફૂલો અને અત્તરોનું ઉત્પાદન કરવામાં આવતું હતું. પાલનપુર શહેરની આજની સ્થિતિની વાત કરું તો શહેરમાં ટ્રાફિકની બહુ મોટી સમસ્યા છે. હાઇવે ઉપર ચાર રસ્તાઓ ઉપર આખો દિવસ ટ્રાફિક રહે છે, આ સમસ્યાના નિરાકરણ માટે મેં અનેક રજૂઆતો કરી છે તેમ છતાં હકારાત્મક ઉકેલ આવતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮માં તત્કાલીન મુખ્ય મંત્રીશ્રી અને હાલના દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને હમણા જ ૨૬ જાન્યુઆરીના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રી સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવા માટે આવ્યા હતા ત્યારે પાલનપુર શહેરને અને તમામ ગુજરાતના શહેરોને સ્માર્ટ સીટી બનાવવાની વાત કરી હતી, આજની પરિસ્થિતિમાં એક પણ શહેર સ્માર્ટ સીટી બન્યું નથી.

અધ્યક્ષશ્રી : આપનું વક્તવ્ય પૂરું થાય છે. માનનીય કિશોરભાઇ ચૌહાણ..

શ્રી કિશોર બા. ચૌહાણ(વેજલપુર): માનનીય અધ્યક્ષશ્રી, રમત ગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગના યુવા મંત્રીશ્રી ઇશ્વરસિંહભાઇ જે ૨૦૧૯-૨૦ના અનુદાન માટેની માગણીઓ લઇને આવ્યા છે એના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનું યુવા ધન પોતાની પ્રતિભાથી આજે સમગ્ર વિશ્વની અંદર ગુજરાતનું નામ રોશન કરી રહ્યા છે. ખેલકૂદની અંદર પણ ગુજરાતની પ્રતિષ્ઠા પહેલા કરતા ખૂબ અત્યારે આગળ વધી રહી છે. મારા સાથી મિત્ર નૌશાદભાઇએ જે વાત કરી એના કરતા હું થોડી જુદી વાત કરવા માગું છું, હું એની કોઇ ટીકા ટીપ્પણમાં પડવા માગતો નથી, પણ એમણે જે વાત કરી કે ગુજરાતના યુવા ધનને રમત ગમત માટે પ્રોત્સાહીત કરવા માટે કોઇ પ્રવૃત્તિઓ નથી, કોઇ સાધનની વ્યવસ્થા મળતી નથી. એ બાબતમાં મારે વાત કરવી છે કે, અમારા ભારતીય જનતા પક્ષના શાસનમાં ગુજરાતના તત્કાલિન મુખ્ય મંત્રી અને આજના ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે ગુજરાતની ધૂરા સંભાળતા હતા ત્યારે ૨૦૧૦માં ગુજરાતનું યુવા ધન જ નહીં પણ દરેક લોકો રમત ગમતની પ્રવૃત્તિ સાથે જોડાય એને માટે ૨૦૧૦માં ખેલ મહા કુંભની શરુઆત થઇ. ત્યારે ૧૬ લાખ ૪૯ હજાર લોકોએ રજિસ્ટ્રેશન કરાવેલું અને એમાંથી ૧૩ લાખ લોકોએ ભાગ લીધો અને એ પ્રવૃત્તિ એટલી બધી આગળ વધી અને આજે ૨૦૧૮માં ૪૨ લાખ લોકોએ એમાં રજિસ્ટ્રેશન કરાવ્યું અને ૩૫ લાખ લોકોએ એની અંદર ભાગ લીધો. એમણે કહ્યું કે, રમત ગમત માટેના કોઇ સાધનો સાથેના સ્પોર્ટ્સ સંકુલો નથી, પણ મારા મિત્ર એ ભૂલી ગયા કે ગુજરાતમાં દરેક જિલ્લા મથકે અત્યારે સ્પોર્ટ્સ સંકુલો કાર્યરત છે. યુવા ધનને પ્રોત્સાહિત કરવા માટે મહાનગરોમાં પણ સ્પોર્ટ્સ સંકુલો બની રહ્યા છે. મારે એમને યાદ દેવડાવવું છે કે, અમદાવાદની અંદરની જ હું વાત કરું જે મહાનગરમાંથી હું આવું છું. અમદાવાદમાં ગુજરાતના તત્કાલીન મંત્રી અને આજના દેશના ગૃહ મંત્રીશ્રીએ મોટેરા સ્ટેડિયમમાં ૧ લાખ ૫૦ હજારની ક્ષમતાવાળું સ્ટેડિયમ બનાવડાવ્યું છે અને અત્યારે એ કાર્યરત છે. આ સિવાય જોવા જઇએ તો નરોડા ખાતે વીર સાવરકર સ્પોર્ટસ સંકુલ પણ અમદાવાદમાં છે, કાંકરિયા ખાતે વિશ્વ કક્ષાનું ઇન્ડોર સ્ટેડિયમ પણ છે. નિકોલ ખાતે વિશ્વ કક્ષાનું સ્પોર્ટસ સંકુલ પણ  કાર્યરત છે. દરેક સ્થળ ઉપર સ્પોર્ટસ સંકુલો બની રહ્યા છે, જે જૂના હતા એની જગ્યાએ નવા પણ બની રહ્યા છે અને આધુનિક યુગની સાથે કદમ મિલાવી શકે તેવા મેદાનો પણ બનાવવામાં આવી રહ્યા છે. સિન્થેટીક ટ્રેક એ લોકોના હોય છે એ ટ્રેકની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે એમને પૌષ્ટિક આહાર, રહેવા માટેની સારી વ્યવસ્થા, દરેક પ્રકારની વ્યવસ્થા કરીને જ્યારે યુવાનોને આગળ વધારવા માટેનો એક પ્રયાસ મંત્રીશ્રી કરી રહ્યા છે,  સાથે સાથે જોવા જઇએ તો ગુજરાતની અંદર વિવિધ યોજનાઓ દ્વારા ડિસ્ટ્રિક્ટ લેવલે સ્પોર્ટસ સંકુલ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે. સેન્ટર ફોર એકસલન્સ દ્વારા પણ આંતરરાષ્ટ્રીય કક્ષાનું એને પ્રોત્સાહન મળે એના માટે પણ પ્રયાસ થાય છે. શક્તિ દૂત યોજના દ્વારા પણ એને પુરસ્કૃત કરવા માટે, આંતરરાષ્ટ્રીય કક્ષાએ જઈ શકે એના માટે પણ પ્રયાસ થાય છે. આવી વિવિધ યોજનાઓ દ્વારા જ્યારે આ ખેલાડીઓને પ્રોત્સાહિત કરવામાં આવતા હોય અને આ પ્રોત્સાહિત કરવા માટે એ લોકો માટે ખાલી વ્યવસ્થા નહિ એ લોકોને પુરસ્કૃત પણ કરવામાં આવે છે તેથી માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તેને હું સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

શ્રી કનુભાઇ મ. બારૈયા(તળાજા): માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના મંત્રીશ્રી દ્વારા આવેલ માગણીઓમાં મારા વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, વિના સહકાર નહિ ઉદ્ધારના ઉદ્દેશ સાથે સહકારી સંસ્થાઓ, સહકારી મંડળીઓ, સહકારી દૂધ સંઘો અને સહકારી માર્કેટીંગ યાર્ડો જે ખૂબ સારી રીતે ચાલી રહ્યા છે. આમ તો ખરીદ વેચાણ સંઘની વાત કરવામાં  આવે તો હમણાં જૂનાગઢમાં જોરશોરથી ખરીદ વેચાણ સંઘ ચાલી રહ્યો છે. ત્યારે ગુજરાતનું સહકારી માળખું એ પોતાનો ભવ્ય ભૂતકાળ ધરાવે છે. આ સહકારી સંસ્થાઓનું હાલ સરકારીકરણ થઇ રહ્યું હોય એવું સહકારી સંસ્થાના સંચાલકો અનુભવી રહ્યા છે. સહકારી સંસ્થાઓ દ્વારા ખેડૂતોને લાભકારી પ્રોસેસીંગ યુનિટ હોય, ગોડાઉનો હોય એ બનાવડાવીને સરકારે મદદ કરીને આવી સહકારી સંસ્થાઓ પાસે ઊભાં કરાવવા જોઇએ. જેથી કરીને ખેડૂતોને પોતાની વસ્તુઓના પૂરતા ભાવો મળી શકે. સહકારી મંડળીઓમાં ઓડિટ એ ફરજિયાત હોય છે. ત્યારે મારે દુઃખ સાથે કહેવું છે કે આ ઓડિટરની મોટાભાગની જગ્યાઓ ખાલી પડી છે અને આ ઓડિટ નિવૃત્ત કર્મચારીઓ પાસે કરાવવામાં આવે છે. ત્યારે જે પ્રોપર ઓડિટ થતું નથી અને જેના કારણે ખેડૂતોને નુકસાની ભોગવવાનો વારો આવે છે. સહકાર વિભાગમાં આજની સ્થિતિએ મહત્વની ગણાતી એકસો જેટલી જગ્યાઓ ખાલી પડી છે. વર્ગ-૩ના કર્મચારીઓની ૬૦૦થી વધારે ખાલી છે ત્યારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આ જગ્યાઓ તાત્કાલિક ભરવામાં આવે. માનનીય અધ્યક્ષશ્રી, મારા મત

વિસ્તાર તળાજામાં ઘણા સમય અગાઉ સહકારી ધોરણે અંદાજે ૧૦૦ એકર જમીનમાં સિદ્ધેશ્વર ખાંડ ફેક્ટરી નામની એક ફેક્ટરી ચાલુ કરવામાં આવી હતી અને તે સમયે અમારે ત્યાંના હજારો ખેડૂતોને શેરમાં લોન લઇને, મંડળી ઉપાડીને પૈસાનું રોકાણ કરેલું. યેનકેન કોઇપણ કારણોસર આ સિદ્ધેશ્વર ખાંડ ફેક્ટરી બંધ થઇ અને હજારો ખેડૂતોના પરસેવાના કાળી મજૂરીના પૈસા એમાં ફસાયેલા છે ત્યારે હું આપના માધ્યમથી સરકારશ્રી અને માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, અમારા ગરીબ ખેડૂતોના પૈસા કોઇપણ રીતે છૂટા કરવામાં આવે અને એમને મદદ કરવામાં આવે. સહકારી કાયદાની જોગવાઈ ૭૪(સી) મુજબ કોઇપણ સહકારી સંસ્થાની મુદત પૂર્ણ થાય એટલે વહીવટદારની નિમણૂંક કરવામાં આવે છે. ગુજરાતની ઘણી બધી સંસ્થાઓ જેમની મુદત પૂર્ણ થવા છતાં આજે વહીવટદારો પણ મૂકવામાં આવતા નથી. અને ઇલેકશન પણ કરવામાં આવતું નથી. સહકારી સંસ્થાઓમાં માર્કેટીંગ યાર્ડ ખૂબ મહત્વનું યાર્ડ છે અને તેમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ તે વહીવટ કરતા હોય છે ત્યારે તેના ચેરમેન અને વાઇસ ચેરમેનની ચૂંટણીમાં એ સહકારી આગેવાનોના મતોથી ચૂંટાયેલા ડાયરેકટરોની સાથે સરકારે નિયુક્ત કરેલા ત્રણ પ્રતિનિધિઓ જે મતદાન આપે છે તેના કારણે સહકારી આગેવાનોએ બહુમતીથી ચૂંટેલા બોડીનું મહત્વ રહેતું નથી અને પરિણામે સત્તા એમના હાથમાંથી જે ઓછી બહુમતીવાળા પાસે જતી રહે છે તો આ ત્રણ મત તે સહકારી ક્ષેત્રમાં યાર્ડમાંથી રદ કરવા જોઇએ. સહકારી સંસ્થાઓનું જે પોતાનું ફંડ હોય છે તેનો ઉપયોગ મકાન બાંધકામ, શિક્ષણ, પશુ સુધારણાના ફંડ વગેરે માટે કરવાનો હોય છે. ત્યારે તેમાં કયાંક અને કયાંક તંત્ર હસ્તક્ષેપ કરતું હોય ત્યારે આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે તેમની એ સહકારી સંસ્થાઓને ઉપયોગ કરવા માટેની સ્વાયતત્તા આપવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ સહકારી સંસ્થાઓની અંદર સભાસદ પદ લેવુ હોય તો ઘણી વખત તેમાં વ્હાલા-દવલાની અને મારા-તમારાની નીતિ અપનાવવામાં આવે છે ત્યારે આ સભ્યપદ તે ખુલ્લું હોવું જોઇએ અને કોઇ પણ મંડળી હોય કે સભાસદ હોય તેની નોંધણી માટેની તેને પૂરેપૂરી સ્વતંત્રતા આપવી જોઇએ. વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં કિસાન કલ્પવૃક્ષ યોજના અંતર્ગત માનનીય મંત્રીશ્રીએ એપીએમસીના આધુનિકરણ અને સગવડ ઊભી કરવા માટે રૂપિયા ૩૩ કરોડની જોગવાઈ કરી છે ત્યારે આ જોગવાઇને હું આવકારું છું અને મારા મત વિસ્તાર તળાજામાં સહકારી માળખું એ જોઇએ તેટલું મજબૂત નથી ત્યારે અમારા વિસ્તારના એપીએમસીમાં આ આધુનિકરણ, વિકાસ અને ગોડાઉનો માટે સરકારશ્રી દ્વારા પૈસા ફાળવવામાં આવે તેવી વિનંતી કરું છું.

શ્રી અરવિંદ શાં. રાણા**(**સુરત-પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સન્માનીય સભાગૃહમાં અનુદાનો માટે શહેરી આવાસન વિભાગની માગણી માનનીય નીતિનભાઇ પટેલ સાહેબ દ્વારા રૂપિયા ૬,૬૩,૨૯,૩૫,૦૦૦ની લઇને આવ્યા છે તેને હું અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનવ જીવનના નિર્વાહ માટે રોટી-કપડાની સાથે સાથે મકાન પણ ખૂબ આવશ્યક છે. પોતાના પરિવારની સાથે રહીને કુટુંબની સલામતી માટે દરેક પરિવાર પોતાના ઘરનું ઘર હોય તેવુ હર કોઇ ઘર વિહોણું પરિવાર સ્વપ્ન સેવતું હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારમાં તેઓ જિંદગીભર પોતાના કુટુંબનું ભરણપોષણ કરવા માટે દિવસ રાત મહેનત કરે છે છતાં તે પોતાનું ઘરનું ઘર વસાવી શકતા નથી. આવા ઘર વિહોણા પરિવારને પોતાનું ઘરનું ઘર મળી રહે તે માટે તે માટે આપણા ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી વર્ષ ૨૦૧૪માં ભારત દેશના વડાપ્રધાન બન્યાં કે તરત જ તેમણે ૨૦૧૫માં એટલે કે તારીખઃ ૨૫-૦૬-૨૦૧૫ના રોજ પ્રધાનમંત્રી આવાસ યોજનાની જાહેરાત કરી અને તેના અંતર્ગત હાઉસીંગ ફોર ઓલની યોજના અમલમાં મૂકીને વર્ષ ૨૦૨૨ સુધીમાં આપણા દેશમાં કોઇપણ પરિવાર પોતાના ઘરના ઘર વગરનો નહીં રહે તેવો તેમણે નિર્ધાર કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર દ્વારા પણ વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં રૂપિયા ૧૨૪૮ કરોડની માતબર રકમની જોગવાઈ સૂચવીને ૮૦ હજાર મકાનો બનાવવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. આપણા ગુજરાત રાજ્યમાં આવાસો બાંધવા માટેની જે પ્રાયોરિટી છે તેમાં અલગ અલગ જે યોજનાઓ છે તેમાં મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં રૂ.૨૨૧૨ કરોડના ખર્ચે ૨૧૫૮૯ આવાસોનો લક્ષ્યાંક હતો જેની સામે અત્યાર સુધીમાં ૧૯૬૩૫ આવાસો આપણે પૂર્ણ કર્યા છે એટલે કે ૯૦.૯૫ ટકા જેટલા આવાસો આપણે પૂર્ણ કર્યા છે. મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત ગત વર્ષે રૂ.૪૦૫.૫૨ કરોડના ખર્ચે ૬૫૪૬ મકાનો પૂર્ણ કર્યા હતા. એ જ રીતે ચાલુ વર્ષે રૂ.૭૩૮.૮૪ કરોડના ખર્ચે ૧૦,૧૪૬ આવાસો બનાવવાનું આપણું લક્ષ્યાંક છે. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત જે અલગ-અલગ ચાર ગ્રુપ આપ્યા છે એ ગ્રુપમાં ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજના અંતર્ગત ૫૬,૧૨૬ આવાસો મંજૂર કર્યા હતા. જેમાં ૨૯૭૬ આવાસો પૂર્ણ થયા છે. ક્રેડિટ લિંક સબસિડી યોજના અંતર્ગત ૧,૭૮,૯૮૭ પ્રાઇવેટ મકાનો જે લોન લઇને બાંધવાના હોય છે તેને વ્યાજદરમાં રાહત આપવાની થાય છે એમાં ૨ કરોડ ૬૭ લાખ રૂપિયાની સહાય સરકાર દ્વારા ચૂકવવામાં આવી છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું શહેરી વિકાસ મંત્રીશ્રીને હું મારી વાત રજૂ કરવા માગું છું ત્યારે મારો વિસ્તાર જ્યાં સોમનાથ દાદાનું પ્રથમ જ્યોતિર્લિંગ આવેલું છે ત્યાં આજે પણ રમત - ગમત માટે એક પણ ગ્રાઉન્ડ કે સ્પોર્ટ કલબ નથી. તો મારી મંત્રીશ્રીને રજૂઆત છે કે ગ્રાઉન્ડ માટે મંજૂરી આપે અને ત્યાં સ્પોર્ટ્સ કલબ માટે અને રમત-ગમતના મેદાન માટે સ્પેશિયલ ગ્રાન્ટ ફાળવવામાં આવે. જ્યારે આખા દેશમાં સ્વચ્છતા અભિયાનની વાત ચાલતી હોય છે ત્યારે હું કહેવા માગું કે મારા સોમનાથના શહેરમાં ખુલ્લી ગટરો ઉભરાઇ રહી છે. આની પહેલાં ગયા સત્રમાં પણ મેં

રજૂઆત કરી હતી. માનનીય નીતિનભાઇએ આદેશ પણ આપ્યો હતો છતાં પણ આજ દિન સુધી અમલવારી થઇ નથી. એ ગટરો ઉભરાવવાના કારણે રોગો ફેલાઇ રહ્યા છે. મેં પોતે ૧૧ જેટલા વોર્ડમાં રૂબરૂ જઈ ફરિયાદો લીધી હતી અને મેં પોતે ફોર્મ ભર્યા હતા. જે લોકોને તકલીફ હોય એમના ફોર્મમાં એમના મોબાઇલ નંબર પણ લખ્યા હતા. આવી ૧૮૯૭ ફરિયાદો વેરાવળ નગરપાલિકાના પ્રમુખ અને ચીફ ઓફિસરને સુપરત કરી હતી. આજે એ વાતને સાત મહિના થઇ ગયા છે છતાં પણ એક પણ ફરિયાદમાં અમલવારી કરવામાં આવી નથી. જ્યારે મેં લેખિતમાં પૂછ્યું કે આમાંથી કેટલી ફરિયાદોનું નિવારણ કરવામાં આવ્યું છે ત્યારે મને લેખિતમાં એવો જવાબ આપવામાં આવ્યો કે ચૂંટણીના લીધે અમે કામગીરી કરી શક્યા નથી. ચૂંટણી તો બે મહિના સુધી હતી. સાત મહિના સુધીમાં એક પણ કામગીરી કરવામાં આવી નથી. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે જે ફરિયાદો આપવામાં આવી છે એનું તાત્કાલિક ધોરણે નિવારણ લાવવામાં આવે અને ગટરોની સફાઇ કરવામાં આવે. શિયાળો હોય, ઉનાળો હોય કે ચોમાસુ હોય માર વિસ્તારમાં આઠ થી દસ દિવસે પાણી આપવામાં આવે છે અને અમારા વેરાવળ નજીક હિરણ – ૧ અને હિરણ – ૨ ડેમ આવેલા છે. એમાં પુષ્કળ પ્રમાણમાં પાણી હોય છે અને ત્યાંથી પુષ્કળ પ્રમાણમાં પાણી નગરપાલિકામાં આપવામાં આવે છે છતાં પણ આઠથી દસ દિવસે પાણી આપવામાં આવે છે. કારણ કે, વેરાવળ નગરપાલિકાના ઉચ્ચ અધિકારી દ્વારા આ પાણી ગેરકાયદેસર રીતે વેચવામાં આવે છે અને એટલા માટે ત્યાં પૂરતુ પાણી પહોંચતું નથી. થોડાંક દિવસો પહેલાં ૧૮/૬ ના રોજ એક કોન્ટ્રાક્ટર દ્વારા વેરાવળ નગરપાલિકાની પાઇપ લાઇનમાંથી ૧૦ લાખ લિટર પાણી ચોરી કરવામાં આવ્યું હતું અને એની કિંમત રૂ.૬૦ લાખ જેટલી થાય છે. આ મીઠું પાણી ચોરી કરી અને પ્રાઇવેટ જગ્યાએ વેચવામાં આવતું અને એના માટે એફ.આઇ.આર. પણ નોંધાયેલી છે. હાલમાં પણ વેરાવળ નગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા ઘણી જગ્યાએ પાણી વેચવામાં આવે છે. જો આ રોકવામાં આવે તો મારા વેરાવળ શહેરના લોકોને બે દિવસે પાણી મળી શકે અને આ તપાસ તાત્કાલિક ધોરણે કરવામાં આવે એવી મારી નમ્ર વિનંતી છે. થોડાંક દિવસો પહેલા ટ્રાફિકના નામ પર ચીફ ઓફિસર દ્રારા અને પ્રાંત અધિકારી દ્વારા ડીમોલીશન કરવામાં આવ્યું. એના વિશે મેં એમને પૂછ્યું તો ટ્રાફિકની સમસ્યા બતાવી. એમણે ૫૦૦ લોકોને બેરોજગાર કર્યા. એ લોકો લારી લઇ અને પોતાનો ધંધો ચલાવતા હતા. વેરાવળ નગરપાલિકા પાસે ઘણી બધી પડતર જમીન પડી છે જો એ ધારે તો એમને ત્યાં શિફ્ટ કરી અને એમની રોજગારી બચાવી શકે છે પણ એમણે એમની પાછળ જઈ અને હેરાનગતિ કરી.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા(કતારગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ વિશે મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

રાષ્ટ્રની ગરિમા તથા તેની વિકાસગાથા એની સાફ સુથરી અને કેળવાયેલા યુવા ધનને આધીન હોય છે. પરંપરામાં મળેલ સંસ્કારો રૂઢિગત જન જીવન અને કાળ ક્રમે થયેલા જીવનના અનુભવોનો અર્ક સંસ્કૃતિમાં જોવા મળે છે. ગુજરાતની ભૂમિમાં આ પારંપરિક તત્વોનું ચિંતન સદીઓથી થતું આવ્યું છે. આજનો યુગ સમગ્ર વિશ્વમાં ભારત અને ગુજરાતની સંસ્કૃતિને અભિવાદન કરે છે ત્યારે ગુજરાત સરકાર અનેક યોજનાઓ અને કાર્યક્રમોના આયોજન થકી ગુજરાતની સંસ્કૃતિને નવી ઊંચાઇ આપવા લોક હૃદયમાં સ્થાન આપવા આગળ વધી રહી છે. ગુજરાતનો યુવાન સંસ્કૃતિ ઉપરાંત શારીરિક તેમજ માનસિક તેમજ ખડતલ અને મજબૂત બને, મક્કમ ઈરાદાવાળો બને એ માટે રમત ગમત પ્રવૃતિઓ સાહસિક પ્રવૃતિઓને અને યુવા કૃત્યોનું આયોજન ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી રહ્યું છે.

માનનીય દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજી તેમની પ્રવૃતિથી સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા અનુપમ વિજ્ઞાનને વૈશ્વિક વિરાસતમાં સમાવિષ્ટ કરેલ છે ત્યારે હું આવતા ભવિષ્યને ભારતને મા ભારતીને પરમાવધિ શિખરો ઉપર બહુ નજીકથી જોઇ રહ્યો છું. આવું નેતૃત્વ આપણને મળ્યું છે ત્યારે માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા ૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ યુનોમાં ૧૯મો ઠરાવ સત્રમાં ૩૧મી જૂનને વિશ્વયોગ દિવસની દરખાસ્તને સ્વીકારવામાં આવી છે. આ રીતે સમગ્ર વિશ્વમાં ૩૧મી જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે ૨૦૧૫થી ઉજવવામાં આવે છે. યોગની પ્રાચીન પરંપરાને આગળ વધારવા તેનો પ્રચાર અને પ્રસાર વધે અને રાજ્યના નાગરિકોને આપણા મહામૂલા વારસાનો કાયમી લાભ મળે તેવા હેતુથી રાજ્ય સરકારે આ બજેટમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડની રચના કરવાની જોગવાઈ કરી છે. તે માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ અને મંત્રીશ્રી ઇશ્વરભાઇને ખૂબ ખૂબ અભિનંદન આપી અને આભાર વ્યકત કરું છું. સાથે સાથે હું અભિનંદન આપવા માગીશ કે દેશનું ગૌરવ અને ડાંગની દીકરી સરિતા ગાયકવાડે ફરી એકવાર આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સુવર્ણચંદ્રક મેળવ્યો છે ત્યારે એમને લાખ લાખ અભિનંદન પાઠવું છું. અમારા સાથી ધારાસભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મર સાહેબે આક્ષેપ કર્યો છે કે ત્યાર પછી કોઇ નવા સાધનો રમતગમત ક્ષેત્રે નથી થયા હું એમને કહેવા માગું છું કે આજે ગુજરાતની અંદર એશિયા લેવલના મોટા ઇન્ડોર સ્ટેડિયમ આપ્યા છે એ આ ભારતીય જનતા પાર્ટીની દેન છે. એની સાથે ઇન્ટરનેશનલ સ્વિમિંગ પુલ પણ બનાવ્યા છે. અમારા મંત્રીશ્રી તેઓ પોતે પણ ક્રિકેટના શોખીન છે અને ખોખોના પણ શોખીન છે. અલગ અલગ સુવિધાઓમાં અલગ અલગ પ્રકારે રમતને પ્રોત્સાહન આપી રહ્યા છે ત્યારે ગુજરાતને કલાને ક્ષેત્રે આગળ લઈ જઈ રહ્યા છે.

શ્રી અક્ષયકુમાર ઈ. પટેલ(કરજણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઊભો થયો છું.

ગુજરાતની સહકારી પ્રવૃતિમાં અગ્રેસર રાજ્યમાં એની ગણતરી થાય છે. લગભગ ૭૯ હજાર જેવી મંડળીઓ આજે કાર્યરત છે અને દોઢ કરોડથી વધારે લોકો એની સાથે સંકળાયેલા છે. ત્યારે મારા મત વિસ્તારની વાત કરું તો એક વખત આંખો બંધ કરીને ખેડૂતો શેરડીનું વાવેતર કરતા હતા અને આજે મારા આ વિસ્તારમાં વાવણી કરતાં પહેલાં વિચારે છે એવી પરિસ્થિતિ આજે મારા વિસ્તારની છે.

અમારા વિસ્તારમાં આવેલ સહકારી ખાંડ ઉદ્યોગો વહીવટદારોની ખોટી નીતિઓના કારણે આજે ભાંગી પડ્યા છે. થોડા દિવસ પહેલાં નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ ધારીખેડાની સામાન્ય સભામાં આવેલા અને બરોડા સુગરની એક લાગણી વ્યકત કરી હતી અને આ બરોડા સુગરનો વહીવટ ધારીખેડા કરશે ત્યારે ખેડૂતોની લાગણી અને ઉત્સાહ આવી ગયો હતો, ખેડૂતોને આશા ઊભી થઇ કે ખેડૂતોના પૈસા જે ડૂબવાના છે, પાછા મળશે એટલા માટે હું તેમને અભિનંદન આપું છું.

છેલ્લા ઘણા વર્ષોથી બરોડા સુગરના અણઘડ વહીવટના કારણે આજે એ બરોડા સુગર દેવામાં ધકેલાઇ છે, તે માટે જવાબદાર વહીવટદારો છે, તેના માટે કાયદેસરની કાર્યવાહી કરવી જોઇએ. દોઢેક વર્ષ પહેલાં મેં ખાણ નિયામકને ૧૭ મુદ્દા પર તેની જાણ કરી હતી અને લેટર લખ્યો હતો. આજ દિન સુધી ધારાસભ્ય તરીકે મને ખાણ નિયામકે ૧૭ મુદ્દાઓનો કોઇ પણ ખુલાસો કર્યો નથી. ત્યાર બાદ નાબાડનો ઓડિટ રિપોર્ટ આવેલ છેલ્લા ચાર-પાંચ વર્ષ પહેલાં અને ઓડિટ રિપોર્ટને પણ ધ્યાને લીધો નથી. ખાણ નિયામકે જો આ ઓડિટ રિપોર્ટને ધ્યાને લીધો હોત તો અને ધારાસભ્યના લેટરના જવાબ આપ્યા હોત તો આ મંડળી જે ખોટની અંદર જઈ રહી છે તે ના જાત, સરકારને જે બોજો પડયો છે તે ના પડત. આવા વહીવટદારો સામે હું તો કહું છું કે માંડવી સુગરમાં જે રીતે એફઆઇઆર નોંધાવી એ જ રીતે એફઆઇઆર બરોડા સુગરના વહીવટદારો પર પણ નોંધાવવી જોઇએ, એવી મારી માગણી છે. બરોડા સુગરમાં આજે ૨૫ હજાર જેટલા લોકોને (અંતરાય)...

અધ્યક્ષશ્રી : ખાલી સુધારા પૂરતું. આ એફઆરઆઇ બોલવાની ખોટી ટેવ આખા ગુજરાતને પડી છે. એ એફ.આઇ.આર કહેવાય. એફઆરઆઇ નહીં.

શ્રી અક્ષયકુમાર ઈ. પટેલ : સોરી સર. બરોડા સુગરમાં આજે ૨૫ હજાર જેટલા કર્મચારીઓને રોજી-રોટી મળે છે, તેમજ ૧૦ હજારથી પણ વધારે આ સુગર મંડળીના સભાસદો છે. આજે સહકાર મંત્રીશ્રી ઇશ્વરભાઇ પટેલે જે પ્રયત્નો કર્યા છે અને ખેડૂતો પ્રત્યે દયા ભાવના રાખનાર આવા મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને હું અભિનંદન પાઠવું છું કે બરોડા સુગરનો વહીવટ આજે ધારીખેડાને આપ્યો અને ખેડૂતોમાં ખુશાલીની જે લાગણી ફેલાઇ છે તો એવી જ રીતે મારે માનનીય નીતિનભાઇ સાહેબને પણ કહેવું છે કે, માંડવી સુગરમાં પણ મારા પૈસા ફસાયેલા છે, હું જાતે ખેડૂત છું અને આજે મારા પણ ૧૦-૧૨ લાખ રૂપિયા માંડવી સુગરમાં છે. એવી મરોલી સુગર છે, બડોત સુગર, રેવા સુગરોને પણ સહાય કરો અને ખેડૂતોના જે કરોડો રૂપિયા ફસાયેલા છે, તે ખેડૂતોને મળે એવી હું તમારી પાસે આશા રાખું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લા વેચાણ સંઘની વાત કરીએ તો આ સંઘમાં સરકારશ્રીના ઓડિટ રિપોર્ટમાં નકલના આધારે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય અક્ષયભાઇ, આપનું વકતવ્ય પૂરું થાય છે. માનનીય મંત્રીશ્રી.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (રા.ક.ના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, મારા રમત-ગમત અને યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગની વર્ષ ૨૦૧૯-૨૦ માટેની માગણીઓ પરની ચર્ચા દરમ્યાન સન્માનીય સભાગૃહના સભ્યો સર્વશ્રી વિરજીભાઇ, શ્રી બળદેવજીભાઇ, શ્રી અરૂણસિંહ, શ્રી મંગળભાઇ, શ્રી નૌશાદભાઇ, શ્રી બાબુભાઇ, શ્રી કિશોરભાઇ, શ્રી વિમલભાઇ , શ્રી કનુભાઇ, શ્રી અક્ષયભાઇ પટેલે તેઓના મંતવ્યો રજૂ કરેલ છે. માનનીય સભ્યશ્રીઓ દ્વારા કેટલા મૌલિક સૂચનો કરવામાં આવ્યા છે જેની નોંધ લીધી છે. આ ચર્ચામાં ભાગ લીધો તે તમામ સભ્યશ્રીઓનો આ તબક્કે આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રમત-ગમત અને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ હેઠળની કચેરીઓ જેવી કે કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી, ગ્રંથાલય નિયામકની કચેરી, પુરાતત્વ અને આવી ૧૦ જેટલી કચેરીઓ આવેલી છે, જેમાં વિવિધ ભાષાઓના સંવર્ધનનું કાર્ય પણ કરવામાં આવી રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણા પૂર્વ મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીના વખતથી આ ગુજરાતના યુવાધનને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત કરવા માટે રમત-ગમતને પ્રોત્સાહન આપવાની નીતિ બનાવી હતી. જેને આજે ગુજરાતના મુખ્યમંત્રી આદરણીય વિજયભાઇ રૂપાણી સાહેબ અને આપણા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબનું સીધું માર્ગદર્શન પ્રાપ્ત થઇ રહ્યું છે. રમતગમત ક્ષેત્રે સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકારે અમલમાં મૂકેલ વિવિધ યોજનાઓ વિશેની જાણકારી આ સન્માનનીય ગૃહ સમક્ષ હું રજૂ કરું છું. મારા કોંગ્રેસના મિત્રો બધા જ એવું કહેતા હતા કે આ રમત ગમત વિભાગની કામગીરી અને નક્કર પગલાં લઇ શકતું નથી. મારે દુઃખ સાથે કહેવું પડે, આ ગુજરાત અલગ થયું ૧૯૬૦ થી ૧૯૯૦ની વાત કરું ત્યારે સતત આ કોંગ્રેસનું શાસન આ ગુજરાત ઉપર હતું. આ જે રમત ગમત વિભાગ હતો એ શિક્ષણ વિભાગની સાથે જોઇન્ટ વિભાગ હતો. ૧૯૯૦-૯૧ની અંદર ભારતીય જનતા પાર્ટી અને જનતા દળની સરકાર જ્યારે મિકસ સરકાર બની તે વખતે આ શિક્ષણમાંથી રમત ગમત વિભાગને અલગ કરીને એને અલગ વિભાગ તરીકે ઓળખ ઊભી કરવામાં આવી તે પછી ક્રમશ: જે પ્રકારે કામગીરી કરવામાં આવી કે જે બાબતે હમણાં શ્રી નૌશાદભાઇએ અને અમારા શ્રી વિરજીભાઇએ વાત કરી, હું એટલું કહીશ કે જે રીતે આ છેલ્લા ૯ વર્ષથી જયારથી આ રાજ્યમાં

ખેલ મહા કુંભની શરૂઆત કરવામાં આવી અને મને કહેતા આનંદ થાય છે કે છેલ્લા બે વર્ષની અંદર રાષ્ટ્રીય સ્પર્ધાઓમાં રાજ્યના ખેલાડીઓએ વ્યક્તિગત અને ટીમ સ્પર્ધામાં ૧૫૦ ગોલ્ડ મેડલ મેળવ્યા છે. ૨૬૩ સિલ્વર મેડલ મેળવ્યા છે અને ૪૯૦ બ્રોન્ઝ મેડલ મેળવ્યા છે એમ કુલ ૯૦૩ જેટલા મેડલો મેળવેલ છે. જ્યારે આંતરરાષ્ટ્રીય કક્ષાની વાત કરું તો એ સ્પર્ધામાં પણ ૭૩ ખેલાડીઓએ ૬૫ ગોલ્ડ મેડલ, ૩૪ સિલ્વર મેડલ અને ૧૭ બ્રોન્ઝ મેડલ આમ કુલ ૧૧૬ મેડલો મેળવીને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. અત્યારે સામેથી બધા જ વિરોધપક્ષના ધારાસભ્યો કહેતા હતા કે આ ગુજરાતે કશુ કર્યું નથી. મિત્રો, મને કહેતા આનંદ થાય છે કે આ ૨૦૧૦ની અંદર ખેલ મહા કુંભની શરૂઆત કરવાથી આ છેવાડાના દીકરા–દીકરીઓને પ્લેટફોર્મ મળ્યું અને તેના લીધે આપણી દીકરી કુમારી સરિતા ગાયકવાડ કે જેણે નિયમ પ્રમાણે આ દીકરી જો વ્યક્તિગત ગોલ્ડ મેડલ લાવી હોત તો તેને બે કરોડ રૂપિયા મળવાપાત્ર હતા, પણ ટીમ ઈવેન્ટમાં લાવવાને કારણે ૩૩ ટકા પ્રમાણે એમને ૬૬ લાખ મળવા પાત્ર હતા. છતાં પણ આપણા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇએ આ દીકરીને ૧ કરોડ રૂપિયા આપીને આદિજાતિ દીકરીનું સન્માન કર્યું છે. એની સાથે આ દીકરીને શકિત દૂત યોજનામાં પણ રૂ.૭ લાખની સહાય આ સરકાર દ્વારા આપવામાં આવી છે. સહકારી સંસ્થાઓ દ્વારા પણ ૬૮ લાખ રૂપિયા આ દીકરીને આપીને સન્માન કરવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણા આદિજાતિ મંત્રીશ્રીએ પણ આ દીકરીને રૂ.૧ લાખનો ચેક આપ્યો છે. રમત ગમત મંત્રી તરીકે મેં પણ રૂ.૧ લાખનો આ દીકરીને ચેક આપ્યો છે. આપણા દંડકશ્રી પંકજભાઇએ પણ રૂ.૧ લાખનો ચેક આપ્યો છે. આ વ્યક્તિગત આપ્યા છે. સામેના પક્ષેથી પણ ધારાસભ્યશ્રીઓએ આપ્યા હશે. એટલે હું એટલું જ કહીશ કે આ દીકરીને ૧ કરોડ ૮૧ લાખ રૂપિયા અને ૨૦ હજારની સહાય આપવામાં આવી છે. એ જ રીતે મુરલી ગાવિત ડાંગ વિસ્તારના છે અને એને પણ શકિત દૂત યોજના દ્વારા ૨૦.૨૪ લાખ રૂપિયા આપવામાં આવ્યા છે અને ખેલ પ્રતિભા પુરસ્કૃત યોજનામાં પણ ૨૦ લાખ રૂપિયા આપવામાં આવ્યા છે આ રીતે ૪૦.૨૪ લાખ રૂપિયા આ દીકરાને આપવામાં આવ્યા છે. એ જ રીતે અજીતકુમાર છે એમને પણ રૂ.પાંચ લાખની સહાય આપવામાં આવી છે. જે પ્રકારે અહીંયાં હું વાત કરું ત્યારે શ્રી નૌશાદભાઇએ જે વાત કરી કે આ ગુજરાતની અંદર કોઇ દીકરા–દીકરીઓ કંઇ કરી શકતા નથી ત્યારે આ એશિયન ગેઇમની અંદર હમણાં જ વાત કરી તેમ ગુજરાતના છ જેટલા ખેલાડીઓની સ્પર્ધામાં પસંદગી થઇ અને એ પૈકીના ૪ દીકરા–દીકરીઓને મેડલો મળ્યા, એમાં સરિતા ગાયકવાડને ગોલ્ડ મેડલ, અંકીતા રૈનાને સિલ્વર મેડલ અને હરમીત દેસાઇને બ્રોન્ઝ મેડલ, માનવ ઠકકરને બ્રોન્ઝ મેડલ, સરિતા ગાયકવાડને નડિયાદ એકેડમીમાં પણ પસંદ કરીને એને શૂઝ, સ્પોર્ટસ કીટ ટ્રેઇનીંગ સાથે આંતરરાષ્ટ્રીય કક્ષાની ખેલાડી તૈયાર કરવામાં આવી રહી છે અને અંકીતા રૈનાને પણ એણે પસંદ કરેલ શ્રેષ્ઠ કોચ નીચે ટ્રેનિંગ આપવા માટે પુના મોકલી છે. જેનો ખર્ચ પણ શકિત દૂત યોજના દ્વારા આ સરકાર દ્વારા એમને આપવામાં આવે છે. એ જ રીતે આ પ્રતિભાશાળી ખેલાડીને આપવામાં આવેલી સહાયની હું વાત કરું તો કુમારી અંકીતા રૈનાને શક્તિ દૂત યોજનામાં ૯૦.૮૫ લાખ રૂપિયા આપવામાં આવ્યા છે અને એ જ દીકરીને ખેલ પ્રતિભા ઇનામની અંદર પણ ૫૪.૫૦ લાખ રૂપિયા આપવામાં આવ્યા. હરમિત દેસાઇને શક્તિ દૂત યોજનામાં ૬૯.૬૪ લાખ રૂપિયા આપવામાં આવ્યા અને ખેલ પ્રતિભાની અંદર પણ એને ૭૯.૫૦ લાખ રૂપિયા આપવામાં આવ્યા. એ જ રીતે એના બેલીમને શક્તિ દૂત યોજનામાં ૬.૫૦ લાખ રૂપિયા આપવામાં આવ્યા. આ ખેલ પ્રતિભા ઇનામમાં તેને ૧૭.૫૧ લાખ રૂપિયા આપવામાં આવ્યા. માનવ ઠક્કરને શક્તિ દૂત યોજનામાં ૩૪.૪૯ લાખ રૂપિયા આપવામાં આવ્યા. ખેલ પ્રતિભા ઇનામમાં તેને ૪૦.૮૦ લાખ રૂપિયા આપવામાં આવ્યા. ઝીલ દેસાઇને શક્તિ દૂત યોજનામાં ૭૪.૪૩ લાખ રૂપિયા આપવામાં આવ્યા. ખેલ પ્રતિભા ઇનામમાં તેને ૧૬.૨૫ લાખ રૂપિયા આપવામાં આવ્યા. લજ્જા ગોસ્વામીને શક્તિ દૂત યોજનામાં ૭૦.૧૦ લાખ રૂપિયા આપવામાં આવ્યા. ખેલ પ્રતિભા ઇનામમાં તેને ૧૦ લાખ રૂપિયા આપવામાં આવ્યા. અંશુલ કોઠારીને શક્તિ દૂત યોજનામાં ૧૭.૨૦ લાખ રૂપિયા આપવામાં આવ્યા. ખેલ પ્રતિભા ઇનામમાં તેને ૧૮ લાખ રૂપિયા આપવામાં આવ્યા. આમ મળીને ૬૭૨.૯૬ લાખ રૂપિયા ખેલ પ્રતિભા અને શક્તિ દૂત યોજનામાં આપણા દીકરા–દીકરીને આપીને તેનું સન્માન કરવામાં આવ્યું છે. આવી અનેકવિધ યોજનાઓ થકી આ રાજ્યનો છેવાડાનો દીકરો–દીકરી રમી શકે તે પ્રકારની આપણી આ યોજનાઓ બની છે. આ જ રીતે જે પ્રકારે ખેલ મહા કુંભની વાત કરું તો આ છેલ્લા વર્ષે ૪૨,૦૯,૧૧૦ દીકરાઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું. એ પૈકીના ૩૫,૪૪,૫૪૭ ખેલાડીઓએ ભાગ લીધો અને ૪૦ કરોડ રૂપિયાના ઇનામો–પુરસ્કાર આપવામાં આવ્યા છે અને નવા વર્ષના આયોજન માટે રૂ.૭૬ કરોડની જોગવાઈ પણ કરવામાં આવી છે. મારી સર્વે સભ્યશ્રીઓને વિનંતી છે કે ગઇ કાલથી એટલે કે ૧૫મી જુલાઇથી ખેલ મહા કુંભના સભ્યોની નોંધણીનું કામકાજ ચાલુ થયું છે. આપના વિસ્તારમાં પણ જે નવા ખેલાડીઓ હોય અને વધુમાં વધુ ખેલાડીઓ ભાગ લે એવી આપ સર્વેને વિનંતી કરું છું. જે બાકી હોય એમને માટે પ્રચાર–પ્રસાર કરીને આવા દીકરા–દીકરીઓ પણ આમાં ભાગ લઇ શકે. હાલમાં ૨૮ જિલ્લાઓમાં ૪૦ ડિસ્ટ્રિક્ટ લેવલની સ્પોર્ટસ સ્કૂલ ચાલુ થઇ છે તેમાં ૫,૦૦૦ જેટલા ખેલાડીઓ ભાગ લઇ રહ્યા છે. એ જ રીતે ૨૫૧ શાળાઓમાં ઇનસ્કૂલ યોજના શરૂ કરવામાં આવી છે. જેનો ૨,૦૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ લાભ લઇ રહ્યા છે. રાજય સરકાર દ્વારા સ્વામી વિવેકાનંદ ખેલ પ્રતિભા સંવર્ધન કેન્દ્રો દ્વારા પણ સેન્ટર ઓફ એકસલન્સ અંતર્ગત ૧૩ ઓલિમ્પિક રમતોની ૧૭ નિવાસી એકેડેમીમાં ખેલાડીઓ તથા ૨૪ ઓલિમ્પિક રમતોમાં ૧૨૯૯ ખેલાડીઓને બિન નિવાસી કેન્દ્રોમાં વૈજ્ઞાનિક પદ્ધતિથી ઘનિષ્ઠ તાલીમ આપી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિસ્તારની વાત કરું તો પ્રતિભાશાળી યુવાનોને રમત ગમત અંગેની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે રાજપીપળા ખાતે ૪૦૦ મીટરનો સિન્થેટીક એથ્લેટીક ટ્રેક, ફૂટબોલ ગ્રાઉન્ડ, હાઇ પર્ફોમન્સ જીમ્નાસ્ટીક

હોલની સુવિધા અને છોટાઉદેપુર ખાતે ૪૦૦ મીટરનો સિન્થેટીક એથ્લેટીક ટ્રેક, ફૂટબોલ ગ્રાઉન્ડ તથા ડેવલપમેન્ટની કામગીરીનું આયોજન છે. મને કહેતા આનંદ થાય છે કે વડોદરા જિલ્લાના દેસર ખાતે ૧૩૦ એકર વિસ્તારની અંદર ભારતની બીજાં નંબરની સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી રૂ.૨૦૦ કરોડના ખર્ચે આકાર પામી રહી છે. હાલમાં રૂ.૭૦ કરોડના કામો ત્યાં ચાલુ થઇ રહ્યા છે અને ૨૦૨૦ સુધીમાં આ યુનિવર્સિટીનું કામ પૂરું થશે. એ યુનિવર્સિટી ત્યાં શિફ્ટ થનાર છે. આ રાજ્યના યુવક યુવતીઓના સર્વાંગી વિકાસ માટે અનેક સાહસિક પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવેલ છે. એ પૈકી ગિરનાર પર્વત પર આરોહણ સ્પર્ધા ૧૯૯૬થી રાખવામાં આવતી હતી. તેમાં વધારો કરીને ચાલુ વર્ષથી ગુજરાતના અન્ય પર્વતો પર આરોહણ સ્પર્ધા યોજવા માટે સરકારે આયોજન કર્યું છે. જેમાં રાજકોટ જિલ્લામાં ધોરાજી ખાતે આવેલ પાટણવાવના ઓસમ પર્વત, સાબરકાંઠા જિલ્લાના ઇડર ખાતે આવેલ ઇડરીયો પર્વત, સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા ખાતે આવેલ ચોટીલા પર્વત, પંચમહાલ જીલ્લાના હાલોલ ખાતે આવેલ પાવાગઢ પર્વત, ભાવનગર જિલ્લામાં પાલીતાણા ખાતે શેત્રુંજય પર્વતનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આમ આવી રીતે અનેકવિધ યોજનાઓ દાખલ કરીને આ ખેલાડીઓને વધુને વધુ તક મળે એ પ્રકારની કામગીરી કરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનું ગૌરવ, દેશની એકતાના શિલ્પી એવા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલ સાહેબની વિશ્વની સૌથી મોટી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી–કેવડીયા ખાતેના પ્રાંગણમાં પણ શાસ્ત્રીય સંગીત, ગાયન, વાદન અને નૃત્ય, નાટક, લોકનૃત્યો, પરંપરાગત રમતો અને એડવેન્ચરના કાર્યક્રમો માટે વર્ષ ૨૦૧૯–૨૦માં ૨૦૦ લાખની નવી બાબત મંજૂર કરવામાં આવેલ છે. જે આવનારા સમયમાં પ્રવાસનને પણ વેગ આપવા સાથે સ્થાનિક કક્ષાએ રોજગારીની તકો પણ ઊભી કરવામાં મદદરૂપ બનવાની છે. માધવપુર ઘેડ ખાતે પણ ઘેડના મેળામાં ભગવાન શ્રી કૃષ્ણ અને રૂક્ષમણિ વિવાહ આધારિત મલ્ટી મિડિયા સાંસ્કૃતિક કાર્યક્રમ, વિવિધ રાજયોના પરંપરાગત લોકનૃત્યો, ડાયરા, સંતવાણી, હાસ્યરસ જેવા અનેક સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ પાંચ દિવસ દરમ્યાન આયોજન અને સંચાલન થયું છે તેના માટે રૂ. ૫૦ લાખની નવી બાબત મંજૂર કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે સમયના અભાવે મારો બીજો વિભાગ છે સહકાર વિભાગ એની હું વાત કરીશ. જે પ્રકારે શાહુકારો પઠાણી ઉઘરાણી કરતા હતા એને લઇને કેટલાય એવા કિસ્સાઓ હતા કે જેમણે પોતે પોતાના ઘરેણા લખાવી દીધા હોય, આમાંથી સહકારીતાનો જન્મ થયો અને મને કહેતા આનંદ થાય છે કે આજે આ ગુજરાતની અંદર ત્રીસ્તરીય ધીરાણ માળખું રાજયની અંદર છે એમાં એક રાજય સહકારી બેંક, ૧૮ જિલ્લા સહકારી બેંકો એની સાથે ૯૪૪૦ પ્રાથમિક સહકારી મંડળીઓ અને ૭૯હજાર જેટલી રાજયની કુલ મંડળીઓ આવેલી છે. જેના મારફતે છેવાડાના આદિજાતિ ખેડૂત હોય, નાનો ખેડૂત હોય એવાને આ ધિરાણ ત્યાં પહોંચતું કરીને આવા લોકોને મદદ આ રાજ્ય સરકાર કરી રહી છે. ૨૦૧૯ના અંતિત ચાલુ વર્ષે આ સંસ્થાઓ એટલે કે સહકારી ધિરાણ માળખા દ્વારા રૂ.૧૨,૩૧૩.૫૮ કરોડનું ટૂંકી મુદતનું પાક ધિરાણ અને રૂ.૧૬૯૯.૧૭ કરોડનું મધ્યમ મુદતનું ધિરાણ આ રાજ્ય સરકારે સહકારી બેંકો દ્વારા કર્યું છે. ખેડૂતોને પાક ધિરાણ ઉપર રાહત આપવા માટે પણ મને કહેતા આનંદ થાય છે કે જે પ્રકારે સરકારે અને કેન્દ્ર સરકારે ખેડૂતોને સસ્તા ભાવે ધિરાણ મળે, આમ સાત ટકાના દરે ખેડૂતોને ધિરાણ મળે છે આના માટે પણ ચાર ટકા ગુજરાત સરકાર રાહત આપે છે અને ૩ ટકા કેન્દ્ર સરકાર રાહત આપે છે. આમ સમયસર ભરે તો એને ઝીરો ટકામાં, વગર વ્યાજે આવા ખેડુતોને ધિરાણ મળે છે. જેથી ખેડૂતોને વ્યાજનું પણ ભારણ ઘટાડવામાં સરકારશ્રી તરફથી પ્રયાસ થઇ રહ્યો છે. જે પ્રકારે અન્ય ગોડાઉનની પણ વાત કરું કે જ્યારે ખેડૂતોનો માલ ખેતરમાંથી ઘરે આવે તો એની પાસે ગોડાઉનની વ્યવસ્થા ન હોવાથી તાત્કાલિક વેચી દેવું પડતું હોય છે ત્યારે એનું અનાજ બગડે નહીં, અનાજ સડે નહીં, અનાજ પલળે નહીં અને એ બજારમાં સસ્તા ભાવે વેચી ન દે એના માટે સ્ટોરેજ ગોડાઉન જો હોય તો એના માટે ખેડૂતને પોતાને જરૂર હોય તો પ્રાઇવેટ પણ એને આપવામાં આવે છે અને સહકારી મંડળી દ્વારા પણ આ ગોડાઉનો બનાવવા માટેની સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે. કેન્દ્ર સરકારશ્રી દ્વારા પણ દેશની ૬૩૦૦૦ જેટલી કાર્યરત પ્રાથમિક ખેતી વિષયક ધિરાણ મંડળીઓને પણ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક સાથે કોર–બેંકિંગ સિસ્ટમથી કોમ્પ્યુટરાઇઝ કરવામાં આવી રહી છે. આગામી ત્રણ વર્ષના સમયગાળામાં સાગબારાની યોજનામાં જોડાવા માટે મંડળી દીઠ કેન્દ્ર સરકારનો ફાળો ૬૦ ટકા, રાજ્ય સરકારશ્રીનો ફાળો ૩૫ ટકા અને પાંચ ટકા માત્ર મંડળીએ ભરવાના હોય છે. આ અંગે રાજ્ય સરકાર દ્વારા આ ચાલુ વર્ષની અંદર ૭૦કરોડની જોગવાઈ પણ કરવામાં આવી છે. એજ રીતે એ.પી.એમ.સી.ની વાત કરીએ તો આમાં ૨૨૪ જેટલા મુખ્ય યાર્ડો આવેલા છે. ૧૭૬ સબયાર્ડો આવેલા છે. આમ મળીને કુલ ૪૦૦ જેટલી બજાર સમિતિઓ આવેલી છે. આ બજાર સમિતિઓ પૈકી ૪૫ જેટલી બજાર સમિતિઓ આદિજાતિ વિસ્તારમાં આવેલી છે. મને કહેતા આનંદ થાય છે કે આદિવાસી વિસ્તારમાં જે ખેડૂતો છે એમને પોતે માર્કેટ યાર્ડ સુધી લાવવા માટે ટ્રાન્સપોર્ટ સબસિડી પણ એક ટને ૫૦૦ રૂપિયા આપીને આવા આદિવાસી ખેડૂતોને પણ મદદરૂપ થઇને પ્રોત્સાહન આપવાનું કામ પણ કરી રહેલ છે. એ જ રીતે ઇ–નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ દ્વારા પણ બદલાતા જતા સમયને ધ્યાને રાખીને ટેકનોલોજીનો ઉપયોગથી આ ખેડૂતોને ખેત ઉત્પાદનમાં વધુને વધુ પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે યુનિફાઇડ ઇ–માર્કેટની વ્યવસ્થા માટે ભારત સરકારશ્રી દ્વારા ઇ–નેશનલ એગ્રીકલ્ચર માર્કેટની રચના કરવામાં આવેલી છે. હાલમાં રાજયની ૭૯ બજાર સમિતિઓને આ ઇ–નામ સાથે જોડવામાં આવેલી છે. એના લીધે આ રાજયનો ખેડૂત એ અન્ય રાજયના લોકોની સાથે પણ વાત કરીને તેને પોતાનો માલ વેચી શકે એ પ્રકારની વ્યવસ્થા આ ઇ–નામ દ્વારા થઇ રહી છે. તેજ રીતે આ શ્વેતક્રાંતિની મિશાલ સમી આ મહિલાઓનો પણ જેમાં

મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે એવી દૂધ મંડળીની સહકારી પ્રવૃત્તિઓ ચાલી રહી છે ત્યારે રાજ્યમાં અત્યારે ૨૪૦૦૦ દૂધ સંઘો આવેલા છે. ૧૬૦૦૦ દૂધ ઉત્પાદન સહકારી મંડળીઓ આવેલી છે. ૩૬,૦૦,૦૦૦ લાખ જેટલા પશુપાલકો અંદર સભાસદો છે. ૨૫ લાખ દૂધ ઉત્પાદક સભ્યો છે. એ પૈકી ૨૪ લાખ સભાસદોએ બેંકમાં પોતાના ખાતા પણ ખોલાવ્યા છે. મને કહેતા આનંદ થાય છે કે રોજનું બે કરોડ લીટરથી પણ વધારે દૂધ આ રાજ્યના પશુપાલકો ભેગું કરે છે અને દરરોજના ૮૫ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ આ ખેડૂતોના હાથમાં દરરોજ આવે છે. આ જે ફેડરેશન છે એ અમૂલ બ્રાન્ડ સમગ્ર વિશ્વમાં ફેલાયેલી છે. આપણે જોઇએ છીએ કે વિવિધ દેશોમાં ચીઝ, પનીર, ચોકલેટ, આઇસ્ક્રીમ જેવી બનાવટો બનાવીને ૬૦ જેટલી પ્રોડકટો આ અમૂલ બ્રાન્ડ બનાવીને વેચતા થયા છે. એ જ રીતે મારા ખાંડ ઉદ્યોગ સંઘની વાત કરીશ. રાજ્યમાં ૨૪ જેટલા ખાંડના કારખાના આવેલા છે. શ્રી અક્ષયભાઇએ અત્યારે વાત કરી કે વડોદરા સુગરની આર્થિક સ્થિતિ બગડવાને લઇને જે પ્રકારે નાયબ મુખ્યમંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીની દોરવણી હેઠળ નર્મદા સુગર ફેકટરીને ટેક ઓવર કરીને એ ચાલે એ પ્રકારના પ્રયત્નો રહ્યા છે. શેરડીની વાત કરું તો ભૂતકાળમાં એટલે કે ૮ મહિના પહેલા ખાંડના ભાવો સતત નીચા જવાના કારણે ૨૪-૨૫ રૂપિયા ખાંડનો ભાવ હતો ત્યારે મને કહેતા આનંદ થાય છે કે આઝાદી પછી પહેલી વાર ખાંડના ટેકાના ભાવ જો નક્કી કર્યા હોય તો આપણા શ્રી નરેન્દ્રભાઇએ ૩૧ રૂપિયા ટેકાનો ભાવ નક્કી કરીને એથી નીચે વેચે તો એના વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવે અને ભાવ જળવાઇ રહે અને એના લીધે ખેડૂતોને ભાવ ખૂબ સારા મળ્યા છે. જે પ્રકારે શ્રી વિરજીભાઇએ વાત કરી કે ઓડિટ સમયસર થતું નથી. ઓડિટની પ્રક્રિયા સતત ચાલતી આવતી પ્રક્રિયા છે. ૭૧ ટકા ઓડિટની કામગીરી પૂર્ણ થઇ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપનો સમય આમ તો પૂરો થાય છે.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સમાપન તરફ જઇ રહ્યો છું. ગ્રામ્ય વિસ્તાર ઉપરાંત શહેરી વિસ્તારમાં સહકારી ક્ષેત્રનું મહત્વનું પ્રદાન છે. આ ઉપરાંત વિકાસ અને આધુનિકરણનો સુભગ સમન્વય એવા સહકાર ક્ષેત્ર તેમજ ગુજરાતના યુવાધનને ખેલકૂદ સાથે નવી ઊંચાઇઓ આંબવા હર હંમેશ કાર્યરત, કલા વારસાના સંવર્ધનમાં સહભાગી એવા રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે જે માગણીઓ રજૂ થઇ છે અને માનનીય સભ્યશ્રીઓએ કાપ દરખાસ્ત રજૂ કરી છે તે પરત ખેંચવા અને બન્ને વિભાગની માગણીઓ લઇને આવ્યો છું તે સ્વીકારીને મંજૂર કરવા આ સભાગૃહના તમામ માનનીય સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારનું અમારું બજેટ રૂ.૨ લાખ કરોડ ઉપરાંતનું મેં નાણામંત્રી તરીકે રજૂ કર્યું છે અને એ બજેટમાંથી મોટો હિસ્સો એ સૌ પ્રથમ શિક્ષણ વિભાગને મળ્યો છે. બીજા નંબરનો હિસ્સો લગભગ શહેરી વિકાસ વિભાગને મળ્યો છે. આજે જે માગણીઓ મેં સન્માનનીય ગૃહમાં રજૂ કરી છે તે ૧૩,૧૪૯ કરોડ રૂપિયા, એટલે કોઇ કદાચ આંકડો જલ્દી સરળતાથી પચાવી ન શકે, ઉતરી ન શકે એવડો રૂ.૧૩,૧૪૯ કરોડનો ખર્ચ આ એક વર્ષ દરમિયાન ગુજરાતની અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર સવા છ કરોડ ગુજરાતમાંથી લગભગ ૪૫ ટકા ગુજરાતીઓ જે ૧૬૨ નગરપાલિકાઓ અને ૮ મહાનગરપાલિકાઓમાં રહે છે એમની સુખાકારી અને એમની સગવડોમાં વધારો કરવા માટે, એમના આરોગ્યની જાળવણી માટે, એમના શિક્ષણની વ્યવસ્થા માટે, એમના આનંદ પ્રમોદની વ્યવસ્થા માટે, ગરીબોના ઘર માટે, બાળકોની આંગણવાડીઓ માટે આ બધા સમાજ ઉપયોગી કામો માટે કે જેનો દરેકને લાભ મળવાનો છે એવો ખર્ચ અમારી સરકાર દ્વારા ગુજરાતની ૪૫ ટકા જેટલી જનતા માટે શહેરી વિકાસ વિભાગ દ્વારા અમે કરવાના છીએ. હું ૨૦ વર્ષ સુધી નગરપાલિકાનો સભ્ય રહેલો છું. સૌથી પહેલા ૧૯૭૭માં ૨૧ વર્ષની ઉંમરે હું કડી નગરપાલિકાનો સભ્ય ચૂંટાયેલો. એ વખતે ગુજરાતમાં કોંગ્રેસની સરકાર હતી. હું કોઇપણ રાજકીય ટીકાથી દૂર રહી અને સત્ય અને વાસ્તવિક જે હકીકતો છે એના ઉપર સન્માનનીય સભ્યોનું ધ્યાન દોરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, ઓકટ્રોય, જકાતની ઘણાં યુવાન મિત્રોને અને નવી પેઢીવાળાને તો ખબર નહીં હોય કે જકાત કેવી રીતે લેવાતી હતી? ટ્રાન્સપોર્ટરોને, વેપારીઓને કેટલી તકલીફ અને હાડમારીઓ હતી? જકાતમાં કેટલા પ્રકારની ગેરરીતિઓ થતી હતી? વાહનોની લાઇનો અમદાવાદ, સુરત, વડોદરા જેવા શહેરોમાં લાગી જતી હતી. ટ્રાફિક જામ થઇ જતો હતો એની કોઇને કલ્પના નહીં હોય. સાહેબ, અમે એમને એમ નથી કહેતા કે અમે ગુજરાતને મોડેલ રાજ્ય બનાવ્યું છે. આ શ્રી હિંમતસિંહ હાલ આવીને બેઠા છે એ અમદાવાદ શહેરના મેયર હતા. એમને ખબર છે કે, જ્યારે અમદાવાદ શહેરમાં ઓકટ્રોયની પ્રથા હતી ત્યારે કેટલા ગંભીર પ્રશ્નો હતા. અમે જે નિર્ણયો કરીએ છીએ એ પ્રજાલક્ષી નિર્ણયો કરીએ છીએ. અમારી સરકારે પહેલા નગરપાલિકાઓમાંથી ઓકટ્રોય નાબૂદ કરી અને સામે નગરપાલિકાઓને સરકાર તરફથી વળતર આપવાની શરૂઆત કરી. નગરપાલિકાઓની ઓકટ્રોય નાબૂદ થઇ. સફળતાપૂર્વક એનો અમલ થયો. એ પછીના વર્ષોમાં અત્યારના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે આવ્યા. એમણે નિર્ણય કર્યો કે નગરપાલિકાઓની જેમ જ મહાનગરપાલિકાઓમાંથી પણ ઓકટ્રોય નાબૂદ કરો. સાહેબ, અમે સફળતાપૂર્વક નાબૂદ કરી. એ વખતે શરૂઆતમાં દેશમાં લગભગ પહેલું અથવા બીજું, રાજ્ય ગુજરાત હતું કે જેણે ગુજરાતમાંથી એકટ્રોય નાબૂદ કરી હોય. સાહેબ, આ કોંગ્રેસના મિત્રો સલાહ તો આપે છે. ધારાસભ્ય તરીકે એમને સલાહ આપવાનો અધિકાર પણ છે પણ એ વખતે કોંગ્રેસની કોઇ સરકારને, કોઇ મુખ્યમંત્રીને એવો વિચાર ના આવ્યો કે આપણે ગુજરાતમાંથી ઓકટ્રોય નાબૂદ કરીએ. આ શ્રી નિરંજનભાઇ પણ મારી જોડે પેટલાદ નગરપાલિકાના પ્રમુખ હતા, હું પણ નગરપાલિકામાં પ્રમુખ હતો. બીજા પણ પ્રમુખશ્રીઓ હશે. હું અત્યારે નામ નહીં

દઉં. અમારા શ્રી કિશોરભાઇ પણ વેજલપુર નગરપાલિકા અમદાવાદમાં નહોતું ભળ્યું એના પ્રમુખ હતા. સાહેબ, નગરપાલિકાને ગ્રાન્ટના નામે કોંગ્રેસની સરકાર તરફથી (અંતરાય)..

અધ્યક્ષશ્રી : ધારાસભ્ય બનતા કેટલો સમય જાય છે પછી એનો વિચાર કરજો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હા, જી. સાહેબ.

અધ્યક્ષશ્રી : કેટલો ભોગ આપવો પડે છે એનો પણ સાથે સાથે વિચાર કરજો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, અમે તો ઘડાતાં ઘડાતાં આવ્યાં છીએ. શ્રી પંકજભાઇ પણ નડિયાદ નગરપાલિકામાં હતા. અમારા શ્રીમતી વિભારીબેન ભાવનગરના મેયર હતા. એવા ઘણાં સભ્યશ્રીઓ હશે..

અધ્યક્ષશ્રી : પછી ચૂંટણી ના લડે કાં તો રિટાયર્ડ થઇ જાય અથવા હારી જાય પછી એમની કાળજી કરજો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, આપનો પ્રેમ અને લાગણી શ્રી નિરંજનભાઇ માટે ઘણી વધારે છે અને શ્રી નિરંજનભાઇને બધા સભ્યો માટે છે. એટલે વારંવાર એક જ મુદ્દાનો કાર્યક્રમ હોય તો શ્રી નિરંજનભાઇને છે. હમણાં બપોરેય સાહેબ, રિશેષ પડી અને આપ અંદર ગયા અને શ્રી નિરંજનભાઇ કોઇ વાત લઇને અહીંયા આવ્યાં હતા તે હું નહીં કહું. એમની વાત ધારાસભ્યલક્ષી હોય છે. એટલે મારે કહેવાનું એ છે કે, બધા પક્ષના ધારાસભ્યો નગરપાલિકામાં રહી ચૂક્યા છે. સાહેબ, ઓકટ્રોય હતી. સરકાર તરફથી નોમીનલ ગ્રાન્ટ મળતી હતી. સાહેબ, હું એવી નગરપાલિકાઓને જાણું છું, નામ નહિ દઉં, કોઇની પ્રતિષ્ઠા ઉપર આપણે દાવ નહીં લગાવીએ પણ સાહેબ, સફાઇ કામદારોનો પગાર પણ ૩-૪ મહિને ના કરી શકે. બીજા કર્મચારીઓ તો પછી એવી નગરપાલિકા પણ કોંગ્રેસના રાજમાં હતી. એ નગરપાલિકાઓ દેવાદાર હતી. સાહેબ, મને ખબર છે કે જી.ઇ.બી.નું જો લાઇટબિલ ના ભરાય તો અમારે તો ઉત્તર ગુજરાતમાં ટ્યૂબવેલ ૪૦, ૫૦, ૬૦ હોર્સપાવરની મોટરો ચાલે. લાખો રૂપિયા વીજળીનું બિલ આવે, હજારો સ્ટ્રીટ લાઇટના થાંભલા, એનું બિલ આવે. કેટલીયે નગરપાલિકાઓના લાઇટબિલ, વીજળીનું બિલ નહીં ભરી શકવાને કારણે કનેકશન કપાઇ જતા હતા. આ કોંગ્રેસ સરકારના વખતની નગરપાલિકાઓની શ્રી પુંજાભાઇ, હવે કોઇ તમારા જેવા વહીવટમાં બેઠા હોય અને સારો વહીવટ ના કરે તો કપાઇ પણ જાય એમાં અમે શું કરીએ? અમે શું આપ્યું એ કહીએ છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, શ્રી નીતિનભાઇને છેડશો નહીં હોં. નહીં તો એ છોડશે નહીં. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : શ્રી પુંજાભાઇ, અત્યારે મારી પાસે આ વિભાગ નથી, નહીંતર કયાં કોનું રાજ છે મને ખબર છે. શ્રી વિમલભાઇ હમણા અહીંયા બોલતા હતા. ચોરવાડ નગરપાલિકામાં એ પોતે પ્રમુખ હતા કે છે (અંતરાય) એમના મિસિસ? આપણે ત્યાં પત્નીઓને પતિ જ ગણાય છે બધું જેમ સરપંચ પતિ એમ નગરપાલિકાના, સરપંચ પ્રમુખ બહેન હોય એમના પતિ જ હોય. બોર્ડમાં ખાલી ખુરશીમાં બહેન બેઠા હોય. બાકી બધા નિર્ણયો પતિશ્રીઓ જ કરતા હોય છે એટલે આ ચોરવાડ નગરપાલિકામાં (અંતરાય)

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : આ બહેનોનું અપમાન છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હું કોઇનું અપમાન કરતો નથી તમારે જે માનવું હોય તે માનો.

અધ્યક્ષશ્રી : શ્રી વિરજીભાઇ, આ બધી લાઇટર મોડમાં વાત થઇ રહી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : શ્રી વિરજીભાઇ, આ બધું હળવાશમાં છે. અમરેલી જિલ્લા પંચાયતમાં મને ખબર છે કે આપની દીકરી મને લાગે છે કે જિલ્લા પંચાયતના પ્રમુખ છે કે (અંતરાય) હતા. હવે એ વખતે હું ઊંડો નહીં ઊતરું. વહીવટ તમે કરાવતા હતા કે બહેન, અમારી દીકરી કરતી હતી એ પાછું મારે જોવડાવવું પડશે એટલે કહું છું કે આ સાહેબ કહે છે એ બરાબર કહે છે બધું. (અંતરાય) તપાસ કરાવીશું.

અધ્યક્ષશ્રી : આ તમે આપ્યું એટલે આ પકડાયું ને? (અંતરાય) બહુ જ લાઇટર મોડમાં છે પ્લીઝ આપણે હસતા હસતા. (અંતરાય)

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસ પક્ષ કયાં કયાં વહીવટ કરે છે એનું જેટલું ધ્યાન અમારા ઉપર રાખે છે એટલું ધ્યાન બજેટના અમલીકરણ ઉપર રાખે તો વધારે સારું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ચોકકસ. આભાર. એમાં પણ શ્રી હિંમતભાઇ, મારા વિભાગની માગણી આવશે ત્યારે હું કહીશ, અગાઉ કહી ચૂકયો છું. સાહેબ, ગયા વર્ષે જે બજેટ હતું એ બજેટની મોટાભાગની રકમોનો આપણે ઉપયોગ કર્યો છે અને અમારા શ્રી ઇશ્વરભાઇએ કહ્યું કે અમે રમતમાં આટલું બધું કર્યું. તમારા વખતે સરકાર તરફથી એક ક્રિકેટનું બેટ કે ટેનિસ બોલ પણ છોકરાઓને આપવામાં આવતો નહોતો. બૂચબોલથી રમવું પડતું હતું. અમારી સરકારે, અમારા મંત્રીશ્રી ઇશ્વરભાઇએ કેટલા બધા જિલ્લાઓમાં રમત ગમતના કેમ્પસ બનાવ્યા. સ્ટેડિયમ બનાવ્યા. એક એક જિલ્લા દીઠ રમત ગમતના મેદાન બનાવ્યા. તમે જઇને જુઓ તો ખરા. શ્રી હિંમતભાઇ, આપ તો અમદાવાદના છો. ખોખરામાં જઇને જોઇ આવો માનનીય નરેન્દ્રભાઇએ ઇન્ટરનેશનલ કક્ષાનું સ્ટેડિયમ અમદાવાદમાં બનાવ્યું. શ્રી વિરજીભાઇ સવારે કહેતા હતા વિષય મારો નથી પણ વિષય નીકળ્યો છે એટલે કહું કે અમે આ સ્ટેડિયમ બનાવ્યું, અમારા રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહ જે ગુજરાત ક્રિકેટ એસોસિએશન સંભાળતા હતા. અત્યારે બની રહ્યું છે લગભગ પૂરું થવા આવ્યું. ટૂંક સમયમાં ઉદ્‌ઘાટન કરીશું તમને બધાને બોલાવીશું એક લાખની કેપેસીટીનું દુનિયાનું મોટામાં મોટું ક્રિકેટ સ્ટેડિયમ અમારા શ્રી અમિતભાઇ સાહેબે મોટેરામાં બનાવી દીધું છે અને શ્રી ઇશ્વરભાઇએ નથી કહ્યું, હું કહું હમણાં જ શ્રી અમિતભાઇ આવ્યા હતા. અમારે ત્યાં મિટીંગ થઇ. શ્રી અમિતભાઇએ એમને

નિમંત્રણ આપ્યું. કોર્પોરેશનને, શિક્ષકોને, વિદ્યાર્થીઓને અને ખાસ કરીને શ્રી અમિતભાઇ એ એમ કહ્યું કે જે અમદાવાદ શહેરની નગર શિક્ષણ સમિતિ એટલે કે કોર્પોરેશન જે સ્કૂલો ચલાવે છે, અમદાવાદમાં મેદાન નથી વાત સાચી. શ્રી બળદેવજીએ કીધું એ વાત સાચી. કેટલાય શહેરો એવા છે કે રમત ગમતના મેદાનો નથી પણ અમારા રાષ્ટ્રીય અધ્યક્ષની ઉદારતા તમે જુઓ. એમાં કોઇ આંકડો ભૂલી ન જતો હોઉં તો લગભગ ૩૨ જેટલી રમતો મોટેરા સ્ટેડિયમમાં રમતગમત માટેની વ્યવસ્થા કરી છે. સાહેબ, કહેવાય ક્રિકેટ સ્ટેડિયમ, પણ ૩૨ પ્રકારની રમતોની ત્યાં વ્યવસ્થા છે. શ્રી અમિતભાઇએ અમદાવાદના કમિશનર વિજય નહેરાને મારી હાજરીમાં કહ્યું તમે અમદાવાદની પ્રાથમિક શાળાના બાળકોને અમારે ત્યાં રમવા માટે મોકલજો. અમે વિધાઉટ કોસ્ટ, ફ્રી ઓફ ચાર્જ અમદાવાદના લાખો ગરીબ અને મધ્યમ વિદ્યાર્થીઓને ત્યાં રમત ગમત માટે વ્યવસ્થા આપીશું. આ અમારી..

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, ૩૫-૩૫ કરીને બે વારમાં લઇ જજો.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : ગુજરાતનું સૌથી મોટું ઐતિહાસિક લાલ બહાદુર શાસ્ત્રી સ્ટેડિમ ગુજરાતનું સૌથી મોટું અને સૌથી જૂનું છે. જરા એના ઉપર ધ્યાન રાખજો મારી વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સૌથી મોટું ન કહેવાય. હવે તળાવ થઇ ગયું છે. મારે એમ ના કહેવું જોઇએ.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : તમે એક વખત વિઝિટ કરો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આપની વાત સાચી છે. હું પછી કહીશ તો મને એમ કહેશો કે.

અધ્યક્ષશ્રી : ના કહેશો, ના કહેશો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, આ મત બેન્કની રાજનીતિ જુઓ. એ શાસ્ત્રી સ્ટેડિયમમાં દબાણો થઇ ગયા અને અમદાવાદનું મોટામાં મોટું ઐતિહાસિક ચંડોળા તળાવ ૮૦ ટકા એમાં બાંગ્લાદેશી બહારના લોકોએ દબાણ કરી દીધું. મત લેવા માટે કોઇ કશું કહેતા નથી. એ આપણા માટે દુ:ખદ છે. જો સત્યથી બધા ટેકો કરે. અમે દબાણો હટાવવા જઇએ તો બે જણા ઊભા રહે. આ તો ગરીબો છે, આ તો ફલાણા છે, ફલાણા છે. એમ કરી ટીમો પાછી મોકલે છે. આપણા જ લોકો આપણા દેશને, આપણી રાષ્ટ્રીય મિલકતોને, આપણી મહાનગરપાલિકાની મિલકતો, આપણા શાસ્ત્રી સ્ટેડિયમને, ચંડોળા તળાવ જેવી મિલકતોને નુકસાન કરવામાં આપણો વત્તો ઓછો ભાગ છે, એ આપણે સ્વીકારવું પડે. રાજકારણીઓ વચમાં ન આવે, બધુ વહીવટી તંત્ર ઉપર પ્રમાણિકતાથી છોડી દઇએ તો અમદાવાદમાં મારા અંદાજ પ્રમાણે ૫ અબજ કરતા વધુ રૂપિયાની મિલકત મહિનામાં અમારા શ્રી પ્રદીપસિંહજી પોલીસનું રક્ષણ આપી હાલ છૂટી કરાવી દે. આપણે નથી કરાવતા. (અંતરાય) તમારો ટેકો છે. અમરેલીથી શરૂઆત કરીશું શ્રી વિરજીભાઇ, કરીને બતાવીશું. વડોદરામાં કર્યું હતું, સુરતમાં કર્યું હતું. તો રેલી કાઢી, મોબ લિન્ચિંગના નામે રેલીઓ કાઢી. શહેરમાં શાંતિ હોય તો તોફાન થાય તેવા પ્રયત્નો કર્યા. ભાષણો કર્યા. ગુજરાતને બદનામ કરવાની અમુક લોકો સહેજ પણ તક જતી કરતા નથી. એમાં બધું આવી જાય છે.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ મેં એમ કહ્યું ના કહેશો. આપ એવું સમજ્યા ના, કહેશો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એવું હું સમજ્યો. આપના આદેશ પ્રમાણે મેં કહી દીધું. હું મૂળ વાત ઉપર આવું. આપણે પ્રજાની સુખાકારી કરવી છે. ગુજરાતમાં શહેરોમાં બે રીતે વસતિ વધતી જાય છે. એક ગામડામાંથી શહેરોમાં સ્થળાંતર થાય. બીજું, બીજા રાજ્યોમાંથી રોજીરોટી, ધંધો રોજગાર માટે દર વર્ષે લાખો લોકો ગુજરાતમાં આવે છે. બીજું, જે કહેવું હોય તે કહો, પણ ગુજરાતના વિકાસ એ કોઇ નકારી શકશે નહીં. આજે સુરત જાવ. ગુજરાતની રોજગારીની વાતો કરે છે. સુરતમાં આવતી બીજા રાજ્યની ટ્રેનો. હું રાજ્યના નામ નહિ બોલું. તમે ટ્રેન પાસે ઊભા રહો. દરરોજની આવતી ટ્રેનમાંથી પાંચસો, હજાર ભાઇ-બહેનો, ગરીબો, આપણા દેશના ભારતીય નાગરિકો, માથે ટોપલા લઇ, હાથમાં બેગ, કેડે છોકરો લઇ ખાલી હાથપગે કહેવાય એ રીતે ગરીબો આવે છે. હું અમારા શહેરી વિકાસ વિભાગને અભિનંદન આપું છું. અમારા સુરત, અમદાવાદ, વડોદરા જેવા મહાનગરોના નાગરિકોને કે દેશના કોઇપણ રાજ્યમાંથી આવેલ ગરીબ ભારતીયોને પોતાનામાં સમાવી લે છે. એમને વ્યવસ્થા આપે છે. અહીંયાં મકાનની વાત શ્રી બળદેવજીભાઇએ કરી. કલોલનું હું જોઇ આવીશ. નજીક જ છે. અમે બંને સાથે જોઇશું. અમે પ્રધાનમંત્રી આવાસ યોજના, મુખ્યમંત્રી આવાસ યોજના, આપણું ગુજરાત હાઉસિંગ બોર્ડ એ મકાનો બનાવે, કોર્પોરેશન મકાનો બનાવે. મારી બધા જ મિત્રોને વિનંતી છે કે તમે કહો તે શહેર, તમે કહો તે યોજના, આપણા વિધાનસભાની સંયુક્ત બંને પક્ષની કમિટી બનાવીએ અને છેલ્લાં ૫ વર્ષમાં અમે ગરીબો માટે, મધ્યમ વર્ગ માટે જે મકાનો બનાવ્યા છે. તમે જોવા જાવ તો તમને રહેવાનું મન થઇ જાય.

અધ્યક્ષશ્રી : તમે ના ના પાડશો. ઓફર કરી છે. ના ના પાડતા.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હા, સાહેબ, અમે ઓફર કરીએ છીએ. તમે કહો ત્યાં જઇએ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : એમએલએ હોસ્ટેલ... (બેઠા બેઠા)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, એકલા મકાન નહીં. મેં પરમ દિવસે જ..

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : સાહેબ, આપણે એમએલએ હોસ્ટેલમાં જઇએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એમએલએ હોસ્ટેલ ગરીબ આવાસ નથી. એમએલએ હોસ્ટેલ પ્રધાનમંત્રી આવાસમાં આવતી નથી. મારી માર્ગ મકાનની ચર્ચામાં આપણે વાત કરીશું. સાહેબ, આમને કશું છોડવું જ નથી. બધી જગ્યાએ લ્હાવો લેવો છે.

અધ્યક્ષશ્રી : ના, થોડીક સુવિધા તો જોઇએ.
શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, હું કરી આપીશ.
અધ્યક્ષશ્રી : કરી આપશે. કરી આપશે એમ કહ્યું.
શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, જોઇ લઇશું. સરકારી કર્મચારીઓના ક્વાર્ટર...
અધ્યક્ષશ્રી : આજે માનનીય નીતિનભાઇ ખૂબ ખુલ્લા દિલથી હળવાશના મૂડમાં છે. જે માગવું હોય એ માગી લો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સર્વપક્ષીય કમિટીનું કહું છું. સાહેબ, જુઓ સદસ્ય નિવાસમાં પછી કહશો તો પાછું ખોટું ના લગાડતા. હું એ વિરોધપક્ષમાં રહેલો છું. શ્રી વિરજીભાઇ અને હું ૧૯૯૦માં એક ફ્લેટમાં સદસ્ય નિવાસમાં રહેતા હતા. તે વખતે પંખા સિવાય કશું ન હતું. આ ભાજપની સરકાર આવી ટીવી આપ્યા, એરકન્ડીશન આપ્યા અને બધી વ્યવસ્થા કરી આપી. આપણી સદસ્ય નિવાસ સમિતિ છે. તે સમિતિમાં ચેરમેન બે પક્ષમાંથી ગમે તે હોય, જેમણે જે રજૂઆત કરી તે બધું આપણે મારા વિભાગ તરફથી, માર્ગ મકાન વિભાગ તરફથી મંજૂર કર્યું છે. વધુ સમય નહીં લઉં. શહેરની સુખાકારી, સ્વચ્છતા, સગવડો, ગરીબોના મકાન, રસ્તા આ બધું કરવા માટે ૧૩૧૪૯ કરોડ રૂપિયા અમે ખર્ચ કરવાના છીએ. તેમાં સૌથી પહેલી શરૂઆત તો સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી આવાસ યોજનાથી કરી હતી. તે પણ શરૂ કરેલું અને માનનીય નરેન્દ્રભાઇની દીર્ઘ દષ્ટિનો જેટલો આભાર માનીએ અને અભિનંદન આપીએ એટલો ઓછો છે. વર્ષ ૨૦૧૦માં ગુજરાતની સ્થાપનાને ૫૦ વર્ષ થતા હતા ત્યારે કેબિનેટમાં ચર્ચા થઇ. મોદી સાહેબે ગમ્મત કરી કે આપણે આ ઉજવણી કેવી રીતે કરીશું તે કહો. કોઇએ કહ્યું સભા કરીએ, કોઇએ કહ્યું સભારંભ કરીએ, કોઇએ કહ્યું આ રીતે પાર્ટી રાખીએ, ડાયરા કરીએ વગેરે વગેરે સાહેબ. મોદી સાહેબે બધી વાતોની ના પાડી દીધી અને સાહેબે એમ કહ્યું કે, ગુજરાતની સ્વર્ણિમ જયંતિને આપણે વિકાસ સાથે જોડવી છે. આખા ગુજરાતના શહેરોની અંદર સ્વર્ણિમ જયંતિ રથ ફેરવ્યો હતો. અમે બધા ફર્યા હતા. તે વર્ષે ૨૦૧૦માં ૭૦૦૦ કરોડ રૂપિયા સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજનામાં આપીને તેની શુભ શરૂઆત કરી હતી. કોઇ ઉજવણી, જલસા નહીં, કોઇ ખાણીપીણી નહીં. પ્રજાકીય કામો જ કરવાના. નાની નાની ડ–વર્ગની અને બ–વર્ગની નગરપાલિકાઓ હોય તેને સાધનો આપવાના, પીવાનું પાણી, રસ્તા, પાણીની ટાંકીઓથી શરૂ કર્યું અને તે યોજના આજે પણ અમારા મુખ્યમંત્રી વિજયભાઇએ ચાલુ રાખી છે. તે યોજના નીચે ૨૦૧૮–૧૯ સુધીમાં ૩૦,૫૦૦ કરોડ રૂપિયા ગુજરાતની નગરપાલિકાઓને ભારતીય જનતા પક્ષની સરકારના ગુજરાતના બજેટમાંથી આપ્યા છે. ટાઉનહોલ બનાવવાનું અહીં કોઇએ કહ્યું છે, કોઇએ રમતગમતની વ્યવસ્થા માટે કહ્યું તો સાહેબ આગવી ઓળખ આ યોજનાનું નામ જ છે. દરેક નગરપાલિકાને વસતીના પ્રમાણે ૩ કરોડની આજુબાજુની રકમ સરકાર આપે અને તમારા શહેરમાં શું બનાવવું છે, ટાઉનહોલ કે રમતગમતનું મેદાન બનાવવું છે, કોઇ બીજી વ્યવસ્થા ઉભી કરવી છે તો તે તમે ઇચ્છો તેમ ખર્ચ કરી શકો છો. ૩ કરોડ રૂપિયા ગુજરાત સરકાર આપે છે. આવું તો સાહેબ આખા ભારતની અંદર આજે પણ કોઇ રાજ્યમાં નથી. તેવા કામ માટે ૩૦,૫૦૦ કરોડ રૂપિયા અમે અત્યાર સુધી ફાળવ્યા છે. આ વર્ષે પણ ૪૮૯૪ કરોડ રૂપિયા એટલે લગભગ ૪૯૦૦ કરોડ રૂપિયા આ યોજના નીચે અમે નાની નાની અને મોટી નગરપાલિકાઓને આપવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ૫૪ મહાનગરપાલિકા અને ૨૧ નગરપાલિકાઓ એમ ૭૫ જગ્યાએ મેં મારા બજેટ પ્રવચનમાં પણ કહેલું કે ફ્લાય ઓવર બનાવવા છે. અમદાવાદ, નડિયાદ, પાટણ, મહેસાણા, પાલનપુર, વાપી, વલસાડ હોય, નવસારી હોય કે કોઇ પણ શહેર હોય ત્યાં ટ્રાફિક વધતો જાય છે. ગુજરાત સુખી થાય છે એનું પેરામિટર આ પણ છે. લોકોની ખરીદ શક્તિ જાય, ખેડૂત હોય, વેપારી, કારીગર હોય બધા ટુ વ્હીલર કે ફોર વ્હીલર વગરનું લગભગ હવે કોઇ ઘર બાકી રહ્યું નથી. ભગવાનના આશીર્વાદથી અને ગુજરાત સરકારના મોદી સાહેબની દીર્ઘ દષ્ટિથી હવે કોઇ ગુજરાતી લગભગ પોતાના વાહન વગર મોટે ભાગે બાકી નથી અને થોડું ઘણું બાકી છે એ અમે આવનારા વર્ષોમાં એક એક ઘરે વાહન હોય એ પ્રમાણેનો ગુજરાતનો વિકાસ કરવાના છીએ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ઇ–વાહન.
શ્રી નીતિનભાઇ ર. પટેલ : ઇ–વાહન પણ કરીએ છીએ. ઇ–રીક્ષા, પેટ્રોલ–ડિઝલ–સી.એન.જી. ગેસ કશું નહીં. સૂર્ય શક્તિ મેં પરમ દિવસે જ કહ્યું હતું કે, ભગવાન સૂર્ય નારાયણની શક્તિ આપણને મળી છે. સોલારનો પણ ઉપયોગ કરીએ અને વીજળીનો પણ ઉપયોગ કરીએ અને પ્લગ ભરાવીને બેટરી ચાર્જ કરી ૫૦ કિલોમીટર, ૧૦૦ કિલોમીટર જેવું વાહન શહેરમાં ચલાવી શકાય, કોઇ ધુમાડો નહીં, કોઇ પ્રદૂષણ નહીં કશું જ નહીં અને પર્યાવરણ સુધરે એને માટે અમે દસ દસ હજાર રૂપિયામાં કોઇ આવું વાહન ખરીદે તો ગુજરાત સરકાર સબસિડી આપે છે અને ભારત સરકાર પણ એમાં સબસિડી આપે છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કેન્દ્રના બજેટમાં પણ આ બાબત પર ભાર મૂક્યો છે કે પર્યાવરણને બચાવવું હોય, ધુમાડાથી બચવું હોય તો આપણે ઇ–રીક્ષાનો, ઇ–સ્કૂટર કે અન્ય ઇ–વ્હીકલનો ઉપયોગ કરવો જોઇશે. સાહેબ, પીવાનું પાણી પણ અમે આપીએ છીએ. શહેર વધી ગયું અને એમાં ગામડું આવી ગયું. મેં બજેટમાં કહ્યું હતું, હું રીપીટ નહીં કરું, એમાં પાણીની લાઇન, રસ્તા વગેરે નાંખવું હોય તો ૨૫૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્ર અને કચ્છમાં પાણીની તંગી વધારે હોય છે કારણ કે, નીચે ભૂગર્ભ સોર્સ ઓછો છે એટલે અમે ઘણાં રૂપિયા આપ્યા પણ ક્યાંક કોઇ વસ્તુ રહી જતી હોય અડધો કિલો મીટરની પાઇપ લાઇન રહી જાય, પાણીની ટાંકી રહી જાય તો એવું નાનું મોટું કામ પૂરું કરવા અને આખા શહેરને નિયમિત પાણી અપાય એ માટે ૨૦૦ કરોડ રૂપિયાની આ વર્ષે જોગવાઈ કરી છે. એવી જ રીતે ગરીબોને મકાનો આપવા વડા પ્રધાનશ્રીનું લક્ષ્ય છે કે, ૨૦૨૨ સુધીમાં ભારતના દરેક નાગરિકને પાકું રહેવાનું સુવિધાજનક મકાન મળે એ માટે અત્યાર સુધીમાં ૪ લાખ ૮૦ હજાર મકાનો અમે જે મંજૂર કર્યા છે એ પૈકીમાંથી ૧૨૪૮ કરોડ રૂપિયાની આ વર્ષે ફાળવણી કરી અને જે ૪ લાખ ૮૦ હજાર મકાનો મંજૂર કર્યા છે એમાંથી ૨ લાખ ૬૨ હજાર મકાન બનાવી ગરીબોને રહેવા માટે, મધ્યમ વર્ગને રહેવા માટે આપી પણ દીધા છે અને એ લોકો પરિવાર સાથે આનંદથી ત્યાં રહેવા માંડ્યા છે. એવી જ રીતે "સ્વચ્છ ભારત મિશન" મહાત્મા ગાંધીજીનો જે પ્રિય વિષય હતો કે ભારતને સ્વચ્છ રાખવું. ગાંધીજી પોતે પોતાનું શૌચાલય સાફ કરતા હતા અને દેશને સ્વચ્છ કરવાનું લક્ષ્યાંક મોદી સાહેબે પણ જે મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે ઉપાડ્યું છે એના માટે ૩૬૮ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. આપણે સમય સાથે પણ ચાલવા માગીએ છીએ, બીજા પક્ષની સરકાર વખતે ભલે ભૂતકાળમાં પાછળ રહી ગયા. હવે મેટ્રો ટ્રેનનો પહેલો ફેઝ તો ચાલુ કરી દીધો છે અને બીજા ફેઝનું કામ પૂરજોશમાં ચાલુ છે અને ટૂંક સમયમાં ગાંધીનગર–અમદાવાદનો બીજો ફેઝ અને સુરતમાં પણ મેટ્રો ચાલુ કરવાનું આપણું આયોજન છે. પહેલો ફેઝ અમદાવાદનો જે વડાપ્રધાનશ્રીએ લોકાર્પણ કર્યું એ હવે આગળ પશ્ચિમ અમદાવાદમાં આવે એનું પણ કામ અમે ચાલુ કરી દીધું છે. માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ પણ કહ્યું હતું અને આજે પણ કહું છું કે, સુરતમાં જે દુઃખદ આગની ઘટના બની આપણે બધા હચમચી જઇએ, આપણું હૃદય દ્રવી ઉઠે એવા દશ્યો આપણે જોયેલા છે પણ અમે એનો ઉપાય કર્યો છે. આ વખતે ફક્ત ફાયર બ્રિગેડ સિસ્ટમ નગરપાલિકા અને મહાનગરપાલિકાઓમાં વધુ મજબૂત બનાવવા માટે ૧૨૯ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. એમાં નવા ફાયર ફાઇટર, મોટા શહેરો માટે ઊંચી સીડી અને ટ્રેનિંગ અને માનવબળ, ફાયરમેન એ બધું જ આપવાના છીએ. એના માટે આ ૧૨૯ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. આવનારા વરસોમાં પણ એની જરૂરિયાત પ્રમાણે આગળ વધારતા રહીશું. માનનીય અધ્યક્ષશ્રી, અમૃત યોજના ભારત સરકારની છે.

અધ્યક્ષશ્રી : આ બધું શાંતિથી ચાલતું હોય ત્યારે કોઇ આગ ના લગાડે એટલું જોવાનું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હા સાહેબ, કોઇ આગ ના લગાડે. બધા મિત્રોને મારા ઉપર પ્રેમ છે એટલે મને શાંતિથી સાંભળે છે અને હું પણ મિત્રોને માહિતી જ આપું છું બીજું કંઇ કરતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારની અમૃત યોજના માટે આ વરસે આઠ મહાનગરપાલિકા અને ૨૬ નગરપાલિકાઓમાં ૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે અને આ યોજનામાં અત્યાર સુધીમાં ૪૮૮૪ કરોડના રૂપિયાના ૩૪૪ કામો મંજૂર કર્યા છે. એમાં પીવાનું પાણી, ભૂગર્ભ ગટર, વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા, વાહન–વ્યવહાર માટે સીટી બસ, આવી વ્યવસ્થા એ બધું આમાં આવી જાય છે. સાહેબ, અહીંયાં કોઇએ કહ્યું સ્માર્ટ સીટી. શ્રી મહેશભાઇએ જ કહ્યું કે તત્કાલીન વડાપ્રધાનશ્રી અમારે ત્યાં આવ્યા ત્યારે એમણે સ્માર્ટ સીટીની વાત કરી હતી. એમાં એમની થોડીક ગેરસમજ થઇ હશે. સ્માર્ટ સીટી એ મહાનગરોને આપણે જાહેર કરીએ છીએ. ભારત સરકાર તરફથી અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને આપણું આદિવાસી વિસ્તારનું મોટામાં મોટું દાહોદ શહેર છે એને સ્માર્ટ સીટી જાહેર કરવામાં આવ્યા છે અને એના માટે જે જુદી જુદી વ્યવસ્થાઓ છે એ એમાં કરીએ છીએ. આખા શહેરને બધી જ રીતે સુવિધાયુક્ત, આધુનિક, સુંદર ભવ્ય, સ્વચ્છ અને સલામત બનાવવાનું, આખા શહેરમાં સીસીટીવી કેમેરા વિગેરે લગાવવાનું આ બધું જ કામ ચાલુ છે. એના માટે આ વરસે ૫૯૭ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે અને કુલ આ બધા શહેરો માટે ૧૨,૩૨૧ કરોડ રૂપિયાની મદદ ભારત સરકાર આપશે. એટલે આ બધું અમે જે કહીએ છીએને મોદી સાહેબથી શું ફાયદો! આ બધા રૂપિયા ભારત સરકારમાંથી આવે છે. પહેલાંની સરકાર વખતે એક એક રૂપિયા માટે અમારે દોડા દોડી કરવી પડતી હતી. સાહેબ, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર, આ શ્રી નરેન્દ્રભાઇની સરકાર એ આપણને લાભ આપી રહી છે. વીજળી અગત્યની છે. વીજળી બનાવવા માટે ખૂબ કોલસો વપરાય, ધુમાડો થાય, પાણી પણ ખૂબ વપરાય, તો વીજળી બચાવવા માટે એલ.ઇ.ડી. લાઇટ, જે નવું સંશોધન છે એ બનાવવા અને વાપરવા અને નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ સ્ટ્રીટ લાઇટ તરીકે એનો ઉપયોગ કરે, સરકારી કચેરીઓમાં પણ ઉપયોગ થાય તે જરૂરી છે. મને જણાવતાં આનંદ થાય છે કે, ગુજરાત રાજ્યની અંદર ૧૧,૨૬,૦૦૦ સ્ટ્રીટ લાઇટના થાંભલા જે પહેલાં મરક્યુરી, બીજા સોડિયમ લેમ્પ એના ઉપર હતા એના બદલે સસ્તા એલ.ઇ.ડી. લેમ્પ જે ભારત સરકારે સબસિડી આપીને આપ્યા, એ રીતે ૧૧,૨૬,૦૦૦ થાંભલા આપણે એલ.ઇ.ડી. લાઇટથી આવરી લીધા છે અને કેટલીય નગરપાલિકાઓનું લાખ્ખો રૂપિયાના બિલમાં હવે દર વરસે બચત ચાલુ થઇ ગઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવી રીતે ઇઝ ઓફ ડુઇંગ. નકશા ઝડપથી પાસ થાય. મંજૂરીઓ ઝડપથી મળે, પારદર્શકતા આવે, સરકારી કચેરીઓમાં આંટા ના મારવા પડે. જૂની રૂઢિગત પ્રણાલિઓ બંધ થાય એ માટે વહીવટી સુધારણા પણ અમે ઘણી કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટાઉન પ્લાનિંગ સ્કીમ બાબતમાં કહું તો ટી.પી. થાય તો જ શહેરનો સુઆયોજિત વિકાસ થાય. ટી.પી. બનાવવાનું કામ બહુ અઘરું છે. હમણાં મેં પેલો પાટણનો જવાબ આપ્યો હતોને. એક સહેજ લાઇન બદલાય તો આખી ટી.પી. માં ફેરફાર કરવો પડે.

અધ્યક્ષશ્રી : લાઇન બદલાય તો ફાયદો થાય અને નુકસાન પણ થાય.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ફાયદો જ થાય. લાઇન બદલાય તો ફાયદો થાય. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૮-૧૯માં ચાર વિકાસ યોજનાઓ મંજૂર કરી ૪૮ મુસદ્દારૂપ નગર યોજનાઓ મંજૂર કરી, ૨૮ પ્રારંભિક નગર રચના યોજનાઓ મંજૂર કરી અને ૨૬ નગર યોજનાઓ એટલે ટી.પી. સ્કીમોને મંજૂર કરવામાં આવી છે. એટલે દરેક શહેરની અંદર આવી વધુને વધુ ટી.પી. બને અને ટી.પી. પડે તો શહેરના વિકાસ માટે જમીન પણ પ્રાપ્ત થાય અને જેની જમીન આડી અવળી હોય સાહેબ ટી.પી.ના હોય તો શું થાય કે જેની જમીન મેઇન રોડ ઉપર હોય તેને ફાયદો થાય પણ સહેજ અંદર જમીન હોય તેને રોડ, રસ્તો કશું જ ના મળે તો જમીનની કિંમત ના આવે. જો ટી.પી. બને તો દરેક પ્લોટને બધાને રસ્તાથી આવરી લેવાની એમાં જોગવાઇ હોય છે. એટલે આ રીતે ટી.પી. પણ આપણે કરીએ છીએ. ઔડા હોય, સુડા હોય, ગુડા હોય, રૂડા હોય, આપણું ગાંધીનગર ગુડા હોય આ બધી ટી.પી.ઓ સરકાર તરફથી આગળ વધે. (અંતરાય) આ શ્રી બળદેવજીની ઘણાં વખતથી લાગણી છે કે ઔડાના ગામો ઓછાં કરવામાં આવે.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

શ્રી પંકજ દેસાઇ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય ત્યાં સુધી ગૃહનો સમય લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

અધ્યક્ષશ્રી: સૌ સંમત છે? (થોડીવાર બાદ) સભાગૃહનું કામકાજ મંત્રીશ્રીનો જવાબ તથા માગણીઓ પરનું મતદાન પૂરું થાય ત્યાં સુધી સમય લંબાવવામાં આવે છે, હવે હું નિશ્ચિંત.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બધી જે વ્યવસ્થાઓ કરી છે પ્રજાના આવનારા સમયના લાંબાગાળાના ભવિષ્યના આયોજનને ધ્યાનમાં રાખીને કરી છે ત્યારે મારી સૌ સભ્યશ્રીઓને નમ્ર વિનંતી છે, તમારી નગરપાલિકા, કોંગ્રેસની નગરપાલિકા હોય, કારણ કે મહેશભાઇ પાલનપુરના છે તો આ બધી રકમો પાલનપુરને મળે જ છે. શ્રી વિરજીભાઇ અમરેલીના છે તો અમરેલીમાં કોંગ્રેસની નગરપાલિકા હતી (અંતરાય) પહેલાં આપી હતી, બાબરાને આપી હતી, સાવરકુંડલાને આપી હતી અમે કોઇ ભેદભાવ રાખતા નથી. દરેક નગરપાલિકાને સરખા હિસ્સે આ ૧૩ હજાર કરોડ રૂપિયાની ગ્રાન્ટ માનવ વસતિના ધોરણે વહેંચાય જ છે. એટલે અમારૂં તો જે સૂત્ર છે એ અમે કરી બતાવીએ છીએ સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ એ પ્રમાણે આગળ વધીએ અને તમારી બધાની કાપ દરખાસ્તો પાછી ખેંચો અને આપણે સાથે મળી અને આપણા ગુજરાતનો વિકાસ કરીએ એવી વિનંતી સાથે સૌનો આભાર.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ તેમના પ્રવચનમાં એમ કહ્યું અને ચંડોળા તળાવની જે વાત કરી, પહેલાં પણ વિધાનસભાની અંદર ચંડોળા તળાવને ડેવલપ કરવા માટે રૂ. પાંચ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. હમણાં કોર્પોરેશન દ્વારા અમદાવાદ શહેરના ૧૪ તળાવોને ડેવલપ કરવાની વાત કરી છે એમાં ચંડોળા તળાવનો સમાવેશ કરવામાં આવ્યો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, આપ ચંડોળાની ચિંતા કરો છો તે મારો વિધાનસભા વિસ્તાર પણ આવે છે. આ ચંડોળા તળાવ ઊંડુ કરવાની જળ સંચય યોજનાની જ્યારે વાત થઇ ત્યારે પણ મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરી હતી પણ એમાં પણ એનો સમાવેશ કરવામાં નથી આવ્યો તો સૌનો સાથ, સૌનો વિકાસમાં મારી સાથે ભેદભાવ કેમ એનો માનનીય મંત્રીશ્રી જવાબ આપે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે લેટેસ્ટ પરિસ્થિતિ ચંડોળાની મને ખબર નથી. કમિશ્નરશ્રીને તમારું સૂચન ધ્યાન ઉપર મૂકીશું જો જગ્યા ખુલ્લી હશે, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને કોઇ તકલીફ ના થાય એવું હોય અને કોઇને અમારા ઉપર આક્ષેપ કરવાની તક ના મળે એવું જો વાજબી રીતે થતું હશે તો પ્રયત્ન કરીશું.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, ગરીબોને જે ફ્લેટ આપવામાં આવે છે તેની કિંમત કેટલી છે ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી બાબુભાઇ આપનો બહુ અગત્યનો પ્રશ્ન છે. હું અગાઉ શહેરી વિકાસ મંત્રી હતો ત્યારે ઘણાં શહેરોમાં આવા બનેલાં મકાનોનું લોકાર્પણ પણ કર્યું છે. સુરત, અમદાવાદ, રાજકોટ, વડોદરા

અને અન્ય શહેરોમાં પણ. સાહેબ હું જાઉં ત્યારે મારી પદ્ધતિ છે કે થોડી પૂછપરછ કરું, સમજવાનો પ્રયત્ન કરું. સુરતમાં અમારા ધારાસભ્યશ્રીઓ પણ ઘણાં સાથે હતા. સુરતમાં સુમન યોજના એટલે સુરત મહાનગરપાલિકા યોજનાનું નામ જ છે. એક ભવ્ય બહુમાળી આવાસ યોજનાનું લગભગ ૫૦૦–૬૦૦ ફ્લેટ હોય તેનુ મેં ઉદઘાટન કર્યું. પછી ફરીને બધું જોયું. બાજુમાં ખાનગી બિલ્ડરની સ્કીમ ચાલતી હતી, મકાનો બનતા હતા. મેં અમારા એ વખતના મેયરશ્રીને પૂછ્યું કે આપણા મકાનની કિંમત શું? તો એમણે કીધું ૧૨થી ૧૪ લાખ રૂપિયા અને બાજુમાં એની કંપાઉંડ વૉલ પછી તરત જ ખાનગી બિલ્ડરના જે મકાનો બનતા હતા એની કિંમત રૂ.૫૦થી ૫૫ લાખ હતી. આ પ્રમાણે અમે કામ કરીએ છીએ. વડોદરામાં હાઉસિંગ બોર્ડના ૧૩ માળના મકાન અમે બનાવ્યા અને એને સરદાર વલ્લભભાઇના નામ ઉપરથી સરદાર હાઇટ્સ નામ આપ્યું છે. ૮૦૦ પરિવારો ત્યાં રહે છે અને બેસ્ટ ક્વૉલિટીના મકાનો અમે બનાવ્યા છે. એવી જ રીતે રાજકોટ, ભાવનગર બધે બનાવ્યા છે. આપણી અને ભારત સરકારની સબસિડી એમાં જોડાય છે. જે બેંકની લોન લે એની બેંકની લોનમાં પણ આપણે વ્યાજ સહાય આપીએ છીએ. એલ.આઇ.જી., એમ.આઇ.જી., એચ.આઇ.જી. એમ જુદી–જુદી સ્કીમો છે. એ પ્રમાણે બધાંને સસ્તા મકાન આપણે આપીએ છીએ. બિલ્ડર કરતાં અનેક ગણા સસ્તા ભાવે આપણે મકાનો આપીએ છીએ.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે એમણે જે લાલ બહાદુર શાસ્ત્રી સ્ટેડિયમનો ઉલ્લેખ કર્યો એની માહિતી આપું તો હું ત્યાંનો ધારાસભ્ય છું. અત્યારે હાલમાં કોર્પોરેશને ત્યાં આર.સી.સી.ની દિવાલ કરી દીધી છે. અંદર કોઇ પણ દબાણ નથી. જૂના સમયના સ્વિમિંગ પુલ, બાલ ભવનો, બાગ–બગીચા, વ્યાયામ શાળા બધું બિસ્માર અને ખંડેર હાલતમાં પડ્યું છે. સંકલનની મિટિંગમાં પણ અમે વારંવાર રજૂઆત કરી છે. ત્યાંના તળાવની જે વાત છે એ વરસાદી પાણીનું તળાવ કરવાની વાત હતી. એ હવે ડ્રેનેજ લાઇનમાં કન્વર્ટ થઇ ગયું છે. જેના કારણે ત્યાં રોગચાળો થાય છે. એ બધું કમિશનરે અટકાવવાની ખાતરી આપી છે. આપને એટલું જ કહીશ કે એનું ડેવલપમેન્ટ થાય એવું કાંઇક કરો. અત્યારે ત્યાં દબાણ બિલકુલ નથી.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય નીતિનભાઇ પટેલના નમ્ર ધ્યાને મૂકું છું કે મારી મોરબી નગરપાલિકા સૌરાષ્ટ્રની મોટામાં મોટી નગરપાલિકા છે. એ ગ્રેડની નગરપાલિકા છે. બે વર્ષથી ત્યાંના ચીફ ઓફિસર ચાર્જમાં ચાલુ છે. આ ગૃહ સમક્ષ મેં ચાર વખત મોરબીની પ્રજાવતી રજૂઆત કરી ચૂક્યો છું. એજ રીતે માળીયામાં પણ નગરપાલિકા ચાર્જમાં ચાલે છે તો આ બેય નગરપાલિકામાં ફૂલ ટાઇમ ચીફ ઓફિસર મૂકો અને ગ્રાન્ટમાં વિસંગતતા છે એ પૂરી કરો એવી મારી મોરબી–માળિયાની પ્રજાવતી હું આપની પાસે માગણી કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય મેરજાજી તમને કેમ પૂછવા દીધું એ તમને ખ્યાલ છે?

શ્રી બ્રિજેશ મેરજા : ના નથી.

અધ્યક્ષશ્રી : આ એક વખાણવા લાયક બાબત છે. આ એક માત્ર ધારાસભ્ય છે અને એમના સિવાય બીજા એક – બે છે કે જે સતત કાનમાં હેડ ફોન પહેરી રાખે છે. જે કોઇ સારો મુદ્દો આવે છે એ બધાં નોંધે છે અને શ્રી નીતિનભાઇ આપના તો બધાં જ નોંધ્યા છે. હું બે દિવસથી જોઉં છું કે એ તમામ મુદ્દાઓ લખે છે. પછી મેં એમની પાસે નોટબુક મંગાવી. તો એમણે મને બતાવી. મેં એની ખાતરી પણ કરી કે આ બીજું કાંઇ લખે છે કે આ જ લખે છે. તમને અભિનંદન. અન્ય ધારાસભ્યોએ આમાંથી કંઇક મેળવવું જોઇએ.

શ્રી અક્ષયકુમાર ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઇશ્વરભાઇ પટેલના ધ્યાને મૂકવા માગું છું કે રાજ્યમાં સરકારશ્રી દ્વારા રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ મેળવનાર ખેલાડીઓને તૈયાર કરવા માટે કોઇ યોજના છે?

અધ્યક્ષશ્રી : ઘણી બધી યોજનાઓની વાત થઇ ગઇ. બધું આવી ગયું.

શ્રી સંજયભાઇ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સહકાર મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સરકારશ્રી દ્વારા રીવોલ્વીંગ ફંડ માટેની જાહેરાત કરવામાં આવે છે તો આ રીવોલ્વીંગ ફંડ કેવી રીતે વાપરવામાં આવશે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ રીવોલ્વીંગ ફંડની જે વાત કરી છે એમાં મને જણાવતાં આનંદ થાય છે કે હાલમાં રાજ્યમાં ૭ ટકાના વ્યાજ દરે કૃષિ ધિરાણ મળે છે એ પૈકી ૪ ટકા રાજ્ય સરકાર સહાય આપે છે અને ૩ ટકા કેન્દ્ર સરકાર સહાય આપે છે અને આ રીવોલ્વીંગ ફંડ કેન્દ્ર સરકાર આખા ભારત દેશમાં આપતી હોય છે ત્યારે એ ડિલે થાય. ડીલે થાય એના માટે રીવોલ્વીંગ ફંડમાંથી આપી શકાય. કેન્દ્ર સરકારમાંથી ડીલે થાય ત્યારે એમાંથી આપીએ છીએ. એના વ્યાજ માટે રૂ. ૩૦ કરોડનું પ્રોવિઝન કરવામાં આવ્યું છે.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મારા પાલનપુરમાં ૧૩૭ કરોડ રૂપિયાના ખર્ચે ભૂગર્ભ ગટર યોજનાનું કામ છેલ્લા ચાર વર્ષથી ચાલી રહ્યું છે. રૂ. અમારે ત્યાં મોટા બિલ્ડીંગો અને ફ્લેટો બનાવવામાં આવી રહ્યા છે એને મંજૂરી આપવામાં આવી છે ત્યારે આ ભૂગર્ભ ગટર યોજનાનું કામ પૂરું નહિ થાય તો મોટી સમસ્યા ઊભી થવાની છે તો તાત્કાલિક આ કામગીરી પૂરી કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઈ ર. પટેલ : ભૂગર્ભ ગટર યોજનાના કામો આખા રાજયમાં જુદા જુદા કારણોસર ડીલે થતા હતા વિલંબ થતો હતો હવે સ્ટ્રીમ લાઇન કરીને એમાં જે ગંદુ પાણી નીકળે એનું શુદ્ધિકરણ કરવા માટેનો આખો પ્રોજેકટ ઝડપથી હાથ ઉપર લીધો છે.

કાપદરખાસ્ત ક્રમાંક ૧, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૦, ૧૧, ૧૩, ૧૫, ૧૬,૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬ ,૨૭, ૨૮, ૨૯, ૩૧, ૩૫, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૮, ૫૧, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૫૯, ૬૨, ૬૩ અને ૬૪ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

**માગણી ક્રમાંક ૧૦૧, ૧૦૨, ૯૮ અને ૫ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું આજનું કામકાજ રાત્રીના ૭.૩૭ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૧૭મી જુલાઇ, ૨૦૧૯ના રોજ સવારના ૧૧–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા. ૧૭મી જુલાઈ, ૨૦૧૯**
**આષાઢ ૨૬, ૧૯૪૧ શાકે**
**સભાગૃહ સવારના ૧૧–૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

**પંચમહાલ જિલ્લામાં પશુઓ માટે જાતિય આરોગ્ય સારવાર કેમ્પ**

*૧૬૫૨૪ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં પશુઓ માટે કેટલા જાતિય આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૮૮ |
| (૨) તેમાં ઉક્ત સ્થિતિએ કુલ કેટલા પશુઓને સારવાર આપવામાં આવી? | (૨) ૯,૬૮૭ |

શ્રી શૈલેષભાઈ સુ. ભાભોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે તા. ૩૧–૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલા જાતીય આરોગ્ય સારવારનું આયોજન કરવામાં આવ્યું એમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી? એ પૈકી કેટલાની જાતીય આરોગ્ય સારવાર કરવામાં આવી?

શ્રી બચુભાઈ મ. ખાબડ : માનનીય સભ્યશ્રીએ પશુ આરોગ્ય કેમ્પની અંદર કયા તાલુકામાં સારવાર કરી એમાં જણાવવાનું કે ૨૦૧૭–૧૮ના વર્ષમાં ગોધરા તાલુકામાં છ કેમ્પ કરવામાં આવ્યા. જાતિ સારવાર ૩૪૦ની કરવામાં આવી, મેડિસીન સારવારના ૧૫૬, કૃમિ નાશકજના ૧૫૧, કૃત્રિમ બીજ દાનના ૩, ખસીકરણના ૩ અને કુલ ૬૯૩ની સારવાર કરવામાં આવી જેમાં ૧૯૮૯૮ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. ઘોઘંબા તાલુકામાં ૧૯ કેમ્પ કરવામાં આવ્યા, જાતિ સારવારના ૭૮૭, મેડિસીન સારવારના ૩૬૩, કૃમિનાશકના ૩૪૦, કૃત્રિમ બીજ દાનના ૭૫, ખસીકરણના ૧૨૦, કુલ ૧૬૮૫ની સારવાર કરવામાં આવી અને જેમાં રૂ.૬૩,૦૦૦/– જેટલો ખર્ચ કરવામાં આવ્યો છે. હાલોલ તાલુકામાં ૧૨ કેમ્પ કરવામાં આવ્યા, જાતિ સારવારના ૫૨૧, મેડિસીનના ૨૧૮, કૃમિનાશકના ૨૯૮, કૃત્રિમ બીજ દાનના ૬૫, ખસીકરણના ૧૧૭ એમ કુલ ૧૨૧૯ની સારવાર કરી. જેમાં રૂ.૩૯૭૯૬/–નો ખર્ચ કરવામાં આવ્યો છે. જાંબુઘોડા તાલુકાની અંદર ત્રણ કેમ્પ કરવામાં આવ્યા. જાતિ સારવારના ૧૨૪, મેડિસીનના ૫૬, કૃમિનાશકના ૯૪, કૃત્રિમ બીજ દાનના ૧૮, ખસીકરણના ૩૫, એમ કુલ ૩૨૭ની સારવાર કરવામાં આવી. જેમાં રૂપિયા ૯૯૪૯નો ખર્ચ કરવામાં આવ્યો છે. મોરવાહડફ તાલુકામાં ૯ કેમ્પ કરવામાં આવ્યા. જાતિ સારવારના ૩૪૯, મેડિસીનના ૧૫૦, કૃમિનાશકના ૫૨૨, કૃત્રિમ બીજ દાનના ૩, ખસીકરણના ૮૩, કુલ ૧૧૩૭ની સારવાર કરવામાં આવી અને એમાં રૂ.૨૯૮૪૭/–નો ખર્ચ કરવામાં આવ્યો છે. આ રીતે કુલ મળીને ૨૦૧૭–૧૮માં ૪૯ કેમ્પ કરવામાં આવ્યા. ૨૧૨૧ની જાતિ સારવાર કરી, મેડિસીનના ૯૪૭, કૃમિનાશકના ૧૪૦૫, કૃત્રિમ બીજ દાનના ૧૯૪, ખસીકરણના ૫૯૮. એમ કુલ ૫૦૬૧ની સારવાર કરી અને એમાં રૂ.૧ લાખ ૬૨ હજાર અને ૫૦૦નો ખર્ચ કરવામાં આવ્યો છે. એ જ રીતે ૨૦૧૮–૧૯માં ગોધરા તાલુકામાં છ કેમ્પ કરવામાં આવ્યા છે. જેમાં જાતિ સારવારના ૫૭૯, મેડિસીનના ૧૪૭, કૃમિનાશકના ૧૩૩, કૃત્રિમ બીજ દાનના બે, ખસીકરણના ૮૧ અને કુલ ૭૮૨. અને એમાં ૨૫૦૮૮ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો. ઘોઘંબા તાલુકામાં ૯ કેમ્પ કરવામાં આવ્યા. જાતિ સારવારના ૫૬૬, મેડિસીન સારવારના ૧૫૬, કૃમિનાશકના ૪૮૬ અને કૃત્રિમ બીજ દાનના ૭, ખસીકરણના ૩૩. મળી કુલ ૧૦૮૯ની સારવાર કરવામાં આવી અને એમાં ૩૭૬૩૨ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. હાલોલ તાલુકામાં ૧૨ કેમ્પ કરવામાં આવ્યા છે. ૧૨૪ની જાતિ સારવાર, ૨૭૭ની મેડિસીન, કૃમિનાશકના ૩૮૬, ૧૪ના કૃત્રિમ બીજ દાન અને ૯૯ના ખસીકરણના એમ કુલ ૧૩૧૬ને સારવાર આપવામાં આવી અને એમાં ૫૦૧૭૬ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જાંબુઘોડા તાલુકામાં ૩ કેમ્પ કરવામાં આવ્યા હતા. જાતિ સારવાર ૧૨૦ને આપવામાં આવી. મેડિસીનની સારવાર ૮૧ને, કૃમિનાશકના ૭૨, ખસીકરણના ૫૧ એમ કુલ ૩૨૪ને સારવાર આપવામાં આવી અને એમાં રૂપિયા ૧૨૫૪૪નો ખર્ચ કરવામાં આવ્યો છે. મોરવાહડફ તાલુકામાં ૯ કેમ્પ કરવામાં આવ્યા. ૫૨૩ની જાતિ સારવાર કરવામાં આવી, ૨૬૩ને મેડિસીનની સારવાર, ૨૩૦ને કૃમિનાશકની સારવાર કરવામાં આવી, ૧૫ને કૃત્રિમ બીજ દાન કરવામાં આવ્યું અને ૧૪૦ને ખસીકરણ. એમ કુલ ૧૧૭૧ની સારવાર કરવામાં આવી જેમાં રૂ.૩૭૬૩૨/–નો ખર્ચ કરવામાં આવ્યો છે. આ રીતે કુલ મળીને ૩૯ કેમ્પ કરવામાં આવ્યા હતા. ૧૯૮૨ કેસ જાતિય સારવારના છે. એ રીતે ૮૭ કેમ્પ કરવામાં આવ્યા અને ૯૬૮૭ પશુઓને સારવાર કરવામાં આવી. માનનીય સભ્યશ્રીએ જાતિવાર અને સંવર્ગવાર જે માહિતી માગી છે એમાં તાલુકાવાર આપતો નથી પણ સમગ્ર તાલુકાનું જણાવું છું.

અધ્યક્ષશ્રી : આભાર.

શ્રી બચુભાઇ મ. ખાબડ : આ વર્ષની અંદર ૧૩ ઉપકેન્દ્રોમાં કેમ્પની સંખ્યા ૪૯ ગાય વર્ગના–૨૧૩૩, ભેંસ વર્ગના ૨૫૩૮, ઘેટા–બકરાના –૩૯૦, કુલ ૫,૦૬૧ની સારવાર કરવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : બોલી લેવા દો.

શ્રી બચુભાઇ મ. ખાબડ : ૨૦૧૮–૧૯ના વર્ષમાં ૧૩ કેમ્પ, ૧૩ ઉપકેન્દ્રથી ૮૮, ૩૯ કુલ કર્યા છે ૨૦૪૪, ૨૩૫૯ ભેંસો, બકરાં– ૨૩૩, કુલ મળીને ૮૮ કેમ્પની અંદર ૪૩૭૭ ગાય, ૪૮૯૭ ભેંસ અને ૬૧૩ બકરાં મળી ૯૬૮૭ પશુઓને આ સારવાર કરવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : ખાલી જવાબના એક પેટા પ્રશ્નમાં પ્રશ્નમાં છ મિનિટ ગઇ. એટલે મને હવે વિચાર આવે છે કે ઊંટ કરે ઢેકા તો માણસ કરે કાઠલા, હવે હું કાઠલા કરીશ.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય મંત્રીશ્રીએ ઘેટા–બકરાંની વાત કરી છે ત્યારે જિલ્લા બહારનો આ પ્રશ્ન છે. પણ ખૂબ સંવેદનશીલ પ્રશ્ન છે. હળવદ તાલુકાના માયાપુર ગામની સીમમાં ગત ૧૪મી તારીખના રોજ વાડીમાં ૧૫ જેટલા ઘેટા–બકરા ચરતા હતા અને ઝેરી ચારાને કારણે એના મૃત્યુ થયાં છે. પશુપાલક માટે આ ઘેટા –બકરા એના જીવન નિર્વાહનો સવાલ હોય છે ત્યારે ઝેરી ચારાના કારણે મૃત્યુ થયાં છે તેની તપાસ કરી એમને વળતર આપવા માગે છે કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : આ પ્રશ્ન માત્ર પંચમહાલ જિલ્લા પૂરતો છે. એમની અલગથી નોટિસ આપવામાં આવશે તો જવાબ અમે આપીશું, સાહેબ. તેમ છતાં તપાસ કરાવીશું.

શ્રી ભાવેશભાઇ બા. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી પૂછવા માગું છું કે, ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું તો તેમાં કેટલા ઉમેદવારોને નોકરી મળી, ભરતી મેળામાં કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : લોકોને સ્થાનિક રોજગારી મળી રહે અને રોજગારી મળી રહે એટલા માટે ભરતી મેળાનું આયોજન કરવામાં આવતું હોય છે. આ જ રીતે દાહોદ જિલ્લામાં પણ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભરતી મેળામાં રોજગારી આપવાનો પ્રયત્નો કરીએ છીએ અને એની અંદર રોજગારી પણ આપવામાં આવતી હોય છે. આમ અનેક રીતે રોજગારી આપવા માટે શ્રમ અને રોજગાર વિભાગ પણ કામ કરતો હોય છે. આમ તો સ્થાનિક કામદારો બહાર ગામ સ્થળાંતર કરતા હોય છે એનો પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો, આ બહાર ગામ સ્થળાંતર કરતા હોય તે લોકોને પણ ત્યાં રોજગારી મળી રહે તેના માટે વ્યવસ્થા કરવામાં આવે છે. વન વિભાગ મારફત પણ કામ ચાલતું હોય છે, પાણી પુરવઠાના કામોની અંદર પણ રોજગારી મળતી હોય છે. રાજયની કૃષિ મહોત્સવની ઘનિષ્ઠ ઝૂંબેશના કારણે પણ ખેતીવાડીમાં વધારો થયો તેમાં પણ રોજગારી મળતી હોય છે. માર્ગ અને મકાન વિભાગના કામોમાં પણ રોજગારી મળતી હોય છે. સાથે સાથે અમારા વિભાગ મારફત પણ સ્થાનિક રોજગારી મળી રહે તેના માટેના પ્રયાસો કરવામાં આવતા હોય છે. તે પ્રયાસોના માધ્યમથી પણ સ્થાનિક એકમોમાં લોકોને રોજગારી મળી રહે તેવા પ્રયાસો પણ કરવામાં આવતા હોય છે. એવા દશેક સ્થાનિક એકમોમાં પણ સો ટકા રોજગારી મળી રહે, તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય મંત્રીશ્રી, પાસેથી જાણવા માગું છું કે, જે દાહોદ જિલ્લામાં સ્થાનિક લોકોને રોજગારી મળી રહે તેના માટે છેલ્લા બે વર્ષમાં શ્રમ–રોજગાર વિભાગ દ્વારા કાયદાકીય જોગવાઇ કરવામાં આવી છે કે કેમ?

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જવાબમાં લખ્યું છે કે દાહોદ જિલ્લામાંથી સ્થળાંતર કરીને મજૂરી કરવા માટે બહારગામ જાય છે કે કેમ? અને તેની નોંધણી કરવામાં આવે છે કે કેમ, આવો પ્રશ્ન પૂછ્યો છે, ત્યારે દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર, સાબરકાંઠા વગેરેમાંથી આદિવાસીઓ મોટા ભાગના પોતાના પેટનો ખાડો પૂરવા માટે બહારગામ જતા હોય છે. અમદાવાદ, વડોદરા જેવા સીટીને સ્માર્ટ સીટી, રૂડું બનાવવા માટે કામ કરતા હોય છે. જ્યારે આ મજૂરો બાંધકામમાં મજૂરી કામ કરતા હોય છે ત્યારે જો એમના અકસ્માતમાં મૃત્યુ થાય છે ત્યારે એમની નોંધણી નહીં કરવાને કારણે એમને અકસ્માત વીમાનો લાભ મળતો નથી. એટલે મારે એ પૂછવું છે કે આ જે મજૂરો દાહોદ કે અન્ય જગ્યાએથી મજૂરી કામ માટે જાય છે ત્યારે કાયદાકીય નોંધણી કરવામાં આવે છે કે કેમ, અને ન આવતી હોય તો શા માટે કરવામાં આવતી નથી?

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રીએ લેખિતમાં એનો જવાબ આપી દીધો છે. તમે કેટલું બધું પૂછ્યું પણ બીજો પ્રશ્ન તો આવતો નથી.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન જ પૂછું છું, કન્સ્ટ્રકશન વર્કર વેલ્ફર ફંડ ચાલે છે. એમાંથી કેટલી રકમ વાપરવામાં આવી અને કેટલી રકમ બચત રહી છે અને કેટલા આજ સુધી પડ્યા રહ્યા છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ બાંધકામ બોર્ડનો પ્રશ્ન એમણે પૂછ્યો છે, દાહોદ જિલ્લામાંથી સ્થળતાંતર કરતા મજૂરો માટેનો પ્રશ્ન મૂળ પ્રશ્ન છે. એટલે બાંધકામ બોર્ડની માહિતી જોઇતી હોય તો તેના માટે જુદી નોટીસ આપશે તો જવાબ આપવામાં આવશે.

**દાહોદ જિલ્લામાં મજૂરોનું સ્થળાંતર**

*૧૭૮૯૪ **શ્રી ભાવેશભાઇ કટારા** (ઝાલોદ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ દાહોદ | (૧) ના |

જિલ્લામાંથી સ્થળાંતર કરી મજૂરી માટે બહાર ગામ જતા મજૂરોની નોંધણી કરવામાં આવે છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાંથી કેટલા મજુરો બહાર મજૂરી અર્થે ગયા, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત સ્થિતિએ સ્થાનિક રોજગારી મળી રહે તે માટે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી?

(૩) ૧. સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા અંગે એકમોનું સરકારશ્રીના તા.૩૧-૩-૯૫ના ઠરાવની જોગવાઇઓ તરફ ધ્યાન દોરેલ છે.

૨. સ્થાનિક સત્તાતંત્ર દ્વારા બેઠક યોજી ઠરાવની જોગવાઇઓનું પાલન સુચારુ રીતે કરવા માટે વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે.

૩. સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે રોજગાર ભરતી મેળા (જોબફેર)નું આયોજન કરી સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

શ્રી ભાવેશભાઇ બા. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું તો એમાં કેટલા ઉમેદવારોને નોકરી મળી છે તે પ્રશ્ન મેં પૂછ્યો હતો.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ભરતી મેળા કરવામાં આવ્યા છે પણ કેટલા ઉમેદવારોને નોકરી મળી છે તેની માહિતી મારી પાસે નથી, આ સ્થળાંતર કરતા મજૂરોની નોંધણી માટેનો પ્રશ્ન હતો એટલે એ અંગેનો જવાબ મેં આપ્યો છે. ગુજરાતમાં રહેતા અને આ દેશમાં રહેતા દરેક નાગરિકને, દરેક વ્યકિતને આ દેશના બંધારણ મુજબ આ દેશમાં કાશ્મીર સિવાય કામ કરવા માટે જવાની સ્વતંત્રતા અને અધિકાર છે. કોઇ બાધ નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સભ્યશ્રીઓની સ્પષ્ટ લાગણી છે કે માનનીય મંત્રીશ્રીએ લેખિતમાં પેરા ૩ માં જવાબ આપ્યો છે કે સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે રોજગાર મેળાનું આયોજન કરીને પ્રયત્નો કરવામાં આવે છે. આખર રાજ્યમાં જોબ ફેર કરવામાં આવે છે. યુવાનોને ભેગા કરવામાં આવે છે પણ નોકરી આપવામાં આવતી નથી. એટલે આ પ્રશ્ન મહત્વનો છે. કેટલા જોબ ફેર કરવામાં આવ્યા અને કેટલા લોકોને નોકરી આપવામાં આવી તે સ્પષ્ટતા કરે તેવી અપેક્ષા છે.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં ખાનગી ક્ષેત્રના ઉદ્યોગોમાં સ્થાનિક લોકોને રોજગારી મળી રહે તેના માટે ૨૦૧૭-૧૮માં અમે ૧૫ ભરતી મેળા કર્યા છે. ૨૦૧૮-૧૯માં ૨૫ ભરતી મેળા કર્યા છે અને એમાં પસંદગી પામેલા ઉમેદવારો છે એમાં ૨૦૧૭-૧૮માં ૨૭૧૬ ઉમેદવારો પસંદગી પામ્યા છે. જ્યારે ૨૦૧૮-૧૯માં ૨૫૮૧ ઉમેદવારોને રોજગારી આપવામાં આવી છે.

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જમીનમાં શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવા બાબત**

*૧૭૯૬૮ **શ્રી પ્રવિણભાઇ મુસડિયા** (કાલાવડ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કેટલી જમીનમાં શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવાના હુકમો કરવામાં આવ્યા,

(૨) સરકારી પડતર દાખલ કરવાના હુકમો કર્યા હોય તે પૈકી કેટલી જમીનનો કબ્જો સરકાર દ્વારા લેવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવાના હુકમો તથા તે પૈકી જમીનમાં કબજો સરકાર દ્વારા લેવામાં આવ્યો હોય તેની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | જિલ્લો | શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવાના હુકમો કરેલ જમીન (ચો.મી.) | કબ્જો સરકારમાં લેવામાં આવેલ જમીન (ચો.મી) | કબ્જો લેવાની બાકી આવેલ જમીન |
|---|---|---|---|---|
| ૨૦૧૭- | જામનગર | ૮૪૯૨૫ | ૮૪૯૨૫ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮ | દેવભૂમિ દ્વારકા | ૦ | ૦ | ૦ |
| ૨૦૧૮–૧૯ | જામનગર | ૪૦૦૬૨૬ | ૩૫૦૯૨૬ | ૪૯૭૦૦ |
| | દેવભૂમિ દ્વારકા | ૧૬૨૪૪૩૭ | ૧૬૨૪૪૩૭ | ૦ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી જમીનનો કબ્જો લેવાનો બાકી છે અને બાકી રહેવાના કારણો શા છે?

(૩) જામનગર જિલ્લામાં ઉક્ત સ્થિતિએ એક કેસમાં અપીલનો સમયગાળો ચાલુ હોવાથી જમીનનો કબ્જો લેવામાં આવેલ નથી તથા અન્ય એક કેસમાં કબ્જો લેવાની કાર્યવાહી ચાલુમાં છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા જામનગર જિલ્લામાં અનેક નામાંકિત કંપનીઓ આવેલી છે. તેના નામમાં નહીં પડું પણ ૪ લાખ ૬૨૬ ચોરસમીટર જમીન શરતભંગ કરવાની વાત છે. જિલ્લા કક્ષાએ અનેક પ્રકારે રજૂઆત થઇ છે અને લોકોએ પણ અવારનવાર જિલ્લા કક્ષાએ રજૂઆત કરેલ છે અને ત્યાં હજારો વીઘામાં જમીન ઉપર દબાણ થયેલ છે. હું આ ગૃહના માધ્યમથી આપને જણાવવા માગું છું કે આ જમીન ઉપર જે દબાણ છે ૪ લાખ ૬૨૬ ચોરસમીટર કરતા અનેકગણું દબાણ છે. એ ખાલી કરાવવા માગો છો કે કેમ? મારો બીજો સવાલ છે કે તેમાં કેસ વિરુદ્ધ કાર્યવાહી ચાલુ છે તો એ કાર્યવાહી કયા સ્ટેજે છે અને શું કાર્યવાહી કરવામાં આવી રહી છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આ સવાલ દબાણનો છે જ નહીં, શરતભંગનો સવાલ છે અને શરતભંગમાં બન્ને જિલ્લામાં પૂરી માહિતી, કરેલા હુકમો અને દાખલ કરેલ જેટલી જમીન છે તેની માહિતી આપી છે. શરતભંગ કર્યા પછી શરતભંગ કરનારને કરેલા હુકમની સામે અપીલ કરવાની જોગવાઇ છે અને તે જોગવાઇ અનુસાર જામનગર જિલ્લામાં ૪૯,૭૦૦ ચોરસ મીટર જમીન જે સરકાર હેડે દાખલ નથી થઇ એના માટેની અપીલ છે એ જે તે અધિકારી પાસે પેન્ડીંગ છે. એની સમય મર્યાદામાં જો એ ખુલાસો નહીં કરી શકે તો એ જમીન પણ આપણે સરકાર હેડ ઉપર દાખલ કરીશું.

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શરતભંગના કેટલા કેસો થયા અને આ શરતભંગ કયા પ્રકારના હતા?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : જામનગર જિલ્લામાં ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯માં ૪,૮૫,૫૫૧ ચોરસ મીટર જમીન શરતભંગ કરી, સરકાર હસ્તક દાખલ કરવાના હુકમો કર્યા. તે પૈકી ૪,૬૮,૨૨૭ ચોરસ મીટરનો કબજો સરકાર હસ્તક લેવામાં આવ્યો. તેમાં કુલ ૧૮ કેસો હતા. જે પૈકી ૧૬ કેસોમાં સાંથણીયામાં આપેલી જમીન ૩ વર્ષ કે તેથી વધુ સમય પડતર રાખવાના કારણે શરતભંગ થયેલ છે. અન્ય બે કેસોમાં પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય વેચાણ કરવામાં આવતા શરતભંગ થયેલ છે. આ જામનગર જિલ્લાની માહિતી છે. માનનીય સભ્યશ્રીએ દેવભૂમિ દ્વારકાની પણ માહિતી માગી છે. તેમાં ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯માં ૧૬,૨૪,૪૩૭. કુલ ૨૧ કેસો, જે પૈકી ૩ કેસોમાં સાંથણીમાં આપેલ જમીન ૩ વર્ષ કે તેથી વધુ સમય પડતર રાખવાના કારણસર શરતભંગ કરવામાં આવેલ છે. આ જમીનનો કબજો સરકાર હસ્તક લેવામાં આવેલ છે. આમાં ચાર કેસોમાં વિન્ડફાર્મ માટે આપેલ જમીન સમયસર કામ શરૂ નહીં કરવાના કારણે પરત લેવામાં આવેલ છે. ૧૪ કેસોમાં ફળ–ઝાડના હેતુ માટે ભાડા પટ્ટે આપેલ જમીન એ પણ સમયસર કામ શરૂ ન કરવાને કારણે સરકાર હસ્તક કરી લેવામાં આવેલ છે.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂછવા માગું છું કે જે જમીન સરકારે હસ્તગત કરી લીધી છે. તેની અંદર અપીલ કરવામાં આવી નથી એ જમીન ૮૪–સી હેઠળ માગણીદાર લોકોને લેન્ડ કમિટી મારફત આપવા માગો છો કે નહીં અને તેની લેન્ડ કમિટી મળી છે કે નહીં?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : તેની લેન્ડ કમિટી નિયમાનુસાર તબક્કાવાર મળતી હોય છે અને કમિટી નિર્ણય કરે છે એ પ્રમાણે તેનો અમલ કરવાનો હોય છે. કાં તો સરકાર હસ્તક દાખલ થાય અથવા તો તેની અપીલ મંજૂર કરવામાં આવે તો તેને પાછી આપવામાં આવે.

અધ્યક્ષશ્રી : લેન્ડ કમિટી મળી છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : મળી છે અને સમયાંતરે તબક્કાવાર મળતી રહે છે. નિયમિત રીતે પણ મળે છે.

## પાટણ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના

*૧૬૬૭૯ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ પાટણ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯માં વિકસતી જાતિની કન્યાઓની સાઇકલ માટે કેટલી | (૧) ૬૧૧૯ |

અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને — (૨) ૬૧૧૯

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી? — (૩) ૬૧૧૯

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે સરસ્વતી સાધના યોજના અંતર્ગત પાટણ જિલ્લામાં સને ૨૦૧૮-૧૯માં તાલુકાવાર કેટલી અરજીઓ આવી, એમાંથી કેટલી મંજૂર કરવામાં આવી, કેટલા રૂપિયાની સહાય કરવામાં આવી અને કેટલી સાઇકલોનું વિતરણ કરવામાં આવ્યું?

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, સરસ્વતી સાધના યોજના હેઠળ પાટણ જિલ્લામાં સને ૨૦૧૮-૧૯માં તાલુકાવાર જે અરજીઓ મળી એની વિગત હું આપની સમક્ષ આપું છું. પાટણ જિલ્લામાં ૧૨૮૧ સાઇકલોની અરજી મળી, ૧૨૮૧ મંજૂર કરવામાં આવી. ૪૫ લાખ ૭૮હજાર ૪૫૪ રૂપિયાનો ખર્ચ થયો, સરસ્વતી તાલુકામાં ૯૫૭ સાઇકલોની અરજી મળી, ૯૫૭ અરજીઓ મંજૂર કરવામાં આવી. રૂપિયા ૩૪,૨૦,૪૩૮ કુલ ખર્ચ થયો, ચાણસ્મા તાલુકામાં ૭૨૧ સાઇકલોની અરજી મળી, ૭૨૧ અરજીઓ મંજૂર કરી, ૨૫,૭૬,૯૪૪નો રૂપિયા ખર્ચ થયો, સિદ્ધપુર તાલુકામાં ૮૭૨ અરજીઓ મળી, ૮૭૨ મંજૂર કરવામાં આવી, ૩૧,૧૬,૬૩૭ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો. હારિજમાં ૪૪૧ અરજીઓ મળી, ૪૪૧ અરજીઓ મંજૂર કરવામાં આવી, ૧૫,૭૬,૧૭૯ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો. સમી તાલુકામાં ૩૪૯ અરજીઓ મળી, ૩૪૯ અરજીઓ મંજૂર કરવામાં આવી, ૧૨,૪૭,૩૭૦ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યો. સંખેશ્વરમાં ૨૯૭ અરજીઓ મળી, ૨૯૭ અરજીઓ મંજૂર કરવામાં આવી, ૧૦, ૬૧,૫૧૫ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : બધી મંજૂર કરવામાં આવી, સાગમટે એમ કહોને.

શ્રી વાસણભાઇ ગો. આહિર : રાધનપુરમાં ૭૫૧ અરજીઓ મળી, બધી અરજીઓ મંજૂર કરી, ૨૬,૮૪,૧૬૮ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો. સાંતલપુરમાં ૪૫૦ અરજીઓ મળી, બધી અરજીઓ મંજૂર કરવામાં આવી, ૧૬,૦૮,૩૫૬ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યા. આખા પાટણ જીલ્લામાં ૨ કરોડ ૧૮ લાખ ૭૦ હજાર ૭૧ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો. ૬૧૧૯ અરજીઓ ટોટલ મંજૂર કરવામાં આવી.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી**,** આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગુ છું કે સામાજીક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગોને જે બજેટની ફાળવણી કરવામાં આવે છે એ વસ્તીના ધોરણે કરવામાં આવે છે કે કઇ રીતે કરવામાં આવે છે અને આ વખતે રાજય સરકાર મારફત સામાજીક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગનું બજેટ કેટલું મંજૂર કરવામાં આવેલું છે**?**

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૦૧૮-૧૯ની અરજીઓ પૂરતો પ્રશ્ન છે. અલગથી નોટીસ આપવામાં આવશે તો જવાબ આપીશ.

અધ્યક્ષશ્રી : આવડું મોટું બજેટ આપ્યા પછી કયા બજેટની વાત કરો છો**?**

## રાજકોટ અને પોરબંદર જિલ્લામાં નોંધાયેલ ખેતમજૂરો

*૧૬૯૬૧ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ રાજકોટ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર કેટલા ખેતમજૂરો નોંધાયેલા છે,

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ રાજકોટ અને પોરબંદર જિલ્લામાં નીચે મુજબ ખેતમજૂરો નોંધાયેલા છે.

| જિલ્લો | ખેતમજૂરોની કુલ સંખ્યા (૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ) |
|---|---|
| રાજકોટ | ૭૫૦૮૩ |
| પોરબંદર | ૩૧૯૦૭ |
| **કુલ** | **૧૦૬૯૯૦** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલા ખેતમજૂરોના અકસ્માતે મૃત્યુ નીપજ્યા,

(૨) નોંધાયેલ ખેતમજૂરો પૈકી છેલ્લાં બે વર્ષમાં અકસ્માતથી મૃત્યુ પામેલ ખેતમજૂરોની સંખ્યા

| જિલ્લો | તા. ૦૧-૦૬-૧૭ થી તા. ૩૧-૦૫-૧૯ |
|---|---|
| રાજકોટ | ૪૦ |
| પોરબંદર | ૧૮ |
| **કુલ** | **૫૮** |

(૩) તે પૈકી કેટલા ખેતમજૂરોના વારસદારોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

(૩) નીચે મુજબ ખેતમજૂરોના વારસદાર/કુટુંબોને સહાય ચૂકવવામાં આવી.

| જિલ્લો | તા. ૦૧-૦૬-૧૭ થી તા. ૩૧-૦૫- |
|---|---|

| | લાભાર્થીની સંખ્યા | સહાયની રકમ |
|---|---|---|
| રાજકોટ | ૧૨ | ૧૨,૦૦,૦૦૦/- |
| પોરબંદર | ૦૭ | ૦૭,૦૦,૦૦૦/- |

(૪) બાકીની સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે?

(૪) પડતર અરજીઓ ઉપર સંપૂર્ણ વહીવટી કાર્યવાહીની પૂર્તતા થયા બાદ નિકાલ કરવામાં આવશે.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત પૂછવું છે કે રાજકોટ જિલ્લાની અંદર ૪૦ અને પોરબંદર જીલ્લાની અંદર ૧૮ ખેતમજદૂરોના ૨ વર્ષ દરમિયાન મૃત્યુ થયા. એમાંથી રાજકોટ જિલ્લામાં ૧૨ અને પોરબંદર જિલ્લામાં ૭ ખેતમજૂરોને વીમાની રકમની સહાય ચૂકવી દેવામાં આવી બાકીના જે લોકોને સહાય ચૂકવવાની છે એમાં એક વર્ષથી વધારે સમય થયો હોય એવી પડતર અરજી કેટલી છે અને મારો બીજો પ્રશ્ન એ છે કે સમગ્ર ગુજરાતની અંદર ખેતમજદૂરોની નોંધણી થતી હોય છે. આ મારા બે જિલ્લાની અંદર એક લાખ જેટલા ખેતમજૂરોની નોંધણી થયેલ છે અને એમાં મોટા ભાગના આદિવાસી વિસ્તારોની અંદરથી આવતા મજદૂરો હોય છે. આ આખી બુકની અંદર આખા ગુજરાતના બધા આકડા માગવામાં આવ્યા છે, સરેરાશ એક જિલ્લાની અંદર એક અપમૃત્યુનો, અકસ્માતનો બનાવ બને છે ત્યારે એમને એક લાખની સહાય આપવાને બદલે પાંચ લાખની સહાય કે વધારે રકમ કરવા માગો છો કે કેમ**?**

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં ૪૦ મૃત્યુની અરજી મળી હતી અને પોરબંદરમાં ૧૮ મૃત્યુની અરજી મળી એમાંથી રાજકોટમાં ૧૨ મંજૂર થઇ છે અને ૭ પોરબંદરમાં મંજૂર થઇ છે. કુલ ૧૯ જણાના પૈસા ચૂકવવામાં આવ્યા છે. આ સિવાય જયારે આવો કોઇ અકસ્માત બનતો હોય છે ત્યારે ૯૦ દિવસની અંદર અરજી કરવાની હોય છે. અકસ્માત શેના કારણે બન્યો છે એના પૂરતા પુરાવા મેળવવાના હોય છે. કેટલાક પુરાવા મેળવવામાં, કોઇ કેસ એવો બનતો હોય છે કે એમાં એફ.એસ.એલ.ના રિપોર્ટની જરૂરિયાત પડતી હોય છે. આ રિપોર્ટ આવવામાં વાર લાગે એના કારણે વિલંબ થતો હોય છે. આના કારણે કેટલાક નિર્ણયો લેવામાં મોડું થતું હોય છે. કોઇ ડૂબી જવાથી મૃત્યુ પામે અને અરજી થઇ હોય તો ખરેખર બેદરકારીથી ડૂબી ગયો છે કે અકસ્માતે મૃત્યુ થયું છે એનો પ્રાન્ત અધિકારી મારફતે રિપોર્ટ આવતો હોય છે. એમાં નિર્ણય લેવામાં ડીલે થતું હોય છે. આમ, પૂરી પૂર્તતા થાય પછી આપવા પાત્ર હોય એ તમામને રકમ ચૂકવવામાં આવે છે. બીજું, પૂછ્યું કે વીમાની રકમ વધારવા માગો છો કે કેમ? તો હાલ પૂરતી કોઇ વિચારણા નથી.

શ્રીમતી ગીતાબા જ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે, છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં અરજીઓ પડતર રહેવાના શા કારણો છે અને છેલ્લા બે વર્ષમાં પોરબંદર જિલ્લામાં મંજૂર થયેલ દાવાઓમાં મૃત્યુના મુખ્ય કારણો શું હતા?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં પડતર રહેવાના કારણો છે એમાં સભ્યશ્રીને જણાવવાનું કે ૯ અરજીઓ એવી હતી કે જેને ઇ-ધરાનું પ્રમાણપત્ર મળેલ ન હતું. ૨ અરજીઓ એવી છે કે પ્રાન્ત અધિકારીનો અભિપ્રાય આવ્યો નથી. ૧ અરજી એવી છે કે પોલીસ તપાસના કાગળો, એફ.આઇ.આર. કે ચાર્જશીટ ન મળવાના કારણે પડતર છે. ૧ અરજી નિકાલ અર્થે વીમા નિયામકશ્રીમાં પહોંચી ગઇ છે. એની સ્ક્રુટિની થયેથી નિર્ણય લેવામાં આવશે. એવી જ રીતે પોરબંદર જિલ્લામાં પણ છેલ્લા બે વર્ષમાં ૬ વાહન અકસ્માતથી મૃત્યુ થયા હતા અને ૧ અકસ્માતે દાઝી જવાથી મૃત્યુ થયેલ હતું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે છેલ્લા બે વર્ષમાં જે ખેતમજૂરોના અકસ્માતો થયા એમાં તમે ૧૨ અને ૭ એમ કુલ ૧૯ જણાને ચૂકવણી કરી છે. ૪૦ અને ૧૮ એમ કરીને કુલ ૫૮ મૃત્યુ નોંધાયા છે. ૨ વર્ષનો સમયગાળો ગણીએ તો પહેલા વર્ષ તા.૧-૬-૨૦૧૭ થી તા.૩૧-૫-૨૦૧૭ વચ્ચે કેટલા ખેતમજૂરોના અકસ્માતો થયા હતા અને એ પૈકી કેટલી રકમ ચૂકવવામાં આવી?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : મારી પાસે છેલ્લા બે વર્ષની માહિતી માગી હતી એટલે બે વર્ષની ભેગી માહિતી મેં આપી છે. વર્ષવાર માહિતી શ્રી શૈલેષભાઇને મોકલી આપીશ.

અધ્યક્ષશ્રી : એમને છૂટી પાડીને આપી દો ને?

શ્રી શૈલેષ મ. પરમાર : પહેલા વર્ષે અકસ્માતમાં મૃત્યુ થયા એમાંથી કેટલા લોકોને સહાય આપી? સરકારને ખેતમજૂર માટે કેટલી લાગણી છે, કેટલી ઝડપી કામગીરી કરી છે એ મારે જાણવું છે. બે વર્ષના સમયગાળા દરમિયાન એમણે કહ્યું છે. મારો સવાલ છે કે પહેલા વર્ષમાં કેટલા અકસ્માતમાં મૃત્યુ થયા અને કેટલી સહાય આપી એની માહિતી આપે.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : શ્રી શૈલેષભાઇ, એનાથી વિશેષ માહિતી જોઇતી હશે તો અંગત રીતે મોકલી આપીશ. પૂરી માહિતી મોકલવાની તૈયારી છે. પૂરતી માહિતી આપવા આ રાજ્ય સરકાર બંધાયેલ છે. અમે હંમેશા દરેક લોકો માટે ચિંતા કરીને કામ કરતા હોઇએ છીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : પૂરેપૂરો જવાબ જોઇએ. ન હોય તો ટેબલ ઉપર મૂકે.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : તા.૧-૬-૨૦૧૭થી તા.૩૧-૫-૨૦૧૮ સુધીમાં ૧૨ અરજીઓ મળેલ હતી એમાં ૪ મંજૂર થઇ છે ૮ અરજીઓ હજી નિર્ણય થવાનો બાકી હોઇ, કેટલાક પુરાવાઓ ન મળવાના કારણે પડતર છે. તા.૧-૬-

૨૦૧૮થી તા.૩૧-૫-૨૦૧૯ સુધીમાં ૬ અરજીઓ મળી હતી, ૩ મંજૂર થયેલ છે. એક નામંજૂર થયેલ છે. ૨ અરજીઓ પુરાવાના અભાવે પડતર છે

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં મૃત્યુ થયા છે એના કારણો શું અને નામંજૂર અરજીઓ થઇ છે એના કારણો શું છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં મંજૂર થયેલ મૃત્યુના દાવાઓના કારણો શું હતા? એની માહિતી માનનીય સભ્યશ્રીએ માગી છે. ૮ કિસ્સામાં વાહન અકસ્માતમાં, ૧ ઇલેક્ટ્રિક શોટ લાગવાથી, ૧ અકસ્માતે દાઝી જવાથી, ૧ વ્યક્તિને સર્પ દંશ થવાથી, ૧ વ્યક્તિ પાણીમાં ડૂબી જવાથી મૃત્યુ થયેલ હતા. બીજો પ્રશ્ન એમણે એ કર્યો છે કે, નામંજૂર થવાના કારણો શું? નામંજૂર થવાના કારણોમાં ૧૧ મૃતકોના કિસ્સામાં વેલિડ ડ્રાઇવિંગ લાઇસન્સ ના હોવાના કારણે નામંજૂર થયા છે, ૨ કિસ્સાઓમાં ઈ-ધરાનું પ્રમાણપત્ર એ રજૂ કરી શક્યા નથી. પોતે ખેડૂત નથી, એટલા માટે નામંજૂર થયું છે. ૧ મૃતક એ ડ્રાઇવર હોવાથી નામંજૂર થયું છે અને ૧ અસંગઠિત ક્ષેત્રનો શ્રમિક ના હોવાથી નામંજૂર થયું છે, આમ ૧૫ કેસ આ રીતે છે.

**જૂનાગઢ જિલ્લામાં જમીન નામે કરી આપવાની મળેલ અરજીઓ**

*૧૭૯૨૯ **શ્રી બાબુભાઇ વાજા** (માંગરોળ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ ૧૯૭૧ પહેલાંનો કબજો ધરાવતા જમીન ધારકોને તે જગ્યા કબજા ધારકના નામે કરી આપવાની જાહેરાત સરકાર દ્વારા ક્યારે કરવામાં આવેલ, | (૧) આવી કોઇ જાહેરાત કરવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ જિલ્લાના માંગરોળ અને માળીયા (હા) તાલુકામાં તે માટે કેટલી અરજીઓ મળી, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, કેટલી અરજીઓ નામંજૂર કરી અને કેટલી અરજીઓ પડતર છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત અરજીઓ નામંજૂર કરવાના કારણો શું છે અને પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ ગામતળનો કબજો ધરાવતા મકાન માલિક હોય એ વાડા માલિક હોય જો એ ૧૯૭૧ પહેલા કબજો ધરાવતા હોય તો આ જગ્યા રેગ્યુલરાઇઝ કરી આપવાની સરકારશ્રી દ્વારા ક્યારે જાહેરાત કરવામાં આવી? બીજો પ્રશ્ન, સરકારશ્રી દ્વારા આ જમીન ધારકોને આ જમીન રેગ્યુલરાઇઝ કરી આપવાનો પરિપત્ર કઇ તારીખે બહાર પાડવામાં આવ્યો? આ પેશકદમી તો નથી, પણ એમ હોય કે મારા બાપ-દાદાનો વાડો છે, બાજુમાં જમીન હોય તો એ જમીન રેગ્યુલરાઇઝ કરી આપવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ અત્યારે જે પ્રશ્ન લેખિતમાં રજૂ કર્યોને એ પ્રમાણે એમણે કહ્યું નથી. એમાં જનરલાઇઝ કહ્યું છે. કોઇ પણ વ્યક્તિને આખા રાજ્યમાં અલગ અલગ પ્રકારના કબજા હોય તો એક જી.આર.થી કે એક ઠરાવથી બધાને રેગ્યુલરાઇઝ કરવાનો અત્યાર સુધી રાજ્ય સરકારે ક્યારેય પણ નિર્ણય કર્યો નથી એટલે મેં જવાબ આપ્યો છે કે, આવી કોઇ જાહેરાત કરવામાં આવી નથી. ૧૯૭૧ પહેલાનો કબજો ધરાવતા જમીન ધારકોને એ જગ્યા કબજા ધારકના નામે કરી આપવા એમાં કાંઇ સ્પેસિફિક કર્યું નથી. પણ સરકારી જમીન ઉપરનો કબજો, ગામતળની જમીન ઉપરનો કબજો, ગૌચરની જમીન ઉપરનો કબજો, વાડાની જમીન ઉપરનો કબજો આ બધા કબજા હોય ત્યારે અવારનવાર ઠરાવ કરીને ચોક્કસ હેતુઓ માટે અને લોકહિત માટેના નિર્ણયો અલગ અલગ સમયે લીધા છે. એક નિર્ણય ૨૦૦૬માં લીધેલ હતો અને બીજો નિર્ણય વાડા માટે તા.૧૪-૭-૨૦૧૭ ના રોજ લીધેલ છે. અગાઉ ૨૦૦૬માં જે નિર્ણય લીધો એ નિર્ણય પછીથી એમાં ચવ, ઉભડ, રાવળા, હકેવાડા, ખોરડા-મકાન આ બધા કબજા માટે અલગ અલગ રીતે અલગ અલગ ઠરાવથી એને રેગ્યુલરાઇઝ કરવા માટેના નિર્ણય કર્યો છે. હજુ પણ આ માગણી આવી છે ત્યારે અમે નિયમનુસાર એને અમે આ ઠરાવમાં જો આવતા હોય તો અમે કરી આપીએ છીએ અને અત્યાર સુધીમાં અમારી પાસે જે અરજીઓ આવી છે એની વિગતો મારી પાસે છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, વાડાની જમીનોને રેગ્યુલરાઇઝ કરવા માટે સરકારશ્રીમાં શું જોગવાઇઓ છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૭માં માનનીય વિજયભાઇ રૂપાણીની સરકારે જેનું રજિસ્ટ્રેશન ૧૯૬૮માં થયું હોય અને ૨૦૦ ચોરસ મીટરની જગ્યાનો કબજો હોય એવા અરજદારોને આપણે બજાર કિંમતના રૂ.૫૦ પ્રતિ ચોરસ મીટર વસૂલ કરીને કબજા હક્ક આપવામાં આવે છે. જો દાવેદારનું નામ વાડા રજિસ્ટરમાં હશે તો જ વાડો સીધો જ તેના નામે કરી આપવામાં આવશે. વાડા રજીસ્ટરમાં નોંધાયેલ વ્યક્તિ સિવાયનો દાવેદાર હોય પરંતુ દાવેદાર વારસદાર અન્ય કાયદેસરનો વારસદાર હશે તો દાવા અંગે મામલતદારશ્રી જરૂરી ચકાસણી કરીને નિર્ણય લઇ શકશે. વાડાનો બીન ખેતી તરીકે ઉપયોગ થતો હોય તો બીન ખેતી આધાર અને યોગ્ય વેરા લેવાની અને બિન ખેતી તાકીદે તબદીલ, નિયમિત કરવાની જોગવાઇ છે. અરજદારની અરજી મળ્યાની તારીખથી બે માસમાં અંદર કબજા હકકની કિંમત મામલતદારે નકકી કરી અરજદારને જણાવવાની રહેશે. રકમ ભર્યા બાદ એના હુકમ સમયસર કરવામાં આવી રહ્યા છે. મેં હમણા કહ્યું મારી પાસે જે અરજીઓ આવી છે. ચૌલ, ઉઘડ, રાવળા, અત્યાર સુધી ૧૧૨ અરજીઓ જૂનાગઢ જિલ્લામાં આવી છે. ૬૦ અરજીઓ મંજૂર કરી છે. ૨૩ અરજીઓ નામંજૂર કરી છે અને ૨૯ અરજીઓ પડતર રહી છે.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જમીન ધારકો જે છે એ સરકારી પડતર જમીનોમાં સતત કબજો ધરાવતા હોય એ માટેનો પ્રશ્ન છે. અમે જયુડીશીયલ કોર્ટ જે છે એ ૩૦ વર્ષનો સતત કબજો હોય તો જિલ્લા કોર્ટ, હાઈકોર્ટ, સુપ્રીમ કોર્ટે ખેડૂતો અને પશુપાલકોની તરફેણમાં જે જજમેન્ટ આપ્યા છે એ જજમેન્ટ લઇ અને રેવન્યૂ ડિપાર્ટમેન્ટ કોઇ સંકલિત ઠરાવ કરવા માગે છે કે કેમ? આપે કહ્યું છે કે થયો નથી પણ ખરેખર કરવો જોઇએ. એટલા માટે કે દરેક વ્યક્તિ હાઈકોર્ટ, સુપ્રીમ કોર્ટ સુધી જાય અને પછી જજમેન્ટ લઇને આવે પછી આપ જમીન આપો જ છો. ખરેખર એવા કિસ્સામાં ડિસ્ટ્રિક્ટ કોર્ટ, હાઈકોર્ટ, સુપ્રીમકોર્ટના જજમેન્ટનું તારણ એકત્રિત કરી અને સરકાર એક સંકલિત ઠરાવ કરે તો ખરેખર જે ગરીબ ખેડૂતો છે કે ગરીબ માણસો છે જે સતત કબજો ધરાવે છે. વર્ષોથી આઝાદી પહેલાનો પણ કબજો ધરાવે છે એવા લોકો કોર્ટમાં જઈ શકતા નથી અને અનધિકૃત કબજો બોલ્યા કરે છે. તો એમાં કોઇ ઠરાવ કરવા માગો છો કે કેમ? એ પૂછવાનો ઇરાદો છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આવો ઠરાવ કોઇપણ સરકાર કરી શકે નહીં. અલગ અલગ રીતે, અલગ અલગ સમયે મેં કહ્યું એમ અલગ અલગ હેતુ માટે કબજા હોય તો અલગ અલગ સમયે અલગ અલગ હેતુઓ માટે અલગ ઠરાવ થાય. માનનીય સભ્યશ્રી કહે છે એમ બધા કબજા માટે કોઇપણ સરકાર આવો નિર્ણય લઇ શકે જ નહીં.

શ્રી પરેશ ધાનાણી : અમારા સભ્યશ્રીની જે લાગણી હતી એ રાજ્યના શહેરી વિસ્તારના લાખો લોકોને સ્પર્શતો મુદ્દો છે, ગામડાંની અંદર પણ વર્ષોથી વારસાગત વહીવટ કરતા હોય પણ આવી જમીન ઉપર એનો અધિકૃત કબજો નથી. આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે એક તો વાડાના પ્રશ્નો ગામડાંની અંદર ખૂબ પીડાદાયક પ્રશ્નો છે. આવી જ રીતે અમારા સભ્યશ્રી બાબુભાઇએ પ્રશ્ન પૂછ્યો કે ગામતળમાં રહેણાકના મકાનો આપણે અત્યારે મુખ્યમંત્રી આવાસ યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, દરેકને ઘરનું ઘર મળે એના માટે મિશન ચલાવીએ છીએ અને મેં જે અનુભવ્યું છે કે અમરેલીનો ઉંજી વિસ્તાર સરકારી ખરાબો છે, એના મકાન છે પણ બિન અધિકૃત છે. ગૃહના નેતાને પણ વિનંતી છે કે આ અંગે અભ્યાસ કરીને રહેણાકના હેતુ માટે કોઇએ સરકારી જમીનની અંદર વિવિધ પ્રકારની જમીનમાં જો બિન અધિકૃત દબાણ કર્યું હોય તો જે હયાત દબાણ છે એ કટ ઓફ ડેટ નકકી કરી અને એને રેગ્યુલરાઇઝ કરીએ તો એના ઘરના ઘરની સલામતી જળવાય. એ જ રીતે વાડાના પ્રશ્ન અંગે પણ ડીટેઇલ સરવે કરી અને જો આ કરશે તો રાજ્યના ઘણા બધા લોકોના પ્રશ્નો હલ થઇ જશે. કાયદાકીય રીતમાંથી લોકોને મુક્તિ મળશે.

શ્રી વિજય રૂપાણી **(**મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકારે છેલ્લા ૩ વર્ષમાં આ પ્રકારે જે એકટીવ થઇ અને રેવન્યૂ કાયદામાં ધરખમ ફેરફાર કરીને વર્ષોથી જેની પાસે રહેણાકમાં કબજો છે, ગરીબ માણસ, મધ્યમ વર્ગનો માણસ રહે છે. દા.ત. સૂચિત સોસાયટીઓ. વર્ષોથી પ્રશ્ન હતો કે જમીન સરકારની નહોતી. જમીન મૂળ ખાતેદારની હતી પણ વગર મંજૂરીએ એને વેચી, મકાનો થઇ ગયા, સોસાયટીઓ થઇ ગઇ. યુ.એન.સી.માં પણ ઘણી જમીન એવી હતી કે લોકોએ મકાન વર્ષોથી બનાવ્યા. ૨૫–૩૦ વર્ષથી કબજા હતા અને ત્યાં મકાનો બની ગયા હતા અને વ્યવસ્થાઓ થઇ હતી. શહેરી વિસ્તારમાં જમીનના ભાવ દિવસે દિવસે વધે છે ત્યારે ગરીબ માણસ અને મધ્યમ વર્ગનો માણસ એ પોતે રહેવા કયાં જાય? તો આવા મકાનો માટે કોઇ કોર્ટ જજમેન્ટ આપે અને તોડવા એ પણ હિતાવહ નથી, કેમ કે લાખો લોકો ઘરબાર વગરના થઇ જાય. અમારી સરકારે લાગણીસભર, સંવેદનશીલ થઇને અમે ઐતિહાસિક પરિવર્તન રેવન્યૂ એક્ટમાં લાવીને યુએલસીમાં થયેલ મકાનોને કાયદેસર કર્યા. સૂચિત સોસાયટીમાં જે મકાનો છે તેને પણ કાયદેસર કર્યા. એવી જ રીતે અમને ગામડામાંથી લોકોની લાગણી આવી કે વાડાની જમીનો વર્ષોથી બાપ–દાદા વખતથી વાપરે છે. ઘરની એડ્જોઇનિંગ છે. એમાં ઢોર રાખતા હોય, નીરણ રાખતા હોય, જેમાં માલિકી સરકારની છે અને કબજો વર્ષોથી જે તે વ્યક્તિ પાસે છે. વાડાની જમીનને કાયદેસર કરીને લોકોને આપવી એ પણ અમે લોકોએ પ્રો–એક્ટિવ થઇ નિર્ણય કરેલ છે. મારી ગૃહને લાગણી છે કે આ બધા રેવન્યુના પ્રશ્નો, તકરારો, વાંધા–વિવાદો અને કયારેક એના કારણે લોકોને તકલીફ પડે છે, અનસર્ટેઇનીટીના કારણે લોકો ભયમાં જીવતા હોય છે, તો એને આપણે ભય મુક્ત કરવા આ બધુ કર્યું છે. તો પોત પોતાના વિસ્તારમાં વાડાની જમીન યુએલસી ઉપર સોસાયટી અને સૂચિત સોસાયટી આને કાયદેસર કરીએ. એવી જ રીતે આપણે જે ઝૂંપડપટ્ટીઓ સરકારી જગ્યામાં, કોર્પોરેશનની જગ્યામાં બની ગઇ છે, એને પણ આપણે પાકા મકાનો બનાવી રીડેવલપમેન્ટ સ્કીમ લાવીને ગરીબ અને મધ્યમવર્ગ માટે અને જે રીતે સભ્યશ્રીએ

લાગણી વ્યક્ત કરી કે વધુને વધુ લોકોને મકાનો મળે અને આપણે ઘર વિહોણા લોકોને ૨૦૨૨ સુધીમાં પ્રત્યેક માણસ પાકા મકાનમાં રહે તે દિશામાં આગળ વધી રહ્યા છીએ.

**જામનગર જિલ્લામાં ખારા પાણીને મીઠું બનાવવાનો પ્રોજેક્ટ**

*૧૮૦૪૨ **શ્રી ચિરાગભાઇ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ જામનગર જિલ્લાના જોડીયા ખાતે દૈનિક ૧૦ કરોડ લીટર દરિયાના ખારા પાણીને ડીસેલીનેશન દ્વારા મીઠુ પાણી બનાવવાના પ્રોજેક્ટની કામગીરી ક્યા તબક્કે છે, | (૧) હાલ આ પ્રોજક્ટ અંતર્ગત આ કામોની એજન્સી મે. જોડિયા વોટર ડિસેલીનેશન લિ., દ્વારા બાંધકામ માટેની જરૂરી પર્યાવરણીય મંજુરીઓ અને નાણાકીય વ્યવસ્થાપન માટેની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. |
| (૨) ઉક્ત કામગીરી કયાં સુધીમાં પૂર્ણ થશે, | (૨) પર્યાવરણીય મંજૂરીઓ અને નાણાકીય વ્યવસ્થાપન મળ્યા બાદ બે વર્ષમાં કામગીરી પુર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) ઉક્ત કામગીરી કઇ એજન્સી દ્વારા કરવામાં આવે છે, અને | (૩) આ કામગીરી મે. જોડિયા વોટર ડિસેલીનેશન લિ દ્વારા કરવામાં આવી રહેલ છે. |
| (૪) ઉક્ત મીઠુ પાણી ક્યા દરથી ખરીદવામાં આવશે? | (૪) ટેન્ડરમાં મળેલા અને સરકારશ્રીએ મંજુર કરેલા ભાવો અનુસાર ઇજારદાર પાસેથી પ્રતિ દીન ૧૦૦ એમ.એલ. પાણી વેચાણ લેવા માટે રૂ. ૫૭/– પ્રતિ હજાર લીટરના દરે Commercial Operation Date પછીના બે વર્ષ સુધી તથા ત્યારબાદ પુરા કન્સેશન સમયગાળા દરમ્યાન રૂ. ૫૭/– પ્રતિ હજાર લીટરના ભાવથી દર વર્ષે ઉત્તરોત્તર ૩ ટકાના વધારા સાથે ખરીદવાનું આયોજન છે. |

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જામનગર જિલ્લામાં જોડિયા મુકામે ડીસેલીનેશન પ્લાન્ટ આવે છે. પ્લાન્ટની મશીનરી કયા દેશમાંથી મંગાવવાની છે? એની ક્ષમતા રોજની ૧૦,૦૦૦ કરોડ લિટરની છે. એગ્રીમેન્ટ ૫૭ રૂપિયા ૧૦૦૦ લિટરથી કરવામાં આવ્યું છે. તો આશરે વર્ષે ૨૦૫.૨૦ કરોડ રૂપિયા થાય છે. જો આ કામગીરી રાજ્ય સરકાર કરવા માગતી હોય તો માનનીય *(xxx) અપીલ કરું છું આવડું મોટું બજેટ લઇને આવ્યા છો. તો ડીસેલીનેશન પ્લાન્ટને તાત્કાલિક ધોરણે ગ્રાન્ટ ફાળવવામાં આવે અને તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ કાઢી નાંખવામાં આવે છે.

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે નાણાકીય વ્યવસ્થા છે, એનું આયોજન થશે ત્યારબાદ આ કામગીરી થશે? એના માટે નાણાકીય આયોજન સરકારશ્રી કરશે કે ખાનગી કંપની કરશે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : પીવાના પાણી માટે રાજ્ય સરકાર ચિંતિત છે. એના જ ભાગરૂપે સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો છે અને એના અનુસંધાને રાજ્ય સરકાર આ વખતે ખૂબ સારી બજેટની જોગવાઈ કરી છે. એમણે પ્રશ્ન પૂછ્યો એ છે કે જોડિયા ખાતે જે પીવાના પાણી માટેની ખારા પાણીમાંથી મીઠું પાણી કરીને પીવા માટે ડીસેલીનેશન પ્લાન્ટ ઊભો કરવા માટે રાજ્ય સરકારે પીપીપીના ધોરણે પાઇલોટ પ્રોજેક્ટ મૂકી ૧૦૦ એમએલડી જેટલું પાણી એની ક્ષમતા છે, એની પાછળ રાજ્ય સરકારે જે બે એજન્સીઓ હતી. બંને એજન્સીને પ્રથમ કામ સોંપવાની સાથે જોઇન્ટ વેન્ચર કરીને ત્યાં ખાસ કરીને સ્પેશિયલ પર્પઝ વ્હીકલ તરીકે મે.જોડિયા વોટર ડીસેલીનેશન લિ.ને આ કામ સોંપ્યું છે. જે રીતે એનો કેપિટલ ખર્ચ અને વગેરે થવાનો છે એમાં સભ્યશ્રીએ પૂછ્યું જેમાં ખાસ કરીને જે રીતે..

અધ્યક્ષશ્રી : શ્રી કાલરિયા, જવાબ ચાલુ છે તે પહેલા હાથ ઉંચો કરી દો છો? શ્રી મુસડીયાજી હાથ નીચે કરો.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : જોઇન્ટ વેન્ચરથી જોડિયા વોટર ડીસેલીનેશનને કામ સોંપ્યું છે. અને તેમને જે રીતે કામ સોપાયું છે તે ધ્યાનમાં રાખીને પર્યાવરણ અને નાણાકીય વ્યવસ્થાપનની મંજૂરી માટેની કાર્યવાહી પ્રગતિમાં છે. તેમાંથી આપણને ૧૦૦ એમ.એલ.ડી. જેટલું પાણી મળવાનું છે. તેના ભાગરૂપે જે ખર્ચ થવાનો છે તેની સામે બજેટેડ જોગવાઇની વાત કરી છે તો તેમાં ખાસ કરીને ૧૦૦૦ લિટરે ૫૭ રૂપિયા ખર્ચ થવાનો છે. તેની સામે દૈનિક ૧૦૦ એમ.એલ.ડી. જેટલા પાણીમાં ૫૭ લાખ રૂપિયા આપવાના છે. તેની સામે આ પ્રોજેકટની સમય મર્યાદા ૨૫ (પચ્ચીસ) વર્ષની નકકી કરવામાં આવી છે. તેમણે ખાસ કરીને પર્યાવરણના સર્ટિફિકેટ....

અધ્યક્ષશ્રી : મશીનરી કયાંથી લાવવાના છો તેવું માનનીય સભ્યશ્રીએ પૂછયું છે. કયારનાય ઘડી ઘડી હાથ ઉંચો કરે છે. કયા દેશમાંથી મશીનરી લાવવાના છો?

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : તેની ટેકનોલોજી વગેરે અને આ ડિસેલીનેશન પ્લાન્ટ સ્પેશ્યલ પર્પઝ ફોર વ્હીકલ એટલે કે જોડિયા વોટર ડિસેલીનેશન મારફતે આ મશીનરી તેને જ લગાડવાની છે. પીપીપી ધોરણે કામ કરવાનું છે. આમાં મે.એસ્સેલ ઈન્ફ્રા પ્રોજેક્ટ લિમિટેડ મુંબઇ અને મે.અબેઇસા ઈન્ફ્રાસ્ટ્રકચર મીડીયો એમ્બીએન્ટે–સ્પેનના જોઇન્ટ વેન્ચરથી કામ કરવામાં આવશે. મશીનરી કયાંથી લાવવી તે એજન્સીએ નકકી કરવાનું છે.

શ્રી કનુભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જામનગર પછી રાજયની અંદર કયા સ્થળે ડિસેલીનેશન પ્લાન્ટની સ્થાપના કરવાનું આયોજન કરેલ છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, જામનગરના જોડીયા ખાતે આ પાઇલટ પ્રોજેક્ટ ઊભો કરવાનો છે. તેના પછી આપણો ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો છે ત્યાં આગળ બીજા સાત જેટલા સ્થળો પર આવા ડિસેલીનેશન પ્લાન્ટ ઊભા કરવાનું આયોજન કરેલ છે. તેમાં કચ્છ જિલ્લાના મુન્દ્રાના કુકડસર ખાતે ૫૦ એમ.એલ.ડી, કચ્છ જિલ્લાના માંડવીના ગુંદીયાળી ખાતે ૫૦ એમ.એલ.ડી, દેવભૂમિ દ્વારકાના ગાંધવી ખાતે ૫૦ એમ.એલ.ડી., પોરબંદર જિલ્લાના ઓડાદર ખાતે ૨૦ એમ.એલ.ડી, ગીર સોમનાથ જિલ્લાના સૂત્રાપાડાના વડોદરા ખાતે ૩૦ એમ.એલ.ડી., અમરેલી જિલ્લાના પીપાવાવના રામપરા ખાતે ૨૦ એમ.એલ.ડી., ભાવનગર જિલ્લાના ઘોઘા ખાતે ૫૦ એમ.એલ.ડી. ક્ષમતાના પ્લાન્ટ માટે રાજય સરકારે ટેન્ડરની કાર્યવાહી હાથ ધરી છે. ટેન્ડરની છેલ્લી તારીખ ૮–૮–૨૦૧૯ મુકરર થઇ છે.

અધ્યક્ષશ્રી : માનનીય લલીતભાઇ. જેમણે એકેય વાર પૂછયું નથી તેમને તક આપી છે.

શ્રી લલીતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આ પીપીપી ધોરણે નથી પણ પ્રાઇવેટ કંપનીને તમે આ પ્લાન્ટ આપ્યો છે. તમે તેની પાસેથી ૫૭ રૂપિયે એક હજાર લિટર પાણી ખરીદવાના છો. તેનું પર ડે પ્રોડકશન એક કરોડ લિટર પાણીનું છે. એટલે પર ડે ૫૭ લાખ રૂપિયાનો ખર્ચ સરકાર કરવાની છે. વર્ષે ૨૦૨ કરોડ રૂપિયા આપવાના થશે. આખા વર્ષ દરમ્યાન ૨૦૨ કરોડ રૂપિયાની કંપનીને આવક થશે અને ત્રણ વર્ષમાં તેના ૭૦૦ કરોડ રૂપિયા નીકળી જશે તો આપે ૨૫ (પચ્ચીસ) વર્ષનો કોન્ટ્રાકટ શું કામ કરવો પડયો?

શ્રી વિજય રૂપાણી (મુખ્યમંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, આમાં થોડીક ગેરસમજ થાય છે. જોડિયાનો જે પ્લાન્ટ છે તે દસ કરોડ લિટર પાણી પર ડે ખારું પાણી મીઠું કરશે. આપણે જે ટેન્ડર બહાર પાડ્યું છે તેમાં ૧૦૦ ટકા ખર્ચ તેણે કરવાનો છે. લગભગ ૭૦૦ કરોડ રૂપિયા ઈન્વેસ્ટમેન્ટ આ પ્લાન્ટમાં થશે. ટેકનોલોજી અને પૈસા બધું તેનું છે. આપણે જે રીતે પાવર પરચેઝ એગ્રીમેન્ટ કરીએ છીએ કે, પાવર પ્લાન્ટ જેનો હોય તે પણ આપણે તેની સાથે ૨૫(પચ્ચીસ) વર્ષ માટે એગ્રીમેન્ટ કરીએ અને તે ભાવથી પાવર ખરીદીએ છીએ. આપણું એક રૂપિયાનું ઈન્વેસ્ટમેન્ટ નહીં. તેને ૨૫(પચ્ચીસ) વર્ષ સુધી આપણને આપવાનું અને આપણે તેને પેમેન્ટ કરવાનું. આપણે પોતે કરીએ તો આપણા ૭૦૦ કરોડ રૂપિયા રોકાય. તેના બદલે આપણો એક રૂપિયો રોકાશે નહીં. પીપીપીનો મતલબ પ્રાઇવેટ પાર્ટનર સાથે આપણે એગ્રીમેન્ટ કરીએ છીએ અને એના આધાર ઉપર કામ કરાવીએ છીએ. એટલે જે બીસ્લરીની બોટલ આપણે પંદર રૂપિયામાં લઇએ છીએ તે પાણી પર લિટર આપણને ૫.૭ પૈસામાં પડશે. એટલે આ પાણી આપણે પર લિટર ૫.૭ પૈસામાં ૨૫ વર્ષ સુધી ખરીદીશું. આ એટલા માટે કે જે માણસ ઈન્વેસ્ટમેન્ટ કરે છે એને પૂરતા વર્ષ કામ કરવા માટે મળે અને બીજું, એનું મેઇન્ટેનન્સ વગેરે એ બધું એનું. નહીંતર મેઇન્ટેનન્સ ખર્ચ આપણી ઉપર આવે. જેમ સૌની યોજના છે એમાં નર્મદાનું પાણી સૌરાષ્ટ્રમાં લાવીએ છીએ એમાં પણ ઘણો ખર્ચ થાય છે. જેમ કે આપણે ઢાંકીના પ્લાન્ટ કર્યા, બધું કર્યું, એનું ઈન્વેસ્ટમેન્ટ, એનું મેઇન્ટેનન્સ, દર વર્ષે એનું ઇલેક્ટ્રિસિટીનું બિલ પણ ખૂબ મોટું આવે જ છે. એમ આમાં એણે ઇલેક્ટ્રિસિટીનું બિલ ભરવાનું થશે. આપણે એક રૂપિયો પણ એમાં આપવાનો નથી. એમ બધું ટેન્ડરની શરતોમાં આપણે બહાર પાડ્યું છે, શ્રી લલીતભાઇ, એને ૨૦૦ કરોડ રૂપિયા ત્રણ વર્ષે મળવાના નથી, કાંઇક વાતમાં આપને સમજવામાં ફેર છે અને દસ વર્ષે તો એનું પોતાનું લેવલ આવશે અને પછી એમાંથી એને કમાણી શરૂ થશે. પરંતુ આપણે આ જે એક ટેન્ડર બહાર પડ્યું છે એવા બીજા ૭ ટેન્ડર બહાર પાડ્યા છે. હવે દાખલા તરીકે દહેજમાં આપણે હમણા એક ટેન્ડર ફાઇનલ કર્યું છે અને દહેજમાં આપણે ૧૦૦ એમ.એલ.ડી. પાણી એટલે ૧૦ કરોડ લિટર ખારું પાણી મીઠુ કરશે. જી.આઇ.ડી.સી.એ કર્યું છે અને ત્યાંના નાના બધા કારખાનાઓની જે વર્ષોથી ડિમાન્ડ હતી એટલે આપણું મીઠુ પાણી બચશે અને આ પાણીનો ઉપયોગ કરશે. કારખાનાવાળાઓએ તો એમ કહ્યું કે ઈન્વેસ્ટમેન્ટ અમે કરીશું, ટેન્ડર એવું બહાર પાડ્યું આપણે કે ટોટલ આખી ટેકનોલોજી નાંખવાની, ઈન્વેસ્ટમેન્ટ કારખાનાવાળા કરશે અને પછી આ કારખાનાવાળા આ ભાવથી પાણી ખરીદશે. એલ. એન્ડ ટી. જેવી સારી કંપની આવી છે અને આપણે ટેન્ડર ફાઇનલ કર્યું છે. બીજા ૬થી ૭ ટેન્ડર હજુ પ્રોસેસમાં છે. જે મેં હમણા વાત કરી ૫૦–૫૦ એમ.એલ.ડી.ના મુન્દ્રા, માંડવી, વેરાવળ, પોરબંદર કે જ્યાં આગળ આપણે અલગ અલગ ધોરણે ખરીદી રહ્યા છીએ એટલે આપણને સસ્તુ પાણી મળવાનું છે. અત્યારે ભારતમાં એક પ્લાન્ટ ચેન્નઇમાં ચાલે છે અને ચેન્નઇ આજે ૮૦ રૂપિયે ખરીદે છે જેના આપણે ૫૭ રૂપિયા આપવાના છીએ. એટલે આપણે એકંદરે ધીરે ધીરે જેને કહીએ કે દરિયાના ખારા પાણીમાંથી મીઠુ પાણી મેળવવાના છીએ. દાખલા તરીકે અત્યારે ચોમાસુ ખેંચાયું છે અને સૌરાષ્ટ્રમાં વિશેષ એમાં પણ જામનગર અને દેવભૂમિ દ્વારકામાં તો ટીંપુ વરસાદ પડ્યો નથી, કચ્છમાં પડ્યો નથી તો આ દરિયાનું પાણી જો આપણો સમયસર પ્લાન્ટ ચાલુ થઇ જાય તો દુષ્કાળ પણ આપણે ઝીલી શકીએ. ત્યારે ખર્ચ એ બહુ ઇનમટિરિયલ છે, પણ પાણી મહત્વનું છે. એક દુષ્કાળ અને એમાં રાહતના કામો કરો કેટલા હજાર કરોડો રૂપિયાનો ખર્ચો થાય છે. એના ભૂતકાળના

આંકડા કાઢો તો ખબર પડે. એટલા ઇન્વેસ્ટમેન્ટમાં કાયમ માટે પાણીની સારામાં સારી વ્યવસ્થા આપણી બની શકે છે અને આપણે કાયમ માટે દુષ્કાળમાંથી બહાર નીકળવા માટે આપણે આ પગલાં ભર્યાં છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આપના સભ્યશ્રીઓને કહો બહુ જ સમય જઈ રહ્યો છે અને આપણે પ્રશ્નો થોડા વધારે લેવા છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સરકારને એટલું જ કહેવા માગુ છું કે, અમારા સભ્યશ્રીઓની લાગણી સકારાત્મક હતી. ૧૬૦૦ કિલોમીટરનો દરિયો છે, ખારું પાણી મીઠુ થાય અને ભવિષ્યમાં આપણી પીવાના પાણીની જરૂરિયાત પૂરી થાય એ જરૂરી છે. માત્ર પ્રશ્ન એટલો હતો કે, કંપની ૭૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવાની બે વર્ષ સુધી હજાર લિટરે ૫૭ રૂપિયા અને પછીના દર વર્ષે ૩ ટકાનો વધારો એટલે બાકીના ૨૩ વર્ષ ૩ ટકાનો વધારો એટલે આ ૫૭ રૂપિયાનું ૧૦૦૦ લિટર છે એ હિસાબ કરીશું તો ૧૨૫-૧૫૦ રૂપિયે લિટર થશે. આપણે ૩ ટકાનો સતત વધારો આપીશું અને એનો ગુણાંક કરીએ તો આ ભાવ પડશે. એટલે અમારી માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ વિનંતી છે કે, આપણે ૨ લાખ કરોડ રૂપિયાનું બજેટ આ વર્ષે ગુજરાતનું છે તો દર વર્ષે પોતાનો એક પ્રોજેક્ટ નાંખીએ તો આ ૨૫ વર્ષ સુધીનું જે પ્રોજેકશન આપ્યું એ ગણીત ખોટું નથી. ૭૦૦ કરોડ રૂપિયાનું રોકાણ ત્રણ વર્ષમાં પાછું આવી જવાનું છે, સરકારને ફાયદો થવાનો છે. એટલે માનનીય અધ્યક્ષશ્રી, કોઇ ખાનગી કંપનીને બોલાવવાના બદલે સરકાર પોતે ભાગીદારીમાં કરે અથવા તો સરકાર પોતે આવા પ્લાન્ટ નાંખે એવી અમારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇનું સરકારશ્રીને સૂચન અને સલાહ છે. નેકસ્ટ પ્રશ્ન ક્રમાંકઃ૮, માનનીય મનીષાબેન. (અંતરાય) આવી ગયું, ઘણું આવી ગયું, મારે તમે કહો એ રીતે ગૃહ ચલાવવાનું નથી.

**છોટાઉદેપુર જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના**

*૧૬૬૧૩ **શ્રીમતી મનીષા વકીલ** (વડોદરા-શહેર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૯૨ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૯૧ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૯,૧૦,૦૦૦/- |

શ્રીમતી મનીષા વકીલ :માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, કુંવરબાઇનું મામેરૂંની યોજના હેઠળ સહાય આપવાનો હેતુ શું છે તેમજ આ યોજના ક્યારથી શરૂ કરવામાં આવી અને આ યોજના હેઠળ કેટલી સહાય ચૂકવવામાં આવે છે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઇનું નામ આવે એટલે સ્વાભાવિક આપણને પ્રખર કવિ નરસિંહ મહેતા યાદ આવે, પ્રખર કવિ નરસિંહ મહેતાની દીકરી નામે કુંવરબાઇના લગ્નપ્રસંગે ભગવાન શ્રીકૃષ્ણએ ભરપૂર મામેરૂં ભરેલું એ વાતથી આપણે સૌ સુવિદિત છીએ. કવિ નરસિંહ મહેતાને ભજન સિવાય બીજા કશામાં રસ પડતો ન હતો અને એમની દીકરીને કુંવરબાઇના મામેરા વખતે સાસરિયાએ ખૂબ લાંબુ લિસ્ટ એમના હાથમાં આપેલું અને કુંવરબાઇ રડતાં રડતાં પોતાના પિતા નરસિંહ મહેતાની પાસે આવેલા અને નરસિંહ મહેતા બોલ્યા હતા કે મારો કૃષ્ણ બેઠો છે પછી શાની ચિંતા અને ભગવાન શ્રીકૃષ્ણએ જે ખરેખર આખું લિસ્ટ મોકલાવેલું..

અધ્યક્ષશ્રી : હમણાં બાર વાગી જશે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : એ લિસ્ટ પ્રમાણેનું કૃષ્ણ ભગવાને મામેરું પૂરેલું, એટલે તે જ પ્રમાણે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર ૧૯૯૫માં આવી ત્યારથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે ગરીબ અને પછાત વર્ગની કન્યાઓના લગ્ન પ્રસંગે કુંવરબાઇનું મામેરૂં યોજના આર્થીક રીતે મદદ કરવાના હેતુસર અમલમાં મૂકાયેલી. આ યોજના હેઠળ ૧૦,૦૦૦ રૂપિયાની સહાય લાભાર્થીને ચૂકવવામાં આવે છે. અગાઉ કુટુંબની ફક્ત એક જ દીકરીને લાભ આપવામાં આવતો હતો. પરંતુ હવેથી તારીખ ૨૮-૭-૨૦૧૪ના ઠરાવથી સુધારો કરીને કુટુંબની બે દીકરીઓને આ કુંવરબાઇનું મામેરૂં યોજનાનો લાભ આપવામાં આવે છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારની દીકરીઓને મદદરૂપ થતી આ યોજનામાં ૧૦,૦૦૦ રૂપિયા આપણે આપીએ છીએ. મારા છોટાઉદેપુર જિલ્લામાં ૯૨ અરજીઓ આવી હતી અને એમાંથી ૯૧ મંજૂર થઇને રૂપિયા ૯,૧૦,૦૦૦ ચૂકવવામાં આવ્યા. મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી અને એક અરજી નામંજૂર થઇ છે એનું કારણ શું છે અને બીજું, સમૂહ લગ્નમાં આ યોજનાનો લાભ મળે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : (અંતરાય) મને હાથ દઈ દીધો હવે મારે શું કરવાનું? માનનીય સુખરામભાઇ તાલુકાવાઇઝ પુછશો તો લાંબો જવાબ આવશે. આપો, હવે વગાડો પાક્કા.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, છોટાઉદેપુરમાં અનુસૂચિત જાતિની પાંચ અરજીઓ આવી, વિકસતી જાતિની ૨૦ અરજીઓ આપવામાં આવી અને અનુસૂચિત જનજાતિની જેની માનનીય સભ્યશ્રી વાત કરે છે જેનો વિભાગ માનનીય મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા પાસે છે એટલે મારી પાસે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હોવાથી આટલી માહિતી ઉપલબ્ધ છે તે આપી.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પુછવા માગું છું કે, કુંવરબાઇનું મામેરૂં યોજનામાં ગુજરાત રાજ્યમાં છેલ્લાં પાંચ વરસમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો અને એની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૪–૧૫માં ૧૩૯૩૭ લાભાર્થી , ૨૦૧૫–૧૬માં ૧૬૮૩૧ લાભાર્થી, ૨૦૧૬–૧૭માં ૧૮૭૦૮ લાભાર્થી, ૨૦૧૭–૧૮માં ૨૩૮૫૮ લાભાર્થી, ૨૦૧૮–૧૯માં ૩૦૦૯૫ લાભાર્થી એમ મળી કુલ ૧,૦૩,૪૨૯ લાભાર્થીઓ અને એના ખર્ચની વાત કરું તો ૨૦૧૪–૧૫માં ૧૪૨૬.૬૧ લાખ, ૨૦૧૫–૧૬માં ૧૭૦૬.૬૫ લાખ, ૨૦૧૬–૧૭માં ૧૮૭૪.૧૫ લાખ, ૨૦૧૭–૧૮માં ૨૩૮૫.૮૦ લાખ અને ૨૦૧૮–૧૯માં ૩૦૦૯.૪૮ લાખનો કુલ ખર્ચ કરવામાં આવ્યો છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નોત્તરી
## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### સાબરકાંઠા ખાતે નોંધાયેલ બેરોજગાર

૧૬૬૦૫ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, સાબરકાંઠા ખાતે કેટલા બેરોજગાર નોંધાયેલ છે, અને | (૧) ૧૨૭૬૦ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી? | (૨) ૪૨૫૦ |

---------

### પાટણ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના

૧૬૬૮૦ **શ્રી સુરેશભાઇ પટેલ** (મણિનગર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ પાટણ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯માં વિકસતી જાતિની કન્યાઓની સાઇકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૬૧૧૯ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૬૧૧૯ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી? | (૩) ૬૧૧૯ |

---------

### રાજકોટ જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના

૧૬૬૫૬ **શ્રી ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ–દક્ષિણ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના અન્વયે તા.૦૧–૦૪–૨૦૧૮ થી તા.૩૧–૦૩–૨૦૧૯ દરમિયાન કેટલી અરજીઓ મળી, | (૧) ૧૦૪૨ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૯૫૨ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી?

(૩) રૂ.૪૬,૭૧,૪૨૩/-

---------

**અમરેલી જિલ્લામાં સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ અને સબ રજિસ્ટ્રારની ખાલી જગ્યાઓ**

૧૭૯૫૪ **શ્રી વિરજીભાઇ ઠુમ્મર** (લાઠી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ અને સબ રજિસ્ટ્રારની જગ્યાઓ ખાલી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં -સિટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટની જગ્યા ભરાયેલ છે,
- સબ રજિસ્ટ્રારની મંજૂર થયેલ ૧૧ (અગિયાર) પૈકી ૦૫ (પાંચ) જગ્યા ખાલી છે.

(૨)

| ક્રમ | સબ રજિસ્ટ્રાર કચેરીનું નામ | જગ્યા ક્યારથી ખાલી છે?(તા.) |
|---|---|---|
| ૧ | સબ રજિસ્ટ્રાર કચેરી-ખાંભા | ૧૦-૦૧-૨૦૧૭ |
| ૨ | સબ રજિસ્ટ્રાર કચેરી- વડીયા | ૨૬-૦૪-૨૦૧૭ |
| ૩ | સબ રજિસ્ટ્રાર કચેરી-જાફરાબાદ | ૦૧-૦૯-૨૦૧૮ |
| ૪ | સબ રજિસ્ટ્રાર કચેરી-બાબરા | ૧૧-૧૦-૨૦૧૮ |
| ૫ | સબ રજિસ્ટ્રાર કચેરી-સાવરકુંડલા | ૧૧-૧૦-૨૦૧૮ |

(૩) સબ રજિસ્ટ્રાર ગ્રેડ-૨ (વર્ગ ૩)ની ભરતી પ્રક્રિયા પૂર્ણ થયે આ જગ્યાઓ ભરવામાં આવશે.

---------

**અમદાવાદ શહેરના સ્થળોનો પવિત્ર યાત્રાધામ તરીકે સમાવેશ**

૧૭૯૦૪ **શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર-ખાડીયા) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં કયા સ્થળોનો પવિત્ર યાત્રાધામ તરીકે સમાવેશ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત યાત્રાધામવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ફાળવવામાં આવેલ રકમ પૈકી કેટલી રકમનો ખર્ચ કયા કામ માટે કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં કોઇપણ સ્થળોનો પવિત્ર યાત્રાધામ તરીકે સમાવેશ કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગાર**

૧૭૩૭૪ **શ્રી કાન્તીભાઇ ખરાડી** (દાંતા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં જિલ્લા રોજગાર કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગાર નોંધાયેલા છે,

**જવાબ**

(૧)

| જિલ્લો | નોંધાયેલ બેરોજગારો | | કુલ |
|---|---|---|---|
| | શિક્ષિત | અર્ધશિક્ષિત | |
| બનાસકાંઠા | ૧૪૫૬૨ | ૨૬૫ | ૧૪૮૨૭ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી, અને

(૨)

| જિલ્લો | છેલ્લા બે વર્ષમાં (તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૯ સુધી) અપાયેલ રોજગારી |
|---|---|
| બનાસકાંઠા | ૧૪૩૮૫ |
| પાટણ | ૮૯૩૨ |

(૩) તે પૈકી જિલ્લાવાર કેટલા બેરોજગારોને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી મળી?

(૩) રોજગાર વાંચ્છુઓને મળેલ રોજગારી

| જિલ્લો | સરકારી | ખાનગી | કુલ |
|---|---|---|---|
| બનાસકાંઠા | ૯૮૯ | ૧૩૩૯૬ | ૧૪૩૮૫ |
| પાટણ | ૭૯૪ | ૮૧૩૮ | ૮૯૩૨ |

---------

**તાપી જિલ્લામાં પશુઓ માટે જાતિય આરોગ્ય સારવાર કેમ્પ**

૧૬૫૨૭ **શ્રી નરેશભાઇ પટેલ** (ગણદેવી) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં પશુઓ માટે કેટલા જાતિય આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને

(૧) ૧૭૪

(૨) તેમાં ઉક્ત સ્થિતિએ કુલ કેટલા પશુઓને સારવાર આપવામાં આવી?

(૨) ૨૧,૦૯૯

---------

**અમરેલી અને છોટાઉદેપુર જિલ્લામાં નોંધાયેલ ખેતમજૂરો**

૧૬૯૮૮ **શ્રી જે.વી.કાકડીયા** (ધારી) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ અમરેલી અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર કેટલા ખેતમજૂરો નોંધાયેલા છે,

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ અમરેલી અને છોટાઉદેપુર જિલ્લામાં નીચે મુજબ ખેતમજૂરો નોંધાયેલા છે.

| જિલ્લો | ખેતમજૂરોની કુલ સંખ્યા (૩૧-૦૫-૨૦૧૯ ની સ્થિતિએ) |
|---|---|
| અમરેલી | ૯૭૩૨૩ |
| છોટાઉદેપુર | ૧૦૯૩૮૮ |
| **કુલ** | **૨૦૬૭૧૧** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલા ખેતમજૂરોના અકસ્માતે મૃત્યુ નીપજ્યા,

(૨) નોંધાયેલ ખેતમજૂરો પૈકી છેલ્લા બે વર્ષમાં અકસ્માતથી મૃત્યુ પામેલ ખેતમજૂરોની સંખ્યા

| જિલ્લો | તા.૦૧-૦૬-૧૭ થી તા.૩૧-૦૫-૧૯ |
|---|---|
| અમરેલી | ૯૦ |
| છોટાઉદેપુર | ૦૭ |
| **કુલ** | **૯૭** |

(૩) તે પૈકી કેટલા ખેતમજૂરોના વારસદારોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

(૩) નીચે મુજબ ખેતમજૂરોના વારસદાર/કુટુંબોને સહાય ચૂકવવામાં આવી.

| જિલ્લો | તા.૦૧-૦૬-૧૭ થી તા.૩૧-૦૫-૧૯ | |
|---|---|---|
| | લાભાર્થીની સંખ્યા | સહાયની રકમ |
| અમરેલી | ૦૩ | ૩,૦૦,૦૦૦/- |
| છોટાઉદેપુર | ૦૧ | ૧,૦૦,૦૦૦/- |

(૪) બાકીની સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં

(૪) પડતર અરજીઓ ઉપર સંપૂર્ણ વહીવટી કાર્યવાહીની

આવશે? પૂર્તતા થયા બાદ નિકાલ કરવામા આવશે.

---------

**છેટાઉદેપુર જિલ્લાના હાફેશ્વર જૂથ પાણી પુરવઠા યોજના**

૧૭૮૯૭ **શ્રી સુખરામભાઇ રાઠવા** (જેતપુર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ–જેતપુર તાલુકાના ગામોમાં પીવાના પાણી અંગેની હાફેશ્વર જૂથ પાણી પુરવઠા યોજના કયા તબક્કે છે,

(૨) આ યોજના કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, ઉક્ત યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ તથા જેતપુર તાલુકાના ગામો માટે હાફેશ્વર જૂથ પાણી પુરવઠા યોજનાની કામગીરી પ્રગતિના તબક્કે છે. આ યોજનાને રૂ.૧૨૧.૬૪ કરોડના અંદાજીત ખર્ચે ક્રમશઃ માહે ૫/૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, ઉક્ત યોજના પાછળ થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | થયેલ ખર્ચ રૂ. (કરોડમાં) |
|---|---|
| ૨૦૧૭–૧૮ | ૩૨.૬૯ |
| ૨૦૧૮–૧૯ | ૮.૫૬ |

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં નોંધાયેલ ખેતમજૂરો**

૧૬૯૨૯ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર કેટલા ખેતમજૂરો નોંધાયેલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલા ખેતમજૂરોના અકસ્માતે મૃત્યુ નીપજ્યા,

(૩) તે પૈકી કેટલા ખેતમજૂરોના વારસદારોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

(૪) બાકીની સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં નીચે મુજબ ખેતમજૂરો નોંધાયેલા છે.

| જિલ્લો | ખેતમજૂરોની કુલ સંખ્યા (૩૧–૦૫–૨૦૧૯ ની સ્થિતિએ) |
|---|---|
| અરવલ્લી | ૬૮૧૨૨ |
| સાબરકાંઠા | ૭૮૮૧૯ |
| **કુલ** | **૧૪૬૯૪૧** |

(૨) નોંધાયેલ ખેતમજૂરો પૈકી છેલ્લા બે વર્ષમાં અકસ્માતથી મૃત્યુ પામેલ ખેતમજૂરોની સંખ્યા

| જિલ્લો | તા.૦૧–૦૬–૧૭ થી તા.૩૧–૦૫–૧૯ |
|---|---|
| અરવલ્લી | ૩૨ |
| સાબરકાંઠા | ૫૭ |
| **કુલ** | **૮૯** |

(૩) નીચે મુજબ ખેતમજૂરોના વારસદાર/કુટુંબોને સહાય ચૂકવવામાં આવી.

| જિલ્લો | તા.૦૧–૦૬–૧૭ થી તા.૩૧–૦૫–૧૯ | |
|---|---|---|
| | લાભાર્થીની સંખ્યા | સહાયની રકમ |
| અરવલ્લી | ૦૭ | ૭,૦૦,૦૦૦/– |
| સાબરકાંઠા | ૧૮ | ૧૮,૦૦,૦૦૦/– |

(૪) પડતર અરજીઓ ઉપર સંપૂર્ણ વહીવટી કાર્યવાહીની પૂર્તતા થયા બાદ નિકાલ કરવામા આવશે.

---------

**ભાવનગર જિલ્લામાં ઢોરવાડા શરૂ કરવા માટે અરજીઓ**

૧૭૯૫૧ **શ્રી કનુભાઇ બારૈયા** (તળાજા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ દુષ્કાળ વર્ષ ૨૦૧૮-૧૯માં અછતગ્રસ્ત જાહેર કરાયેલ ભાવનગર જિલ્લામાં તાલુકાવાર ઢોરવાડા (કેટલ કેમ્પ) શરૂ કરવા માટે કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૩૦-૧૦-૨૦૧૮ના ઠરાવ ક્રમાંકઃએસસીવાય-૧૦૨૦૧૮-૭૯૧-સ.૧થી ભાવનગર જિલ્લાનો એક ગારીયાધાર તાલુકો દુષ્કાળગ્રસ્ત જાહેર કરાયેલ હતો જે તાલુકામાં ઢોરવાડા શરૂ કરવા માટે મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ઢોરવાડા શરૂ કરવા માટે રજૂ થયેલ અરજીઓની સંખ્યા** |
|---|---|---|
| | | **કુલ** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ પડતર છે,

(૨)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ઢોરવાડા શરૂ કરવા માટે રજૂ થયેલ અરજી પૈકી મંજૂર, નામંજૂર અને પડતર અરજીની સંખ્યા** | | | |
|---|---|---|---|---|---|
| | | **મળેલ અરજીની સંખ્યા** | **મંજૂર** | **નામંજૂર** | **પડતર** |

(૩) ઉક્ત અરજીઓ નામંજૂર કરવાના કારણો શા છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉક્ત પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**નવસારી અને વલસાડ જિલ્લામાં જમીનમાં શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવા બાબત**

૧૭૯૩૬ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર કેટલી જમીનમાં શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવાના હુકમો કરવામાં આવ્યા,

**જવાબ**

(૧)

| **વર્ષ** | **નવસારી જિલ્લામાં જમીનમાં શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરેલ જમીનનું ક્ષેત્રફળ** | **વલસાડ જિલ્લામાં જમીનમાં શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરેલ જમીનનું ક્ષેત્રફળ** |
|---|---|---|
| ૨૦૧૭-૧૮ | શૂન્ય | શૂન્ય |
| ૨૦૧૮-૧૯ | હે. ૧-૩૧-૩૩ ચો.મી. | હે. ૦૩-૬૫-૬૦ ચો.મી. |

(૨) સરકારી પડતર દાખલ કરવાના હુકમો કર્યા હોય તે પૈકી કેટલી જમીનનો કબ્જો સરકાર દ્વારા લેવામાં આવ્યો, અને

(૨)

| **વર્ષ** | **નવસારી જિલ્લામાં સરકાર દ્વારા કબ્જા લેવામાં આવેલ જમીનનું ક્ષેત્રફળ** | **વલસાડ જિલ્લામાં સરકાર દ્વારા કબ્જા લેવામાં આવેલ જમીનનું ક્ષેત્રફળ** |
|---|---|---|
| ૨૦૧૭-૧૮ | શૂન્ય | શૂન્ય |
| ૨૦૧૮-૧૯ | હે. ૦-૯૪-૭૩ ચો.મી. | હે. ૩-૬૩-૨૦ ચો.મી. |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી જમીનનો કબ્જો લેવાનો બાકી છે અને બાકી રહેવાના કારણો શા છે?

(૩)

| | | |
|---|---|---|
| ૨૦૧૭-૧૮ | શૂન્ય | શૂન્ય |
| ૨૦૧૮-૧૯ | હે. ૦-૩૬-૬૦ ચો.મી જમીનનો કબજો લેવાનો બાકી છે. (પક્ષકારો હુકમ સામે નામ. મહેસૂલ વિભાગ (વિવાદ), અમદાવાદની કોર્ટમાં ફેરતપાસ અરજી કરેલ | હે. ૦-૦૨-૪૦ ચો.મી જમીનનો કબજો લેવાનો બાકી છે. (નામ. હાઈકોર્ટના ઓરલ ઓર્ડર આધારે ક્લે. વલસાડની કોર્ટમાં અપીલ ચાલુ હોવાથી). |

| | | |
|---|---|---|
| | હોવાથી). | |

---------

**પાલનપુરની લડવી નદીમાં દબાણો દૂર કરવા બાબત**

૧૮૬૯૪ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર શહેરમાંથી પસાર થતી લડવી નદીમાં દબાણ દૂર કરવા માટે કલેક્ટર બનાસકાંઠાએ તા.૨૦−૦૯−૨૦૧૮ ના પત્રની વિગતે સેટલમેન્ટ કમિશનર, ગાંધીનગરને લડવી નદીની તથા આસપાસના લાગુ સર્વે નંબરોની માપણી કરી ડીમાર્કેશન કરવા માગણી કરી હતી તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત દબાણ માપણીની કામગીરી તા.૩૧−૦૫−૨૦૧૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) જિલ્લા નિરીક્ષક જમીન દફતર, બનાસકાંઠાએ ઉક્ત દબાણ માપણીની કામગીરી પૂર્ણ કરેલ છે. |
| (૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ભાવનગર જિલ્લામાં બાકી હક્ક પત્રક નોંધો**

૧૬૬૯૪ **શ્રી કેશુભાઈ નાકરાણી** (ગારિયાધાર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં ઈ−ધરા કેન્દ્રોમાં તા.૩૧−૦૩−૨૦૧૯ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૮૭૨૧ |
| (૨) ઉક્ત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) તા.૦૧−૦૭−૨૦૧૯ની સ્થિતિએ ઉક્ત બાકી નોંધોનો નિકાલ થઈ ગયેલ છે. |

---------

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જમીનમાં શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવા બાબત**

૧૭૯૮૭ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧−૦૫−૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જિલ્લાવાર કેટલી જમીનમાં શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવા હુકમો કરવામાં આવ્યા,

(૧)

| સમયગાળો | સાબરકાંઠા | અરવલ્લી |
|---|---|---|
| તાઃ૦૧−૦૬−૧૭ થી ૩૧−૦૫−૧૮ | ૩૩૨૮૫ ચો.મી. | ૮૫૨૮૮ ચો.મી. |
| તાઃ૦૧−૦૬−૧૮ થી ૩૧−૦૫−૧૯ | ૮૩૧૭૪ ચો.મી. | ૩૮૬૯૨૪ ચો.મી. |

(૨) સરકારી પડતર દાખલ કરવાના હુકમ કર્યા હોય તે પૈકી કેટલી જમીનનો કબજો સરકાર દ્વારા લેવામાં આવ્યો, અને

(૨)

| સમયગાળો | સાબરકાંઠા | અરવલ્લી |
|---|---|---|
| તાઃ૦૧−૦૬−૧૭ થી ૩૧−૦૫−૧૮ | ૩૩૨૮૫ ચો.મી. | ૮૫૨૮૮ ચો.મી. |
| તાઃ૦૧−૦૬−૧૮ થી ૩૧−૦૫−૧૯ | ૩૫૮૮૭ ચો.મી. | ૩૮૬૯૨૪ ચો.મી. |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી જમીનનો કબજો લેવાનો

(૩) તાઃ૩૧−૦૫−૨૦૧૯ની સ્થિતિએ સાબરકાંઠામાં

બાકી છે અને બાકી રહેવાના કારણો શા છે?

ત્રણ કિસ્સામાં કૂલ ૪૭,૨૮૭ ચોમી ક્ષેત્રફળ જમીનનો કબજો લેવાનો બાકી છે. જે પૈકી ૧ કિસ્સામાં ૮૪-સી નો કેસ હોય પ્રાંત અધિકારીશ્રીના રીવ્યુ બાદ અને બાકીના ૨ કેસમાં કાર્યવાહી ચાલુ છે. અરવલ્લી જિલ્લામાં પ્રશ્ન નથી.

---------

**પાટણ જિલ્લામાં ઢોરવાડા શરૂ કરવા માટે અરજીઓ**

૧૭૯૮૯ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ દુષ્કાળ વર્ષ ૨૦૧૮-૧૯માં અછતગ્રસ્ત જાહેર કરાયેલ પાટણ જિલ્લામાં તાલુકાવાર ઢોરવાડા (કેટલ કેમ્પ) શરૂ કરવા માટે કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ પડતર છે,

(૩) ઉક્ત અરજીઓ નામંજૂર કરવાના કારણો શાં છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ દુષ્કાળ વર્ષ ૨૦૧૮-૧૯માં દુષ્કાળગ્રસ્ત જાહેર કરાયેલ પાટણ જિલ્લાના ૮ તાલુકાઓની તાલુકાવાર ઢોરવાડા શરૂ કરવા માટે મળેલ અરજીની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાના નામ | ઢોરવાડા (કેટલ કેમ્પ) શરૂ કરવા માટે મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાટણ | ૦ |
| ૨ | સરસ્વતી | ૦ |
| ૩ | ચાણસ્મા | ૦ |
| ૪ | હારીજ | ૦ |
| ૫ | સમી | ૦ |
| ૬ | શંખેશ્વર | ૧ |
| ૭ | રાધનપુર | ૦ |
| ૮ | સાંતલપુર | ૦ |
| | **કુલ** | **૧** |

(૨)

| ક્રમ | તાલુકાના નામ | ઢોરવાડા શરૂ કરવા માટે રજુ થયેલ અરજી પૈકી મંજુર, નામંજુર અને પડતર અરજીની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|
| | | મળેલ અરજીની સંખ્યા | મંજુર | નામંજુર | પડતર |
| ૧ | પાટણ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | સરસ્વતી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | ચાણસ્મા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | હારીજ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | સમી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | શંખેશ્વર | ૧ | ૦ | ૧ | ૦ |
| ૭ | રાધનપુર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | સાંતલપુર | ૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૧** | **૦** | **૧** | **૦** |

(૩) શંખેશ્વર તાલુકાની ૧ અરજીમાં ઢોરવાડા માટે અરજી કરનાર સંસ્થાએ ઢોરવાડો શરૂ કરવા દર્શાવેલ જગ્યા ઉપર યોગ્ય છાયડાની વ્યવસ્થા, પશુઓ માટે પાણીની વ્યવસ્થા તેમજ તાર ફેન્સીંગ સુવિધા ઉપલબ્ધ નથી તથા જગ્યામાં પાકનું વાવેતર કરવામાં આવેલ હોઈ કેટલ કેમ્પ શરૂ કરવા બાબતે સરકારશ્રીના મહેસૂલ વિભાગ ગાંધીનગરના તા.૧૦-૧૨-૨૦૧૮ ના ઠરાવ ક્રમાંકઃ અછત/૧૦૨૦૧૮/૧૦૬૮/સ.૧ની જોગવાઈઓ અને શરતોનું પાલન થતું ન હોઈ અરજી નામંજુર કરવામાં આવેલ છે.

(૪) ઉક્ત પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વલસાડ જિલ્લામાં પશુઓ માટે જાતીય આરોગ્ય સારવાર કેમ્પ**

૧૬૫૩૯ **શ્રી કનુભાઈ દેસાઈ** (પારડી) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં પશુઓ માટે કેટલા જાતિય આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૧૧૭ |
| (૨) તેમાં ઉક્ત સ્થિતિએ કુલ કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ? | (૨) ૧૧,૧૭૦ |

---------

**પંચમહાલ જિલ્લામાં ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના**

૧૬૬૪૦ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૩ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૧૩<br>રૂ.૮,૦૦,૦૦૦/– |
| (૩) ઉક્ત યોજનામાં યુગલ દીઠ કેટલી સહાય ચૂકવવામાં આવે છે? | (૩) રૂ.૧,૦૦,૦૦૦/– |

---------

**મોરબી અને અમદાવાદ જિલ્લામાં જમીનમાં શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવા બાબત**

૧૭૯૭૧ **શ્રી મહમદજાવીદ પીરઝાદા** (વાંકાનેર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મોરબી અને અમદાવાદ જિલ્લામાં જિલ્લાવાર કેટલી જમીનમાં શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવાના હુકમો કરવામાં આવ્યા,

(૧)

| **જિલ્લો** | **વર્ષ ૨૦૧૭–૧૮** | **વર્ષ ૨૦૧૮–૧૯** |
|---|---|---|
| મોરબી | શૂન્ય | ૧૪૩૬૬ ચો.મી |
| અમદાવાદ | ૨૮૯૪૨૦ ચો.મી. | ૧૭૮૩૮૪.૩૩ ચો.મી. |

(૨) સરકારી પડતર દાખલ કરવાના હુકમો કર્યા હોય તે પૈકી કેટલી જમીનનો કબજો સરકાર દ્વારા લેવામાં આવ્યો, અને

(૨)

| **જિલ્લો** | **વર્ષ ૨૦૧૭–૧૮** | **વર્ષ ૨૦૧૮–૧૯** |
|---|---|---|
| મોરબી | શૂન્ય | શૂન્ય |
| અમદાવાદ | ૪૯૨૦ ચો.મી. | ૧૦૮૭૫૯ ચો.મી. |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી જમીનનો કબ્જો લેવાનો બાકી છે અને બાકી રહેવાના કારણો શા છે?

(૩)

| **જિલ્લો** | **વર્ષ ૨૦૧૭–૧૮** | **વર્ષ ૨૦૧૮–૧૯** | **કારણો** |
|---|---|---|---|
| મોરબી | શૂન્ય | ૧૪૩૬૬ ચો.મી | લોકસભા સામાન્ય ચુંટણી–૨૦૧૯ અને વિધાનસભા પેટાચૂંટણી –૨૦૧૯ ને કારણે. |
| અમદાવાદ | ૨૮૪૫૦૦ ચો.મી. | ૬૯૬૨૫.૩૩ | જમીન શરતભંગ કરવાના હુકમો સામે કોર્ટ લીટીગેશનો |

| | | | |
|---|---|---|---|
| | | | થવાના કારણોસર કબજા લેવામાં આવેલ નથી. |

---------

**રાજ્યમાં આવેલા વાયુ વાવાઝોડા અંગે ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન મંડળ દ્વારા કાર્યવાહી**

૧૮૭૦૬ **શ્રી કેતનભાઈ ઈનામદાર** (સાવલી) : **માનનીય ડિઝાસ્ટર મેનેજમેન્ટ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
(૧) અમરેલી જીલ્લાના પીપાવાવના રામપરા ખાતે ૨૦ એમ.એલ.ડી. ક્ષમતાના સી-વોટર ડિ-સેલીનેશન પ્લાન્ટના કામોના ટેન્ડરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.જ્યારે રાજુલા ખાતે પ્લાન્ટ સ્થાપવાની કોઈ જોગવાઈ હાલના તબક્કે નથી.

(૨) ઉક્ત કામગીરી અન્વયે કેટલો ખર્ચ થનાર છે, અને

(૨) PPP ધોરણે કામો કરવાના થાય છે. જેમાં સરકારશ્રીનો ફાળો રૂ.૮૦ કરોડ છે. ટેન્ડર આખરી થયે ભાવો નિર્ધારિત થયા મુજબ ચુકવણું કરવાનું રહે છે.

(૩) ઉક્ત કામગીરી કયાં સુધીમાં પુર્ણ કરવામાં આવશે?

(૩) ઉક્ત કામગીરી માટે ટેન્ડરની કાર્યવાહી પુર્ણ થતા પસંદગી પામનાર કંપનીને કામો સુપ્રત કર્યા બાદ પર્યાવરણીય મંજુરી મળ્યે બે વર્ષમાં પુર્ણ કરવાનું આયોજન છે.

---------

## રાજકોટ જિલ્લામાં અનુસૂચિત જાતિના સરકારી છાત્રાલયો

૧૬૬૫૪ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ અનુસૂચિત જાતિના કેટલા સરકારી છાત્રાલયો ચાલે છે,

(૧) ૦૭

(૨) આ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓની માન્ય સંખ્યા કેટલી છે,

(૨) ૮૨૫

(૩) વર્ષ૨૦૧૮-૧૯માં કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ છે, અને

(૩) ૭૯૦

(૪) ઉક્ત છાત્રાલયમાં શી સગવડતાઓ આપવામાં આવે છે?

(૪) છાત્રાલયોમાં રહેવાની, જમવાની, તથા રમત-ગમતના સાધનો, બુકબેંક, સામયિકો વિગેરે સુવિધાઓ વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે છે.

---------

## કચ્છ જિલ્લામાં ઢોરવાડા શરૂ કરવા માટે અરજીઓ

૧૭૯૯૨ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ દુષ્કાળ વર્ષ ૨૦૧૮-૧૯માં અછતગ્રસ્ત જાહેર કરાયેલ કચ્છ

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ દુષ્કાળગ્રસ્ત વર્ષ ૨૦૧૮-૧૯માં અછતગ્રસ્ત જાહેર કરાયેલ કચ્છ જિલ્લામાં

જિલ્લામાં તાલુકાવાર ઢોરવાડા (કેટલ કેમ્પ) શરૂ કરવા માટે કેટલી અરજીઓ મળી,

તાલુકાવાર ઢોરવાડા (કેટલ કેમ્પ) શરૂ કરવા નીચે મુજબની અરજીઓ મળેલ હતી.

| **તાલુકાનું નામ** | **ઢોરવાડો શરૂ કરવાની મળેલ અરજીઓ** |
|---|---|
| ભુજ | ૨૦૦ |
| લખપત | ૬૭ |
| મુન્દ્રા | ૧૭ |
| માંડવી | ૨૨ |
| ભચાઉ | ૧૪ |
| નખત્રાણા | ૭૨ |
| અંજાર | ૪૫ |
| અબડાસા | ૭૪ |
| રાપર | ૦૩ |
| ગાંધીધામ | ૦૧ |
| **કુલ** | **૫૧૫** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ પડતર છે,

(૨) આ મળેલ અરજીઓ પૈકી મંજૂર, ના મંજૂર અને પડતર અરજીઓની વિગત નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **ઢોરવાડો શરૂ કરવાની મળેલ અરજીઓ** | **મંજૂર** | **નામંજૂર** | **પડતર** |
|---|---|---|---|---|
| ભુજ | ૨૦૦ | ૧૯૭ | ૦૩ | ૦૦ |
| લખપત | ૬૭ | ૬૭ | ૦૦ | ૦૦ |
| મુન્દ્રા | ૧૭ | ૧૬ | ૦૧ | ૦૦ |
| માંડવી | ૨૨ | ૨૨ | ૦૦ | ૦૦ |
| ભચાઉ | ૧૪ | ૧૪ | ૦૦ | ૦૦ |
| નખત્રાણા | ૭૨ | ૭૨ | ૦૦ | ૦૦ |
| અંજાર | ૪૫ | ૪૩ | ૦૨ | ૦૦ |
| અબડાસા | ૭૪ | ૭૩ | ૦૧ | ૦૦ |
| રાપર | ૦૩ | ૦૩ | ૦૦ | ૦૦ |
| ગાંધીધામ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ |
| **કુલ** | **૫૧૫** | **૫૦૭** | **૦૮** | **૦૦** |

(૩) ઉક્ત અરજીઓ નામંજૂર કરવાના કારણો શાં છે, અને

(૩) સંબંધિત સંસ્થા પાસે કેટલ કેમ્પ શરૂ કરવા માટેની જરૂરી માળખાકીય સુવિધા (પાણીની વ્યવસ્થા, છાંયડાની વ્યવસ્થા) ઉપલબ્ધ ન હોઈ તથા સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૧૦-૧૨-૧૮ના ઠરાવ મુજબ નક્કી કરેલ જોગવાઈ શરતો મુજબ ઢોરવાડો શરૂ કરવાની પાત્રતા ધરાવતી ન હોઈ જેથી અરજી નામંજૂર કરવામાં આવેલ છે.

(૪) ઉક્ત પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વલસાડ જિલ્લામાં પશુઓ માટે જાતિય આરોગ્ય સારવાર કેમ્પ**

૧૬૫૪૦ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં પશુઓ માટે કેટલા જાતિય આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને

(૧) ૧૧૭

(૨) તેમાં ઉક્ત સ્થિતિએ કુલ કેટલા પશુઓને

(૨) ૧૧,૧૭૦

સારવાર આપવામાં આવી?

---------

**અમદાવાદ જિલ્લામાં બાંધકામ મજૂરોના કલ્યાણ માટે ખર્ચ**

૧૭૯૨૨ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં બાંધકામ મજૂરોના સેસના કાયદા મુજબ વેલ્ફેર ફંડમાં સેસની કુલ કેટલી રકમ જમા છે,

(૨) ઉક્ત જમા રકમ પૈકી અમદાવાદ શહેર અને જિલ્લામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બાંધકામ મજૂરોના કલ્યાણ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) જો પૂર્ણ રકમનો ખર્ચ કરવામાં ન આવ્યો હોય તો તેના કારણો શાં છે?

**જવાબ**

(૧) ૨૩૪૭.૩૫ કરોડ

(૨) ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં યોજનાકીય ખર્ચ ગ્રામ્ય અને શહેર એમ અલગ-અલગ નિભાવેલ નથી, પરંતુ જિલ્લાવાર નિભાવવામાં આવેલ છે. જેથી ઉક્ત જમા રકમ પૈકી અમદાવાદ જિલ્લામાં (અમદાવાદ શહેર સહિત) નીચે મુજબ રકમનો કુલ ખર્ચ કરવામાં આવ્યો.

| **વર્ષ** | **ખર્ચ (રૂ઼. લાખમાં)** |
|---|---|
| ૧-૬-૨૦૧૭ થી ૩૧-૫-૨૦૧૮ | ૧૯૮૬.૬૩ |
| ૧-૬-૨૦૧૮ થી ૩૧-૫-૨૦૧૯ | ૫૯૬.૭૨ |
| **કુલ** | **૨૫૮૩.૩૫** |

(૩) વેલ્ફેર ફંડમાં સેસની જમા થયેલ પૂર્ણ રકમનો ખર્ચ કરવાની વૈધાનિક જોગવાઈ નથી.

---------

**ગાંધીનગર અને સુરત જિલ્લામાં નોંધાયેલ ખેતમજૂરો**

૧૬૯૩૪ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય શ્રમ રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ ગાંધીનગર અને સુરત જિલ્લામાં જિલ્લાવાર કેટલા ખેત મજૂરો નોંધાયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલા ખેત મજૂરોના અકસ્માતે મૃત્યુ નીપજ્યા,

(૩) તે પૈકી કેટલા ખેતમજૂરોના વારસદારોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૧૯ની સ્થિતિએ ગાંધીનગર અને સુરત જિલ્લામાં નીચે મુજબ ખેતમજૂરો નોંધાયેલા છે.

| **જિલ્લો** | **ખેતમજૂરોની કુલ સંખ્યા (૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ)** |
|---|---|
| ગાંધીનગર | ૬૯૬૯૨ |
| સુરત | ૧૫૦૨૨૦ |
| **કુલ** | **૨૧૯૯૧૨** |

(૨) નોંધાયેલ ખેતમજૂરો પૈકી છેલ્લાં બે વર્ષમાં અકસ્માતથી મૃત્યુ પામેલ ખેતમજૂરોની સંખ્યા

| **જિલ્લો** | **તા.૦૧-૦૬-૧૭ થી તા.૩૧-૦૫-૧૯** |
|---|---|
| ગાંધીનગર | ૪૯ |
| સુરત | ૭૭ |
| **કુલ** | **૧૨૬** |

(૩) નીચે મુજબ ખેતમજૂરોના વારસદાર/કુટુંબોને સહાય ચૂકવવામાં આવી.

| **જિલ્લો** | **તા.૦૧-૦૬-૧૭ થી તા.૩૧-૦૫-૧૯** | |
|---|---|---|
| | **લાભાર્થીની સંખ્યા** | **સહાયની રકમ** |
| ગાંધીનગર | ૧૧ | ૧૧,૦૦,૦૦૦/- |

| | | |
|---|---|---|
| સુરત | ૦૨ | ૨,૦૦,૦૦૦/- |
| **કુલ** | **૧૩** | **૧૩,૦૦,૦૦૦/-** |

(૪) બાકીની સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે?

(૪) પડતર અરજીઓ ઉપર સંપૂર્ણ વહીવટી કાર્યવાહીની પૂર્તતા થયા બાદ નિકાલ કરવામાં આવશે.

---------

## દાહોદ જિલ્લામાં પશુઓને રસીકરણ

૧૬૫૩૬ **શ્રી મુકેશભાઈ પટેલ** (ઓલપાડ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પશુપાલન ખાતા દ્વારા દાહોદ જિલ્લામાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું, અને

(૧) ૪૩,૯૧,૫૬૪

(૨) ઉક્ત સ્થિતિએ કયા પ્રકારના રોગો સામે રસીકરણ કરવામાં આવ્યું?

(૨) ગળસૂંઢો, ગાંઠિયો તાવ, ખરવા-મોવાસા, આંત્રવિષજ્વર, હડકવા, પી.પી.આર. અને ગોટ પોક્ષ રસીકરણ કરવામાં આવ્યું.

---------

## બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જમીનમાં શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવા બાબત

૧૭૯૯૦ **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જમીનમાં શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવાના હુકમો કરવામા આવ્યા,

(૧)

| જિલ્લો | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ |
|---|---|---|
| બનાસકાંઠા | ૧૧૫૦૭.૨૨ | ૧૯૫૬૬૫.૧૦ |
| કચ્છ | ૩૫૧૫૫૫ | ૫૦૧૮૧ |

(૨) સરકારી પડતર દાખલ કરવાના હુકમો કર્યા હોય તે પૈકી કેટલી જમીનનો કબ્જો સરકાર દ્વારા લેવામાં આવ્યો, અને

(૨)

| | |
|---|---|
| **બનાસકાંઠા** | ૫૪૪૬.૫૦ |
| **કચ્છ** | ૧૧૧૬૨૯ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી જમીનનો કબ્જો લેવાનો બાકી છે અને બાકી રહેવાના કારણો શા છે?

(૩) પત્રક-૧ મુજબ છે.

**પત્રક-૧**

| બનાસકાંઠા | કચ્છ |
|---|---|
| ૨૦૧૭૨૫.૮૨ ચો.મી. જમીનમાં કોર્ટમાં લીટીગેશન ચાલતા હોવાથી, અપીલ પીરીયડ પુરો થયેલ ન હોવાથી તથા કોર્ટના મનાઈ હુકમ હોવાથી કબ્જો લેવાનો બાકી છે. | ૨૯૦૧૦૭ ચો.મી. જમીનમાં કબ્જો લેવા માટે આખરી નોટીસ આપ્યા બાદ કબ્જા લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. |

---------

## વડોદરા જિલ્લામાં રબર પ્લાન્ટમાં આગ લાગતાં કામદારોના મૃત્યુ

૧૮૦૦૧ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ વડોદરા જીલ્લાના ધનોરા ગામ ખાતે આવેલ રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના પોલી બ્યુટાડાઈન રબરના પ્લાન્ટમાં આગ લાગતા નવેમ્બર-૨૦૧૮માં ૩ કામદારોના મૃત્યુ થયેલ તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

| | |
|---|---|
| (૨) જો હા, તો ઉક્ત ઘટનામાં મૃત્યુ પામેલ કામદારોના વારસદારોને કામદાર વળતર ધારા અને કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ કેટલી રકમની સહાય ઉક્ત સ્થિતિએ ચુકવવામાં આવી, | (૨) સદર કારખાનું કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ આવરી લેવાયેલ ન હોઈ ઉક્ત ઘટનામાં મૃત્યુ પામેલ કામદારોના વારસદારોને તે હેઠળ કોઈ સહાય ચુકવાયેલ નથી કે ચુકવવાપાત્ર નથી પરંતુ કામદાર વળતર ધારા હેઠળ કામદારોના વારસદારોને કુલ રૂા.૨૧,૨૧,૨૦૦/- વળતર ચુકવાયેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત સહાય ચુકવવામાં ન આવી હોય તો તેના કારણો શા છે, અને | (૩) લાગુ પડતું નથી. |
| (૪) ઉક્ત બાકી સહાય ક્યાં સુધીમાં ચુકવવામાં આવશે? | (૪) લાગુ પડતું નથી. |

---------

**ખેડા જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના**

૧૬૬૪૪ **શ્રી પ્રદિપભાઈ પરમાર** (અસારવા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૪ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૧૪<br>રૂ.૧૦,૦૦,૦૦૦/- |
| (૩) ઉક્ત યોજનામાં યુગલ દીઠ કેટલી સહાય ચુકવવામાં આવે છે? | (૩) રૂ.૧,૦૦,૦૦૦/- |

---------

**ભરૂચ જિલ્લામાં મીઠા ઉદ્યોગોને લીઝની જમીન ફાળવવા બાબત**

૧૭૧૮૮ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં કયા કયા સ્થળે મીઠા ઉદ્યોગ આવેલ છે, | (૧) ભરૂચ જિલ્લામાં ખાનપુરદેહ, ડોલીયા, ટંકારી, ઈસ્લામપુર, કપુરીયા, આસરસા, નાડા, દેવલા, માલપુર, ઝામડી, સારોદ, વલીપોર, ઉબેર, પારડી, બાલોતા, વમલેશ્વર, સમલી, આંકલવા, કતપોર, દેણવા, માંગરોલ, દહેજ, ગંધાર, પાણીયાદરા, અલાદર, કોલીયાદ, કલાદરા ગામે મીઠા ઉદ્યોગ આવેલા છે. |
| (૨) ઉક્ત મીઠા ઉદ્યોગને કેટલી જમીન સરકાર દ્વારા લીઝથી ફાળવવામાં આવેલ છે, અને | (૨) ૧૯,૯૨,૪૫,૯૫૧ ચો.મી. |
| (૩) તે પૈકી લીઝની મુદ્દત પૂર્ણ થઈ હોય અથવા શરતભંગ થયેલ હોય તેવા કેટલા મીઠા ઉદ્યોગ સામે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કાર્યવાહી કરવામાં આવી? | (૩) શૂન્ય. |

---------

**કચ્છ જિલ્લામાં બાકી હક્ક પત્રક નોંધો**

૧૬૭૦૦ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ઈ-ધરા કેન્દ્રોમાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક | (૧) ૯૨૬૯ |

નોંધોનો નિકાલ બાકી છે, અને

| | |
|---|---|
| (૨) ઉક્ત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) તમામ બાકી નોંધોનો સત્વરે નિકાલ કરવામાં આવશે. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના**

૧૬૬૬૩ **શ્રી કિર્તીસિંહ વાઘેલા** (કાંકરેજ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના અન્વયે તા.૦૧-૦૪-૨૦૧૮ થી તા.૩૧-૦૩-૨૦૧૯ દરમિયાન કેટલી અરજીઓ મળી, | (૧) ૪૯૫ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૪૨૩ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૩) રૂ.૧૮,૩૦,૦૦૦/- |

---------

**ગાંધીનગર જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના**

૧૬૬૪૭ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૪૦ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૩૯<br>રૂ.૨૧,૦૦,૦૦૦/- |
| (૩) ઉક્ત યોજનામાં યુગલ દીઠ કેટલી સહાય ચૂકવવામાં આવે છે? | (૩) રૂ.૧,૦૦,૦૦૦/- |

---------

**નર્મદા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના**

૧૬૬૧૫ **શ્રીમતી સીમાબેન મોહીલે** (અકોટા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૯૪ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૯૧ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૯.૧૦ લાખ |

---------

**અમદાવાદ જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના**

૧૬૬૩૯ **શ્રી રાકેશભાઈ શાહ** (એલીસબ્રીજ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં વિકલાંગ સાધન સહાય | (૧) ૧૦૮૩ |

| | |
|---|---|
| યોજના હેઠળ તા.૦૧-૦૪-૨૦૧૮ થી તા.૩૧-૦૩-૨૦૧૯ દરમિયાન કેટલી અરજીઓ મળી, | |
| (૨) ઉક્ત પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૮૧૫ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૪૪,૭૧,૦૦૯/- |

---------

**નર્મદા જિલ્લામાં બાકી હક્ક પત્રક નોંધો**

૧૬૭૦૧ **શ્રી જીતેન્દ્ર સુખડીઆ** (સયાજીગંજ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં ઈ-ધરા કેન્દ્રોમાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૦૨ |
| (૨) ઉક્ત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) ઉક્ત બાકી નોંધોનો નિયત સમય મર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |

---------

**રાજકોટ જિલ્લામાં રોજગાર વિનિમય કચેરી દ્વારા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન**

૧૬૫૯૩ **શ્રી વી.ડી.ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૪૧ |
| (૨) ઉક્ત સ્થિતિએ આ ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી? | (૨) ૧૧૬૪૨ |

---------

**ખેડા જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના**

૧૬૬૨૨ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૨૮૯ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૮૯ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૧૪,૪૫,૦૦૦/- |

---------

**બોટાદ અને ભાવનગર જિલ્લામાં જમીન માંગણીની અરજીઓ**

૧૭૩૬૭ **શ્રી પ્રવિણભાઈ મારૂ** (ગઢડા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ અને ભાવનગર જિલ્લામાં સખાવત/રહેણાંક અને ઔદ્યોગિક હેતુ માટે કેટલી જમીન માંગણીઓની અરજીઓ આવી, અને | (૧) બોટાદ - ૭૮૪<br>ભાવનગર - ૧૦૧ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જમીન ફાળવવામાં આવી અને કેટલી બાકી છે?

(૨) બોટાદઃ– ફાળવેલ જમીન – ૮૦૦ ચો.મી.
બાકી જમીન – ૬૨૨૦૯ ચો.મી.
ભાવનગરઃ– ફાળવેલ જમીન – ૪૨૦૩૦૧૧૬ ચો.મી.
બાકી જમીન – ૭૩૪૮૬૩૩.૭૯ ચો.મી.

---------

**આણંદ અને પંચમહાલ જિલ્લામાં નોંધાયેલ ખેતમજૂરો**

૧૭૦૦૭ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ આણંદ અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કેટલા ખેતમજૂરો નોંધાયેલા છે,

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ આણંદ અને પંચમહાલ જિલ્લામાં નીચે મુજબ ખેતમજૂરો નોંધાયેલા છે.

| **જિલ્લો** | **ખેતમજૂરોની કુલ સંખ્યા (૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ)** |
|---|---|
| આણંદ | ૨૧૮૮૭૨ |
| પંચમહાલ | ૬૯૬૨૯ |
| **કુલ** | **૨૮૮૫૦૧** |

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉકત જિલ્લાવાર કેટલા ખેતમજૂરોના અકસ્માતે મૃત્યુ નીપજ્યા,

(૨) નોંધાયેલ ખેતમજૂરો પૈકી છેલ્લાં બે વર્ષમાં અકસ્માતથી મૃત્યુ પામેલ ખેતમજૂરોની સંખ્યા

| **જિલ્લો** | **તા.૦૧–૦૬–૧૭ થી તા.૩૧–૦૫–૧૯** |
|---|---|
| આણંદ | ૮૩ |
| પંચમહાલ | ૬૧ |
| **કુલ** | **૧૪૪** |

(૩) તે પૈકી કેટલા ખેતમજૂરોના વારસદારોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

(૩) નીચે મુજબ ખેતમજૂરોના વારસદાર/કુટુંબોને સહાય ચૂકવવામાં આવી.

| **જિલ્લો** | **તા.૦૧–૦૬–૧૭ થી તા.૩૧–૦૫–૧૯** | |
|---|---|---|
| | **લાભાર્થીની સંખ્યા** | **સહાયની રકમ** |
| આણંદ | ૦૩ | ૩,૦૦,૦૦૦/– |
| પંચમહાલ | ૧૧ | ૧૧,૦૦,૦૦૦/– |
| **કુલ** | **૧૪** | **૧૪,૦૦,૦૦૦/–** |

(૪) બાકીની સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૪) પડતર અરજીઓ ઉપર સંપૂર્ણ વહીવટી કાર્યવાહીની પૂર્તતા થયા બાદ નિકાલ કરવામાં આવશે.

---------

**તાપી જિલ્લામાં પશુઓ માટે જાતિય આરોગ્ય સારવાર કેમ્પ**

૧૬૫૨૯ **શ્રી અરવિંદ રાણા** (સુરત–પૂર્વ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં પશુઓ માટે કેટલા જાતિય આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને

(૧) ૧૭૪

(૨) તેમાં ઉકત સ્થિતિએ કુલ કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ?

(૨) ૨૧,૦૯૯

---------

## સુરત જિલ્લામાં પશુઓ માટે જાતિય આરોગ્ય સારવાર કેમ્પ

૧૬૫૪૫ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં પશુઓ માટે કેટલા જાતિય આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૪૨૬ |
| (૨) તેમાં ઉક્ત સ્થિતિએ કુલ કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ? | (૨) ૪૦,૦૬૬ |

---------

## વડોદરા જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના

૧૬૬૩૨ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડિયા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના અન્વયે તા.૦૧–૦૪–૨૦૧૮થી તા.૩૧–૦૩–૨૦૧૯ દરમિયાન કેટલી અરજીઓ મળી, | (૧) ૩૮૦ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૧૩ |
| (૩) ઉકત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૧૭,૮૨,૫૯૩/– |

---------

## પંચમહાલ જિલ્લામાં સરકારી પડતર જમીન પ્રત્યક્ષ કબજા હેઠળ મેળવવા માંગણીઓ

૧૭૯૧૯ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના મસવાડ ગામની સરકારી પડતર જમીન કાયમ ખાતે પ્રત્યક્ષ કબજા હેઠળ મેળવવા કેટલી માંગણીઓ પડતર છે, | (૧) શૂન્ય |
| (૨) ઉક્ત માંગણીઓ અન્વયે કલેકટર દ્વારા સરકારમાં દરખાસ્ત મોકલેલ હોય તેવી કેટલી દરખાસ્તો સરકારમાં ક્યા તબક્કે પડતર છે, | (૨) શૂન્ય |
| (૩) ઉક્ત દરખાસ્તો પૈકી બે કે તેથી વધુ વર્ષથી પડતર હોય તેવી દરખાસ્તો કેટલી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉકત પડતર દરખાસ્તોનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## રાજ્યમાં આવેલ વાયુ વાવાઝોડા અંગે ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન મંડળ દ્વારા કાર્યવાહી

૧૮૭૦૫ **શ્રી દુષ્યંતભાઈ પટેલ** (ભરૂચ) : **માનનીય ડિઝાસ્ટર મેનેજમેન્ટ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં જૂન, ૨૦૧૯માં આવેલ વાયુ વાવાઝોડા અંગેની જાણકારી મેળવ્યા બાદ ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન મંડળ દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી હતી, | (૧) તા.૧૦–૦૬–૨૦૧૯ના રોજ અતિ ભારે વાયુ વાવાઝોડું અરબી સમુદ્રમાં આવી રહ્યું છે અને વેરાવળથી અંદાજે ૩૦૦ કિ.મી. દુર છે અને તેનાથી સૌરાષ્ટ્ર અને પોરબંદર સુધીના દરિયાકાંઠા તેમજ આજુબાજુના તમામ જિલ્લા ઉપર વ્યાપક અસર થવાની છે અને તેનાથી જાનમાલનું નુકશાન થવાનું છે તેવી જાણ થતાં, GSDMA દ્વારા તા.૧૦–૦૬–૨૦૧૯ના રોજ પત્ર/ફેકસ તેમજ ફોન પર, તમામ સંબંધિત અધિકારીશ્રીઓ સાથે ચર્ચા–વિચારણા કરવામાં આવી હતી અને તે અંતર્ગત સત્વરે પગલાં લેવા |

જણાવ્યું હતું.

(૨) ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન મંડળ દ્વારા વાયુ વાવાઝોડાને પહોંચી વળવા કઈ રીતે મદદ કરવામાં આવી હતી,

(૨) ૧. IMD એ "વાયુ વાવાઝોડા"ની ચેતવણી આપતાં તેની તમામ સંબંધિત અધિકારીશ્રીઓને જાણ કરવામાં આવી.
૨. તમામ જિલ્લા પ્રોજેકટ ઓફિસર (DPO)ને જિલ્લા કંટ્રોલરુમ (DEOC)ખાતે હાજર રહેવા જણાવવામાં આવ્યું.
૩. આપદા મિત્રોને તેમના સ્થળે હાજર રહેવા જણાવવામાં આવ્યું.

૪. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC) ખાતે ક્રાઈસીસ મેનેજમેન્ટ ગૃપની બેઠક તાત્કાલિક ધોરણે યોજવામાં આવી.
૫. ક્રાઇસીસ મેનેજમેન્ટ ગૃપની બેઠક બાદ તુર્તજ મુખ્ય સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી તેમજ મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળએ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, જિલ્લા કલેકટરશ્રીઓ અને જિલ્લા પોલીસ વડાઓ તેમજ પોલીસ કમિશ્નરશ્રીઓ સાથે વિડીયો કોન્ફરન્સથી ''વાયુ વાવાઝોડા'' અંગેની ચેતવણી આપી તેમજ તેને પહોંચી વળવા યોગ્ય માર્ગદર્શન આપ્યું.
૬. ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા ઈન્સીડન્સ રીસ્પોન્સ સીસ્ટમને કાર્યરત કરવામાં આવેલ. જે અંતર્ગત એન.ડી.એમ. એક્ટ,૨૦૦૫ની જોગવાઈ હેઠળ તુર્તજ રાજ્ય કક્ષાએ Incident Commander તરીકે અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગે કામગીરી સંભાળી અને જિલ્લા કક્ષાએ કલેકટરશ્રીઓએ કામગીરી સંભાળી.
૭. સંભવિત આફત સમયે મદદરુપ થવા MPCS તૈયાર કરવામાં આવ્યા હતા.
૮. જિલ્લા પ્રોજેકટ ઓફિસર (DPO) અને આપદા મિત્રોની સહાયથી સ્થળાંતર કરવામાં આવેલ હતું.
૯. હવામાન વિભાગ, ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ હવામાનના અહેવાલને ધ્યાનમાં લઈને, ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા બાયસેગની મદદ લઈને વાવાઝોડાની સંભવિત દિશા જાણીને સૌથી વધુ નુકશાન થવાની શક્યતા ધરાવતા તટીય વિસ્તારોમાંથી લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું.
૧૦. હવામાન વિભાગ, ભારત સરકાર અને અન્ય ખાનગી તથા વિશ્વ સ્તરિય સંસ્થાઓ દ્વારા વાવાઝોડાની દિશા અને ઝડપ જાણીને માન. મુખ્યમંત્રીશ્રી અને માન.મુખ્ય સચિવશ્રીને તેમજ રાજ્યના Crisis Management Group અવગત કરવામાં આવતા હતા, જેથી કરીને તે બાબતે યોગ્ય વિચારણા બાદ રાજ્યના હિતમાં જરૂરી નિર્ણયો લઈ શકાય.
૧૧. જીએસડીએમએ દ્વારા પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મિડિયાથી લોકોને વાવાઝોડાથી હોનારત ન સર્જાય તે માટે શું કરવુ અને શું ના કરવું તે અંગેની સમજ આપવામાં આવી હતી. તેમજ વાવાઝોડા અંગેની વર્તમાન પરિસ્થિતિથી લોકોને વાકેફ કરવામાં આવેલ.
૧૨. રાજ્યના દરિયા કિનારાના જિલ્લાઓના ડિસ્ટ્રીક પ્રોજેકટ

| | |
|---|---|
| | ઓફિસરોને જે તે જિલ્લાના તંત્ર સાથે ૨૪ કલાક હાજર રહેવા સંકલન કરવા તથા સહાયતા કરવા માટે જણાવવામાં આવ્યું હતું.<br>૧૩. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર ખાતે જીએસડીએમએના અધિકારીશ્રીઓ/કર્મચારીઓને ૨૪ કલાક શિફ્ટ વાઈઝ હાજર રહેવાના આદેશ કરવામાં આવ્યા હતા. હવામાન વિભાગ દ્વારા આપવામાં આવતા બુલેટિનમાં દર્શાવેલ મેસેજ એકત્રીત કરીને હાજર રહેલ ઉચ્ચ અધિકારીશ્રીઓના માર્ગદર્શન હેઠળ કામગીરી કરેલ હતી. જેથી સંદેશા વ્યવહારમાં કોઈ અડચણ ઉભી ન થાય.<br>૧૪. જીએસડીએમએ દ્વારા રાજ્યના તમામ જિલ્લાના કલેકટરશ્રીઓ અને મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓને ફાળવવામાં આવેલ સેટેલાઈટ ફોન ઉપર દર કલાકે તેઓના સેટેલાઈટ ફોન ચાલુ હાલત છે કેમ તેની ચકાસણી કરવામાં આવેલ હતી.<br>૧૫. Gujarat Institute of Amateur Radioની મદદથી જીએસડીએમએ દ્વારા SEOC ખાતે આપાતકાલિન પરિસ્થિતિમાં મદદરુપ થઈ શકે તે હેતુથી વ્યવસ્થા કરવામાં આવી હતી.<br>૧૬. જીએસડીએમએ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન અંતર્ગત સરકારના વિવિધ વિભાગોને વાવાઝોડા માટે માનક કાર્ય પધ્ધતિ (Standard Operating Procedure) ની જાણકારી આપવામાં આવેલ હતી.<br>૧૭. હવામાન વિભાગ દ્વારા વાવાઝોડાની સ્થિતિ અંગેની પળેપળની અદ્યતન માહિતી મેળવીને મિડિયાને જાણ કરવામાં આવતી હતી. જેથી કરીને જાહેર જનતાને વાવાઝોડાથી બચવા અંગેની સાચી માહિતી મળી શકે. |
| (૩) વાયુ વાવાઝોડા દરમિયાન સાયક્લોન સેન્ટરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો કે કેમ, અને | (૩) હા |
| (૪) વાયુ વાવાઝોડાને પહોંચી વળવા રાજ્યમાં કેટલા આપદા મિત્રોની તાલીમ અપાઈ હતી? | (૪) ગુજરાતના તમામ જિલ્લાઓમાંથી કુલ ૧૬૮૩ સ્વયંસેવકોની પસંદગી કરવામાં આવી છે તેમજ તેઓને તરણ અંગેની તાલીમ, શોધ અને બચાવ તથા પ્રાથમિક સારવારની તાલીમ પણ આપવામાં આવેલ છે, ‘‘વાયુ’’ની બચાવ કામગીરી અંતર્ગત આપદા મિત્રોએ લોકોને તટીય જિલ્લાઓમાંથી સાયક્લોન શેલ્ટર, શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મિક સ્થાનો, જેવા સલામતી સ્થળોએ સ્થળાંતર કરવામાં મદદરુપ થયેલ હતા. |

---------

**તાપી જિલ્લામાં પશુઓ માટે જાતિય આરોગ્ય સારવાર કેમ્પ**

૧૬૫૨૮ **શ્રી પિયુષભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં પશુઓ માટે કેટલા જાતિય આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૧૭૪ |
| (૨) તેમાં ઉકત સ્થિતિએ કુલ કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ? | (૨) ૨૧,૦૯૯ |

---------

**આણંદ જિલ્લામાં પ્રિ–મેટ્રીક શિષ્યવૃત્તિની યોજના**

૧૬૬૦૭ **શ્રી શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ કેટલા વિદ્યાર્થીઓની દરખાસ્ત મળી, | (૧) ૨,૩૮,૫૫૪ |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨,૩૮,૫૫૪ |
| (૩) ઉકત સ્થિતિએ શિષ્યવૃત્તિની કેટલી રકમ વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૧૬,૧૪,૨૯,૭૫૦/– |

---------

**અમદાવાદ જિલ્લા રોજગાર કચેરી દ્વારા સ્વરોજગાર શિબિરોનું આયોજન**

૧૬૫૮૯ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લા રોજગાર કચેરી દ્વારા છેલ્લા એક વર્ષમાં કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૫૬ |
| (૨) ઉકત શિબિરોમાં કેટલા ઉમેદવારો હાજર રહ્યાં હતા? | (૨) ૧૫૦૮૪ |

---------

**પાટણ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના**

૧૬૬૦૮ **શ્રીમતી માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ પાટણ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯ માં વિકસતી જાતિની કન્યાઓની સાઇકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૬૧૧૯ |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૬૧૧૯ |
| (૩) ઉકત સ્થિતિએ કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી ? | (૩) ૬૧૧૯ |

---------

**તાપી અને ડાંગ જિલ્લામાં જમીનમાં શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવા બાબત**

૧૭૯૩૭ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર કેટલી જમીનમાં શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવાના હુકમો કરવામાં આવ્યા,

(૨) સરકારી પડતર દાખલ કરવાના હુકમો કર્યા હોય તે પૈકી કેટલી જમીનનો કબ્જો સરકાર દ્વારા લેવામાં આવ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી જમીનનો કબ્જો લેવાનો બાકી છે અને બાકી રહેવાના કારણો શા છે?

**જવાબ**

(૧), (૨) અને (૩) તા. ૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવાના હુકમો તથા તે પૈકી જમીનમાં કબ્જો સરકાર દ્વારા લેવામાં આવ્યો હોય તેની વિગતો નીચે મુજબ છે.

(ક્ષેત્રફળઃ ચો.મી.)

| વર્ષ | જિલ્લો | શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવાના | કબ્જા સરકારમાં લેવામાં આવેલ જમીન | કબ્જો લેવાની બાકી આવેલ જમીન |
|---|---|---|---|---|

| | | હુકમો કરેલ જમીન | | |
|---|---|---|---|---|
| ૨૦૧૭–૧૮ | તાપી | ૨૭૦૭ | ૨૭૦૭ | ૦૦ |
| | ડાંગ | ૮૩૫૨૦.૭૭ | ૦૦ | ૮૩૫૨૦.૭૭ |
| ૨૦૧૮–૧૯ | તાપી | ૧૪૫૦૮ | ૧૪૫૦૮ | ૦૦ |
| | ડાંગ | ૭૭૯૪૩.૫૦ | ૦૦ | ૭૭૯૪૩.૫૦ |

ઉક્ત સ્થિતિએ જમીનમાં શરતભંગ થયેલ કેસોમાં અરજદારશ્રીઓ દ્વારા સચિવશ્રી (વિવાદ) મહેસૂલ વિભાગમાં તથા નામ.હાઈકોર્ટમાં કેસ દાખલ કરેલ હોવાથી તેમજ જમીન મહેસૂલ અધિનિયમની કલમ–૭૩ એએની પેટા કલમ–૫ અન્વયે પરત કબજો આપવાની કાર્યવાહી ચાલુ હોવાથી સદર જમીનોના કબ્જા લેવાના બાકી રહેવા પામેલ છે.

---------

**આણંદ જિલ્લામાં જમીન ભાડે અથવા વેચાણથી આપવા બાબત**

૧૭૯૪૬ **શ્રી પૂનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પડતર, ખરાબા અને ગૌચરની કેટલી જમીન ભાડે અથવા વેચાણ આપવાના હુકમો કરવામાં આવ્યા,

(૧)

| તાલુકા | ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|
| આણંદ (ગ્રામ્ય) | ૦ |
| આણંદ (શહેર) | ૦ |
| બોરસદ | ૪૦૦ |
| પેટલાદ | ૫૯૩૩.૪૦ |
| ઉમરેઠ | ૦ |
| તારાપુર | ૧૪૭૦૦ |
| આંકલાવ | ૦ |
| સોજીત્રા | ૦ |
| ખંભાત | ૩૫૨૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ ભાડે અથવા વેચાણ આપેલ જમીનમાં હેતુફેર ઉપયોગ થવા અંગેની કેટલી ફરીયાદો સરકારને મળેલ છે, અને

(૨) શૂન્ય.

(૩) ઉક્ત મળેલ ફરીયાદો સંદર્ભે શા પગલાં ભરવામાં આવ્યા?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ગીર સોમનાથ અને રાજકોટ જિલ્લામાં જમીનમાં શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવા બાબત**

૧૭૯૫૭ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર કેટલી જમીનમાં શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવાના હુકમો કરવામાં આવ્યા,

(૧)

| જિલ્લો | વર્ષ | જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) | કુલ |
|---|---|---|---|
| ગીર–સોમનાથ | ૨૦૧૭–૧૮ | ૬–૦૦–૪૮ | ૨૪–૫૫–૮૩ |
| | ૨૦૧૮–૧૯ | ૧૮–૫૫–૩૫ | |
| રાજકોટ | ૨૦૧૭–૧૮ | ૮–૮૨–૦૭ | ૧૦૮–૫૦–૭૭ |

(૨) સરકારી પડતર દાખલ કરવાના હુકમો કર્યા હોય તે પૈકી કેટલી જમીનનો કબ્જો સરકાર દ્વારા લેવામાં આવ્યા, અને

(૨)
- ગીર–સોમનાથ જિલ્લામાં હે.૨૪–૨૪–૭૩ ચો.મી.
- રાજકોટ જિલ્લામાં હે.૧૬–૭૩–૪૩ ચો.મી.

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી જમીનનો કબ્જો લેવાનો

(૩) ગીર–સોમનાથ જિલ્લામાં હે.૦–૩૧–૧૦ ચો.મી.

| | |
|---|---|
| બાકી છે અને બાકી રહેવાના કારણો શા છે? | જમીનનો કબજો સરકાર હસ્તક સંભાળવાનો બાકી છે.<br>**કારણઃ** નામ.હાઈકોર્ટ દ્વારા તા.૨૮-૦૧-૧૯ના ઓરલ ઓર્ડરથી મનાઈ હુકમ આપવામાં આવેલ છે.<br>રાજકોટ જિલ્લામાં હે.૯૧-૭૭-૩૪ ચો.મી. જમીનનો કબજો સરકાર હસ્તક સંભાળવાનો બાકી છે.<br>**કારણઃ** બાકી રહેલ જમીનમાં શરતભંગ અંગેની અપીલોનો નિકાલ કલેક્ટર કચેરી ખાતે હાલમાં જ થયેલ હોઈ સદરહું જમીનનો કબજો સરકાર હસ્તક સંભાળવાનો બાકી છે. |

---------

## મહેસાણા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિ યોજના

૧૬૬૩૭ **શ્રી ઋષિકેશ પટેલ** (વિસનગર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિ યોજના તા.૦૧-૦૪-૨૦૧૮ થી તા.૩૧-૦૩-૨૦૧૯ દરમિયાન કેટલી અરજીઓ મળી, | (૧) ૭૮૩ |
| (૨) ઉક્ત પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૭૭૧ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૩) ૧૦,૦૨,૦૦૦/- |

---------

## રાજકોટ અને સુરત જિલ્લામાં સફાઈ કામદારોના મૃત્યુ

૧૮૬૧૩ **શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને સુરત શહેર તથા જિલ્લામાં ગટર અને ખાળકૂવાની સફાઈ કરતાં કેટલા કામદારોના મૃત્યુ થયા છે, | (૧) ૦૩(ત્રણ) |
| (૨) તે પૈકી કેટલા કામદારોના વારસદારોને કેટલું વળતર ચુંકવ્યું છે, અને | (૨) ૦૩(ત્રણ) રૂ. ૩૬.૦૦ લાખ |
| (૩) આ ઘટના માટે દોષિતો સામે શાં પગલાં લીધા છે? | (૩) દોષિતો સામે ઈ.પી.કો. કલમ-૩૦૪,૧૧૪ તથા "ધી પ્રોહિબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રેહેબીલીટિશન એક્ટ, ૨૦૧૩" ની કલમ-૭,૯ મુજબ તા.૧૮-૦૪-૨૦૧૮ના રોજ ગુન્હો દાખલ કરવામાં આવેલ છે. |

---------

## વડોદરા જિલ્લામાં રબર પ્લાન્ટમાં આગ લાગતાં કામદારોના મૃત્યુ

૧૭૮૯૧ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ વડોદરા જીલ્લાના ધનોરા ગામ ખાતે આવેલ રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના પોલી બ્યુટાડાઈન રબરના પ્લાન્ટમાં આગ લાગતા નવેમ્બર-૨૦૧૮માં ૩ કામદારોના મૃત્યુ થયેલ તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત ઘટનામાં મૃત્યુ પામેલ કામદારોના વારસદારોને કામદાર વળતર ધારા અને | (૨) સદર કારખાનું કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ આવરી લેવાયેલ ન હોઈ ઉકત ઘટનામાં મૃત્યુ પામેલ |

કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ કેટલી રકમની સહાય ઉક્ત સ્થિતિએ ચુકવવામાં આવી,

કામદારોના વારસદારોને તે હેઠળ કોઈ સહાય ચુકવાયેલ નથી કે ચુકવવાપાત્ર નથી પરંતુ કામદાર વળતર ધારા હેઠળ કામદારોના વારસદારોને કુલ રૂ.૨૧,૨૧,૨૦૦/- વળતર ચુકવાયેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત સહાય ચુકવવામાં ન આવી હોય તો તેના કારણો શા છે, અને

(૩) લાગુ પડતું નથી.

(૪) ઉક્ત બાકી સહાય ક્યાં સુધીમાં ચુકવવામાં આવશે?

(૪) લાગુ પડતું નથી.

---------

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં જમીનમાં શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવા બાબત**

૧૭૯૬૨ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર કેટલી જમીનમાં શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવાના હુકમો કરવામાં આવ્યા,

(૨) સરકારી પડતર દાખલ કરવાના હુકમો કર્યા હોય તે પૈકી કેટલી જમીનનો કબ્જો સરકાર દ્વારા લેવામાં આવ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી જમીનનો કબ્જો લેવાનો બાકી છે અને બાકી રહેવાના કારણો શા છે?

**જવાબ**

(૧), (૨) અને (૩) તા. ૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવાના હુકમો તથા તે પૈકી જમીનમાં કબ્જો સરકાર દ્વારા લેવામાં આવ્યા હોય તેની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | જિલ્લો | શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવા હુકમો કરેલ જમીન (ચો.મી.) | કબજા સરકારમાં લેવામાં આવેલ જમીન (ચો.મી) | કબજા લેવાની બાકી જમીન (ચો.મી) |
|---|---|---|---|---|
| ૨૦૧૭-૧૮ | જૂનાગઢ | ૫૭૫૬૭ | ૪૧૫૮૨ | ૧૫૯૮૫ |
| | પોરબંદર | ૧૧૮૭૯૧૦ | ૧૧૮૭૯૧૦ | ૦૦ |
| ૨૦૧૮-૧૯ | જૂનાગઢ | ૫૨૬૯૦ | ૦૦ | ૫૨૬૯૦ |
| | પોરબંદર | ૮૫૪૪૫ | ૪૭૩૧૯ | ૩૮૧૨૬ |

ઉક્ત સ્થિતિએ જમીનમાં શરતભંગ થયેલ કેસોમાં અરજદારશ્રીઓ દ્વારા સચિવશ્રી (વિવાદ) મહેસૂલ વિભાગ તથા લોકસભા સામાન્ય ચૂંટણી તેમજ વહીવટી કારણોસર

---------

**ગાંધીનગર જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના**

૧૬૬૪૬ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર દક્ષિણ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને કેટલી સહાય ચૂકવવામાં આવી, અને

(૩) ઉક્ત યોજનામાં યુગલ દીઠ કેટલી સહાય ચૂકવવામાં આવે છે?

**જવાબ**

(૧) ૪૦

(૨) ૩૯
રૂ.૨૧,૦૦,૦૦૦/-

(૩) રૂ.૧,૦૦,૦૦૦/-

---------

**અમદાવાદ જિલ્લામાં સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન**

૧૭૮૮૮ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ જીલ્લામાં આવેલ (૧) ટાટા મોટર્સ પ્રા.લિ., નોર્થ કોટપુરા, (૨) કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, આશ્રમ રોડ, (૩) સ્ટીલ ઓથોરીટી ઓફ ઈન્ડીયા અને (૪) કોલ ઈન્ડિયા લી. આશ્રમ રોડ, શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧–૦૩–૧૯૯૫ના ઠરાવની જોગવાઈ મુજબ સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન કરતા હોવાની હકીકત સાચી છે, અને | (૧) હા, જી.<br>શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧–૦૩–૧૯૯૫ના ઠરાવની જોગવાઈ અન્વયે દર છ માસે જુન અંતિત અને ડીસેમ્બર અંતિત સ્થાનિક રોજગારીની માહિતી એકત્ર કરવામાં આવતી હોઈ, તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં આવેલ ક્રમ નં.(૧) ટાટા મોટર્સ પ્રા.લી., નોર્થ કોટપુરા અને (૩) સ્ટીલ ઓથોરીટી ઓફ ઈન્ડીયા તરફથી મળેલ મહિતી અનુસાર ૮૫% સ્થાનિક રોજગારીની નિયમ ટકાવારી જળવાતી નથી, જ્યારે ક્રમ નં. (૨) કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડીયા, આશ્રમ રોડ, અમદાવાદ તરફથી મળેલ મહિતી અનુસાર ૮૫% સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી જળવાય છે અને ક્રમ નં. ૪ કોલ ઈન્ડીયા લી., આશ્રમ રોડ, અમદાવાદ માર્કેટીંગ ઓફિસ હોવાથી તા.૩૧–૦૩–૧૯૯૫ ના ઠરાવ અનુસાર સ્થાનિક રોજગારીની જોગવાઈઓ લાગુ પડતી નથી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લીધાં? | (૨)<br>(૧) સંબંધિત એકમોને શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧–૦૩–૧૯૯૫ ના ઠરાવ અનુસાર સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા અંગેની જોગવાઈનું ધ્યાન દોરતા પત્રો પાઠવેલ છે.<br>(૨) સ્થાનિક સત્તાતંત્ર દ્વારા બેઠક યોજી ઠરાવની જોગવાઈઓનું પાલન સુચારૂ રીતે કરવા માટે વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે.<br>(૩) સ્થાનિક રોજગારી નિયત ટકાવારી ન જાળવતા એકમોની યાદી જીલ્લા કક્ષાએથી રોજગાર કચેરી દ્વારા સંબંધિત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા વાણીજ્ય વેરા કચેરીને જરૂરી કાર્યવાહી સારૂ મોકલવામાં આવેલ છે.<br>(૪) રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા છેલ્લા બે વર્ષમાં (વર્ષ–૨૦૧૭ અને ૨૦૧૮) રાજ્યમાં સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમોની જુન–૨૦૧૭ અંતિતની યાદી તા.૨૫–૦૯–૨૦૧૭ના પત્રથી, ડીસેમ્બર–૨૦૧૭ અંતિતની યાદી તા.૧૪–૦૨–૨૦૧૮ની પત્રથી, જુન–૨૦૧૮ અંતિતની યાદી તા.૨૭–૦૯–૨૦૧૮ના પત્રથી અને ડીસેમ્બર–૨૦૧૮ અંતિતની યાદી તા.૨૫–૦૩–૨૦૧૯ના પત્રથી યાદી પૈકીના એકમો સામે જરૂરી કાર્યવાહી સારૂ ઉદ્યોગ કમિશ્નરની કચેરી, ગાંધીનગરને મોકલી આપવામાં આવેલ છે.<br>(૫) સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે રોજગાર ભરતી મેળા (જોબફેર)નું આયોજન કરી, સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવે |

છે.

---------

**નર્મદા અને ડાંગ જિલ્લામાં નોંધાયેલ ખેતમજૂરો**

૧૭૦૩૯ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ નર્મદા અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર કેટલા ખેતમજૂરો નોંધાયેલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલા ખેતમજૂરોના અકસ્માતે મૃત્યુ નીપજ્યા,

(૩) તે પૈકી કેટલા ખેતમજૂરોના વારસદારોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

(૪) બાકીની સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૧૯ની સ્થિતિએ નર્મદા અને ડાંગ જિલ્લામાં નીચે મુજબ ખેતમજૂરો નોંધાયેલા છે.

| **જિલ્લો** | **ખેતમજૂરોની કુલ સંખ્યા (૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ)** |
|---|---|
| નર્મદા | ૪૯૦૮૪ |
| ડાંગ | ૩૩૯૭૫ |
| **કુલ** | **૮૩૦૫૯** |

(૨) નોંધાયેલ ખેતમજૂરો પૈકી છેલ્લાં બે વર્ષમાં અકસ્માતથી મૃત્યુ પામેલ ખેતમજૂરોની સંખ્યા

| **જિલ્લો** | **તા.૦૧–૦૬–૧૭ થી તા.૩૧–૦૫–૧૯** |
|---|---|
| નર્મદા | ૨૪ |
| ડાંગ | ૦૮ |
| **કુલ** | **૩૨** |

(૩) નીચે મુજબ ખેતમજૂરોના વારસદાર/કુટુંબોને સહાય ચૂકવવામાં આવી.

| **જિલ્લો** | **તા.૦૧–૦૬–૧૭ થી તા.૩૧–૦૫–૧૯** | |
|---|---|---|
| | **લાભાર્થીની સંખ્યા** | **સહાયની રકમ** |
| નર્મદા | ૧૧ | ૧૧,૦૦,૦૦૦/– |
| ડાંગ | ૦૦ | ૦૦ |

(૪) પડતર અરજીઓ ઉપર સંપૂર્ણ વહીવટી કાર્યવાહીની પૂર્તતા થયા બાદ નિકાલ કરવામાં આવશે.

---------

**મીઠાપુર ખાતે ટાટા કેમિકલ્સ લિ.ને ફાળવેલ જમીનમાં શરત ભંગ**

૧૭૯૬૬ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મીઠાપુર ખાતે ટાટા કેમિકલ્સ લિ.ને ફાળવવામાં આવેલ જમીનમાં શરતભંગ અંગે આસીસ્ટન્ટ સોલ્ટ કમિશ્નર, જામનગરને તા.૨૩–૦૫–૨૦૧૬ના રોજ તપાસ કરી પગલાં લેવા જણાવેલ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ ઉક્ત કંપની સામે ક્યારે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) આસીસ્ટન્ટ સોલ્ટ કમિશ્નરશ્રી, જામનગર દ્વારા ક્યારે તપાસ અહેવાલ રજૂ કરવામાં આવ્યો અને શાં પગલા લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) હા,

(૨) પ્રાંત અધિકારીશ્રી, દ્વારકાના તા.૨૩–૦૫–૨૦૧૬ના હુકમ ક્રમાંકઃજમન/શરતભંગ/કેસ નં.૨૩/૨૦૧૪થી આસીસ્ટન્ટ સોલ્ટ કમીશનર, જામનગરને જરુરી તપાસ કરી, ઘટીત પગલા લેવા જણાવેલ છે.

(૩) આસીસ્ટન્ટ સોલ્ટ કમિશ્નર, જામનગર તરફથી તપાસ અહેવાલ મળેલ નથી.

---------

**સુરેન્દ્રનગર ખાતે નોંધાયેલ બેરોજગારો**

૧૬૫૯૬ **શ્રી ધનજીભાઈ પટેલ** (વઢવાણ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, સુરેન્દ્રનગર ખાતે કેટલા બેરોજગાર નોંધાયેલ છે, અને | (૧) ૧૦૪૧૬ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી? | (૨) ૪૯૬૫ |

---------

**સાબરકાંઠા જિલ્લામાં રોજગાર વિનિમય કચેરી દ્વારા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન**

૧૬૫૯૪ **શ્રી હિતુ કનોડીયા** (ઈડર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૩૨ |
| (૨) ઉક્ત સ્થિતિએ આ ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી? | (૨) ૩૯૮૩ |

---------

**મહેસાણા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના**

૧૬૬૧૮ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૫૧૮ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૪૪૧ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ.૧૪૪.૧૦ લાખ |

---------

**સુરેન્દ્રનગર ખાતે નોંધાયેલ બેરોજગારો**

૧૬૫૯૨ **શ્રી પરસોત્તમ સાબરિયા** (ધ્રાંગધ્રા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, સુરેન્દ્રનગર ખાતે કેટલા બેરોજગાર નોંધાયેલ છે, અને | (૧) ૧૦૪૧૬ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી? | (૨) ૪૯૬૫ |

---------

**જામનગર ખાતે નોંધાયેલ બેરોજગારો**

૧૬૬૦૨ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, જામનગર ખાતે કેટલા બેરોજગાર નોંધાયેલ છે, અને | (૧) ૧૫૬૯૦ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા | (૨) ૭૯૩૦ |

બેરોજગારોને રોજગારી આપવામાં આવી?

---------

**તાપી અને વલસાડ જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગાર**

૧૭૯૯૪ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) **: માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ તાપી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર કુલ કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગાર નોંધાયેલા છે,

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **નોંધાયેલ બેરોજગારો** | | **કુલ** |
|---|---|---|---|
| | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | |
| તાપી | ૭૦૯૪ | ૨૯૬ | ૭૩૯૦ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, ઉક્ત જિલ્લાઓમાં તાલુકાવાર કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારોને સરકારી નોકરી પૂરી પાડવામાં આવી, અને

(૨) સામેલ **પત્રક 'અ'** તથા **'બ'** મુજબ

(૩) ઉક્ત બાકી બેરોજગારોને રોજગારી મળી રહે તે માટે શું કાર્યવાહી કરવામાં આવી?

(૩) આ અંગે નોકરીદાતાઓની માંગણી મુજબ ઉમેદવારોની ભલામણ ઉપરાંત ઔદ્યોગિક ભરતીમેળા અને લશ્કરી ભરતીમેળાઓનું આયોજન કરવામાં આવે છે, તેમજ સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કરિયર કોર્નરના વર્ગો દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે.

**પત્રક–અ**

**તાપી જિલ્લો**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮** | | | **તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯** | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | **કુલ** | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | **કુલ** |
| ૧ | વ્યારા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | વાલોડ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | ડોલવણ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | સોનગઢ | ૨ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ |
| ૫ | ઉચ્છલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | નિઝર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | કુકરમુંડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૨** | **૦** | **૨** | **૦** | **૦** | **૦** |

**પત્રક–બ**

**વલસાડ જિલ્લો**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮** | | | **તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯** | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | **કુલ** | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | **કુલ** |
| ૧ | વલસાડ | ૧૮ | ૦ | ૧૮ | ૦ | ૦ | ૦ |
| ૨ | પારડી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | વાપી | ૩ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ |
| ૪ | ઉમરગામ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | ધરમપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | કપરાડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૨૧** | **૦** | **૨૧** | **૦** | **૦** | **૦** |

---------

**પંચમહાલ જિલ્લામાં રેવન્યુ વિલેજ જાહેર કરવા બાબત**

૧૮૬૧૦ **શ્રી જેઠાભાઈ ભરવાડ** (શહેરા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન પંચમહાલ જિલ્લાના તાલુકાવાર રેવન્યુ વિલેજો માટેની કેટલી માંગણી મળી, | (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન રેવન્યુ વિલેજ માટેની કોઈ માંગણી મળેલ નથી. |
| (૨) તે પૈકી કેટલા ગામોને રેવન્યુ વિલેજ જાહેર કર્યા અને કેટલા બાકી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ રેવન્યુ વિલેજ ન જાહેર કર્યા હોય તેના મુખ્ય કારણો શાં છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**આણંદ અને સુરત જિલ્લામાં જમીન ભાડે અથવા વેચાણથી આપવા બાબત**

૧૭૯૪૪ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પડતર, ખરાબા અને ગૌચરની કેટલી જમીન ભાડે અથવા વેચાણ આપવાના હુકમો કરવામાં આવ્યા, | (૧) પત્રક-(૧) મુજબ |
| (૨) ઉક્ત સ્થિતિએ ભાડે અથવા વેચાણ આપેલ જમીનમાં હેતુફેર ઉપયોગ થવા અંગેની કેટલી ફરીયાદો સરકારને મળેલ છે, અને | (૨) શુન્ય |
| (૩) ઉક્ત મળેલ ફરીયાદો સંદર્ભે શાં પગલાં ભરવામાં આવ્યા? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પત્રક - ૧**

| આણંદ | | | સુરત | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકો | સરકારી પડતર, ખરાબા અને ગૌચરની જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.) | ક્રમ | તાલુકો | સરકારી પડતર, ખરાબા અને ગૌચરની જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.) |
| ૧ | આણંદ | ૦ | ૧ | મજૂરા | ૦ |
| ૨ | આણંદ (ગ્રામ્ય) | ૦ | ૨ | ઉધના | ૦ |
| ૩ | ઉમરેઠ | ૦ | ૩ | અડાજણ | ૦ |
| ૪ | આંકલાવ | ૦ | ૪ | પુણા | ૦ |
| ૫ | બોરસદ | ૪૦૦ | ૫ | કતારગામ | ૦ |
| ૬ | પેટલાદ | ૫૯૩૩.૪૦ | ૬ | ઓલપાડ | ૨૫૦ |
| ૭ | તારાપુર | ૧૪૭૦૦ | ૭ | ચોર્યાસી | ૦ |
| ૮ | ખંભાત | ૩૫૨૦૦ | ૮ | બારડોલી | ૦ |
| | | | ૯ | કામરેજ | ૬૨૫ |
| | | | ૧૦ | પલસાણા | ૨૦૦ |
| | | | ૧૧ | મહુવા | ૨૦૦ |
| | | | ૧૨ | માંગરોલ | ૦ |

| | | | |
|---|---|---|---|
| | ૧૩ | માંડવી | ૫૩૦૦ |
| | ૧૪ | ઉમરપાડા | ૦ |

---------

**ખેડા જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના**

૧૬૬૨૩ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૨૮૯ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૮૯ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂા. ૧૪,૪૫,૦૦૦/– |

---------

**પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં પ્લોટ માપણી ફી**

૧૭૯૦૬ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ બિનખેતી પરવાનગી આપતી વખતે પ્લોટદીઠ માપણી ફી વસુલવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો પ્લોટદીઠ કેટલી માપણી ફી વસુલવામાં આવે છે, | (૨) પ્લોટ દીઠ રૂ.૩૦૦/– ફી વસુલવામાં આવે છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ અને બનાસકાંઠા જીલ્લામાં જીલ્લાવાર કેટલા પ્લોટોની માપણી ફી વસુલવામાં આવી, | (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જીલ્લાના ૯૧૯૯ પ્લોટોની અને બનાસકાંઠા જીલ્લાના ૧૪૮૦ પ્લોટોની માપણી ફી વસુલવામાં આવી. |
| (૪) તે પૈકી ઉકત સ્થિતિએ જિલ્લાવાર કેટલા પ્લોટોની માપણી પૂર્ણ કરવામાં આવી, અને | (૪) ઉક્ત સ્થિતિએ જીલ્લાવાર પાટણ જીલ્લાના ૪૦૯૬ પ્લોટોની અને બનાસકાંઠા જીલ્લાના તમામ ૧૪૮૦ પ્લોટોની માપણી પૂર્ણ કરવામાં આવી છે. |
| (૫) ઉક્ત બાકી માપણી પૈકી કેટલા પ્લોટોની માપણી એક વર્ષ કરતાં વધુ સમયથી બાકી છે, તેના કારણો શા છે ? | (૫) ઉક્ત બાકી માપણી પૈકી બનાસકાંઠા જિલ્લામાં પ્લોટોની માપણી બાકી નથી. તથા રી–સર્વે માપણી પ્રમોલગેશન બાદ આવેલ વાંધા અરજીઓની નિકાલ ઝુંબેશના કારણે પાટણ જીલ્લાના ૫૧૩૦ પ્લોટોની માપણી બાકી છે. |

---------

**આણંદ જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના**

૧૬૬૩૩ **શ્રી ગોવિંદભાઇ પરમાર** (ઉમરેઠ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના અન્વયે તા.૦૧–૦૪–૨૦૧૮ થી તા.૩૧–૦૩–૨૦૧૯ દરમિયાન કેટલી અરજીઓ મળી, | (૧) ૧૨૬૫ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૧૯૮ |
| (૩) ઉકત સ્થિતિએ રકમ ચૂકવવામાં આવી? | (૩) રૂ.૫૩,૨૦,૬૨૫/– |

---------

## ગીરસોમનાથ અને ભાવનગર જિલ્લામાં જમીન ભાડે અથવા વેચાણથી આપવા બાબત

૧૭૯૬૦ **શ્રી પુંજાભાઇ વંશ** (ઉના) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગીરસોમનાથ અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પડતર, ખરાબા અને ગૌચરની કેટલી જમીન ભાડે અથવા વેચાણ આપવાના હુકમો કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) **ગીર–સોમાનાથ**

| ક્રમ | તાલુકો | વેચાણથી આપેલ જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.) | ભાડેથી આપેલ જમીનનું ક્ષેત્રફળ (ચો.મી) |
|---|---|---|---|
| ૧ | વેરાવળ | ૧૦૦૨૬ | ૯૬૦ |
| ૨ | તાલાલા | ૧૫૭૧૦ | ૦૦ |
| ૩ | સુત્રાપાડા | ૪૦૪ | ૦૦ |
| ૪ | કોડીનાર | ૨૨૨૨ | ૨૫૦ |
| ૫ | ઉના | ૫૮૮૦ | ૦૦ |
| ૬ | ગીર ગઢડા | ૨૯૮૯.૨૨ | ૮૦૯૪ |
| | **કુલ** | **૩૭૨૩૧.૨૨** | **૯૩૦૪** |

**ભાવનગર**

| ક્રમ | તાલુકો | વેચાણથી આપેલ જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.) | ભાડેથી આપેલ જમીનનું ક્ષેત્રફળ (ચો.મી) |
|---|---|---|---|
| ૧ | ભાવનગર સીટી | ૦૦ | ૧૧૦૬૮૫૪૫ |
| ૨ | ભાવનગર ગ્રામ્ય | ૦૦ | ૩૨૬૬૬૫૭૨ |
| ૩ | ઘોઘા | ૨૪૧૪૩ | ૦૦ |
| ૪ | શિહોર | ૫૩૧૨ | ૦૦ |
| ૫ | વલ્લભીપુર | ૧૦૯૧૯૨ | ૦૦ |
| ૬ | ઉમરાળા | ૬૮૭૦ | ૦૦ |
| ૭ | પાલીતાણા | ૦૦ | ૦૦ |
| ૮ | ગારીયાધાર | ૦૦ | ૦૦ |
| ૯ | તળાજા | ૦૦ | ૨૮૦૨૫૦ |
| ૧૦ | મહુવા | ૧૦૨૨ | ૩૦૦૦૦ |
| ૧૧ | જેસર | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૧૪૬૫૩૯** | **૪૪૦૪૫૩૬૭** |

(૨) ઉક્ત સ્થિતિએ ભાડે અથવા વેચાણ આપેલ જમીનમાં હેતુફેર ઉપયોગ થવા અંગેની કેટલી ફરીયાદો સરકારને મળેલ છે, અને

(૨) શૂન્ય

(૩) ઉક્ત મળેલ ફરીયાદો સંદર્ભે શા પગલાં ભરવામાં આવ્યા ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## ખેડા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના

૧૬૬૦૯ **શ્રી બાબુભાઇ પટેલ** (દસક્રોઇ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯માં વિકસતી જાતિની કન્યાઓની સાઇકલ માટે કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) ૧૧૦૪૩

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૨) ૧૧૦૪૩

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી ?

(૩) ૧૧૦૪૩

---------

**દાહોદ જિલ્લામાં પશુઓને રસીકરણ**

૧૬૫૩૭ **શ્રી શૈલેષભાઇ ભાભોર** (લીમખેડા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પશુપાલન ખાતા દ્વારા દાહોદ જિલ્લામાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ કયા પ્રકારના રોગો સામે રસીકરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) ૪૩,૯૧,૫૬૪

(૨) ગળસૂંઢો, ગાંઠિયો, તાવ, ખરવા–મોવાસા, આંત્રવિષજવર, હડકવા, પી.પી.આર અને ગોટ પોક્ષ રસીકરણ કરવામાં આવ્યું.

---------

**દાહોદ જિલ્લામાં પાણી પુરવઠાની યોજનાઓ**

૧૭૮૯૫ **શ્રી ભાવેશભાઇ કટારા** (ઝાલોદ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં કેટલી પાણી પુરવઠાની યોજનાઓ અમલમાં છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી કાર્યરત છે,

(૩) ઉક્ત સ્થિતિએ બંધ યોજના હોઇ તેના કારણો યોજનાવાર શું છે, અને

(૪) ઉક્ત બંધ યોજનાઓ ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં અમલ થયેલ પાણી પુરવઠા યોજનાઓની વિગતો નીચે મુજબ છે.

| **ક્રમ** | **યોજનાનું નામ** | **યોજનાઓની સંખ્યા** | **કાર્યરત યોજનાઓની સંખ્યા** | **બંધ યોજનાઓની સંખ્યા** |
|---|---|---|---|---|
| ૧ | જૂથ પાણી પુરવઠા યોજના | ૦૨ | ૦૨ | ૦ |
| ૨ | સ્વતંત્ર પાણી પુરવઠા યોજના | ૮૯ | ૬૦ | ૨૯ |
| ૩ | મીની પાણી પુરવઠા યોજના | ૨૫૯ | ૨૧૩ | ૪૬ |
| | **કુલ** | **૩૫૦** | **૨૭૫** | **૭૫** |

(૩) અને (૪)

- અમલમાં આવેલ સ્વતંત્ર પાણી પુરવઠા યોજનાઓનું આંતરીક વિતરણ વ્યવસ્થાની પાણી સમીતી દ્વારા યોગ્ય નિભાવણી ન થતા, તેમજ સોર્સ નિષ્ફળ થવાના કારણે યોજનાઓ બંધ રહેલ છે.
- ગ્રામ્ય પાણી સમિતિને તાંત્રિક માર્ગદર્શન આપી આંતરીક વિતરણનું યોગ્ય સંચાલન કરાવી ઉક્ત તમામ બંધ યોજનાઓ માટે જરૂરી કામોનું આયોજન કરી તબક્કાવાર પાણી શરૂ કરવાનું આયોજન છે.

---------

**જામનગર જિલ્લામાં ઢોરવાડા શરૂ કરવા માટે અરજીઓ**

૧૭૯૬૯ **શ્રી પ્રવિણભાઇ મુસડીયા** (કાલાવડ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ દુષ્કાળ વર્ષ ૨૦૧૮–૧૯માં અછતગ્રસ્ત જાહેર કરાયેલ જામનગર જિલ્લામાં તાલુકાવાર ઢોરવાડા (કેટલ કેમ્પ) શરૂ કરવા માટે કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ દુષ્કાળવર્ષ ૨૦૧૮–૧૯માં દુષ્કાળગ્રસ્ત જાહેર કરાયેલ જામનગર જિલ્લાના બે તાલુકાઓની તાલુકાવાર ઢોરવાડા શરૂ કરવા માટે મળેલ અરજીઓની વિગતો નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાના નામ** | **ઢોરવાડા શરૂ કરવા માટેની મળેલ અરજી** |
|---|---|---|
| | | **કુલ** |
| ૧ | ધ્રોલ | ૦ |

| | | |
|---|---|---|
| ૨ | જોડીયા | ૦ |
| | **કુલ** | **૦** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ પડતર છે,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત અરજીઓ નામંજૂર કરવાના કારણો શાં છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉક્ત પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજકોટ જિલ્લામાં ઢોરવાડા શરૂ કરવા માટે અરજીઓ**

૧૭૯૭૦ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ દુષ્કાળ વર્ષ ૨૦૧૮-૧૯માં અછતગ્રસ્ત જાહેર કરાયેલ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ઢોરવાડા (કેટલ કેમ્પ) શરૂ કરવા માટે કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ દુષ્કાળવર્ષ ૨૦૧૮-૧૯માં અછતગ્રસ્ત જાહેર કરાયેલ રાજકોટ જિલ્લાના બે તાલુકાઓની તાલુકાવાર ઢોરવાડા શરૂ કરવા માટે મળેલ અરજીઓની વિગતો નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાના નામ** | **ઢોરવાડા શરૂ કરવા માટેની મળેલ અરજી** |
|---|---|---|
| | | **કુલ** |
| ૧ | વીંછીયા | ૦ |
| ૨ | પડધરી | ૦ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ પડતર છે,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત અરજીઓ નામંજૂર કરવાના કારણો શું છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉક્ત પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જૂનાગઢ જિલ્લામાં યાત્રાધામોના વિકાસ માટે રકમ ફાળવણી બાબત**

૧૭૯૩૦ **શ્રી બાબુભાઇ વાજા** (માંગરોળ) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ જિલ્લામાં યાત્રાધામોના વિકાસ માટે કેટલી રકમ ફાળવી,

**જવાબ**

(૧)

| **સમયગાળો** | **રકમ રૂ.લાખમાં** |
|---|---|
| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | ૫૫૦.૦૦ |
| તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | ૨૫.૦૦ |

(૨) ઉક્ત ફાળવેલ રકમ પૈકી કયા યાત્રાધામના વિકાસ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨)ઉક્ત ફાળવેલ રકમ પૈકી નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| **ક્રમ** | **યાત્રાધામનું નામ** | **થયેલ ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|---|
| ૧ | સનાતનધામ, મુ.તા.ભેંસાણ | ૨૪.૫૭ |

| | | |
|---|---|---|
| ૨ | સ્વામિનારાયણ મંદિર, મુ.પીપલાણા, તા.માણાવદર | ૧૮.૬૮ |
| વર્ષ | ખર્ચ રકમ (લાખમાં) | વણવપરાયેલ રકમ (લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૮–૧૯ | ૭૭.૫૦ | ૧૭.૩૦ |
| ૨૦૧૯–૨૦ | ૧૦.૮૩ | ૩૮.૨૬ |

(૪) ઉક્ત રકમ જો વણવપરાયેલ રહી હોય તો તેના કારણો શું છે?

(૪) વહીવટી કારણોસર

---------

**વલસાડ અને નવસારી જિલ્લામાં બુલેટ ટ્રેન માટે જમીન સંપાદન**

૧૮૬૨૬ **શ્રી જીતુભાઈ ચૌધરી** (કપરાડા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ વલસાડ અને નવસારી જિલ્લામાં તાલુકાવાર બુલેટ ટ્રેન માટે કેટલી જમીન કયા ભાવે સંપાદન કરવામાં આવેલ છે?

તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ વલસાડ અને નવસારી જિલ્લામાં બુલેટ ટ્રેનમાં નીચે મુજબ જમીન સંપાદનની પ્રક્રિયા ચાલુ છે.

**વલસાડ જિલ્લો**

| નં | તાલુકો | ક્ષેત્રફળ (હે.આરે.ચોમી.) |
|---|---|---|
| ૧ | વલસાડ | ૩૯–૧૪–૮૪ |
| ૨ | પારડી | ૨૬–૪૪–૪૦ |
| ૩ | વાપી | ૩૧–૫૫–૦૬ |
| ૪ | ઉમરગામ | ૧૪–૨૪–૬૩ |
| | **કુલ** | **૧૦૯–૩૮–૯૩** |

**નવસારી જિલ્લો**

| નં | તાલુકો | ક્ષેત્રફળ (હે.આરે.ચોમી.) |
|---|---|---|
| ૧ | નવસારી | ૨૮-૫૧-૭૨ |
| ૨ | ગણદેવી | ૪૨-૨૪-૭૧ |
| ૩ | જલાલપોર | ૫-૮૩-૦૮ |
| ૪ | ચીખલી | ૭-૬૦-૨૧ |
| | **કુલ** | **૮૪-૧૯-૭૨** |

જ્યારે જમીન ક્યાં ભાવે સંપાદન કરવામાં આવી તે બાબતે સ્પષ્ટતા કરવાની થાય છે કે, જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ની કલમ-૨૬માં થયેલ જોગવાઈઓ ધ્યાને લઈ વળતરની રકમ નિયત કરવામાં આવે છે.

---------

**આણંદ અને અમદાવાદ જિલ્લામાં જમીન તકેદારી સમિતિની બેઠકો**

૧૫૮૦૯ **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લાની જિલ્લા જમીન તકેદારી સમિતિ (S.I.T) ની કેટલી બેઠકો મળી,

(૨) ઉક્ત સ્થિતિએ કયા જિલ્લામાં કેટલી ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું, અને

(૩) ઉક્ત સ્થિતિએ કયા વર્ષથી કેટલી ફરીયાદોનું નિરાકરણ કયા કારણોસર બાકી છે?

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લા જમીન તકેદારી સમિતિ (S.I.T) ની ખેડા જિલ્લામાં ૧૫ અને આણંદ જિલ્લામાં ૬ બેઠકો મળી છે.

(૨) ઉક્ત સ્થિતિએ ખેડા જિલ્લામાં ૮૮ અને આણંદ જિલ્લામાં ૪૩ ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું છે.

(૩) ઉક્ત સ્થિતિએ ખેડા જિલ્લામાં વર્ષ-૨૦૧૮ની ૧ ફરિયાદ અને વર્ષ-૨૦૧૯ની ૫ અરજીઓ એમ કુલ-૬ ફરિયાદો તથા આણંદ જિલ્લામાં વર્ષ-૨૦૧૯ની કુલ-૧૪ ફરિયાદો તપાસ હેઠળ હોઈ બાકી રહેલ છે.

---------

**સુરત જિલ્લામાં પશુઓ માટે જાતિય આરોગ્ય સારવાર કેમ્પ**

૧૬૫૪૩ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં પશુઓ માટે કેટલા જાતિય આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) તેમાં ઉક્ત સ્થિતિએ કુલ કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧) ૪૨૬

(૨) ૪૦,૦૬૬

---------

**ખેડા અને નર્મદા જિલ્લામાં જમીનમાં શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવા બાબત**

૧૭૯૪૦ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર કેટલી જમીનમાં શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવાના હુકમો કરવામાં આવ્યા,

(૨) સરકારી પડતર દાખલ કરવાના હુકમો કર્યા હોય તે પૈકી કેટલી જમીનનો કબ્જો સરકાર દ્વારા લેવામાં આવ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી જમીનનો કબ્જો લેવાના

**જવાબ**

(૧)

| જિલ્લો | જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.) | |
|---|---|---|
| | **૨૦૧૭-૧૮** | **૨૦૧૮-૧૯** |
| ખેડા | શૂન્ય | શૂન્ય |

(૨) ૯૯૨૧૪ ચો.મી.

(૩) પ્રશ્ન નથી.

બાકી છે અને બાકી રહેવાના કારણો શા છે?

---------

**સુરત ખાતે નોંધાયેલ બેરોજગારો**

૧૬૫૯૮ **શ્રી પૂર્ણેશ મોદી** (સુરત–પશ્ચિમ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, સુરત ખાતે કેટલા બેરોજગાર નોંધાયેલ છે, અને | (૧) ૨૪૩૮૦ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી? | (૨) ૩૪૪૭૧ |

---------

**સુરત ખાતે નોંધાયેલ બેરોજગારો**

૧૬૫૯૭ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, સુરત ખાતે કેટલા બેરોજગાર નોંધાયેલ છે, અને | (૧) ૨૪૩૮૦ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી? | (૨) ૩૪૪૭૧ |

---------

**ગુલમહોર ગ્રીન્સ ગોલ્ફ એન્ડ કન્ટ્રી ક્લબ દ્વારા જમીન પર કરેલ દબાણ**

૧૭૯૮૦ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં આવેલ ગુલમહોર ગ્રીન્સ ગોલ્ફ એન્ડ કન્ટ્રી માલિક દ્વારા ક્લબમાં ખરાબા અને પડતર જમીન ઉપર દબાણ કરેલ અને રસ્તાઓ બંધ કરી દીધા હોવાની ફરિયાદ અન્વયે ડીસ્ટ્રીક્ટ ઇન્સ્પેક્ટરશ્રી લેન્ડ રેકર્ડ પાસે માપણી કરીને તા.૨૦–૦૮–૨૦૧૮ના રોજ અભિપ્રાય માંગેલ તે હકીકત સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અભિપ્રાય મળેલ છે કે કેમ, અને | (૨) ના જી |
| (૩) ઉક્ત અભિપ્રાયમાં કયા પ્રકારના દબાણો કર્યાનું સામે આવેલ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ જિલ્લામાં ઢોરવાડા શરૂ કરવા માટે અરજીઓ**

૧૭૯૮૨ **શ્રી લાખાભાઇ ભરવાડ** (વિરમગામ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ દુષ્કાળ વર્ષ ૨૦૧૮–૧૯માં અછતગ્રસ્ત જાહેર કરાયેલ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર ઢોરવાડા (કેટલ કેમ્પ) શરૂ કરવા માટે કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ના રોજ અમદાવાદ જિલ્લાના દુષ્કાળગ્રસ્ત જાહેર કરાયેલ ત્રણ તાલુકાઓ વિરમગામ, માંડલ અને દેત્રોજમાં તાલુકાવાર ઢોરવાડા શરૂ કરવા માટે મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાના નામ | ઢોરવાડા (કેટલ કેમ્પ) શરૂ કરવા માટે મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | વિરમગામ | ૪ |
| ૨ | માંડલ | ૦ |
| ૩ | દેત્રોજ | ૦ |
| | **કુલ** | **૪** |

**પ્રશ્ન**

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં

**જવાબ**

(૨) ઉક્ત અરજીઓ પૈકી મંજૂર, નામંજૂર અને પડતર

આવી, કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ પડતર છે,

અરજીઓની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાના નામ | ઢોરવાડા શરૂ કરવા માટે રજુ થયેલ ઉપર મુજબની અરજીઓ પૈકી મંજુર, નામંજુર અને પડતર અરજીની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|
| | | મળેલ અરજીની સંખ્યા | મંજૂર | નામંજૂર | પડતર |
| ૧ | વિરમગામ | ૪ | ૦ | ૪ | ૦ |
| ૨ | માંડલ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | દેત્રોજ | ૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૪** | **૦** | **૪** | **૦** |

(૩) ઉક્ત અરજીઓ નામંજૂર કરવાના કારણો શા છે, અને

(૩) ઉક્ત અરજીઓ નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.
૧. વિરમગામ તાલુકાના શાહપુરા ગામે ઢોરવાડો ખોલવા માટે મળેલ અરજીમાં દર્શાવેલ માલધારીઓના નામ તથા પશુઓની વિગતનો ગુજરાત સરકાર મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક : અછત-૧૦-૨૦૧૯-૭૪૯-સ.૧, તા.૨૮-૩-૧૯ પ્રમાણેના ઠરાવમાં સામેલ પરિશિષ્ટ-૧ માં સમાવેશ થતો નથી માટે,
૨. ચકાસણી કરતા ઢોરવાડો ખોલવા માટેના સ્થળ પર સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૧૦-૧૨-૧૮ના ઠરાવ ક્રમાંક: અછત-૧૦૨૦૧૮-૧૦૬૮-સ.૧ ની ઢોરવાડો શરૂ કરવા માટેની જોગવાઈ મુજબ કોઇ વ્યવસ્થા ના હોવાથી,

(૪) ઉક્ત પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## અમરેલી જિલ્લામાં જમીનમાં શરતભંગ બાબત

૧૭૯૦૨ **શ્રી અંબરીષ ડેર** (રાજુલા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલી જમીનમાં શરતભંગ કરી, સરકાર પડતર દાખલ કરવાના હુકમો કરવામાં આવ્યા,

(૧) **પત્રક-૧** મુજબ છે.

(૨) સરકારી પડતર દાખલ કરવાના હુકમો કર્યા હોય તે પૈકી કેટલી જમીનનો કબ્જો સરકાર દ્વારા લેવામાં આવ્યો, અને

(૨) ૯૨૮૬૫ ચો.મી.

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી જમીનનો કબ્જો લેવાના બાકી છે અને બાકી રહેવાના કારણો શા છે?

(૩) ૨૯૪૩૦૬૭ ચો.મી. જમીન ના કબજા અરજદારશ્રી તરફથી સચિવશ્રી (વિવાદ), અમદાવાદ તથા નામ. ગુજરાત હાઇકોર્ટમાં પીટીશન દાખલ હોઇ લેવાના બાકી

**પત્રક-૧**

**૧-૬-૨૦૧૭ થી ૩૧-૫-૨૦૧૯**

| ક્રમ | તાલુકો | કેટલી જમીનમાં શરતભંગ સરકારી પડતર સદરે દાખલ કરવાના હુકમો કરવામાં આવ્યા (ચો.મી) | |
|---|---|---|---|
| | | **૧-૬-૧૭ થી ૩૧-૫-૧૮** | **૧-૬-૧૮ થી ૩૧-૫-૧૯** |
| ૧ | અમરેલી | ૧૫૦૦ | ૧૯૯૫૦ |
| ૨ | વડીયા | ૦ | ૦ |
| ૩ | લાઠી | ૦ | ૨૪૭૧૪ |
| ૪ | બાબરા | ૧૦૩૧૨૬૨ | ૫૪૯૩૧૪ |
| ૫ | સાવરકુંડલા | ૦ | ૬૨૫૫૧૮ |
| ૬ | લીલીયા | ૦ | ૦ |
| ૭ | ધારી | ૦ | ૦ |

| | | | |
|---|---|---|---|
| ૮ | બગસરા | ૦ | ૦ |
| ૯ | ખાંભા | ૦ | ૦ |
| ૧૦ | રાજુલા | ૦ | ૭૨૦૧૩૮ |
| ૧૧ | જાફરાબાદ | ૦ | ૬૩૫૩૬ |
| | **કુલ** | **૧૦૩૨૭૬૨** | **૨૦૦૩૧૭૦** |

---------

**રાજકોટ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિ યોજના**

૧૬૬૫૮ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિ યોજના અન્વયે તા.૦૧–૦૪–૨૦૧૮ થી તા.૩૧–૦૩–૨૦૧૯ દરમિયાન કેટલી અરજીઓ મળી, | (૧) ૮૦૮ |
| (૨) ઉક્ત પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૮૦૭ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૩) ૯૫૪૨૫૦/– |

---------

**કચ્છ જિલ્લામાં ૮૫ ટકા સ્થાનિકોને રોજગારી આપવા બાબત**

૧૮૦૧૩ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં કેટલા ખાનગી ઔદ્યોગિક એકમો ૮૫ ટકા સ્થાનિક લોકોને રોજગારી આપતા નથી, | (૧) શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧–૦૩–૧૯૯૫ના ઠરાવની જોગવાઇ અન્વયે દર છ માસે જુન અંતિત અને ડીસેમ્બર અંતિત સ્થાનિક રોજગારીની માહિતી એકત્ર કરવામાં આવતી હોઇ, તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ૪ (ચાર) ખાનગી ઔદ્યોગિક એકમોમાં ૮૫% સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી જળવાતી નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તેવા કયા એકમો સામે શું કાર્યવાહી કરી, અને | (૨) છેલ્લા બે વર્ષમાં સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી જળવાતી નથી તેવા એકમોની વર્ષવાર યાદી :<br>**વર્ષ : ૨૦૧૭**<br>(૧) કોસ્ટલ ગુજરાત પાવર લી. મુ.ટુંડા, તા.મુન્દ્રા<br>(૨) લુઈસ ડ્રેફૂઇસ કંપની ઇન્ડિયા પા.લી. મુ.ભીમાસર તા.અંજાર<br>(૩) અદાણી પાવર લી. મુ.ટુંડા તા.મુન્દ્રા<br>(૪) બાલાકૃષ્ણ ટાયર લી. મુ.પધ્ધર તા.ભુજ<br>(૫) નોબલ નેચરલ રીસોસીસ ઇન્ડિયા લી. મુ.ભીમાસર તા.અંજાર<br>**વર્ષ : ૨૦૧૮**<br>(૧) કોસ્ટલ ગુજરાત પાવર લી. મુ.ટુંડા, તા.મુન્દ્રા<br>(૨) લુઈસ ડ્રેફૂઇસ કંપની ઇન્ડિયા પા.લી. મુ.ભીમાસર તા.અંજાર<br>(૩) અદાણી પાવર લી. મુ.ટુંડા તા.મુન્દ્રા<br>(૪) નોબલ નેચરલ રીસોસીસ ઇન્ડિયા લી. મુ.ભીમાસર તા.અંજાર<br>**ઉક્ત એકમો સામે કરેલ કાર્યવાહીની વિગતો**<br>(૧) સંબંધિત એકમોને શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧–૦૩–૧૯૯૫નાં ઠરાવ અનુસાર સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા અંગેની જોગવાઇઓનું |

ધ્યાન દોરતા પત્રો પાઠવેલ છે.

(૨) સ્થાનિક સત્તાતંત્ર દ્વારા બેઠક યોજી ઠરાવની જોગવાઇઓનું પાલન સુચારૂ રીતે કરવા માટે વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે.

(૩) સ્થાનિક રોજગારી નિયત ટકાવારી ન જાળવતા એકમોની યાદી જીલ્લા કક્ષાએથી રોજગાર કચેરી દ્વારા સબંધિત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા વાણીજ્ય વેરા કચેરીને જરૂરી કાર્યવાહી સારૂ મોકલવામાં આવેલ છે.

(૪) રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા છેલ્લા બે વર્ષમાં (વર્ષ-૨૦૧૭ અને ૨૦૧૮) રાજ્યમાં સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમોની જુન-૨૦૧૭ અંતિતની યાદી તા.૨૫-૯-૧૭ના પત્રથી, ડીસેમ્બર-૨૦૧૭ અંતિતની યાદી તા.૧૪-૦૨-૨૦૧૮ના પત્રથી, જુન-૨૦૧૮ અંતિતની યાદી તા.૨૭-૦૯-૨૦૧૮ના પત્રથી અને ડીસેમ્બર-૨૦૧૮ની અંતિતની યાદી તા.૨૫-૦૩-૨૦૧૯ના પત્રથી યાદી પૈકીના એકમો સામે જરૂરી કાર્યવાહી સારૂ ઉદ્યોગ કમિશ્નરની કચેરી, ગાંધીનગરને મોકલી આપવામાં આવેલ છે.

(૫) સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે રોજગાર ભરતી મેળા (જોબફેર)નું આયોજન કરી સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

| | |
|---|---|
| (૩) ૮૫ ટકા સ્થાનિક લોકોને રોજગારી આપવાના નિયમનો કડક અમલ થાય તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરી ? | (૩) ખંડ-(૨) ના જવાબમાં જણાવ્યાનુસાર કાર્યવાહી કરવામાં આવેલ છે. |

---------

**વલસાડ જિલ્લામાં બાકી હક્ક પત્રક નોંધો**

૧૬૬૯૦ **શ્રી ભરતભાઇ પટેલ** (વલસાડ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં ઈ-ધરા કેન્દ્રોમાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૨૭૧૧ |
| (૨) ઉક્ત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે ? | (૨) તા.૨-૭-૧૯ની સ્થિતિએ ઉક્ત તમામ બાકી નોંધોનો નિકાલ કરવામાં આવેલ છે. |

---------

**ગુલમહોર ગ્રીન્સ ગોલ્ફ એન્ડ કન્ટ્રી ક્લબ દ્વારા જમીન પર કરેલ દબાણ**

૧૭૯૮૬ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં આવેલા ગુલમહોર ગ્રીન્સ ગોલ્ફ એન્ડ કંન્ટ્રી ક્લબના માલિક દ્વારા ખરાબા અને પડતર જમીન ઉપર દબાણ કરેલ અને રસ્તાઓ બંધ કરી દીધા હોવાની ફરિયાદ અન્વયે ડીસ્ટ્રીક્ટ ઈન્સપેક્ટર લેન્ડ રેકર્ડ પાસે માપણી કરીને તા.૨૦-૦૮-૨૦૧૮ના રોજ અભિપ્રાય માંગેલ તે હકીકત સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ અભિપ્રાય મળેલ છે કે કેમ, અને | (૨) ના જી |
| (૩) ઉક્ત અભિપ્રાયમાં કયા પ્રકારના દબાણો કર્યાનું | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

સામે આવેલ?

---------

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગાર**

૧૮૦૧૭ **શ્રી શીવાભાઇ ભુરીયા** (દિયોદર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર કુલ કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગાર નોંધાયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, ઉક્ત જિલ્લાઓમાં તાલુકાવાર કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારોને સરકારી નોકરી પૂરી પાડવામાં આવી, અને

(૩) ઉક્ત બાકી બેરોજગારોને રોજગારી મળી રહે તે માટે શું કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| જિલ્લો | નોંધાયેલ બેરોજગારો | | કુલ |
|---|---|---|---|
| | શિક્ષિત | અર્ધશિક્ષિત | |
| બનાસકાંઠા | ૧૪૫૬૨ | ૨૬૫ | **૧૪૮૨૭** |

(૨) સામેલ **પત્રક 'અ' તથા 'બ'** મુજબ

(૩) આ અંગે નોકરીદાતાઓની માંગણી મુજબ ઉમેદવારોની ભલામણ ઉપરાંત ઔદ્યોગિક ભરતીમેળા અને લશ્કરી ભરતીમેળાઓનું આયોજન કરવામાં આવે છે, તેમજ સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કરિયર કોર્નરના વર્ગો દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે.

**પત્રક-અ**

**તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, તાલુકાવાર શિક્ષિત અને અર્ધ શિક્ષિત બેરોજગારોને પુરી પાડવામાં આવેલ સરકારી નોકરી**

**બનાસકાંઠા જિલ્લો**

| ક્રમ | તાલુકાનું નામ | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | | | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
| ૧ | પાલનપુર | ૩૨૭ | ૦ | ૩૨૭ | ૫૫ | ૦ | ૫૫ |
| ૨ | અમીરગઢ | ૧૨ | ૦ | ૧૨ | ૫ | ૦ | ૫ |
| ૩ | વડગામ | ૧૧૫ | ૦ | ૧૧૫ | ૩૯ | ૦ | ૩૯ |
| ૪ | ડીસા | ૯૧ | ૦ | ૯૧ | ૩૫ | ૦ | ૩૫ |
| ૫ | કાંકરેજ | ૩૨ | ૦ | ૩૨ | ૨૬ | ૦ | ૨૬ |
| ૬ | દિયોદર | ૧૯ | ૦ | ૧૯ | ૧૬ | ૦ | ૧૬ |
| ૭ | ભાભર | ૧૧ | ૦ | ૧૧ | ૩ | ૦ | ૩ |
| ૮ | વાવ | ૧૯ | ૦ | ૧૯ | ૬ | ૦ | ૬ |
| ૯ | થરાદ | ૧૫ | ૦ | ૧૫ | ૧૫ | ૦ | ૧૫ |
| ૧૦ | ધાનેરા | ૨૫ | ૦ | ૨૫ | ૧૨ | ૦ | ૧૨ |
| ૧૧ | દાંતીવાડા | ૨૨ | ૦ | ૨૨ | ૫ | ૦ | ૫ |
| ૧૨ | દાંતા | ૧૯ | ૦ | ૧૯ | ૩૫ | ૦ | ૩૫ |
| ૧૩ | સુઇગામ | ૬ | ૦ | ૬ | ૪ | ૦ | ૪ |
| ૧૪ | લાખણી | ૧૨ | ૦ | ૧૨ | ૮ | ૦ | ૮ |
| | **કુલ** | **૭૨૫** | **૦** | **૭૨૫** | **૨૬૪** | **૦** | **૨૬૪** |

**પત્રક-બ**

**તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, તાલુકાવાર શિક્ષિત અને અર્ધ શિક્ષિત બેરોજગારોને પુરી પાડવામાં આવેલ સરકારી નોકરી**

**કચ્છ જિલ્લો**

| ક્રમ | તાલુકાનું નામ | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | | | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | શિક્ષિત | અર્ધ શિક્ષિત | કુલ | શિક્ષિત | અર્ધ શિક્ષિત | કુલ |
| ૧ | ભુજ | ૯ | ૧૫ | ૨૪ | ૧ | ૦ | ૧ |
| ૨ | ભચાઉ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૩ | રાપર | ૩ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ |
| ૪ | ગાંધીધામ | ૩ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ |
| ૫ | અંજાર | ૬ | ૦ | ૬ | ૦ | ૦ | ૦ |
| ૬ | મુન્દ્રા | ૨ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ |
| ૭ | માંડવી | ૬ | ૦ | ૬ | ૦ | ૦ | ૦ |
| ૮ | લખપત | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૯ | અબડાસા | ૧૩ | ૦ | ૧૩ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | નખત્રાણા | ૩ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૪૫** | **૧૫** | **૬૦** | **૨** | **૦** | **૨** |

---------

**ભરૂચ જિલ્લામાં આગની ઘટનાથી કામદારોના મોત**

૧૮૦૦૨ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં દહેજ ખાતે આવેલ મેઘમણી ઓર્ગેનિક કંપનીના યુનિટમાં આગની ઘટના માર્ચ–૨૦૧૯માં બનેલ તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત આગની ઘટનામાં કેટલા કામદારોના મોત નિપજ્યા છે, અને કેટલા કામદારો ગંભીર રીતે ઘવાયા છે, | (૨) ૫ કામદારોના મોત નિપજેલ છે.<br>૫ કામદારો ગંભીર રીતે ઘવાયા છે. |
| (૩) ઉકત આગ લાગવાના કારણો શા હતા, અને | (૩) કારખાનાના સાયપર મેપ્થીન (ટેકનીકલ) પ્લાન્ટમાં ગોઠવેલ રીએકટર વેસલમાંથી હેકઝેન નામના સોલવન્ટ સાથેનો જથ્થો બહાર પ્રસરતાં તેને સ્પાર્ક મળતા આગ લાગેલ. |
| (૪) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ જવાબદારો સામે શાં પગલાં લેવામાં આવ્યા ? | (૪) સદરહુ કારખાનામાં આગ લાગેલ સાયપર મેપ્થીન પ્લાન્ટને મનાઈ હુકમ આપી બંધ કરાવેલ છે તથા કારખાનાના કબ્જેદાર સામે સલામતીની જોગવાઈના ભંગ બદલ કારખાના ધારા હેઠળ નામદાર કોર્ટમાં કેસ દાખલ કરેલ છે. |

---------

**ભરૂચ જિલ્લામાં સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન**

૧૭૯૯૮ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ ભરૂચ જીલ્લામાં આવેલ (૧) રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. ગંધાર કોમ્પલેક્ષ દહેજ, (૨) એવરેસ્ટ ઈન્ડસ્ટ્રીઝ લી. દહેજ (૩) ઓએનજીસી અંકલેશ્વર અને (૪) પેટ્રોનેટ એલ એન જી લી. શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧–૦૩–૧૯૯૫ ઠરાવની જોગવાઈ મુજબ સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન કરતા હોવીની હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લીધાં? | (૨)<br>(૧) સંબંધિત એકમોને શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧–૦૩–૧૯૯૫ના ઠરાવ અનુસાર સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા અંગેની જોગવાઈનું ધ્યાન દોરતા પત્રો પાઠવેલ છે.<br>(૨) ઠરાવનો ભંગ કરતા એકમો સાથે સ્થાનિક સત્તાતંત્ર દ્વારા બેઠક યોજી ઠરાવની જોગવાઈઓનું પાલન સુચારૂ રીતે કરવા માટે વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે.<br>(૩) સ્થાનિક રોજગારી નિયત ટકાવારી ન જાળવાતા |

એકમોની યાદી જીલ્લા કક્ષાએથી રોજગાર કચેરી દ્વારા સંબંધિત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા વાણીજ્ય વેરા કચેરીને જરૂરી કાર્યવાહી સારૂ મોકલવામાં આવેલ છે.

(૪) રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા છેલ્લા બે વર્ષમાં (વર્ષ–૨૦૧૭ અને ૨૦૧૮) રાજ્યમાં સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમોની જુન–૨૦૧૭ અંતિતની યાદી તા.૨૫–૦૯–૨૦૧૭ના પત્રથી, ડીસેમ્બર–૨૦૧૭ અંતિતની યાદી તા.૧૪–૦૨–૨૦૧૮ના પત્રથી, જુન–૨૦૧૮ અંતિતની યાદી તા.૨૭–૦૯–૨૦૧૮ના પત્રથી અને ડીસેમ્બર–૨૦૧૮ અંતિતની યાદી તા.૨૫–૦૩–૨૦૧૯ના પત્રથી યાદી પૈકીના એકમો સામે જરૂરી કાર્યવાહી સારૂ ઉદ્યોગ કમિશ્નરની કચેરી, ગાંધીનગરને મોકલી આપવામાં આવેલ છે.

(૫) સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે રોજગાર ભરતી મેળા (જોબફેર)નું આયોજન કરી સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

---------

**રાજ્યમાં આવેલા વાયુ વાવાઝોડા અંગે ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન મંડળ દ્વારા કાર્યવાહી**

૧૮૭૦૨ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય ડિઝાસ્ટર મેનેજમેન્ટ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં જૂન, ૨૦૧૯માં આવેલ વાયુ વાવાઝોડા અંગેની જાણકારી મેળવ્યા બાદ ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન મંડળ દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી હતી,

(૨) ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન મંડળ દ્વારા વાયુ વાવાઝોડાને પહોંચી વળવા કંઈ રીતે મદદ કરવામાં આવી હતી,

**જવાબ**

(૧) તા.૧૦–૦૬–૨૦૧૯ના રોજ અતિ ભારે વાયુ વાવાઝોડું અરબી સમુદ્રમાં આવી રહ્યું છે અને વેરાવળથી અંદાજે ૩૦૦ કિ.મી. દુર છે અને તેનાથી સૌરાષ્ટ્ર અને પોરબંદર સુધીના દરિયાકાંઠા તેમજ આજુબાજુના તમામ જિલ્લા ઉપર વ્યાપક અસર થવાની છે અને તેનાથી જાનમાલનું નુકશાન થવાનું છે તેવી જાણ થતાં, GSDMA દ્વારા તા.૧૦–૦૬–૨૦૧૯ના રોજ પત્ર/ફેક્સ તેમજ ફોન પર, તમામ સંબંધિત અધિકારીશ્રીઓ સાથે ચર્ચા–વિચારણા કરવામાં આવી હતી અને તે અંતર્ગત સત્વરે પગલાં લેવા જણાવ્યું હતું.

(૨) ૧. IMD એ ''વાયુ વાવાઝોડા''ની ચેતવણી આપતાં તેની તમામ સંબંધિત અધિકારીશ્રીઓને જાણ કરવામાં આવી.

૨. તમામ જિલ્લા પ્રોજેક્ટ ઓફિસર (DPO)ને જિલ્લા કંટ્રોલરુમ (DEOC)ખાતે હાજર રહેવા જણાવવામાં આવ્યું.

૩. આપદા મિત્રોને તેમના સ્થળે હાજર રહેવા જણાવવામાં આવ્યું.

૪. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC) ખાતે ક્રાઈસીસ મેનેજમેન્ટ ગૃપની બેઠક તાત્કાલિક ધોરણે યોજવામાં આવી.

૫. ક્રાઇસીસ મેનેજમેન્ટ ગૃપની બેઠક બાદ તુર્તજ મુખ્ય સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી તેમજ મુખ્ય કારોબારી અધિકારીશ્રી,ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળએ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, જિલ્લા કલેક્ટરશ્રીઓ અને જિલ્લા પોલીસ વડાઓ તેમજ પોલીસ કમિશ્નરશ્રીઓ સાથે વિડીયો કોન્ફરન્સથી ''વાયુ વાવાઝોડા'' અંગેની ચેતવણી આપી તેમજ તેને પહોંચી

વળવા યોગ્ય માર્ગદર્શન આપ્યું.
૬. ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા ઈન્સીડન્સ રીસ્પોન્સ સીસ્ટમને કાર્યરત કરવામાં આવેલ. જે અંતર્ગત એન.ડી.એમ. એક્ટ,૨૦૦૫ની જોગવાઈ હેઠળ તુર્તજ રાજ્ય કક્ષાએ Incident Commander તરીકે અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગે કામગીરી સંભાળી અને જિલ્લા કક્ષાએ કલેક્ટરશ્રીઓએ કામગીરી સંભાળી.
૭. સંભવિત આફત સાથે મદદરુપ થવા MPCS તૈયાર કરવામાં આવ્યા હતા.
૮. જિલ્લા પ્રોજેક્ટ ઓફિસર (DPO) અને આપદા મિત્રોની સહાયથી સ્થળાંતર કરવામાં આવેલ હતું.
૯. હવામાન વિભાગ, ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ હવામાનના અહેવાલને ધ્યાનમાં લઈને, ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા બાયસેગની મદદ લઈને વાવાઝોડાની સંભવિત દિશા જાણીને સૌથી વધુ નુકશાન થવાની શક્યતા ધરાવતા તટીય વિસ્તારોમાંથી લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું.
૧૦. હવામાન વિભાગ, ભારત સરકાર અને અન્ય ખાનગી તથા વિશ્વ સ્તરિય સંસ્થાઓ દ્વારા વાવાઝોડાની દિશા અને ઝડપ જાણીને માન. મુખ્યમંત્રીશ્રી અને માન.મુખ્ય સચિવશ્રીને તેમજ રાજ્યના Crisis Management Group અવગત કરવામાં આવતા હતા, જેથી કરીને તે બાબતે યોગ્ય વિચારણા બાદ રાજ્યના હિતમાં જરૂરી નિર્ણયો લઈ શકાય.
૧૧. જીએસડીએમએ દ્વારા પ્રિન્ટ અને ઈલેક્ટોનિક મિડિયાથી લોકોને વાવાઝોડાથી હોનારત ન સર્જાય તે માટે શું કરવુ અને શું ના કરવુ તે અંગેની સમજ આપવામાં આવી હતી. તેમજ વાવાઝોડા અંગેની વર્તમાન પરિસ્થિતિથી લોકોને વાકેફ કરવામાં આવેલ.
૧૨. રાજ્યના દરિયા કિનારાના જિલ્લાઓના ડિસ્ટ્રીક પ્રોજેક્ટ ઓફિસરોને જે તે જિલ્લાના તંત્ર સાથે ૨૪ કલાક હાજર રહેવા સંકલન કરવા તથા સહાયતા કરવા માટે જણાવવામાં આવ્યું હતું.
૧૩. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર ખાતે જીએસડીએમએના અધિકારીશ્રીઓ/કર્મચારીઓને ૨૪ કલાક શિફ્ટ વાઈઝ હાજર રહેવાના આદેશ કરવામાં આવ્યા હતા. હવામાન વિભાગ દ્વારા આપવામાં આવતા બુલિટિનમાં દર્શાવેલ મેસેજ એકત્રીત કરીને હાજર રહેલ ઉચ્ચ અધિકારીશ્રીઓના માર્ગદર્શન હેઠળ કામગીરી કરેલ હતી. જેથી સંદેશા વ્યવહારમાં કોઈ અડચણ ઉભી ન થાય.
૧૪. જીએસડીએમએ દ્વારા રાજ્યના તમામ જિલ્લાના કલેક્ટરશ્રીઓ અને મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓને ફાળવવામાં આવેલ સેટેલાઈટ ફોન ઉપર દર કલાકે તેઓના સેટેલાઈટ ફોન ચાલુ હાલત છે કેમ તેની ચકાસણી કરવામાં આવેલ હતી.
૧૫. Gujarat Institute of Amateur Radioની મદદથી જીએસડીએમએ દ્વારા SEOC ખાતે આપાતકાલિન પરિસ્થિતિમાં મદદરુપ થઈ શકે તે હેતુથી વ્યવસ્થા કરવામાં આવી હતી.

| | |
|---|---|
| | ૧૬. જીએસડીએમએ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન અંતર્ગત સરકારના વિવિધ વિભાગોને વાવાઝોડા માટે માનક કાર્ય પધ્ધતિ (Standard Operating Procedure) ની જાણકારી આપવામાં આવેલ હતી.<br>૧૭. હવામાન વિભાગ દ્વારા વાવાઝોડાની સ્થિતિ અંગેની પળેપળની અદ્યતન માહિતી મેળવીને મિડિયાને જાણ કરવામાં આવતી હતી. જેથી કરીને જાહેર જનતાને વાવાઝોડાથી બચવા અંગેની સાચી માહિતી મળી શકે. |
| (૩) વાયુ વાવાઝોડા દરમિયાન સાયકલોન સેન્ટરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો કે કેમ, અને | (૩) હા |
| (૪) વાયુ વાવાઝોડાને પહોંચી વળવા રાજ્યમાં કેટલા આપદા મિત્રોની તાલીમ અપાઈ હતી? | (૪) ગુજરાતના તમામ જિલ્લાઓમાંથી કુલ ૧૬૮૩ સ્વયંસેવકોની પસંદગી કરવામાં આવી છે તેમજ તેઓને તરણ અંગેની તાલીમ, શોધ અને બચાવ તથા પ્રાથમિક સારવારની તાલીમ પણ આપવામાં આવેલ છે, ''વાય''ની બચાવ કામગીરી અંતર્ગત આપદા મિત્રોએ લોકોને તટીય જિલ્લાઓમાંથી સાયકલોન શેલ્ટર, શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મિક સ્થાનો, જેવા સલામતી સ્થળોએ સ્થળાંતર કરવામાં મદદરુપ થયેલ હતા. |

---------

## ગાંધીનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના

૧૬૬૮૮ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વિકસતિ જાતિની કન્યાઓની સાઇકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૯૭૨૬ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૯૫૩૦ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી ? | (૩) ૯૫૩૦ |

---------

## વડોદરા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના

૧૬૬૩૦ **શ્રીમતી સીમાબેન મોહીલે** (અકોટા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૬૯૧ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૬૭૯ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ.૬૭.૯૦ લાખ |

---------

**ખેડા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના**

૧૬૬૮૧ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯માં વિકસતી જાતિની કન્યાઓની સાઇકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૧૧૦૪૩ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને | (૨) ૧૧૦૪૩ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી ? | (૩) ૧૧૦૪૩ |

---------

**આણંદ અને અમદાવાદ જિલ્લામાં રેવન્યુ ઈન્સ્પેક્શન કમિશ્નર દ્વારા તપાસ બાબત**

૧૮૪૩૨ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને અમદાવાદ જિલ્લામાં રેવન્યુ ઈન્સ્પેક્શન કમિશ્નર દ્વારા કેટલી કચેરીમાં કેટલીવાર તપાસ કરવામાં આવી,

**જવાબ**

(૧) **આણંદ જિલ્લો**

| તપાસણી કરેલ કચેરીનું નામ | કેટલીવાર તપાસણી કરી |
|---|---|
| કલેક્ટર કચેરી, આણંદ વર્ષ–૦૯/૨૦૧૭, ૫/૨૦૧૯ | ૨ |
| પ્રાંત કચેરી, બોરસદ વર્ષ– ૬/૨૦૧૭ | ૧ |
| પ્રાંત કચેરી, આણંદ વર્ષ– ૧/૨૦૧૮ | ૧ |
| પ્રાંત કચેરી, પેટલાદ વર્ષ– ૦૫/૨૦૧૮ | ૧ |
| મામલતદાર કચેરી, સોજીત્રા વર્ષ– ૦૫/૨૦૧૮ | ૧ |
| મામલતદાર કચેરી, આંકલાવ વર્ષ– ૧/૨૦૧૮ | ૧ |
| મામલતદાર કચેરી, પેટલાદ વર્ષ– ૧/૨૦૧૮ | ૧ |
| મામલતદાર કચેરી, આણંદ(શ) વર્ષ– ૦૬/૨૦૧૭ | ૧ |
| જિલ્લા પંચાયત કચેરી, આણંદ વર્ષ–૦૯/૨૦૧૭, ૫/૨૦૧૯ | ૨ |
| તાલુકા પંચાયત કચેરી, આંકલાવ વર્ષ– ૦૧/૨૦૧૮ | ૧ |
| તાલુકા પંચાયત કચેરી, પેટલાદ વર્ષ– ૧/૨૦૧૮ | ૧ |
| **કુલ** | **૧૩** |

**અમદાવાદ જિલ્લો**

| તપાસણી કરેલ કચેરીનું નામ | કેટલીવાર તપાસણી કરી |
|---|---|
| પ્રાંત કચેરી, ધંધુકા વર્ષ– ૯/૨૦૧૭ | ૧ |
| પ્રાંત કચેરી, ધોળકા વર્ષ– ૧૦/૨૦૧૭ | ૧ |
| પ્રાંત કચેરી, દશક્રોઈ વર્ષ– ૦૭/૨૦૧૭ | ૧ |
| બિનખેતી એકમ કલેક્ટર કચેરી અમદાવાદ વર્ષ– ૦૩/૨૦૧૮ | ૧ |
| ખાસ જમીન સંપાદન અધિકારી ઓએનજીસી અમદાવાદ વર્ષ– ૦૨/૨૦૧૯ | ૧ |
| મામલતદાર કચેરી, ધંધુકા વર્ષ– ૨/૨૦૧૮ | ૧ |
| તાલુકા પંચાયત કચેરી, ધંધુકા વર્ષ– ૨/૨૦૧૮ | ૧ |
| **કુલ** | **૭** |

(૨) ઉક્ત ઈન્સ્પેક્શન દરમિયાન મુખ્યત્વે કઈ બાબતોની તપાસ કરવામાં આવી,

(૨) ઈન્સ્પેક્શન દરમ્યાન મહેસૂલ તપાસણી કમિશનરશ્રીની કચેરી દ્વારા મહેસૂલી તથા પંચાયત કચેરીઓની નિયત થયેલ પ્રશ્નાવલીમાં જણાવેલ બાબતોની તપાસ કરવામાં આવી જેની વિગત આ સાથે સામેલ પરિશિષ્ટ–૧ થી ૧૦માં દર્શાવેલ છે.

(૩) ઈન્સ્પેક્શનમાં કેટલી કચેરીમાં કેટલા પ્રકારની

(૩) આણંદ જિલ્લામાં કલેક્ટર કચેરી–૨, પ્રાંત

| | |
|---|---|
| ગેરરીતિ–ક્ષતિઓ ધ્યાને આવી, અને | કચેરી–૩, મામલતદાર કચેરી–૪, જિલ્લા પંચાયત કચેરી–૨ તથા તાલુકા પંચાયત કચેરી–૦૨ મળી કુલ ૧૩ કચેરી તેમજ અમદાવાદ જિલ્લામાં પ્રાંત કચેરી–૩, બિનખેતી એકમ કલેક્ટર કચેરી–૧, ખાસ જમીન સંપાદન અધિકારી ઓએનજીસી કચેરી–૧ મામલતદાર કચેરી–૧, તાલુકા પંચાયત કચેરી–૦૧ મળી કુલ–૭ કચેરીની તપાસણી કરવામાં આવેલી છે.<br>તપાસણી દરમ્યાન વહિવટી ક્ષતિઓ, કેસના નિકાલની કામગીરીમાં વિલંબ તથા કાર્યપધ્ધતિમાં થયેલ સામાન્ય ત્રુટી–ક્ષતિયુક્ત કાર્યવાહી કરવામાં આવતી હોવાની બાબત ધ્યાનમાં આવેલ છે. |
| (૪) તે અન્વયે શાં પગલાં ભરવામાં આવ્યાં? | (૪) ૧. ક્ષતિઓ અન્વયે વહીવટી બાબતોમાં જરૂરી સુધારાઓ કરવાની સૂચનાઓ આપવામાં આવે છે.<br>૨. નિયત કાર્યવાહી ક્ષતિ માટે ભવિષ્યમાં કાળજી લેવાની સૂચનાઓ આપવામાં આવે છે.<br>૩. ક્ષતિ નોંધના મુદ્દાઓની પુર્તતા સંબંધિત કચેરી દ્વારા કરાતાં પારા ચકાસણી કરી નિકાલ ગણવામાં આવે છે. બાકી રહેલ પુર્તતા માટે કલેક્ટરશ્રી તથા પ્રાંત અધિકારીશ્રીઓને અર્ધ સરકારી પત્રો દ્વારા પ્રસંગોપાત ધ્યાન દોરવામાં આવે છે. તેમજ મેમોરીડીંગ વખતે જરૂરી સૂચનાઓ/માર્ગ દર્શન આપવામાં આવે છે. |

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**રાજકોટ જિલ્લામાં રોજગાર વિનિમય કચેરી દ્વારા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન**

૧૬૫૯૦ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૪૧ |
| (૨) ઉક્ત સ્થિતિએ આ ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી? | (૨) ૧૧૬૪૨ |

---------

**વડોદરા જિલ્લામાં બાકી હક્ક પત્રક નોંધો**

૧૬૭૧૨ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડિયા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૮૭૯૩ |
| (૨) ઉક્ત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) તા.૨૪–૦૬–૨૦૧૯ની સ્થિતિએ ઉપરોક્ત તમામ નોંધોનો નિકાલ કરવામાં આવેલ છે. |

---------

**છોટાઉદેપુર જિલ્લામાં શ્રમયોગીઓના સંતાનોને ઉચ્ચ શિક્ષણ સહાય**

૧૭૯૨૦ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલા શ્રમયોગીઓ નોંધાયેલ છે,

(૧)

| તાલુકાનું નામ | નોંધાયેલ શ્રમિકો |
|---|---|
| છોટાઉદેપુર | ૩૬૨૦ |
| પાવી જેતપુર | ૨૮૧૩ |

| | |
|---|---|
| બોડેલી | ૧૧૩૦ |
| સંખેડા | ૨૭૨૭ |
| નસવાડી | ૯૬૦ |
| કવાંટ | ૨૩૭૭ |

(૨) શ્રમયોગીઓના સંતાનોને ઉચ્ચ શિક્ષણ માટે કેટલી સહાય આપવામાં આવે છે,

(૨) **પત્રક–અ** મુજબ

(૩) ઉક્ત સ્થિતિએ જેતપુર પાવી તાલુકાના કેટલા શ્રમયોગીના સંતાનોને સહાય આપવાની માંગણી પડતર છે, અને

(૩) ૧૪૫

(૪) ઉક્ત પડતર રહેલ માંગણીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

(૪) ઉક્ત પડતર અરજીઓનો હાલની તારીખે નિકાલ થયેલ છે.

**પત્રક–અ**

| અભ્યાસક્રમ | અભ્યાસ સહાયની રકમ રૂ. | હોસ્ટેલ સહાય રૂ. | પુસ્તક સહાય રૂ. |
|---|---|---|---|
| ડીપ્લોમાં કોર્ષ (૧) ડીપ્લોમાં એન્જીનીયર (૨)ANM નર્સીંગ (૩) GNM નર્સીંગ (૪)PGDCA | ૫૦૦૦ | ૨૫૦૦ | ૩૦૦૦ |
| ડીગ્રીકોર્ષ (૧)બી.બી.એ (૨)બી.કોમ (૩)બી.એ. (૪)બી.એસ.સી (૫)એલ.એલ.બી (૬)બી.સી.એ (૭)બી.એડ | ૧૦૦૦૦ | ૫૦૦૦ | – |
| પી.જી.કોર્ષ (૧)એમ.એ.(૨)એમ.કોમ (૩)એમ.એડ. (૪)એમ.એસ.સી (૫)M.S.W (૬)L.L.M (૭)M.C.A. (૮)M.B.A | ૧૫૦૦૦ | ૫૦૦૦ | – |
| (૧) B.P.T(બેચરલ ઓફ ફીઝીયોથેરાપી)<br>(૨) M.P.T(માસ્ટર ઓફ ફીઝીયોથેરાપી)<br>(૩) B.V.Sc(બેચરલ ઓફ વેટરનરી સાયન્સ)<br>(૪) હોમિયોપેથી (૫) આયુર્વેદ (૬) ફાર્મસી<br>(૭) બી.એસ.સી, નર્સીંગ | ૧૫૦૦૦ | ૫૦૦૦ | ૫૦૦૦ |
| મેડીકલ (૧)M.B.B.S (૨)BDS (બેચરલ ઓફ ડેન્ટલ સર્જરી) (૩)M.D.ડોક્ટર ઓફ મેડીસીન (૪)M.D.S (માસ્ટર ઓફ ડેન્ટલ સર્જરી)<br>(૫)M.S (માસ્ટર ઓફ સર્જરી) | ૨૫૦૦૦ | ૫૦૦૦ | ૧૦૦૦૦ |
| એન્જીનીયરીંગ (૧)B.E. (૨)M.E (૩)M.TECH (૪)આઈ.આઈ.ટી | ૨૫૦૦૦ | ૫૦૦૦ | ૫૦૦૦ |
| (૧)પી.એચ.ડી. (૨)એમ.ફીલ (એક વખત ઉચ્ચક) | ૨૫૦૦૦ | – | – |

---------

**નવસારી જિલ્લા રોજગારી કચેરી દ્વારા સ્વરોજગાર શિબિરોનું આયોજન**

૧૬૫૮૭ **શ્રી પિયુષભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ નવસારી જિલ્લા રોજગાર કચેરી દ્વારા છેલ્લા એક વર્ષમાં કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને

(૧) ૨૪

(૨) ઉક્ત શિબિરોમાં કેટલા ઉમેદવારો હાજર રહ્યાં હતા?

(૨) ૩૩૦૨

---------

**વડોદરા જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના**

૧૬૬૩૧ **શ્રી શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના અન્વયે તા.૦૧–૦૪–૨૦૧૮ થી તા.૩૧–૦૩–

(૧) ૩૮૦

૨૦૧૯ દરમિયાન કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને — (૨) ૩૧૩

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવી? — (૩) રૂ.૧૭,૮૨,૫૯૩/-

---------

**અમદાવાદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના**

૧૬૬૨૧ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૨૭૫૫ |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૭૩૪ |
| (૩) ઉકત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૨૭૩.૪૦ લાખ. |

---------

**કચ્છ જિલ્લામાં બાકી હક્ક પત્રક નોંધો**

૧૬૬૯૮ **શ્રીમતી માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ઈ-ધરા કેન્દ્રોમાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૯૨૬૯ |
| (૨) ઉકત બાકી નોંધોનો નિકાલ કયારે કરવામાં આવશે? | (૨) તમામ બાકી નોંધોનો સત્વરે નિકાલ કરવામાં આવશે. |

---------

**તાપી જિલ્લામાં રોજગારી માટે નાગરીકોનું સ્થળાંતર**

૧૭૯૯૫ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય શ્રમ અન રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ તાપી જિલ્લાના નિઝર, કુકરમુડા, ઉચ્છલ અને સોનગઢ તાલુકામાંથી રોજગારી માટે નાગરીકો સ્થળાંતર કરે છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત તાલુકાઓમાં સ્થાનિક રોજગારી મળી રહે તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લેવામાં આવ્યા, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, વર્ષવાર ઉક્ત તાલુકાવાર કેટલા સ્થાનિકોને રોજગારી પૂરી પાડવામાં આવી ? | (૩) |

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **સ્થાનિકોને રોજગારી** | |
|---|---|---|---|
| | | **વર્ષ ૨૦૧૭** | **વર્ષ ૨૦૧૮** |
| ૧ | નિઝર | ૦ | ૦ |
| ૨ | કુકરમુડા | ૦ | ૦ |
| ૩ | ઉચ્છલ | ૬૨ | ૬૩ |
| ૪ | સોનગઢ | ૧૦૦૦ | ૧૦૨૪ |
| | **કુલ રોજગારી** | ૧૦૬૨ | ૧૦૮૭ |

---------

## ગીર–સોમનાથ જિલ્લામાં જમીન ભાડે અથવા વેચાણથી આપવા બાબત

૧૭૯૬૧ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગીર–સોમનાથ જિલ્લામાં તાલુકાવાર સરકારી પડતર, ખરાબા અને ગૌચરની કેટલી જમીન ભાડે અથવા વેચાણ આપવાના હુકમો કરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ભાડે અથવા વેચાણ આપેલ જમીનમાં હેતુફેર ઉપયોગ થવા અંગેની કેટલી ફરીયાદો સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ ફરીયાદો સંદર્ભે શા પગલાં ભરવામાં આવ્યા?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | વેચાણથી આપેલ જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.) | ભાડેથી આપેલ જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|---|---|
| ૧ | વેરાવળ | ૧૦૦૨૬ | ૯૬૦ |
| ૨ | તાલાલા | ૧૫૭૧૦ | ૦૦ |
| ૩ | સુત્રાપાડા | ૪૦૪ | ૦૦ |
| ૪ | કોડીનાર | ૨૨૨૨ | ૨૫૦ |
| ૫ | ઉના | ૫૮૮૦ | ૦૦ |
| ૬ | ગીર ગઢડા | ૨૯૮૯.૨૨ | ૮૦૯૪ |
| | **કુલ** | **૩૭૨૩૧.૨૨** | **૯૩૦૪** |

(૨) શૂન્ય

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## મહેસાણા જિલ્લામાં બાકી હક્ક પત્રક નોંધો

૧૬૭૦૫ **શ્રી ઋષિકેશ પટેલ** (વિસનગર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને

(૨) ઉકત બાકી નોંધોનો નિકાલ કયારે કરવામાં આવશે?

**જવાબ**

(૧) ૧૭૪૬૧

(૨) બાકી નોંધોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે.

---------

## બનાસકાંઠા અને રાજકોટ જિલ્લામાં આવાસોનું બાંધકામ

૧૮૬૧૫ **શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને રાજકોટ જિલ્લામાં ગ્રામ ગૃહ નિર્માણની કઈ યોજનાઓ હેઠળ કેટલા આવાસો બાંધવામાં આવ્યા છે, અને

(૨) ઉકત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને રાજકોટ જિલ્લામાં સરદાર આવાસ યોજના–૧ અને સરદાર આવાસ યોજના–૨ હેઠળ કોઈ લક્ષ્યાંક ફાળવેલ નથી. પરંતુ સ્પીલ ઓવરના કુલ ૨૦૯૩ (૧૯૬૪+૧૨૯) મકાનો નીચે મુજબ પૂર્ણ કરવામાં આવ્યા છે.

| યોજનાનું નામ | બનાસકાંઠા | રાજકોટ |
|---|---|---|
| સરદાર આવાસ યોજના–૧ | ૨૪૧ | ૬૭ |
| સરદાર આવાસ યોજના–૨ | ૧૭૨૩ | ૬૨ |
| **કુલ** | **૧૯૬૪** | **૧૨૯** |

(૨) ઉકત સ્થિતિએ તે માટે નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો છે.

| યોજનાનું નામ | બનાસકાંઠા (ખર્ચ રૂ.લાખમાં) | રાજકોટ (ખર્ચ રૂ.લાખમાં) |
|---|---|---|
| સરદાર આવાસ યોજના–૧ | ૧૦૮.૪૫ | ૭૦.૭૯ |
| સરદાર આવાસ યોજના–૨ | ૬૮૯.૨૦ | ૫૪.૩૯ |
| **કુલ** | **૭૯૭.૬૫** | **૧૨૫.૧૮** |

---------

**ભરૂચ જિલ્લામાં આગની ઘટનાથી કામદારોના મોત**

૧૭૮૯૨ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં દહેજ ખાતે આવેલ મેઘમણી ઓર્ગેનિક કંપનીના સાયપર મેપ્થીન પ્લાન્ટમાં આગની ઘટના માર્ચ–૨૦૧૯માં બનેલ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉકત આગની ઘટનામાં કેટલા કામદારોના મોત નિપજ્યા છે, અને કેટલા કામદારો ગંભીર રીતે ઘવાયા છે,

(૩) ઉકત આગ લાગવાના કારણો શા હતા, અને

(૪) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ જવાબદારો સામે શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૫ કામદારોના મોત નિપજેલ છે.
૫ કામદારો ગંભીર રીતે ઘવાયેલ છે.

(૩) કારખાનાના સાયપર મેપ્થીન (ટેકનીકલ) પ્લાન્ટમાં ગોઠવેલ રીએકટર વેસલમાંથી હેકઝેન નામના સોલવન્ટ સાથેનો જથ્થો બહાર પ્રસરતાં તેને સ્પાર્ક મળતા આગ લાગેલ.

(૪) સદરહુ કારખાનામાં આગ લાગેલ સાયપર મેપ્રીન પ્લાન્ટને મનાઈ હુકમ આપી બંધ કરાવેલ છે તથા કારખાનાના કબ્જેદાર સામે સલામતીની જોગવાઈના ભંગ બદલ કારખાના ધારા હેઠળ નામદાર કોર્ટમાં કેસ દાખલ કરેલ છે.

---------

**જૂનાગઢ અને જામનગર જિલ્લામાં જમીન ભાડે અથવા વેચાણથી આપવા બાબત**

૧૭૯૬૩ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જૂનાગઢ અને જામનગર જિલ્લામાં તાલુકાવાર સરકારી પડતર, ખરાબા અને ગૌચરની કેટલી જમીન ભાડે અથવા વેચાણ આપવાના હુકમો કરવામાં આવ્યા,

(૨) ઉકત સ્થિતિએ ભાડે અથવા વેચાણ આપેલ જમીનમાં હેતુફેર ઉપયોગ થવા અંગેની કેટલી ફરીયાદો સરકારને મળેલ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જૂનાગઢ અને જામનગર જિલ્લામાં તાલુકાવાર સરકારી પડતર, ખરાબા અને ગૌચરની ભાડે અથવા વેચાણ આપેલ જમીનની વિગતો નીચે મુજબ છે.

| જિલ્લો | તાલુકા | જમીન ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|---|
| જૂનાગઢ | જૂનાગઢ શહેર | ૫૫૭.૫૪ |
| | જૂનાગઢ ગ્રામ્ય | ૨૦૦ |
| | ભેંસાણ | ૧,૨૦૦ |
| | વિસાવદર | ૫,૩૦૪ |
| | વંથલી | ૦ |
| | માણાવદર | ૫,૩૦૪ |
| | કેશોદ | ૧,૪૫૪ |
| | માંગરોળ | ૭૦,૫૦૦ |
| | મેંદરડા | ૫,૩૫૨ |
| | માળીયા હાટીના | ૪,૪૪૪ |
| જામનગર | જામનગર | ૫,૨૪,૪૩૭ |
| | જોડીયા | ૩,૫૦,૩૬,૩૯૩ |
| | જામજોધપુર | ૨૬,૬૭,૩૯૩ |
| | લાલપુર | ૨૫,૪૦૦ |
| | ધ્રોલ | ૧,૬૦,૫૬૨ |

(૨) કોઈ ફરીયાદ મળેલ નથી.

| | |
|---|---|
| (૩) ઉક્ત મળેલ ફરીયાદો સંદર્ભે શા પગલાં ભરવામાં આવ્યા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ગાંધીનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના**

૧૬૬૮૭ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર દક્ષિણ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વિકસતી જાતિની કન્યાઓની સાઇકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૯૭૨૬ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૯૫૩૦ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી ? | (૩) ૯૫૩૦ |

---------

**ધોલેરા સરમાં ટીપી એકટ મુજબ જંત્રી વસુલવા બાબત**

૧૭૮૮૯ **શ્રી રાજેશકુમાર ગોહીલ** (ધંધુકા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ ધોલેરા સરમાં આવતી ખેતીની જમીનના દસ્તાવેજોમાં જંત્રી મુજબના બદલે ટીપી એકટ મુજબ જંત્રી વસુલવામાં આવતી હોવાના કારણે ભાઇઓ વચ્ચે ભાગની વહેંચણી તથા ખેડૂતથી ખેડૂતના વેચાણ દસ્તાવેજમાં સ્ટેમ્પ ડયુટી ભરવી પડે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત ફરીયાદ નિવારવા છેલ્લા બે વર્ષમાં શા પગલાં લેવામાં આવ્યા, અને | (૨) ASR 2011 ની ગાઈડ લાઇનના મુદ્દા ૧ મુજબ મિલકતની બજાર કિંમત નક્કી કરી સ્ટેમ્પ ડયુટી વસુલ કરવામાં આવે છે. અને તે મુજબ પક્ષકાર સ્ટેમ્પ ડયુટી ભરવા તૈયાર ન હોય તો દસ્તાવેજ પરત્વે ગુજરાત સ્ટેમ્પ એકટ ૧૯૫૮ની જોગવાઈઓ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. |
| (૩) જંત્રી મુજબ સ્ટેમ્પ ડયુટી વસુલવામાં આવે તેના માટે શું આયોજન કરવામાં આવેલ છે ? | (૩) ASR 2011 જંત્રીમાં થયેલ જોગવાઈ મુજબ બજાર કિંમત નક્કી કરી તે મુજબ સ્ટેમ્પ ડયુટી વસુલાતની કાર્યવાહી કરવામાં આવે છે. |

---------

**ભરૂચ જિલ્લામાં આગની ઘટનાથી કામદારોના મોત**

૧૮૦૦૦ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં દહેજ ખાતે આવેલ મેઘમણી ઓર્ગેનિક કંપનીના સાયપર મેપ્થીન પ્લાન્ટમાં આગની ઘટના માર્ચ–૨૦૧૯માં બનેલ તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત આગની ઘટનામાં કેટલા કામદારોના મોત નિપજ્યા છે, અને કેટલા કામદારો ગંભીર રીતે ઘવાયા છે, | (૨) ૫ કામદારોના મોત નિપજેલ છે.<br>૫ કામદારો ગંભીર રીતે ઘવાયા છે. |

| | |
|---|---|
| (૩) ઉક્ત આગ લાગવાના કારણો શા હતા, અને | (૩) કારખાનાના સાયપર મેપ્થીન (ટેકનીકલ) પ્લાન્ટમાં ગોઠવેલ રીએક્ટર વેસલમાંથી હેક્ઝેન નામના સોલવન્ટ સાથેનો જથ્થો બહાર પ્રસરતાં તેને સ્પાર્ક મળતા આગ લાગેલ. |
| (૪) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ જવાબદારો સામે શાં પગલાં લેવામાં આવ્યા? | (૪) સદરહુ કારખાનામાં આગ લાગેલ સાયપર મેપ્થીન પ્લાન્ટને મનાઈ હુકમ આપી બંધ કરાવેલ છે તથા કારખાનાના કબ્જેદાર સામે સલામતીની જોગવાઈના ભંગ બદલ કારખાનાધારા હેઠળ નામદાર કોર્ટમાં કેસ દાખલ કરેલ છે. |

---------

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઢોરવાડા શરૂ કરવા માટે અરજીઓ**

૧૭૯૬૭ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળીયા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ દુષ્કાળ વર્ષ ૨૦૧૮-૧૯માં અછતગ્રસ્ત જાહેર કરાયેલ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર ઢોરવાડા (કેટલ કેમ્પ) શરૂ કરવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) શૂન્ય |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ પડતર છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત અરજીઓ નામંજૂર કરવાના કારણો શા છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના**

૧૬૬૭૬ **શ્રી ધનજીભાઈ પટેલ** (વઢવાણ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯માં વિકસતી જાતિની કન્યાઓની સાઇકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૫૨૬૯ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૫૨૬૯ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી? | (૩) ૫૨૬૯ |

---------

**સાબરકાંઠા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના**

૧૬૬૬૧ **શ્રી હિતુ કનોડીયા** (ઈડર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિ યોજના અન્વયે તા.૦૧-૦૪-૨૦૧૮ થી તા.૩૧-૦૩-૨૦૧૯ દરમિયાન કેટલી અરજીઓ મળી, | (૧) ૫૪૦ |
| (૨) ઉક્ત પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૫૪૦ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૩) ૬,૦૫,૫૦૦/- |

---------

**મહેસાણા જિલ્લામાં પ્રિ–મેટ્રીક શિષ્યવૃત્તિની યોજના**

૧૬૬૭૩ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં પ્રિ–મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ કેટલા વિદ્યાર્થીઓની દરખાસ્ત મળી, | (૧) ૨,૪૧,૫૨૮ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨,૪૧,૫૨૮ |
| (૩) ઉક્ત સ્થિતિએ શિષ્યવૃત્તિની કેટલી રકમ વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવી? | (૩) રૂ.૩૦,૦૬,૩૭,૭૫૦/– |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના**

૧૬૬૭૫ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯માં વિકસતી જાતિની કન્યાઓની સાઇકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૫૨૬૯ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૫૨૬૯ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી? | (૩) ૫૨૬૯ |

---------

**જામનગર જિલ્લામાં સંતસુરદાસ યોજના**

૧૬૬૩૫ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જામનગર જિલ્લામાં સંતસુરદાસ યોજના અન્વયે તા.૦૧–૦૪–૨૦૧૮ થી તા.૩૧–૦૩–૨૦૧૯ દરમિયાન કેટલી અરજીઓ મળી, | (૧) ૮૧ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૭૨ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ.૨,૯૧,૦૦૦/– |

---------

**સુરત જિલ્લામાં સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન**

૧૭૯૯૭ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ સુરત જીલ્લામાં આવેલ (૧) એલ. એન્ડ ટી સ્પેશીયલ સ્ટેલ એન્ડ હેવી ફોરજીન પ્રા.લી. (૨) ઓએનજીસી, હજીરા પ્લાન્ટ (૩) ગેઈલ ઈન્ડિયા લી., હજીરા અને (૪) હિન્દુસ્તાન પેટ્રોલીયમ | (૧) હા, જી. |

કોર્પોરેશન, હજીરા, શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧-૦૩-૧૯૯૫ના ઠરાવની જોગવાઈ મુજબ સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન કરતા હોવાની હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લીધાં?

(૨)
(૧) સંબંધિત એકમોને શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧-૦૩-૧૯૯૫ ના ઠરાવ અનુસાર સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા અંગેની જોગવાઈનું ધ્યાન દોરતા પત્રો પાઠવેલ છે.
(૨) સ્થાનિક સત્તાતંત્ર દ્વારા બેઠક યોજી ઠરાવની જોગવાઈઓનું પાલન સુચારૂ રીતે કરવા માટે વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે.
(૩) સ્થાનિક રોજગારી નિયત ટકાવારી ન જાળવાતા એકમોની યાદી જીલ્લા કક્ષાએથી રોજગાર કચેરી દ્વારા સંબંધિત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા વાણીજ્ય વેરા કચેરીને જરૂરી કાર્યવાહી સારૂ મોકલવામાં આવેલ છે.
(૪) રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા છેલ્લા બે વર્ષમાં (વર્ષ-૨૦૧૭ અને ૨૦૧૮) રાજ્યમાં સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમોની જુન-૨૦૧૭ અંતિતની યાદી તા.૨૫-૦૯-૨૦૧૭ના પત્રથી, ડીસેમ્બર-૨૦૧૭ અંતિતની યાદી તા.૧૪-૦૨-૨૦૧૮ના પત્રથી, જુન-૨૦૧૮ અંતિતની યાદી તા.૨૭-૦૯-૨૦૧૮ના પત્રથી અને ડીસેમ્બર-૨૦૧૮ અંતિતની યાદી તા.૨૫-૦૩-૨૦૧૯ના પત્રથી યાદી પૈકીના એકમો સામે જરૂરી કાર્યવાહી સારૂ ઉદ્યોગ કમિશ્નરની કચેરી, ગાંધીનગરને મોકલી આપવામાં આવેલ છે.
(૫) સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે રોજગાર ભરતી મેળા (જોબફેર)નું આયોજન કરી, સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

---------

## પંચમહાલ જિલ્લામાં પશુ દવાખાનામાં મંજૂર મહેકમ

૧૮૬૧૧ **શ્રી જેઠાભાઈ ભરવાડ** (શહેરા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર પશુ દવાખાનમાં મંજૂર મહેકમ કેટલું છે,

(૧)

| અ.ન. | તાલુકાનું નામ | પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ મંજુર મહેકમ | ડ્રેસર વર્ગ-૪ મંજુર મહેકમ | પટ્ટાવાળા/ એટેન્ડન્ટ/ એટેન્ડન્ટ કમ ડ્રેસર વર્ગ-૪ મંજુર મહેકમ |
|---|---|---|---|---|
| ૧ | ગોધરા | ૪ | ૧ | ૨ |
| ૨ | મોરવાહડફ | ૩ | ૨ | ૨ |
| ૩ | શહેરા | ૫ | ૨ | ૪ |
| ૪ | કાલોલ | ૩ | ૧ | ૨ |
| ૫ | હાલોલ | ૩ | ૨ | ૩ |
| ૬ | જાંબુઘોડા | ૦ | ૧ | ૨ |
| ૭ | ઘોઘંબા | ૧ | ૦ | ૧ |

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ક્યારથી

(૨) પત્રક-૧ મુજબ

ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે?

(૩) પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ની જગ્યાઓ શક્ય તેટલી ઝડપથી ભરવામાં આવશે. જ્યારે ડ્રેસર, પટ્ટાવાળા/એટેન્ડન્ટ/એટેન્ડન્ટ કમ ડ્રેસર વર્ગ–૪ની જગ્યાઓ જિલ્લા પંચાયત દ્વારા આઉટ સોર્સીંગથી ભરવામાં આવે છે.

**પત્રક–૧**

| સંવર્ગનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | ખાલી જગ્યાની વિગત | કેટલા સમયથી ખાલી |
|---|---|---|---|
| પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ | ૬ | (૧) પશુદવાખાના, નંદીસર તા.ગોધરા | તા.૧૧–૦૮–૨૦૧૭ |
| | | (૨) પશુદવાખાના, મોરા તા.મોરવાહડફ | તા.૧૭–૧૦–૨૦૧૭ |
| | | (૩) પશુદવાખાના, મંગલીયાણા, તા.શહેરા | તા.૧૮–૧૦–૨૦૧૭ |
| | | (૪) પશુદવાખાના, ધામણોદ તા.શહેરા | તા.૦૮–૦૩–૨૦૧૯ |
| | | (૫) પશુદવાખાના, અડાદરા તા,કાલોલ | તા.૦૧–૧૨–૨૦૧૪ |
| | | (૬) પશુદવાખાના, હાલોલ તા.હાલોલ | તા.૧૨–૧૦–૨૦૧૮ |
| ડ્રેસર વર્ગ–૪ | ૧ | (૧) પશુદવાખાના, કથોલા તા.હાલોલ | તા.૨૫–૧૦–૨૦૧૭ |
| પટાવાળા/એટેન્ડન્ટ/ એટેન્ડન્ટ કમ ડ્રેસર વર્ગ–૪ | ૮ | (૧) પશુદવાખાના, ગોધરા તા.ગોધરા | તા.૨૮–૦૩–૨૦૧૭ |
| | | (૨) પશુદવાખાના, ગોધરા તા.ગોધરા | તા.૩૧–૦૩–૨૦૧૭ |
| | | (૩) પશુદવાખાના, શહેરા તા.શહેરા | તા.૩૦–૦૬–૨૦૦૧ |
| | | (૪) પશુદવાખાના, શહેરા તા.શહેરા | તા.૩૦–૦૬–૨૦૦૧ |
| | | (૫) પશુદવાખાના, કાલોલ તા.કાલોલ | તા.૩૦–૦૬–૨૦૦૬ |
| | | (૬) પશુદવાખાના, હાલોલ તા.હાલોલ | તા.૦૧–૦૮–૨૦૦૧ |
| | | (૭) પશુદવાખાના, ઘોઘંબા તા.ઘોઘંબા | તા.૦૧–૦૭–૨૦૧૩ |
| | | (૮) પશુદવાખાના, જાંબુઘોડા તા.જાંબુઘોડા | તા.૦૮–૦૧–૧૯૯૮ |

---------

## વડોદરા જિલ્લામાં રબર પ્લાન્ટમાં આગ લાગતાં કામદારોના મૃત્યુ

૧૮૦૦૭ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ વડોદરા જીલ્લાના ધનોરા ગામ ખાતે આવેલ રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના પોલી બ્યુટાડાઈન રબરના પ્લાન્ટમાં આગ લાગતા નવેમ્બર–૨૦૧૮માં ૩ કામદારોના મૃત્યુ થયેલ તે હકીકત સાચી છે,

(૧) હા જી

(૨) જો હા, તો ઉક્ત ઘટનામાં મૃત્યુ પામેલ કામદારોના વારસદારોને કામદાર વળતર ધારા અને કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ કેટલી રકમની સહાય ઉક્ત સ્થિતિએ ચુકવવામાં આવી,

(૨) સદર કારખાનું કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ આવરી લેવાયેલ ન હોઈ ઉક્ત ઘટનામાં મૃત્યુ પામેલ કામદારોના વારસદારોને તે હેઠળ કોઈ સહાય ચુકવાયેલ નથી કે ચુકવવાપાત્ર નથી પરંતુ કામદાર વળતર ધારા હેઠળ કામદારોના વારસદારોને કુલ રૂા.૨૧,૨૧,૨૦૦/– વળતર ચુકવાયેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત સહાય ચુકવવામાં ન આવી હોય તો તેના કારણો શા છે, અને

(૩) લાગુ પડતું નથી.

(૪) ઉક્ત બાકી સહાય ક્યાં સુધીમાં ચુકવવામાં આવશે?

(૪) લાગુ પડતું નથી.

---------

## ખેડા જિલ્લામાં ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના

૧૬૬૪૫ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ

(૧) ૧૪

મળી,

| | |
|---|---|
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૧૪<br>રૂ.૧૦,૦૦,૦૦૦/- |
| (૩) ઉકત યોજનામાં યુગલ દીઠ કેટલી સહાય ચૂકવવામાં આવે છે ? | (૩) રૂ.૧,૦૦,૦૦૦/- |

---------

**પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં પરકોલેટીંગ વેલ બનાવવા બાબત**

૧૭૯૦૭ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ બિનખેતી પરવાનગી આપતી વખતે જમીનના પાણીનું તળ જાળવી રાખવા પ્લોટ વાઇઝ ફરજીયાત પરકોલેટીંગ વેલ બનાવવાની જોગવાઇ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં થયેલા બિનખેતીના હુકમો પૈકી કેટલામાં પરકોલેટીંગ વેલ બનાવવામાં આવેલ છે અને કેટલામાં બાકી છે, અને | (૨) |

| જિલ્લો | પરકોલેટીંગ વેલ બનાવેલ હોય કેસ | પરકોલેટીંગ વેલ ન બનાવેલ હોય કેસ |
|---|---|---|
| પાટણ | ૫ | ૩૪૬ |
| બનાસકાંઠા | ૦ | ૬૫૮ |

| | |
|---|---|
| (૩) ઉક્ત પરકોલેટીંગ વેલ ના બનાવવાના બદલ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલા કિસ્સામાં શા પગલાં લીધાં ? | (૩) બિનખેતી પરવાનગી મેળવ્યા બાદ બાંધકામ ૩(ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાનું હોય છે. જેથી બાંધકામની મુદત પૂર્ણ થાય ત્યાં સુધીમાં પરકોલેટીંગ વેલ બનાવવામાં નહીં આવે તો નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

---------

**આણંદ જિલ્લામાં પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિની યોજના**

૧૬૬૬૮ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ કેટલા વિદ્યાર્થીઓની દરખાસ્ત મળી, | (૧) ૨,૩૮,૫૫૪ |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨,૩૮,૫૫૪ |
| (૩) ઉકત સ્થિતિએ શિષ્યવૃત્તિની કેટલી રકમ વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૧૬,૧૪,૨૯,૭૫૦/- |

---------

**ગાંધીનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના**

૧૬૬૧૦ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વિકસતી જાતિની કન્યાઓની સાઇકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૯૭૨૬ |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૯૫૩૦ |
| (૩) ઉકત સ્થિતિએ કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી ? | (૩) ૯૫૩૦ |

---------

**દાહોદ જિલ્લામાં નોંધાયેલ શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગાર**

૧૭૮૯૬ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત તાલુકાવાર કેટલા બેરોજગારોને રોજગારી પૂરી પાડવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ પૂરી પાડવામાં આવેલ રોજગારી પૈકી કેટલાને ખાનગી અને કેટલાને સરકારી રોજગારી પૂરી પાડવામાં આવી ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | નોંધાયેલ બેરોજગારો | | કુલ |
|---|---|---|---|---|
| | | શિક્ષિત | અર્ધશિક્ષિત | |
| ૧ | દાહોદ | ૨૯૪૧ | ૨૧ | ૨૯૬૨ |
| ૨ | લીમખેડા | ૮૩૭ | ૧૦ | ૮૪૭ |
| ૩ | ધાનપુર | ૩૬૧ | ૨ | ૩૬૩ |
| ૪ | ગરબાડા | ૧૦૨૬ | ૧ | ૧૦૨૭ |
| ૫ | ઝાલોદ | ૨૦૧૬ | ૬ | ૨૦૨૨ |
| ૬ | ફતેપુરા | ૧૦૨૫ | ૪ | ૧૦૨૯ |
| ૭ | દેવગઢ બારીયા | ૭૯૧ | ૫ | ૭૯૬ |
| ૮ | સંજેલી | ૪૯૦ | ૧ | ૪૯૧ |
| ૯ | સિંગવડ | ૨૭૦ | ૦ | ૨૭૦ |

(૨) સામેલ **પત્રક 'અ'** મુજબ

**પત્રક-અ**

| ક્રમ | તાલુકાનું નામ | તા.૦૧/૦૬/ ૨૦૧૭ થી તા.૩૧/૦૫/ ૨૦૧૮ | તા.૦૧/૦૬/ ૨૦૧૮ થી તા.૩૧/૦૫/ ૨૦૧૯ |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૧૨૦૪ | ૯૯૭ |
| ૨ | લીમખેડા | ૨૩૬ | ૨૫૫ |
| ૩ | ધાનપુર | ૬૪ | ૫૮ |
| ૪ | ગરબાડા | ૨૩૮ | ૧૪૩ |
(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, કેટલા બેરોજગારોને રોજગારી પૂરી પાડવામાં આવી, અને

(૨) સામેલ **પત્રક 'અ'** મુજબ

(૩) તે પૈકી જિલ્લાવાર, વર્ષવાર કેટલાને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી પૂરી પાડવામાં આવી?

(૩) સામેલ **પત્રક 'બ'** મુજબ

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**વલસાડ અને ડાંગ જિલ્લામાં બોર ઉંડા કરવાની મર્યાદા બાબત**

૧૮૬૨૭ **શ્રી જીતુભાઈ ચૌધરી** (કપરાડા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ વલસાડ

**જવાબ**

(૧) હા,જી.

| | |
|---|---|
| અને ડાંગ જિલ્લામાં પીવાના પાણી માટેના બોર ચોક્કસ ફુટ/મીટર ઉંડા કરવાની મર્યાદા નક્કી કરવામાં આવેલ છે કે કેમ, | તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ વલસાડ અને ડાંગ જીલ્લામાં પીવાના પાણી માટેના બોર ૯૦ મીટર સુધી ઉંડા કરવાની મર્યાદા નક્કી કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો ઉક્ત મર્યાદા ક્યારથી અમલમાં છે, અને | (૨) ઉક્ત મર્યાદા તા.૦૯-૧૦-૧૯૯૦ થી અમલમાં છે. |
| (૩) તેમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવેલ? | (૩) આ મર્યાદામાં કોઈ વધારો કરવામાં આવેલ નથી. |

---------

## સુરત જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના

૧૬૬૬૬ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લિંબાયત) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિ યોજના અન્વયે તા.૦૧-૦૪-૨૦૧૮ થી તા.૩૧-૦૩-૨૦૧૯ દરમિયાન કેટલી અરજીઓ મળી, | (૧) ૧૪૧૧ |
| (૨) ઉક્ત પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૪૧૧ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૩) ૧૬,૩૯,૨૫૦/- |

---------

## વડોદરા જિલ્લામાં રબર પ્લાન્ટમાં આગ લાગતાં કામદારોના મૃત્યુ

૧૮૦૦૫ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ વડોદરા જીલ્લાના ઘનોરા ગામ ખાતે આવેલ રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના પોલી બ્યુટાડાઈન રબરના પ્લાન્ટમાં આગ લાગતા નવેમ્નબર-૨૦૧૮માં ૩ કામદારોના મૃત્યુ થયેલ તે હકીકત સાચી છે, | (૧) હા જી |
| (૨) જો હા, તો ઉક્ત ઘટનામાં મૃત્યુ પામેલ કામદારોના વારસદારોને કામદાર વળતર ધારા અને કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ કેટલી રકમની સહાય ઉક્ત સ્થિતિએ ચુકવવામાં આવી, | (૨) સદર કારખાનું કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ આવરી લેવાયેલ હોઈ ઉક્ત ઘટનામાં મૃત્યુ પામેલ કામદારોના વારસદારોને તે હેઠળ કોઈ સહાય ચુકવાયેલ નથી કે ચુકવવાપાત્ર નથી પરંતુ કામદાર વળતર ધારા હેઠળ કામદારોના વારસદારોને કુલ રૂા.૨૧,૨૧,૨૦૦/- વળતર ચુકવાયેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત સહાય ચુકવવામાં ન આવી હોય તો તેના કારણો શા છે, અને | (૩) લાગુ પડતું નથી. |
| (૪) ઉક્ત બાકી સહાય ક્યાં સુધીમાં ચુકવવામાં આવશે? | (૪) લાગુ પડતું નથી. |

---------

## તાપી જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના

૧૬૬૨૯ **શ્રી પૂર્ણેશ મોદી** (સુરત-પશ્ચિમ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૪૭ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૪૭ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૪.૭૦ લાખ |

---------

**તાપી જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના**

૧૬૬૨૮ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૪૭ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૪૭ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૪,૭૦,૦૦૦/- |

---------

**સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો**

૧૮૦૨૭ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર કુલ કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગાર નોંધાયેલા છે,

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **નોંધાયેલ બેરોજગારો** | | **કુલ** |
|---|---|---|---|
| | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | |
| સુરેન્દ્રનગર | ૧૦૭૧૧ | ૫૧૬ | ૧૧૨૨૭ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, ઉક્ત જિલ્લાઓમાં તાલુકાવાર કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારોને સરકારી નોકરી પૂરી પાડવામાં આવી, અને

(૨) સામેલ **પત્રક 'અ'** તથા **'બ'** મુજબ

(૩) બાકી બેરોજગારોને રોજગારી મળી રહે તે માટે શું કાર્યવાહી કરવામાં આવી?

(૩) આ અંગે નોકરીદાતાઓની માંગણી મુજબ ઉમેદવારોની ભલામણ ઉપરાંત ઔદ્યોગિક ભરતીમેળા અને લશ્કરી ભરતીમેળાઓનું આયોજન કરવામાં આવે છે, તેમજ સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કરિયર કોર્નરના વર્ગો દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે.

**પત્રક-અ**

**સુરેન્દ્રનગર જિલ્લો**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮** | | | **તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯** | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **શિક્ષિત** | **અર્ધ શિક્ષિત** | **કુલ** | **શિક્ષિત** | **અર્ધ શિક્ષિત** | **કુલ** |
| ૧ | વઢવાણ | ૪૭ | ૦ | ૪૭ | ૧૦ | ૦ | ૧૦ |
| ૨ | ધ્રાંગધ્રા | ૧૮ | ૦ | ૧૮ | ૭ | ૦ | ૭ |
| ૩ | દસાડા | ૫ | ૦ | ૫ | ૨ | ૦ | ૨ |
| ૪ | લખપત | ૭ | ૦ | ૭ | ૨ | ૦ | ૨ |
| ૫ | લીંબડી | ૨૧ | ૦ | ૨૧ | ૭ | ૦ | ૭ |
| ૬ | મુળી | ૧૪ | ૦ | ૧૪ | ૮ | ૦ | ૮ |
| ૭ | ચુડા | ૫ | ૦ | ૫ | ૧૨ | ૦ | ૧૨ |
| ૮ | ચોટીલા | ૩ | ૦ | ૩ | ૧૨ | ૦ | ૧૨ |
| ૯ | સાયલા | ૧ | ૦ | ૧ | ૭ | ૦ | ૭ |
| ૧૦ | થાનગઢ | ૫ | ૦ | ૫ | ૧ | ૦ | ૧ |
| | **કુલ** | **૧૨૬** | **૦** | **૧૨૬** | **૬૮** | **૦** | **૬૮** |

**પત્રક-બ**

**ભાવનગર જિલ્લો**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮** | **તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯** |
|---|---|---|---|

| | | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ભાવનગર | ૩૮ | ૦ | ૩૮ | ૦ | ૦ | ૦ |
| ૨ | પાલીતાણા | ૧૯ | ૦ | ૧૯ | ૦ | ૦ | ૦ |
| ૩ | ગીરાચાધાર | ૫ | ૦ | ૫ | ૦ | ૦ | ૦ |
| ૪ | ઘોઘા | ૯ | ૦ | ૯ | ૦ | ૦ | ૦ |
| ૫ | જેસર | ૧૦ | ૦ | ૧૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | મહુવા | ૧૫ | ૦ | ૧૫ | ૦ | ૦ | ૦ |
| ૭ | શિહોર | ૧૫ | ૦ | ૧૫ | ૦ | ૦ | ૦ |
| ૮ | તળાજા | ૨૭ | ૦ | ૨૭ | ૦ | ૦ | ૦ |
| ૯ | વલ્લભીપુર | ૮ | ૦ | ૮ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | ઉમરાળા | ૪ | ૦ | ૪ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૧૫૦** | **૦** | **૧૫૦** | **૦** | ૦ | **૦** |

---------

**અમદાવાદ અને દાહોદ જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો**

૧૮૦૨૬ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર કુલ કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગાર નોંધાયેલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, ઉક્ત જિલ્લાઓમાં તાલુકાવાર કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારોને સરકારી નોકરી પૂરી પાડવામાં આવી, અને

(૩) ઉક્ત બાકી બેરોજગારોને રોજગારી મળી રહે તે માટે શું કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **નોંધાયેલ બેરોજગારો** | | **કુલ** |
|---|---|---|---|
| | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | |
| અમદાવાદ | ૪૨૩૨૩ | ૪૪૧૨ | ૪૬૭૩૫ |

(૨) સામેલ **પત્રક 'અ'** તથા **'બ'** મુજબ

(૩) આ અંગે નોકરીદાતાઓની માંગણી મુજબ ઉમેદવારોની ભલામણ ઉપરાંત ઔદ્યોગિક ભરતીમેળા અને લશ્કરી ભરતીમેળાઓનું આયોજન કરવામાં આવે છે, તેમજ સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કેરિયર કોર્નરના વર્ગો દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે.

**પત્રક-અ**

**અમદાવાદ જિલ્લો**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮** | | | **તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯** | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | **કુલ** | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | **કુલ** |
| ૧ | દસક્રોઈ | ૨૪ | ૦ | ૨૪ | ૨૩ | ૦ | ૨૩ |
| ૨ | ધોળકા | ૧૦ | ૦ | ૧૦ | ૩ | ૦ | ૩ |
| ૩ | બાવળા | ૪ | ૦ | ૪ | ૫ | ૦ | ૫ |
| ૪ | ધંધુકા | ૪ | ૦ | ૪ | ૦ | ૦ | ૦ |
| ૫ | સાણંદ | ૧૮ | ૦ | ૧૮ | ૯ | ૦ | ૯ |
| ૬ | વિરમગામ | ૨૦ | ૦ | ૨૦ | ૩ | ૦ | ૩ |
| ૭ | માંડલ | ૮ | ૦ | ૮ | ૨ | ૦ | ૨ |
| ૮ | દેત્રોજ | ૫ | ૦ | ૫ | ૦ | ૦ | ૦ |
| ૯ | ધોલેરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | અમદાવાદ શહેર | ૨૦૧ | ૦ | ૨૦૧ | ૭૪ | ૦ | ૭૪ |
| | **કુલ** | **૨૯૪** | **૦** | **૨૯૪** | **૧૧૯** | **૦** | **૧૧૯** |

**પત્રક-બ**

**દાહોદ જિલ્લો**

| ક્રમ | તાલુકાનું નામ | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | | | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
| ૧ | દાહોદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | લીમખેડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | ધાનપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | ગરબાળા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | ઝાલોદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | ફતેપુરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | દેવગઢ બારીયા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | સંજેલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | સિંગવડ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૦** | **૦** | **૦** | **૦** | ૦ | **૦** |

---------

**રાજકોટ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના**

૧૬૬૭૭ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯માં વિકસતી જાતિની કન્યાઓની સાઇકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૭૨૩૦ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૭૨૩૦ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી? | (૩) ૭૨૩૦ |

---------

**કચ્છ જિલ્લામાં સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન**

૧૮૦૩૨ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જીલ્લામાં આવેલ (૧) કોસ્ટલ પાવર લી., ટુંડા (૨) સત્યેશ બ્રાઈન કેમ, હાજીપીર અને (૩) અદાણી પાવર લી., ટુંડા શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧-૦૩-૧૯૯૫ ઠરાવની જોગવાઈ મુજબ સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન કરતા હોવીની હકીકત સાચી છે, અને | (૧) હા, જી.<br>શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧-૦૩-૧૯૯૫ના ઠરાવની જોગવાઈ અન્વયે દર છ માસે જુન અંતિત અને ડીસેમ્બર અંતિત સ્થાનિક રોજગારીની માહિતી એકત્ર કરવામાં આવતી હોઈ, તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતીએ કચ્છ જીલ્લામાં આવેલ ક્રમ નં.(૧) કોસ્ટલ ગુજરાત પાવર લી., ટુંડા (૩) અદાણી પાવર લી., ટુંડા તરફથી મળે માહિતી અનુસાર ૮૫% સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી જળવાતી નથી, જ્યારે ક્રમ નં (૨) સત્યેશ બ્રાઈન કેમ, હાજીપીર જીલ્લા રોજગાર ભુજ (કચ્છ) ખાતે નોંધાયેલ નથી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લીધાં? | (૨)<br>(૧) સંબંધિત એકમોને શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧-૦૩-૧૯૯૫ ના ઠરાવ અનુસાર સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા અંગેની જોગવાઈઓનું ધ્યાન દોરતા પત્રો પાઠવેલ છે.<br>(૨) સ્થાનિક સત્તાતંત્ર દ્વારા બેઠક યોજી ઠરાવની |

જોગવાઇઓનું પાલન સુચારૂ રીતે કરવા માટે વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે.

(૩) સ્થાનિક રોજગારી નિયત ટકાવારી ન જાળવાતા એકમોની યાદી જીલ્લા કક્ષાએથી રોજગાર કચેરી દ્વારા સંબંધિત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા વાણીજ્ય વેરા કચેરીને જરૂરી કાર્યવાહી સારૂ મોકલવામાં આવેલ છે.

(૪) રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા છેલ્લા બે વર્ષમાં (વર્ષ–૨૦૧૭ અને ૨૦૧૮) રાજ્યમાં સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમોની જુન–૨૦૧૭ અંતિતની યાદી તા.૨૫–૦૯–૨૦૧૭ના પત્રથી, ડીસેમ્બર–૨૦૧૭ અંતિતની યાદી તા.૧૪–૦૨–૨૦૧૮ના પત્રથી, જુન–૨૦૧૮ અંતિતની યાદી તા.૨૭–૦૯–૨૦૧૮ના પત્રથી અને ડીસેમ્બર–૨૦૧૮ અંતિતની યાદી તા.૨૫–૦૩–૨૦૧૯ના પત્રથી યાદી પૈકીના એકમો સામે જરૂરી કાર્યવાહી સારૂ ઉદ્યોગ કમિશ્નરની કચેરી, ગાંધીનગરને મોકલી આપવામાં આવેલ છે.

(૫) સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે રોજગાર ભરતી મેળા (જોબફેર)નું આયોજન કરી, સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

---------

## ગાંધીનગર અને છોટાઉદેપુર જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો

૧૮૦૨૫ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ ગાંધીનગર અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર કુલ કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગાર નોંધાયેલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, ઉક્ત જિલ્લાઓમાં તાલુકાવાર કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારોને સરકારી નોકરી પૂરી પાડવામાં આવી, અને

(૩) ઉક્ત બાકી બેરોજગારોને રોજગારી મળી રહે તે માટે શું કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **નોંધાયેલ બેરોજગારો** | | **કુલ** |
|---|---|---|---|
| | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | |
| ગાંધીનગર | ૮૮૭૨ | ૧૩૯૫ | ૧૦૨૬૭ |

(૨) સામેલ **પત્રક 'અ'** તથા **'બ'** મુજબ

(૩) આ અંગે નોકરીદાતાઓની માંગણી મુજબ ઉમેદવારોની ભલામણ ઉપરાંત ઔદ્યોગિક ભરતીમેળા અને લશ્કરી ભરતીમેળાઓનું આયોજન કરવામાં આવે છે, તેમજ સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કેરિયર કોર્નરના વર્ગો દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે.

**પત્રક–અ**

**તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, તાલુકાવાર શિક્ષિત અને અર્ધ શિક્ષિત બેરોજગારોને પુરી પાડવામાં આવેલ સરકારી નોકરી**

**ગાંધીનગર જિલ્લો**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮** | | | **તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯** | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | **કુલ** | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | **કુલ** |
| ૧ | ગાંધીનગર | ૧૦૭ | ૧ | ૧૦૮ | ૧૦૦ | ૦ | ૧૦૦ |
| ૨ | માણસા | ૨૮ | ૦ | ૨૮ | ૯૧ | ૦ | ૯૧ |
| ૩ | દહેગામ | ૧૦ | ૦ | ૧૦ | ૫૩ | ૦ | ૫૩ |
| ૪ | કલોલ | ૬ | ૦ | ૬ | ૭૭ | ૦ | ૭૭ |
| | **કુલ** | **૧૫૧** | **૧** | **૧૫૨** | **૩૨૧** | **૦** | **૩૨૧** |

**પત્રક–બ**

**તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, તાલુકાવાર શિક્ષિત અને અર્ધ શિક્ષિત બેરોજગારોને પુરી પાડવામાં આવેલ સરકારી નોકરી**

**છોટાઉદેપુર જિલ્લો**

| ક્રમ | તાલુકાનું નામ | તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮ | | | તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
| ૧ | સંખેડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | જેતપુર–પાવી | ૨ | ૦ | ૨ | ૩ | ૦ | ૩ |
| ૩ | છોટાઉદેપુર | ૮ | ૦ | ૮ | ૧૩ | ૦ | ૧૩ |
| ૪ | કવાંટ | ૮ | ૦ | ૮ | ૫ | ૦ | ૫ |
| ૫ | નસવાડી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | બોડેલી | ૨ | ૦ | ૨ | ૧ | ૦ | ૧ |
| | **કુલ** | **૨૦** | **૦** | **૨૦** | **૨૨** | ૦ | **૨૨** |

---------

## રાજ્યમાં ૮૫ ટકા સ્થાનિકોને રોજગારી આપવા બાબત

૧૮૦૧૮ **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં આવેલ એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયામાં સ્થાનિકોને ૮૫ ટકા રોજગારી આપવાના પરીપત્રનું પાલન થતું નથી તે ફરીયાદથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત કંપનીઓ સામે શા પગલાં લીધાં?

**જવાબ**

(૧) હા જી.

(૨)

૧. સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા અંગે એકમોનું સરકારશ્રીના તા.૩૧–૩–૧૯૯૫ના ઠરાવની જોગવાઈઓ તરફ ધ્યાન દોરેલ છે.
૨. સ્થાનિક સત્તાતંત્ર દ્વારા બેઠક યોજી ઠરાવની જોગવાઈઓનું પાલન સુચારૂ રીતે કરવા માટે વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે.
૩. નાયબ નિયામક (રોજગાર) દ્વારા દર છ માસે ઉક્ત ઠરાવ અનુસાર સ્થાનિકોની નિયત ટકાવારી ન જાળવતા એકમોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી ઠરાવની સમજૂતી આપીને સ્થાનિકોની ટકાવારી જાળવવા જણાવેલ છે તથા તેમના એકમમાં સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવામાં પડતી મુશ્કેલીની જાણકારી મેળવી તેનું નિરાકરણ કરવા જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ છે.
૪. સ્થાનિક રોજગારીનું પ્રમાણ જાળવે તે માટે નાયબ નિયામક (રોજગાર), પ્રાદેશિક કચેરી દ્વારા સંબંધિત એકમને સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા ધ્યાન દોરતા પત્રો પાઠવેલ છે.

---------

## વડોદરા જિલ્લામાં સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન

૧૮૦૦૩ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ વડોદરા જીલ્લામાં (૧) ઓએનજીસી લિ. મકરપુરા (૨) લાર્સન એન્ડ ટુબ્રો લિ. અણખોલ (૩) ગેસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા અને (૪) ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (ગુજરાત રીફાઈનરી ડીવીઝન) શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧–૦૩–૧૯૯૫ ના ઠરાવની જોગવાઈ મુજબ

**જવાબ**

(૧) હા, જી.

શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧–૦૩–૧૯૯૫ના ઠરાવની જોગવાઈ અન્વયે દર છ માસે જુન અંતિત અને ડીસેમ્બર અંતિત સ્થાનિક રોજગારીની માહિતી એકત્ર કરવામાં આવતી હોઈ, તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતીએ વડોદરા જીલ્લામાં આવેલ ક્રમ નં (૧) ઓએનજીસી લિ.

સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન કરતા હોવાની હકીકત સાચી છે, અને

મકરપુરા (૩) ગેસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા અને (૪) ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (ગુજરાત રીફાઈનરી ડીવીઝન) તરફથી મળેલ માહિતી અનુસાર ૮૫% સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી જળવાતી નથી, જ્યારે ક્રમ નં (૨) લાર્સન એન્ડ ટુબ્રો લિ. અણખોલ તરફથી મળેલ માહિતી અનુસાર ૮૫% સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી જળવાય છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લીધાં?

(૨)
(૧) સંબંધિત એકમોને શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧-૦૩-૧૯૯૫ ના ઠરાવ અનુસાર સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા અંગેની જોગવાઇનું ધ્યાન દોરતા પત્રો પાઠવેલ છે.
(૨) સ્થાનિક સત્તાતંત્ર દ્વારા બેઠક યોજી ઠરાવની જોગવાઇઓનું પાલન સુચારૂ રીતે કરવા માટે વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે.
(૩) સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવાતા એકમોની યાદી જીલ્લા કક્ષાએથી રોજગાર કચેરી દ્વારા સંબંધિત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા વાણીજ્ય વેરા કચેરીને જરૂરી કાર્યવાહી સારૂ મોકલવામાં આવેલ છે.
(૪) રોજગાર અને તાલીમ નિયામકનની કચેરી, ગાંધીનગર દ્વારા છેલ્લા બે વર્ષમાં (વર્ષ-૨૦૧૭ અને ૨૦૧૮) રાજ્યમાં સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમોની જુન-૨૦૧૭ અંતિતની યાદી તા.૨૫-૦૯-૨૦૧૭ના પત્રથી, ડીસેમ્બર-૨૦૧૭ અંતિતની યાદી તા.૧૪-૦૨-૨૦૧૮ની પ૬થી, જુન-૨૦૧૮ અંતિતની યાદી તા.૨૭-૦૯-૨૦૧૮ના પત્રથી અને ડીસેમ્બર-૨૦૧૮ અંતિતની યાદી તા.૨૫-૦૩-૨૦૧૯ના પત્રથી યાદી પૈકીના એકમો સામે જરૂરી કાર્યવાહી સારૂ ઉદ્યોગ કમિશ્નરની કચેરી, ગાંધીનગરને મોકલી આપવામાં આવેલ છે.
(૫) સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે રોજગાર ભરતી મેળા (જોબફેર)નું આયોજન કરી, સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

---------

**ભરૂચ જિલ્લામાં આગની ઘટનાથી કામદારોના મોત**

૧૭૯૯૯ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં દહેજ ખાતે આવેલ મેઘમણી ઓર્ગેનિક કંપનીના સાયપર મેપ્થીન પ્લાન્ટમાં આગની ઘટના માર્ચ-૨૦૧૯માં બનેલ તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત આગની ઘટનામાં કેટલા કામદારોના મોત નિપજ્યા છે, અને કેટલા કામદારો ગંભીર રીતે ઘવાયા, અને | (૨) ૫ કામદારોના મોત નિપજેલ છે.<br>૫ કામદારો ગંભીર રીતે ઘવાયા છે. |
| (૩) ઉક્ત આગ લાગવાના કારણો શા હતા, અને | (૩) કારખાનાના સાયપર મેપ્થીન (ટેકનીકલ) પ્લાન્ટમાં ગોઠવેલ રીએક્ટર વેસલમાંથી હેક્ઝેન નામના સોલવન્ટ સાથેનો જથ્થો બહાર પ્રસરતાં તેને સ્પાર્ક મળતા આગ લાગેલ. |

(૪) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ જવાબદારો સામે શાં પગલાં લેવામાં આવ્યા?

(૪) સદરહુ કારખાનામાં આગ લાગેલ સાયપર મેપ્થીન પ્લાન્ટને મનાઈ હુકમ આપી બંધ કરાવેલ છે તથા કારખાનાના કબ્જેદાર સામે સલામતીની જોગવાઈના ભંગ બદલ કારખાનાધારા હેઠળ નામદાર કોર્ટમાં કેસ દાખલ કરેલ છે.

---------

**ગાંધીનગર જિલ્લામાં બાકી હક્ક પત્રક નોંધો**

૧૬૭૦૭ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં ઈ-ધરા કેન્દ્રોમાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને

(૨) ઉક્ત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે?

**જવાબ**

(૧) ૮૦૪૬

(૨) ઉક્ત બાકી નોંધોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે.

---------

**આણંદ અને ખેડા જિલ્લામાં જમીન રી-સર્વે**

૧૮૪૩૩ **શ્રી અમીતભાઈ ચાવડા** (આંકલાવ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં જમીન રી-સર્વે સંદર્ભે કેટલી ફરીયાદો-રજૂઆતો તાલુકાવાર મળી,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો અને કેટલી પડતર છે, અને

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં જમીન રી-સર્વે સંદર્ભે સરકારને તાલુકાવાર મળેલ ફરિયાદો-રજૂઆતો તથા તે પૈકી નિકાલ કરેલ અને પડતર ફરિયાદોની વિગત નીચે પ્રમાણે છે.

**આણંદ જીલ્લોઃ**

| **તાલુકા** | **મળેલ ફરિયાદો** | **નિકાલ કરેલ ફરિયાદો** | **પડતર ફરિયાદો** |
|---|---|---|---|
| આણંદ | ૧૪૬ | ૧૩૫ | ૧૧ |
| સોજીત્રા | ૬૫ | ૫૬ | ૦૯ |
| તારાપુર | ૮૮ | ૮૩ | ૦૫ |
| ખંભાત | ૩૦૧ | ૨૮૧ | ૨૦ |
| આંકલાવ | ૧૨૯૨ | ૧૨૫૭ | ૩૫ |
| બોરસદ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ઉમરેઠ | ૦૦ | ૦૦ | ૦૦ |
| પેટલાદ | ૦૦ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૧૮૯૨** | **૧૮૧૨** | **૮૦** |

**ખેડા જીલ્લોઃ**

| **તાલુકા** | **મળેલ ફરિયાદો** | **નિકાલ કરેલ ફરિયાદો** | **પડતર ફરિયાદો** |
|---|---|---|---|
| નડીયાદ | ૩૪ | ૧૩ | ૨૧ |
| ખેડા | ૦૯ | ૦૫ | ૦૪ |
| કપડવંજ | ૨૯૫ | ૨૫૪ | ૪૧ |
| ઠાસરા | ૨૧૪ | ૧૯૦ | ૨૪ |
| ગળતેશ્વર | ૧૭૫ | ૧૪૬ | ૨૯ |
| કઠલાલ | ૨૧૧ | ૧૮૩ | ૨૮ |
| મહુધા | ૧૩૯૨ | ૧૩૪૫ | ૪૭ |
| મહેમદાવાદ | ૧૮ | ૧૦ | ૦૮ |
| માતર | ૧૩૫ | ૧૨૨ | ૧૩ |
| વસો | ૦૮ | ૦૭ | ૦૧ |
| **કુલ** | **૨૪૯૧** | **૨૨૭૫** | **૨૧૬** |

(૩) ઉક્ત પડતર ફરિયાદોનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે?

(૩) આણંદ જિલ્લામાં પડતર રહેલ ૮૦ તથા ખેડા જિલ્લામાં પડતર રહેલ ૨૧૬ ફરિયાદો/રજૂઆતોનો સત્વરે નિકાલ કરવામાં આવશે.

---------

## સુરત જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના

૧૬૬૬૭ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિ યોજના અન્વયે તા.૦૧-૦૪-૨૦૧૮ થી તા.૩૧-૦૩-૨૦૧૯ દરમિયાન કેટલી અરજીઓ મળી, | (૧) ૧૪૧૧ |
| (૨) ઉક્ત પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૪૧૧ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) ૧૬,૩૯,૨૫૦/- |

---------

## છોટા ઉદેપુર જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના

૧૮૪૩૧ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટા ઉદેપુર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ સહાય મેળવવા માટેની કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ સુધી મળેલ અરજીઓ | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ સુધી મળેલ અરજીઓ | કુલ મળેલ અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૨૫ | ૧૭ | ૪૨ |
| ૨ | જેતપુર-પાવી | ૩૦ | ૨૨ | ૫૨ |
| ૩ | કવાંટ | ૩૨ | ૨૫ | ૫૭ |
| ૪ | બોડેલી | ૮૮ | ૯૭ | ૧૮૫ |
| ૫ | સંખેડા | ૯૫ | ૪૨ | ૧૩૭ |
| ૬ | નસવાડી | ૩૯ | ૩૮ | ૭૭ |
| | **કુલ** | **૩૦૯** | **૨૪૧** | **૫૫૦** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી,

(૨) મંજૂર-૩૫૫

(૩) ઉક્ત મંજૂર અરજીઓના લાભાર્થીઓને કેટલી સહાય તાલુકાદીઠ ચૂકવવામાં આવી અને કેટલી સહાય કેટલા સમયથી ચૂકવવાની બાકી છે, અને

(૩)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર લાભાર્થીઓને ચૂકવેલ સહાય | મંજૂર લાભાર્થીઓને ચૂકવવાની બાકી સહાય |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૪૮૦૦૦૦ | ૪૦૦૦૦ |
| ૨ | જેતપુર-પાવી | ૯૬૦૦૦૦ | ૦ |
| ૩ | કવાંટ | ૭૪૦૦૦૦ | ૦ |
| ૪ | બોડેલી | ૨૨૮૦૦૦૦ | ૦ |
| ૫ | સંખેડા | ૧૫૦૦૦૦૦ | ૦ |
| ૬ | નસવાડી | ૧૧૦૦૦૦૦ | ૦ |
| | **કુલ** | **૭૦૬૦૦૦૦** | **૪૦૦૦૦** |

ઉક્ત છોટાઉદેપુર તાલુકાના ૨ લાભાર્થીઓની સહાય માહે મે ૨૦૧૯ થી ચુકવવાની બાકી છે.

(૪) ઉક્ત બાકી સહાય કેટલા સમયમાં ચૂકવવામાં આવશે?

(૪) બાકી સહાય તા.૦૧-૦૭-૨૦૧૯ના રોજ ચુકવી આપવામાં આવેલ છે.

---------

**નવસારી જિલ્લામાં બાકી હક્ક પત્રક નોંધો**

૧૬૭૦૨ **શ્રી પિયુષભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નવસારી જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૪૨૨૦ |
| (૨) ઉક્ત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) ઉક્ત બાકી નોંધોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |

---------

**વડોદરા જિલ્લામાં બાકી હક્ક પત્રક નોંધો**

૧૬૭૧૧ **શ્રી શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વડોદરા જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૮૭૯૩ |
| (૨) ઉક્ત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) તા.૨૪–૦૬–૨૦૧૯ની સ્થિતિએ ઉપરોક્ત તમામ નોંધોનો નિકાલ કરવામાં આવેલ છે. |

---------

**અમદાવાદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના**

૧૬૬૭૦ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૧૫૪૦ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી કન્યાઓની અરજીઓ મંજુર કરી, અને | (૨) ૧૫૩૪ |
| (૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ.૧૫૩.૪૦ લાખ |

---------

**તાપી જિલ્લામાં સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન**

૧૭૯૯૬ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લી, કાકરાપાર તા.વ્યારા, જી.તાપી દ્વારા શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧–૩–૧૯૯૫ના ઠરાવની જોગવાઈ મુજબ સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન કરતા હોવાની હકીકત સાચી છે, અને | (૧) હા જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લીધા? | (૨)<br>૧. સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા અંગે એકમોનું સરકારશ્રીના તા.૩૧–૩–૯૫ના ઠરાવની જોગવાઇઓ તરફ ધ્યાન દોરેલ છે.<br>૨. સ્થાનિક સત્તાતંત્ર દ્વારા બેઠક યોજી ઠરાવની જોગવાઇઓનું પાલન સુચારૂ રીતે કરવા માટે વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે.<br>૩. નાયબ નિયામક (રોજગાર) દ્વારા દર છ માસે ઉક્ત ઠરાવ અનુસાર સ્થાનિકોની નિયત ટકાવારી ન જાળવતા એકમોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી |

ઠરાવની સમજૂતી આપીને સ્થાનિકોની ટકાવારી જાળવવા જણાવેલ છે તથા તેમના એકમમાં સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવામાં પડતી મુશ્કેલીની જાણકારી મેળવી તેનું નિરાકરણ કરવા જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ છે.

૪. સ્થાનિક રોજગારીનું પ્રમાણ જાળવે તે માટે નાયબ નિયામક (રોજગાર), પ્રાદેશિક કચેરી દ્વારા સંબંધિત એકમને સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા ધ્યાન દોરતા પત્રો પાઠવેલ છે.

---------

**ગીરસોમનાથ અને નર્મદા જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો**

૧૮૦૧૨ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ ગીરસોમનાથ અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર કુલ કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગાર નોંધાયેલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, ઉક્ત જિલ્લાઓમાં તાલુકાવાર કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારોને સરકારી નોકરી પૂરી પાડવામાં આવી, અને

(૩) ઉક્ત બાકી બેરોજગારોને રોજગારી મળી રહે તે માટે શું કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧)

| જિલ્લો | નોંધાયેલ બેરોજગારો | | કુલ |
|---|---|---|---|
| | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | |
| ગીર સોમનાથ | ૬૬૫૨ | ૧૪૭ | ૬૭૯૯ |

(૨) સામેલ **પત્રક 'અ'** તથા **'બ'** મુજબ

(૩) આ અંગે નોકરીદાતાઓની માંગણી મુજબ ઉમેદવારોની ભલામણ ઉપરાંત ઔદ્યોગિક ભરતીમેળા અને લશ્કરી ભરતીમેળાઓનું આયોજન કરવામાં આવે છે, તેમજ સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કરિયર કોર્નરના વર્ગો દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે.

**પત્રક-અ**

**તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, તાલુકાવાર શિક્ષિત અને અર્ધ શિક્ષિત બેરોજગારોને પુરી પાડવામાં આવેલ સરકારી નોકરી**

**ગીર સોમનાથ જિલ્લો**

| ક્રમ | તાલુકાનું નામ | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | | | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | **કુલ** | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | **કુલ** |
| ૧ | વેરાવળ | ૫ | ૦ | ૫ | ૩૪ | ૦ | ૩૪ |
| ૨ | કોડીનાર | ૧૫ | ૦ | ૧૫ | ૪૨ | ૦ | ૪૨ |
| ૩ | સુત્રાપાડા | ૨ | ૦ | ૨ | ૧૬ | ૦ | ૧૬ |
| ૪ | ઉના | ૧૨ | ૦ | ૧૨ | ૩૧ | ૦ | ૩૧ |
| ૫ | તાલાલા | ૫ | ૦ | ૫ | ૧૬ | ૦ | ૧૬ |
| ૬ | ગીર ગઢડા | ૭ | ૦ | ૭ | ૭ | ૦ | ૭ |
| | **કુલ** | **૪૬** | **૦** | **૪૬** | **૧૪૬** | **૦** | **૧૪૬** |

**પત્રક-બ**

**તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, તાલુકાવાર શિક્ષિત અને અર્ધ શિક્ષિત બેરોજગારોને પુરી પાડવામાં આવેલ સરકારી નોકરી**

**નર્મદા જિલ્લો**

| ક્રમ | તાલુકાનું નામ | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | | | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | **કુલ** | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | **કુલ** |
| ૧ | નાંદોદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | તિલકવાડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | ગરૂડેશ્વર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | દેડિયાપાડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | સાગબારા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| કુલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

---------

**ભરૂચ જિલ્લામાં સંપાદન થયા વગરની જમીનના રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી**

૧૭૮૯૩ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ ભરૂચ કસબાના સીવીલ હોસ્પિટલ માટે સંપાદન થયેલા ૩૦ ગુંઠા જમીનના બદલે ખેડૂત ખાતેદારની કૂલ જમીનના રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી પડેલ છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો ઉક્ત સંપાદન થયા વગરની જમીનમાં જે એન્ટ્રી પડેલ છે તે ક્ષતિ દૂર કરવા છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધા, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી ક્ષતિઓ દૂર કરવામાં આવી અને કેટલી બાકી છે, તો બાકી ક્ષતિઓ કેટલા સમયમાં દૂર કરવામાં આવશે?

**જવાબ**

(૧) હા જી

(૨) મોજે.કણબીવગા, તા.જિ.ભરૂચના સર્વે નંબર–૫૪/૨ની કૂલ ક્ષેત્રફળ હે. ૧–૫૧–૭૬ ચો.મી. પુરે પુરી જમીન સંપાદન કરવામાં આવેલ હોઈ, ક્ષતિ દૂર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ગીર અભ્યારણ્યની સરહદના ગામો તથા નેસના પ્રાણીઓને રસીકરણ**

૧૮૦૫૫ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગીર અભ્યારણ્ય વિસ્તારની સરહદે આવેલ ગામો તથા નેસના પ્રાણીઓને એફએમડી રસીકરણ હેઠળ આવરી લેવા અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી ગાંધીનગરે પશુપાલન નિયામકશ્રીને ઓક્ટોબર–૨૦૧૬માં આદેશ કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત આદેશ અન્વયે તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ કેટલા ગામોના નેસના પ્રાણીઓને એફએમડી રસીકરણ કરવામાં આવ્યું,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલાનું રસીકરણ કરવાનું બાકી છે, અને

(૪) બાકી કામગીરી ક્યાં સુધીમાં કરવામાં આવશે?

**જવાબ**

(૧) ના, જી

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ગાંધીનગર જિલ્લામાં બાકી હક્ક પત્રક નોંધો**

૧૬૭૧૩ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર દક્ષિણ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને

(૨) ઉકત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે?

**જવાબ**

(૧) ૮૦૪૬

(૨) ઉકત બાકી નોંધોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે.

---------

**અમદાવાદ જિલ્લામાં હક્ક કમી કરવામાં સ્ટેમ્પ ડયુટી**

૧૭૮૯૦ **શ્રી રાજેશકુમાર ગોહીલ** (ધંધુકા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ સીટી સર્વેમાં આવતી મીલ્કતમાં વારસાઈ હક્ક નામ દાખલ થયા

**જવાબ**

(૧) હા, જી.

વારસાઈ અંગે સીધી લીટીના વારસદારો વચ્ચે

બાદ હક્ક કમી કરવામાં સ્ટેમ્પ ડયુટી વસુલવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

થતા હક્ક કમીના દસ્તાવેજમાં રૂ.૧૦૦/– લેખે સ્ટેમ્પ ડયુટી વસુલવામાં આવેલ છે.

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ જિલ્લામાં સ્ટેમ્પ ડયુટી પેટે કેટલી આવક થઈ ?

(૨)

| વર્ષ | આવક થયેલ રકમ |
|---|---|
| ૨૦૧૭–૧૮ | રૂ.૧,૬૮,૨૦૦/– |
| ૨૦૧૮–૧૯ | રૂ.૧,૩૯,૪૦૦/– |

---------

**ઉમરપાડા તાલુકામાં પ્રવાસન સ્થળ વિકસાવવા મંદિરોનું બાંધકામ**

૧૮૦૫૩ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકામાં પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે મંદિરોના બાંધકામ માટે ટેન્ડર મંગાવવામાં આવેલ તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો ક્યા મંદિરના બાંધકામ માટે કઈ એજન્સીને કેટલી રકમના ખર્ચે ક્યાં સુધીમાં મંદિર બાંધકામની કામગીરી સોંપવામાં આવી, અને

(૩) ઉકત સ્થિતિએ ઉકત કામગીરી ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

૧. શ્રી નિરાંત રામજી મંદિર માટે મેસર્સ બી.ટી. પટેલને રૂ.૩.૬૦ કરોડના ખર્ચે ડીસેમ્બર–૨૦૧૯ સુધીમાં બાંધકામની કામગીરી પૂર્ણ કરવા સોંપવામાં આવી છે.
૨. શ્રી ભાથીજી મહારાજ મંદિર માટે મેસર્સ બી.ટી. પટેલને રૂ.૩.૬૭ કરોડના ખર્ચે ડીસેમ્બર–૨૦૧૯ સુધીમાં બાંધકામની કામગીરી પૂર્ણ કરવા સોંપવામાં આવી છે.

(૩)

૧. શ્રી નિરાંત રામજી મંદિરની કામગીરીમાં ધર્મશાળા ટોઈલેટ બ્લોક તથા પીવાના પાણીની પરબના બાંધકામની કામગીરી પૂર્ણતાના આરે છે તથા મંદિરના કામ માટેના ફાઉન્ડેશનની કામગીરી પૂર્ણ કરેલ છે.
૨. શ્રી ભાથીજી મહારાજ મંદિર ખાતે ધર્મશાળાના બાંધકામમાં પહેલા માળ સુધીની કામગીરી પૂર્ણ થયેલ છે તથા ટોઈલેટ તથા મંદિરના કામ માટેના ફાઉન્ડેશનની કામગીરી પૂર્ણ કરેલ છે.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં બાકી હક્ક પત્રક નોંધો**

૧૬૭૦૪ **શ્રી ધનજીભાઈ પટેલ** (વઢવાણ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને

(૨) ઉકત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે?

**જવાબ**

(૧) ૨૩૩૭

(૨) તા.૫–૭–૧૯ની સ્થિતિએ બાકી તમામ નોંધોનો નિકાલ કરવામાં આવેલ છે.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં બાકી હક્ક પત્રક નોંધો**

૧૬૭૦૬ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને

(૨) ઉકત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે?

**જવાબ**

(૧) ૨૩૩૭

(૨) તા.૫–૭–૧૯ની સ્થિતિએ બાકી તમામ નોંધોનો નિકાલ કરવામાં આવેલ છે.

---------

**રાજ્યમાં આવેલા વાયુ વાવાઝોડા અંગે ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન મંડળ દ્વારા કાર્યવાહી**

૧૮૬૯૮ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય ડિઝાસ્ટર મેનેજમેન્ટ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં જૂન, ૨૦૧૯માં આવેલ વાયુ વાવાઝોડા અંગેની જાણકારી મેળવ્યા બાદ ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન મંડળ દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી હતી,

(૨) ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન મંડળ દ્વારા વાયુ વાવાઝોડાને પહોંચી વળવા કંઈ રીતે મદદ કરવામાં આવી હતી,

**જવાબ**

(૧) તા.૧૦–૦૬–૨૦૧૯ના રોજ અતિ ભારે વાયુ વાવાઝોડું અરબી સમુદ્રમાં આવી રહ્યું છે અને વેરાવળથી અંદાજે ૩૦૦ કિ.મી. દુર છે અને તેનાથી સૌરાષ્ટ્ર અને પોરબંદર સુધીના દરિયાકાંઠા તેમજ આજુબાજુના તમામ જિલ્લા ઉપર વ્યાપક અસર થવાની છે અને તેનાથી જાનમાલનું નુકશાન થવાનું છે તેવી જાણ થતાં, GSDMA દ્વારા તા.૧૦–૦૬–૨૦૧૯ના રોજ પત્ર/ફેક્સ તેમજ ફોન પર, તમામ સંબંધિત અધિકારીશ્રીઓ સાથે ચર્ચા–વિચારણા કરવામાં આવી હતી અને તે અંતર્ગત સત્વરે પગલાં લેવા જણાવ્યું હતું.

(૨)

૧. IMD એ "વાયુ" વાવાઝોડાની ચેતવણી આપતાં તેની તમામ સંબંધિત અધિકારીશ્રીઓને જાણ કરવામાં આવી.
૨. તમામ જિલ્લા પ્રોજેકટ ઓફિસર (DPO) ને જિલ્લા કંટ્રોલરુમ (DEOC) ખાતે હાજર રહેવા જણાવવામાં આવ્યું.
૩. આપદા મિત્રોને તેમના સ્થળે હાજર રહેવા જણાવવામાં આવ્યું.
૪. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC) ખાતે ક્રાઈસીસ મેનેજમેન્ટ ગૃપની બેઠક તાત્કાલિક ધોરણે યોજવામાં આવી.
૫. ક્રાઈસીસ મેનેજમેન્ટ ગૃપની બેઠક બાદ તુર્તજ મુખ્ય સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી તેમજ મુખ્ય કારોબારી અધિકારીશ્રી,ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળએ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, જિલ્લા કલેકટરશ્રીઓ અને જિલ્લા પોલીસ વડાઓ તેમજ પોલીસ કમિશ્નરશ્રીઓ સાથે વિડીયો કોન્ફરન્સથી "વાયુ વાવાઝોડા" અંગેની ચેતવણી આપી તેમજ તેને પહોંચી વળવા યોગ્ય માર્ગદર્શન આપ્યું.
૬. ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા ઈન્સીડન્સ રીસ્પોન્સ સીસ્ટમને કાર્યરત કરવામાં આવેલ. જે અંતર્ગત એન.ડી.એમ. એક્ટ,૨૦૦૫ની જોગવાઈ હેઠળ તુર્તજ રાજ્ય કક્ષાએ Incident Commander તરીકે અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગે કામગીરી સંભાળી અને જિલ્લા કક્ષાએ કલેકટરશ્રીઓએ કામગીરી સંભાળી.
૭. સંભવિત આફત સમયે મદદરુપ થવા MPCS તૈયાર કરવામાં આવ્યા હતા.
૮. જિલ્લા પ્રોજેકટ ઓફિસર (DPO) અને આપદા મિત્રોની સહાયથી સ્થળાંતર કરવામાં આવેલ હતું.
૯. હવામાન વિભાગ, ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ હવામાનના અહેવાલને ધ્યાનમાં લઈને, ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા બાયસેગની મદદ લઈને વાવાઝોડાની

સંભવિત દિશા જાણીને સૌથી વધુ નુકશાન થવાની શક્યતા ધરાવતા તટીય વિસ્તારોમાંથી લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું.

૧૦. હવામાન વિભાગ, ભારત સરકાર અને અન્ય ખાનગી તથા વિશ્વ સ્તરિય સંસ્થાઓ દ્વારા વાવાઝોડાની દિશા અને ઝડપ જાણીને માન. મુખ્યમંત્રી અને માન.મુખ્ય સચિવશ્રીને તેમજ રાજ્યના Crisis Management Group અવગત કરવામાં આવતા હતા, જેથી કરીને તે બાબતે યોગ્ય વિચારણા બાદ રાજ્યના હિતમાં જરૂરી નિર્ણયો લઈ શકાય.

૧૧. જીએસડીએમએ દ્વારા પ્રિન્ટ અને ઈલેક્ટોનિક મિડિયાથી લોકોને વાવાઝોડાથી હોનારત ન સર્જાય તે માટે શું કરવુ અને શું ના કરવુ તે અંગેની સમજ આપવામાં આવી હતી. તેમજ વાવાઝોડા અંગેની વર્તમાન પરિસ્થિતિથી લોકોને વાકેફ કરવામાં આવેલ.

૧૨. રાજ્યના દરિયા કિનારાના જિલ્લાઓના ડિસ્ટ્રીક પ્રોજેકટ ઓફિસરોને જે તે જિલ્લાના તંત્ર સાથે ૨૪ કલાક હાજર રહેવા સંકલન કરવા તથા સહાયતા કરવા માટે જણાવવામાં આવ્યું હતું.

૧૩. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર ખાતે જીએસડીએમએના અધિકારીશ્રીઓ/કર્મચારીઓને ૨૪ કલાક શિફ્ટ વાઈઝ હાજર રહેવાના આદેશ કરવામાં આવ્યા હતા. હવામાન વિભાગ દ્વારા આપવામાં આવતા બુલેટિનમાં દર્શાવેલ મેસેજ એકત્રીત કરીને હાજર રહેલ ઉચ્ચ અધિકારીશ્રીઓના માર્ગદર્શન હેઠળ કામગીરી કરેલ હતી. જેથી સંદેશા વ્યવહારમાં કોઈ અડચણ ઉભી ન થાય.

૧૪. જીએસડીએમએ દ્વારા રાજ્યના તમામ જિલ્લાના કલેકટરશ્રીઓ અને મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓને ફાળવવામાં આવેલ સેટેલાઈટ ફોન ઉપર દર કલાકે તેઓના સેટેલાઈટ ફોન ચાલુ હાલત છે કેમ તેની ચકાસણી કરવામાં આવેલ હતી.

૧૫. Gujarat Institute of Amateur Radioની મદદથી જીએસડીએમએ દ્વારા SEOC ખાતે આપાતકાલિન પરિસ્થિતિમાં મદદરુપ થઈ શકે તે હેતુથી વ્યવસ્થા કરવામાં આવી હતી.

૧૬. જીએસડીએમએ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન અંતર્ગત સરકારના વિવિધ વિભાગોને વાવાઝોડા માટે માનક કાર્ય પધ્ધતિ (Standard Operating Procedure) ની જાણકારી આપવામાં આવેલ હતી.

૧૭. હવામાન વિભાગ દ્વારા વાવાઝોડાની સ્થિતિ અંગેની પળેપળની અદ્યતન માહિતી મેળવીને મિડિયાને જાણ કરવામાં આવતી હતી. જેથી કરીને જાહેર જનતાને વાવાઝોડાથી બચવા અંગેની સાચી માહિતી મળી શકે.

(૩) વાયુ વાવાઝોડા દરમિયાન સાયકલોન સેન્ટરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો કે કેમ, અને

(૩) હા

(૪) વાયુ વાવાઝોડાને પહોંચી વળવા રાજ્યમાં કેટલા આપદા મિત્રોને તાલીમ અપાઈ હતી?

(૪) ગુજરાતના તમામ જિલ્લાઓમાંથી કુલ ૧૬૮૩ સ્વયંસેવકોની પસંદગી કરવામાં આવી છે તેમજ તેઓને તરણ અંગેની તાલીમ, શોધ અને બચાવ તથા પ્રાથમિક સારવારની તાલીમ પણ આપવામાં આવેલ છે, "વાયુ"ની

બચાવ કામગીરી અંતર્ગત આપદા મિત્રોએ લોકોને તટીય જિલ્લાઓમાંથી સાયકલોન શેલ્ટર, શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મિક સ્થાનો, જેવા સલામતી સ્થળોએ સ્થળાંતર કરવામાં મદદરુપ થયેલ હતા.

---------

## આણંદ જિલ્લામાં સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન

૧૮૦૦૮ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય શ્રમ અને રોજગારી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં આવેલ (૧) ગુજરાત કો.ઓપ. મીલ્ક માર્કેટીંગ ફેડરેશન, અમુલ ડેરી રોડ (૨) ઓએનજીસી, કંસારી અને (૩) એનડીડીબી શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧–૦૩–૧૯૯૫ના ઠરાવની જોગવાઈ મુજબ સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન કરતા હોવાની હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધાં ? | (૨)<br>૧. સંબંધિત એકમોને શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧–૦૩–૧૯૯૫ના ઠરાવ અનુસાર સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા અંગેની જોગવાઈઓનું ધ્યાન દોરતા પત્રો પાઠવેલ છે.<br>૨. સ્થાનિક સત્તાતંત્ર દ્વારા બેઠક યોજી ઠરાવની જોગવાઈઓનું પાલન સુચારૂ રીતે કરવા માટે વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે.<br>૩. સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમોની યાદી જિલ્લા કક્ષાએથી રોજગાર કચેરી દ્વારા સંબંધિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા વાણીજય વેરા કચેરીને જરૂરી કાર્યવાહી સારૂં મોકલવામાં આવેલ છે.<br>૪. રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા છેલ્લા બે વર્ષમાં (વર્ષ ૨૦૧૭ અને ૨૦૧૮) રાજ્યમાં સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમોની જુન–૨૦૧૭ અંતિતની યાદી તા.૨૫–૦૯–૧૭ ના પત્રથી ડીસેમ્બર–૨૦૧૭ અંતિતની યાદી તા.૧૪–૦૨–૨૦૧૮ ના પત્રથી, જુન–૨૦૧૮ અંતિતની યાદી તા.૨૭–૯–૨૦૧૯ ના પત્રથી અને ડિસેમ્બર–૨૦૧૮ અંતિતની યાદી તા.૨૫–૦૩–૨૦૧૯ના પત્રથી યાદી પૈકીના એકમો સામે જરૂરી કાર્યવાહી સારૂં ઉદ્યોગ કમિશ્નરની કચેરી, ગાંધીનગરને મોકલી આપવામાં આવેલ છે.<br>૫. સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે રોજગાર ભરતી મેળા (જોબફેર) નું આયોજન કરી, સ્થાનિક ઉમેદવારોને રોજગાર મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવે છે. |

---------

**ખેડા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના**

૧૬૬૮૨ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯માં વિકસતિ જાતિની કન્યાઓની સાઇકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૧૧૦૪૩ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૨) ૧૧૦૪૩ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી કન્યાઓને સાઇકલ વિતરણ કરી ? | (૩) ૧૧૦૪૩ |

---------

**આણંદ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના**

૧૬૬૮૩ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯માં વિકસતિ જાતિની કન્યાઓની સાઇકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૯૯૦૦ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૯૯૦૦ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી કન્યાઓને સાઇકલ વિતરણ કરી ? | (૩) ૯૯૦૦ |

---------

**અમદાવાદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના**

૧૬૬૭૨ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૧૫૪૦ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૫૩૪ |
| (૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ.૧૫૩.૪૦ લાખ |

---------

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

**ગુજરાત સ્ટેટ ફાઇનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો ઓડિટ અહેવાલ**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ ફાઇનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો સન ૨૦૧૭–૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત સ્ટેટ ઇન્વેસ્ટમેન્ટસ લિમિટેડનો ઓડિટ અહેવાલ**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ ઇન્વેસ્ટમેન્ટસ લિમિટેડનો સન ૨૦૧૭–૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની

ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો ઓડિટ અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ(ઊર્જા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૭-૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર ( રાજ્યકક્ષાના કૃષિ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૧૭-૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૭-૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**દહેજ સેઝ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું દહેજ સેઝ લિમિટેડનો સન ૨૦૧૭-૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત રાજ્ય મહિલા આયોજનો વાર્ષિક અહેવાલ**

શ્રી ગણપતસિંહ વે. વસાવા **(મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય મહિલા આયોગનો સન ૨૦૧૭-૧૮નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ(શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા નાયબ મુખ્યમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડના સન ૨૦૧૨-૨૦૧૩ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

**નાણાકીય સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી**

**અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિ ઉપર ૧૫-૧૫ સભ્યોની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત**

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે. ગુજરાત વિધાનસભાની સન ૨૦૧૯-૨૦ના વર્ષ માટેની અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિ ઉપર ૧૫-૧૫ સભ્યોની ચૂંટણી માટે હું નીચે મુજબનો કાર્યક્રમ ઠરાવું છું.

| | | |
|---|---|---|
| ૧. | નામ–નિદેશનપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય | ગુરૂવાર, તા.૨૫/૭/૨૦૧૯ સાંજના ૪:૧૦ વાગ્યા સુધી |
| ૨. | નામ–નિર્દેશનપત્રોની ચકાસણીની તારીખ, સમય અને સ્થળ | સોમવાર, તા.૨૯/૭/૨૦૧૯ બપોરના ૩:૦૦ વાગે<br>નાયબ સચિવ શ્રીમતી રીટા મહેતાની ચેમ્બરમાં |
| ૩. | નામ–નિર્દેશનપત્રો પાછા ખેંચી લેવાની છેલ્લી તારીખ અને સમય | બુધવાર, તા.૩૧/૭/૨૦૧૯ સાંજના ૫:૦૦ વાગ્યા સુધી |
| ૪. | મતદાન, જો જરૂરી બને તો તારીખ, સમય અને સ્થળ | પાછળથી જાહેર કરવામાં આવશે. |

આ ચૂંટણી માટેના નામ નિર્દેશનપત્રો કામકાજના દિવસ અને સમય દરમિયાન વિધાનસભાના મકાનમાં પહેલા માળે આવેલી સમિતિ શાખા–૧માંથી મળી શકશે.

સરકારશ્રી દ્વારા આજે સાંજે ૭:૩૦ વાગ્યે ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીમાં મહાત્મા ગાંધીની ૧૫૦મી જયંતિ નિમિત્તે 'ભારત ભાગ્ય વિધાતા' નાટક જોવા સહકુટુંબ પધારવા તમામ ધારાસભ્યશ્રીઓને આમંત્રણ છે. બાદમાં ભોજનની પણ વ્યવસ્થા રાખવામાં આવેલી છે.

**વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત**

**બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો ત્રીજો અહેવાલ**

શ્રી રાઘવભાઇ ચોં. મકવાણા(સમિતિના પ્રમુખશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો ત્રીજો અહેવાલ**

શ્રી મહેશકુમાર ક. રાવલ (સમિતિના પ્રમુખશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રીનો પ્રસ્તાવ**

શ્રીરાઘવભાઇ ચોં. મકવાણા(સમિતિના પ્રમુખશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન – સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના ત્રીજા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવ્યો.**

**સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના સભ્યશ્રીનો પ્રસ્તાવ**

શ્રી મહેશકુમાર ક. રાવલ(સમિતિના પ્રમુખશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ, સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના ત્રીજા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવ્યો.**

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)**

**સામાન્ય વહીવટ વિભાગ (મંત્રી પરિષદ)**

**માગણી ક્રમાંક – ૩૦**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રી પરિષદને લગતી સેવાઓ અંગે સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૨,૭૩,૫૩,૦૦૦/–ની માગણી ક્રમાંક – ૩૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૩૦ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક–૩૦ ઉપરની કાપ દરખાસ્તો**

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરવામાં આવી.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરવામાં આવી.**

શ્રી લલિત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરવામાં આવી.**

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરવામાં આવી.**

શ્રી ભરતજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરવામાં આવી.**

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરવામાં આવી.**

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરવામાં આવી.**

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરવામાં આવી.**

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરવામાં આવી.**

શ્રી ચંદનજી ત. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરવામાં આવી.**

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરવામાં આવી.**

**સામાન્ય વહીવટ વિભાગ (ચૂંટણી)**

**માગણી ક્રમાંક-૩૧**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું ચૂંટણી સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૯,૩૯,૭૩,૦૦૦ની માગણી ક્રમાંક ૩૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૩૧ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૩૧ ઉપરની કાપ દરખાસ્તો**

શ્રી સુનિલભાઇ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.**

શ્રી અનંતકુમાર પટેલઃ માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરું છું

**કાપદરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવી.**

શ્રી ભાવેશભાઇ બા. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરવામાં આવી.**

**સામાન્ય વહીવટ વિભાગ**

**માગણી ક્રમાંક-૩૩**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ વિભાગની સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૭૭,૨૦,૪૯,૦૦૦ ની માગણી ક્રમાંક-૩૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૩૩ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૩૩ ઉપરની કાપ દરખાસ્તો**

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરવામાં આવી.**

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરવામાં આવી.**

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરવામાં આવી.**

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરવામાં આવી.**

શ્રી અક્ષયકુમાર ઈ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરવામાં આવી.**

શ્રી મહમદજાવીદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રેમસિંહભાઈ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરવામાં આવી.**

શ્રી કનુભાઈ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરવામાં આવી.**

શ્રી વિક્રમભાઈ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરવામાં આવી.**

શ્રી નથાભાઈ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૫ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક–૩૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી** અમરીષભાઈ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૬ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક–૩૬ રજૂ કરવામાં આવી.**

**માર્ગ અને મકાન વિભાગ(રહેણાકના મકાનો)**

**માગણી ક્રમાંક–૮૫**

શ્રી નીતિનભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું રહેણાકના મકાનોને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૩૪,૭૮,૫૫,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૨,૧૮,૫૬,૦૨,૦૦૦ની માગણી ક્રમાંક ૮૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૮૫ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક–૮૫ ઉપરની કાપ દરખાસ્તો**

શ્રી જે. વી. કાકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૭ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક–૩૭ રજૂ કરવામાં આવી.**

શ્રી સંજયભાઈ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૮ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક–૩૮ રજૂ કરવામાં આવી.**

શ્રી ચિરાગભાઈ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૯ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક–૩૯ રજૂ કરવામાં આવી.**

**માર્ગ અને મકાન વિભાગ(માર્ગ અને પુલ)**

**માગણી ક્રમાંક–૮૬**

શ્રી નીતિનભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગ અને પુલની લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૨૨,૮૦,૯૯,૬૫,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૨૫,૦૮,૭૩,૯૯,૦૦૦ની માગણી ક્રમાંક–૮૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૮૬ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક– ૮૬ ઉપરની કાપ દરખાસ્તો**

શ્રી બાબુભાઈ વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૪૧ રજૂ કરવામાં આવી.**

શ્રી જીતુભાઈ ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૪૨ રજૂ કરવામાં આવી.**

શ્રી લલીતભાઈ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૪૩ રજૂ કરવામાં આવી.**

શ્રી કિરીટકુમાર પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૪૪ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રવિણભાઈ મુસડીયા: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૪૫ રજૂ કરવામાં આવી.**

શ્રી ઋત્વિકભાઈ મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૪૬ રજૂ કરવામાં આવી.**

શ્રી હિંમતસિંહ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૪૮ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનાભાઇ ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૪૯ રજૂ કરવામાં આવી.**

શ્રી કાળાભાઇ ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક– ૫૧ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી ગેનીબેન ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૫૨ રજૂ કરવામાં આવી.**

શ્રી જશપાલસિંહ પઢિયાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક– ૫૩ રજૂ કરવામાં આવી.**

શ્રી જિગ્નેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૫૪ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૫૫ રજૂ કરવામાં આવી.**

શ્રી જિગ્નેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૫૬ રજૂ કરવામાં આવી.**

ડો.અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક– ૫૭ રજૂ કરવામાં આવી.**

શ્રી શીવાભાઇ ભુરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૫૮ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૫૯ રજૂ કરવામાં આવી.**

શ્રી પૂનમભાઇ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૬૧ રજૂ કરવામાં આવી.**

**માર્ગ અને મકાન વિભાગ(ગુજરાતના પાટનગર બાંધકામની યોજના)**

**માગણી ક્રમાંક– ૮૭**

શ્રી નીતિનભાઇ પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાતના પાટનગર બાંધકામની યોજનાને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૦, ૯૧,૬૯,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૨, ૨૭,૧૦,૬૭, ૦૦૦/–ની માગણી ક્રમાંક– ૮૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૮૭ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક–૮૭ ઉપરની કાપ દરખાસ્તો**

શ્રી અશ્વિનભાઇ કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૬૨ રજૂ કરવામાં આવી.**

શ્રી પુંજાભાઇ વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૬૩ રજૂ કરવામાં આવી.**

શ્રી ડો.સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૬૪ રજૂ કરવામાં આવી.**

શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૬૫ રજૂ કરવામાં આવી.**

શ્રી ડો.સી.જેચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૬૬ રજૂ કરવામાં આવી.**

સન ૨૦૧૯–૨૦૨૦ના વર્ષના ફેરફાર કરેલ અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ પૈકી બુધવાર, તા.૧૭–૭–૨૦૧૯(પાંચમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાયેલ માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| **સામાન્ય વહીવટ વિભાગ**<br>**માગણી નં. ૩૦** | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૩– મંત્રી પરિષદ<br>૧૦૧– મંત્રીઓ...પગાર<br>૦૧–મંત્રીઓ...સચિવો<br>રૂ. ૪,૧૦,૩૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯,પાના નં. ૧૮ | ૧૦૦ | કેન્દ્ર સરકાર સમક્ષ રાજ્યના પડતર પ્રશ્નોનો ઉકેલ સત્વરે લાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. સી.જે.ચાવડા |
| ૨ | _ _ " _ _ | ૧૦૦ | લક્ઝરી પ્રોજેકટોને બદલે આમજનતા અને ગ્રામીણ જનતાને સ્પર્શતા પાયાના પ્રશ્નોને પ્રથમ પસંદગી આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર (મોહનસિંહ રાઠવા) |
| ૩ | _ _ " _ _ | ૧૦૦ | મંત્રી પરિષદની પ્રજાલક્ષી નિષ્ફળ કામગીરીને કારણે આમજનતામાં વધતો જતો અસંતોષ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી લલીત વસોયા |
| ૪ | _ _ " _ _ | ૧૦૦ | મંત્રી પરિષદમાં લાંબા સમય સુધી ફાઈલોનો નિકાલ થતો નથી તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બળદેવજી ઠાકોર |
| ૫ | _ _ " _ _ | ૧૦૦ | મંત્રી પરિષદ દ્વારા લેવાયેલ કરાર આધારીત આઉટ સોર્સીગ અને ફીકસ પગારની ભરતીના નિર્ણયથી યુવાનોની કારકિર્દી સાથે ગંભીર ચેડાઓ થઈ રહ્યાં છે. તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભરતજી ઠાકોર |
| ૬ | _ _ " _ _ | ૧૦૦ | મંત્રી પરિષદ દ્વારા પ્રજાલક્ષી કામગીરીની થતી જાહેરાતોનો લાંબા સમય સુધી અમલ ન થતા ખર્ચાઓ વધતા જતા તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઈ વંશ |
| ૭ | _ _ " _ _ | ૧૦૦ | મંત્રી પરિષદ દ્વારા કેન્દ્ર સરકાર પાસેથી રાજ્ય સરકારને મળવાપાત્ર રકમની રજૂઆતો કર્યા પછી પણ કેન્દ્ર સરકાર દ્વારા નજીવી રકમ જ ફળવાય છે તે સામે અસરકારક રજૂઆત કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિરજીભાઈ ઠુમ્મર |
| ૮ | ૨૦૧૩– મંત્રી પરિષદ<br>૧૦૧– મંત્રીઓ...પગાર<br>૦૧–મંત્રીઓ...સચિવો<br>રૂ. ૪,૧૦,૩૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯, પાના નં. ૧૮ | ૧૦૦ | ગંભીર કેસોમાં તાત્કાલિક પગલાં લઇ યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઈ ચૌધરી |
| ૯ | _ _ " _ _ | ૧૦૦ | પ્રજાએ રજૂ કરેલ પ્રશ્નોનો મંત્રી પરીષદ દ્વારા લાંબા ગાળા સુધી જવાબ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ |
| ૧૦ | _ _ " _ _ | ૧૦૦ | ધારાસભ્યોએ વિકાસના કામો માટે કરેલ મંત્રી પરીષદમાં લેખિત રજૂઆતોને ધ્યાને લઈ સત્વરે કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચાવડા |
| ૧૧ | _ _ " _ _ | ૧૦૦ | મંત્રી પરિષદ ઉદ્‌ઘાટનો અને સમારંભોના બદલે પ્રજાના પ્રશ્નો પરત્વે પુરતુ ધ્યાન આપે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પ્રતાપ દુધાત |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ | _ _ " _ _ | ૧૦૦ | મંત્રી પરિષદ અને તંત્ર બન્ને વચ્ચે સંકલન કરી પ્રજાના કામો પૂરા કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ચંદનજી ઠાકોર |
| ૧૩ | _ _ " _ _ | ૧૦૦ | મંત્રી પરિષદ દ્વારા પ્રજાલક્ષી કામોની જાહેરાત થાય છે પણ યોગ્ય સીસ્ટમના અભાવે આ યોજનાનો લાભ જરૂરીયાતમંદોને મળતો નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઈ પણદા |
| **માગણી નં. ૩૧** | | | | |
| ૧૪ | ૨૦૧૫–ચૂંટણી<br>૧૦૧–ચૂંટણી પંચ<br>રૂ. ૭,૮૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯,<br>પાના નં. ૨૩ અને ૨૪ | ૧૦૦ | ચૂંટણી વખતે થતી ફરિયાદ પર સત્વરે પગલા લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી સુનિલભાઈ ગામીત |
| ૧૫ | _ _ " _ _ | ૧૦૦ | વિધાનસભા–લોકસભાની ચુંટણીઓમાં આચાર સંહિતા ભંગની વ્યાપક ફરીયાદો પર ત્વરીત નિર્ણય લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેશકુમાર પટેલ<br>(બ્રિજેશ મેરજા) |
| ૧૬ | ૨૦૧૫–ચૂંટણી<br>૧૦૨–ચૂંટણી અધિકારીઓ<br>રૂ. ૫૪,૧૩,૪૯,૦૦૦<br>અં.પ્ર.નં.૯,<br>પાના નં. ૨૫ અને ૨૬ | ૧૦૦ | ચૂંટણી સમયે ફરજ બજાવતા કર્મચારીઓને પ્રાથમિક સુવિધાઓ તેમજ સમયસર ભથ્થાઓ ચૂકવાતા નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નૌશાદ સોલંકી<br>(અનંતકુમાર પટેલ) |
| *૧૭ | _ _ " _ _ | ૧૦૦ | ચૂંટણી પંચ દ્વારા મતદારોને અપાતી મતદાન સ્લીપ માન્ય ન રાખવાની ફરિયાદો અંગે સત્વરે નિર્ણય લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાન્તીભાઈ ખરાડી |
| *૧૮ | _ _ " _ _ | ૧૦૦ | ચૂંટણી પંચ દ્વારા મતદારોને અપાતી ફોટાવાળી સ્લીપો સમયસર મતદારોને મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાંતિભાઈ સોઢાપરમાર |
| ૧૯ | ૨૦૧૫–ચૂંટણી<br>૧૦૪– લોકસભા...ખર્ચ<br>રૂ.૩,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯,પાના નં. ૨૯ | ૧૦૦ | વિધાનસભા–લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારો દ્વારા કરવામાં આવતા ખર્ચ માટે વિવિધ ચીજ વસ્તુઓના ભાવ બજાર કિંમત કરતા ખુબ જ ઓછા રખાય છે તેનો સર્વે કઈ રીતે કરાયો તેની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભાવેશભાઈ કટારા |
| *૨૦ | ૨૦૧૫–ચૂંટણી<br>૧૦૬–રાજ્ય...ખર્ચ<br>રૂ. ૫,૮૬,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯,<br>પાના નં. ૩૨ અને ૩૩ | ૧૦૦ | ચૂંટણી વખતે મંડપ વીડીયોગ્રાફીના બિલો લાંબા સમય સુધી ચૂકવાતા નથી તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| *૨૧ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્ય વિધાનસભાની ચુંટણીઓમાં બુથવાર જે ખર્ચ દર્શાવાય છે તેમાં થતી ગેરરીતિઓની તપાસ કરી જરૂરી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા |

| માગણી નં. ૩૩ | | | | |
|---|---|---|---|---|
| *૨૨ | ૨૦૧૪– ન્યાયતંત્રનો વહીવટ ૧૧૬–રાજ્ય....ટ્રિબ્યુનલ રૂ. ૨,૧૯,૩૩,૦૦૦ અં.પ્ર.નં.૯, પાના નં. ૨૦ અને ૨૧ | ૧૦૦ | રાજ્ય વહીવટી ટ્રિબ્યુનલમાં ભરાવો થયેલ કેસોનો ઝડપથી ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અજીતસિંહ ચૌહાણ |
| ૨૩ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્ય વહીવટી ટ્રિબ્યુનલની કામગીરીને પારદર્શક બનાવવા માટે ખાલી પડેલ જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી વિમલભાઈ ચુડાસમા |
| ૨૪ | ૨૦૫૨–સચિવાલય.. સેવાઓ ૦૯૦–સચિવાલય ૦૨–સામાન્ય વહીવટ વિભાગ રૂ. ૩૫,૨૪,૫૩,૦૦૦ અં.પ્ર.નં.૯, પાના નં. ૪૦ અને ૪૧ | ૧૦૦ | કર્મચારી કલ્યાણનીધિ અન્વયે ખેલાડીઓને વાહન અને ભોજનની સુવિધાઓમાં વધારો કરી પ્રોત્સાહિત કરાવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી સુખરામભાઈ રાઠવા |
| ૨૫ | _ _ " _ _ | ૧૦૦ | અપ્રમાણસર સંપત્તિ ધરાવતા અધિકારી/ કર્મચારીઓ સામે અપ્રમાણસર સંપત્તિના નિયમન અર્થે જરૂરી કાયદો ઘડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઈમરાન ખેડાવાલા |
| ૨૬ | _ _ " _ _ | ૧૦૦ | સામાન્ય વહીવટ વિભાગ દ્વારા બહાર પડાતી સરકારી ટેલીફોન સૂચિકામાં બોર્ડ કોર્પોરેશનની યાદી ઉમેરી જીલ્લા પોલીસ વડા–કલેકટર કચેરીઓના ટેલીફોન નંબરો તેમજ ફેકસ નંબરોની ચકાસણી કરી તેને અદ્યતન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઈ મારુ |
| *૨૭ | _ _ " _ _ | ૧૦૦ | સામાન્ય વહીવટ વિભાગની નબળી કામગીરીને કારણે મોટાભાગના વિભાગો પરિપત્રોનો સમયસર અમલ કરતા નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાન્તિભાઈ પરમાર |
| ૨૮ | ૨૦૫૨–સચિવાલય.. સેવાઓ ૦૯૦–સચિવાલય ૦૨–સામાન્ય વહીવટ વિભાગ રૂ. ૩૫,૨૪,૫૩,૦૦૦ અં.પ્ર.નં.૯, પાના નં. ૪૦ અને ૪૧ | ૧૦૦ | વારંવાર પરિપત્રો કરવા છતાં પણ અધિકારીઓ મીટીંગમાં સમયસર આવતા નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મંગળભાઈ ગાવિત |
| ૨૯ | _ _ " _ _ | ૧૦૦ | જે સરકારી અધિકારીઓ દર વરસે તેમની સંપત્તિની વિગતો સમયસર જાહેર કરતા નથી તેમની સામે સખ્તાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લાખાભાઈ ભરવાડ (ગ્યાસુદ્દીન શેખ) |
| ૩૦ | _ _ " _ _ | ૧૦૦ | સ્થાનિક સરકારી જિલ્લાના કાર્યક્રમોમાં સ્થાનિક ધારાસભ્યોના માન–સન્માન | શ્રી અક્ષયકુમાર પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | જળવાતા નથી તેવી વ્યાપક ફરીયાદો બાદ પણ તેનો અમલ ન કરતા જવાબદાર અધિકારીઓ સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૧ | _ _ " _ _ | ૧૦૦ | વિભાગ હસ્તકના મોબાઈલ ફોનોથી ખાનગી મોબાઈલ કંપનીને ફાયદો થાય તે રીતે ખોટા બિલોની ચુકવણી કરાય છે તેની તપાસ કરી પગલા લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહમદજાવીદ પીરઝાદા |
| ૩૨ | _ _ " _ _ | ૧૦૦ | વિભાગ દ્વારા રાજયના અતિ પછાત તાલુકાઓને દર વર્ષે કરોડો રૂપિયાની રકમ ફળવાય છે છતા પછાતપણુ દુર થતું નથી તેની તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રેમસિંહભાઈ વસાવા |
| ૩૩ | _ _ " _ _ | ૧૦૦ | સરકારી પરિપત્ર હોવા છતા વય નિવૃત્તિ બાદ ૬૨ વર્ષ પછી પણ કરાર આધારીત–ફીકસ પગારથી નિમણૂંક આપતા જવાબદાર અધિકારીઓ સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કનુભાઈ બારૈયા |
| ૩૪ | _ _ " _ _ | ૧૦૦ | રાજયના ઉચ્ચ અધિકારીઓને દિલ્હી ખાતે ડેપ્યુટેશન પર મોકલવામાં આવતા રાજયમાં ઉચ્ચ અધિકારીઓની ખોટ વર્તાય છે. જેની કામગીરી ઉપર ગંભીર અસરો પડે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિક્રમભાઈ માડમ |
| ૩૫ | _ _ " _ _ | ૧૦૦ | વિભાગમાં અને તેના તાબાની કચેરીઓમાં સંર્વગવાર ખાલી જગ્યાઓ પુરા પગારથી ભરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નથાભાઈ પટેલ |
| ૩૬ | ૨૦૫૨–સચિવાલય.. સેવાઓ<br>૦૯૧–સંલગ્ન કચેરીઓ<br>૦૧–નિવાસી...દિલ્હી<br>રૂ. ૧૫,૩૬,૭૯,૦૦૦<br>અં.પ્ર.નં.૯,પાના નં. ૪૪ | ૧૦૦ | રાજયના કેન્દ્ર સમક્ષના પડતર કેસો બાબતે વિવિધ મંત્રાલયો દ્વારા કેસોનો સુખદ ઉકેલ લાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અંબરિષ ડેર |
| | | **માર્ગ અને મકાન વિભાગ**<br>**માગણી નં. ૮૫** | | |
| ૩૭ | ૨૨૧૬–આવાસન<br>૮૦– સામાન્ય<br>૮૦૦– અન્ય ખર્ચ<br>૦૧–રહેણાંકના....મરામત<br>રૂ. ૧,૩૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨(ભાગ–૨), પાના નં.૧૩ | ૧૦૦ | સરકારી આવાસોની મરામત કામગીરીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જે.વી.કાકડિયા |
| ૩૮ | _ _ " _ _ | ૧૦૦ | સરકારી આવાસોની મરામત કામગીરી માટે જરૂરી માલ–સામાનના અભાવે મરામત કામગીરીમાં થતા વિલંબ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સંજયભાઈ સોલંકી |
| ૩૯ | _ _ " _ _ | ૧૦૦ | જર્જરીત સરકારી આવાસો પાડીને નવા | શ્રી ચિરાગભાઈ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | આવાસો બનાવવામાં તંત્રની નિષ્ફળતા | કાલરીયા |
| | | **માગણી નં. ૮૬** | | |
| *૪૦ | ૩૦૫૪–માર્ગ અને પુલ<br>૦૪–જિલ્લા...માર્ગો<br>૩૩૮–પ્રધાનમંત્રી...યોજના<br>રૂ.૫૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨(ભાગ–૧),<br>પાના નં. ૫૭ અને ૫૮ | ૧૦૦ | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાનો વ્યાપ વધારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાજેશકુમાર ગોહિલ |
| ૪૧ | _ _ " _ _ | ૧૦૦ | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના કામો સમયસર પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઇ વાજા |
| ૪૨ | ૫૦૫૪–માર્ગ...જોગવાઇ<br>૦૩–રાજ્યધોરી માર્ગ<br>૧૦૧–પુલો<br>રૂ.૧,૬૦,૦૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨(ભાગ–૧),<br>પાના નં.૨૯૭ થી ૩૦૧ | ૧૦૦ | પુલોના અભાવે આમજનતાને નદીના પાણીમાંથી પસાર થઈ બીજા ગામોમાં જવું પડે છે તે સ્થિતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૪૩ | _ _ " _ _ | ૧૦૦ | નદીઓ ઉપર બનાવેલ નીચા પુલોને કારણે ભારે વરસાદમાં પુલો ઉપર પાણી ફરી વળતા બંધ થઈ જતા વાહનંવ્યવહારને નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લલીતભાઇ કગથરા |
| ૪૪ | _ _ " _ _ | ૧૦૦ | રાજયમાં પુલોની સુવિધાઓ પૂરતાં પ્રમાણમાં વધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કીરીટકુમાર પટેલ |
| ૪૫ | _ _ " _ _ | ૧૦૦ | દરેક જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં નદીઓ ઉપર પુલો બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઇ મુસડીયા |
| ૪૬ | _ _ " _ _ | ૧૦૦ | ધારાસભ્યોએ તેમના મત વિસ્તારના પુલો– કોઝ–વેની માંગણીઓ કરવા છતાં તંત્ર દ્વારા પૂરતુ ધ્યાન આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઋત્વિકભાઇ મકવાણા |
| *૪૭ | ૫૦૫૪–માર્ગ જોગવાઇ<br>૦૩–રાજ્યધોરી માર્ગ<br>૩૩૭–માર્ગકામો<br>રૂ.૩૦,૮૦,૯૯,૩૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨(ભાગ–૧),<br>પાના નં.૩૦૩ થી ૩૨૦ | ૧૦૦ | રાજય ધોરી માર્ગની મરામત નિયમિતપણે કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| ૪૮ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્ય ધોરી માર્ગો ઉપર વરસાદના ભરાતા પાણીના નિકાલની વ્યવસ્થા કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી હિંમતસિંહ પટેલ |
| ૪૯ | ૩૦૫૪–માર્ગ અને પુલ<br>૦૪–જિલ્લા....માર્ગો<br>૩૩૭–માર્ગ કામો<br>૧૧–RBD- 4 માર્ગ અને પુલો<br>રૂ. ૨,૦૯,૯૪,૫૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨(ભાગ–૨),<br>પાના નં. ૧૮ થી ૩૯ | ૧૦૦ | ગ્રામ્ય માર્ગોને તાલુકાના મથક સુધી જોડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુનાભાઇ ગામીત |
| *૫૦ | _ _ " _ _ | ૧૦૦ | જિલ્લાના માર્ગોના કામોમાં થતી ગેરરીતિ | શ્રી ભીખાભાઇ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | અને ડામરનું પ્રમાણ ઓછું હોવાને કારણે રસ્તાઓ જલ્દી તુટી જાય છે તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | જોષી |
| ૫૧ | _ _ " _ _ | ૧૦૦ | જિલ્લા માર્ગોની કામગીરીમાં ગુણવત્તાની ચકાસણી થતી નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાળાભાઈ ડાભી |
| ૫૨ | _ _ " _ _ | ૧૦૦ | ગ્રામીણ માર્ગોને ડામર સપાટી સુધી લઈ જવામાં તંત્રની નિષ્ફળતા | ગેનીબેન ઠાકોર |
| ૫૩ | _ _ " _ _ | ૧૦૦ | ગ્રામ્ય વિસ્તારોમાં નાળા-પુલીયાના કામોની કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જશપાલસિંહ પઢિયાર |
| ૫૪ | _ _ " _ _ | ૧૦૦ | બનાસકાંઠા જીલ્લાના ગ્રામીણ માર્ગોને તાલુકા મથક સુધી જોડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જિગ્નેશકુમાર મેવાણી |
| ૫૫ | ૩૦૫૪-માર્ગ અને પુલ<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૪૧,૨૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨(ભાગ-૨),<br>પાના નં. ૪૭ થી ૪૯ | ૧૦૦ | માર્ગ-પુલોના કામોમાં અનુભવી કોન્ટ્રાક્ટરોને કામ અપાય તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર |
| ૫૬ | _ _ " _ _ | ૧૦૦ | મંજૂર થયેલા માર્ગ અને પુલોના નકશા અંદાજો સમયસર તૈયાર ન થતા ખર્ચમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જિગ્નેશકુમાર મેવાણી |
| ૫૭ | _ _ " _ _ | ૧૦૦ | માર્ગ અને પુલોના કામો કોન્ટ્રાક્ટરો દ્વારા સમયસર પૂર્ણ કરવામાં આવતા નથી તે સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષિયારા |
| ૫૮ | ૩૦૫૪-માર્ગ અને પુલ<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૪૧,૨૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨(ભાગ-૨),<br>પાના નં. ૪૭ થી ૪૯ | ૧૦૦ | કામ થયુ ન હોવા છતાં કોન્ટ્રાક્ટરોને અગાઉથી બીલો ચૂકવાય છે તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શીવાભાઈ ભુરીયા |
| ૫૯ | _ _ " _ _ | ૧૦૦ | કોન્ટ્રાક્ટરો અધવચ્ચેથી કામ છોડી દેતા હોઈ, કામો સમયસર થતા નથી અને ખર્ચ વધે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| *૬૦ | _ _ " _ _ | ૧૦૦ | મુખ્ય કોન્ટ્રાક્ટરો દ્વારા કામો લીધા બાદ પેટા કેન્ટ્રાકટરોને કામ અપાય છે તે સામે સખ્તાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સોમાભાઈ કોળીપટેલ |
| ૬૧ | _ _ " _ _ | ૧૦૦ | રસ્તાઓના જોબ નંબરો આપાયા બાદ તેની કામગીરી અર્થે સત્વરે નાણા ફાળવાય તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પૂનમભાઈ પરમાર |
| **માગણી નં. ૮૭** | | | | |
| ૬૨ | ૨૨૧૭- શહેરી વિકાસ<br>૦૧- રાજ્ય...વિકાસ<br>૧૦૧- નિર્દેશ અને વહીવટ | ૧૦૦ | પાટનગરમાં પુરતા પ્રેસરથી પાણી પૂરું પાડવામાં તેમજ તુટેલા રસ્તાની સમસ્યા હલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિનભાઈ કોટવાલ |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂ. ૧૬,૩૭,૫૩,૦૦૦ અં.પ્ર.નં. ૨૨(ભાગ-૧), પાના નં.૪૬ થી ૪૯ | | | |
| ૬૩ | _ _ " _ _ | ૧૦૦ | ગાંધીનગર ખાતે બાકી રહેલા ધારાસભ્યો અને કર્મચારીઓને રાહત દરે પ્લોટ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઈ વંશ |
| ૬૪ | _ _ " _ _ | ૧૦૦ | પાટનગર યોજનામાં કચેરીમાં ખાલી પડેલ જગ્યાઓના કારણે વિકાસના કામોમાં થતો વ્યાપક વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. સી.જે.ચાવડા |
| ૬૫ | _ _ " _ _ | ૧૦૦ | પાટનગરમાં રસ્તાઓ ઉપર મેઈન હોલના ઢાંકણાઓ ખુલ્લા અને તુટેલા પડેલા હોય છે તેને દુરસ્ત કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૬૬ | _ _ " _ _ | ૧૦૦ | પાટનગરના વિકાસની સાથોસાથ પીવાના પાણીની સમસ્યા પણ વધતી જાય છે જેથી પાણીની અલાયદી અદ્યતન વ્યવસ્થા કરવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. સી.જે.ચાવડા |

*આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલ કાપદરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી અમિત ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેના પર મારા વિચારો રજૂ કરું છું.

સરકારના સમગ્ર વહીવટનો પ્રાણ અને હૃદય એટલે સામાન્ય વહીવટ વિભાગ. આ વિભાગની કામગીરી સરકાર અને તંત્રને કઇ દિશામાં લઇ જવું તે નક્કી કરનારી હોય છે. આ વિભાગની કામગીરીથી આખા રાજયનું વહીવટી તંત્ર ચાલે છે અને એને દિશા મળે છે. જો યોગ્ય દિશા અપાય તો રાજયની પ્રગતિ થાય અને દિશા યોગ્ય ન અપાય તો રાજયના વહીવટી તંત્રને નુકસાન પણ થાય છે.

**(માનનીય સભાપતિશ્રી ડો.નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને)**

માનનીય અધ્યક્ષશ્રી, દેશ આઝાદ થયો ત્યારે આપણને સૌને ચિંતા હતી અને સાથે સાથે અંગ્રેજોએ ડર પણ બતાવ્યો હતો કે ભારતીયો શાસન કરવા માટે સક્ષમ નથી, સરકાર ચલાવી નહીં શકે. આપણે ગૌરવ સાથે કહેવું જોઇએ આઝાદ ભારત દેશના પ્રથમ વડાપ્રધાન આદરણીય પંડિત જવાહરલાલ નહેરૂ. કે આઝાદ ભારત દેશના પ્રથમ વડાપ્રધાન આદરણીય પંડિત જવાહરલાલ નહેરુ અને ઉપ વડાપ્રધાન અને ગૃહ મંત્રી આદરણીય સરદાર સાહેબના નેતૃત્વમાં નક્કી કરવામાં આવ્યું કે દેશના લોકોનું જ એક સક્ષમ અને કેડરબદ્ધ માળખું તૈયાર કરવામાં આવે જેથી કરીને સરકારનો વહીવટ આ દેશ અને દુનિયા પણ જોઇ શકે. અને એટલા માટે આખા દેશમાં મુલ્કી સેવાઓ, વહીવટી સેવાઓ, ભારતીય પોલીસ સેવાઓની તાલીમબદ્ધ કેડર તૈયાર કરવામાં આવી અને એના જ કારણે આખા દેશના અનેક રાજ્યોમાં સુદ્રઢ અને સુચારુ વહીવટ પણ કરવામાં આવે છે અને દેશ આગળ પણ વધે છે. જી.એ.ડી.ની જવાબદારી આ કેડરબદ્ધ અધિકારીઓની બદલી, બઢતી, તાલીમ અને એ અંગેના નિયમો અને આખું સુચરું વ્યવસ્થાપન થાય એ જવાબદારી જી.એ.ડી.ની છે. આપણી વિધાનસભાની તારાંકિત પ્રશ્નોત્તરીમાં જવાબમાં જાણવા મળ્યું કે રાજયમાં આઇ.એ.એસ. વર્ગના અધિકારીઓનું મંજૂર કહેકમ ૩૧૩ છે તો એની સામે ૬૫ જેટલી જગ્યાઓ ખાલી છે. અને સાથે સાથે ૨૧ જેટલા સક્ષમ અધિકારીઓને રાજય બહાર ડેપ્યુટેશન પર મૂકવામાં આવ્યા છે. અધિકારીઓની ઘટ હોય અને વધારામાં પાછા ડેપ્યુટેશન પર મોકલીએ એટલે વહીવટ ઉપર ખૂબ મોટી અસર પડે છે. ૩૧૩માંથી ૨૨૭ જેટલા અધિકારીઓ આજે વહીવટી પ્રક્રિયાની જવાબદારી લઇ રહ્યા છે. ૩૦ ટકા જેટલી આઇ.એ.એસ.ની જગ્યાઓ ખાલી હોય તો ચોક્કસ એની અસર રાજયના વહીવટ ઉપર પડતી હોય છે અને એના કારણે અનેક જગ્યાએ ચાર્જમાં કે બીજી વ્યવસ્થાથી આપણે વહીવટ કરવો પડે છે. આપણી પાસે રાજયમાં અનેક પ્રમાણિક નિષ્ઠાવાન, વિઝનરી અને રાજયને સમર્પિત અધિકારીઓ છે. પરંતુ સરકારની હા જી હા ન કરે, સરકારના માનીતા ન હોય એટલા માટે અનેક વખત નોકરીઓ દરમિયાન પણ એમને સારું પોસ્ટીંગ નથી મળતું અને એમની તટસ્થ નીતિને કારણે નિવૃતિ પછી પણ કોઇ જગ્યાએ લેવામાં નથી આવતા. તેની સામે સરકારના અનેક માનીતા અધિકારીઓ સરકારની હા માં હા કરે એટલા માટે નોકરી દરમિયાન તો સારું પોસ્ટીંગ મળે જ, પણ નિવૃતિ બાદ પણ વારંવાર એમને સારી જગ્યાએ મૂકવામાં આવે છે એટલું જ નહીં પણ એમનો સમયગાળો પૂર્ણ થયા પછી પણ વારંવાર એમને એક્સ્ટેન્શન આપવામાં આવે છે અને નિયમોનું ઉલ્લંઘન કરીને પણ એમની સમય મર્યાદા ચૂકીને પણ વારંવાર એમને મહત્વની જવાબદારી આપવામાં આવે છે. સામાન્ય જવાબદારી આપવામાં આવે ત્યાં

સુધી તો ઠીક છે પણ આ રાજયની સંવૈધાનિક જગ્યાઓ છે જે ન્યાયિક પ્રક્રિયા કરે છે એવી જગ્યાઓ પર પણ આ નિવૃત્ત થયેલા અધિકારીઓને મૂકવામાં આવે છે તેથી એ પદની ગરિમાની સાથે સાથે કયાંક એનાથી થતા નિર્ણયો પર પણ ખૂબ મોટી અસર પડે છે. રાજયના તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને નગરપાલિકામાં જે પક્ષાંતરના કેસ થાય તેના માટે જે નામ નિર્દેશ અધિકારી હોય તે જગ્યા પણ આજે નિવૃત અધિકારીથી ચલાવવામાં આવે છે. સ્ટેટ વિજીલનસ કમિશનર એ જગ્યા પર પણ નિવૃત અધિકારી, ખાતાકીય તપાસ અધિકારી, રાજય ચૂંટણી કમિશનર, રાજયના ચૂંટણી પંચના સચિવ, રાજયના માહિતી કમિશનર એસ.એસ.આર.ડી. અને જી.એન.એફ.સી.થી માંડીને અનેક સંસ્થાઓ અને જગ્યાઓ છે કે જે મુખ્ય જગ્યાઓ નિવૃત થયેલા અધિકારીઓને સોંપવામાં આવે છે અને એના કારણે એ જગ્યાઓના જે ન્યાયિક નિર્ણયો થવા જોઇએ એમાં કયાંક અને કયાંક સરકાર ઉપર એની અસર દેખાતી હોય છે. કોઇ ચાલુ નોકરીએ એને જવાબદારી હોય તો ચોક્કસ એની જવાબદારી બને અને એ અધિકારીને થોડો ડર પણ રહે અને તટસ્થતા રહેતી હોય છે. જયારે નિવૃત થયેલા અધિકારીઓને આવી જગ્યા પર મૂકવાથી ખૂબ મોટું નુકસાન આ રાજય અને પ્રજા ભોગવી રહી છે. નિવૃત થયેલા અધિકારીને મુકવામાં આવે એના કારણે અનેક એવા આપણા અધિકારી, કે જે સક્ષમ છે, જેમણે ખાતાકીય પરીક્ષા આપી હોય, એ તમામ રીતે લાયકાત ધરાવતા હોય તો પણ એમને લાંબા સમય સુધી આવું પોસ્ટીંગ નહીં મળવાને કારણે અધિકારીનું મોરલ ડાઉન થતું હોય છે. આ રાજયમાં મુખ્ય સચિવથી લઇ અને એસ.ઓ. સુધીની તમામ જગ્યાઓ, અનેક જગ્યાઓએ આ રીતે નિવૃત અધિકારીઓને મૂકવામાં આવે છે એનાથી રાજયના અધિકારીઓનું મોરલ ખૂબ નીચું જાય છે. મુખ્ય સચિવથી લઇને *(xxx) અનેક તાલુકા જિલ્લા અને રાજય કક્ષાની જગ્યાઓ આ રીતે ભરવાથી ખૂબ મોટું  નુકસાન રાજયને જઇ રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં વિધાનસભાના આંકડા જોયા. સરકારી વિભાગમાં અત્યારે કુલ ૩,૨૪,૧૮૫ કર્મચારીઓ–અધિકારીઓ અને જિલ્લા પંચાયતમાં ૨,૨૧,૦૦૦ એટલે કુલ મળીને ૫,૪૫,૦૦૦ જેટલા સરકારી અધિકારી–કર્મચારીઓ આખા રાજયમાં છે. તેમાંથી ફિક્સ પગાર અને આઉટ સોર્સીંગના ગણીએ તો લગભગ ૪૪,૦૦૦ જેટલા કર્મચારીઓ છે. ૫,૦૦,૦૦૦ જેટલી જગ્યાઓ સરકાર દ્વારા ભરવામાં આવી છે. ૧૯૯૬માં છેલ્લી સરકારે જે ભરતી કરી ત્યારે પણ કર્મચારીઓની સંખ્યા ૫,૧૧,૦૦૦ હતી. એ વખતે રાજયની વસતિ ૩ કરોડ હતી. આજે વસતિ ૬ કરોડ થઇ. ડબલ થઇ. તો ખરેખર તો કર્મચારીઓ ૫,૦૦,૦૦૦માંથી વધીને ૧૦,૦૦,૦૦૦ થવા જોઇતા હતા. આ સરકાર રોજગારી આપવામાં નિષ્ફળ રહી, આ સરકારે ભરતી કેલેન્ડરનું પાલન ન કર્યું તેના કારણે આજે જે ૧૦,૦૦,૦૦૦ કર્મચારીઓ થવા જોઇએ તેના બદલે ૫,૧૧,૦૦૦ કર્મચારીઓ સરકાર પાસે છે. એટલે મારી તો માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આપણે ભરતીના આંકડા આપીએ છીએ. આપણે કર્મચારીઓની સંખ્યા દર્શાવીએ છીએ પણ તેની સામે નિવૃત્ત થનાર કર્મચારીઓનું જે કેલેન્ડર બનવું જોઇએ તેની માહિતી પણ આ ગૃહને આપે તો તેમાંથી માનનીય સભ્યશ્રીઓને ખૂબ સારી માહિતી મળશે. આઉટ સોર્સીંગની વાત થાય, પહેલાં તો અધિકારીઓનું આઉટ સોર્સીંગ થતું હતું. હવે તો મને લાગે છે કે મંત્રી મંડળમાં પણ આઉટ સોર્સીંગ થતું હોય. અનેક લોકો વર્ષોથી મહેનત કરીને રાહ જોતા હોય અને રાતોરાત કોઇકને લાવીને આઉટ સોર્સીંગથી પૂર્તિ કરવામાં આવે. રાજયના લાખો યુવાનો જે જોમવંતા છે, શિક્ષિત છે, સક્ષમ છે. સરકારી નોકરી માટે વર્ષો સુધી મહેનત કરી, સંઘર્ષ કર્યો અને આ સરકારે જયારે નોકરી આપી તો ફિક્સ પગારની આપી. આ ફિક્સ પગારની નોકરીથી યુવાનોનું શોષણ થાય છે. સમાન કામ સમાન વેતનની જે પરંપરા છે તેનો ભંગ થાય છે. આ યુવાનોએ પોતાના હક્ક–અધિકાર માટે સરકારને વારંવાર રજૂઆત કરી. વિનંતી કરી, લેખિત રજૂઆતો કરી. સરકારે તેમનું ન સાંભળ્યું. આ યુવાનોએ આંદોલનો કર્યા, અનેક પ્રયત્નો કર્યા. તેમ છતાં સરકારે તેમનું ન સાંભળ્યું. છેલ્લે ન છૂટકે આ યુવાનોને કોર્ટના શરણે જવું પડ્યું. ૨૦૦૬થી આ ફિક્સ પગારની સિસ્ટમને તમામ વિભાગોમાં લાગુ કરવામાં આવી છે. સમાન કામ સમાન વેતનનો જે સિદ્ધાંત છે તેનો આનાથી ભંગ થાય છે. ૨,૦૦,૦૦૦ કરતા પણ વધુ કર્મચારીઓ ફિક્સ પગારના કારણે શોષણનો ભોગ બની રહ્યા છે. કોઇ યુવાન હોય, પાંચ વર્ષની ફિક્સ પગારની નોકરીમાં જોડાયો. ત્યાર પછી તેણે પરીક્ષા આપી. કોઇ ઉપલી પોસ્ટ માટે સીલેકશન થાય અથવા તો અન્ય વિભાગમાં તેનું સીલેક્શન થાય તો ફરી પાછું તેને એકડે એકથી પાંચ વર્ષ ગણવામાં આવે છે. આજે ગુજરાતમાં ફિકસ પગારમાં નોકરી કરતા અનેક યુવાનો છે જેણે ૧૦–૧૦ કે ૧૨–૧૨ વર્ષ સુધી આ સરકારમાં કામ કર્યું હોવા છતાં હજુ તેને પૂરા પગારમાં કે સળંગ નોકરી ગણવામાં આવતી નથી. આ યુવાનોએ ખૂબ મહેનત કરી, ખૂબ રજૂઆત કરી. હાઇકોર્ટે પણ તેમની વાતનો સ્વીકાર કર્યો. ૨૦૧૨માં હાઇકોર્ટે પણ સ્વીકાર્યું કે આ ફિક્સ પગાર ગેરબંધારણીય રીતે છે. સમાન કામ સમાન વેતનના ભંગ બરાબર છે. એટલે આ કર્મચારીઓને કાયમી કર્મચારી તરીકે જે હક્ક અને લાભ મળવા જોઇએ અને તે તેમને આપવા જોઇએ. સરકારે ધાર્યું હોત તો સ્વીકારીને એ લોકોને અત્યારે કાયમી કરી શક્યા હોત, પણ સરકારે તેમના માટે લાગણી બતાવવાને બદલે ૨૦૧૨થી લઇને સુપ્રીમ કોર્ટમાં ગયા. આજે ૨૦૧૯ થઇ, સાત વર્ષનો સમય ગયો. આ મધ્યમ વર્ગમાંથી, ગરીબ પરિવારમાંથી આવનારા ૨,૦૦,૦૦૦ યુવાનો આજે પોતાના પરિવારનું ભરણ–પોષણ નથી કરી શકતા, તેમાંથી પૈસા ઉઘરાવીને સુપ્રીમ કોર્ટના વકીલોની ફી ભરીને આ સરકાર સામે લડી રહ્યા છે. સરકાર એક બાજુ ઉદ્યોગપતિઓ માટે લાલ જાજમ બિછાવે, કરોડો રૂપિયાનો લાભ આપે અને બીજી બાજુ ગુજરાતનો મારો ફિક્સ પગારનો યુવાન કે જે સરકારના હાથ–પગ છે, જે સરકારની યોજનાઓનો સારો અને સુચારુ રીતે લોકો સુધી લાભ આપવા માટે દિવસ–રાત મહેનત કરે છે. એ કર્મચારીઓ માટે બિલકૂલ પણ લાગણી નહીં ધરાવનારી આ સરકારે આજ દિન સુધી સુપ્રીમ કોર્ટમાં એ કેસ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પણ પરત ખેંચ્યો નથી. મારી તો સરકારને અને માનનીય મંત્રીશ્રીને સ્પષ્ટ વિનંતી છે કે આપણે જો આ યુવાનોનું હિત જોતા હોઇએ, ગુજરાતને આગળ લઇ જવું હોય, ગુજરાતના યુવાનોની જે તાકાત છે, જે મહેનત છે એનો જો લાભ લેવો હોય તો સુપ્રીમ કોર્ટમાં આપણો જે કેસ દાખલ કર્યો છે એ પરત ખેંચવો જોઇએ અને તમામે તમામ યુવાનોને એનો હક્ક આપવો જોઇએ. આ સરકાર આઉટસોર્સીંગથી મોટા ભાગની જગ્યાઓ ઉપર કર્મચારીઓ/અધિકારીઓ નીમે છે પણ એનાથી જે અનામતની પ્રથા છે, અનામતની જોગવાઇ છે એનો સરેઆમ ભંગ થાય છે. સરકારની ભરતી થાય, સરકારના નિયમ મુજબ એસ.સી. એસ.ટી., ઓ.બી.સી. માટે અનામતની જોગવાઇ છે પણ આઉટ સોર્સીંગ અને ફીક્સ પગારથી જે ભરતીઓ થાય છે અને જે કોન્ટ્રાકટથી ભરતીઓ થાય છે એમાં દરેક જગ્યાએ અનામત પ્રથાનો બિલકુલ ભંગ થાય છે અને એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. વર્ગના યુવાનોને ખૂબ મોટા પ્રમાણમાં અન્યાય થાય છે. સામાન્ય વહીવટ વિભાગે મેં કીધું એમ દરેકનું સંકલન કરવાનું, રાજયમાં ચૂંટાયેલા પ્રતિનિધિ ધારાસભ્ય એટલે એ આ પક્ષનો ધારાસભ્ય હોય કે આ પક્ષનો ધારાસભ્ય હોય બે થી ત્રણ લાખ મતદારોના જન પ્રતિનિધિ તરીકે ચૂંટાઇને આવનારો ધારાસભ્ય છે. એનું માન સન્માન જળવાય, એણે જે રજૂઆતો કરી હોય એનો સત્વરે જવાબ મળે અને એનો યોગ્ય નિકાલ થાય એની જવાબદારી સરકારની બને છે. જી.એ.ડી.એ અનેક પરિપત્રો કર્યા છે કે એમ.એલ.એ.નો પ્રોટોકોલ કેવો હોવો જોઇએ. અધિકારીઓનું એમ.એલ.એ. સાથેનું વર્તન કેવું હોવું જોઇએ. એમના પત્રના જવાબ કયારે મળવા જોઇએ, એમના પ્રશ્નનું નિરાકરણ કઇ રીતે કરવું જોઇએ, એને અગ્રતા આપવા માટે મંત્રીમંડળમાં અનેક પરિપત્રો કરવામાં આવ્યા છે પણ જી.એ.ડી.ના પરિપત્રો અને કેન્દ્ર સરકારના પરિપત્રોને પણ અધિકારીઓ ઘોળીને પી જાય છે. આજે બેઠેલા દરેક ધારાસભ્યોને અનુભવ હશે કે એમના વિસ્તારમાં કે જિલ્લામાં ખાતમુહૂર્ત હોય, ઉદઘાટન હોય, સરકારી કાર્યક્રમ હોય એનો પ્રોટોકોલ નથી જળવાતો. કોઇ અધિકારીને મંત્રી ફોન કરે, મંત્રીમંડળ કે સચિવની વાતો તો બાજુએ રાખીએ પણ જિલ્લાના કલેકટર કે ડી.એસ.પી. કે ડી.ડી.ઓ.ને ફોન કરે તો એનો જવાબ આપવા સુદ્ધા પણ એ લોકો તસ્દી નથી લેતા. સાથેસાથે એનો પત્ર લખે તો પણ એનો જવાબ નથી મળતો ત્યારે જે આપણે પરિપત્રો કર્યા છે એનો સરેઆમ ભંગ થઇ રહ્યો છે. સરકારનો વહીવટીતંત્ર ઉપર કોઇ જાતનો અંકુશ ના હોય એવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે, ત્યારે મારી તો આપ સૌના માધ્યમથી મંત્રીશ્રીને, સરકારશ્રીને વિનંતી છે કે આ પ્રજાનો ચૂંટાયેલો પ્રતિનિધિ ધારાસભ્યનું માન-સન્માન જળવાય અને આપણા જે જી.એ.ડી.ના પરિપત્રો છે એનું પાલન થાય અને જયાં પાલન ના થતું હોય તેવા અધિકારીઓ સામે કડકમાં કડક કાર્યવાહી થાય એવી સુચના સરકાર આપે એવી આ તકે વિનંતી કરું છું. અત્યારે પરિસ્થિતિ એવી છે કે '' મોસાળમાં જમણવાર અને મા પીરસનાર'' એવી છે. રાજયમાં પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર અને કેન્દ્રમાં પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર. ૨૦૧૪માં તત્કાલીન માનનીય મુખ્યમંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઇ જે પ્રશ્નો ઉઠાવતા હતા, જે રજૂઆતો કરતા હતા આજે એમને કેન્દ્રમાં સત્તા ઉપર બેઠે વડાપ્રધાન બને ૬૨ મહિનાનો સમયગાળો થયો. પોતે જ જયારે નિર્ણય કરનાર છે, ગુજરાતના લોકો અપેક્ષા રાખીને બેઠા છે તો શું કરવા લોકોના પ્રશ્નોનું નિરાકરણ નથી કરતા? એવા સંજોગોમાં મારી સ્પષ્ટ લાગણી છે કે નર્મદાને રાષ્ટ્રીય યોજના જાહેર કરવામાં આવે, સાથે સાથે પશ્ચિમ રેલ્વેનું વડુ મથક અમદાવાદ બનવાનો પ્રશ્ન પેન્ડિંગ છે, ગીરના જંગલને ફરતે રીંગ રોડ બનાવવાની વાત પેન્ડિંગ છે. જે સરદાર સાહેબનું આપણે સ્ટેચ્યૂ ઓફ યુનિટી બનાવ્યું એમની કર્મભૂમિ કરમસદને પણ સ્પેશિયલ દરજ્જો આપી અને લાભ અપાવવાની વાતો પેન્ડીંગ છે. આવા અનેક ગુજરાતને લગતા, ગુજરાતીઓની પ્રગતિને લગતા પ્રશ્નો જયારે કેન્દ્ર સરકારમાં પેન્ડીંગ હોય ત્યારે આવો, તમારી સાથે અમે પણ આવવા તૈયાર છીએ. આપણા શ્રી નરેન્દ્રભાઇ હોય તો શું કરવા પ્રશ્નો બાકી રહે? શું કરવા નર્મદા યોજનાને રાષ્ટ્રીય યોજનાનો દરજ્જો ના મળે? આવા તમામ પ્રશ્નોને માટે અમે પણ તમારી સાથે આવવા તૈયાર છીએ. આવો, આપણે સૌ સાથે મળીને કેન્દ્રમાંથી ન્યાય મળે અને ન્યાય ન મળતો ના હોય તો માનનીય નીતિનભાઇ, પેલી થપ્પડની જાહેરાતો ફરી આપો તો એમાં પણ અમે બધા તમારી સાથે સંમત છીએ.

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી જે માગણી નંબર-૮૫ લઇને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું અને એમાં મારા વિચારો રજૂ કરું છું. ગુજરાત રાજયની આ ભારતીય જનતા પાર્ટીની સરકાર અને કેન્દ્રની આ ભારતીય જનતા પાર્ટીની સરકાર સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના વિશ્વાસના મંત્ર સાથે ચાલી રહી છે. આજે ગુજરાત રોલમોડેલ સમગ્ર દેશની અંદર ચારે બાજુ આપણા રાજયને દરેક જગ્યાએથી વખાણવામાં આવે છે. એના ઇન્ફ્રાસ્ટ્રકચરની વાત કરીએ તો દરેક રાજ્યોએ ગુજરાતને સર્વશ્રેષ્ઠ રાજ્ય તરીકેનો એક દરજ્જો આપ્યો છે. આજે વિપક્ષના કોઇ સભ્યશ્રી જ્યારે કંઇપણ વાત લઇને આવે છે ત્યારે એમની ભૂમિકા હોય છે વિપક્ષમાં બેઠા હોય ત્યારે વિરોધ કરવાની. પણ સાથોસાથ એ પણ જાણે છે કે જ્યારે કાપ દરખાસ્ત મૂકતા હોય છે ત્યારે આપણા જ નાણામંત્રી અને માર્ગ મકાન મંત્રી આપણે જોઇએ છીએ કે ઘણા વર્ષોથી આખા રાજ્યનો વિકાસ થયો છે. ગુજરાત રાજ્યમાં ૧૮૨ તાલુકાઓનો વિકાસ થયો છે. પક્ષાપક્ષીમાં ન પડીને, કોઇપણ માટે દ્વેષભાવ ન રાખીને ગુજરાતની સાડા છ કરોડની જનતાની ચિંતા કરતી આ સરકારને ખરેખર હું અભિનંદન આપું છું. આપણા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબને અભિનંદન આપું છું. સરકારમાં વિપક્ષના ધારાસભ્ય જ્યારે કામ લઇને જાય છે ત્યારે એમના દિલને પૂછે તો ખબર પડે કે જ્યારે પણ અમારા મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી કે મંત્રીમંડળના કોઇ સભ્ય પાસે જાય છે ત્યારે વિકાસના કામમાં તેઓ હરહમેશ તેમની સાથે રહ્યા છે. પણ દુઃખ સાથે કહેવું પડે છે કે જ્યારે વાત થતી હોય ત્યારે સૂચનો જરૂરી છે પણ તમારા કામો જે પ્રમાણે થઇ રહ્યા છે એ પ્રમાણે સરકારની વાહ વાહ કરવી અને વખાણ કરવા એ

કાંઇ ખોટી વસ્તુ નથી. કોઇપણ કામો થતા હોય, મારા વિસ્તારના ઘણા કામો થયા છે. માગણી નં. ૮૫ માનનીય નીતિનભાઇ લઇને આવ્યા છે એમાં હું સૂર પુરાવવા એટલા માટે ઉભો થયો છું કે અમારે ત્યાં લગભગ રૂપિયા ૭.૨૫ કરોડનાં કામો આજના તબક્કે ચાલી રહ્યાં છે. આજે એક વાતનો આનંદ થાય છે કે મારો ડેસર તાલુકો એ વડોદરા જિલ્લામાંથી અલગ પડ્યો ત્યાર બાદ ત્યાં ડેસરમાં સ્ટાફ મેમ્બર કેટેગરી–સી ટાઇપના ૪ યુનિટનું બાંધકામ હાલમાં ચાલી રહ્યું છે. આની કિંમત ૧ કરોડ ૩ લાખ રૂપિયા છે. સાવલીમાં સેકન્ડ એડિશનલ જજ માટેનું ડી ટાઇપનું એક યુનિટનું કામ ચાલી રહ્યું છે અને એની કિંમત રૂપિયા ૪૬ લાખ છે. ડેસરમાં પ્રિન્સિપાલ સિવિલ જજ માટે ડી.૧ ટાઇપનું એક યુનિટનું કામ ચાલી રહ્યું છે અને એની કિંમત રૂપિયા ૪૬ લાખ છે. ડેસરમાં બી.૧ ટાઇપના ૪ યુનિટ રહેણાંકના આવાસોનું કામ ચાલી રહ્યું છે અને એની કિંમત રૂપિયા ૮૮ લાખ છે. સિવિલ સ્ટાફ મેમ્બર માટે કેટેગરી–સી ના ૬ યુનિટના કામો ચાલી રહ્યા છે જેની કિંમત રૂપિયા ૧ કરોડ ૩૩ લાખ છે. સાવલીમાં સ્ટાફ મેમ્બર કેટેગરી–બી ટાઇપના ૧૦ યુનિટોનું કામ ચાલી રહ્યું છે અને એની કિંમત રૂપિયા ૧ કરોડ ૧૯ લાખ છે. સ્ટાફ કેટેગરી–એ ના ૬ યુનિટના કામો ચાલી રહ્યા છે અને એની કિંમત રૂપિયા ૧ કરોડ ૪ લાખ છે. સાવલીમાં એડિશનલ ડિસ્ટ્રીક્ટ જજ માટે ઈ.૧ ટાઇપના રહેણાંકનું કામ ચાલી રહ્યું છે અને એની કિંમત ૭૦ લાખ છે. મારે આ તબક્કે ગુજરાત રાજ્યને ગૌરવ અપાવનારા આપણા જ ગૃહમંત્રી અને રાજ્ય કક્ષાના કાયદા મંત્રી કે જેમણે દેશમાં ગુજરાતનું નામ રોશન કર્યું છે અને એક પ્રતિભાશાળી મંત્રી તરીકે જ્યારે શ્રેષ્ઠ એવોર્ડ મળ્યો છે તો આ તબક્કે એમને પણ અભિનંદન આપું છું. સાથોસાથ શ્રી નીતિનભાઇ પટેલ સાહેબને અભિનંદન આપું છું અને એમનો આભાર વ્યક્ત કરું છું. માનનીય વિજયભાઇ રૂપાણી સાહેબનો આભાર માનું છું. એટલું ચોક્કસ કહીશ કે જ્યારે વિકાસના કામો થતા હોય, સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ સાથેની આ સરકાર ચાલતી હોય ત્યારે વિપક્ષના મિત્રોને વિનંતી કરું છું કે એમની કાપ દરખાસ્તો પાછી ખેંચી લે અને અમારા મંત્રી, નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને અનુમોદન આપે.

શ્રી બ્રિજેશ મેરજા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગની માગણી ગૃહમાં રજૂ કરવાની અનુમતિ લઇને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જોગાનુજોગ આજે મહાગુજરાતની ચળવળના પ્રણેતા શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકની પૂણ્યતિથિ છે. આ ગુજરાતની જેમના હસ્તે સ્થાપના થઇ હતી એવા સાદગીના પર્યાય એવા રવિશંકર મહારાજ અને ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રીશ્રી જીવરાજભાઇ મહેતા કે જેઓ સાદાઇથી અને કરકસરથી વહીવટ ચલાવતા હતા. ગુજરાતના મુખ્ય સચિવશ્રી બાલકૃષ્ણન કે જેઓ સાઇકલ ઉપર સચિવાલયમાં આવતા હતા. એવી ગુજરાતની આ ધરોહર આજે ક્યાં જઇ રહી છે? એ ચિંતાનો વિષય છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે મુખ્યમંત્રીશ્રી જી.એ.ડી.નો કબજો સંભાળે છે ત્યારે જવાબદારી ખૂબ વધી જાય છે. જી.એ.ડી. વિભાગ હમણાં જ અમારા પક્ષના માનનીય અમિતભાઇ ચાવડા સાહેબે કહ્યું કે, આ હૃદય છે. અન્ય વિભાગો એ ચાહે મહેસૂલ હોય, પંચાયત હોય એ ધમની અને શીરા છે ત્યારે વહિવટમાં જેને પિતામહ કહી શકાય એવા વુડ્રો વિલસને હ્યું છે કે, જાહેર વહીવટ એ કાયદાનો વ્યસ્થિત અને વિગતવાર અમલ કરે છે. અહીં વિધાનસભામાં આપણે કાયદા કરીએ એનો અમલ જી.એ.ડી. મારફત થતો હોય છે. એટલે જી.એ.ડી. ને ''જી.એ.ડી. ઇઝ એ ડિપાર્ટમેન્ટ ઓફ ડિપાર્ટમેન્ટ્સ'' કહ્યું છે. સરકારના તમામ વિભાગોમાં સામાન્ય વહીવટી વિભાગ એ વિભાગ છે. એટલે જ જી.એ.ડી. એ વહીવટનો પર્યાય છે. એમ પણ કહી શકાય કે વહીવટના મૂળમાં જી.એ.ડી. છે. સામાન્ય વહીવટ વિભાગે દરેક વિભાગને માર્ગદર્શન આપવાનું હોય છે જે સરકાર નીતિઓ નક્કી કરે એના અર્થઘટનમાં ચોક્કસાઇ રાખવાની હોય છે. એટલે જી.એ.ડી.માં ચુનંદા, પ્રામાણિક, બાહોશ અને અનુભવી અધિકારીઓ રાખવા જોઇએ. અમારા અમિતભાઇ ચાવડાએ સાચું જ કહ્યું કે, જી.એ.ડી.માં જો અધિકારીઓની ખેંચ રહેતી હોય અને તમે ભારત સરકારમાં તમે ડેપ્યુટેશન પર મોકલતા હોય તો અત્યારે જી.એ.ડી.માં જે અધિકારીઓ છે એ અનુભવીની ખેંચ છે. ભારત સરકારે આઇ.એ.એસ. ઓફિસરને ૬૦ વર્ષના ૬૨ વર્ષ કર્યા. વર્ગ ૪ અને વર્ગ ૧ ને ગુજરાતમાં પણ ૬૦ વર્ષ છે તો વર્ગ ૧, ૨ અને ૩ ને પણ ૬૦ વર્ષ કેમ તમે કરતા નથી? અને તમે નવી ભરતી કરતા નથી. નવા બેરોજગારોને તમે યોગ્ય ચાન્સ આપતા નથી ત્યારે વય મર્યાદા ૫૮ ના ૬૦ થાય એ પણ આવકાર્ય છે. માનનીય અધ્યક્ષશ્રી, જી.એ.ડી.ને કિંગ ઓફ કિંગ્સ કહેવાય છે. એટલે જી.એ.ડી.ના અધિકારીઓનું ઉત્તરદાયિત્વ ખૂબ વધી જાય છે. જાહેર વહીવટને સમજવા માટે 'વહીવટ' શબ્દને સમજવો જરૂરી છે. વહીવટને અંગ્રેજીમાં એડમિનિસ્ટ્રેશન કહેવામાં આવે છે. લેટિન ભાષામાં એડ અને મિનિસ્ટ્રેટ એના ઉપરથી એડમિનિસ્ટ્રેશન શબ્દ બને છે. જી.એ.ડી.માં પાંચ બાબતો ખૂબ મહત્વની હોવી જોઇએ. એ પારદર્શક હોવી જોઇએ, સત્ય, સેવા અને સમર્પણથી વહીવટ થવો જોઇએ. પ્રજાતંત્રમાં પ્રજાનું કલ્યાણ એ સર્વોપરી હોવું જોઇએ. વહીવટમાં ઘટતી અમુક ઘટનાઓની પણ વારંવાર તપાસ સમિતિ નીમી દો એવું કરવાના બદલે સારા અને સાચા કલ્યાણ માટે ત્વરિત એક્શન લેવાવા જોઇએ. સરકારનો મૂળભૂત હેતુ પ્રજાનું મહત્તમ કલ્યાણ કરવાનો છે અને આ જી.એ.ડી. એ પારદર્શક વહીવટ આપે. કારણ કે, સરકારના વહીવટનો જી.એ.ડી. પ્રાણ છે. જી.એ.ડી. સરકારને પ્રાણવાયુ પૂરો પાડે છે અને અન્ય વિભાગને એ દોરવણી આપે છે ત્યારે ભારતીય સંવિધાનની કલ્યાણ રાજની રચના છે એમાં આર્થિક આયોજન, નાગિરકોની ન્યાયિક ખાતરી સામાજિક અને આર્થિક સુરક્ષા જેવા મૂળભૂત માપદંડોની યોગ્ય જાળવણી થાય અને એને મધ્ય નજરે રાખીને (અંતરાય)

સભાપતિશ્રી : બે મિનિટમાં પૂરું કરો.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર જે નીતિ નક્કી કરે એટલે તેને બાહોશ અધિકારી અમલમાં મૂકે. દ્વિઅર્થી ડ્રાફટિંગ ના થાય એ પણ જોવાનું છે. આપણે વિધાનસભામાં કાયદા ઘડીએ છીએ અને કાયદા ઘડનારા ફાઇવ ડે વીક રાખતા હોય તો ગુજરાતમાં પણ ''ફાઇવ ડે'' વીક રાખો. જેથી વહીવટમાં કરકસરતાપૂર્વક એનો ઉપયોગ થાય. અમારા શ્રી અમિતભાઇ ચાવડા સાહેબે એમ.એલ.એ.નો પ્રોટોકોલ જાળવવાની જે ટકોર કરી છે એને પણ અનુસરે. સાહેબ, મંગળવારે ધારાસભ્યો મંત્રીશ્રીઓને મળવા આવતા હોય છે એમને પૂરતો સમય આપો. જિલ્લા કક્ષાએ જિલ્લા સંકલન સમિતિમાં ધારાસભ્યશ્રીઓની જે રજૂઆત હોય છે એનો નીવડો આવે એવું કરાવો અને જે રીતે આપણે એ.ટી.વી.ટી.માં એક કરોડની ગ્રાન્ટ છે. તાલુકો મોટો હોય તો બે કરોડની કરો. સામાન્ય વહીવટ વિભાગના પરામર્શમાં અગાઉ જે તે વિભાગના મંત્રીશ્રીઓ ધારાસભ્યો અને સંસદસભ્યોની એક પરામર્શ સમિતિ ચલાવતા હતા એ પરામર્શ સમિતિ પણ પુન: કાર્યાન્વિત કરો અને ગુજરાત સરકારની ટેલિફોન સૂચિકામાં હજુ સુધી ધારાસભ્યોના નામ પણ આમેજ કરવામાં આવ્યા નથી તે કરો. કેન્દ્ર સરકાર સાથેના પડતર પ્રશ્નોની માનનીય અમિતભાઇ ચાવડા સાહેબે વાત કરી એ પ્રમાણે આપણા ગુજરાતમાં વધુમાં વધુ મીઠું પાકે છે અને એનું હેડ કર્વાટર જયપુર છે એ અમદાવાદ લાવો, ગાંધીનગર લાવો. આર.ટી.આઇ.નો ક્રાંતિકારી કાયદો ભારત સરકારની યુ.પી.એ. સરકાર લાવી અને ૨૦૧૭-૧૮ માં એના ગુજરાતમાં પરિમાણો દેખાયા. મહેસૂલ અને પંચાયતની વધુમાં વધુ અપિલો દરરોજની ૩૦ જેટલી અપીલો અહીં આવે છે. ઇ.બી.સી.ને પણ વય મર્યાદામાં છૂટ આપો. કર્મચારી કલ્યાણની પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરો. એકસ એમ.એલ.એ. કાઉન્સિલની પ્લોટ અને જે માગણીઓ છે એને ન્યાય આપો. આભાર.

શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ પટેલ સાહેબ, નાયબ મુખ્યમંત્રીશ્રી માગણી નં. ૮૬ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. સૌનો સાથ, સૌનો વિકાસ અને પ્રજાનો જેને હર હંમેશનો સાથ મળ્યો છે એ રીતે આ ભા.જ.પ. સરકાર પ્રજાની લાગણી અને પ્રજાની વેદનાને લઇને કામ કરી છે. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ માર્ગ અને મકાન વિભાગનો હવાલો પણ સંભાળે છે. દરેક ધારાસભ્યો એમને મળે છે અને જ્યારે મળે છે ત્યારે પાછા નીકળે તો હસતા હસતા બહાર આવે છે. મેં જોયું છે ૧૮૨ ધારાસભ્યોની અંદર કોઇપણ ધારાસભ્ય એવા નહીં હોય એને એના વિસ્તારની અંદર માન નહીં મળ્યું હોય! એનું કારણ હોય તો શ્રી નીતિનભાઇ પટેલ સાહેબ છે અને એમણે રસ્તા આપ્યા, પુલ આપ્યા એને લીધે તમારા વિસ્તારમાં પણ તમારું નામ આગળ થતું હશે. તમારા નામને પણ મહત્વ મળતું હશે એનું કારણ હોય તો અમારી સરકાર ભારતીય જનતા પાર્ટીની સરકાર બધાને સાથે લઇને ચાલે છે. એ રસ્તાઓની માગણી હોય, પુલની માગણી હોય, ઓવર બ્રિજની માગણી હોય, મોટા મોટા શહેરોના ફલાય ઓવરની માગણી હોય. આ બધા કામ માટે રૂપિયા ૧૦૦૦૦ કરોડનું જે બજેટ આવ્યું છે એ બજેટ છે અને આ બજેટની અંદર મોટા મોટા શહેરોમાં મુખ્યમંત્રી સડક યોજના પણ લોકપ્રિય બની છે. ગામડાંઓમાં રસ્તા બને, શહેરોમાં મોટામોટા રસ્તાઓ બને, શહેરોની અંદર ઓવર બ્રિજ બને એ રાજકોટ હોય, અમદાવાદ હોય, મહેસાણા હોય, સુરત હોય એમાં વસ્તી વધે એટલે સરકાર કાળજી રાખતી હોય છે અને ત્યારે ગામડાંના લોકોને પણ એવું હતું કે અમારા વિસ્તારની અંદર પણ કામ થતું નથી. પરંતુ મુખ્યમંત્રી સડક યોજના માનનીય મુખ્યમંત્રીશ્રી લાવ્યા અને શ્રી નીતિનભાઇએ એને ખૂબ લોકપ્રિય બનાવી છે અને ગામડાંમાં આપણે જઇએ છીએ તો લોકો એમ કહે છે રસ્તા કેમ ન બને? તમે ધારાસભ્ય છો. આપણા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી છે, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ છે. એમને કહો આ રસ્તો કેમ ન બનાવે? એવી મુખ્યમંત્રી સડક યોજનાને લીધે લોકોમાં જાગૃતિ આવી ગઇ છે. લોકો કેટલાક બોલતા હતા કે આમ નથી થયું. પરંતુ આ વિસ્તારમાં ખૂબ મોટા કામ થયા છે. છેલ્લા ત્રણ વર્ષમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનામાં રૂ.૧૦૨૪૩ કરોડના ૨૯૮૮૫ ગ્રામ્ય માર્ગોના ૧૧૨૪૪ કામોને મંજૂરી મળી ગઇ છે. ૧૯૬૩૦ કિલોમીટરના ૭૩૭૬ કામો પણ પૂર્ણ થયા છે. મારા વિસ્તારની જ્યારે વાત કરું છું ત્યારે મારા નસવાડી તાલુકામાં, સંખેડા તાલુકામાં કેટલાક રસ્તાઓ બાકી છે. હરકોડ કુંડા, સાંકળ આમટા, સાંકડી બારી,ગોટીયા આંબા, નાની ઝડુલી, મોટી ઝડુલી રસ્તાથી વંચિત છે એ રસ્તાઓને મંજૂરી મળે તથા ઢેબરપુરા બોડેલી તાલુકામાં જે પુલ બનાવવાની માગણી છે, નસવાડી તાલુકામાં રાયપુર, ખુશાલપુરાની માગણી છે એવી માગણીઓ પણ માનનીય નીતિનભાઇ સાહેબ મંજૂર કરે. અમારા વિસ્તારમાં હજુ પણ રસ્તાઓ બાકી રહી ગયા. પહાડી વિસ્તાર છે. પહાડી વિસ્તારમાં રસ્તાની કિંમત વધી જાય છે તો અમને મંજૂરી મળે અને આ વિસ્તારમાં ખૂબ સારું કામ થાય એવી મારી લાગણી છે અને જે માગણી લઇને આવ્યા છે એને હું અનુમોદન કરું છું.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ અને માર્ગ મકાન વિભાગના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જે માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ રાજયના વિકાસમાં રસ્તાઓનું ખૂબ જ મહત્વ હોય છે અને આપ સૌ જાણીએ છીએ. મારી આપના મારફત નાયબ મુખ્યમંત્રીશ્રીને એ તરફ ધ્યાન દોરવાનું છે કે સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતા રસ્તાઓ છે જેમાં રાજપીપળા, ઝઘડિયા, અંકલેશ્વર, વડોદરા, ડભોઇ, કેવડિયા આ રસ્તાઓ સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતા ચાર માર્ગીય રસ્તાઓ બનાવવામાં આવ્યા છે. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોરવાનું છે કે સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં રાજપીપળાથી અંકલેશ્વરના રસ્તો જે હાલમાં જ બન્યો છે, જેને હજુ ૩ મહિના પણ થયા નથી, છતા ડામરનાં કામમાં ઠેરઠેર ગાબડા પડ્યા છે. કરોડો રૂપિયા

આપણે ખર્ચતા હોઇએ ત્યારે આવા તકલાદી કામ કરેલ હોય તેવાં અધિકારીઓ, કોન્ટ્રાક્ટરો ઉપર તમે શું પગલાં લીધાં છે તે આપના જવાબમાં જણાવશો. કારણ રાજપીપળાથી તવડી સુધીનો રસ્તો કમ્પ્લીટ થઇ ગયો છે. તવડીથી ઝઘડિયા અને અંકલેશ્વર સુધી જે રસ્તો જવાનો છે, ત્યાં તો કામની શરૂઆત પણ થઇ નથી. ઓવર બ્રિજ બાકી છે, એની સાઇડો બાકી છે. શું કારણ છે કે જેના લીધે આ રસ્તો બનતો નથી. એક બાજુ આપણે પાકા રસ્તાની, મજબૂતીની વાત કરીએ છીએ. એક બાજુ આ કોઇ નજીકનું છે કે શું છે, એની સમજણ પડતી નથી કે એની સામે આપણે પગલાં લઇ શકતાં નથી. મારે બીજી વાત કરવી છે કે ચાણોદ પોઇચા પુલ વર્ષોથી થયેલ છે. ત્યાં આગળ મહારાષ્ટ્રમાંથી જોડતા રસ્તા ઉપરથી મોટા મોટા વાહનો આવે છે. એના લીધે આ પુલ ઉપર ઠેર ઠેર ગાબડા પડ્યા છે. વર્ષમાં બે વખત બંધ રહે છે. મારી વિનંતી છે કે નવો પુલ એની બાજુમાં બનાવો, જેથી કરીને સ્ટેચ્યુ ઓફ યુનિટીનું આપણું લક્ષ છે એ પાર પડે. વઘઇથી કેવડિયા જવા માટે ખૂબ ટૂંકું અંતર છે. સમયનો બચાવ થશે, ડીઝલ, પેટ્રોલની બચત થશે અને લોકોને સુવિધા મળશે. બીજી વાત કરવી છે કે મારા વિસ્તારમાં જે રસ્તાઓ આવેલ છે, એને જોબ નંબર આપીએ છીએ, ત્યારે એમાં જે દરખાસ્તો આવે છે એ દરખાસ્તોમાં લગભગ અમને ઘણાં જ ઓછાં કામો મળે છે. જોબ નંબરની વાત કરું તો નવા નાળા, બ્રિજ બનાવવા માટે ગરુડેશ્વરમાં ૨, નાંદોદમાં ૪, તીલકવાડામાં ૪ એમ કરીને ૧૦ દરખાસ્તો અમે મોકલી છે તે દરખાસ્તો પણ મંજૂર કરો તેવી મારી માગણી છે. મારા મત વિસ્તારમાં ૧૦ વર્ષથી રીસરફેસ ન થયેલ હોય તેવા નોન પ્લાન ડામર સપાટીની સંખ્યા લગભગ ૩૨ છે. આપ જ્યારે પણ જોબ નંબર આપો તે વખતે સમાન દ્રષ્ટી રાખીને ૩૨-૩૨ આપો તે તો મને પણ શકય નથી લાગતું, પણ વધુમાં વધુ રસ્તાઓ મને મળે તે નાળાનાં કામ હોય, ડીપનાં કામ હોય જ્યાં ૨૦૦થી ઓછી વસતિ ધરાવતા ફળિયાના, મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાના હોય. માનનીય અધ્યક્ષશ્રી, કિસાનપથ અને સુવિધાપથ નામની નવી યોજનાઓ શરૂ કરી છે તો તેમાં મારા વિસ્તારમાં આ યોજનામાં એકપણ કામ થયા નથી તો આ કિસાનપથ અને સુવિધાપથમાં વધારેમાં વધારે નવા રસ્તા મળે તેવી નમ્ર વિનંતી છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ માર્ગ અને મકાન વિભાગની માગણી નં.૮૬ લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન આપવા અને મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગે ૨૦૧૯-૨૦૨૦ની અંદર રૂપિયા ૧૦૫૦ કરોડની માતબર જોગવાઇ કરી છે તેનાથી ખરેખર ગુજરાતની અંદર તમામ રોડ, પુલ અને ઇન્ફ્રાસ્ટ્રકચરને વેગ મળવાનો છે. હું પુલની વાત કરું તો નર્મદા નદી પર જે પુલ હતો તે પુલની વાત આજે કોંગ્રેસના મિત્રોને યાદ કરાવું. તેમાં દક્ષિણ ગુજરાતના ધારાસભ્યો દર અઠવાડિયે અહીં આવે છે ત્યારે અહીંથી બેથી અઢી કલાકમાં ભરૂચ પહોંચી જતા પણ જયારે ભરૂચથી બ્રિજ પર ટ્રાફીક જામ હોય ત્યારે બે-બે, ત્રણ-ત્રણ કલાક ટ્રાફિકમાં અટવાતા અને અમને ચિંતા થતી કે અમે ઘરે કયારે પહોંચીશું! આનો દરેક લોકોને અનુભવ છે. મને બરાબર યાદ છે કે, જ્યારે ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણી આવી ત્યારે સુરત જિલ્લાના, તાપી જિલ્લાના કેન્દ્રીય મંત્રીશ્રી તુષારભાઇ ચૌધરી અને કોંગ્રેસના નેતાશ્રી અહેમદભાઇ પટેલ પથ્થર મૂકીને ખાતમુહૂર્ત કરી ગયા હતા. ત્યારે ઇલેકશન પતી ગયા પછી તેઓ પુલ બનાવવાનું ભૂલી ગયા હતા. અમારી સરકારે તેમાં બજેટ મંજૂર કરીને કેબલ સ્ટ્રેઇડ સૌથી સારામાં સારો બ્રિજ બનાવ્યો. આજે અમે લોકો કલાક કે દોઢ કલાકની અંદર પહોંચી જઇએ છીએ. તમે ખાલી ખાતમુહૂર્ત જ કરો છો! જ્યારે ભારતીય જનતા પાર્ટી ખાતમુહૂર્ત કરે છે અને લોકાર્પણ પણ કરે છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ આ બ્રિજનું લોકાર્પણ કરી ગયા છે અને આજે અમે લોકો આરામથી જઈ શકીએ છીએ. એ જ રીતે આજે તમે જુઓ તો ૧૮૫૦માં ગોલ્ડન બ્રિજ બનેલો તેમાં આજે ફોર વ્હીલર જઈ શકે છે. અમારી સરકારે ત્યાં પણ રૂ.૪૦૦ કરોડ મંજૂર કરીને ગોલ્ડન બ્રિજનું કામ શરૂ કર્યું છે. જેમાં અંકલેશ્વરથી જે લોકો ૨૫ કિલોમીટર ફરીને જતા હતા તે લોકો ફકત ૮ કિલોમીટરની અંદર ભરૂચ પહોંચી શકશે. તે જ રીતે નર્મદા નદી પર હાંસોટ અને દહેજને જોડતા બ્રિજનું કામ ચાલી રહ્યું છે. હાંસોટને તેનો લાભ મળવાનો છે તો તેની સાથે સાથે ઓલપાડ અને હજીરા વિસ્તારને તેનો લાભ મળવાનો છે. હજીરાના જે ઉદ્યોગો છે તેને ૭૦ કિલોમીટર ફરીને દહેજ જવું પડતું હતું તે આજે આ બ્રિજ બનવાથી ત્યાંથી જઇ શકશે. કોંગ્રેસના લોકોને યાદ દેવડાવું કે ૧૯૮૦થી ૧૯૮૨ની અંદર મારા જ વિસ્તારમાં ડેલાસાથી કપાસીના બ્રિજનું કામ ચાલતું હતું. આજની તારીખે તે બ્રિજનું કામ અધૂરું છે પૂરું નથી થયું. હું માનનીય નીતિનભાઇ પટેલ સાહેબને વિનંતી કરું છું કે અમારા આ બ્રિજનું કામ પરિપૂર્ણ થાય તો બીજા દસ ગામને લાભ મળી શકે તેમ છે. ગુજરાતની અંદર ટ્રેનોમાં અપડાઉન થાય છે ત્યારે માર્ગ અને મકાન વિભાગે લગભગ રૂ.૬૫૦૦ કરોડના ખર્ચે આરઓબીના કામની જાહેરાત કરી છે. તે પૈકી લગભગ ૭૫ કામ પ્રગતિ હેઠળ છે અને રૂપિયા ૩૪ કરોડની જોગવાઈ કરીને બીજા ૬૮ આરઓબીની મંજૂરી આપી છે. મને આજે પણ યાદ છે કે, ૨૦૧૭ની અંદર શ્રી નીતિનભાઇ પટેલ સાહેબ અમારા ગોઠણ આરઓબીનું લોકાર્પણ કરી ગયા છે. તેના માટે અમે ૨૦૦૪થી કોંગ્રેસની સરકાર જ્યારે કેન્દ્રમાં હતી ત્યારે મંજૂરી માગતા હતા. દસ-દસ વર્ષ સુધી મંજૂરી ના મળી અને અમારા શ્રી નરેન્દ્રભાઇ જ્યારે ૨૦૧૪માં વડાપ્રધાન બન્યા અને તેની મંજૂરી આપી ત્યારે ૨૦૧૭ની અંદર આ આરઓબી બનાવીને તેનું લોકાર્પણ કરી શકયા છીએ. આજે મારા વિસ્તારની અંદર છ આરઓબી આવેલા છે તેમાંથી ત્રણ આરઓબી રૂપિયા ૨૫૦ કરોડના ખર્ચે પરિપૂર્ણ થઇ ગયા છે બીજા ત્રણ આરઓબીની રૂપિયા ૧૫૦ કરોડના ખર્ચે કામગીરી ચાલી રહી છે. એટલે મારું ઓલપાડ હવે પણ ફાટકરહિત ઓલપાડ બની જવાનું છે. માર્ગ અને મકાન વિભાગે અનુસૂચિત જાતિના લોકો માટે ખાસ અંગભૂત યોજના ચાલુ કરી છે. ૨૫૦ થી વધુ લોકોની વસ્તી ધરાવતા ગામોમાં આ યોજના ચાલુ કરી છે. તે યોજના ચાલુ કરી ત્યારે રૂપિયા ૧ કરોડનું બજેટ હતું .

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(જેતપુર-પાવી): માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નાયબ મુખ્યમંત્રીશ્રી મુરબ્બી નીતિનભાઇ પટેલ તેઓની માગણી લઇને આવ્યા છે એમાં મારા કેટલાક સૂચનો રજૂ કરવા છે. ટીકા ટીપ્પણ કરવા જઇશું તો સમય બહુ જોઇશે એટલે ટીકા ટીપ્પણ કરતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારા છોટાઉદેપુર તાલુકાના ૨૦૦૭-૨૦૦૮ અને ૨૦૦૮-૨૦૦૯ના રસ્તાઓ જે ડામર થયેલા તે પછી એના ઉપર કોઇ પણ જાતનું કામ થયું નથી. એવા રસ્તાઓની દરખાસ્ત અમોએ કરેલી છે અને એ દરખાસ્ત માનનીય મંત્રીશ્રી તમે વહેલી તકે મંજૂર કરો એવી અપેક્ષા રાખું છું. માનનીય અધ્યક્ષશ્રી, મારા છોટાઉદેપુર તાલુકાના ક્વાંટ તાલુકામાં સરકારી કર્મચારીને રહેવા માટે મકાન નથી. મહેસૂલી કર્મચારી હોય કે પંચાયતના કર્મચારી હોય, ક્વાંટમાં જૂના સ્ટેટ વખતની બ્લોક માટેની જગ્યા છે એના પરના જે મકાનો છે એ મકાનો તોડીને બહુમાળી મકાન બનાવશો તો કર્મચારીને રહેવા ત્યાં કામ લાગશે અને દિલથી અધિકારીઓ/કર્મચારીઓ ત્યાં કામ કરશે. ક્વાંટમાં માર્ગ મકાન વિભાગની સેકશન ઓફિસ હતી, એ કાર્યરત નથી, એ કાર્યરત થાય એવી અપેક્ષા રાખું છું. બીજું, છોટાઉદેપુર અને વડોદરા જિલ્લાને જોડતો રસ્તો પાનવડ, ચલામલી, કોસીંદ્રા, વાસના, ભાટપુર, હાંડોદ ચોકડી થઇને કરણેજ ત્રણ વિધાનસભાને આ લાગે છે આ રસ્તો પહોળો થાય એવી અપેક્ષા રાખું છું. ક્વાંટથી છોટાઉદેપુરનો ૨૫ કિલો મીટરનો રસ્તો થયે દસ વર્ષ થઇ ગયા, મારા મનમાં એવું હતું કે સરકાર નિયમ પ્રમાણે એને મંજૂર કરશે પણ હજુ મંજૂર થયો નથી. માનનીય અધ્યક્ષશ્રી, ભાખા-કોસીંન્દ્રા માર્ગ ઉપર ચીખોદ્રા અને કોંસીન્દ્રા માર્ગ ઉપર ડૂબત પુલ આવેલો છે અને આ ડૂબત પુલ શ્રી ચીમનભાઇ પટેલ હતા તે વખતે બનેલો. ભારે પુર આવે ત્યારે આજુબાજુના ગામડાઓને ખૂબ હાલાકી ભોગવવી પડે છે તો ડૂબત પુલને બદલે નવો પુલ ત્યાં થાય એ જરૂરી છે. (અંતરાય) માનનીય ધારાસભ્યશ્રી એ તમારો વિસ્તાર આવે છે, મારો નથી આવતો પણ પ્રજા મારી ત્યાં રહે છે. માનનીય અધ્યક્ષશ્રી, તો આ પુલ થવાથી ૧૨ જેટલા ગામડાને સીધો ફાયદો થાય એમ છે. બીજુ, એક યોજના હતી હયાત જૂના કોઝ-વેને બદલે સ્લેબડ્રેન્ડ બોક્ષ કન્વર્ટ કરવાની યોજના અને એ હેઠળ આપને ત્યાં દરખાસ્ત મારા છોટા ઉદેપુરથી આવેલી છે અને એમાં પ્રાયોરીટી આપીને કામ થાય એવી અપેક્ષા રાખું છું અને ખાસ કરીને આપણે પ્રાથમિક શાળામાં જતી બાળાઓ અને બાળકોને સારું શિક્ષણ મળે એવું કહીએ છીએ, અમારે ત્યાં કેટલીક પ્રાથમિક શાળાઓ એવી છે કે ત્યાં જવાનો રસ્તો જ નથી અને છે તો માટીવાળો છે આવા ઘણાં બધા રસ્તાઓ અંગેની ચર્ચા ગયે વખતે મુરબ્બી શ્રી મોહનસિંહભાઇએ પણ કરેલી તો એ જે માગણીઓ છે એ માગણીઓ પરત્વે સરકારશ્રી થોડું ધ્યાન આપે. માનનીય અધ્યક્ષશ્રી, જેતપુર-ચલામલી માર્ગને ઝીરોથી બાર આ તાલુકાને જોડતો રસ્તો છે અને એને ૭ મીટર પહોળો કરવામાં આવે. જેતપુર-બોડેલી, જેતપુર-કદવાલ રોડ ઉપર ભારે વજનદાર રેતીવાળા વાહનો ફરે છે એને કારણે આ રસ્તો તૂટી જવા પામેલ છે જ્યારે મંજૂર કરશો ત્યારે કરશો પણ હાલ પૂરતા તો ખાડા ભરાવો, સી.આર. ગ્રાન્ટમાંથી કે જે ગ્રાન્ટમાંથી ભરાય એમાંથી થાય એવી અપેક્ષા રાખું છું. માનનીય અધ્યક્ષશ્રી, મારો પાનવડ-ચલામલી-કોસીંન્દ્રા માર્ગ મેં અગાઉ પણ કહ્યું આ માર્ગને પહોળો કરવાની જરૂર છે, પહોળો કરવાના બદલે અમને આપ્યા ડામરના પૈસા, મેં ના પાડી હતી કે ડામર ન કરશો તમે એને પહોળો કરો કેમ કે, માનનીય અધ્યક્ષશ્રી, આ ટર્નિંગવાળો રસ્તો છે એટલે પહોળો ખૂબ જરૂરી છે બજેટમાં જોગવાઇ થશે ત્યારે થશે પણ કેટલાક ટર્નિંગ એવા છે કે જીવલેણ છે એ જીવલેણ ટર્નિંગોને પહોળા કરવામાં આવે એવી અપેક્ષા રાખું છું. માનનીય અધ્યક્ષશ્રી, મારો ક્વાટ-સૈડીવાસણ-તાડકાસલા-મોટી કડાઇ રોડ નસવાડી તાલુકાને જોડતો રસ્તો છે. નસવાડીનું નાની કડાઇ અને ક્વાંટનું મોટી કડાઇ આ બે વચ્ચે દોઢ કિલોમીટરનું અંતર બાકી છે એને ડામર થયે દસેક વર્ષ થઇ ગયા ત્યાર પછી હજુ ફરીથી ડામર થયો નથી. આ બે તાલુકાને જોડતો રસ્તો છે એના ઉપર ધ્યાન આપવામાં આવે. માનનીય અધ્યક્ષશ્રી, મારું માણકા-નાખલ અને નાખલથી હાથીખાણ રસ્તો નીકળી જાય. વડાપ્રધાન યોજના હેઠળ આ રસ્તો થયો છે, દસ વર્ષ થઇ ગયા. એ પણ સારી સપાટીવાળો બને એના માટેની અમારી માગણી છે. બોર્ડર વિલેજને જોડતા રસ્તાઓ પાનવડ-કનલવા-રાયછા-ગુગલીયા-ગોડધા આ નદી ઉપર બે જગ્યાએ કોઝ-વે આવે છે. મધ્યપ્રદેશ તરફના વાહનો પણ આવતા હોય છે અને જેને કારણે ટ્રાફિકનું ભારણ વધારે રહે છે. ચીખલી પાસેનો આ જે કોઝવે છે એને બદલે ડીપ બનાવો એવી ત્યાંના સર્વે લોકોની માગણી છે. એટલે અમારા આદિવાસીઓવતી હું આ માગણી રજૂ કરું છું તમે એને મંજૂરી આપશો તેવી વિનંતી છે. છેલ્લે એક એપ્રોચ રોડ પીપલદી દસ વરસ થયા હજી થયો નથી તે ઝડપથી કરવા વિનંતી છે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રી સાહેબ અને માનનીય નાયબ મુખ્યમંત્રી સાહેબ જે માગણી ક્રમાંક-૮૬ લઇને આવ્યા છે એના અનુમોદનમાં હું મારા વિચારો રજૂ કરું છું. જેમ માનવીય શરીરમાં કરોડરજ્જુનું મહત્વ છે એમ કોઇપણ રાજ્યના વિકાસમાં પાયાની જે જરૂરિયાત તે એનું ઇન્ફ્રાસ્ટ્રકચર ગણાય. કેનેડીએ પણ કહેલું કે રાજ્યમાં કે દેશમાં સુનિયોજીત રસ્તાઓ હોય એનો વિકાસ ખૂબ ઝડપથી થાય અને ગુજરાત એમાં શ્રેષ્ઠ છે. આપણી જોડે સમગ્ર ગુજરાત રાજ્યમાં ૧ લાખ ૧૪ હજાર કિલોમીટરના રસ્તાઓનું રાજ્ય વ્યાપી નેટવર્ક છે. મેં અગાઉ પણ કહેલું પ્રતિ પક્ષના સભ્યો, કોઇએ હિન્દીમાં બહુ સરસ કહેલું-

**કલ ધૂપ સે પરેશાન, તકલીફ હૈ બારીશ સે, શિકાયતે બેસુમાર હૈ, પ્રતિ પક્ષકી આદત હૈ**

માનનીય અધ્યક્ષશ્રી, જે રસ્તાઓનું નિર્માણ આપણે કર્યું અને એમાં પણ ૧ લાખ ૧૪ હજાર કિલોમીટરના નેટવર્કની સાથે છેલ્લાં ત્રણ વરસમાં ૨૯૦૦૦ કિલોમીટરના જે ગ્રામ્ય રસ્તાઓનું નિર્માણ કર્યું એના કારણે આજે કૃષિ ઉત્પાદન દર અને ૩૫ લાખ દૂધ ઉત્પાદક સભાસદો એમને જે ઐતિહાસિક ફાયદો થયો છે એ માટે જેટલા અભિનંદન માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી

નીતિનભાઇ સાહેબને આપીએ તેટલા ઓછાં છે. એમની કૂનેહથી આ વરસે પણ બીજો તબક્કો શરૂ કરી એની શરૂઆત મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાથી એમણે કરી છે. ઋગ્વેદમાં એવું કહેવાય છે કે સર્વ દિશાએથી એમને સુંદર વિચારો પ્રાપ્ત થાય. હિંમતનગરની વાત કરું તો માનનીય નીતિનભાઇ અને માનનીય વિજયભાઇના કારણે હિંમતનગર–અંબાજી રોડ, અંબાજી જે આપણું આસ્થા, શ્રદ્ધા અને વિશ્વાસનું પ્રતિક છે એ દ્વિમાર્ગમાંથી ચાર માર્ગીય રસ્તો રૂપિયા ૩૬૧ કરોડ રૂપિયાના ખર્ચે કર્યો એ માટે એમને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછાં છે.

એવી જ રીતે સમગ્ર દેશમાં સૌથી પ્રથમ ગ્રીન હાઇવે હિંમતનગર અને મહેસાણા હાઇવે કે જે ૬૧ કિલોમીટરનો છે એ કામ પૂર્ણ કર્યું. એ માટે પણ સમગ્ર સાબરકાંઠા વતીથી એમને અભિનંદન પાઠવું છું. વિશ્વ બેન્ક લોન સહાય આધારિત આ યોજના હિંમતનગર–મહેસાણા ગ્રીન હાઇવેની એ જોવા માટે બીજા રાજ્યોના અધિકારીઓ પણ હિંમતનગરની મુલાકાત લે છે અને કહે છે કે આ કયા પ્રકારનું કાર્ય ગુજરાત સરકાર કરી રહી છે. એવી જ રીતે હમણાં જ તાજેતરમાં ૭ મીટરથી ૧૦ મીટર સુધી એમાં ૫.૫ મીટરના ૭ મીટર એવા બે રસ્તાઓની મંજૂરી પણ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ આપી છે.

હમણાં જ રેલવે ઓવર બ્રિજ અને અન્ડર બ્રિજના કામો સરકારે હાથ ધર્યા એમાં હિંમતનગરની ટ્રાફિક સમસ્યાનું નિરાકરણ લાવવા માટે બે અન્ડર બ્રિજની મંજૂરી સરકારે આપી છે એ માટે પણ અભિનંદન આપું છું. આ પ્રમાણેના છેલ્લા ૨૦૦૧ પહેલાના જે રસ્તાઓ સાંકડા હતા. આજે આપણે ગર્વ સાથે કહી શકીએ કે ૩૯૪ કિલોમીટરના ૬ માર્ગીય રસ્તા હતા, એની જગ્યાએ આજની તારીખે ૨૦૧૫ કિલોમીટરના ૬ માર્ગીય રસ્તા છે. ૧૦ મીટરની પહોળાઇવાળા ૧૩૨ કિલોમીટરના હતા આજે ૫૧૧૦ કિલોમીટરના એ રસ્તાઓનું નિર્માણ કાર્ય પૂર્ણ થયું છે. ૫.૫ મીટર અને ૭.૫ મીટરના આજે ૧૭૪૧૦ કિલોમીટર રસ્તાઓ આપણી જોડે છે. માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે જે રેલ્વે અન્ડર બ્રિજ અને ઓવર બ્રિજમાં રૂપિયા ૬૮૧ કરોડના કામો છેલ્લાં પાંચ વર્ષમાં આપણે ૨૫ રેલ્વે ઓવર બ્રિજના કામો પણ પૂરાં કર્યા છે અને હું આ માગણીઓને અનુમોદન આપું છું.

ડો. અનિલ જોષિયારા(ભીલોડા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી તેમના વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણાં સમયથી અમારા આદિવાસી વિસ્તાર માટે, રસ્તાઓ માટે હું માગણીઓ કરું છું અને એમાંય ખાસ કરીને જે વસતિ ઘણાં રેવન્યૂ વિલેજ છે, ઘણાંની હજારથી પણ ઉપરની વસતિ છે છતાં પણ પાયાની સુવિધાઓથી અમે વંચિત છીએ તેનું કારણ કદાચ હું સમજી શકતો નથી. ગયા વખતે માનનીય મંત્રીશ્રીએ વાત કરી હતી એટલે અધિકારીઓ મોકલ્યા હતા અને અધિકારીઓનો રિપોર્ટ આવ્યો અને એમણે પણ સ્વીકાર્યું કે આ વિસ્તારમાં રસ્તાઓ ખરેખર નથી તો ફરી મારી મંત્રીશ્રીને વિનંતી છે. માનનીય મંત્રીશ્રી મારા ભિલોડા તાલુકાના ૧૨ એવા ગામો છે અને મેઘરજ તાલુકાના ૧૩ એવા ગામો છે કે જે આજે પણ એ ગામોને એક પણ કનેક્ટીવીટી નથી. એટલે એક ખાસ મારી વિનંતી છે કે કમ સે કમ એક કનેક્ટીવીટી તમે આપો. બીજું, ભિલોડા તાલુકામાં ભિલોડાથી માંડીને છેક વિજયનગર સુધી જઇએ ત્યાં સુધી જે હાથમતી નદી છે તે નદીની બન્ને બાજુ એક બાજુ એમડીઆર રસ્તો છે અને એક બાજુ સ્ટેટ હાઇવે છે. એ બન્ને નદી છે તે નદીને જોડતો એક પણ પુલ નથી અને તેના લીધે ૨૦–૨૦ કિલોમીટરનું અંતર ફરવું પડે છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે કમસે કમ એક બે પુલ અમને કોઇક જગ્યાએ આપો. એક તો ઉપલા કંઠાળીયાથી નીચલા કંઠાળીયા ટાકા ટુકા જવાના રસ્તા ઉપર આપો અને એક કોઇક પાદરા ગામ જવાની જગ્યાએ પુલ આપો તો કમસે કમ બીજુ અંતર કાપી લઇશું. મેઘરજ તાલુકામાં એક અને ઓઢા પાણીબાર પાસે એક જગ્યાએ પુલ આપો તો એ લોકોને આજુબાજુના વિસ્તારમાંથી સગવડ થઇ શકે તેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિસ્તારમાં હમણાં ભિલોડાથી ચીથોડા એક રસ્તો મંજૂર થયો છે. હવે એ રસ્તો બાકી છે. મને લાગે છે કેન્દ્ર સરકારમાંથી કંઇક ગ્રાન્ટ આવી છે પણ બાકીનો રસ્તો પણ થઇ જાય એવી મારી વિનંતી છે. આ વખતે અમારૂં બજેટ થોડું ઓછું આવ્યું છે, ખબર નથી. ગયા વખતે થોડું વધારે હતું, બજેટ વધ્યું હતું આપનું બજેટ તો ઘણું વધ્યું છે પણ અમારૂં ટ્રાયબલનું બજેટ હતું તે રૂપિયા ૧૧૦૦ કરોડ અને ૨ લાખ હતું તે આ વખતે થોડું ઓછું થયુ છે. એટલે એમાં પણ થોડી વધારે દયા કરીને અમને રસ્તાઓનું પ્રમાણ વધારે આપો એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી મારી એક વિનંતી છે કે, અમારા વિસ્તારમાં રસ્તાઓ બધા નોન પ્લાન રસ્તાઓ છે અને આ નોન પ્લાન રસ્તાઓ હોવાના કારણે તેમાં સમયસર ડામર થતા નથી. હવે જે નોન પ્લાન રસ્તાઓ ગણાય એવા છે કે જેમાં ૨૦–૨૦ વર્ષ સુધી ડામર નથી થયા. એવા મારે ભિલોડાથી સરકી લીમડીથી કાગડા મુંડાથી કંટાળો જતો અને બીજો પંચાલથી નવાગામ કાછરડા જતો આ બે રસ્તા એવા છે કે બિલકુલ ડામર રહ્યો નથી. આ હાલત છે તો કમસે કમ આવા રસ્તાઓ જેમ તમે ગયા વખતે બહુ સારૂં પગલું લીધુ હતું કે એમડીઆર જે રસ્તાઓ છે તે જે પંચાયત હસ્તક હતા તે સ્ટેટમાં લીધા. તેમ આવા નોન પ્લાનના રસ્તાઓ વર્ષો જૂના છે તેમને પ્લાનમાં લેવાનું કોઇક પ્લાનીંગ કરો તો કદાચ તેને સાત આઠ વર્ષે ડામરનો વારો આવી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે સામાન્ય વહીવટ વિભાગમાં પણ થોડી વાત કરવી છે. આપ બહુ સારી રીતે જાણો છો કે આ એક હૃદયને ધબકતું રાખવું જરૂરી છે. સચિવાલય કક્ષાએ, જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ કર્મચારીઓ આપણા હાથ પગ છે પણ આ જે કર્મચારીઓ છે તેની ભરતી નિયમિત થવી જોઇએ. સાહેબ, ઘણાં ગામડાંમાં આજે પરિસ્થિતિ સારી નથી. જે પશુ દવાખાના છે તેમાં ડોકટરોની ખાલી જગ્યાઓ ત્રણ વર્ષ ઉપરથી ખાલી છે. એટલે એ જગ્યાઓ અબેયન્સમાં જઇને કેન્સલ થઇ

જાય છે. હમણાં પણ એવો પ્રશ્ન બન્યો છે. બીજું, જે કરાર આધારિત જગ્યાઓ છે તેમાં કમસે કમ તો મેડિકલમાં પ્રોબ્લેમ થાય છે અને આ જગ્યાઓ ભરાતી નથી. મેં ડોકટરોનો પર્સનલી કોન્ટેક્ટ કર્યો છે કે તમે કેમ આવતા નથી?

સભાપતિશ્રી : એક મિનિટમાં પૂરૂં કરો.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, હા, જી. આ ડોકટરોનું એવુ કહેવું છે કે આના કરતા બીજે અમને વધારે પગાર મળે છે એટલે આવતા નથી. મારી ખાસ વિનંતી છે કે આર્થિક અનામતમાં અમને જે આપ્યું તે અમે સ્વીકારીએ છીએ પણ સાથે કેન્દ્ર સરકારની સ્પષ્ટ સૂચના હતી કે જે એસ.સી.અને એસ.ટી. છે તેમના રોસ્ટર ક્રમાંકમાં ફેરફાર ન થવો જોઇએ. મારે દુઃખ સાથે કહેવું છે કે સાત જગ્યાનો રોસ્ટર ક્રમાંકમાં ફેરફાર થયો છે. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આમાં તમે ફરી તપાસ કરી અને જે જે પોઇન્ટમાં ફેરફાર થયો છે તે પોઇન્ટમાં ફેરફાર ન થવો જોઇએ. કેન્દ્ર સરકારની સૂચના છે એટલે આપ પણ તેમાં ફેરફાર કરો એવી મારી વિનંતી છે. સાથે જે કેન્દ્રના કર્મચારીઓ છે તે ૬૦ વર્ષે રિટાયર્ડ થાય છે અને આપણે ત્યાં ૫૮ વર્ષે નિવૃત્ત થાય છે. પહેલાં કદાચ વધારે જીવતા હશે તેમ આપણે માનીએ. સાહેબ, ગુજરાતના કર્મચારીના હિતમાં એક વસ્તુ આજે ડિકલેર કરો કે આમની રિટાયર્ડમેન્ટની ઉંમર ૬૦ વર્ષની કરો.

શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા): માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૯-૨૦ના અનુદાન માટેની માગણી ક્રમાંક-૮૬માં હું મારા વિચારો રજૂ કરું છું. હું સૌ પ્રથમ તો ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી અને માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રી જેઓ હંમેશા આખા ગુજરાતની સેવાની ખેવના કરે છે. એમને આગળ વધવું છે. રસ્તાઓ સારા બને, સુંદર બને એ માટે માર્ગ અને મકાન વિભાગ માટે રૂપિયા ૧૦,૦૫૮ કરોડની જે જોગવાઇ કરી છે એના માટે બંનેને હું કોટિ-કોટિ અભિનંદન આપું છું. ગુજરાતનું સુયોજિત રસ્તાઓનું નેટવર્ક સમગ્ર દેશમાં જાણિતું છે. જ્યારે રસ્તાઓ સારા હોય ત્યારે રોજગારીની તકો પણ મળતી હોય છે. ગુજરાત આજે રસ્તાઓમાં ખૂબ આગળ છે. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના ખૂબ લોકપ્રિય બની રહી છે એ તમે સૌ મનમાં સમજો છો. આજથી વર્ષો પહેલાં રસ્તા કેવા હતા અને આજે જો વિચારશો તો રસ્તા કેવા છે? એ આપો-આપ તમને ખબર પડશે. રસ્તા પહોળા કરવા માટે નદીઓ ઉપર પુલ બનાવવા, રેલવે ઓવર બ્રિજ, અંડર બ્રિજ, ફ્લાય ઓવર બનાવવા, સરકારી કચેરીઓ, કર્મચારીઓના આવાસો બનાવવા જેવી વિવિધ આંતરમાળખાકીય સુવિધાઓ ઉપર સરકારે વિશેષ ધ્યાન આપ્યું છે.આંતરમાળખાકીય સુવિધાઓ માટે રસ્તાઓ અને પુલ બનાવવા માટે રૂપિયા ૧૪૩૯ કરોડની મોટી રકમની જોગવાઇ કરી છે. હું આજે આનંદ સાથે વાત કરીશ કે ૧૫૧૭ કિ.મી.ના ૭૪ રસ્તાઓને ચાર માર્ગીય કરવાનું કામ, ૬૨ પુલો જેમાં ભરૂચ જિલ્લાનો નર્મદાનો ગોલ્ડન બ્રિજની બાજુમાં એક પુલ પણ બની રહ્યો છે. હું અને શ્રી દુષ્યંતભાઇ નીતિનભાઇ પાસે રજૂઆત કરવા ગયા કે સાહેબ રૂપિયા ૩૪૦ કરોડનો પુલ બને છે ત્યારે અમે તમારી પાસે વિનંતી કરીએ છીએ કે અમારી એક કોલેજ ગોલ્ડન બ્રિજ ઉપરથી પસાર થાય અને ઓવર બ્રિજ પૂરો થાય ત્યાં આવેલી છે તો આ બ્રિજ કોલેજ સુધી લંબાવી આપો તો અમારા દીકરા-દીકરીઓનો એક્સિડન્ટ ના થાય. ત્યારે શ્રી નીતિનભાઇએ હસતાં-હસતાં ૬૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા એના માટે હું આજે શ્રી નીતિનભાઇ પટેલનો જાહેરમાં આભાર માનું છું. મિત્રો, આ છે દ્રષ્ટિ, આ છે વિશ્વસનીયતા, આ છે પ્રામાણિકતા. શ્રી નીતિનભાઇ પાસે કામ કરવાની જે ત્રેવડ છે એ તમને પણ ખબર પડતી હશે. રાજ્યના રેલવે ફાટકોની વાત કરું તો અંદાજિત ૧૦૦થી ૫૦૦ કરોડ રૂપિયાના રેલવે ઓવર બ્રિજ બની રહ્યા છે. ૫૭ ઓવર બ્રિજ બની રહ્યા છે. મારે આજે આનંદ સાથે કહેવું પડે કે અમે કૉંગ્રેસના શાસનમાં નબીપુર ફાટક ઉપર, પાલેજ ફાટક ઉપર ૫૦-૫૦ વર્ષથી માગણી કરતાં હતા. શ્રી નીતિનભાઇ પટેલે રૂ.૫૦-૫૦ કરોડ કરીને ૧૦૦ કરોડ રૂપિયા આપ્યા એ માટે અમે એમને ખૂબ-ખૂબ ધન્યવાદ આપીએ છીએ. તમે આવો અમારા વાગરા મત વિસ્તારમાં અને અમારું ભરૂચ જિલ્લાનું નેટવર્ક જુઓ. રસ્તાઓ બનેલા છે એમાં કોઇ બે મત નથી. સ્ટેચ્યુ ઓફ યુનિટીની વાત કરું તો સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે ભરૂચથી લઇ અને કેવડિયા સુધીનો રસ્તો જોવા ચાલો અમે તમને બતાવીએ. અમે એવા રસ્તા બનાવીએ છીએ કે આવનાર દિવસોમાં આ પાટલી ઉપરથી તમારી જગ્યાઓ ઓછી થાય તેવું ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર(સોજિત્રા): માનનીય અધ્યક્ષશ્રી, હું નાયબ મુખ્યમંત્રીશ્રી માગણી નંબર ૮૫ અને ૮૬ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય મંત્રીશ્રીને એટલું જ કહેવાનું કે બગોદરાથી વાસદનો હાઇવે માટે સાડા છ વર્ષથી આ ગૃહમાં રજૂઆત કરતો આવ્યો છું, એ રસ્તો ચાલુ તો થઇ ગયો છે પરંતુ રસ્તો ધીમી ગતિએ ચાલે છે. તો એમાં ઝડપ આવે તો અકસ્માત ઓછા થાય એવી મારી વિનંતી છે. બીજું, ગલીયાણા પુલ ચાલી શકે તેમ નથી, તેમ છતાં ચલાવાય છે એ બેસી ગયો છે. તેથી એમાં ગમે ત્યારે મોટી મુશ્કેલી ઉભી થશે. સરકારે બાજુમાં નવો પુલ ચાલુ કર્યો છે એ કરવા બદલ સરકારને અભિનંદન આપું છું અને બિરદાવું છું.

માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રીને મારી વિનંતી છે કે તારાપુર તાલુકાનું કવોદરા ત્યાંથી માનનીય ભૂપેન્દ્રસિંહના વિસ્તારમાં ઇંગોલી આવે છે. આ બે વચ્ચે સાબરમતી નદી આવેલી છે તો એના ઉપર પુલ બનાવવામાં આવે તો આણંદ અને અમદાવાદ જિલ્લાને જોડતો રસ્તો થાય તો મારા વિસ્તારના લોકોને અમદાવાદ આવવા માટે ૫૦ કિલોમીટરનું અંતર ઘટે તેમ છે. આ મોટો ન બનાવો તો ચાલશે. પરંતુ એના ઉપરથી ફોર વ્હીલર અને ટુ વ્હીલર જઇ શકે તેવો રસ્તો બનાવવામાં આવે તેવી મારી વિનંતી છે. માનનીય ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને મારા વિસ્તાર વચ્ચે ફકત નદી જ આવેલી છે. તારાપુર તાલુકાના ૪૨ ગામો આવેલા છે એમને અમદાવાદ આવવા માટે ૬૦ કિલોમીટર દૂર જવું પડે છે એના લીધે કન્યા કેળવણી ઉપર અસર પડી

છે, કન્યા કેળવણી થતી નથી એટલે માનનીય ભૂપેન્દ્રસિંહને વિનંતી છે કે તેઓ પણ રજૂઆત કરે કારણ કે માનનીય નીતિનભાઇએ એમને ખૂબ બજેટ આપ્યું છે. તારાપુર તાલુકામાં સરકારી કોલેજ ન કરી આપે તો કમસેકમ ખાનગી કોલેજ આપવામાં આવે તો અમારા વિસ્તારના બાળકો સારું શિક્ષણ તો મેળવી શકે.

અમારા વિસ્તારમાં એક કિલોમીટર, દોઢ કિલોમીટર કે બે કિલોમીટર જેવા બે ચાર રસ્તા છે. તારાપુર ખેડાને જોડતો રસ્તા થાય તો આખા સોજીત્રા તાલુકાને ૩૫-૪૦ કિલોમીટરનું અંતર ઘટી જાય તેમ છે. માવરામપુરાથી વસકાણા જે દોઢ કિલોમીટરનો રસ્તો છે એ થાય તો આણંદ જિલ્લાને ખેડા જિલ્લા સાથે જોડતો રસ્તો થઇ જાય એમ છે. બીજું, માતર તાલુકાનું સીમવાડી, સેજડીપુરાથી બાબીન્ટા રોડ ૫૦૦ મીટરનો રસ્તો છે જે ખેડા જિલ્લાથી આણંદ જિલ્લાને જોડતો રસ્તો છે એ પણ બનાવવામાં આવે તેવી મારી મંત્રીશ્રીને વિનંતી છે.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાન્ય વહીવટ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એને અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

આમાં ચૂંટણી ખર્ચની માગણી છે અને આપણે જાણીએ છીએ કે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા બિલકુલ નિષ્પક્ષ ચૂંટણીનું આયોજન કરવામાં આવે છે. આખા દેશની અંદર ચૂંટણીઓ નિષ્પક્ષ થાય એ બંધારણમાં જ છે. સન ૨૦૧૯માં લોકસભાની ચૂંટણી થઇ જે ચૂંટણી પંચે નિષ્પક્ષ ચૂંટણી કરી છે. પહેલા આપણે જોતા હતા. ચૂંટણી પંચે હતું, પોલીસ પણ હતી અને સરકારો હતી પણ ચૂંટણીની અંદર આપણે એક રાધનપુરની ચૂંટણી હતી અને તેના પછી બુથ કેપચરીંગ, ધાક-ધમકી આતે. આ વખતે એક પણ બનાવ બન્યા વગર આપણી તમામ લોકસભાની, વિધાનસભાની, નગરપાલિકાઓની ચૂંટણીઓ થઇ એ આપણા ગુજરાત માટે, ચૂંટણી પંચ આયોગનું તો કામ છે જ પણ સરકારનું પણ આ ગૌરવ છે અને લોકશાહીમાં જે વિશ્વાસ છે એ બતાવે છે.

બીજું, ૨૦ મુદ્દાનો કાર્યક્રમ આપણે જાણીએ છીએ કે ૨૦૦૭ની અંદર યુપીએ સરકારે આ ૨૦ મુદ્દાનો કાર્યક્રમ શરૂ કરેલો અને તેનો આશય ગરીબી નાબૂદી કરવી, ઉત્પાદકતા વધારવી, સામાજિક અને આર્થિક અસમાનતા દૂર કરવી અને લોકોનું જીવન ધોરણ ઉંચું લાવવાનો આનો એક આશય હતો. આ આશયમાં ૨૦૦૭ થી શરૂઆત કરી. આપણે જાણીએ છીએ કે આપણા આદરણીય નરેન્દ્રભાઇ મોદી વડાપ્રધાનશ્રી એ વખતે તત્કાલિન મુખ્યમંત્રી હતા. તો ગરીબોના માટેની ઉંચામાં ઉંચી પારાશીશી કે જેની અંદર તમામ માપદંડો આવેલા છે. તેમાં ૨૦૦૭, ૨૦૦૮, ૨૦૦૯ અને ૨૦૧૦ એ તમામ વર્ષોમાં આખા દેશમાં ગુજરાત પ્રથમ આવ્યું અને ૨૦૧૦માં આના કારણે યુપીએ સરકારે આનો ક્રમાંક આપવાનો બંધ કરી દીધો. એટલે ગુજરાતમાં ગરીબી હટાવવા માટેનું જે સૂત્ર હતું તે ઇંદિરાજીનું હતું, આ ૨૦ મુદ્દા કાર્યક્રમ પણ એમનો હતો. ઘણીવાર એવું કોંગ્રેસના મિત્રો કહેતા હોય છે કે આ તો અમારો કાર્યક્રમ છે, કાર્યક્રમો તો બધાના હોય આ કાર્યક્રમ તમારો હતો પણ એમાં બિલકુલ ઉપયોગીતાથી લોકો વચ્ચે જઇ અને ગરીબી નાબૂદ કરવાનું કામ જો કોઇએ કર્યું હોય તો તે ભારતીય જનતા પાર્ટીએ કર્યું છે. આજની તારીખમાં પણ આખા દેશની અંદર ગુજરાત અવલ્લે છે.

એક પીજી પોર્ટલ - ભારત સરકાર દ્વારા લોકોના પ્રશ્નોના નિરાકરણ માટે આપણે જોયું છે કે આદરણીય નરેન્દ્રભાઇ આવ્યા પછી આ દેશના પ્રશ્નો કઇ રીતે સોલ થાય અને દેશ કઇ રીતે આગળ વધે તેના માટે ખૂબ ચિંતિત છે અને એના માટે સરકારના વહીવટી સુધારણા અને લોક ફરિયાદ દ્વારા ઓન લાઇન ફરિયાદ નોંધાવી શકાય એના માટે પીજી પોર્ટલનું એક સોફ્ટવેર તૈયાર કર્યું અને આપણી ગુજરાત સરકારે એના નોડલ વિભાગ તરીકે આપણા સામાન્ય વહીવટ વિભાગને નક્કી કર્યો છે અને આપણા આ વિભાગની કામગીરી જોઇએ તો આપણને ખૂબ આનંદ થશે. ૨૦૧૮-૧૯ની અંદર ૫૪૧૯૧ અરજીઓ મળી અને આપણને એમાંથી ૪૮૩૫૦ અરજીઓ એટલે કે ૯૦ ટકા સફળતા મળી. દેશમાં આપણું સ્થાન મોખરે છે.

આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાની ગુડ ગર્વન્સ અંગેના બેસ્ટ પ્રેકટિસિસના અભ્યાસ માટે સ્પીપા ખાતે સેન્ટર ફોર ગુડ ગર્વનન્સની સ્થાપના કરવામાં આવી. એમાં આધુનિક યુગની સાથે આપણો સર્વાંગી પ્રગતિ થાય અને વિશ્વ સાથે તાલ મિલવાય એટલા માટે સરકારની વિવિધ નીતિઓ ઘડતર તથા મૂલ્યાંકન કરી મદદરૂપ થવા માટે કામગીરી કરવામાં આવે છે. આ ઉપરાંત સરકારશ્રીના વિભાગોમાં ખાતાકીય જરૂરીયાતો ધ્યાનમાં લઇ અને ડોકયુમેન્ટેશનની કામગીરી એટલે કે વિશ્વની અંદર આપણે પાછળ ન રહી જઇએ એના માટે આ આખી જે કામગીરી કરવામાં આવે છે, આના માટે હું ગુજરાત સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

બીજું, આપણે જોઇએ કે સેવા-સેતુ, સેવા-સેતુનો કાર્યક્રમ સરકાર લોકો ના ઘરે ગઇ તમારા પ્રશ્નો અમને આપો અમે ઉકેલીશું, એના માટે સેવા-સુતુ દ્વારા ૪૭,૧૩,૯૫૫ પ્રશ્નો આવ્યા અને એની અંદર ૯૯.૮૯ ટકા સફળતા એટલે કે ૪૭,૦૮,૮૪૪ નો નિકાલ થયો આ છે ગુજરાત સરકારની પારદર્શિતા.

સભાપતિશ્રીઃ આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે, સભાગૃહ બપોરના ૨.૩૦ વાગ્યે ફરી મળશે.

**(વિરામ બપોરના ૧.૩૦ થી ૨.૩૦)**

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : આપણે મનોમન ભગવાનને પ્રાર્થના કરીએ કે કુલભૂષણ હેમખેમ ભારત પાછા આવે. આજે સાંજે ૬ વાગ્યે જજમેન્ટ છે. બીજું, કે સિંચાઇના પ્રશ્ને થોડી મડાગાંઠ ઉભી થઇ હતી. આક્ષેપ-પ્રતિ આક્ષેપો થયેલા પણ એ બન્ને વાતો મેં ખૂબ ધ્યાનથી જોઇ છે અને મને એમ થયું કે, તમામ માનનીય સભાસદોને પણ વિનંતી કે આ ચર્ચા હવે જે થાય એ આપણે ખૂબ

શાંતિથી સાંભળીશું, સભાગૃહની ગરિમા જાળવીશું અને આપણે એકબીજા પ્રત્યે પણ કોઇ કડવાશ રાખ્યા વગર વાત કરીશું. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, એમણે જે વકતવ્ય કર્યું અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ જે વકતવ્ય કર્યું, બન્ને પોત પોતાની જગ્યાએ સાચા છે એવું મારા જોવામાં આવ્યું છે અને તેમ છતાં એક બીજાને આ વાતનો ખુલાસો રહે, એટલા માટે પાંચ પાંચ મિનિટ બન્નેને બોલવા માટે તક આપું છું.

શ્રી પરેશ ધાનાણી(વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ ખૂબ આભાર, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને ખૂબ વરિષ્ઠ નેતા માનનીય નીતિનભાઇએ પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશનથી મુદ્દો ઉપસ્થિત કર્યો હતો અને એમના મંતવ્યની જે સ્ક્રીપ્ટ છે, એમણે કહ્યું હતું કે ''સભ્યશ્રીએ પ્રશ્ન પૂછેલો કે અત્યારે ગુજરાતમાં નર્મદાની કેટલા વિસ્તારમાં સિંચાઇ થાય છે એ વખતે મેં જે જવાબ આપ્યો હતો એ જવાબમાં જુદા જુદા જિલ્લાઓમાં જુદા જુદા હેકટરમાં નર્મદાની સિંચાઇ થાય છે એમ કરીને કુલ ૧૮ લાખમાંથી ૧૬ લાખ હેકટરમાં સિંચાઇ થાય છે એવી બાબત મેં સન્માનનીય ગૃહમાં જણાવેલી''. ત્યારે મેં જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો સ્ક્રીપ્ટ છે એ મુજબ સામાજિક આર્થિક સર્વેક્ષણના આંકડા, એ વિગતો મુજબ જો મારી ભૂલ ન થતી હોય તો અંદાજિત આપણે ૬ લાખ હેકટરમાં જ સિંચાઇનું પાણી પહોંચાડી શકીએ છીએ. તો આ ૧૦ લાખ હેકટરનો તફાવત શું કામ છે? અને આ બાબતે માનનીય નીતિનભાઇ સાહેબે મને ઠપકો આપવાની માગણી પણ કરી હતી.

અધ્યક્ષશ્રી : મેં તમને ઠપકો આપ્યો નથી.

શ્રી પરેશ ધાનાણી : ખૂબ ખૂબ આભાર. માનનીય અધ્યક્ષશ્રી, મારે રાજકીય ટીકાઓમાં પડવું નથી, પણ આ ગુજરાતનો પરીશ્રમી ખેડૂત એના ખેતર સુધી સિંચાઇનું પાણી પહોંચશે તો સરેરાશ વર્ષે એક લાખ કરોડનું ઉત્પાદન છે એ બમણુ થાય, બે લાખ કરોડનું ઉત્પાદન ખેડૂત કરી શકે. નર્મદા એ આપણી જીવાદોરી છે. નર્મદા કમાન્ડથી ૧૮ લાખ ૪૫ હજાર હેકટરને સિંચાઇનું પાણી પૂરું પાડવા માટે ૨૦૦૬માં ૧૨૧.૮ મીટર એટલે કે ક્રેશ લેવલની ઉંચાઇ આપણે પ્રાપ્ત કરી છે. ત્યારથી જ જો કેનાલનું નેટવર્ક ઉપલબ્ધ હોત અને માનનીય બાપુ સાહેબે આ ફલોર ઉપર સૌની યોજનાના ૨૦૧૩ ના લોર્ન્ચીંગ વખતે સ્વીકાર્યું છે કે જો આપણી પાસે કેનાલ નેટવર્ક ઉપલબ્ધ હોત તો ૨૦૦૬ થી આપણે ખેડૂતના ખેતર સુધી સિંચાઇનું પાણી પહોંચાડી શકયા હોત પણ કેનાલ નેટવર્કના અભાવે આપણે આ પાણી પહોંચાડી શકયા નથી. ૨૦૦૬થી ૨૦૧૮ આજે બાર વર્ષમાં બાર લાખ કરોડનું ગુજરાતના ખેડૂતોને નુકસાન ગયું. રાજયના જી.ડી.પી.માં એનો જે હિસ્સો છે એમાં રાજયની આવકને પણ નુકસાન ગયું. એટલે આપના મારફત માનનીય નીતિનભાઇનું ધ્યાન દોરવા માગું છું. જે તે સમયે મેં જે આંકડો રજૂ કર્યો હતો તે બિલકૂલ સાચો હતો અને એના માટે આપના મારફત માનનીય મંત્રીશ્રીનું સામાજિક-આર્થિક સર્વેક્ષણ ૨૦૧૭-૧૮ પાના નં. ૧૫, પરિશિષ્ટ ૩/૩, અનુક્રમ નંબર ૧.૨, એનું કોલમ ૫, એમાં જણાવ્યા મુજબ જૂન ૧૮ સુધીમાં અધિકતમ ઉપયોગમાં લેવાયેલ સિંચાઇ ક્ષમતા, અધિકતમ, વધુમાં વધુ ઉપયોગમાં લેવાયેલ સિંચાઇ ક્ષમતા સરદાર સરોવર યોજના આધારિત માત્ર ૬ લાખ ૭૩ હજાર હેકટર હતી અને એ જ મુજબ શ્રી નીતિનભાઇએ જે આર્થિક સામાજિક સર્વેક્ષણનો ઉલ્લેખ કર્યો એ ૨૦૧૮-૧૯ના વર્ષ તરફ પણ માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું. ૨૦૧૮-૧૯ના આર્થિક સામાજિક સર્વેક્ષણ છે તેમાં પેજ નં. ૧૫ના પરિશિષ્ટ ૩/૩નું અનુક્રમ નં. ૧.૨માં કોલમ-૫માં જણાવ્યા મુજબ વધુમાં વધુ ૬.૭૩ લાખ હેકટર આપણે આજ દિવસ સુધીમાં અધિકતમ સિંચાઇ પૂરી પાડી શક્યા છીએ. એટલે આપણે ૧૬.૩૮ લાખ હેકટરની સિંચાઇ ક્ષમતા નર્મદા આધારિત ઉભી કરી એવું મંત્રીશ્રીએ કહ્યું પણ હકીકતે માત્ર ૬ લાખ ૭૩ હજાર હેકટરમાં જ આપણે નર્મદાનું સિંચાઇનું પાણી આજે પણ પહોંચાડી શક્યા છીએ. માટે હું ફરી વખત દોહરાવવા માગું છું કે આ રાજ્ય સરકારે જવાબદારીપૂર્વક કેનાલ નેટવર્ક ઉભું કર્યું હોત તો નર્મદાનું પાણી જે દરિયામાં વહી જાય છે એ રોકવા માટે થઇને નાણાંનું સુયોગ્ય આયોજન કર્યું હોત તો ૨૦૦૬થી ૧૮ લાખ ૪૫ હજાર હેકટરમાં આપણે ખેડૂતના ખેતર સુધી સિંચાઇનું પાણી પહોંચાડી શક્યા હોત. મારે તો માનનીય ગૃહને ખાલી વિનંતી કરવી હતી કે આ સરકારની નિષ્ફળ નીતિઓના કારણે ખેડૂતના ખેતરમાં છેલ્લા ૧૨ વર્ષથી નર્મદાનું સિંચાઇનું પાણી પહોંચાડી શકાયું નથી એ વાત સરકારે સ્વીકારવી જોઇએ અને આ કોઇ વ્યક્તિ સામેનો આક્ષેપ નથી. વ્યવસ્થા સુધારવાનો આપણો સામૂહિક પ્રયાસ છે. ત્યારે મેં તો ઉઠક-બેઠક કરવાનું કમિટમેન્ટ કર્યું હતું પણ કાકા અમારા વડીલ છે. અમારે કાઠિયાવાડમાં કહેવત છે કે છોકર-કછોકર થાય પણ માવતર કમાવતર ન થવા જોઇએ. હવે સમય બદલાયો છે.

અધ્યક્ષશ્રી : હવે સમય પૂરો થયો છે. આપ બેઠક પર સ્થાન લો.

શ્રી પરેશ ધાનાણી : એટલે માનનીય નીતિનભાઇને હું વિનંતી કરું કે ૨૦૦૨થી આ ફલોરમાં આવ્યો, આજ દિવસ સુધી પાકું લેસન કરીને આવ્યો છું. છતાં કંઇ ભૂલ થતી હોય અને માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે કે વ્યક્તિગત કોઇ ટીકા નથી. આ ગુજરાતની ધરા ઉપર આપણે સૌએ સાથે મળીને ગુજરાતને આગળ લઇ જવાનું છે. *(xxx) મુદ્દામાં કદાચ (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, અત્યારે ન કરશો.

શ્રી પરેશ ધાનાણી : સરકારને વિનંતી કરવી છે. મારે નામ પણ નથી લેવું પણ મારી સરકારને વિનંતી છે કે ૨૦૧૦માં આપણે અન્ન સુરક્ષાનો કાયદો લાવ્યા. બાયોમેટ્રિક કાર્ડ લાવ્યા. આજે ૨૦૧૯માં પહોંચ્યા. ૯ વર્ષ થયા. દર વર્ષે ૩.૬ હજાર કરોડ અનાજની સબસિડી આપી.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : શ્રી પરેશભાઇ, સાડા છ મિનિટ થઇ ગઇ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટ અને તેમાં પ્રતિષ્ઠિત વ્યક્તિઓના નામે અંગૂઠાના બાયોમેટ્રિકના દુરુપયોગથી ૧૨ હજાર કરોડ રૂપિયા સબસિડીના બારોબાર ગળાઇ ગયા એટલે આ વ્યવસ્થા સુધારવા માનનીય નીતિનભાઇ–માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આ ૧૨ હજાર કરોડ રૂપિયાનું ગરીબના મોંઢેથી જે સસ્તુ અનાજ ઝૂંટવી ગયા છે આવા લોકો ઉપર કાયદેસરના પગલાં ભરાય તો આવતા દિવસમાં ગરીબની ઝૂંપડીએ સમયસર ચૂલો સળગશે. એના આશીર્વાદ સરકારને મળશે. શ્રી નીતિનભાઇ, આ ૧૨ હજાર કરોડ રૂપિયાનું કૌભાંડ થયું છે, એ હું અને તમે બેય જાણીએ છીએ તો કરનારા લોકો ઉપર સરકાર પગલાં ભરવા માગે છે કે નહીં આની સપષ્ટતા કરવી જોઇએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આમ તો આપે મને સૂચના આપી હતી કે નર્મદા વિષય ઉપર જ તમારે માહિતી આપવાની છે. પણ માનનીય વિપક્ષના નેતાશ્રીએ એક નવો વિષય પણ ઉમેર્યો. મને એવું લાગે છે કે *(xxx) (અંતરાય) આમાં નથી.

અધ્યક્ષશ્રી : આજે અત્યારે આ વિષય નહોતો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આજની ચર્ચામાં નહોતો. આજે સાહેબે આપણને નર્મદાની સ્પષ્ટતા કરવા જ ઉભા કર્યા છે. પાંચ મિનિટ આપને આપી. પાંચ મિનિટ મને આપી. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : સાહેબ, એટલા માટે આપનું રેશનકાર્ડ પણ મારી પાસે છે અને આવા લાખો લોકોના નામે બારોબાર બાયોમેટ્રિકના દુરુપયોગથી ઉપડી ગયા છે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આપ મર્યાદાની બહાર જાવ છો. (અંતરાય) પ્લીઝ, બેસી જાવ. આપ બેસી જાવ. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : બિલકુલ રાજકીય નથી. હું વ્યક્તિગત દોષારોપણમાં પણ પડતો નથી. વ્યવસ્થાની ક્ષતિને સરકારે સ્વીકારવી જોઇએ અને તે સુધરે તે માટે પ્રયત્નો કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : ઘણું થયું. ઘણું થયું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પરેશભાઇએ જે *(xxx) અહીંયા ચર્ચા કરી, મને જે માહિતી મળી છે એ પ્રમાણે કોઇ જુદી રીતે ન લેતા અને ઉશ્કેરાઇ પણ ન જતાં. સાહેબ, *(xxx) એવી રીતે નામ, એવા વિષય માટે નામ કોંગ્રેસના કેટલાક ધારાસભ્યોએ જે ઉભું કર્યુ, ભલે પૂરાવા હોય, કોઇ પણના નામે ગમે તે હોય પણ જયાં આગળ જે દાખલો પરેશભાઇ, અપાતો હોય એ અપાય. જેમનું નામ અપાતું હોય એ અપાય. મને જે માહિતી મળી છે એ પ્રમાણે પૂજય મોરારીબાપુના લાખો ભકતોએ કોંગ્રેસના નેતાઓ ઉપર ફીટકાર વરસાવ્યો કે તમને કોઇના મળ્યું અને તમે પૂજય મોરારીબાપુનું નામ આવા વિષયમાં, રેશનકાર્ડ લઇ લેવા જેવા વિષયમાં જે તમે મૂકયું (અંતરાય) મેં ના પાડી છે, કોઇએ બોલવાનું નથી. શ્રી પરેશભાઇ બોલ્યા ત્યારે હું બોલ્યો નથી. બહુ મોટો ફીટકાર આ લોકોના ઉપર વરસાવ્યો. કેટલાય લોકોએ ફોન કર્યા, કેટલાય લોકોએ એમને ધમકાવ્યા કે તમને અમે સાફ કરી દીધા છે અને આવુંને આવું કરશો તો હજી વધુ સાફ કરી દઇશું એટલે આ કોંગ્રેસના મિત્રોએ ગભરાઇ અને માનનીય પરેશભાઇને વિનંતી કરી (અંતરાય) હવે આની ચર્ચા જ ના હોય. હવે આની કોઇ ચર્ચા ના હોય સાહેબ.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આપે આ વિષય શું કરવા કાઢયો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, સાંભળવું પડે. આમાં સૌરાષ્ટ્રવાળાને તો ... (અંતરાય) *(xxx) ભકતો, હિન્દુ ધર્મના..

શ્રી અમરીષભાઇ જી. ડેર : (અંતરાય) *(xxx) .. (અંતરાય)

અધ્યક્ષશ્રી : (માનનીય અધ્યક્ષશ્રીએ એમના સ્થાન ઉપરથી ઉભા થઇને ) માનનીય ડેર..માનનીય અમરીષભાઇ.. (અંતરાય) આપ બેસી જાવ પ્લીઝ.. (અંતરાય). અમરીષભાઇ આપ બેસી જાવ. ગૃહનું અપમાન કરો છો. અધ્યક્ષનું અપમાન કરો છો. તમે અધ્યક્ષનું અપમાન કરી રહ્યા છો. (અંતરાય) અમરીષભાઇ તમને ફરી વિનંતી કરું છું. બેસી જાવ. આપ બેસી જાવ, આપને અધિકાર નથી. આપને બોલવાનું કીધું નથી. આપ બેસી જાવ પ્લીઝ.... પ્લીઝ બેસી જાવ. શાંતિ રાખો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : જુઓ સાહેબ હજી એવું બોલે છે કે *(xxx) કરો છો. તમે કોના નામ લો છો? તમારી પાસે ઘણા નામ છે. દા.ત. પાંચ હજાર લોકોએ ગુજરાતમાં નકલી રેશનકાર્ડ બનાવ્યા છે, ચલો સરકાર તરીકે અમે સ્વીકાર્યું

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો.
* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો.
* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.
* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.
* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.
* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પણ તમને બીજા કોઇ ના મળ્યા અને હિન્દુ ધર્મના પૂજ્ય સંતો જ તમને મળે છે. એનો અમને વાંધો છે. સાહેબ, અમને વાંધો એનો છે.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, આવી ગઇ વાત.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : (અંતરાય) સાહેબ, આ હજુ એમ કહે છે.

અધ્યક્ષશ્રી : એમને સમજણ નથી એટલે બોલે છે. (અંતરાય) આપ બેસી જાવ, આપ ઉભા ના થશો. મારે તમને ગૃહમાંથી સસ્પેન્ડ કરવા પડશે. શ્રી અમરીષભાઇ, આપને ગૃહમાંથી સસ્પેન્ડ કરવા પડશે. આપ બેસી જાવ પ્લીઝ...

શ્રી અમરીષભાઇ જી. ડેર : કરી દો.

અધ્યક્ષશ્રી : તો તમને સસ્પેન્ડ થવાની ઇચ્છા છે? આપ બેસી જાવ. કેટલી વખત કીધું આપને? (અંતરાય) પણ કેટલી વખત કહેવાનું આપને?

શ્રી અમરીષભાઇ જી. ડેર : અમે *(xxx) અમારા જીવ કરતા વધારે માનીએ છીએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એ અમે જોઇ રહ્યા છીએ. દેખાઇ આવે છે.

અધ્યક્ષશ્રી : તમે ગૃહનું વારંવાર અપમાન કરી રહ્યા છો. આપ કાં તો શાંતિથી ગૃહની બહાર જતા રહો કાં તો હવે ઉભા થશો તો હું સસ્પેન્ડ કરીશ. (અંતરાય) કશું બોલવાનું નહીં પ્લીઝ...એક શબ્દ બોલશો નહીં પ્લીઝ. તમારા નેતા અહીંયાં ઉભા છે. તમે તમારા નેતાનું પણ અપમાન કરો છો. મારું પણ અપમાન કરો છો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)...

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હવે શ્રી પરેશભાઇ વિષય પૂરો કરું છું. આ તો તમે ખોલ્યો એટલે મારે જવાબ આપવો પડયો. તમે ના બોલ્યા હોત તો મારે બોલવાનું નહોતું..

અધ્યક્ષશ્રી : શ્રી પરેશભાઇ, એમને કહી દેવા દો પછી લાગશે તો તમને કહેવા દઇશ. (અંતરાય)પ્લીઝ, આપ બેસી જાવ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય નીતિનભાઇ, તમારે આ બાર હજાર કરોડનું અનાજ કૌભાંડ બહાર કઢાવવું હોય તો મને વાંધો નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, (અંતરાય) શાંતિથી બેસી જાવ. આપણે એના માટે કોઇકવાર આ વિષય ઉપર ચર્ચા રાખીશું. અત્યારે આ તો ટૂંકો વિષય છે. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : (અંતરાય) હું પડતો નથી પણ તમારી સરકારમાં ભ્રષ્ટાચાર...ગરીબોના મોંઢેથી મળતીયાઓ ઝૂંટવી ગયા છે એમને જેલમાં કેમ ન મોકલ્યા?

અધ્યક્ષશ્રી : ચાલો, માનનીય પરેશભાઇ, હવે પૂરું થયું. હવે સામ-સામે આ (અંતરાય) એનો વિષય આવે ત્યારે કહેજો. પ્લીઝ.. પ્લીઝ. પંડયાજી, આપ બેસી જાવ. પ્લીઝ.. .હવે કોઇપણ ઊભા ના થતા.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વિષય અહીંયાં પૂરો કરીએ છીએ. ભવિષ્યમાં ખ્યાલ રાખજો. બીજું, શ્રી પરેશભાઇએ જે મુદ્દો ઉભો કર્યો હતો, શ્રી પરેશભાઇ તો અભ્યાસુ છે એ તો હું સ્વીકારું છું અને એમણે એમ કીધું કે હું અભ્યાસ કરીને આવું છું એની સામે પણ મારી કોઇ દલીલ નથી. બધા સભ્યશ્રીઓને આ સાહિત્ય વિધાનસભાનું સરકારશ્રી તરફથી, આપશ્રી તરફથી પહોંચાડવામાં આવે છે. કોઇ આખે આખું વાક્ય વાંચે નહીં, સાંભળે નહીં અને સમજે નહીં અને એક વાક્યનો ટૂકડો ઉપાડે તો એનો અર્થ જુદો થઇ શકતો હોય છે. માનનીય પરેશભાઇની વાત કરું તો એમણે કહ્યું કે સામાજિક આર્થિક વિશ્લેષણ સમીક્ષા ૨૦૧૮-૧૯ પાના નં. ૧૫, આ પત્રક છે એ સરકારે આપેલ અધિકૃત પત્રક છે. એમાં ચાર કોલમ છે. પહેલું કોલમ છે એ ભૂતળ જળ એટલે મોટી, મધ્યમ સિંચાઇ યોજનાઓ જેમાં સુજલામ સુફલામ, સ્પ્રેડીંગ કેનાલો એ બધો ભાગ આવી જાય છે. બીજો વિષય છે એ સરદાર સરોવર નર્મદા યોજના આ વિષય એના માટેનો છે. પહેલું ખાનું છે એમાં ઉપર લખ્યું છે કે છેવટની એકંદર શક્ય સિંચાઇ ક્ષમતા એટલે કે નર્મદા યોજના આખી પૂરી થાય ત્યારે કેટલી સિંચાઇ ક્ષમતા ઉભી થશે તો એમાં લખ્યું છે કે, ૧૭ લાખ ૯૨ હજાર હેકટર. એનો કોઇ વિવાદ નથી. એ તો ટ્રિબ્યુનલે ૧૯૭૮ પહેલા જ્યારે કોંગ્રેસનો સૂર્ય મધ્યાહને તપતો હતો ત્યારે બધું નક્કી કરેલ છે. કયા જિલ્લાને નર્મદાનું પણી મળશે, કયા તાલુકાને મળશે, આ બધું જ કોંગ્રેસના સમયમાં નક્કી થયેલું છે. કેટલું મળશે એનો પણ વિષય નક્કી થયેલ છે. ગુજરાતના ભાગમાં કેટલું આવશે, મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્રને શું મળશે, ખર્ચના ભાગીદાર કોણ છે, ઇલેક્ટ્રિસિટી ઉત્પન્ન થશે તો કોને કેટલા મેગાવોટ પાવર મળશે એ બધું નક્કી થયેલ છે. આપણે અમલવારી કરવાની છે. કમનસીબે કોંગ્રેસે ૧૯૬૦માં સ્વર્ગસ્થ પંડિત જવાહરલાલ નહેરુજી આપણા પ્રથમ વડાપ્રધાન હતા એમના વરદ હસ્તે એ વખતની કોંગ્રેસની સરકારે નર્મદા યોજનાનું ખાતમુહૂર્ત તો કરાવ્યું પણ એ કામ આગળ વધારી શક્યા નહીં. અહીંયા શ્રી પરેશભાઇએ એમ કહ્યું કે સરકાર નિષ્ફળ ગઇ છે એટલે હું કહું છું નહીં તો હું ન કહેત. નિષ્ફળ કોણ ગયું છે એ આખું ગુજરાત જાણે છે. ૧૯૬૦થી માંડી (અંતરાય) હજી ત્યાં તકતી મારેલી છે. ફરીથી બનાવડાવીને બધાના નામો ત્યાં રાખ્યા જ છે. મૂળ તકતી શ્રી ભૂપેન્દ્રસિંહે યાદ કરાવીને લગાવડાવી હતી. ભવિષ્યની પેઢીને ખબર પડે કે ૧૯૬૧માં કરેલ ખાતમુહૂર્ત ૧૯૯૫ સુધી જ્યાં સુધી ભારતીય જનતા પાર્ટીની સરકાર ન

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આવી ત્યાં સુધી ૯૯ ટકા એમને એમ પડી રહ્યું. હવે બીજું કોલમ જુઓ. જૂન–૨૦૧૮ સુધીમાં ઉભી કરાયેલ સિંચાઇ ક્ષમતા, આ સિંચાઇ ક્ષમતા મેં કહી હતી એ છે. ૧૦૦ લાખ ૧૧ હજાર હેકટર આ મારો જવાબ છે. મને યાદ છે. શ્રી પરેશભાઇ લખતા હતા, મેં ધીમે ધીમે વડોદરા, સુરેન્દ્રનગર, બીજા જિલ્લામાં જ્યાં પણ પાણી મળ્યું છે એ બધા આપને લખાવ્યા હતા. એ બધા રેકર્ડ ઉપર છે. એ પૈકી ત્રીજું કોલમ અને આમ ગણીએ તો ચોથું કોલમ જૂન–૨૦૧૮ સુધીમાં અધિકતમ ઉપયોગમાં લેવાયેલ ક્ષમતા ૬ લાખ ૭૩ હજાર હેકટર. અમારા ફળદુ સાહેબ વાહનવ્યવહાર મંત્રી છે. એમને કોઇ પૂછે કે અમદાવાદથી વડોદરા કેટલી બસો જાય છે તો ફળદુ સાહેબ રોજની ૫૦ બસો જતી હોય તો કહે ૫૦ બસ. હવે ૫૦ બસમાં પેસેન્જર કેટલાએ બેસવું એ પેસેન્જરની અનુકૂળતા, એની જરૂરિયાત અને સિઝન પ્રમાણે હોય. અમારી જવાબદારી નર્મદા નિગમનું નેટવર્ક ઊભું કરવાની છે. જે અમારી ભારતીય જનતા પાર્ટીના શ્રી નરેન્દ્રભાઇ મોદીએ અને અમારી સરકારે સફળતાપૂર્વક ૧૬ લાખ ૧૧ હજાર હેકટરમાં પૂરું કર્યું. બીજો મુદ્દો, ક્ષમતાનો જુદી જુદી રીતે ઉપયોગ થાય. દા.ત. જ્યારે વરસાદ થયો, હું ઉત્તર ગુજરાતમાંથી આવું છું અને અમારે ત્યાં હજારો ટ્યૂબવેલો છે. ખેડૂતો ટ્યૂબવેલ ન ચલાવે, ભગવાને પાણી આપ્યું હોય તો ન ચલાવે. વીજળીનો મને અનુભવ છે. સાહેબ, અહીંયાં શ્રી સૌરભભાઇ નથી. અમુક ટાઇમે વરસાદ ના હોય તો વીજળીની ડિમાન્ડ અનેકગણી વધી જાય. જેવો રાજ્યમાં સાર્વત્રિક ૫–૧૦ ઇંચ વરસાદ થઇ જાય તો વીજળીની વપરાશ સીધી ઘટી જાય. જરૂરિયાત પ્રમાણે ખેડૂતો નર્મદાનું પાણી વાપરે છે. ખેડૂતોએ જે પાણી વાપર્યુ એ પાણીનો આંકડો આ છે. અમે જે કેપેસિટી ઊભી કરી દીધી છે એ ૧૬ લાખ ૧૧ હજાર હેકટરમાં કરી છે. એટલે મારો જવાબ એ રીતે ૧૦૦% સાચો છે. કોઇ પણ જગ્યાએ સાહેબ, અમે કહીએ કે ગુજરાતના કેટલા ઘરોમાં વીજળીકરણ થયું? તો અમે કહીએ કે તમામ ઘરોમાં વીજળીકરણ થઇ ગયું. સાહેબ, કોઇના ઘરમાં લાઇટ પહોંચી ગઇ. લાઇટ કે પંખો ચલાવવો કે ના ચલાવવો એ ઉપયોગકર્તા કનેકશન મેળવનારે નિર્ણય કરવાનો હોય છે. એમ અમે સાહેબ પાણી પહોંચાડી દીધું. પાણી પહોંચાડી દીધા પછી એ ખેડૂતને પાણી લેવું કે ના લેવું, ખેડૂતે પાણી વાપરવું કે ના વાપરવું એ એણે નક્કી કરવાનું હોય છે. એટલે સાહેબ મારો જવાબ બિલકુલ સાચો છે અને હું એટલે કહું છું કે, શ્રી વિરજીભાઇ, આ કોલમ સળંગ વાચો તો તમને ખબર પડે. તમે અધુરું વાક્ય ઉપાડો તો ગેરસમજ થાય. મારે શ્રી પરેશભાઇને નમ્રતાથી કહેવું છે કે તમે ગેરસમજ ઊભી કરવાનો અથવા થવામાં જે પ્રયત્ન કર્યો. સાહેબ, આખી કોલમ વાંચી હોત અને એમણે એમ કીધું હોત કે, ૧૬ લાખ હેકટરમાંથી આટલું પાણી ખેડૂતોએ વાપર્યું બાકીનું પાણી કેમ નથી વાપરતા? તો હું એમને કહેત. તમે એવું નથી કીધું. તમે એવું કીધું હતું કે, (અંતરાય) સરકાર ૬ લાખ હેકટરમાં જ સિંચાઇ માટે પાણી આપે છે. અમારી વ્યવસ્થા આખા ગુજરાતમાં ગોઠવાય ગઇ છે. એટલે મારી રીતે હું ૧૦૦% સાચો છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બંને સાચા છો. કોઇ ખોટું નથી. માનનીય પરેશભાઇ, વાત આવી ગઇ. આપે જે વાત કરી એમાં આપ સાચા છો. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એમાં નથી પડવું એટલા માટે કે નર્મદાનું પાણી ગુજરાતના ખેડૂતોનું ભવિષ્ય સુધારનારું છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કીધું એમ ઉપલબ્ધ ક્ષમતા સામે માત્ર ૬.૭૩ લાખ હેકટરમાં જ આપણે પાણી પહોંચાડી શકીએ છીએ. સાહેબ, તે દિવસે પણ કીધું હતું કે, કૂવામાં હોય તો હવાડામાં આવે. કૂવો એટલે નર્મદા. માનનીય અધ્યક્ષશ્રી, એ કૂવામાંથી એટલે આપણા હવાડામાં પહોંચતું નથી. શ્રી નીતિનભાઇ, નર્મદાનું પાણી તમે દો અને કોઇ ખેડૂતનો દીકરો ના પાડે ખરો? કોઇના ખેતરે પહોંચ્યું હોય અને ના પાડે ખરા? (અંતરાય)

અધ્યક્ષશ્રી : હવે આ વિષય નથી રહેતો.

શ્રી પરેશ ધાનાણી : સરકારને ગેરમાર્ગે દોરવાનું બંધ કરો અને તમે સ્વીકારો કે ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચાડવા સક્ષમ બન્યા છો તો પાણી પહોંચાડવાની બાંહેધરી આપો કે આવતા વર્ષે ૧૬ લાખ ૭૩ હજાર હેકટરમાં નર્મદાનું પાણી ખેતર સુધી પહોંચાડી દેશું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પાણી હશે તો પહોંચશે. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : એ અમને ગમશે અને લોકો તમને વધાવશે અમારી વિનંતી આ છે.

અધ્યક્ષશ્રી : માનનીય ભરતસિંહ ઠાકોર. (અંતરાય) શું છે?

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ ( મુખ્ય દંડકશ્રી ) : સમય તો વધારવો પડેને ૨૩ મિનિટ ગઇ છે.

અધ્યક્ષશ્રી : એના માટે કોઇ ના નહીં પાડે દંડકશ્રી બંને સંમત છે. (થોડીવાર બાદ) ગૃહનો સમય વધારવામાં આવે છે. (અંતરાય) શ્રી પૂર્ણેશભાઇ, આમાં તમારો કોઇ વિષય જ નથી. શ્રી અમરિષભાઇનો કે અન્ય કોઇનો વિષય નથી. બેયની વાત હતી એ વાત પૂરી થઇ ગઇ છે. ઘીના ઠામમાં ઘી છે. (અંતરાય) બંને સાચી વાત છે, શ્રી પૂર્ણેશભાઇ, બેસી જાવ.

શ્રી ભરતજી સો. ઠાકોર(બેચરાજી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ, માગણી ક્રમાંક ૮૬ લઇને આવ્યા છે ત્યારે હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું જે વિસ્તારમાંથી આવું છું એ વિસ્તાર અને શ્રી નીતિનભાઇનો વિસ્તાર બંને જોડે જોડેનો વિસ્તાર છે. બેચરાજી વિધાનસભા મત વિસ્તારની અંદર મા–બહુચરનું ધામ આવેલું છે. ત્યાં મારૂતી અને હોન્ડા જેવા મોટા મોટા પ્લાન્ટ આવેલા છે. મહેસાણાથી બહુચરાજી જવા માટે જે રોડ વાયા બલોલ થઇને જાય છે એ આજે ખૂબજ બિસ્માર હાલતની અંદર છે અને ખખડધજ થઇ ગયો છે ત્યારે માનનીય નીતિનભાઇને વિનંતી છે કે, આ રસ્તો જેમ બને તેમ ઝડપી નવા બનાવવામાં આવે અને શ્રી નીતિનભાઇ દ્વારા અમારા જોટાણા તાલુકાને ૨૦૧૩ની અંદર તાલુકાનો અલગ દરજ્જો આપવામાં

આવ્યો હતો. આજ દિન સુધી પાંચ વર્ષ થઇ ગયા છે પણ ત્યાં તાલુકા પંચાયત અત્યારે ભાડાના મકાનમાં ચાલે છે. ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે અહીંયાં બસ સ્ટેન્ડ જેવી પણ સુવિધા નથી આજે. મારા વિસ્તારની અંદર મોઢેરાનું સૂર્ય મંદિર આવેલું છે. જે જગવિખ્યાત છે અને માનનીય નરેન્દ્રભાઇ મોદીનું જયાં કુળદેવી મોઢેશ્વરી માતાનું પણ મંદિર આવેલું છે. વડાપ્રધાન બન્યા પછી ત્યાં દર્શને પણ આવ્યા હતા. મારે શ્રી નીતિનભાઇને કહેવું છે કે મહેસાણાથી મોઢેરા જતો રસ્તો આજે ખૂબ જ બિસ્માર હાલતમાં છે. (અંતરાય) અધ્યક્ષશ્રી : શ્રી ભરતભાઇ, ઊભા રહો એક રસ્તો કહી રહ્યા છે એમના વિસ્તારનો. (અંતરાય) પાડોશી છો? પાડોશી છો તો અહીં શું કરવા બોલો છો?

શ્રી ભરતજી સો. ઠાકોર : બીજું, બહુચરાજી વિધાનસભા મત વિસ્તારની અંદર સરકીટ હાઉસ જેવી સુવિધા નથી, પાર્કીંગ જેવી સુવિધા નથી. બસ સ્ટેન્ડ તરફ જતો રસ્તો પણ ખુબ બિસ્માર હાલતમાં છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : આર.સી.સી. રોડ બનાવી આપો.

શ્રી ભરતજી સો. ઠાકોર : નહીં, એ અત્યારે બિસ્માર હાલતમાં છે એટલા માટે. હમણાં હમણાં શ્રી નીતિનભાઇ દ્વારા ઓવર બ્રિજની ખૂબ જ ઝુંબેશ ચલાવવામાં આવી છે. અમારા છત્રાલથી કલોલ વચ્ચેના ૮ કિલોમીટરની અંદર માનનીય નીતિનભાઇ દ્વારા ૮ પુલ બનાવવામાં આવ્યા છે. ખૂબ સારી વાત છે સાહેબ, પણ ગામડાંનાં જે રસ્તાઓ છે એ રસ્તાઓની પણ આજે જરૂર છે અને મારી બાજુના વિધાનસભા વિસ્તારમાં કડીથી દેત્રોજ જતો વિઠલાપુર થઇને જે રસ્તો આવે એ રસ્તો ખૂબ સરસ બનાવ્યો છે. કડીથી થલતેજ જતો રસ્તો વાયા થોળ થઇને એ ખૂબ સરસ બનાવ્યો છે. કડીથી જોટાણા જતો રસ્તો વાયા સુરત એ પણ ખૂબ સરસ બનાવ્યો છે. કડીથી છત્રાલ જતો રસ્તો વાયા કરણનગર એ પણ ખૂબ સરસ બનાવ્યો છે. કડીથી કલ્યાણપુરા થઇને વિરમગામ જતો રસ્તો ખુબ સરસ બનાવ્યો છે. કડીથી નંદાસણ જતો રસ્તો આજે કામ ચાલી રહ્યું છે ત્યારે શ્રી નીતિનભાઇ, પાડોશી વિધાનસભા વિસ્તારની પણ ચિંતા કરો. ખૂબ સારા કામો કર્યા છે ત્યારે આ વિધાનસભાની અંદર પણ રસ્તાની ખૂબ જરૂર છે ત્યારે માનનીય નીતિનભાઇ પટેલને વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય શંભુજી ઠાકોર. મોઢેરામાં તો અમારા સાંસ્કૃતિક વિભાગનો ખૂબ મોટો કાર્યક્રમ થાય છે. સેંકડો લોકો આવે છે. તમારી ભલામણ મેં કરી દીધી છે. આપનો સમય પૂરો થઇ ગયો.

શ્રી ભરતજી સો. ઠાકોર : દીવાનપુરાથી સુરત, કેસુડાથી રાંજતા જતો રસ્તો, બાલુસણાથી મોટીગાંવ જતો રસ્તો, ઉદેવાડા-દિવ્યાણપુરા, કિસાન ભારતી વિદ્યાલય એવા તો ઘણા રસ્તા છે કે બિસ્માર હાલતમાં છે ત્યારે માનનીય નીતિનભાઇને વિનંતી કરું છું કે આપણા વિસ્તારની અંદર જે પણ રસ્તા બિસ્માર હાલતમાં છે એ તાત્કાલીક એને જે પણ જોબ નંબર ફાળવવામાં આવ્યા છે એ પણ હજુ ચાલુ થયા નથી તો સત્વરે ચાલુ થાય એવી વિનંતી.

શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી, નાણામંત્રીશ્રી, માર્ગ અને મકાન વિભાગ અને અમારા પાટનગર વિભાગની જે માગણી નં. ૮૭ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા અને તેને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું. એ પહેલા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે સાબરમતી નદી ઉપર સાદરા અને અલુવાને જોડતો પુલ મંજૂર કર્યો છે એ માટે અભિનંદન આપું છું. એ સિવાય બીજો અમારો ઉવારસદથી અડાલજ જતો રસ્તો વચ્ચે રેલ્વે આવે એ રેલ્વેના ૧૩ નંબરના ફાટક ઉપર પણ પુલ મંજૂર કર્યો છે તે માટે પણ હું અભિનંદન આપું છું. ગૌરવવંતા ગુજરાતનું પાટનગર એટલે ગાંધીનગર અને ગાંધીનગર એટલે સ્માર્ટ સિટી. આ સ્માર્ટ સિટીને અનુરૂપ ગાંધીનગરનો વિકાસ થાય તે માટે નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે અંદાજપત્રમાં રૂ.૩૧૨ કરોડની જોગવાઈ કરી છે એ ગઇ સાલ કરતા ૨૨ ટકા વધારે છે. ગાંધીનગરમાં પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા મુખ્ય રસ્તા, આંતરિક રસ્તા, સરકારી કચેરીઓ, અધિકારીની કચેરીઓ, રહેણાકના આવાસો બનાવવા તથા મરામત, જાળવણી, સ્ટ્રીટલાઇટની કામગીરી, નવા મકાન બાંધવા વગેરે માટેની જોગવાઈ કરી છે. તેમાં સેકટર-૭ ખાતે રૂ.૧૫.૨૭ કરોડ રકમના સરકારી કર્મચારીઓ માટે આધુનિક ડિઝાઇનવાળા અને આધુનિક એવા સી કક્ષાના ૫૬ કવાર્ટર્સ બનાવ્યા છે. એના ઉદ્‌ઘાટનમાં હું નાયબ મુખ્યમંત્રીશ્રી સાથે હતો. સાહેબ સાથે મકાન અંદર જઇને અમે જોયા સાહેબે કહ્યું શ્રી શંભુજી આપણા એમ.એલ.એ.ના ક્વાર્ટર કરતા પણ આ મકાનો સરસ છે. ગાંધીનગરના કર્મચારી માટે અત્યારે ગાંધીનગરમાં મકાનો બની રહ્યા છે. ગાંધીનગર એટલે કર્મચારી અહીં વસે છે. કર્મચારીઓના જે જૂના, જર્જરિત થયેલ આવાસો છે, એની સુધારણા માટે ખૂબ જ બજેટ ફાળવ્યું છે. ઈવીએમ સ્ટોરેજ માટે, વેર હાઉસિંગ માટે રૂપિયા ૩ કરોડની જોગવાઈ કરી છે. ગવર્નમેન્ટ પોલિટેકનિક ખાતે કેમિકલ ડિપાર્ટમેન્ટ એકેડેમિક બિલ્ડિંગ માટે રૂ.૯.૪૫ કરોડની રકમ ફાળવેલ છે. પ્રગતિ હેઠળનાં મહત્વનાં કામો સેક્ટર ૩૦ તથા સેક્ટર-૬માં બી-કક્ષાના ૫૧૬ ક્વાર્ટર બનાવવા રૂપિયા ૧૫૭.૭૦ કરોડની જોગવાઈ કરી છે. સેક્ટર ૬ ખાતે સી-કક્ષાના ૨૮૦ ક્વાર્ટર બનાવવા રૂપિયા ૭૮.૧૦ કરોડની જોગવાઈ કરી છે. ક અને ખ રોડ એની વચ્ચે બંનેને જોડવા માટે રેલ્વે ટ્રેકની નીચે અન્ડર બ્રિજ બનાવવાનાં કામ માટે રૂપિયા ૬૪ કરોડ મંજૂર કર્યા છે. આજે ક અને ખ રોડને જોડતો જે કડી બાજુથી અને છત્રાલ બાજુથી અને વાવોલ તરફથી આવતો રસ્તો..

અધ્યક્ષશ્રી : આપનું વક્તવ્ય પૂરું થાય છે. શ્રી કાળાભાઇ.

શ્રી કાળાભાઇ ર. ડાભી(કપડવંજ) : માનનીય અધ્યક્ષશ્રી, હું રાજ્યના માર્ગ અને મકાન વિભાગની અનુદાન અંગેની માગણી ઉપર મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ જેવા મોટાં શહેરોની સરખામણીમાં કપડવંજ જેવા નાના શહેરમાં ટ્રાફિકની સમસ્યા દિવસે ને દિવસે વધુ ગંભીર બનતી જાય છે. તે તરફ રાજ્ય

સરકારનું ધ્યાન દોરતા નડિયાદ, કપડવંજ સ્ટેટ હાઈવે કપડવંજ શહેરના મધ્ય ભાગમાં પસાર થતો હોવાથી કપડવંજ શહેરની ટ્રાફિકની સમસ્યા માથાના દુખાવારૂપ બનતી જાય છે, તેથી કપડવંજ શહેરનો ટ્રાફિકનો પ્રશ્ન હલ કરવા હાલ ઓવર બ્રિજ બનાવવાની ખાસ જરૂર છે. આ ઉપરાંત નાયબ મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોરવાનું કે ખેડા જિલ્લાના બિલોદરા–સિંહુજ–સરસવણીથી છીપીયાલ સ્ટેટ હાઈવે અંદાજે ચાલીસેક ગામડામાંથી પસાર થતો રોડ હોવાથી ૭ કિ.મી. પહોળો કરવા માટે તાતી જરૂર છે. આ ઉપરાંત માર્ગ અને મકાન વિભાગ પંચાયત હસ્તકના રસ્તાઓની વાત કરું તો કપડવંજ તાલુકાના લાલ માંડવા, ભોજાના મુવાડા, શીહોરા આ ૩ ગામને જોડતો રસ્તો નોન પ્લાન કક્ષાનો છે. આ રસ્તા ઉપર ડામર કામ થયાને ૧૦–૧૨ વર્ષ ઉપરાંત થઇ ગયા છે. આ ત્રણેય રસ્તા ગામતળમાં પસાર થતા હોવાથી ડામર કામ કરાય તેવો રસ્તો નથી. આ રસ્તા ઉપર ગામતળના પાણી આવતા હોવાથી લાંબા સમય સુધી ટકી શકતા નથી, એટલે મહત્તમ લંબાઇના સી.સી. રસ્તો બનાવવો પડે તેમ છે, તેથી હું આપના માધ્યમ દ્વારા નાયબ મુખ્યમંત્રીશ્રીને આ રસ્તા તરફ ધ્યાન દોરું છું. આ ઉપરાંત આપના માધ્યમ દ્વારા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીનું એ બાબતે ધ્યાન દોરવા માગું છું કે કપડવંજ તાલુકાનું નિર્માલ વ્યાસ વાસા જે મુખ્ય જીલ્લાનો માર્ગ છે. તેનું બાંધકામ જૂના કોઝ–વે મુજબ હતું. પરંતુ બાજુમાં ભુંગળિયા ડેમ બનતા આખું બાંધકામ ડીપમાં ગયું છે અને ચોમાસામાં ઉપરવાસમાં ભારે વરસાદ થતા તે ડેમ ઓવરફ્લો થવાથી જિલ્લાના મુખ્ય માર્ગ સદંતર બંધ થઇ જાય છે.

અધ્યક્ષશ્રી : માનનીય ઋષિકેશભાઇ પટેલ. આપનું વક્તવ્ય પૂરું થાય છે. માનનીય ઋષિકેશભાઇ બે મિનિટ બેસી જાઓ. શ્રી કાળાભાઇ બહુ વરસે બોલવા ઉભા થયા છે.

શ્રી કાળાભાઇ ર. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, કપડવંજ થઇને અંતર ૧૬ કિલોમીટર જેટલું લાંબું થાય છે. સમયનો બગાડ થાય છે અને પેટ્રોલ ડિઝલનો પણ ખર્ચ વધારે થાય છે અને હેરાન પરેશાન થવું પડે છે. વાસણા નિરમાલી વચ્ચે પુલ બનાવવાની માગણી કરેલ છે. તે મંજૂર કરવા માટે માનનીય નીતિનભાઇનું ધ્યાન દોરું છું. આપના માધ્યમ દ્વારા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલનું ધ્યાન દોરું છું કે, કપડવંજ તાલુકાના યાત્રાધામ ઉત્કંઠેશ્વર મહાદેવ પાસે માર્ગ અને મકાન વિભાગનું જિલ્લા પંચાયત હસ્તકનું રેસ્ટ હાઉસ આવેલ છે. તેનો પ્રથમ માળ અત્યંત જર્જરિત છે. ઉત્કંઠેશ્વર મહાદેવ યાત્રાધામ હોવાથી તેમજ કપડવંજ–દહેગામથી ગાંધીનગર જવાનો મુખ્ય માર્ગ હોવાથી આ રેસ્ટ હાઉસમાં અધિકારીઓ તથા પદાધિકારીઓની સતત અવર જવર રહેતી હોય છે. ઉત્કંઠેશ્વર મહાદેવ ખાતે જિલ્લા પંચાયત હસ્તકનું નવું રેસ્ટ હાઉસ બનાવવા નાયબ મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોરું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ સામાન્ય વહીવટ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારું અનુમોદન આપવા માટે અને મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે કોઇપણ ઘર ચલાવવું હોય એટલે પાયાની જે રકમની જરૂરિયાત પડે તેવો આ વિભાગ છે. સામાન્ય વહીવટ વિભાગમાં જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં ખૂબ પાયાની વાત છે. આ બજેટને દિશા આપવા માટે જે રકમની જરૂર પડે તેમાં સામાન્ય વહીવટ વિભાગની રકમની પણ જરૂર પડતી હોય છે અને તે અહીં લઇને આવ્યા છે. ત્યારે મારે એક વિષય કહેવો છે કે, સામાન્ય રીતે કોઇપણ માગણીઓ આવે એટલે કાપ દરખાસ્ત આવે. કાપ દરખાસ્તની વારંવાર જે પદ્ધતિ છે અને વિરોધપક્ષ છે તે તેની વાત રજૂ કરી શકે, વાત મૂકી શકે તે તેના માટે જરૂરી છે. પરંતુ મારે એટલું જ કહેવું છે કે, આ જે માગણીઓ છે તે મુખ્યમંત્રીથી માંડી આ રાજયના છેલ્લામાં છેલ્લા એટલે કે ચોથા વર્ગના કર્મચારીઓના પગારો સાથે જોડાયેલી વાત છે તેના ઉપર કાપ મૂકવાની વાત છે? હમણાં હમણાં ધારાસભ્યોના જે પગારો વધાર્યા તેમાં તો કાપ નથી મૂકવો ને? અમારે તો ન્હોતો મૂકવો, તમારે મૂકવો છે? બધાયે ભેગા થઇને નક્કી કર્યુ છે છતાંય શ્રી પરેશભાઇ આપણે કાપ મૂકવાની વાત કરીએ છીએ. નવીન ગુજરાત ભવન દિલ્હીમાં બની રહ્યું છે. રૂ.૧૩૧ કરોડના ખર્ચે ખૂબ મોટું ગુજરાત ભવન બની રહ્યું છે. ચૂંટણીના ખર્ચાનો વિષય હોય, સચિવાલયના કર્મચારીઓના પગારનો વિષય હોય, રાજય વહીવટી ટ્રીબ્યુનલનો વિષય હોય, સ્વાતંત્ર્ય દિન, પ્રજાસત્તાક દિન, ગુજરાત સ્થાપના દિન આ બધા વિષયોના ખર્ચા કરવા માટે સામાન્ય વહીવટ વિભાગ પ્રયત્ન કરતું હોય તેમાં પણ કાપ મૂકવાની વાત ત્યારે કહેવું છે કે, આ એક સામાન્ય ઘર ચલાવવા જેવો વિષય છે. તેમાં ફાળવેલી રકમ આપણે બધાએ વગર વિરોધે મંજૂર કરવી જોઇએ. તેમાં ૧૯૯૦ પહેલાં અને ૧૯૯૦ પછીની રાજયના કર્મચારીઓની ભરતીના વિષયનું એનાલિસીસ કરવામાં આવે તો તરત જ દૂધનું દૂધ અને પાણીનું પાણી થાય. ૧૯૯૦ પહેલાં રાજયની વસતીના આધારે શિક્ષકોથી માંડીને અધિકારીઓ સુધીનું મહેકમ કેટલું હતું અને ૧૯૯૫ પછી આ મહેકમ કેટલું થયું? મારે ભૂતકાળ યાદ કરાવવો નથી. ભૂતકાળમાં તો કર્મચારીઓના પગારો માટે ઓવરડ્રાફ્ટ લેવો પડતો હતો. આજે પુરાંતવાળું બજેટ રજૂ થાય છે. આપણે જયારે વાત કરીએ છીએ ત્યારે ઓવરડ્રાફ્ટ લેવો પડતો હતો તે પણ યાદ રાખવું જોઇએ. નવા વિકાસની દિશામાં ગુજરાત આજે આગળ વધી રહ્યું છે તે પણ યાદ રાખવું જોઇએ. એટલું જ નહીં પણ નર્મદાનો વિષય એટલે કે નર્મદાનો પથ્થર ૧૯૬૧માં મૂકયો હતો અને ૨૦૧૭માં તે કામ પૂરું થયું. તેમાં ૧૮ ટકાના વ્યાજે ભૂતકાળની સરકારોએ રૂપિયા લેવા પડયા હતા. આ સરકાર સુજલામ્ સુફલામ્ હોય, નર્મદા હોય કે કોઇપણ પ્રોજેકટ હોય પોતાના બલબૂતા ઉપર ખાતમૂર્હુત કરીને ઉદ્‌ઘાટન પણ આ સરકાર કરે છે તેવો પ્રજાનો વિશ્વાસ છે. આખા ગુજરાતની અંદર નહીં પણ દેશની અંદર જે પ્રકારની લહેર તમને જોવા મળે છે.

અધ્યક્ષશ્રી : માનનીય ઈન્દ્રજિતસિંહ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : એવો પ્રજાનો વિશ્વાસ અને એના પરિણામે આખા ગુજરાત જ નહીં આખા દેશમાં જે પ્રકારે આખી લહેર તમને જે જોવા મળે છે એનું કારણ આ છે. માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નીતિનભાઇ સાહેબ જે વહીવટી સેવાઓની માગણીઓ લઇને આવ્યા છે એમાં એટલું જ કહેવું છે કે, આમાં કોઇ કાપ દરખાસ્ત ન હોઇ શકે. દાળ–ભાત, રોટલી–શાક ઉપર કાપ ન હોય, છોકરાઓની ફી ઉપર ન હોય આ તો બજેટને જે વેગ આપવાનો છે એના માટેની માગણીઓ છે જે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા મૂકવામાં આવી છે એમાં હું મારું સમર્થન આપુ છું.

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર(મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ માર્ગ અને મકાન વિભાગની માર્ગ અને પુલની માગણી નંબર ૮૬ લઇને આવ્યા છે ત્યારે હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં આદરણીય નીતિનભાઇએ ઘણાં ડામર રસ્તાઓ, પુલ અને સુવિધાપથ આપ્યા છે એ બદલ હું એમનો આભાર માનુ છું અને ધન્યવાદ પાઠવું છું. સાથે સાથે મારે એ પણ કહેવું છે કે, રસ્તાઓ પણ થયા છે, પુલ પણ થયા છે અને સુવિધાપથ પણ થયા છે પણ જે એજન્સી કામ કરે છે એ એજન્સીની ક્વોલિટી અને કોન્ટીટી છે એ નિમ્ન કક્ષાના અને ગુણવત્તા વગરના કામ કરે છે અને ૬ મહિનામાં તો સુવિધાપથ પણ તૂટી ગયા છે અને એક સુવિધાપથ ઉપર મારી રજૂઆતને લઇને એન્જિનિયર અને જે તે જિલ્લા અધિકારીએ એની ઉપર ડામર પાથરીને એ રસ્તો ફરીથી સારો કરી આપ્યો છે ત્યારે માનનીય મંત્રીશ્રીને મારી નમ્ર અરજ છે, મારા પિતા વખતથી ઘણાં બધા ડામર રસ્તાના જોબ નંબર આપ્યા છે અને મને પણ આપ્યા છે પણ મારી લાગણી અને માગણી છે કે, આ વખતે પણ મને સારા ડામર રસ્તાઓના જોબ નંબર આપે, સુવિધાપથ આપે અને પુલ આપે. બીજી એક મારી માગણી છે કે, મારા વિસ્તારમાં માનનીય મોહનભાઇ કુંડારિયા સાહેબ ત્યાં આવ્યા હતા એક પુલનું ઉદ્‌ઘાટન કરીને ગયા છે અને ત્યાં તકતી પણ લગાવેલી છે પણ આજ દિન સુધી ત્યાં એ કામ નથી થયું, બજેટ પણ ફળવાઇ ગયું છે તો માનનીય મંત્રીશ્રીને મારી નમ્ર વિનંતી કે એ કામ ક્યારે ચાલુ કરવા માગો છો? બીજી મારી એક પુલની માગણી છે, બે તાલુકાને જોડતો બ્રિજ છે નવા ગામ અને વીણા વચ્ચે જે બે તાલુકાને જોડે છે એ બ્રિજની મારી માગણી છે તો એ પણ મને આપે અને જે સુવિધાપથ કરવામાં આવ્યા છે એ સુવિધાપથની આજુબાજુ જે બ્લોક લગાવવાના છે એ બ્લોક લગાવવામાં આવ્યા નથી અને બીલો આપી દેવામાં આવ્યા છે તો એમાં પણ ધ્યાન આપે અને જે એજન્સીને કામ આપવામાં આવ્યા છે એ એસ.ઓ.આર. પ્રમાણે કામ આપવામાં આવતું નથી. જે એસ.ઓ.આર.ના ભાવ છે એનાથી ૪૦થી ૩૫ ટકા નીચા ભાવે જે તે એજન્સીઓને કામ આપવામાં આવે છે એટલે એ એજન્સીઓ કામ પણ નિમ્ન કક્ષાનું અને ગુણવત્તા વગરનું કરે છે એને કારણે રસ્તાઓ તૂટી જાય છે. હમણાં જ એક મહિના પહેલા ડામર રસ્તાઓ કર્યા છે પણ પહેલા જ વરસાદમાં ડામર રસ્તાઓમાં ગાબડાઓ પડી ગયા છે. એટલે એ રસ્તાઓ જે કરે છે એ એજન્સીઓને ઠપકો આપે અને વ્યવસ્થિત ફરીથી કરાવે એવી મારી માગણી છે. ઘણાં બધા કામ આપ્યા છે એટલે ફરીથી માનનીય મંત્રીશ્રીનો આભાર અને ધન્યવાદ પાઠવું છું. મારા ગામમાં અને મારા વિસ્તારમાં એક પણ કામ બાકી ન રહે એ માટે વિશેષ ધ્યાન આપે એવી મારી અપેક્ષા છે. "ધન્યવાદ–જયહિન્દ"

શ્રી ભાવેશભાઇ બા. કટારા(ઝાલોદ) : માનનીય અધ્યક્ષશ્રી, નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ ગૃહમાં માર્ગ અને મકાન વિભાગની માગણી ક્રમાંક ૮૬ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઝાલોદ તાલુકો એ રાજસ્થાન અને મધ્યપ્રદેશની સરહદને અડીને આવેલો વિસ્તાર છે. ઝાલોદ તાલુકો ૯૦ ટકા આદિવાસી વસતિ ધરાવતો તાલુકો છે. માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી એ જળ, જંગલ અને જમીનના મૂળ માલિક છે. આજે દિલ્હીથી મુંબઇ નેશનલ કોરીડોર ઇન્ડસ્ટ્રીઝ હાઇવે જે અમારા વિસ્તારમાંથી પસાર થવાનો છે એમાં ઝાલોદ તાલુકાના ૧૩ જેટલા ગામોની જમીન સંપાદન થાય છે. આ કોરીડોર રસ્તો પહેલા મહેસાણા–અમદાવાદ થઇને પસાર થવાનો હતો જે હમણા ગોધરા–દાહોદ–જાબુઆ અને રતલામ થઇને પસાર થવાનો છે. જે રસ્તાને બદલવાનું કારણ એમ કહેવામાં આવે છે કે મહેસાણા–અમદાવાદની જમીનમાંથી પસાર થતા એકરે ૬ કરોડનો ખર્ચ થાય છે. અને આદિવાસી એરિયામાંથી પસાર થતાં એકરે ૬૦ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે. તો શું સ્ટેચ્યુ ઓફ યુનિટી બનાવવું હોય કે રોડ બનાવવો હોય એમ દરેક જગ્યાએ આદિવાસી ભોગ બનશે, શું આદિવાસીની જ જમીન સંપાદન કરવામાં આવશે? આદિવાસીઓની જમીનની વેલ્યુ રસ્તામાં થતાં ખર્ચને લઇને કરવામાં આવે છે, આદિવાસી ભાઇઓનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે, આદિવાસીઓનું ગુજરાન અને પશુઓ માટે ઘાસચારો આ જમીનને આધારિત છે, એમના નાના નાના બાળકોના અભ્યાસનો ખર્ચ પણ આ જમીનની આવકમાંથી થાય છે, એ લોકોએ વરસો સુધી મહેનત મજૂરી કરી લોહીસમાન પરસેવો પાડીને મકાન બનાવેલા છે, કૂવાઓ ખોદેલા છે આ બધું એક રસ્તામાં સમાપ્ત થવાનું છે ત્યારે આવા સંજોગોમાં સરકાર આ બાબતમાં ફેરવિચારણા કરે અને આ રસ્તો બંધ રાખે એવી મારી માગણી છે અને જો રસ્તો કાઢે તો હું સરકાર પાસે માગણી કરું છું કે સરકારી પડતર જમીન છે કે જંગલની જમીન છે એ એમને ફાળવવામાં આવે. એમના મકાન અને એમના કૂવા એમને સરકારી યોજનાઓમાંથી બનાવી આપવામાં આવે. આદિવાસી ભાઇઓએ આપેલા બલિદાન સરકાર યાદ કરે. આજે માનગઢ ગામ અને પાલ ગઢવાલના આઝાદી વખતે અંગ્રેજો સામે લડતા લડતા અનેક આદિવાસી ભાઇઓ શહીદ થયા હતા અને આજે આ જમીનો માટે એવી જ પરિસ્થિતિનું નિર્માણ થઇ રહ્યું છે ત્યારે સરકાર આની ચિંતા કરે, આ એ જ વંશજો છે અને ફરી આવી પરિસ્થિતિનું નિર્માણ ન થાય અને અમારા આદિવાસી ભાઇઓને એમની જમીનના બદલામાં જમીન મળે એવી હું માગણી કરું છું. અમારો આદિવાસી ભાઇ અભણ અને અજ્ઞાન હોય છે જેને કાયદાનું વધારે જ્ઞાન હોતું નથી, ખેતરના એક પાળા માટે ભાઇ ભાઇનું ખૂન કરી નાંખે છે ત્યારે

આજે એમની આખેઆખી જમીન જવાની છે ત્યારે આદિવાસી ભાઇ જમીન વિહોણો થવાનો છે. આજની પરિસ્થિતિની વાત કરું તો ઝાલોદ તાલુકામાં આજે મહિલાઓ, નાના નાના બાળકો, વૃદ્ધો ધારિયા, તલવાર અને તીર કામઠાં લઇને આ યોજનાનો વિરોધ કરે છે, ત્યારે આવી કોઇ અનિચ્છનીય ઘટના ના બને એ માટે હું સરકારનું ધ્યાન દોરું છું. સરકાર એમની લાગણીઓ અને માગણીઓ સાંભળે એમને સંતોષકારક જવાબ આપે અને આગળ વધે એવી મારી માગણી છે. અમારા દાહોદ જિલ્લામાં દાહોદથી નીમ્બાહેડા નેશનલ હાઇવે શરૂ કરવામાં આવ્યો છે.

અધ્યક્ષશ્રી : માનનીય સુનીલભાઇ ગામીત.

શ્રી ભાવેશભાઇ બા. કટારા : સર, એક મિનિટ. ઝાલોદમાં જે નેશનલ હાઇવે કાઢવામાં આવ્યો છે એમાં વરોડ ગામે ટોલબુથ નાંખવામાં આવ્યું છે, લીમડી સાઇડનો જે અમારો ભાગ છે ત્યાં જિલ્લા પંચાયત, જિલ્લા કલેકટર કચેરી અને જિલ્લાની કોર્ટો આવેલી છે અને બીજા ઝાલોદ બાજુના ભાગમાં તાલુકા પંચાયત, પ્રાંત કચેરી અને મામલતદાર કચેરી આવેલી છે એટલે લોકોને વારંવાર ત્યાંથી પસાર થવું પડતું હોય છે. સ્થાનિક લોકોને ટોલટેક્સમાંથી મુક્તિ આપે એવી હું માગણી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ અમારા વડિલ શ્રી અભેસિંહભાઇએ વાત કરી હતી કે શ્રી નીતિનભાઇની ચેમ્બરમાં રોડની માગણી કરવા જાય ત્યારે ધારાસભ્યો હસતા હસતા આવે છે પણ મને જે અનુભવ થયો છે એની હું તમને વાત કરવા માગું છું. સાહેબ, હું માનનીય નીતિનભાઇની ઓફિસમાં રોડ માટે ગયો હતો.

અધ્યક્ષશ્રી : પ્લીઝ સાંભળો.

શ્રી ભાવેશભાઇ બા. કટારા : હું રસ્તા માટે ગયો હતો, મને બે કલાક સુધી બહાર બેસાડી રાખવામાં આવ્યો. પત્રકારોનો ઇન્ટરવ્યુ ચાલતો હતો અને એ ઇન્ટરવ્યુ પત્યા પછી હું અંદર ગયો. સાહેબના ઇન્ટરવ્યુ પછી પત્રકારો સાથે ચર્ચા ચાલતી હતી તો સાઇડમાં બેઠો, ધારાસભ્યની ખુરશીની જગ્યાએ સાઇડમાં બેઠો, તો શ્રી નીતિનભાઇએ એવો પ્રશ્ન કર્યો કે આ ભાઇ કોણ આવ્યો છે, કેવી રીતે અંદર ભરાઇ ગયો છે?, આને તરત બહાર કાઢો, જો એક ધારાસભ્ય સાથે આવું વર્તન થતું હોય તો આમ જનતાનું શું થતું હશે? શ્રી અભેસિંહભાઇ, જ્યારે આપણા ગૃહના ધારાસભ્યશ્રીઓ હસતા મોંઢે બહાર આવશેને ત્યારે શ્રી નીતિનભાઇ મુખ્યમંત્રી બનશે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્પષ્ટતા કરી લઉં એમની વાત બિલકુલ સાચી છે. મારે સરકારના પ્રવક્તા તરીકે પત્રકારોને ઇન્ટરવ્યુ આપવાના હોય, અન્ય મુલાકાતીઓ સાથે મિટિંગ હોય એટલે સમય લાગ્યો. મારી ઓફિસમાં આવ્યા પણ ખરાં પણ હું તેમને પૂછીશ અને શ્રી પરેશભાઇ, તમે પણ પૂછો કે કોઇ દિવસ એ, આ બધા ધારાસભ્યો વારંવાર આવે છે હું બધાને ૯૯.૯૯ ટકા ઓળખી જાઉં છું. એ પહેલી વખત આવ્યા હતા એટલે હું તેમને ઓળખી શકયો નહીં એ વાત સાચી સાહેબ કે તમારો વાંક છે કે તમે પ્રજાના પ્રતિનિધિ તરીકે સતત અમારા સંપર્કમાં રહો તમે ના આવો તો અમે તમને કેવી રીતે ઓળખીએ ? અધ્યક્ષશ્રી : બહુ જ લાઇટ ટોનમાં છે તમે મને સામે પહેલી વખત મળો તો હું પણ તમને ના ઓળખી શકુ. આ બહુ સામાન્ય વાત છે. આવુ કહીને તમે બીજાને નીચો પાડવાનું ધારતા હો તો ઠીક નથી. કોઇ વખત એવું બને કે કોઇ ના ઓળખતું હોય તો આવું બને એટલે બહુ સહજ છે અને આટલો સહજતાથી ખુલાસો પણ આપે છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નીતિનભાઇ પહેલી વખત આવે તેને ઓળખતાં નથી અને વારંવાર જાય તેને રોકી રાખે છે અમારે શું કરવુ એ કહો ?

અધ્યક્ષશ્રી : એમનામાં એટલો પ્રેમ છે.

શ્રી સુનિલભાઇ ર. ગામીત(નિઝર): માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગના માનનીય મંત્રીશ્રી માગણી લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારમાં ઉચ્છલ, નિઝર અને મહારાષ્ટ્ર એમ.પી.ને જોડતો સ્ટેટ હાઇવે આવેલો છે. એ રસ્તાની લંબાઇ ૮૫ કિ.મી.ની છે પણ જયારથી એ રસ્તો બન્યો છે તે એકસાથે બન્યો નથી તેને બે–ત્રણ તબક્કામાં બનાવવામાં આવ્યો છે એટલે આ રસ્તો એકીસાથે થાય એવી મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રસ્તાનું કામ હાલમાં પણ ચાલુ છે જેમાં સાકરદા રેલ્વે ક્રોસીંગ ફાટક છે ઉચ્છલ બોર્ડર ચિતપુર સુધીનું કામ ચાલુ છે. પણ સાકરદા રેલ્વે ક્રોસીંગ પર લો લેવલનો બ્રીજ છે અને એ બ્રીજ આમાં મંજૂર નથી કર્યો. ત્યારથી આગળ જઇએ તો ટાવલી રેન્જ ફોરેસ્ટની બાજુમાં બ્રીજ છે તે મંજૂર નથી કર્યો જેથી આ રસ્તા ઉપર અવાર–નવાર એકસીડન્ટ થતાં હોય છે અને નિર્દોષ લોકોના જાન જતાં હોય છે. મારી આપના મારફત માનનીય મંત્રીશ્રીને આ જે પુલીયા છે તેને પહોળા કરવા માટે હું માગણી કરું છું. એવી જ રીતે કુકરમુંડા તાલુકામાં ફૂલવાડી કુકરમુંડા –ઇંટવાઇ થઇ નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાને જોડતો રસ્તો સ્ટેટ હાઇવે છે. પરંતુ સાહેબ એ રસ્તો હમણાં જ પંચાયત વિભાગમાંથી સ્ટેટ હાઇવેમાં ગયો છે અને એ રસ્તો ખૂબ ખરાબ છે અને તેની ઉપરથી બાઇક લઇને જવામાં પણ તકલીફ પડે છે તો જયારે અમે રજૂઆત કરીએ છીએ ત્યારે ડિપાર્ટમેન્ટ તે ખાડા પુરવા માટે આનાકાની કરે છે તો સાહેબ, અમારે કયા ડિપાર્ટમેન્ટ પાસે આ ખાડા પુરાવવા તે અમારો પ્રશ્ન થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સોનગઢ ખાતે સામુહિક આરોગ્ય કેન્દ્ર છે એ સામુહિક આરોગ્ય કેન્દ્ર અમારા આદિવાસી દર્દીઓ માટે એક આશીર્વાદરૂપ છે. ત્યાં રોજ ૪૦૦ થી ૫૦૦ દર્દીઓ સારવાર માટે આવે છે અને ત્યાંથી દવાઓ લે છે. પરંતુ એ આરોગ્ય કેન્દ્ર ખૂબ નાનુ છે જેથી મારે આપના મારફતે મંત્રીશ્રીને ૧૦૦ બેડની કોટેજ હોસ્પિટલ બને એવી મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સોનગઢ તાલુકાના ચોરવાડ એપ્રોચ રોડ ઉપર મેજર બ્રિજ અને એપ્રોચ રોડ ૨૦ મીટરનો છે જે ખૂબજ જરૂરી છે અને સોનગઢ તાલુકાના ઢીચકીયા હનુમંતીયા રોડ ઉપર કોઝવે કમ ચેકડેમની ૬૭ મીટર લંબાઇ છે જેનું સ્ટ્રકચર ખૂબજ સાંકળું છે જે પહોળું કરવું ખૂબ જરૂરી છે. ચોમાસા દરમિયાન આના ઉપર વરસાદી પાણી આવી જતાં બે-ત્રણ દિવસ સુધી આ રસ્તો બંધ થઇ જાય છે તો આ બન્ને કામો મંજૂર કરી આપવા મારી આપના મારફતે મંત્રીશ્રીને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કુકરમુંડા તાલુકો છેલ્લા પાંચ વર્ષથી નવો બનાવવામાં આવેલો છે પરંતુ હજુ સુધી ત્યાં તાલુકા પંચાયતનું મકાન નથી અને પોલીસ સ્ટેશન નથી તો હું આપના મારફત મંત્રીશ્રીને રજૂઆત કરું છું કે કુકરમુંડા તાલુકામાં નવું પોલીસ સ્ટેશન, તાલુકા પંચાયતનું મકાન અને સરકારી ગેસ્ટ હાઉસ બનાવી આપવામાં આવે એવી મારી માગણી છે.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા(ચોટીલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાન્ય વહીવટ વિભાગ માટે જે માગણીઓ લઇને આવ્યા છે એના અનુસંધાને બે-ચાર સૂચનો કરવા માગું છું. સ્થાનિક વિસ્તારના વિકાસ માટે અલગ-અલગ પ્રકારની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે ત્યારે કેટલાંક વિસ્તારની અંદર અતિ પછાત તાલુકાઓ છે. એના માટે અલગથી એક ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. અગાઉ પણ મેં આ રજૂઆત વિધાનસભા ગૃહમાં જ કરી હતી કે આ ગ્રાન્ટની સમીક્ષા થવી જોઇએ. એની ગાઇડ-લાઇનની સમીક્ષા થવી જોઇએ. અન્ય ગ્રાન્ટ જે પ્રકારથી વાપરવામાં આવે છે એ રૂટિન પ્રકારથી જ આ ગ્રાન્ટ વાપરવામાં આવે છે. જેનો ફાયદો તાલુકાઓને સીધી રીતે થતો નથી એટલે માત્ર આરોગ્ય, શિક્ષણ અને પીવાના પાણી જેવા હેતુઓ માટે જ આ ગ્રાન્ટનો ઉપયોગ કરવામાં આવે તો ગ્રાન્ટનો ફાયદો થઇ શકે એમ છે. મેં શિક્ષણની માગણીની દરમિયાન વાત કરી હતી કે ગુજરાતની અંદર માધ્યમિક શિક્ષણની પરિસ્થિતિ ખૂબ જ ખરાબ છે અને આના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ રૂબરૂ મળ્યો છું અને રજૂઆત કરી છે કે એ.ટી.વી.ટી. હોય, તાલુકા આયોજનની અતિ પછાત તાલુકાની, જિલ્લા કક્ષાની વહીવટી ગ્રાન્ટ કે એમ.એલ.એ.ની ગ્રાન્ટ હોય તો આવી કોઇ પણ ગ્રાન્ટમાંથી ગ્રામ્ય વિસ્તારની વસતી ૫,૦૦૦ કરતાં નીચી છે એવા ગામડાઓની અંદર ગ્રાન્ટેડ કે નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ ચાલતી હોય તો એ શાળાઓ માટે સેનિટેશન, લાયબ્રેરી કે નાની-મોટી ભૌતિક સગવડો મંજૂર કરવાની જોગવાઇ થવી જોઇએ. એ.ટી.વી.ટી.ની જે ગ્રાન્ટ તાલુકા કક્ષાએ વપરાય છે એની અંદર ત્રણ બિન સરકારી સભ્યોની નિમણૂક કરવામાં આવે છે એ નિમણૂક પારદર્શી અને લાયકાતના ધોરણે થવી જોઇએ. આ પૈસા પ્રજાના ટેક્ષના પૈસા છે. કોઇ રાજકીય પક્ષોના સંગઠનને સાચવવા માટે આવી જોગવાઇ કરવી એ મારી દ્રષ્ટિએ વાજબી નથી. હમણાં જ મારા સાથી ધારાસભ્યશ્રીએ કર્મચારીઓના પગારની ચિંતા કરી ત્યારે મારે એક સૂચન કરવું છે કે આઉટ સોર્સિંગથી કરાર આધારિત અને ફિક્સ પગાર આધારિત જે કર્મચારીઓની નિમણૂક થાય છે એમાં એમને અમુક-અમુકને લઘુત્તમ વેતન કરતાં પણ નીચું વેતન આપવામાં આવે છે અને એ લોકોને પી.એફ., ઇ.એસ.આઇ અને બોનસ જેવી ચૂકવણી પણ થતી નથી. આઉટ સોર્સિંગથી જે કંપનીઓ કામ કરે છે એ કંપની એક્ટના અનેક નિયમોનો ભંગ કરે છે. ગઇ કાલે માનનીય નીતિનભાઇ કહેતા હતા કે સંયુક્ત ધારાસભ્યોની એક કમિટી બનાવીએ તો આ વિષય ઉપર જો આવી કમિટી બની શકે અને આ તમામે તમામ કંપનીઓની ૧૦૦ ટકા તપાસ થાય તો એમાં ઘણો બધો સુધારો આવી શકે એમ છે. કારણ કે, જે પગાર ચૂકવીએ છીએ એ કર્મચારીને પૂરો મળતો નથી. જેટલા કર્મચારીઓ માટેની ચૂકવણી થાય છે એટલા કર્મચારીઓ પણ સ્થળ ઉપર હાજર હોતા નથી. અન્ય કંપનીઓ તો આ કંપની એક્ટનો ભંગ કરે છે પરંતુ લાઇવલી હુડ પ્રમોશન કંપની જેવી સરકારી કંપની પણ આ નિયમોનું પાલન કરતી નથી. ત્યારે હું માનનીય મંત્રીને વિનંતી કરું છું કે આ બાબતે એક સ્વતંત્ર તપાસ પંચ નિમાવું જોઇએ અને જે જે કંપની ગેરરીતિ કરતી હોય એ તમામ કંપનીઓ વિરુદ્ધ પગલાં લેવાવા જોઇએ. એ સિવાય ઘણી બધી નગરપાલિકા અને ઘણી બધી જગ્યાએ નિવૃત્ત કર્મચારીઓને કરાર આધારિત પગાર ઉપર રાખવામાં આવે છે. એ કરાર આધારિત જે કર્મચારીઓ છે એમને નાણાકીય સત્તા પણ આપવામાં આવે છે અને નાણાકીય સત્તાના પરિપત્રોનું અર્થઘટન સાચું નહિ કરીને એનો દુરુપયોગ થતો હોય એવું મારા ધ્યાનમાં આવેલ છે. દા.ત. એક નગરપાલિકામાં એક જ રસ્તાના ત્રણ ટુકડા કરીને રૂપિયા પાંચ-પાંચ લાખ કરતાં નીચા ટેન્ડર કરે છે. એવા અનેક ભ્રષ્ટાચાર નગરપાલિકા કક્ષાએ થઇ રહ્યા છે ત્યારે નગરપાલિકાની અંદર આવા કર્મચારીઓને મૂકવામાં ન આવે અથવા એમને આર્થિક નિર્ણયો લેવાની સત્તા મામલતદાર અથવા કલેક્ટરને આપવામાં આવે એવું હું સૂચન કરું છું.

શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એની વાત કરતાં પહેલા એને અનુમોદન આપતા પહેલા મારે એક વિનંતી કરવી છે કે હું છેલ્લો લાસ્ટ મેન છું. સવારમાં પ્રશ્નોત્તરીમાં પણ મેં બે હાથ ઉંચા કર્યા હતા પરંતુ મને સવારમાં પણ ચર્ચામાં ભાગ લેવા મળ્યું નહોતું તો અત્યારે મને થોડો સમય વધારી આપજો.

અધ્યક્ષશ્રી : પહેલા ચાલુ તો કરતા નથી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ માર્ગ અને મકાન વિભાગની માગણી લઇને આવ્યા છે એને મારું હૃદયપૂર્વક અનુમોદન આપું છું અને આવકારું છું અને આજની ચર્ચામાં ભાગ લેવા માટે ઉભો થયો છું.

મને વાત કહેતા આનંદ થશે કે છેલ્લા ત્રણ વર્ષમાં ૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ એમ કુલ ત્રણ વર્ષમાં મારા મત વિસ્તારમાં લગભગ રૂ.૨૧૩ કરોડના કામો જેમાં ફ્લાય ઓવર રૂ.૧૪૦ કરોડ, રેલવે અન્ડર બ્રિજના રૂ.દસ કરોડ, સ્ટેટ હાઇવેના ફોરલેનના રૂ.૩૦ કરોડ અને નોન પ્લાનના જોબ નંબરના ૩૩ કરોડ રૂપિયા ફાળવ્યા છે. આ ડિફરન્સ જોઇએ તો

થોડા સમય પહેલા આપે કહ્યું હતું, શું કહ્યું હતું એ યાદ કરાવવા માગું છું. સાહેબ, આંબાની મોસમમાં મોર આવે અને જગા બદલવાથી જોર આવે. જોરની સાથે જોશ પણ આવ્યો છે. પણ આટલી બધી રકમ મારા મત વિસ્તારમાં ફાળવી છે અને આ મત વિસ્તારના લોકોના કલ્યાણ માટે આ સરકાર ખૂબ સજાગ છે. એટલે નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને મુખ્યમંત્રીશ્રીને આ પ્રસંગે ખૂબ ખૂબ અભિનંદન આપું છું. કહેવાનો મતલબ એ કે ત્રણ વર્ષમાં રૂ.૯૮ કરોડ ૩૯ લાખ એના ભાગ્યા ત્રણ મે કર્યા. હું કોમર્સ ગ્રેજ્યુએટ હોવાને કારણે મને વિકાસના કામોમાં કેટલો ફાયદો થયો છે એની ગણતરી કરી શકું એમ છું. એટલે રૂ.૯૮.૩૯ કરોડ ભાગ્યા ત્રણ કર્યા તો દર વર્ષે રૂ.૩૨ કરોડ ૭૯ લાખ અને ૩૩ હજાર મને મળે. એની જગ્યાએ મને રૂપિયા ૨૧૩ કરોડ આપ્યા છે. એટલે સવા પાંચ ગણા આપ્યા છે. એટલે ફરીથી માનનીય મુખ્યમંત્રીશ્રી અને શ્રી નીતિનભાઇનો આભાર માનું છું. માર્ગ અને મકાન વિભાગ ખૂબ મહત્વનો છે. એ ખાતાના ભાગરૂપે લગભગ રૂ.૧૦,૦૫૮.૪૦ કરોડની માતબર રકમ રાજયના રોડ રસ્તાના વિકાસ માટે જુદી જુદી એજન્સીઓ મારફત વપરાશે. આ માર્ગ મકાન વિભાગ, પંચાયત હસ્તક, સ્ટેટ હસ્તક, પાટનગર યોજના અને નેશનલ હાઇવે આ ચાર વિભાગો દ્વારા આ રસ્તા, રોડ, પુલની કામગીરી થાય છે અને પુલો તથા રસ્તા માટે આ સરકારે મુખ્યમંત્રી સડક યોજના, પ્રધાનમંત્રી સડક યોજના અને બીજી અન્ય યોજનાઓથી રાજયના વિકાસ માટે રોડ રસ્તા અને પુલો માટે ફાળવણી કરી છે ત્યારે ગુજરાત રાજયે દેશભરમાં શ્રેષ્ઠ પૈકીનું મજબૂત અને ગુણવત્તાસભર રસ્તાઓનું માળખુ પ્રસ્થાપિત કરેલ છે. રાજય સરકાર ગુજરાતમાં ૧૮ હજાર ગામડાં અને ૧૬૨૪૫ પેટા પરાઓ અને બારમાસી રસ્તા માટે ગ્રામ વિસ્તારના માળખાનું મજબૂતીકરણ અને સુધારણાના હેતુથી નાણાકીય વર્ષમાં મુખ્યમંત્રી સડક યોજના એ ખૂબ મહત્વની યોજના છે. મને કહેતા આનંદ થશે કે ૨૦૧૮-૧૯ના વર્ષમાં નોન પ્લાન અને પ્લાન હેઠળ લગભગ રૂ.૧૭૩૦ કરોડની ફાળવણીથી ૧૯૨૭ કામો અને ૪૫૫૧ કિલોમીટરની લંબાઇના રસ્તા થવાથી મોટા ભાગના ગામોની અંદર ઘણી સુવિધાઓ ઉપલબ્ધ થશે.

સુવિધા પથના કામોની સંખ્યા ૧૧૮૯ છે જેમાં ૨૧૩૭ કિલોમીટરના રસ્તા થશે. એની પાછળ અંદાજીત રકમ રૂપિયા ૪૯૮.૧૩ કરોડ વપરાશે. આ રસ્તાઓ થવાથી ગામની ઉન્નતિ અને સુધારણાના ભાગરૂપે ગામડું પણ શહેર સમકક્ષ આવે એવા રાજય સરકારના પ્રયત્નો છે. કિસાન પથ યોજનાની વાત કરું તો આ યોજના ખેડૂતો માટે ખૂબ આશીર્વાદરૂપ છે. ખેડૂતોના ખેતરોમાં થતો પાક ખૂબ ઝડપથી મુખ્ય મથકે તાલુકાના મુખ્ય મથકે કે માર્કેટ યાર્ડમાં લઇ જવા માટે જો સારા રસ્તા હોય તો લાભ મળે. રૂ.૨૨ કરોડના ખર્ચે ૩૮૧૫ ગામો એનાથી લાભાન્વિત થયાં છે. આ સરકાર આદિવાસી, પછાત અને લઘુમતિના અનુસંધાને વાત નથી કરતો માનનીય અધ્યક્ષશ્રી પણ જે ખાસ અંગભૂત યોજના હેઠળ ૨૦૧૮માં રૂ.૪૮૫.૧૨ કરોડ ચાલુ વર્ષના, રૂ.૫૨૮ કરોડ ગયા વખતના, ગઇ સાલ કરતાં આટલી માતબર રકમ પણ વધુ ફાળવવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, પુલોની કામગીરી ગયા વખતે ૨૦૧૮માં રૂ.૧૫૩ કરોડના ખર્ચે ૨૫ પુલોની કામગીરી પૂર્ણતાના આરે છે. આ વખતે ૩૯ પુલો બાંધવા માટે રૂ.૧૨૦૬ કરોડની રકમનો દાવો પ્રગતિ હેઠળ છે. રસ્તાનું ચાર માર્ગીયકરણ તેની પણ ખૂબ પ્રગતિ છે અને આ કામો પણ ખૂબ સારી રીતે ચાલી રહ્યાં છે. પ્રધાનમંત્રી સડક યોજનામાં ૫૫ કરોડનાં કામો પૂર્ણ થયાં છે. પ્રવાસી પથ યોજના હેઠળ પણ ઘણા બધા કામો રાજય સરકાર કરી રહી છે. રાજય સરકાર આપણા ગુજરાત રાજયના ૧૬ હજાર કિલોમીટર દરિયા કિનારે કનેકટીવીટી માટે પણ રોડ કરે છે, જેથી કરીને આપણા રાજયનો વેપાર ધંધો બાહ્ય દેશોમાં પણ સારી રીતે થાય તેની પણ કાળજી સરકાર રાખે છે. માનનીય અધ્યક્ષશ્રીનો પણ ફરીથી આભાર માનું છું. તેમણે બેથી ત્રણ મિનિટ મને વધારાની આપી તે બદલ આભાર. આ માગણીઓને અનુમોદન આપું છું. ભૂતકાળના મારી સાથી મિત્રોને વિનંતી કરું છું કે આ કાપ દરખાસ્તો પાછી ખેંચી લો.

અધ્યક્ષશ્રી : માનનીય રાઉલજી કવિતા છે એ ચાર લીટીની છે, બે હું બોલેલો એક તમે બોલ્યા પછી ચોથી હું ઉમેરી દઉં –

આંબાની મોસમમાં મોર આવે,
જગ્યા બદલાય તો જોર આવે,
હવે તો મને જોશ આવે તેવું તમે કહ્યું.
પછી જ સાચે જ હોશ આવે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારી એક વિનંતી છે કે, સંસદ સભ્યોની ગ્રાન્ટ વાપરમાં ૪૫ દિવસની મુદત કરી છે, એ જ રીતે તાલુકાઓ છે અને ઇટીવીટીમાં સાહેબ બે-બે વર્ષ સુધી વિકાસનાં કામો થતાં નથી. તેન માટે પણ કોઇક લિમિટ કરવામાં આવે, બસ આટલી જ વિનંતી હતી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ: સાહેબ, બરાબર છે, પણ એમનો વિષય આયોજનને લગતો છે. ધારાસભ્યના ગ્રાન્ટની કામોની સમયમર્યાદા વધારવા માટે ધ્યાન દોરીશું, ઇટીવીટી પણ આમાં આવી જશે.

અધ્યક્ષશ્રી : સારા ધારાસભ્ય છે એટલે જ એમને તક આપી. બાકી અત્યારે એમનો કોઇ ચાન્સ નથી બોલવાનો.

શ્રી પુનમભાઇ મા. પરમાર : હા, જી સાહેબ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે માર્ગ અને મકાન વિભાગ અને જેને સરકારનું હૃદય કહેવાય વહીવટી તંત્રનું એવા સામાન્ય વહીવટ વિભાગના બજેટની માગણીઓ પર વીસેક જેટલા માનનીય સભ્યશ્રીઓએ તેમના વિચારો અને સૂચનો રજૂ કર્યા છે, એ બધાની બહુ ગંભીરતાથી વિગતવાર મેં નોંધ લીધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વાભાવિક છે કે સામાન્ય વહીવટ વિભાગ દરેક સરકારો વખતે મુખ્યમંત્રીશ્રી હસ્તકનો એ વિભાગ છે કારણ બધાજ સિનિયર અધિકારીઓનું નિયંત્રણ, તેમની બદલીઓ, તેમને લગતી અન્ય કામગીરી અને તેમની કામગીરીનું મૂલ્યાંકનની દેખરેખ મુખ્યમંત્રીશ્રી કક્ષાએ થાય છે ત્યારે સ્વાભાવિક આવો અગત્યનો વિભાગ છે. તેના વિશે કૉંગ્રેસ પક્ષના પ્રમુખ અને આ ગૃહના માનનીય ધારાસભ્યશ્રી અમીતભાઇએ કેટલાંક સૂચનો કર્યાં છે , ટીકા પણ કરી છે અને કેટલીક જાતના અવલોકનો પણ એમણે કર્યાં છે.

સરકારના જે સિનિયર અધિકારીઓ આઇ.એ.એસ, આઇ.પી.એસ. અને આઇ.એફ.એસ હોય છે તેમના દ્વારા વહીવટ તંત્રની કામગીરી છેક ગ્રામ કક્ષાએ નીચે સુધી પહોંચે તે રીતે જુદા જુદા વિભાગો દ્વારા કરાવાતી હોય છે. સામાન્ય વહીવટ વિભાગ એમાં આઇ.એ.એસ. એટલે જિલ્લાના કલેક્ટર, ડી.ડી.ઓ. નવા આવ્યા હોય તો પ્રાંત અધિકારી, જુનિયર આઇ.એ.એસ. હોય કે ટ્રેઇની આઇ.એ.એસ. ત્યાંથી માંડી અને મુખ્ય સચિવ સુધીની જવાબદારી સંભાળતા હોય છે. ગુજરાતની વસતિ સવા છ કરોડની, દેશનું સૌથી મોટું પ્રગતિશીલ ઝડપથી વિકાસ કરતું દેશનું ગ્રોથ એન્જિન કહેવાય એવું આપણુ ગુજરાત, દરેક ક્ષેત્રમાં દેશમાં આગળ હોય એટલે સ્વાભાવિક છે કે એના વહીવટી તંત્રની ગતીશીલતા પણ જેમ અમે એમ કહીએ છીએ કે સરકાર, મંત્રીમંડળ નિર્ણય કરે, અમારો ભારતીય જનતા પક્ષનો જે અમારો સંકલ્પ પત્ર હોય, જેને ચૂંટણી ઢંઢેરો કહેવાય છે, પ્રજા પ્રત્યેની પ્રતિબદ્ધતાનો અમલ કરવાનું કામ સરકાર અને વહીવટી તંત્ર દ્વારા થતું હોય છે. અમે બધા મંત્રીશ્રીઓ નિર્ણય કરીએ, કેબિનેટ કક્ષાનો નિણર્ય કેબિનેટમાં થાય, જરૂર પડે વિધાનસભામાં કાયદા પણ ઘડીએ, પણ એની બધી જ અમલવારી દરેક સરકારો વખતે દરેક પક્ષો વખતે વહીવટી તંત્ર કરતું હોય છે. વહીવટી તંત્ર જેટલું કાબેલ હોય, જેટલું ઉત્સાહી હોય એટલો રાજયને ફાયદો થતો હોય છે અને આપણે ગુજરાતમાં એનો ફાયદો આપણે જોઇએ જ છીએ. ગુજરાતનો પારદર્શક, પ્રમાણિક, પ્રજાલક્ષી વહીવટ, સરકારની ઇચ્છા પ્રમાણે એટલે કે સરકારની રાજનીતિક ઇચ્છા શક્તિ અને અધિકારીઓ એટલે વહીવટી તંત્ર, બન્ને એક સિક્કાની બે બાજુ જેવું છે. બન્ને સાથે મળીને કામ કરે તો ખૂબ સારા કામ થતા હોય છે. અધિકારી સારો હોય પણ બજેટ ન હોય તો અધિકારી કંઇ કરી શકતા નથી અને બજેટ આપીએ પણ અધિકારીમાં જો દમ ન હોય તો એ રકમ વપરાય નહીં તો પણ પ્રજાને ફાયદો થતો નથી. તો બન્ને સક્ષમ હોય, બન્ને મજબૂત હોય, બન્ને નિર્ણાયક હોય તો જ પ્રજાને આપણે ધાર્યું પરિણામ પ્રાપ્ત કરાવી શકીએ છીએ, આને હું રાજકીય રીતે નથી કહેતો, પણ અમારા નિર્ણયો, તંત્ર ઉપરની અમારી પકડ, એ છેલ્લા ૨૨ વર્ષથી ગુજરાતની જનતાએ જોઇ છે. એના કારણે પ્રજાને ખબર છે કે આ વહીવટી તંત્ર ઉપર કાબૂ રાખવો, એને નિયંત્રિત રાખવું તેને દિશા દર્શન અને માર્ગદર્શન આપવું એ ભારતીય જનતાપક્ષની સરકાર જ કરી શકે. એટલે ૨૨ વર્ષથી પ્રજાએ અમને આ જવાબદારી સોંપી છે. અમે સદભાગી છીએ કે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇના કુશળ નેતૃત્વમાં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે એમણે બાર તેર વર્ષ કામ કર્યું અને અમે જૂના સિનિયર મંત્રીશ્રીઓ છીએ. અમને બધાને મોદી સાહેબના હાથ નીચે, એમના નેતૃત્વમાં એમની સાથે બેસી મિટિંગો કરી એમના નિર્ણયો સમજી–સમજાવી અને કામ કરવાની તક મળી છે અને જે ઘડતર અમારું વહીવટી દ્રષ્ટિએ થયું છે, એમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ હોય, કે અમે બધા મંત્રીશ્રીઓ હોય, કે અમારા પક્ષના ધારાસભ્યો હોય, અમારા બધાનું પ્રજાલક્ષી માઇન્ડ છે. હમણાં વડાપ્રધાનશ્રીએ પાર્લામેન્ટમાં ભાજપના સંસદસભ્યોની મિટિંગ કરી અને એમ કહ્યું કે તમે પ્રજાની વચ્ચે જાઓ, તમે પદ યાત્રા કરો, શા માટે? નહીંતર ૩૦૩ સીટ જીતી ગયા, હજુ તો બે ત્રણ મહિના નથી થયા અને કોણ નવું કામ આપવા માંડે? પણ આ ભાજપ છે, નવું કામ આપવાની શરૂઆત થઇ ગઇ અને અમે તો એનાથી બધા વારંવાર ટેવાઇ ગયેલા છીએ. અમે આ કામ કરીએ છીએ. અમે કામ કરીએ એટલે સ્વાભાવિક છે કે અધિકારીઓને પણ કરવું પડે. આજ નહીં તો કાલે કરવું પડે, સીધે સીધું ન કરે તો બે ઉઘરાણી કરીએ પછી કરવું પડે અને અમે આ કામ કરી રહ્યા છીએ. એટલે ગુજરાતનું વહીવટી તંત્ર સક્ષમ છે અને અહીંયા જે શ્રી અમિતભાઇએ વાત કરી કે ગુજરાતના અધિકારીઓમાં બધાને દિલ્હી લઇ જાય છે, દિલ્હી જાય છે, ગુજરાતમાં જગ્યાઓ ખાલી છે. તો થોડી માનનીય સભ્યશ્રીઓને માહિતી આપીશ કે ગુજરાતમાં આઇ.એ.એસ.ની મંજૂર થયેલ ૩૧૩ જગ્યાઓ છે. ૩૧૩માંથી ૨૪૩ જગ્યાઓ ભરાયેલી છે. જેમ બધા રીટાયર્ડ થાય તેમ આઇ.એ.એસ. અધિકારી પણ રીટાયર્ડ થાય તો તેની સામે નવા અધિકારીઓ જી.પી.એસ.સી., યુ.પી.એસ.સી.માંથી આપણને પ્રાપ્ત થતાં હોય છે. ચાલુ વર્ષે ૨૧ જેટલા નવા અધિકારીઓ આપણને ભારત સરકાર તરફથી ફાળવવામાં આવ્યા છે. એ આવશે એટલે ધીમે ધીમે એ પણ વહીવટી તંત્રમાં કાર્યરત થશે. અહીં કહ્યું કે અધિકારીઓ દિલ્હી જાય છે. મારે ચોક્કસ કહેવું છે કે જયારે યુ.પી.એ.ની સરકાર હતી ત્યારે ગુજરાતના અમારા વરિષ્ઠ સનદી અધિકારીઓ, સિનિયર અધિકારીઓ તેમને દિલ્હીમાં પૂરતું પ્રતિનિધિત્વ, માન–પાન, સન્માન એ મળતું નહોતું. બીજાં રાજયોની કેડરના અધિકારીઓ દિલ્હીમાં મહત્વના વિભાગોમાં કોઇ સચિવ, કોઇ બીજી પોસ્ટ ઉપર ગોઠવાઇ જતા હતા. એટલે ત્યાં જવું હોય તો આપણને ત્યાં કોંગ્રેસની યુ.પી.એ.ની સરકાર હતી એટલે કોઇ હાથ પકડનાર નહોતું. આજે તો સાહેબ, વડાપ્રધાન ગુજરાતના, ગૃહ મંત્રી ગુજરાતના, વિદેશ મંત્રી ગુજરાતના, કૃષિ મંત્રી ગુજરાતના, પોર્ટ મિનિસ્ટર ગુજરાતના, તેમ સચિવો પણ મોટા મોટા ત્યાં આગળ. શ્રી હસમુખ અઢિયા સાહેબ ભારત સરકારના, મને નથી લાગતું કોંગ્રેસની સરકાર વખતે કોઇ ત્યાં લઇ ગયા હોય અને કોઇ ગુજરાતના સિનિયર અધિકારીને આખા દેશની જવાબદારી આપી હોય. તમે તો ગુજરાતને ગણતા જ નહોતા. આ તો શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ આવ્યા, ભાજપની સરકાર આવી એટલે ગુજરાતના અધિકારીઓનો પણ ત્યાં સિક્કો પડે છે, વટ પડે છે. આજે સચિવ–ખર્ચ– નાણાં વિભાગમાં તો ગુજરાતી અધિકારી. અનેક વિભાગોમાં ગુજરાતના સિનિયર અધિકારીઓ ગયા. આપણે કંઇ પણ જરૂર હોય, અમારા મંત્રીશ્રીઓને જરૂર હોય, અમે સીધો ફોન કરીએ અને અમને

તરત જ માહિતી મળે અને ગુજરાતને તેનો લાભ મળે છે. પહેલાં તો સાહેબ, કઇ ભાષા બોલનારા ત્યાં બેસતા હતા. તેમની ભાષા પણ આપણને આવડે નહીં અને એમને ગુજરાતી પણ ન આવડે, હિન્દી પણ ન આવડે. એવા રાજયના લોકો પહેલાં દિલ્હીમાં બેસાડતા હતા. એટલે આપણો સંપર્ક નહોતો રહેતો. હવે તો સંપર્ક એટલો મજબૂત થયો છે કે તેનાથી ગુજરાતને ઘણો ફાયદો થયો છે. એટલે શ્રી અમિતભાઇની એ વાત યોગ્ય નથી. ખરેખર તો આપણાં સિનિયર અધિકારીઓ ભારત સરકારમાં જેટલા ઉચ્ચ સ્થાન ઉપર ત્યાં પદ પ્રાપ્ત કરે એટલે સ્વાભાવિક છે કે આપણાં ગુજરાતીમાં કહેવત છે. અહીં કહું તો વાંધો નથી કે ભૂવો ધૂણે તો નાળિયેર ઘર ભણી નાખે એટલે આ બધા ત્યાં બેઠાં હોય તો આપણે તેમનો લાભ લઇ શકીએ. બીજા રાજયોની કેડરના સચિવો બેઠાં હોય તો આપણે શું કરવાનું? કશું કરવાનું નહીં. તેમને કોઇ  લાગણી પણ ન હોય અને પાછા ભલે ત્યાં જાય. કેડર તો ગુજરાતની જ ગણાય. કદાચ વળી કોઇક મદદરૂપ ન થાય, કોઇ આઘાપાછા થાય તો મુખ્યમંત્રીના હાથમાં એમનું બટન છે જ. તરત જ એમને દિલ્હીથી પાછા બોલાવવાની સત્તા પણ ગુજરાત સરકારને છે એટલે પૂરેપૂરો લાભ આપણે લઇ શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું, અહીં ફિક્સ પગારના કર્મચારીઓની પણ ચર્ચા થઇ. હું નાણા મંત્રી છું. આખા દેશના નાણા મંત્રીઓ સાથે જી.એસ.ટી. કાઉન્સિલમાં, બીજી મિટિંગોમાં  મળવાનું થાય. અમારા બધા મંત્રીશ્રીઓ પણ દિલ્હી જાય છે. સાહેબ, હું એમ માનું છું કે દેશમાં એક પણ રાજય લગભગ એવું નથી કે જયાં ફીકસ પગારની પેટર્ન ન હોય! કોઇ એક પ્રકારની પેટર્નથી કર્મચારીઓની નિમણૂક કરવામાં આવતી હોય. લગભગ કોઇ રાજય એવું નથી કે આજે ઓર્ડર અને આજથી જ, પહેલાં દિવસથી ફુલ પગાર. મારે વધારે સમય આ ચર્ચામાં નથી લવો. નહીં તો ગુજરાતમાં પણ બીજાં પક્ષની સરકાર હતી ત્યારથી આ પ્રથા ચાલુ થયેલી છે. અમારા વખતમાં સીધી શરૂઆત અમે કરી નથી. તમારા વખતમાં કરી હતી. છતાં પણ જેમ જેમ જરૂરિયાત થઇ, માગણીઓનો વધારો આવ્યો. અમે બધાએ ચર્ચા કરી અને અમે બધા પણ કર્મચારીઓના હિતવાળા છીએ. ગુજરાતી કર્મચારીઓ આપણાં રાજયના, સરકારના તંત્રના હાથ–પગ છે. એમને મદદરૂપ થવા માટે અમે તા.૧૮–૧–૧૭ના રોજ નિર્ણય કર્યો હતો. નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી તરીકે મેં અને અમારા મંત્રીશ્રીઓએ કે જે સાતમું પગારપંચ આપણે અમલમાં મૂકયું. તો ફીકસ પગારના કર્મચારીઓને પણ ઓછામાં ઓછું સાતમા પગારપંચના ધોરણે લઘુત્તમ તબક્કામાં એમને પગારધોરણ કરવું અને એ નિર્ણયનો હવે અમે અમલ કર્યો. હું દાખલા આપું કે જે કર્મચારીઓને અગાઉ ૧૦,૫૦૦ રૂપિયા પગાર મળતો હતો, અમે પગાર ધોરણ સુધાર્યું એટલે એમને ૧૬,૨૨૪ રૂપિયા થયો.  જે કર્મચારીઓને અગાઉ ૧૧,૫૦૦ રૂપિયા પગાર મળતો હતો એમને રૂપિયા ૧૯૯૫૦ પગાર થયો. જે કર્મચારીઓને ૧૬,૫૦૦ રૂપિયા પગાર મળતો હતો એમનો ડબલ થઇ લગભગ ૩૧,૩૪૦ રૂપિયા થયો અને જે કર્મચારીઓને રૂ.૧૭,૦૦૦ પગાર મળતો હતો એમનો પગાર વધી ૩૮,૦૯૦ રૂપિયા થયો. એટલે અમે માનવતાના ધોરણે અમારી જવાબદારી સમજી અને આ બધું કરતા રહ્યા છીએ. એટલે ગુજરાત સરકારમાં કોઇ કર્મચારી ઉપર અમે સહેજ પણ એવી વૃત્તિ નથી રાખતા કે કર્મચારીઓ પાસેથી કામ લઇએ પણ એને મહેનતનું ફળ ના આપીએ. અમે પૂરતું આપીએ છીએ. બીજું, આ ફીકસ પગારના કર્મચારીઓ ઓટોમેટીક પાંચ વર્ષ પછી પૂરેપૂરા પગારમાં આવી જવાના છે અને રીટાયર્ડ થાય ત્યાં સુધી બીજા કર્મચારીઓને મળે એ પ્રકારના તમામ લાભો એમને મળવાના છે. આ ફીકસ પગારના કર્મચારીઓ છે એ કાયમી કર્મચારી થઇ જાય છે. તેમને કાયમી કર્મચારીને મળતા તમામ પ્રકારના લાભ આપણે આ બધાને આપીએ છીએ. એટલે આ ફિક્સ પગાર હોય, આઉટ સોર્સીંગ હોય તો આઉટ સોર્સીંગમાં પણ આપણે સુધારા કર્યા છે. હવે આઉટ સોર્સીંગમાં પણ આઉટ સોર્સીંગ એજન્સીએ કર્મચારીના ખાતામાં સીધે સીધો કર્મચારીઓનો પગાર જમા કરવાનો અને કર્મચારીને પગાર મળી જાય એ રીતની જોગવાઇ અમે કરી છીએ. અમે દેખરેખ પણ રાખીએ છીએ. એ વાત સાચી કે કયાંક કશુંક ખોટું કરવાની વૃત્તિ કરતા હશે પણ મારી તમને દરેક સભ્યશ્રીઓને વિનંતી છે કે આરોગ્ય વિભાગ હોય, બીજા કોઇ વિભાગ હોય જે વિભાગમાં આઉટ સોર્સીંગથી કર્મચારીઓ કામ કરતા હોય એમાં અમારા કોન્ટ્રાકટરો, આઉટ સોર્સીંગના સપ્લાયરો કોઇપણ જગ્યાએ ખોટું કરતા હોય તો ચોકકસ અમારું ધ્યાન દોરજો. ગમે તે હશે, અમે એમનું સહેજ પણ ચલાવી લઇશું નહીં અને પૂરેપૂરો પગાર કર્મચારીઓને એની મહેનતનું ફળ મળે એ માટે અમે ચોકકસ પ્રયત્નો કરીશું. કડકમાં કડક રીતે અમે એને અમલમાં પણ મૂકીશું. અહીંયા સરકારી કર્મચારીઓના રીટાયર્ડમેન્ટની પણ વાત થઇ છે તો ૫૮ વર્ષની રીટાયરમેન્ટની આપણી જે ઉંમર છે એ પ્રમાણે કર્મચારીઓ તબકકાવાર રીટાયર્ડ થતા હોય છે અને જે રીયાયર્ડ થાય એમની સામે વધારે નવા કર્મચારીઓની અમે ભરતી પણ કરીએ છીએ. પહેલાં ભરતી ઓછી થતી હતી એ વાત સાચી છે પણ અમારી સરકારે વધુને વધુ પ્રયત્નો કરી ગયા વર્ષે ૭૦ હજાર કરતા પણ વધુ કર્મચારીઓની ભરતી કરી. આ વખતે ૬૦૦૦૦ કર્મચારીઓની ભરતીનું મંજૂર થયું છે. અમે દસ વર્ષનું કેલેન્ડર બનાવ્યું છે કે રીટાયર્ડ થાય એની સામે નવી જરૂરીયાતવાળા કર્મચારીઓ પણ ભરવા. સાહેબ, બોલવું સહેલું છે. અહીંયા બધા છૂટથી વાતો કરે છે કે આને આમ આપી દો, આને આમ આપી દો. સાહેબ, અમે આ પ્રજાની તિજોરીનો વહીવટ કરીએ છીએ. અમારે રાજયનો વિકાસ પણ કરવો છે. ગરીબોની અનેક યોજનાઓ પણ ચલાવવી છે. ગરીબોને અનેક લાભ આપવા છે. ખેડૂતોને અનેક લાભ આપવા છે. નર્મદા યોજના સહિત અનેક સિંચાઇ યોજનાઓ, પીવાના પાણીની યોજનાઓ, આરોગ્યની યોજનાઓ, મેડિકલ કોલેજો, રસ્તાઓ બધું કરવું છે તો જે આવક છે એમાંથી જ આ બધું કરવું છે તો એવું ના થાય કે બધું પગારમાં જતું રહે. એટલે અમે બેલેન્સ કરવાનો પ્રયત્ન કરીએ છીએ. પણ અમે સ્વીકારીએ છીએ કે કર્મચારીઓ એ સરકારના હાથપગ છે અને હાથપગ જેટલા સાબૂત હશે, એટલું સારું કામ પ્રજા માટે આપણે કરી શકીશું. સામાન્ય વહીવટ વિભાગ એ સક્ષમતાથી કામ કરે છે. નવી ભરતીઓ પણ કરીએ છીએ. પૂરો

પગાર ૭માં પગારપંચના પ્રથમ સ્લેબ પ્રમાણે આપવાની શરૂઆત અમે કરી દીધી છે અને જેમ જેમ રાજ્ય વધુ સક્ષમ થતું જશે, આવકો વધતી જશે એ પ્રમાણે અમે એમાં પણ સમયાંતરે વધારો કરતા રહીશું. ફિક્સ પગારના તમામ કર્મચારીઓ ૫ વર્ષ પછી પૂરેપૂરા પગારમાં આવી જાય છે. બધી જ રીતે કર્મચારીલક્ષી અમારી સરકાર છે. કર્મચારીઓને પેન્શન પણ આપણે મોટા પ્રમાણમાં બધાને આપીએ છીએ. કોઇ દિવસ એવું નથી થયું કે એમને પેન્શનમાં એક દિવસનું પણ મોડું થયું હોય. ૭માં પગારપંચનો દરેક પેન્શનર્સને આપણે લાભ આપીએ છીએ. અહીંયા મોંઘવારી ભથ્થાની વાત થઇ. ભારત સરકારે ૩ ટકા મંજૂર કર્યું એ હમણાં આપણે આપ્યું તો એની રકમ ૧૦૭૦ કરોડ રૂપિયા થઇ. કોઇ વાંચે તો લાગે કે ૩ ટકા વધાર્યું. ૩ ટકામાં રૂ.૧૦૭૦ કરોડ થાય છે. આ બધું જોઇને સરકારની કાળજી રાખી અને અમે પ્રજાના હિતમાં આ બધા નિર્ણયો કરીએ છીએ. એમાં કોઇ પણ રીતે કોઇ ચિંતાનો વિષય નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે મારો જે બીજો વિભાગ છે એ માર્ગ અને મકાન વિભાગ છે. એના ઉપર પણ માનનીય સભ્યશ્રીઓએ ખૂબ સુંદર રીતે માગણીઓ અને લાગણીઓ વ્યક્ત કરી છે. મને આનંદ છે કે કોઇપણ માનનીય સભ્યશ્રીએ એકાદ કિસ્સાને બાદ કરતાં અમારા વિભાગની કોઇ ટીકા કરી નથી. ગયા વર્ષે ૯ હજાર કરોડ રૂપિયાનું બજેટ હતું. હજારો કિલોમિટરના નવા રસ્તા બનાવ્યા, સેંકડો પુલો બનાવ્યા એનો મને આનંદ છે. હું ભૂતકાળમાં આ ગૃહમાં વારંવાર બેઠેલો છું. માર્ગ અને મકાન એટલે એક જમાનામાં મામાના, કાકાના, માખણ અને મલાઇ એવી જાતનું બોલાતું હતું. પણ અમે કરકસરથી, કડકાઇથી પ્રજાકીય હિતથી અને ગુણવત્તાને સૌથી પ્રથમ પ્રાયોરિટી આપીને કામ કરીએ છીએ. એક સભ્યશ્રીએ કહ્યું કે ટેન્ડર વધારે બીલો(નીચા) આવે છે, ચોક્કસ આવે છે. પહેલાના જમાનામાં બીજી સરકારો હતી ત્યારે ઓન લાઇન સિસ્ટમ કરતા ન હતા. ટેન્ડરની રીંગ થઇ જતી હતી. રૂ.૧૫ કરોડનું કામ હોય અને કોઇ માથાભારે માણસ કોઇ જિલ્લામાં એમ કહે કે કોઇ કોન્ટ્રાકટરે ટેન્ડર લેવાનું નથી. કોઇ એવો કોન્ટ્રાકટર શક્તિશાળી ન હતો કે એ માથાભારે માણસના કહ્યા પછી એ ટેન્ડર ઉપાડે અને ભરે. પહેલા અમુક જિલ્લા, મારે જિલ્લાનું નામ આપવું નથી. કારણ કે હવે લગભગ ભૂતકાળ થઇ ગયું છે. ટેન્ડર ભરવું હોય તો જે તે જિલ્લાના મોટા લોકોને, જે માથાભારે લોકો હતા એમને ટેન્ડરની રકમના ૫ ટકા આપી આવવા પડે પછી તમે ટેન્ડર ભરી શકો. કોઇની તાકાત ન હતી, એ વખતના કોઇ મુખ્યમંત્રી કે ગૃહમંત્રી કે માર્ગ મકાન મંત્રીની કે આ માફિયાગીરી, આ લુખ્ખાગીરી, આ દાદાગીરીને બંધ કરી શકે. એ વખતે રૂપિયાબે કરોડનું કામ હોય તો ૩ કરોડનું ટેન્ડર આવતું હતું. કોન્ટ્રાકટરો ખાનગીમાં કબૂલ કરતા હતા કે સાહેબ, અમારે ટેન્ડર ભરતા પહેલા અમુક લોકોને પૈસા આપી દેવા પડે છે. આ સત્ય હકીકત છે. કોઇની ટીકા નથી કરતો પણ અહીંયા બેઠેલા બધા સભ્યો જાણે છે આ તત્વો કોણ હતા? શ્રી નરેન્દ્રભાઇ મોદી મુખ્યમંત્રી બન્યા પછી કડકાઇથી બધી ઓન લાઇન સિસ્ટમ કરી અને કોણ ભરશે, ક્યાંથી ભરશે, ક્યારે ભરશે એ કોઇને ખબર ન હોય. બધા માફિયાઓને ઠંડા પાડી દીધા. એના કારણે આજે રૂ.૧૦ કરોડનું ટેન્ડર હોયતો એ રૂ.૯ કરોડનું ભરાઇને આવે છે. કારણ કે કોન્ટ્રાકટરને ખબર છે કે મારે કોઇને એક રૂપિયો આપવાનો નથી. અમે કડકાઇથી આ કામ કર્યું એમાં આ રકમો બચે છે. આ ગૃહના તમામ માનનીય સભ્યશ્રીના તમે કહો એટલા હું પત્રો બતાવું, કોંગ્રેસ પક્ષ સહિતના કે તમે મારા આ રોડમાં રૂ.૫ કરોડ મંજૂર કર્યા હતા પણ રૂપિયા ૪ કરોડમાં કામ પતી ગયું છે અને એક કરોડ બચ્યા છે તો આ રોડ વધારાનો મને અહીંયા કરી આપો. આ વધારાના ક્યાંથી આવ્યા? ભૂતકાળની અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર, પહેલાની ફાઇલો જુઓ તો પહેલા એવું હતું કે, રૂ.૫ કરોડનો રોડ મંજૂર થયો હોય પણ રૂપિયા ૭ કરોડ વપરાઇ ગયા અને કામ અધૂરું રહી ગયું એટલે બીજા રૂપિયા ૩ કરોડ આપો. કેમ કે ખોટું ચાલતું હતું. આ ખોટું અટકાવવાનું કામ અમારી ભારતીય જનતા પક્ષની સરકારે કર્યુ છે અને માર્ગ મકાન મંત્રી તરીકે હું ખાતરીપૂર્વક કહુ છું કે ગુણવત્તામાં કોઇ છૂટછાટ નહીં. હું કોન્ટ્રાક્ટરોને પણ મોઢે કહું છું કે, કામ ૧૫ દિવસ મોડું થશે તો અમે ચલાવી લઇશું પણ કામમાં કોઇ કચાશ રહેશે તો અમે નહીં ચલાવીએ. સાહેબ, બીજું, પણ કહું કે, જેટલા ધારાસભ્યશ્રીઓ કોઇ પણ રોડ માટે ગુણવત્તાની ફરિયાદ કરે છે. એ જ મિનિટે હું તરત જ ગુણવત્તાના ચીફ એન્જિનિયરને ક્વોલિટી કંટ્રોલની તપાસ કરવાની સુચના આપું છું. સાહેબ, મારે ના કહેવું જોઇએ કે ઘણા પત્રો મને સામેથી ૧૫ દિવસ, મહિના, બે મહિનામાં આવી જાય છે કે મેં ફરિયાદ કરી હતી પણ હવે મને સંતોષ છે. આ સંતોષ હું નથી ચલાવી લેતો. હું તો એમ જ કહું છું કે, તમને ભલે સંતોષ થયો પણ મારા ક્વોલિટી કંટ્રોલનો રિપોર્ટ આવશે પછી જ હું નક્કી કરીશ કે સાચું છે કે ખોટું છે. આ રીતે અમારી સરકાર કામ કરે છે ત્યારે આખું ગુજરાત અને અમારા બધા જ સભ્યશ્રીઓનો અને કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓનો પણ હું આભાર માનું છું કે, બધાએ સારી રીતે અમારા માર્ગ મકાનની કામગીરીને વખાણી છે, આવકારી છે. સાહેબ, માગણી તો મૂકવાની. હું ધારાસભ્ય હોય તો હું ય માગણી મૂકું. ભલે ૧૦ કામ મંજૂર થયા હોય તો બીજા બે હું માગું જ. આ તો સંતોષ થવો જ જોઇએ અને મેં પહેલા પણ કીધું છે કે જે દિવસે સંતોષ થાય તે દિવસે પૂર્ણ વિરામ મૂકાય જાય. નવા નવા રોડ કરવા, પહોળા કરવા, પુલ કરવા, કોઝ-વેનો પૂલ કરવો આ બધું માગે જ જવાના અને એ અમે કરીએ છીએ. સાહેબ, હું વિશેષ વાત નહીં કરું પણ કેટલીક નવી જાહેરાત પણ મારે પહેલા કરી દેવી છે. કારણ કે, માનનીય અધ્યક્ષશ્રી ક્યારના મને ઇશારો કરે છે કે સમય થવા આવ્યો છે. સાહેબ, થોડો સમય વધારવાનો છે. સાહેબ, એટલે આપ મંજૂરી આપજો.

અધ્યક્ષશ્રી : ૨૨ મિનિટ વધારવા સંમતિ આપી જ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હા, જી. સાહેબ થેંક યુ. હું થોડીક પેટર્ન બદલું છું. બધા મંત્રીશ્રીઓ છેલ્લે જાહેરાત કરે છે. પછી બધા આઘા-પાછા થઇ જાય અને જાહેરાત થાય છે. મારે પહેલા જાહેરાત કરવી છે. પહેલા તો શહેર વિસ્તારના ધારાસભ્યશ્રીઓ, ૧૦૦% શહેરી વિસ્તાર જે ગામડામાં નથી આવતા. જે ધારાસભ્યશ્રીઓને ગ્રામ વિસ્તારનો લાભ નથી મળતો

એવા ઘણાં ધારાસભ્યશ્રીઓની માગણી હતી કે, તમે ગામડાને ઘણું આપો છો પણ અમને શહેરને કાંઇ આપતા નથી. આજે સાહેબ, અમારા સચિવ, મુખ્ય ઇજનેરો બધા અમે રિશેષમાં જ નિર્ણય કર્યો અને એ નિર્ણય પ્રમાણે હું જાહેરાત કરું છું કે, વિધાનસભામાં લગભગ ૪૦થી વધુ જે પ્યોર શહેરી વિસ્તારના ધારાસભ્યો આવે છે. એકલું અમદાવાદ, સુરત અને વડોદરા આવતું હોય માનનીય અધ્યક્ષશ્રી, એકલું વડોદરા આવતું હોય. ધારાસભ્ય તરીકેનો મતવિસ્તાર એવા અમારા શ્રી વિજયભાઇ મુખ્યમંત્રીશ્રીનો શહેરી વિસ્તાર આવતો હોય, અહીંયા ઘણાં બેઠા છે. અમારા અમદાવાદના તો બધા જ તો એમને માટે એક ખુશ ખબર, ચોક્કસ શ્રી શૈલેષભાઇ પણ ખરા, શ્રી વિક્રમભાઇ કદાચ આવતા હશે. શ્રી ઇમરાનભાઇ પણ આવે, શ્રી ગ્યાસુદ્દીનભાઇ આવે આ બધા માટે હું જાહેરાત કરું છું કે, શહેરી વિસ્તારના ધારાસભ્યો કે જેને ગામડાના રસ્તા માટે ગ્રાન્ટ આપવામાં આવતી નથી. એમને એમના મત વિસ્તારમાં કામ કરવા માટે ધારાસભ્ય દીઠ ૨ કરોડ રૂપિયા માર્ગ મકાનમાંથી અમે ફાળવણી કરીશું. એમાં પદ્ધતિ એવી ગોઠવીશું કે, ધારાસભ્યશ્રીઓ એમના વિસ્તારમાં આવતા કોર્પોરેશન હદના ક્યાંક નગરપાલિકા આખી આવતી હોય, ૯૯% નહીં આવતી હોય (અંતરાય) આખી કોઇ આવતી હોય, ચલોને સ્વીકારી લીધું. કોઇ આવતી હોય. એ માગણી કરશે કે મારા ફલાણાં ફલાણાં રસ્તાઓ નવા બનાવી આપો અથવા જૂના રસ્તાને રિકાર્પેટ કરી આપો તો આવા ધારાસભ્યો જેને ગામડા માટે કોઇ ગ્રાન્ટ મળતી નથી એમને ૨ કરોડ રૂપિયા રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ તરફથી આપવામાં આવશે.

અધ્યક્ષશ્રી : આ જ વર્ષમાં?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, હા, આ વર્ષની વાત છે.

અધ્યક્ષશ્રી : આવતા વર્ષમાં શું?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, પછી શરૂઆત કરીશું. બાકી રહેતું હશે તો વિચારીશું.

અધ્યક્ષશ્રી : હું તો બ્રાહ્મણ છું. એક સામટું માગી લેવું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એટલે સાહેબ, ચલોને હવે પૂરું કરો. બધાને ૨-૨ કરોડ રૂપિયા અમે મ્યુનિસિપલ કોર્પોરેશનના હવાલે મૂકીશું. તમારે એમની પાસે કામ કરાવવાનું એ મ્યુનિસિપલ કોર્પોરેશન કરશે. જરૂર પડશે અને સુધારણા કરવી હશે તો વિચારણા કરીશું. કોર્પોરેશનોમાં રોડ સારા બને એવો આનો હેતુ છે. જેટલો ગ્રામ્ય વિસ્તારનો હકક છે એટલો શહેરી વિસ્તારનો પણ હકક છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, હું ધારાસભ્ય તરીકે આપનો આભાર માનું છું. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આભાર સાહેબ, બીજી પણ મારે એક અગત્યની જાહેરાત કરવી છે કે આપણા યાત્રાધામો છે. ડાકોર છે, તો ડાકોરમાં દા.ત. જે વિસ્તાર છે એ વિસ્તારમાં કાંતિભાઇનો વિસ્તાર આવે (અંતરાય) શાંતિ રાખોને યાર, બધું આવશે. આ ફળદુસાહેબ છે જોડે. આપણે ડાકોરમાં જઇએ છીએ ત્યારે એક સેવાલીયા બાજુથી રોડ આવે છે, એક મંદિરે જવાનો રોડ છે. ખૂબ ટ્રાફિક છે અને સેવાલીયા કપચીનું, ખાણોનું મોટું સેન્ટર છે. એટલે સેંકડો ટ્રકો ત્યાંથી નીકળે છે એટલે ત્યાં ટ્રાફિક જામ થાય છે. એટલે ડાકોર ખાતે ભગવાન રણછોડરાયજીના ચરણોમાં ૮૦ કરોડ રૂપિયાનો નવો ફલાય ઓવર બ્રિજ બનાવવાનું કામ મંજૂર કરીએ છીએ. એવી રીતે ભરૂચ અને દહેજ આપણા ખૂબ મહત્વના ઔદ્યોગિક વિસ્તારો છે અને દહેજ તો ભારતનો એક મોટામાં મોટો અગત્યનો વિસ્તાર બની ચૂકયો છે અને હજી ઘણું વધે છે. ભરૂચ શહેરના વિસ્તારમાં એક શ્રવણ ચોકડી આવે છે. અમારા ધારાસભ્યશ્રી દુષ્યંતભાઇ, ભાઇશ્રી ઇશ્વરભાઇ અને શ્રી અરૂણસિંહની માગણી હતી કે આ ટ્રાફિક જામને ખુલ્લો કરવા માટે તમે ઓવર બ્રિજ શ્રવણ ચોકડી ઉપર મંજૂર કરો. શ્રવણચોકડી ઉપર પણ રૂ.૮૦ કરોડના ખર્ચે ઓવર બ્રિજ મંજૂર કરવામાં આવે છે. અંબાજી આપણું પવિત્ર યાત્રાનું ધામ છે. રાજસ્થાન આપણું પડોશી રાજ્ય છે. પાલનપુર બનાસકાંઠા જિલ્લાનું મુખ્ય મથક છે. અગાઉ મેં જાહેરાત કરી હતી કે મહેસાણાથી પાલનપુર સિકસ લેન રોડનું કામ મંજૂર થઇ ગયું. પણ શ્રી મહેશભાઇનો વિસ્તાર અને અમારા બનાસકાંઠાના ધારાસભ્યશ્રીઓની માગણી હતી કે પાલનપુરના એરોમા સર્કલ ઉપર પણ ઓવર બ્રિજ બનાવવો. જેથી પાલનપુરથી ડીસા તરફ જતો જે મેઇન બનાસકાંઠાને જોડતો રસ્તો છે અમીરગઢ, દાંતા, અંબાજીનો એના ઉપર ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે નવો ઓવર બ્રિજ બનાવવામાં આવશે. શ્રી મહેશભાઇ, કોઇ અસર ખરી?

શ્રી મહેશકુમાર અ. પટેલ : આપને અભિનંદન આપું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આભાર. ભાઇ, જો બોલશો તો વધુ લઇ જશો. ઉત્સાહ હોય તો કંઇક મળે યાર. બીજું, મોરબી નેશનલ હાઇવે જંકશન ઉપર અન્ડર બ્રિજ બનાવવાની જરૂરિયાત છે. કારણ કે મોરબી પણ આપણું મોટું ૧૨૦૦ કારખાના ધરાવતું સિરામીકનું ભારતનું મોટામાં મોટું સેન્ટર છે. ત્યાં હજારો ટ્રકોની દરરોજ અવરજવર થાય છે એના માટે અમે ૮૦ કરોડ રૂપિયાના ખર્ચે નેશનલ હાઇવે જંકશન ઉપર મોરબીમાં અન્ડર બ્રિજ બનાવવાનું કામ મંજૂર કરીએ છીએ. આણંદના અમારા સંસદસભ્ય, અમારા નડીયાદના ધારાસભ્યશ્રી પંકજભાઇ અને બધા મિત્રોની પણ આણંદ અને નડીયાદ ખેડા જિલ્લાની પણ રજૂઆત હતી. છેક દક્ષિણ ગુજરાત સુધી લાગુ પડે. આણંદ સામરખા ચોકડીથી સામરખા એકસપ્રેસ હાઇવેને જોડતો રોડ જે છે એ બહુ ટ્રાફિકવાળો છે. એ રસ્તાને પણ ચારમાર્ગીય બનાવવાની હું જાહેરાત કરું છું. ભરૂચ જિલ્લાનું ઝઘડીયા તાલુકાનું ઉમલ્લા, અસા, પાણેથા, ઇન્દોરવેલુ ગામ જે મધ્યપ્રદેશને અને ગુજરાતને જોડતો મુખ્ય રસ્તો છે. ૧૦૦ ટકા આદિવાસી વિસ્તાર છે. ત્યાંના ધારાસભ્યશ્રી મહેશભાઇની લાગણી હતી. અમારા શ્રી પ્રદિપસિંહ ત્યાંના પ્રભારી મંત્રીશ્રી છે. એમની પણ

ભલામણ હતી. શ્રી નીતિનભાઇ હું પ્રભારી છું તો કંઇક મદદ કરો, લાભ આપો, તો એ રસ્તો પણ ૩૬ કરોડ રૂપિયાના ખર્ચે ૧૦ મીટર પહોળો કરવાનું કામ મંજૂર કરીએ છીએ. આપણું બગદાણા એ પણ સૌરાષ્ટ્રમાં પવિત્ર યાત્રાધામ છે. આ બગદાણામાં ઓખા બગદાણા જે અમારા શ્રી કેશુભાઇ નાકરાણીનો વિસ્તાર આવે છે. એ ૧૯ કિ.મી. લાંબો રોડ જેસર બગદાણાથી ૨૭ કિ.મી. લાંબો રોડ આ બંનેય કામ લગભગ ૧૮ કરોડ રૂપિયાના ખર્ચે મંજૂર કરવામાં આવે છે અને આ કામ આપણે આગળ વધારીશું. એવી જ રીતે..

શ્રી મહેશભાઇ છો. વસાવા : અંકલેશ્વરથી સેલંબા સુધીનો રસ્તો મહારાષ્ટ્રને જોડતો રસ્તો છે. ટ્રાફિક થાય છે અને એક્સિડન્ટ થાય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એની રજૂઆત મળી છે. મેં એનું એસ્ટીમેટ મંગાવ્યું છે. એ પણ આવનારા સમયમાં થઇ જશે.

શ્રી મહેશભાઇ છો. વસાવા : શ્રી ગણપતભાઇનું ગામ વાડી છે ત્યાંથી ઘણું મટિરિયલ્સ દહેજ સુધી જાય છે. આ બંને રસ્તા મંજૂર કરવા માટે અમારી માગણી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હા, જી. બધાની માગણીઓ અમે ધ્યાનમાં લઇશું. દરેકનો હક્ક છે. ગુજરાત આપણું છે. આપણા બધાનો હક્ક છે. બીજું, (અંતરાય) અહીયા આપણી સાથે છે. આ બધા આપણી સાથે જ છે ને. અહીયા અધ્યક્ષશ્રીએ કહ્યું કે આવું આવું કરશો તો બધા તમારી જોડે આવશે. મારે તો આવું આવું જ કરવું છે. બધા એક જ થઇ જાય. સુરેન્દ્રનગર પણ સૌરાષ્ટ્રનું મોટું ઔદ્યોગિક મથક છે. સુરેન્દ્રનગર, લખતર, વિઠ્ઠલગઢ અને વિરમગામ આને જોડતો ૨૦ કિ.મી.નો રસ્તો છે એને પણ ૮૦ કરોડ રૂપિયાના ખર્ચે ચાર માર્ગીય બનાવવાની હું જાહેરાત કરું છું. શ્રી ધનજીભાઇ તમારો વિસ્તાર છે. અરવલ્લી જિલ્લાનું મોડાસા એ આપણું મુખ્ય મથક છે. શ્રી રાજેન્દ્રભાઇના વિસ્તારના રસ્તા માટે અમારા પ્રભારી મંત્રીની ભલામણ હતી. મોડાસાથી લીંભોઇ, મેઘાસણ, રાયગઢને જોડતો રોડ છે એ આપણા અમદાવાદ શામળાજી ઉદેપુર મેઇન રોડને મળી જાય છે, લીંક છે. ૧૯ કિ.મી.નો રસ્તો ૮૫ કરોડ રૂપિયાના ખર્ચે એ પણ ચાર માર્ગીય બનાવવાની જાહેરાત કરું છું.(અંતરાય) ઉભા થઇને માનો રેકર્ડ ઉપર.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : આભાર. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મેં કોઇને પરાણે ઉભા કર્યા નથી. હું તો વિનંતી કરું છું. (અંતરાય) અમને ગુજરાતની પ્રજા માટે માન છે. તમે શા માટે ચિંતા કરો છો. કર્ટસી, વિવેક હોય ને. દરેક સજ્જન માણસમાં વિવેક હોવો જોઇએ. કોઇ સારું કરે તો આભાર માનવાનો આપણામાં વિવેક હોવો જોઇએ. એ આપણા સંસ્કાર છે. બોટાદની પાસે સારંગપુરમાં હનુમાનજીનું મંદિર છે. લાખો લોકો હનુમાનજીના મંદિરના દર્શન કરવા માટે ત્યાં આગળ જાય છે. શ્રી સ્વામિનારાયણ ભગવાનનું પવિત્ર ધામ છે. બોટાદ જિલ્લા મથક છે. રસ્તામાં બરવાળા આવે છે. એ પણ ઐતિહાસિક શહેર છે. ભાવનગરને જોડતો જિલ્લાને લગતું આખું નેટવર્ક છે. અમારા મંત્રીશ્રી સૌરભભાઇ અમારા પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણી, અમારા પાલીતાણાના ધારાસભ્યશ્રીની બધાની ઘણા વખતથી લાગણી હતી. બોટાદનો સારંગપુર યાત્રાધામ થઇ બરવાળા સુધીનો ૨૫ કિ.મી. લાંબો રસ્તો છે. એને ૧૧૦ કરોડ રૂપિયાના ખર્ચે ચાર માર્ગીય બનાવવાની હું જાહેરાત કરું છું. બીજું, ડભોઇ, સેગવા, પોઇચા એ રસ્તાની અહીયા શ્રી પી.ડી. વસાવાએ રજૂઆત કરી. શ્રી સુખરામભાઇની અને અમારા ધારાસભ્યશ્રીની પણ લાગણી હતી. સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતો મહત્વનો રસ્તો છે. દર વર્ષે લાખો લોકો નર્મદા મૈયાના દર્શન કરવા આવે છે અને સરદાર પટેલના દર્શન કરવા આવે છે તો આ ૩૧ કિલોમીટરનો ડભોઇ–સેગવા–પોઇચા રસ્તો છે તેને ૧૫૦ કરોડ રૂપિયાના ખર્ચે ચાર માર્ગીય બનાવવાની જાહેરાત કરું છું. હજું તો ઘણું છે. શ્રી બળદેવજી, હજું તો રૂ.૧૦ હજાર કરોડનું બજેટ છે. હવે આપણે બધુ કહીએ. બેચરાજીની વાત થઇ છે. બહુચરાજી માતાનું મહેસાણા જિલ્લાનું અને આપણા ગુજરાતનું પવિત્ર યાત્રાધામ છે. હવે તો ઉદ્યોગો પણ ત્યાં આવ્યા છે. આખી દુનિયાના ઉદ્યોગો ત્યાં આવ્યા છે એટલે સ્વાભાવિક છે કે વાહન વ્યવહારનો ટ્રાફિક થાય, મોટા મોટા કન્ટેઇનર બધુ વધે છે. માનનીય ભરતભાઇએ ઘણી નમ્રતાપૂર્વક લાગણી વ્યક્ત કરી છે એટલે ખૂબ મોટી જાહેરાતો કરું છું કે, બેચરાજી મહેસાણા રોડ જે ૩૦ કિલોમિટર લાંબો છે તે ૧૨૦ કરોડ રૂપિયાના ખર્ચે ચાર માર્ગીય કરવામાં આવશે. વરમોર–વિઠલાપુર જે સુરેન્દ્રનગર અને સૌરાષ્ટ્રને જોડતો રસ્તો છે. કોઇને રાજસ્થાનમાંથી બારોબાર નીકળીને બેચરાજી થઇને નીકળી જવું હોય તો તેના માટે આ શોર્ટકટ છે. તે વરમોર વિઠલાપુર રોડ ૧૭ કિલોમિટરનો છે તે ૬૦ કરોડ રૂપિયાના ખર્ચે ચાર માર્ગીય બનાવવાની જાહેરાત કરું છું. શંખેશ્વર તે પણ પવિત્ર યાત્રાધામ છે. તો શંખેશ્વરથી બેચરાજી ૨૩ કિલોમિટરનો જે રોડ છે તે ૧૦૧ કરોડ રૂપિયાના ખર્ચે ચાર માર્ગીય કરવાની જાહેરાત કરું છું. અહીં ઉલ્લેખ થયો છે કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇનું આસ્થાનું સ્થાન છે તે મોઢેશ્વરી માતાનું મંદિર જયાં આવેલ છે તે મહેસાણા અને પાટણ તથા સૌરાષ્ટ્રને જોડતો મોટો રોડ છે. તે બેચરાજી–મોઢેરા–ચાણસ્મા રોડ ૩૧ કિલોમિટર છે તેને પણ ૧૨૦ કરોડ રૂપિયાના ખર્ચે ચાર માર્ગીય કરવાની જાહેરાત કરું છું. એટલે લગભગ આખું ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને બહેન તમારા ત્યાં પણ.. એક મિનિટ.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : સાહેબ, ઢીમા પણ ઉત્તર ગુજરાતનું યાત્રાધામ છે અને માત્ર પાંચ કિલોમિટરનો રસ્તો બાકી છે વધારે બાકી નથી. શકય હોય તો સમાવેશ કરવા માટે વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ માટે કશું અશક્ય નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠાના ધારાસભ્યશ્રીઓની લાગણી છે, ઢીમામાં હું પણ ભગવાનના આશીર્વાદ લઇ આવ્યો છું અને એટલે જ અહીં બેઠો છું. તે રોડ અત્યારે મંજૂર કરું છું. અત્યારે જ મંજૂર. જોબ નંબર અપાઇ જશે. ગાંધીનગર આપણું પાટનગર છે અને અમારા શ્રી શંભુજીએ ખૂબ રજૂઆતો કરી છે. ખૂબ આવકાર્યું પણ ખરું. ચારે બાજુથી ગાંધીનગરને મોટા રસ્તા, પુલો, ફ્લાય ઓવર અને સિક્સ લેનથી જોડી રહ્યા છીએ. કામો ચાલે છે એટલે તેની વિગત કહીને વધારે ટાઇમ નહીં લઉં. આપણે બધા ધારાસભ્યશ્રીઓ ગાંધીનગર શહેરમાં આવીએ છીએ. આ ચ–રોડ ઉપર બે જંકશન આવે છે. તે બે જંકશનમાં ચ–૨ અને ચ–૩ જંકશન ઉપર ખૂબ ટ્રાફિક જામ થાય છે. તેમાં આવતો ટ્રાફિક તથા સામે બસ સ્ટેન્ડ તથા સિવિલ હોસ્પિટલ બાજુ જતો ટ્રાફિક. એટલે મેં હમણાં વિચાર કર્યો અને અમારા અધિકારીઓ તથા સચિવશ્રી અને મુખ્ય ઇજનેરને કહ્યું કે આની નવી ડિઝાઇન બનાવો. આવડા મોટા ગાંધીનગરમાં તો મોટો ફ્લાય ઓવર થાય નહીં અને કરીએ તો શહેરની સુંદરતામાં ઘટાડો થાય એટલે નવી ડીઝાઇનનો પ્રયત્ન કરી રહ્યા છીએ. એટલે આ બંને જંકશન ઉપર જેમ અમદાવાદમાં થલતેજમાં જઇને જોતા હશો તો જે અન્ડર પાસ છે તે પ્રમાણેનો અન્ડર પાસ અહીં બનાવવા ૫૦ કરોડ રૂપિયાની હું જાહેરાત કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઘણાં ગામડા ચોમાસામાં કોઝ–વેથી ડૂબી જાય છે, હું કોઇ ગામના નામ નહીં દઉં અને ખાતરી પણ નહીં આપું. પણ વધુ વસતિ ધરાવતા વધુ જરૂરિયાતવાળા હશે અને જૂના જમાનાના કોઝ–વે હશે અને નદીમાં લાંબા સમય સુધી પાણી રહેતું હશે. ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં કે જ્યાં ભારે વરસાદ પડે છે અને સતત પાણી રહે છે એવા વિસ્તારમાં કોઝ–વેની જગ્યાએ મોટા પુલ બનાવવાની પણ હું સૈદ્ધાન્તિક જાહેરાત કરું છું, જયાં જયાં બનાવવા પાત્ર હશે એ બધા જ કામ આપણે પૂરાં કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા કેટલાક માનનીય ધારાસભ્યશ્રીઓએ અહીંયા સરકીટ હાઉસ વગેરેની પણ માગણી કરી છે, રાજયનો એક પણ તાલુકો સરકારી અતિથિગૃહ વિનાનો ન રહે એ આપણું લક્ષ છે પરંતુ કેટલીક જગ્યાએ જિલ્લા પંચાયતો હસ્તક અતિથિગૃહો છે. હવે જિલ્લા પંચાયતનું ચાલતું હોય અને સરકાર પણ બનાવે એ ડબલ ખર્ચ પોષાય નહીં. આખા રાજયમાં જે કોઇ જિલ્લા પંચાયતો અતિથિગૃહો ચલાવતી હશે એ રાજય સરકારને–માર્ગ મકાન વિભાગને સુપરત કરી દેશે. એ બધી જ જિલ્લા પંચાયતના અતિથિગૃહો માર્ગ મકાન વિભાગ હસ્તક લઇ અને આપણું સ્ટેટનું ગેસ્ટ હાઉસ બનાવવાનું કામ મંજૂર કરીશું. અહીં કપડવંજની વાત થઇ તો કપડવંજનમાં તો માર્ગ અને મકાન વિભાગનું ગેસ્ટ હાઉસ છે જ. એવી જ રીતે ઉત્કંઠેશ્વરની પણ વાત થઇ એ પણ જોઇ લઇશું. બહુચરાજી, બહુચરાજીમાં આટલું બધું કરીએ છીએ તો બહુચરાજીમાં પણ સારી સરકારી જગ્યા કલેકટરશ્રી મારફત લઇ અને બહુચરાજીમાં પણ સારું અતિથિગૃહ બનાવવાની મંજૂરી આપવાની હું જાહેરાત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા સભ્યશ્રીઓની પણ જે અગાઉ લાગણી હતી એ પ્રમાણે વિસનગર અને ડિસા મોટા શહેર છે તો ત્યાં પણ સરકારી ગેસ્ટ હાઉસ માટે યોગ્ય કાર્યવાહી કરીશું. પણ ત્યાં સિંચાઇ વિભાગનું ગેસ્ટ હાઉસ હશે તો જોઇ લઇશું. જેથી ડુપ્લીકેશન ન થાય. ઊંઝામાં વર્ષોથી છે પણ કલોલમાં નથી તો કલોલમાં હાઇવે ઉપર કોઇ સારી જગ્યા મળશે તો ત્યાં પણ કરીશું. (અંતરાય) ધીરજ રાખો, બહુ તાલુકા અમે બનાવી દીધા છે, બધું રાતો રાત ન બની જાય. છોકરો જુદો રહેવા જાય તો બધું તરત થાય એવું ન બને, ધીમે ધીમે કરીશું પણ બધાનું કામ કરીશું. એટલે આ પણ આપણે કરીએ જ છીએ. (અંતરાય) મોરબીમાં રાજાશાહી વખતનું સુંદર ગેસ્ટ હાઉસ હાઇવે ઉપર જ છે અને માળિયામાં જોવડાવી લઇશું.

અધ્યક્ષશ્રી : માનનીય ગ્યાસુદીનભાઇ આપને કંઇ કહેવું હતું?

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રીને ખાસ એક વિનંતી કરવા માગુ છું કે, વાસણા એ.પી.એમ.સી. માર્કેટથી લઇ સરખેજ ઉજાલા સર્કલ સુધી ફ્લાઇ ઓવર બ્રિજની સખત જરૂરિયાત છે. છેલ્લા પાંચ વર્ષમાં ૩૦ કરતા વધારે લોકોના ત્યાં અકસ્માતમાં મૃત્યુ થયા છે અને વસતિ ત્યાં ખૂબ જ વધી છે. ત્યારે મારી આપને ત્યાંના નાગરિકોવતી બે હાથ જોડીને વિનંતી છે કે, આ ગંભીર મુદ્દો છે અને આની ઉપર આપ નિર્ણય લો એવી મારી આપની સમક્ષ લાગણી અને માગણી રજૂ કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા શ્રી ભૂપેન્દ્રસિંહજી, શ્રી રાકેશભાઇ શાહ અને શ્રી કિશોરભાઇ ચૌહાણ અને અમારા અમદાવાદના અન્ય ધારાસભ્યશ્રીઓ ૮ વરસથી મને કહે છે પણ આ આપણા હસ્તક નથી એ નેશનલ હાઇવે છે. એટલે મેં અમદાવાદના બધા જ અમારા સભ્યશ્રીઓને વિનંતી કરી છે કે, ભારત સરકાર પાસે આ બાબતની માગણી કરો અને જો ભારત સરકાર કાંઇક સ્કીમ મૂકશે, થોડું ઘણું કોન્ટ્રીબ્યુશન આપવાની જરૂર હશે તો સરકાર આપશે. એ રીતે જરૂરી છે કે, એક તો સંવેદનશીલ વિસ્તાર છે, ભૂતકાળમાં જ્યારે ભયંકર તોફાનો થયા ત્યારે એક કે બે મહિના સુધી એ હાઇવે બંધ રાખવો પડ્યો હતો. ગીતા મંદિર અને સૌરાષ્ટ્રને જોડતો બધો બસ વ્યવહાર બંધ હતો માનનીય ગ્યાસુદીનભાઇ, આપને ખબર જ હશે પણ એવું ફરી કદી ન થાય એવું આપણે ઇચ્છીએ અને બધા ભાઇચારાથી રહે, પ્રેમથી રહે પણ સલામતીની દ્રષ્ટિએ પણ એ હાઇવેને વિકસાવવો જરૂરી છે અને એ માટે નવા વિકલ્પો તૈયાર કરવા અમે વિચારી રહ્યા છીએ.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : સર, નેશનલ હાઇવે ઓથોરિટિમાં આપના ધારાસભ્યશ્રીઓ પણ રજૂઆત કરે અને આનો નિવેડો લાવે તેવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીને જવાબ આપવા દો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિભાગ તરફથી આ છાપેલી પુસ્તિકા દરેક માનનીય સભ્યશ્રીઓને મેં આપી છે, નહિ આપી હોય તો હમણાં મળી જશે. આખા ગુજરાતના એક એક ખૂણાની નવી કામગીરી, ચાલુ કામગીરી, પુલો, ગામ વાર, અન્ડર બ્રિજ બધું આમાં આવરી લીધું છે, કોઇ ખૂણો આમાં બાકી નથી અને મારી લાગણી છે કે, આદિવાસી વિસ્તારને આ વખતે અમે પૂરેપુરું વધારાનું પ્રાધાન્ય અમે આપવાના છીએ. કારણ કે એમણે અમને ઘણું આપ્યું છે એટલે અમારે એમને વ્યાજ સહિત બધું આપવાનું છે એટલે કોઇ ક્યાંય ચિંતા ન કરતાં, મારી બધા જ સભ્યશ્રીઓને વિનંતી છે કે આ પુસ્તિકા જરાક જોઇ લો, આમાં કંઇ ખૂટતું હોય તો ચોક્કસ મારું ધ્યાન દોરજો અને ૧૦,૦૫૮ કરોડ રૂપિયાનું બજેટ..

શ્રી જે. વી. કાકડિયા : અમરેલી જિલ્લામાં.. આમાં સાવ નીકળી ગયો છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ભાઇ, ઉભાં થઇને બોલો તો ખબર પડે, તસ્દી લેવી પડે.

શ્રી જે. વી. કાકડિયા : અમરેલી જિલ્લામાં સરકીટ હાઉસ..

શ્રી નીતિનભાઇ ર. પટેલ : નહી, આમાં અમરેલી છે.

શ્રી જે. વી. કાકડિયા : અમરેલી જિલ્લામાં સરકીટ હાઉસની વાત કરું છું.,

અધ્યક્ષશ્રી : માઇક ચાલુ કરી આપો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : અમરેલીના સરકીટ હાઉસનું તો અમે ઉદઘાટન કર્યું છે, શ્રી પરેશભાઇ મહેમાન હતા, ફળદુ સાહેબના હસ્તે અમે એનું ઉદઘાટન કર્યું છે. સરસ ગેસ્ટ હાઉસ બનાવ્યું છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય નીતિનભાઇને વિનંતી છે, ખાસ કરીને સૌરાષ્ટ્રને જોડતો મુખ્ય રોડ બગોદરાથી ચાલુ કરીને ધંધુકા, વલ્લભીપુર, ધોળા, રંઘોળા, પછી ભાવનગર રાજકોટ મંજૂર થઇ ગયો છે, ચાવંડ, લાઠી, અમરેલી, ધારી બગસરા લીન્ક જોડીએ તો પીપાવાવ છેક દરિયા કાંઠા સુધીનો આ વચ્ચેનો રોડ ખૂબ અવરજવર વાળો છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હું સંમત.

શ્રી પરેશ ધાનાણી: માનનીય અધ્યક્ષશ્રી, આને ચાર માર્ગીય કરવા માટેની અમારી અપેક્ષા હતી કે આ વખતે આ આવી જશે, શ્રી સૌરભભાઇ પણ એમાં સંમતિ આપશે, આપણે પ્રગતિ પથની શરૂઆત કરી પછી આ લીન્ક આખી ક્યાંયને ક્યાંય મિસિંગ લીન્ક તરીકે ઉભી છે એટલે મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, ..

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હું એ જ કહુ છું. પહેલાં બોટાદ સુધી પહોંચીએ પછી આગળ જવાયને. સીધા આગળ જઇએ તો પછી વચ્ચે રહી જાય, પછી તમે જ પાછા વિધાનસભામાં પ્રશ્ન પુછો કે ત્યાં પહોળો છે અને અહીં સાંકડો છે એટલે અમે સળંગ બધું વારાફરતી કરીશું. નર્મદાની કેનાલ આગળ વધારીએ છીએ. મિસિંગ લીન્ક નહિ રહેવા દઇએ. આપણા માનનીય મંત્રીશ્રી દ્વારકામાં હતા, એમણે ખૂબ સુંદર કામ કર્યું છે એટલે એ લાભ આપણને મળ્યો છે, સોમનાથ–દ્વારકા રોડ કરેલ છે. વડાપ્રધાનશ્રીએ ઓખામાં બેટ દ્વારકાનો જે સિગ્નેચર બ્રિજ ૯૦૦ કરોડ રૂપિયાનો મંજૂર કર્યો છે, ભારત સરકારના ખર્ચે એ આપણને ભેટ મળી છે. વડાપ્રધાનશ્રીના કહેવાથી માનનીય નીતિનભાઇ ગડકરીજીએ ભાવનગરથી દ્વારકા અને સોમનાથથી દ્વારકા એમ બે સી.સી. રોડ ૧૦૦૦ કરોડ રૂપિયા ઉપરના જે નેશનલ હાઇવેમાં મંજૂર કર્યા છે, અત્યારે કામ ચાલુ છે. બીજું, ચાવંડ–લાઠી–અમરેલી એ રાષ્ટ્રીય ધોરીમાર્ગ છે. એના ડી.પી.આર.ની કામગીરી અત્યારે ચાલી રહી છે પહેલાં ભૂતકાળની સરકારમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ ગુજરાતના ઓછા મંજૂર થતાં હતા. કેન્દ્રમાં ભા.જ.પ.ની સરકાર આવી પછી ૩ જ ગણા રાષ્ટ્રીય ધોરીમાર્ગ, નેશનલ હાઇવે મંજૂર થયા. એનો ફાયદો આપણને એ છે કે, એમાં સો એ સો ટકા ખર્ચ ભારત સરકાર આપે છે. એટલે મારો પ્રયત્ન એ છે કે, નેશનલ હાઇવે, એસ.ટી.આર. એકટ એમાં વધુને વધુ રોડ મંજૂર કરાવીએ. જેથી ત્યાંના દિલ્હીનું, કેન્દ્રનું મોટું ફંડ આપણને મળે એટલે આપણું એમાં આવી જાય છે. અમરેલી અને ભાવનગર એનાથી આગળ બધા જ વિસ્તારોને આપણે ચોક્કસ સાંકળી લઇશું.

અધ્યક્ષશ્રી : માનનીય મનીષાબેન શું કહે છે? ક્યારના હાથ ઉંચા કરો છો.

શ્રીમતી મનીષા વકીલ : સર થેન્ક્યુ, શ્રી નીતિનભાઇ, ખાસ લાગણી...

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ એમ કહો.

શ્રીમતી મનીષા વકીલ : માનનીય નીતિનભાઇ, દક્ષિણના ધારાસભ્યશ્રીઓ જ્યારે વડોદરાથી અમદાવાદ આવે છે ત્યારે માત્ર એક કલાકમાં આવે છે પણ અમદાવાદથી ગાંધીનગર જવા માટેનો જે રીંગ રોડ છે એમાં અમારે લગભગ પિસ્તાલીસથી પચાસ મિનિટ થાય છે. તો આપ એને ફોરલેન કરી દો અથવા તો બીજો પેરેલલ રોડ બનાવી દો તો ખૂબ સહેલું રહેશે, ઝડપથી અવાશે. આભાર સહ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બધા ફલાય ઓવર કરીએ એટલે બધા જંકશનો બંધ થઇ જશે એટલે ઝડપથી અવાશે. જેમ અમારા ભરૂચના ધારાસભ્યોએ બપોરે કહ્યું કે, ગોલ્ડન બ્રિજ થયો, સરદાર બ્રિજ થયો તો સડસડાટ હવે સુરતથી અવાય છે. નહીંતર સુરતથી ભરૂચમાં રોકાઇ જાવ તો બેથી ત્રણ કલાકનો ટ્રાફિક જામ થતો હતો. સાહેબ, અમે બધા રસ્તા સડસડાટ જ કરી દઇએ છીએ. જેને આવવું હોય એ સડસડાટ આવે કોઇને કોઇ જગ્યાએ કોઇ બમ્પ નહીં નડે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારી માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબને વિનંતી છે કે, તારાપુર એક સૌરાષ્ટ્ર સુરતનો શોર્ટકટ રસ્તો છે અને તે સિક્સ લેન રસ્તો ચાલી રહ્યો છે. તો એ જે સરકીટ હાઉસ

છે તેની જર્જરિત હાલત છે અને અત્યારે ચોમાસામાં પાણી પડે છે. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી પણ તે સરકીટ હાઉસમાં આવી ચૂકેલા છે. સાહેબ, હું છેલ્લાં પાંચ વર્ષથી આપને રજૂઆત કરૂં છું અને આજ આપ ખુશમાં છો તો આટલી જાહેરાત કરી દો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ તે મારા ધ્યાનમાં જ છે આ રોડ પૂરો થાય એટલે કરીએ. આ તારાપુર વટામણ રોડ શ્રી ભૂપેન્દ્રસિંહે વાત કરી તેનો પુલ તૂટી ગયેલો. સાહેબ, વાત સાચી તરત જ ડાયવર્ઝન ચાલુ કર્યુ અને નવો પુલ ટૂંક સમયમાં બનાવી અને અમે વાહન–વ્યવહાર માટે તેને ચાલુ કરી દઇશું. એટલે ઝડપી કામગીરી અમારા માર્ગ મકાન વિભાગે કરી છે. હજુ કહુ છું માનનીય પરેશભાઇએ અને અમારા વિરજીભાઇએ અને બીજા બધાએ અમરેલી જિલ્લાની જેટલી માગણીઓ કરી હતી રેલ્વેના બધા જ ઓવર બ્રિજ અમે કરી દીધા. ધંધુકાનો ઓવર બ્રિજ, વારંવાર ફાટક બંધ રહેતું હતું અને ત્યાં રેલ્વે ઓવર બ્રિજનું કામ શરૂ કરી દીધુ. આખા ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રીનું અને અમારૂં લક્ષ્ય છે કે ફાટક મુકત ગુજરાત કરવું. પણ તબક્કાવાર થાય અને થવાનું આ ગુજરાતની અમારી ભાજપની સરકાર અમારૂં સૂત્ર છે કે જે બોલીએ છીએ તે કરી બતાવીએ છીએ અને કરી બતાવીશું.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, આઠ જણાં કયારના હાથ આમ આમ કરી રહ્યાં છે શું કરું! આપ કહો એમ કરું, આમાં તો આપ કહો એ કરું. આ તો બહાર હતા તે જોઇને–સાંભળીને આવ્યા કે અહીં કાંઇક અને કાંઇક મળી રહ્યું છે.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ભિલોડા તાલુકા મથકે એક જ પુલ છે અને તે નાનો અને સાંકડો છે અને ૪૦ વર્ષ પહેલાં બનાવેલો છે અને તે એક સાઇડમાંથી નમી ગયેલો છે. ગયા વર્ષે થોડો રીપેર થયેલો છે પણ એટલો બધો ટ્રાફિક છે કે મુશ્કેલી પડે છે એટલે કાં તો બીજો પુલ બનાવો અથવા તો પહોળો કરો, કાંઇક વ્યવસ્થા કરો. બીજી મારી વિનંતી છે કે, જે હું ઘણી વખત રજૂઆત કરૂં છું કે જે ગામડામાં ખરેખર રસ્તાઓ નથી એને એક વખત તમે મંજૂર કરો, એક સીંગલ કામ આપો. મોટા પુલો અમને નહીં આપો તો ચાલશે પણ કમ સે કમ અમને એક રસ્તો મળે એવું આ વખતે તમે સ્વીકારો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ચોક્કસ જોઇ લઇશું.

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધયક્ષશ્રી, શરૂઆતમાં આપે કહ્યું કે હું બ્રાહ્મણ છું અને બધુ માગી લઇશ પણ હું તો બધુ નહીં માગું પણ આપણા બ્રાહ્મણોનો એક નિયમ છે કે, તેઓ વર–કન્યાને પણ જોડવાનું કામ કરે છે. તો હું મધ્ય ગુજરાતમાં આવું છું, તો સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતને જોડવાનું કામ મારે કરવુ છે. એટલે મીતલીથી કામાતલાવનો એક બ્રિજ બનાવવામાં આવે તો ભવિષ્યમાં વટામણ પુલના કંઇ પ્રોબ્લેમ આવશે તો પણ આ બ્રિજ કામ આવશે અને સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત હસ્ત મેળાપની માફક જોડાયેલું રહેશે એ મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી બીજી માગણી એવી છે કે, જેમ શ્રી પુનમભાઇએ કહ્યું એમ તો વાંસદથી બગોદરા સુધી હવે ફોર લેન સિક્સ લેન રસ્તો બની રહ્યો છે તો એક તારાપુર સરકીટ હાઉસની ખૂબ જરૂર છે. એવી અને એવી એક વટામણ ચોકડી પર પણ એક સરકીટ હાઉસની ખૂબ જરૂર છે.

ડો. નીમાબેન ભા. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારમાં હાજીપીર એક પવિત્ર યાત્રાધામ તરીકે છે. હિંદુ મુસ્લિમ બધા જ ત્યાં જતાં હોય છે અને હાજીપીર ગાયોને બચાવવા જતાં શહિદ થયા હતા અને માતાના મઢ જતાં બધા પ્રવાસીઓ હાજીપીર જાય છે. બાર કિલોમીટરનો રસ્તો બાકી રહે છે, ૨૭ કિલોમીટર આપે મંજૂર કરેલો છે તો આ ૧૨ કિલોમીટરનો રસ્તો મંજૂર કરવા વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : અમારી સરકાર સાંસ્કૃતિક અને ધાર્મિક સરકાર છે. દરેક જ્ઞાતિ, જાતિ, સમાજ, મથકોને જોડવા એ અમારું લક્ષ્ય છે. ડો.નીમાબહેને કીધું એ પ્રમાણે શ્રી વાસણભાઇને એ બધા સાથે આવ્યા હતા અને ત્યાંના જે પીર કહેવાય એ પણ આવ્યા હતા. એ દિવસે જ ૨૭ કિ.મી.નો રસ્તો મંજૂર કરી દીધો. હવે બાકીનો જે રસ્તો છે એ પણ આપણે લઇ લઇશું. માતાનો મઢ, આશાપુરા માતાનું મંદિર એ પણ એક પવિત્ર જગ્યા છે. એને જોડતા ઘણા રસ્તા પહેલાં પણ કર્યા છે અને હજી પણ ખૂટતા હશે તો કરીશું અને બધા સભ્યશ્રીઓને કહું છે કે કોઇ મોટું પવિત્ર યાત્રાધામ હોય જ્યાં વર્ષે લાખો લોકોની અવર–જવર હોય તો એ મારા ધ્યાન ઉપર મૂકજો. ગમે તે હશે આપણે બધી વ્યવસ્થા કરી આપીશું.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે અત્યારે જેનું ઉદ્દ્યાટન આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ કર્યું એવા દાંડી મેમોરીયલની મુલાકાતે રોજના ૨૦,૦૦૦ લોકો આવે છે. ગુજરાતમાં જો કોઇ આવે તો તે પહેલાં દાંડી મેમોરીયલ જાય અને પછી સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા જાય. મારી માનનીય નીતિનભાઇ સાહેબને ખાસ વિનંતી છે કે ત્યાં ફોર ટ્રેક રસ્તો બનાવે અને અત્યારે જ જોબ ઓર્ડર આપી કામ શરૂ કરો. સાહેબ, આપ વિઝન ઓરીએન્ટેડ છો અને આપ ક્લેરિટી સાથે કામ કરો છો. મારી આટલી વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગ – મકાન મંત્રી તો છું પણ સાથે – સાથે નાણામંત્રી પણ છું. એટલે આ જ તો હું કોઇ મંજૂરી નહિ આપું. દરેક સભ્યને મારી વિનંતી છે કે લેખિત રજૂઆત કરે, હું એના એસ્ટીમેટ મંગાવી લઉં, કેવો ટ્રાફિક છે, કેવી જરૂરિયાત છે એ પ્રમાણે બધાનું મારા બજેટની સીલીંગ મર્યાદામાં જેટલું થતું હશે એટલું આપણે કરીશું. હવે મારી બધાને વિનંતી છે કે આ બધી કાપ દરખાસ્ત પાછી ખેંચો. આજે શ્રી શૈલેષભાઇનું મોં કડક છે. થોડા હસતાં થાવ. કાલે ચંડોળા તળાવમાં ખુશ હતા એમ આજે આમાં ખુશ થાવ.

અધ્યક્ષશ્રી : શ્રીમતી ગેનીબેન આપ બેસી જાવ.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : સાહેબ એક મિનિટ.

અધ્યક્ષશ્રી: ના, હમણાં કશું નહિ. આપ પહેલાં બેસી જાવ. આવું નહિ કરવાનું થોડી ધીરજ રાખવાની.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીના ઘ્યાન ઉપર મૂકવા માગું છું કે મારા પેટલાદ શહેરમાં આપે રેલ્વે પર ઓવર બ્રિજ મંજૂર કર્યો છે. ત્રણ વર્ષથી આ કામ બંધ છે અને ટ્રાફિકના કારણે લોકોને શહેરમાં થઇને આવવું પડે છે એટલે લોકોનું ડિઝલ બળે છે અને બહુ સમય બગડે છે તો એ કોન્ટ્રાક્ટ રદ કરીને નવો આપો અથવા એની પાસે તાત્કાલિક કામ ચાલુ કરાવો એવી મારી અરજ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રેલવેમાં પ્રશ્નો થાય છે. આપણે આપણું કામ બે બાજુથી એપ્રોચ કરી દઇએ. દા.ત. અમદાવાદમાં શીલજ રોડ ઉપર અમારું કામ ૯૦ ટકા પૂરું થઇ ગયું છે પણ રેલવેનું ગડર બનાવવાનું કામ બાકી છે. રેલવે પહેલાં કોંક્રિટ કરતું હતું પણ હવે એ લોકોએ ડિઝાઇન બદલી છે. સ્ટીલના મોટા ગડર મૂકે છે. એ ગડર સ્પેશિયલ બનાવવા પડે છે. એ મોટી ફેક્ટરીઓમાં બને અને અહીંયા આવે. એમાં સમય લાગે છે.

શ્રી વી.ડી.ઝાલાવાડિયા: માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા છે કે મારા વિસ્તારમાં ગયા વર્ષની અંદર ઘણા રસ્તાઓ આપ્યા છે પણ આ પોર્ટફોલિયો લઇને આવ્યા છે ત્યારે અમારા કામરેજના ચાર રસ્તા પાસે અંડર બ્રિજ આપી દો.

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આપણા સ્ટેટના રસ્તાઓ ૧૦ મીટર પહોળા થઇ ગયા છે. એની વચ્ચેથી જે હેરીટેજ રોડ જાય છે એ હજી નાના અને સાંકડા જ છે. તો આ રોડ માર્ગ અને મકાન વિભાગને આપવામાં આવે તો એ ૧૦ મીટર થઇ જાય એવું કરવા માગો છો કે કેમ?

ડો. આશાબેન પટેલ : માનનીય મંત્રીશ્રીને એટલી વિનંતી છે કે વડનગરમાં મોટા ભાગના પરા છે. સુંઢીયાના ૧૬ પરા છે, સાબલીયના દસ છે, વડનગરના સાત છે, જાસ્કાના બે –ત્રણ છે એટલે ત્યાં ૫૦૦થી હજાર લોકોની વસતિ છે એમને ત્યાં નેળીયા છે એના કારણે ચોમાસામાં ડીલવરીનો પ્રોબ્લેમ થાય ત્યારે મોટી સમસ્યા થાય છે તો આ વર્ષે રૂપિયા પાંચ દસ કરોડનું અને દર વર્ષે થોડું થોડું બજેટ ફાળવે તો ત્યાં સારા રસ્તા બને. એટલે આ સંવેદનાવાળી વાત છે એટલે માર્ગ અને મકાન મંત્રીશ્રીને વિનંતી કરું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય મંત્રીશ્રીએ બધાને ખૂબ ખુશ કરી દીધા છે. મંત્રીશ્રી જયારે સામાન્ય વહીવટ વહીવટ વિભાગનો જવાબ આપી રહ્યા હતા ત્યારે રાજય સરકારના ભરતી કેલેન્ડર વર્ષમાં નોકરીઓની વાત કરી. એમણે કહ્યું કે ગયા વર્ષે ૭૦૦૦૦ નોકરીઓ આપી અને આ વર્ષે ૬૦૦૦૦ આપવાની છે. આજના પ્રશ્નોત્તરી કાળ દરમિયાન રાજયના ૨૩ જિલ્લાઓમાં છેલ્લા બે વર્ષમાં કેટલી સરકારી નોકરી આપી તો એમાં ૫૪૯૭નો આંકડો બતાવવામાં આવ્યો છે. જયારે મંત્રીશ્રી ૭૦૦૦૦ કહે છે એટલે આપ કહો છો એ સાચું છે કે ચોપડીમાં છપાયું છે એ સાચું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : બંનેમાં શકયતા હશે મારે અનુસંધાન જોવું પડે, અનુસંધાનથી વાત થાય. સરકારી ભરતીઓ એટલે સરકાર, બોર્ડ, નિગમ, સરકારી કંપનીઓ હોય એ બધું આવી જાય. સરકારી કર્મચારીઓનો જે તમે ઉલ્લેખ કરો છો એ અલગ રીતે જોવાનું. તમે પાંચ હજાર કહો છો. આ શ્રી પ્રદિપસિંહ નીકળી ગયા. એમણે પોલીસમાં હજારોની ભરતી કરી. મારા આરોગ્ય વિભાગમાં હમણાં જ નર્સ બહેનોને નોકરીના ઓર્ડર આપ્યા. આવા તો સેંકડો પ્રસંગો છે, દર વર્ષે સેંકડો શિક્ષકોની ભરતી કરીએ છીએ. તલાટીઓની ભરતી થાય છે આ રીતે અનેક કેડરોમાં ભરતી થતી હોય છે. આજે જે આંકડા આપ્યા છે એ બંનેની રીતે સાચા હશે.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : કડાણા જળાશયનું ૧૯૬૯માં ખાતમૂહર્ત થયું અને ૧૯૭૪માં પૂરું થયું એમાં ૫૩ ગામો ડૂબાણમાં ગયા છે. એમાં ૩૨૦૦ પરિવારો વિસ્થાપિત થયા હતા, એમાંથી ૨૭૯૨ પરિવારનું સરકારે પુનઃવસન કર્યું અને ૨૫૮ ખાતેદારો આજે બાકી છે. એમાં સાત બેટ બની ગયા છે. મોટી વેરટ અને નાની વેરટનો પુલ આપવામાં આવે તો લોકો આજે આ બેટમાંથી બોટમાં બહાર નીકળે છે. તો નાની વેરટ અને મોટી વેરટનો બેલ્ટ આપવામાં આવે. આદરણીય શ્રી નીતિનભાઇએ ગઇ સાલે રોનીયાનો બેટ આપ્યો છે એટલે એમનો આભાર માનું છું. એક કાકરા ડુંગરા છે ત્યાં રાજસ્થાન ફરીને જવાનું થાય છે તો બે પુલ આપવામાં આવે તો પ્રશ્ન હલ થાય.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય મંત્રીશ્રી શહેરી વિસ્તાર, કચ્છ, સૌરાષ્ટ્ર, દક્ષિણ વિભાગના ધારાસભ્યોને ખુશ કર્યા. પરંતુ ખાસ કરીને આદિવાસી પૂર્વ પટ્ટી છે એના નાના નાના રસ્તાઓ દોઢ બે કિલોમીટર ત્રણ કિલોમીટર જેને દસ વર્ષ થઇ ગયા છે, નવ વર્ષ થઇ ગયા છે, તેવા રસ્તાને ડામર સપાટી પર લાવવાની દરખાસ્ત છે તેને મંજૂરી આપવા માગો છો કે કેમ? અમારા બોડેલીમાં રેલવે ફાટક ઉપર ઓવર બ્રિજ બનાવવાની જરૂર છે. રોજની હજારો ટ્રકો રેતીની પસાર થાય છે. રેલવે આવે ત્યારે લાંબી લાંબી લાઇનો થાય છે તો એનો સમાવેશ કરવા માગો છો કે કેમ?

શ્રી લલીતભાઇ કગથરા : ગુજરાતમાં ઘણી બધી ઇરિગેશનની સ્કીમો છે.ખજુડી ડેમ છે એ જગ્યાએ ઇરિગેશનના હાથમાં રસ્તાઓ છે પરંતુ એની પાસે મરામત કરવાની ગ્રાન્ટ નથી. તો આવા ઇરિગેશન સ્કીમના રસ્તાઓ આખા ગુજરાતમાં આવેલા છે. એ તમામ સ્ટેટ પાસે હેન્ડ ઓવર કરી લેવા જોઇએ એવું મારું સુચન છે.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી ગયા વખતે સત્ર ચાલતું હતું ત્યારે મહિલા દિનના હિસાબથી અમે બધી બહેનો આપની પાસે રજૂઆત લઇને આવ્યા હતા એ મહિલા દિન તો નીકળી ગયો.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને આપણા નાણામંત્રીશ્રીને ગયા વખતે જયારે સત્ર ચાલતું હતું ત્યારે મહિલા દિનના હિસાબથી અમે મહિલાઓ બધી બહેનો એમની પાસે રજૂઆત લઇને આવ્યા હતા. એ વખતે તો સત્ર અને મહિલા દિન નિકળી ગયો, હવે સત્ર ચાલે છે. એ વખતે આપે એક કરોડ રૂપિયાની ગ્રાન્ટ ખાસ મહિલાઓને આપી હતી. એવી રીતે મહિલાઓ માટે ખાસ ગ્રાન્ટ સ્પેશિયલી ફાળવવા માટે બધી બહેનો વતી હું રજૂઆત કરું છું.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો આપનો આભાર. વાવ તાલુકો એ ભારતનો છેલ્લો તાલુકો છે. ત્યાં તાલુકા પંચાયતનું મકાન નથી, જર્જરિત હાલતમાં છે, તેને માટેની કાર્યવાહી કરીને આપને મોકલી આપેલ છે. ત્યાં રેસ્ટ હાઉસ પણ નથી. અમારી આયોજનની ગમે તે મિટીંગ હોય તો સાહેબ લીંબડા નીચે કરવી પડે છે. આ બન્ને તાલુકા પંચાયતનું મકાન અને રેસ્ટ હાઉસ વાવ ખાતે થાય. માનનીય નીતિનભાઇ સાહેબને બીજી એક વિનંતી છે કે, જે રસ્તાઓ એન.આર.જીમાં માટી કામ અને મેટલ કામ થઇ ગયેલું છે એ રસ્તાઓને માત્ર ડામર જ કરવાના બાકી છે, બે– ત્રણ છે. શકય હોય તો એ રસ્તાઓનો સમાવેશ કરવા વિનંતી છે.

કાપદરખાસ્ત ક્રમાંક –૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૯, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૮, ૪૯, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૫ અને ૬૬ મૂક સંમતિથી પરત ખેંચવામાં આવી.

**માગણી ક્રમાંક– ૩૦, ૩૧, ૩૩, ૮૫, ૮૬ અને ૮૭ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

**પાર્લામેન્ટરી એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભાની બેઠક અંગે**

અધ્યક્ષશ્રી :ખૂબ ખૂબ અભિનંદન નીતિનભાઇ. ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભાની બેઠક આજ રોજ બુધવાર, તા.૧૭ જૂલાઇના સાંજના આ ગૃહની બેઠક પૂરી થયા પછી. (આ ગૃહની બેઠક પૂરી થાય છે) વિધાનસભાના ચોથા માળે શાસક પક્ષના ખંડમાં રાખવામાં આવી છે. આપ સૌને ઉપસ્થિત રહેવા આગ્રહ ભરી વિનંતી છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૪.૪૭ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તારીખ ૧૮મી જુલાઈ, ૨૦૧૯ના રોજ સવારના ૯.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| પુસ્તક–૬૪ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| અક્ષયકુમાર ઇ. પટેલ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૨૦૯ |
| | ભરૂચ જિલ્લામાં આગની ઘટનાથી કામદારોના મોત | ૩૨૬ |
| | ભરૂચ જિલ્લામાં સંપાદન થયા વગરની જમીનના રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી | ૩૬૭ |
| | વડોદરા અને ભરૂચ જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજો | ૮૪ |
| | વડોદરા જિલ્લામાં રબર પ્લાન્ટમાં આગ લાગતાં કામદારોના મૃત્યુ | ૨૭૬ |
| અજીતસિંહ ચૌહાણ | મહિસાગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓની સંખ્યા | ૧૭૮ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા | ૧૪૨ |
| | મહીસાગર અને ભરૂચ જિલ્લામાં જમીનમાં શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવા બાબત | ૩૦૬ |
| | મહીસાગર જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજો | ૯૨ |
| | મહીસાગર જિલ્લામાં જમીન ભાડે અથવા વેચાણથી આપવા બાબત | ૨૫૧ |
| અનંતકુમાર પટેલ | આદિજાતિ સલાહકાર સમિતિના બિન જનજાતિના અધ્યક્ષની નિમણૂંક | ૧૪૯ |
| | ઉમરપાડા તાલુકામાં પ્રવાસન સ્થળ વિકસાવવા મંદિરોનું બાંધકામ | ૩૩૯ |
| | નવસારી અને ડાંગ જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગાર | ૨૯૧ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં જમીનમાં શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવા બાબત | ૨૩૫ |
| | રાજ્યમાં આદિજાતિ સલાહકાર સમિતીની બેઠક | ૯૮ |
| | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૨૩ |
| અનિલ જોષિયારા | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પશુ દવાખાનાઓમાં મંજૂર મહેકમ | ૨૪૮ |
| | આદિજાતિ વિસ્તારના યાત્રાધામોના વિકાસ માટે ગ્રાન્ટ | ૩૦૩ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પશુદવાખાનાઓમાં ડૉક્ટરોની જગ્યાઓ | ૩૪૯ |
| | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૧૦ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જંગલની જમીન માટે દાવા | ૮૩ |
| અંબરીષ ડેર | અમરેલી જિલ્લામાં જમીનમાં શરતભંગ બાબત | ૩૧૩ |
| | પીપાવાવ અને રાજુલા ખાતે ખારું પાણી મીઠુ બનાવવા માટે પ્લાન્ટ સ્થાપવાની કામગીરી | ૨૬૩ |
| | રાજુલા તાલુકામાં પ્રાથમિક શિક્ષકોની ખાલી જગ્યા | ૧૧૬ |
| | રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ | ૧૬૦ |
| | રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકાની માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ | ૬૨ |
| અભેસિંહ તડવી | છોટાઉદેપુર જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય | ૧૮૩ |
| | છોટાઉદેપુર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના | ૨૫૩ |
| | છોટાઉદેપુર જિલ્લામાં દૂધ સંજીવની યોજનાનો અમલ | ૯૭ |
| | નર્મદા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના | ૩૦૯ |
| | બોડેલી ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામને વહીવટી મંજૂરી | ૧૪૮ |
| | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૨૬ |
| અમીત ચાવડા | આણંદ અને અમદાવાદ જિલ્લામાં રેવન્યુ ઈન્સ્પેક્શન કમિશ્નર દ્વારા તપાસ બાબત | ૩૨૧ |
| | આણંદ અને પંચમહાલ જિલ્લામાં નોંધાયેલ ખેતમજૂરો | ૨૭૦ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં જમીન રી–સર્વે | ૩૬૩ |
| અર્જુનસિંહ ચૌહાણ | ખેડા જિલ્લામાં મફત પાઠ્ય પુસ્તક યોજના હેઠળ લાભ | ૧૨૬ |
| | ખેડા જિલ્લામાં સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય યોજના | ૨૬૯ |
| | ખેડા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના | ૩૨૧ |
| | મહેમદાવાદ તાલુકાની ગ્રામ પંચાયતોને બેઝિક ગ્રાન્ટ | ૭૪ |
| અરૂણસિંહ અ. રણા | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૧૯૯ |
| | રાજ્યમાં આવેલા વાયુ વાવાઝોડા અંગે ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન મંડળ દ્વારા કાર્યવાહી | ૨૬૧ |
| અરવિંદ પટેલ | કપરાડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાઓનું વાવેતર | ૧૫૮ |
| | વલસાડ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીનીઓને સાઇકલ ભેટ | ૧૧૪ |
| | વલસાડ જિલ્લામાં પશુઓ માટે જાતિય આરોગ્ય સારવાર કેમ્પ | ૨૪૫ |
| | વલસાડ જિલ્લામાં બાકી હક્ક પત્રક નોંધો | ૨૯૯ |
| અરવિંદ રૈયાણી | મોરબી જિલ્લામાં ચેરનું વાવેતર | ૧૧૯ |
| | રાજકોટ ખાતે એરપોર્ટ બનાવવાની કામગીરી બાબત | ૬૫ |

| પુસ્તક–૬૪ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
| અરવિંદ રાણા | તાપી જિલ્લામાં પશુઓ માટે જાતિય આરોગ્ય સારવાર કેમ્પ | ૨૭૦ |
| | ભરૂચ જિલ્લામાં ચેરનું વાવેતર | ૧૭૮ |
| | રાજ્યમાં જાનકી વનમાં રોપાનું વાવેતર | ૧૪૩ |
| | રાજ્યમાં ડિગ્રી ફાર્મસી સરકારી અને અનુદાનિત કોલેજો | ૯૨ |
| | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૨૦૭ |
| અરવિંદકુમાર પટેલ | અમદાવાદ જિલ્લામાં ગેરકાયદે કતલખાને લઈ જવાતા બચાવેલ ગૌવંશના પશુઓની નિભાવ સહાય યોજના | ૧૩૨ |
| | પાટણ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના | ૨૨૩ |
| | મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ ટેકનીકલ શિક્ષણ સહાય | ૮૧ |
| | વલસાડ જિલ્લામાં આદિજાતી કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય | ૬૦ |
| અશ્વિનભાઈ કોટવાલ | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જમીનમાં શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવા બાબત | ૨૩૬ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો | ૩૪૦ |
| | સાબરકાંઠા જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજો | ૭૫ |
| | સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓની સંખ્યા | ૧૨૭ |
| | સાબરકાંઠા જિલ્લામાં સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન | ૨૯૨ |
| આનંદભાઈ મો. ચૌધરી | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૨૫ |
| | સુડીયો, મીઠો ગુગળ, ગરબેલ, ક્યારી, સુપો, તથા વેલને ભયગ્રસ્ત જાહેર કરવા બાબત | ૯૭ |
| | સુરત જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજો | ૧૮૩ |
| | સુરત જિલ્લામાં પ્રાથમિક શાળાઓની સંખ્યા | ૧૪૮ |
| આર. સી.મકવાણા | ભાવનગર જિલ્લામાં ગ્રામ પંચાયતના નવીન ઘર બનાવવા માટેની મંજૂરી | ૯૬ |
| | ભાવનગર જિલ્લામાં ગૌશાળા–પાંજરાપોળોને અદ્યતન અને આધુનિક બનાવવા સહાય | ૧૪૬ |
| | ભાવનગર જિલ્લામાં બાકી હક્ક પત્રક નોંધો | ૩૫૧ |
| | ભાવનગર જિલ્લામાં માનવ ગરિમા યોજના | ૨૫૧ |
| | ભાવનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના | ૩૦૬ |
| આશાબેન પટેલ | મહેસાણા જિલ્લામાં કન્યા શાળાઓને સળંગ એકમ હેઠળ વર્ગ વધારા | ૧૦૩ |
| | મહેસાણા જિલ્લામાં નિરાધાર વિધવા સહાય યોજનાની અરજી | ૪૫ |
| | મહેસાણા જિલ્લામાં પ્રિ–મેટ્રીક શિષ્યવૃતિની યોજના | ૨૯૯ |
| | મહેસાણા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિ યોજના | ૨૪૫ |
| ઈન્દ્રજીતસિંહ પરમાર | આણંદ અને ખેડા જિલ્લામાં ગ્રામ પંચાયતોના મકાનો | ૭૦ |
| | આણંદ અને અમદાવાદ જિલ્લામાં જમીન તકેદારી સમિતિની બેઠકો | ૩૧૧ |
| | ખેડા જિલ્લામાં પાણી પુરવઠા જૂથ યોજના | ૨૫૮ |
| ઈમરાન ખેડાવાલા | રાજ્યમાં સિંહ, સિંહણ તથા નર અને માદા બચ્ચાઓની સંખ્યા | ૬૫ |
| | અમદાવાદ શહેરના સ્થળોનો પવિત્ર યાત્રાધામ તરીકે સમાવેશ | ૨૩૨ |
| ઈશ્વરસિંહ ઠા. પટેલ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૧૮૮ |
| | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૨૦૯ |
| | રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૧૮૮ |
| ઋત્વિકભાઈ મકવાણા | સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળામાં શિક્ષકોની ઘટ | ૧૭૪ |
| | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ હિન્દી વિષયને ફરજીયાત કરવા બાબત | ૧૩૮ |
| | સુરેન્દ્રનગર અને ડાંગ જિલ્લામાં ગ્રામ પંચાયતને સ્માર્ટ વિલેજનો દરજ્જો | ૮૭ |
| | સુરેન્દ્રનગર અને રાજકોટ જીલ્લામાં જમીન ભાડે અથવા વેચાણથી આપવા બાબત | ૩૦૧ |
| | સુરેન્દ્રનગર અને વડોદરા જિલ્લામાં જમીનમાં શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવા બાબત | ૨૪૬ |
| ઋષિકેશ પટેલ | મહેસાણા જિલ્લામાં ગૌશાળા–પાંજરાપોળોને આંતર માળખાકીય સુવિધા માટે સહાય | ૧૮૧ |
| | મહેસાણા જિલ્લામાં તાલુકા પંચાયતના નવીન મકાન માટે મંજૂરી | ૧૪૬ |
| | મહેસાણા જિલ્લામાં બાકી હક્ક પત્રક નોંધો | ૩૨૫ |
| | મહેસાણા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિ યોજના | ૨૭૬ |
| | વિસનગર તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર | ૯૬ |
| કેતનભાઈ ઈનામદાર | રાજ્યમાં આવેલા વાયુ વાવાઝોડા અંગે ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન મંડળ દ્વારા કાર્યવાહી | ૨૩૯ |

| પુસ્તક–૬૪ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
| | સાવલી તાલુકાની ગ્રામ પંચાયતોને ૧૪માં નાણાપંચ અંતર્ગત બેઝીક ગ્રાન્ટ | ૫૪ |
| કનુભાઇ બારૈયા | ભાવનગર અને બોટાદ જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો | ૩૩૮ |
| | ભાવનગર જિલ્લામાં ઢોરવાડા શરૂ કરવા માટે અરજીઓ | ૨૩૪ |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં ગ્રામ પંચાયતને સ્માર્ટ વિલેજનો દરજ્જો | ૯૨ |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં જમીનમાં શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવા બાબત | ૨૯૦ |
| | રાજ્યમાં બળાત્કાર પીડિત મહિલાઓના કેસોના નિકાલ માટે ડેઝીગ્નેટેડ કોર્ટ શરૂ કરવા બાબત | ૧૪૨ |
| | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૨૦૭ |
| કનુભાઈ દેસાઇ | ડાંગ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીનીઓને સાઇકલ ભેટ | ૧૬૯ |
| | વલસાડ જિલ્લામાં ચેકડેમ અને વન તલાવડીઓ બનાવવા બાબત | ૮૧ |
| | વલસાડ જિલ્લામાં પશુઓ માટે જાતીય આરોગ્ય સારવાર કેમ્પ | ૨૩૮ |
| | વલસાડ જિલ્લામાં બાકી હક્ક પત્રક નોંધો | ૨૯૪ |
| | વલસાડ જિલ્લામાં મુખ્યસેવિકાનું મંજૂર મહેકમ | ૧૩૩ |
| કનુભાઇ પટેલ | અમદાવાદ જિલ્લામાં ગાયોની સ્થાનિક ઓલાદોની જાળવણી/સુધારણાની યોજના | ૧૦૮ |
| | અમદાવાદ જિલ્લા રોજગાર કચેરી દ્વારા સ્વરોજગાર શિબિરોનું આયોજન | ૨૭૪ |
| | અમદાવાદ જિલ્લાની શાળામાં મદદનીશ શિક્ષકોનું મંજૂર મહેકમ | ૫૪ |
| | અમદાવાદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના | ૩૨૪ |
| | અમદાવાદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના | ૩૬૫ |
| કુબેરભાઇ ડીંડોર | મહિસાગર જિલ્લામાં દૂધ સંજીવની યોજનાનો અમલ | ૪૧ |
| | મહિસાગર જિલ્લામાં મુખ્યસેવિકાનું મંજૂર મહેકમ | ૧૫૧ |
| | પંચમહાલ જિલ્લામાં પશુઓ માટે જાતીય આરોગ્ય સારવાર કેમ્પ | ૨૫૮ |
| | મહીસાગર જિલ્લામાં નવીન ગ્રામ પંચાયતના ઘર બનાવવા માટે મંજૂરી | ૧૦૦ |
| કરશનભાઈ સોલંકી | મહેસાણા જિલ્લામાં કન્યા શાળાઓને સળંગ એકમ વર્ગ વધારા | ૧૬૯ |
| | મહેસાણા જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના | ૨૮૦ |
| | મહેસાણા જિલ્લામાં પૂર્ણા યોજનાના લાભાર્થીઓ | ૮૨ |
| | મહેસાણા જિલ્લામાં પ્રિ–મેટ્રીક શિષ્યવૃત્તિની યોજના | ૩૨૯ |
| | મહેસાણા જિલ્લામાં રખડતાં ગૌવંશના પશુઓની નિભાવ સહાય | ૧૩૪ |
| કેશુભાઇ નાકરાણી | ગારીયાધાર, જેસર અને મહુવા તાલુકામાં શાળાના રૂમોની ઘટ | ૧૫૪ |
| | ભાવનગર જિલ્લામાં કન્યા શાળાઓને સળંગ એકમ હેઠળ વર્ગ વધારા | ૧૦૭ |
| | ભાવનગર જિલ્લામાં જમીન માપણીની ફરિયાદો | ૨૯૨ |
| | ભાવનગર જિલ્લામાં બાકી હક્ક પત્રક નોંધો | ૨૩૬ |
| | શિહોર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાનું વાવેતર | 49 |
| કેસરીસિંહ સોલંકી | ખેડા જિલ્લામાં ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના | ૩૩૧ |
| | ખેડા જિલ્લામાં નિરાધાર વિધવા સહાય યોજનાની અરજી | ૫૯ |
| | ખેડા જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના | ૨૮૩ |
| | ખેડા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના | ૩૭૨ |
| | ગલતેશ્વર તાલુકાની ગ્રામ પંચાયતોને ૧૪માં નાણાપંચ અંતર્ગત બેઝીક ગ્રાન્ટ | ૧૫૮ |
| | નડીયાદ ખાતે એડીઆર સેન્ટરના બાંધકામ માટે વહીવટી મંજૂરી | ૧૧૩ |
| કાંતિભાઈ બલર | અમરેલી જિલ્લામાં સંસ્થાને ઘાસચારા માટે સુધારેલ બિયારણ આપવા બાબત | ૧૫૮ |
| | રાજકોટ જિલ્લામાં રોજગાર વિનિમય કચેરી દ્વારા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન | ૨૫૦ |
| | સુરત જિલ્લામાં અનુસૂચિત જનજાતિના ઈસમો માટે માનવ ગરિમા યોજનાનો અમલ | ૬૦ |
| | સુરત જિલ્લામાં ગાયોની સ્થાનિક ઓલાદોની જાળવણી/સુધારણાની યોજના | ૧૧૪ |
| કાંતિભાઈ સોઢાપરમાર | આણંદ અને દાહોદ જિલ્લામાં જમીન ભાડે અથવા વેચાણથી આપવા બાબત | ૩૦૭ |
| | આણંદ અને પંચમહાલ જિલ્લામાં પ્રાથમિક શાળાઓની સંખ્યા | ૯૪ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા | ૧૮૦ |
| | આણંદ અને ભરૂચ જિલ્લામાં નોંધાયેલ ખેતમજૂરો | ૨૫૨ |
| | આણંદ જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજો | ૧૪૫ |

| પુસ્તક–૬૪ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| કાન્તિભાઇ પરમાર | ખેડા અને નર્મદા જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા | ૧૫૬ |
| | ખેડા અને પંચમહાલ જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગાર | ૨૯૬ |
| | ખેડા જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજો | ૧૦૯ |
| | ખેડા જિલ્લામાં જમીન ભાડે અથવા વેચાણથી આપવા બાબત | ૨૪૩ |
| | ખેડા જિલ્લામાં પ્રાથમિક શાળાઓની સંખ્યા | ૫૬ |
| કાન્તીભાઇ ખરાડી | બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગાર | ૨૩૨ |
| | બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા | ૮૫ |
| | બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં રાહતદરે ઘાસ વિતરણ | ૩૩૬ |
| | બનાસકાંઠા જિલ્લામાં પાણી સમિતિ વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજના | ૨૮૮ |
| કાળાભાઇ ડાભી | ખેડા અને પંચમહાલ જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજો | ૧૦૭ |
| | ખેડા અને પંચમહાલ જિલ્લામાં જમીન ભાડે અથવા વેચાણથી આપવા બાબત | ૨૫૯ |
| | ખેડા અને ભરૂચ જિલ્લામાં પ્રાથમિક શાળાઓની સંખ્યા | ૧૫૪ |
| | ખેડા અને નર્મદા જિલ્લામાં જમીનમાં શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવા બાબત | ૩૧૧ |
| | ધોળકા અને ખેડામાં સારસ પક્ષીની પ્રજાતિને બચાવવા બાબત | ૫૩ |
| | વડોદરા જિલ્લામાં રબર પ્લાન્ટમાં આગ લાગતાં કામદારોના મૃત્યુ | ૩૫૬ |
| કિર્તિસિંહ વાઘેલા | બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય | ૧૮૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં કાર્યરત કુમાર અને કન્યા માટેના સરકારી છાત્રાલયો | ૯૫ |
| | બનાસકાંઠા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની મંજૂર જગ્યા | ૧૪૫ |
| | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૧૨ |
| | બનાસકાંઠા જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના | ૨૬૮ |
| કિશોર ચૌહાણ | અમદાવાદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના | ૨૯૬ |
| | અરવલ્લી જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય | ૧૬૯ |
| | કેન્દ્ર સરકારે બહાર પાડેલ ઉડાન યોજનાનો લાભ | ૧૩૩ |
| | ગુજરાત હાઈકોર્ટ અમદાવાદમાં વિવિધ કામોને વહીવટી મંજૂરી | ૮૨ |
| | પાટણ ખાતે નોંધાયેલ બેરોજગાર | ૨૪૨ |
| | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૨૦૬ |
| કિરીટકુમાર પટેલ | હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ દ્વારા ગેરરીતિ | ૭૧ |
| | પાટણ અને મહેસાણા જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો | ૩૪૧ |
| | પાટણ જિલ્લામાં ઢોરવાડા શરૂ કરવા માટે અરજીઓ | ૨૩૭ |
| | રાજ્યમાં ૮૫ ટકા સ્થાનિકોને રોજગારી આપવા બાબત | ૨૯૩ |
| | રાજ્યમાં બિન અનામત વર્ગોના કલ્યાણ માટે શિક્ષણની યોજનાનો લાભ | ૧૨૪ |
| ગજેન્દ્રસિંહ પરમાર | મોડાસા તાલુકાની ગ્રામ પંચાયતોને ૧૪માં નાણાપંચ અંતર્ગત બેઝીક ગ્રાન્ટ | ૧૬૭ |
| | સાબરકાંઠા ખાતે નોંધાયેલ બેરોજગાર | ૨૪૫ |
| | સાબરકાંઠા જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય | ૧૩૧ |
| | સાબરકાંઠા જિલ્લામાં ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના | ૩૦૦ |
| | સાબરકાંઠા જિલ્લામાં દૂધ સંજીવની યોજનાનો અમલ | ૭૯ |
| | સાબરકાંઠા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના | ૩૪૭ |
| ગણપતસિંહ વે. વસાવા | આદિજાતિ વિકાસ વિભાગ | ૧ |
| | આદિજાતિ વિકાસ વિભાગ | ૨ |
| | ગુજરાત રાજ્ય મહિલા આયોજનો વાર્ષિક અહેવાલ | ૩૭૩ |
| | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૩ |
| | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૨૯ |
| | વન અને પર્યાવરણ વિભાગ | ૨ |
| ગેનીબેન ઠાકોર | બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં ગ્રામ પંચાયતને સ્માર્ટ વિલેજનો દરજ્જો | ૯૭ |
| | બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં નોંધાયેલ ખેતમજૂરો | ૨૪૭ |
| | બનાસકાંઠા જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજો | ૧૪૬ |

| પુસ્તક–૬૪ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓની સંખ્યા | ૧૮૨ |
| | રાજ્યમાં ૮૫ ટકા સ્થાનિકોને રોજગારી આપવા બાબત | ૩૦૨ |
| | રાજ્યમાં ૮૫ ટકા સ્થાનિકોને રોજગારી આપવા બાબત | ૩૪૮ |
| ગ્યાસુદ્દીન શેખ | અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ઊંચી ફી ઉઘરાવવા બાબત | ૬૯ |
| | અમદાવાદ જિલ્લામાં બાંધકામ મજૂરોના કલ્યાણ માટે ખર્ચ | ૨૬૫ |
| ગીતાબા જાડેજા | મોરબી જિલ્લામાં રખડતા ગૌવંશના પશુઓની નિભાવ સહાય યોજના | ૧૨૮ |
| | રાજકોટ જિલ્લામાં અનુસૂચિત જાતિના સરકારી છાત્રાલયો | ૨૬૩ |
| | રાજકોટ જિલ્લામાં કન્યા શાળાઓને સળંગ એકમ હેઠળ વર્ગ વધારા | ૭૫ |
| | રાજકોટ જિલ્લામાં કાર્યરત આંગણવાડી કેન્દ્રો | ૧૬૫ |
| | રાજકોટ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિ યોજના | ૩૧૪ |
| | રાજકોટ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના | ૩૫૯ |
| ગોવિંદભાઇ પરમાર | આણંદ જિલ્લામાં ગૌશાળા–પાંજરાપોળોને અદ્યતન અને આધુનિક બનાવવા સહાય | ૧૫૪ |
| | આણંદ જિલ્લામાં નિરાધાર વિધવા સહાય યોજનાની અરજી | ૫૦ |
| | આણંદ જિલ્લામાં પ્રિ–મેટ્રીક શિષ્યવૃત્તિની યોજના | ૩૩૨ |
| | આણંદ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના | ૩૭૨ |
| | આણંદ જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના | ૨૮૩ |
| | તારાપુર ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામને વહીવટી મંજૂરી | ૧૦૭ |
| ગોવિંદભાઇ પટેલ | રાજકોટ જિલ્લામાં બાકી હક્ક પત્રક નોંધો | ૨૮૭ |
| | રાજકોટ ખાતે એરપોર્ટ બનાવવાની કામગીરી બાબત | ૪૬ |
| | રાજકોટ જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના | ૨૩૧ |
| | રાજ્યમાં વિજ્ઞાન પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજો | ૧૦૩ |
| ચંદનજી ઠાકોર | પાટણ અને અરવલ્લી જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા | ૧૦૪ |
| | પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં પરકોલેટીંગ વેલ બનાવવા બાબત | ૩૩૨ |
| | પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં પ્લોટ માપણી ફી | ૨૮૩ |
| | પાટણ જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજો | ૫૨ |
| | પાટણ જિલ્લામાં પ્રાથમિક શાળાઓની સંખ્યા | ૧૫૨ |
| ચંદ્રિકાબેન બારીયા | દાહોદ જિલ્લામાં ટ્રાયબલ સબ પ્લાન હેઠળ ગ્રાન્ટ | ૩૯ |
| | દાહોદ જિલ્લામાં પશુ આરોગ્ય મેળાઓ | ૨૫૧ |
| | રાજ્યમાં આશ્રમશાળાઓમાં ગૃહપતિ તરીકેની જવાબદારી શૈક્ષણિક કર્મચારીને આપવા બાબત | ૯૯ |
| | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૧૭ |
| | દાહોદ જિલ્લામાં પ્રાથમિક શાળામાં ઓરડાની ઘટ | ૧૫૧ |
| | દાહોદ જિલ્લામાં પશુ દવાખાનાઓમાં મહેકમ | ૩૦૫ |
| | દાહોદ જિલ્લામાં પશુઓ ખરીદવા માટે અરજીઓ | ૩૫૧ |
| ચિરાગભાઇ કાલરીયા | જામનગર અને પોરબંદર જિલ્લામાં પ્રાથમિક શાળાઓની સંખ્યા | ૧૦૯ |
| | જામનગર જિલ્લામાં ખારા પાણીને મીઠું બનાવવાનો પ્રોજેક્ટ | ૨૨૮ |
| | જામનગર અને ગીર સોમનાથ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા | ૫૬ |
| જે.વી.કાકડીયા | અમરેલી અને છોટાઉદેપુર જિલ્લામાં નોંધાયેલ ખેતમજૂરો | ૨૩૩ |
| | અમરેલી અને સુરત જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગાર | ૩૩૭ |
| | અમરેલી જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજો | ૫૧ |
| | અમરેલી જિલ્લામાં જમીન ભાડે અથવા વેચાણથી આપવા બાબત | ૨૮૯ |
| | અમરેલી જિલ્લામાં પ્રાથમિક શાળાઓની સંખ્યા | ૧૦૨ |
| જગદીશ પંચાલ | અમદાવાદ ખાતે મેટ્રોપોલીટન કોર્ટને રિનોવેશન અને રિપેરીંગની વહીવટી મંજૂરી | ૬૩ |
| | અરવલ્લી જિલ્લામાં માનવ ગરિમા યોજનાનો અમલ | ૧૧૭ |
| | રાજ્યમાં આવેલા વાયુ વાવાઝોડા અંગે ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન મંડળ દ્વારા કાર્યવાહી | ૨૫૪ |
| જેઠાભાઈ ભરવાડ | પંચમહાલ જિલ્લામાં નવા પંચાયતો ઘર માટેની માંગણી | ૮૮ |
| જેઠાભાઈ ભરવાડ | પંચમહાલ જિલ્લામાં પશુ દવાખાનામાં મંજૂર મહેકમ | ૩૩૦ |
| જેઠાભાઈ ભરવાડ | પંચમહાલ જિલ્લામાં રેવન્યુ વિલેજ જાહેર કરવા બાબત | ૨૮૨ |

| પુસ્તક-૬૪ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| જયદ્રથસિંહજી ચં. પરમાર | ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ | ૩૭૩ |
| જવાહરભાઇ ચાવડા | ઉદ્યોગ અને ખાણ વિભાગ (પ્રવાસન પ્રભાગ) | ૧ |
| | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૨૮ |
| જશપાલસિંહ પઢિયાર | ભરૂચ જિલ્લામાં આગની ઘટનાથી કામદારોના મોત | ૩૧૭ |
| | વડોદરા જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કોલેજો | ૪૭ |
| | વડોદરા જિલ્લામાં પ્રાથમિક શાળાઓની સંખ્યા | ૧૦૪ |
| | વડોદરા જિલ્લામાં રબર પ્લાન્ટમાં આગ લાગતાં કામદારોના મૃત્યુ | ૨૬૬ |
| | વડોદરા જિલ્લામાં સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન | ૩૬૧ |
| જિજ્ઞેશકુમાર મેવાણી | બનાસકાંઠા અને રાજકોટ જિલ્લામાં આવાસોનું બાંધકામ | ૩૨૫ |
| | રાજકોટ અને સુરત જિલ્લામાં સફાઈ કામદારોના મૃત્યુ | ૨૭૬ |
| | સુરેન્દ્રનગર અને અમદાવાદ જિલ્લામાં ગૌચર જમીન પર દબાણ | ૫૮ |
| જીતેન્દ્ર ર. સુખડિયા | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૨૦૧ |
| | તિલકવાડા તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર | ૧૮૪ |
| | નર્મદા જિલ્લામાં બાકી હક્ક પત્રક નોંધો | ૨૬૯ |
| | રાજ્યમાં એકતા વનમાં રોપાનું વાવેતર | ૧૪૯ |
| | સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે હેલિકોપ્ટરની સેવા શરૂ કરવા બાબત | ૯૮ |
| જીતુભાઇ ચૌધરી | વલસાડ અને નવસારી જિલ્લામાં બોઈલર બ્લાસ્ટથી કામદારોના મૃત્યુ | ૨૫૮ |
| | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૨૦ |
| | વલસાડ અને ડાંગ જિલ્લામાં બોર ઉંડા કરવાની મર્યાદા બાબત | ૩૫૫ |
| | વલસાડ અને નવસારી જિલ્લામાં બુલેટ ટ્રેન માટે જમીન સંપાદન | ૩૧૦ |
| | વલસાડ અને નવસારી જિલ્લામાં વેસ્ટ નાંખવા માટેની વ્યવસ્થા | ૯૭ |
| ઝંખના પટેલ | તાપી જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના | ૩૫૭ |
| | ભરૂચ જિલ્લામાં પશુઓ માટે જાતિય આરોગ્ય સારવાર કેમ્પ | ૨૬૦ |
| | સુરત ખાતે નોંધાયેલ બેરોજગારો | ૩૧૨ |
| | સુરત જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય | ૬૬ |
| | સુરત જિલ્લામાં આર્થિક પ્રોત્સાહક સહાય યોજના | ૧૬૧ |
| | સુરત જિલ્લામાં ચેકડેમ અને વન તલાવડીઓ બનાવવા બાબત | ૧૧૯ |
| દેવાભાઈ માલમ | જૂનાગઢ જિલ્લામાં નિરાધાર વિધવા સહાય યોજનાની અરજી | ૬૦ |
| | ભાવનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના | ૩૦૯ |
| | રાજકોટ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના | ૨૫૪ |
| | રાજ્યમાં આવેલા વાયુ વાવાઝોડા અંગે ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન મંડળ દ્વારા કાર્યવાહી | ૩૫૨ |
| | સુત્રાપાડા ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામને વહીવટી મંજૂરી | ૧૧૩ |
| દુષ્યંતભાઈ પટેલ | ભરૂચ જિલ્લામાં સ્ટાફ નર્સનું મંજૂર મહેકમ | ૫૬ |
| | રાજ્યમાં આવેલ વાયુ વાવાઝોડા અંગે ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન મંડળ દ્વારા કાર્યવાહી | ૨૭૧ |
| ધનજીભાઈ પટેલ | સુરેન્દ્રનગર ખાતે નોંધાયેલ બેરોજગારો | ૨૭૯ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં ગાયોની સ્થાનિક ઓલાદોની જાળવણી/સુધારણાની યોજના | ૧૩૦ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં નવીન ગ્રામ પંચાયત ઘર બનાવવા માટે મંજૂરી | ૭૮ |
